પ. પૂ. બાપાશ્રીના પ્રાદુર્ભાવ પહેલાં તેમના માતુશ્રી દેવબાને શ્રીજીમહારાજ દર્શન આપે છે.



અનાદિ મહામુક્તરાજ

શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૨૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ-૧૩.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સ્વતઃ સિદ્ધ અનાદિમુક્તરાજ

શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત

ગ્રંથકર્તા

પ. પૂ. સ. ગુ. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી

પ. પૂ. અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દીના ઉપલક્ષ્યે

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૨૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ ૩૮૦૦૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

* પ્રકાશન સમિતિ *

: પ્રેરણા - માર્ગદર્શન :

અ. મુ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

દ્વિતીય આવૃત્તિ
પ્રત : ૨૦૦૦
સં. ૨૦૫૦, વૈશાખી પૂર્ણિમા
૧૯૯૪, પચીસ મે

પડતર મૂલ્ય : રૂ. ૬૦ આશરે
સેવા મૂલ્ય : રૂ. ૨૫

પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ : ૩૮૦ ૦૧૩


મુદ્રક :
સૂર્યા ઑફસેટ
આંબલી ગામ
અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી
અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા
શ્રી સ્વામિનારાયણ ભગવાનના
આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા,
એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા
સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ
મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ
કરાવનારા - આ રીતે સમગ્ર માનવકુળ
પર મહદ્ ઉપકાર કરનારા
પરમ કૃપાળુ
અનાદિ મુક્તરાજ પ.પૂ.
શ્રી અબજીબાપાશ્રીના
ચરણકમળોમાં સાદર
સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાંચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથ શ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિના સાધન બની ન રહેતાં, માનવીય આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવાં પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વ સમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખ વાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાત્રી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીના પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્ય ભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીના પુસ્તકોના લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

નારાયણભાઈ ગી. ઠક્કર

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

શ્રી હરિ જયંતી

૧૯૮૬, ૧૮ એપ્રિલ

અમદાવાદ

દ્વિતીય આવૃત્તિનું
નિવેદન

સજીવ ઉત્ક્રાંતિમાં ટોચનું સ્થાન માનવજાત ભોગવે છે. એનું કારણ એ છે કે માનવ દેહ દ્વારા જ જીવાત્મા પોતાના મોક્ષનું કાર્ય સાધી, પરમપદ જે પૂર્ણ પુરુષોત્તમનું સાધર્મ્ય તેને પામી શકે છે. પરમાત્મા સ્વયં કે તેમના મહાસમર્થ મુક્તપુરુષો પૃથ્વી પર પ્રગટ થઈ, જીવોને સર્વ શ્રેષ્ઠ પ્રાપ્તિનો સહજ, સુલભ માર્ગ બતાવે છે. તેઓ પૂર્ણ હોવા છતાં, સામાન્ય જીવો તેમનું અનુકરણ કરી, પૂર્ણતા પ્રાપ્ત કરી શકે તે માટે નિયમ-ધર્મ, ત્યાગ-વૈરાગ્ય, આજ્ઞા-ઉપાસના, સંત-સમાગમ આદિ કર્તવ્યો ધારણ કરે છે. આ કથન આ 'જીવનવૃત્તાંત'ના દિવ્ય સ્વરૂપ શ્રી અબજીબાપાશ્રીના જીવનની બાબતમાં અક્ષરશઃ સત્ય ઠરે છે.

સંવત ૧૯૫૧ની સાલમાં બાપાશ્રી ધોળકે પધાર્યા ત્યારે સદ્. સ્વામી વૃંદાવનદાસજી ત્યાં મહંત હતા. સ્વામીએ બાપાશ્રીને ખૂબ રાજી કર્યા.બાપાશ્રીએ કહ્યું, "સ્વામી તમે શું કરવા આવ્યા છો અને શું કરો છો ? અને તમે કોણ છો ?" સ્વામી બોલ્યા જે, "અત્યારે કાંઈ જણાતું નથી ને કરવાનું છે તે થતું નથી. તમે કરાવો તો થાય." બાપાશ્રી બોલ્યા, "તમે તો શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો; હવે તમારે ને અમારે કોઈ અંતરાય નથી." આટલું કહી બાપાશ્રી સ્વામીને ભેટ્યા ત્યાં સ્વામીને હૃદયમાં પ્રકાશ થઈ ગયો; શ્રીજીમહારાજ સાક્ષાત્ તેજોમય દેખાયા. ત્રણેય અવસ્થામાં મૂર્તિ દેખાવા લાગી.

આ સાલમાં જ અબજીબાપાશ્રીના આ જીવનવૃત્તાંતનો સંગ્રહ કરનાર સદ્. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજીએ પ. પૂ. ધ. ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજના વરદ હસ્તે મહાદીક્ષા લઈ, સદ્. સ્વામીશ્રી મોરલીમનોહરદાસજીના શિષ્યપદે સાધુતા ગ્રહણ કરી. સદ્. સ્વામી કેશવપ્રિયદાસજી તથા તેમના પરમ મિત્ર પૂ. સ્વામી હરિપ્રસાદદાસજીને શ્રીહરિની મૂર્તિનો સાક્ષાત્કાર કરવાની પ્રબળ તાલાવેલી હતી. આ બંને સંતોને માર્ગદર્શન આપતાં સદ્. સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું, "અનાદિમુક્ત અબજીભાઈ જેના ઉપર રાજી થાય છે તેને શ્રીજીમહારાજ દર્શન આપે છે."

સંવત ૧૯૫૬માં બાપાશ્રી પહેલી વખત છપૈયા પધાર્યા ત્યારે જયપુર મંદિરમાં સંઘ સહિત ઉતરેલા. ત્યાં સદ્. સ્વામી કેશવપ્રિયદાસજીને બાપાશ્રીનો પ્રથમ મેળાપ થયો. પછી સં. ૧૯૫૭માં કચ્છમાં બાપાશ્રીનો સમાગમ કરીને હળવદ આવ્યા તે રાત્રીએ તેમને સ્વપ્નમાં શ્રીજીમહારાજના તેજોમય દર્શન થયા. આ અલૌકિક દર્શન બાદ મુનિસ્વામીને મૂર્તિનું અખંડ અનુસંધાન રહેવા લાગ્યું. આથી તેમને બાપાશ્રી પરત્વે દિવ્યભાવ દૃઢ થયો ને આત્મબુદ્ધિ થઈ ગઈ. ત્યારથી તેઓ કચ્છમાં બાપાશ્રીનો જોગ-સમાગમ કરવા જવા લાગ્યા. સં. ૧૯૭૩માં તેમના ગુરુ સદ્. સ્વામી મોરલીમનોહરદાસજીના દેહવિલય બાદ તેઓશ્રી ભૂજમંદિરમાં જઈને રહ્યા, જેથી બાપાશ્રીના સમાગમનો વધુ ને વધુ લાભ મળ્યા કરે.

સં. ૧૯૫૭ થી ૧૯૮૪ એટલે (સત્તાવીશ) ૨૭ વર્ષ સુધી મુનિસ્વામી બાપાશ્રીના પ્રત્યક્ષ જોગમાં રહ્યા. બાપાશ્રીએ પણ શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરવા અંગેનો મુનિસ્વામીનો પ્રબળ સંકલ્પ પૂર્ણ કર્યો. એ સમય દરમ્યાન મુનિસ્વામીએ બાપાશ્રીના સાન્નિધ્યમાં રહી જે કાંઈ જોયું, સાંભળ્યું ને અનુભવ્યું તે પુસ્તકરૂપે લખી નાખ્યું. સં. ૧૯૮૧માં બાપાશ્રીને આ લખાણ બતાવીને વાંચી સંભળાવ્યું. પછી બાપાશ્રીએ તેમાં સહી કરીને આશીર્વાદ આપ્યા કે, "આ જીવનવૃત્તાંત જે વાંચશે, સાંભળશે તેમને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થશે ને અંતે શ્રીજીમહારાજની કૃપાથી મૂર્તિના સુખભોક્તા થશે."

પ. પૂ. બાપાશ્રીના અંતર્ધાન બાદ મુનિસ્વામીશ્રીએ શિક્ષાપત્રીનું સંપૂર્ણ હાર્દ સમજાવતો ગ્રંથ *'શિક્ષાપત્રી રહસ્યાર્થ'* તથા આજ્ઞા-ઉપાસનારૂપી જ્ઞાનજળથી ભરેલો ગ્રંથ *'શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત'* છપાવી પ્રકાશિત કરાવ્યા. તદુપરાંત બાપાશ્રીના સંકલ્પાનુસાર તેમણે ગામેગામ વિચરણ કરી અખૂટ જળથી ભરેલાં વાદળની જેમ શ્રીજીમહારાજના અનેક આશ્રિતોને તેમજ અન્ય ધર્મીઓને પણ શ્રીહરિની મૂર્તિના સુખનો બ્રહ્મરસ રેલાવી સુખિયા કર્યા. પ. પૂ. મુનિસ્વામીશ્રી રચિત આ 'જીવનવૃત્તાંત' ગ્રંથમાં અલૌકિક જ્ઞાનરસ શબ્દે ને વાકયે સરતો માલુમ પડે છે. આ ગ્રંથ રચી પ. પૂ. સ્વામીશ્રીએ સત્સંગ સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે.


આ ગ્રંથનું પ્રકાશન ઘણાં વર્ષો પહેલાં બળદીઆ (વૃષપુર)ના અ. મુ. શ્રી ગોપાળજીભાઈ કાનજીભાઈ, પૂ. અ. મુ. શ્રી વિઠ્ઠલજીભાઈ દવે આદિ આઠ અગ્રણી હરિભક્તોએ મળીને કરાવેલું. હાલ આ મહાન હરિભક્તોમાંથી એકેય મુક્ત દર્શન આપતાં નથી. એ સર્વે વતી પૂ. અ.મુ. શ્રી વિઠ્ઠલજીભાઈ દવેના આજ્ઞાપરાયણ ને શ્રીહરિના અનન્ય ઉપાસક સુપુત્રો અ.મુ. શ્રી રસિકભાઈ, હરસુખભાઈ તથા રમેશભાઈ દવે તરફથી આ ગ્રંથના પ્રકાશનના સર્વે હક્કો સહર્ષ પ્રાપ્ત થતાં, *શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન*, અમદાવાદ દ્વારા, તેના સંસ્થાપક પ્રમુખ અ. મુ. *શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર*ના માર્ગદર્શન હેઠળ, આ દિવ્ય ગ્રંથની દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ. વિશેષે કરીને શ્રીહરિની મૂર્તિના સુખની અણમોલ લહાણીનું સદાવ્રત કરતો આ ગ્રંથ, અનાદિ મહામુક્તરાજ *શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી* ઉપલક્ષ્યે, સત્સંગ તેમજ સમગ્ર માનવસમાજની સેવામાં અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન કાર્યને સર્વાંગી સુંદરતા બક્ષવા માટે તન-મન-ધનથી સેવારૂપ થનાર સર્વે પર શ્રીહરિજી ને તેમના મહામુક્તોની પ્રસન્નતા સદાકાળ વરસતી રહે એ જ અભ્યર્થના.

૨૦૫૦, વૈશાખી પૂર્ણિમા
૧૯૯૪, પચીસ મે

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

ગ્રંથકર્તા



અનાદિમુક્ત સ. ગુ. મુનિ સ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

ગ્રંથકર્તા

સદ્‌ગુરુ મુનિસ્વામીશ્રીની

પ્રસ્તાવના

૧ : અનાદિમુક્તના સમાગમનું મુખ્યપણું

स्वामिनारायणं कृष्णं भक्तिधर्मात्मजं भुवि ।
प्रादुर्भूतमहं वन्दे पातुं सद्धर्ममासुरात् ॥
श्रीस्वामिनारायणमादिदेवं स्वकीयतेजः स्थितदिव्यरूपं ।
मुक्ताश्रयं श्रीपुरुषोत्तमं तं वंदे परब्रह्म सनातनं च ॥

'श्रोत्रियं ब्रह्मनिष्ठं –એમ શ્રુતિ છે. તથા –

तस्माद्गुरुं प्रपधेत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥

એમ ભાગવતમાં કહ્યું છે. તથા સત્સંગિજીવન-પ્ર. ૧, અ. ૫૪ માં –

मनोरथस्यास्य फलोपलब्धिस्त्वदङ्घ्रिसंसेवनमन्तरेण ।
कथञ्चनापीह भवेन्न मे वै कलौ त्वमेवासि जगद्गुरुर्यत् ॥

'પ્રત્યક્ષ શ્રીહરિના દર્શનરૂપ મારા મનોરથની પ્રાપ્તિ આપના ચરણની સેવાથી જ થશે, પણ તે વિના બીજા કોઈ પ્રકારે નહિ જ થાય; કેમ જે આ સમયે પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કરાવનારા તમે જ છો; મુમુક્ષુનો મોક્ષ કરવા પરમાત્માએ તમને ગુરુપદ આપ્યું છે.' આવી રીતે શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીને કહ્યું છે. આમાં શ્રીજીમહારાજે એમ જણાવ્યું છે જે, 'અમારી ઇચ્છાથી મુક્ત પણ મોક્ષ કરે છે.' તથા સત્સંગિજીવન-પ્ર. ૪, અ. ૩૫ માં :-

अपरोक्षपरब्रह्मसाक्षात्कारो हि लक्षणम् ।
सतां मुख्यतया प्रोक्तं कुतः स्यात्तद्धरिं विना ॥

પ્રત્યક્ષ પરબ્રહ્મ ભગવાનનો જે સાક્ષાત્કાર-એ જ મુક્તાત્મા એવા સંતોનું લક્ષણ મુખ્યપણે કરીને કહ્યું છે, તો શ્રીહરિના પ્રાકટ્ય વિના (સાક્ષાત્કાર થયા વિના) તે લક્ષણ ક્યાંથી હોય ? જેને પ્રગટ ભગવાન મળ્યા હોય અથવા પોતાના આત્મામાં મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય, તેમને જ મોક્ષદાતા સંત કહ્યા છે. તથા--

यस्य यस्य पुरा मुक्तिर्जाता संसृतिबन्धनात् ।
हरेर्हरि जनानां वा सङ्गेनैवोदितास्ति सा ॥

પૂર્વે પણ જેની જેની સંસારના બંધનથકી મુક્તિ થઈ છે, તેને તેને પ્રગટ ભગવાન અથવા પોતાના આત્મામાં ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર પામેલા સત્પુરુષ, તેમના સમાગમથી જ થઈ છે. તથા ભાગવતમાં :-

नैषां मतिस्तावदुरुक्रमाङ्घ्रिं स्पृशत्यनर्थापगमो यदथः ।
महीयसां पादरजोऽभिषेकं निष्किञ्चनानां न वृणीत यावत् ॥

જે મુમુક્ષુ પુરુષોની બુદ્ધિ જ્યાં સુધી ' निष्किंचनानां ' કહેતાં ધર્મામૃતમાં ત્યાગી સાધુને જેટલાં વસ્ત્રાદિક પદાર્થનો સંગ્રહ કરવાનો કહ્યો છે તેટલો જ સંગ્રહ કરનારા; પણ તેથી અધિક કાંઈ પણ વસ્તુનો સંગ્રહ નહિ કરનારા. ને ' महीयसा ' કહેતાં એકાંતિક ધર્મને ધારણ કરનારા એવા સત્પુરુષના પગની રજનો અભિષેક તેનો સ્પર્શ નથી કરતી; કહેતાં મોટા સત્પુરુષમાં આત્મબુદ્ધિવાળી નથી થઈ ત્યાં પર્યંત તે મુમુક્ષુ પુરુષની બુદ્ધિ શ્રીહરિના ચરણને પણ નથી વરતી-કહેતાં શ્રીહરિમાં ગાઢ પ્રીતિવાળી થાતી નથી. અને 'अनर्थापगमः' એટલે અનર્થ જે માયાનું બંધન તેનો અપગમ જે નાશ થવો, કહેતાં માયાના બંધનમાંથી છૂટવું, તેમાં ' यदर्थः' यत् या– કહેતાં જે ભગવાનમાં દૃઢ પ્રીતિવાળી બુદ્ધિ તે જ अर्थ–કહેતાં કારણભૂત છે, કહેતાં શ્રીહરિમાં ગાઢ પ્રીતિ થાય છે ત્યારે જ માયાના બંધનથી છૂટાય છે ને ભગવાનની પ્રાપ્તિ થાય છે. તથા –

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वार–मपावृतम् ॥

જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના ભક્તને વિષે થાય તો મોક્ષનું દ્વાર ' अपावृतम्' કહેતાં આવરણે રહિત થાય છે.

यस्यात्मबुद्धिः कृणपेत्रिधातुके स्वधीः कलत्रादिषु भौमइज्यधीः ।
यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥

આ જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તથા સ્ત્રીપુત્રાદિકને વિષે પોતાપણાની બુદ્ધિ છે, ને દેવની પ્રતિમાઓ તેને વિષે પૂજ્યબુદ્ધિ છે, ને તીર્થને વિષે તીર્થબુદ્ધિ છે- આવા માહાત્મ્યજ્ઞાને કરીને 'अभिज्ञ'એટલે શ્રીજીમહારાજના સ્વરૂપના અનુભવજ્ઞાને કરીને મૂર્તિના સુખભોક્તા જન –એટલે મુક્તપુરુષને વિષે દૃઢ આત્મબુદ્ધિ જેને થાય છે, તેને જ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિની પ્રાપ્તિ થાય છે. અને જેને તેવા સંતનો સમાગમ પણ નથી, તે તો પશુવત્ અજ્ઞાની છે. તથા શિક્ષાપત્રીમાં :-

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्संङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥

જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણવાળા પુરુષના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કિયું ? તો એકાંતિક, પરમએકાંતિક તથા અનાદિમુક્ત-એવા સત્પુરુષનો સમાગમરૂપ સત્સંગ કરવો ને તેવા સંતનો સમાગમ કરીને અનાદિ શ્રીકૃષ્ણ, એવા સ્વામિનારાયણ શ્રીહરિનું માહાત્મ્યજ્ઞાન જીવમાં સમજીને પોતાંને અનાદિમુક્તરૂપ માનવું ને વર્તનમાં એકાંતિકપણું દૃઢ કરવું, ને અતિ સ્નેહે કરીને મૂર્તિમાં જોડાઈ રહેવાય-એવો સ્નેહ કરવો, તેને ભક્તિ કહી છે. તેવી ભક્તિ જો થાય તો જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણનું ફળ છે, ને તેણે કરીને શ્રીજીમહારાજ રાજી થઈને તેને પોતાની મૂર્તિમાં રાખે છે ને સળંગ મૂર્તિનો આનંદ અનુભવાવે છે; પરંતુ તેવી સમજણ વિના ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક બીજા અનેક શુભ ગુણ હોય, તોપણ તે મૂર્તિના સુખથી ઓરા રહે છે એટલે બીજા ધામમાં રહે છે, માટે અનાદિમુક્તના સમાગમની જરૂર છે.

૨ : એકાંતિકનાં લક્ષણ

હવે વચનામૃતમાં શ્રીજીમહારાજે એકાંતિક, પરમએકાંતિક ને અનાદિ-એમ ત્રણ પ્રકારના મુક્ત કહ્યા છે. તેમાં પ્રથમ એકાંતિકને જણાવીએ છીએ : પ્રથમના ૧૧માં કહ્યું છે જે, 'ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.' તથા લોયાના ૬માં પણ કહ્યું છે જે, 'એકાંતિકપણું એમાં આવે એ અતિશય દુર્લભ છે. તે એકાંતિકપણું તે શું ? તો ધર્મ,જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.' આવાં એકાંતિકનાં લક્ષણ વચનામૃતમાં ઘણે સ્થળે કહ્યાં છે.

૩ : એકાંતિકથી પરમએકાંતિકનું ઉત્કૃષ્ટપણું ને તેમનાં લક્ષણ

હવે એકાંતિક ભક્તથી પરમએકાંતિક મુક્ત અધિક છે એમ વડતાલના ૩માં કહ્યું છે તે જુઓ : 'મોટા પુરુષ પણ ચાર પ્રકારના છે. એક તો દીવા જેવા, ને બીજા મશાલ જેવા, ને ત્રીજા વીજળી જેવા, ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. તેમાં દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, ને મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો ઓલાઈ જાય. ને વીજળી જેવા જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય, અને વડવાનળ અગ્નિ જેવા હોય તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો જ નથી, અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાખે છે-તે પાણી મીઠું થાય છે. તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે, તેમ એવા જે મોટા પુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે.' એવી રીતે એ ચાર પ્રકારના મોટા પુરુષ કહ્યા, તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા પુરુષ છે તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. 'તે વીજળીના અગ્નિ જેવા તો સાધનદશાવાળા ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા ભગવાનના પરમએકાંતિક સાધુ છે.'- આ પરમએકાંતિકને પ્રથમના ૩૯માં વિદેહમુક્ત તથા મહામુક્ત કહ્યા છે, અને એકાંતિકને જીવન્મુક્ત તથા જ્ઞાનીમુક્ત કહ્યા છે.

અને પરમએકાંતિક મુક્તનાં લક્ષણ પ્રથમના ૨૩માં તથા સારંગપુરના ૧૦માં તથા ૧૪માં વગેરેમાં કહ્યા છે. તેમાં કારિયાણીના ૭માં કહ્યું છે જે, 'એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય : જે પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે ને એ મૂર્તિ વિના બીજું અણુ માત્ર પણ ભાસે નહિ એ સિદ્ધદશાનું લક્ષણ છે.' -આ પરમએકાંતિક મુક્તની સ્થિતિ કહી છે.

વળી લોયાના ૧૪માં કહ્યું છે જે, 'તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે તેની

ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન- તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારે કોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે.'

તથા મધ્યના ૧૩માં 'તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે ને તે મૂર્તિ ઘનશ્યામ છે તોપણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી; અતિશય શ્વેત જણાય છે, ને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે પણ ચારભુજ, કે અષ્ટભુજ, કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી; એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી દેખાય છે ને ક્યારેક હરતીફરતી દેખાય છે ને એ મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે તે સર્વે મુક્ત છે તે એક નજરે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે.'-આ મુક્ત કહ્યા તે 'પરમએકાંતિક-સંજ્ઞિક' જાણવા ને તેઓ સર્વે શ્રીહરિના સાધર્મ્યપણાને પામેલા છે ને અક્ષરધામમાં શ્રીજીમહારાજ આ સકળ મુક્તને સન્મુખ ને સમીપે જ દર્શન આપે છે. આ મુક્તની સભા પણ આદિ- અંતે રહિત છે ને અપાર છે.

૪ : અનાદિ-સંજ્ઞિક[૧] મુક્તનાં પ્રમાણો

આ પરમએકાંતિક મુક્ત કહ્યા, તેથી બીજા શ્રીજીમહારાજનું પરમ સાધર્મ્યપણું પામેલા અનાદિ-સંજ્ઞિક મુક્ત ઘણાં વચનામૃતમાં કહ્યા છે. તે જુઓ : પ્રથમના ૧૮માં 'અને જે કોઈ અમારો વાદ લેશે તો તેનું તો જરૂર ભૂંડું થાશે; કાં જે અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ બિરાજે છે. અને હું તો અનાદિમુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો.' આમા શ્રીજીમહારાજે પોતાના ઉદ્દેશે કરીને પોતાના અનાદિમુક્તને જ કહ્યા છે. તેમ જ પ્રથમના ૩૨માં, 'અને નારદ-સનકાદિક જેવા અનાદિમુક્ત છે તેણે પણ એવા પંચવિષય વિના રહેવાતું નથી; તે સમાધિમાં ઘણા કાળ રહે છે પણ તે સમાધિમાંથી નીકળીને ભગવાનની કથાકીર્તન-શ્રવણાદિક વિષયને ભોગવે છે.' આમાં પણ અનાદિ-સંજ્ઞિક મુક્ત છે, એમ કહ્યું છે. અને 'માળો તથા ખીલો' એમ શ્રીજીમહારાજની મૂર્તિમાં ને સન્મુખ રહેવાનાં બે દૃષ્ટાંત પણ દીધાં છે.

૫ : પરમએકાંતિકથી અનાદિમુક્તનું ઉત્કૃષ્ટપણું ને તેમનાં લક્ષણ

હવે પરમએકાંતિક મુક્તથકી અનાદિમુક્તની સ્થિતિ અધિક છે એમ છેલ્લાના ૨૧માં કહ્યું છે તે જુઓ : 'શા માટે જે આ સત્સંગ છે તે તો અલૌકિક છે ને જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક-તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે જેવા જ આ સર્વે સત્સંગી છે ને અમે તો જેવા સર્વથી પર દિવ્યધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.'

ભાવાર્થ : 'દિવ્યધામ તેને વિષે પાર્ષદ છે ' એમ કહ્યું તે પરમએકાંતિક મુક્તને કહ્યા છે. ' તે થકી

---

૧ જેમ ' એકાંતિક ' એવી સંજ્ઞા છે તેમ ' અનાદિમુક્ત ' એવી સંજ્ઞા શેમાં છે તેનાં પ્રમાણો.

અધિક જો આ સત્સંગીને ' એમ કહ્યું તે અધિક ગોપાળાનંદસ્વામી આદિ અનાદિમુક્તને કહ્યા છે. આ વચનામૃતનો ભાવાર્થ ગોપાળાનંદસ્વામી ને શુકસ્વામી તેમની પાસેથી સ્વામી નિર્ગુણદાસજીએ જાણ્યો છે જે, ' આમાં ગોપાળાનંદસ્વામીને અધિક કહ્યા છે ને તે અનાદિમુક્ત છે. અને ગોપાળાનંદસ્વામીને મૂળઅક્ષર કહ્યા છે તે તો મૂળઅક્ષરની ઉપમા આપી છે, પણ ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી આદિ અનાદિમુક્ત છે, ને તે અનાદિમુક્તને જ કૈવલ્યમુક્ત નામે તથા નિત્યમુક્ત નામે કરીને કહેવાય છે. અને તે મુક્તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ સાધર્મ્યપણાને પામેલા છે ને શ્રીજીમહારાજના સ્વરૂપમાં ઐકાત્મ્યપણે રસબસ થઈને રહે છે, ને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તે અનાદિમુક્તને પોતાની મૂર્તિમાં રાખે છે ને પોતાના સળંગ સ્વરૂપનો આનંદ અખંડ અનુભવજ્ઞાને કરીને અનુભવ કરાવે છે; અને અનાદિમુક્ત છે-તે શ્રીજીમહારાજની સાથે ઐકાત્મ્યપણું પામીને શ્રીજીમહારાજનું સુખ ભોગવે છે. અને શ્રીજીમહારાજના પ્રકાશરૂપ ધામમાં રહેલા પરમએકાંતિક મુક્તોથી મૂર્તિમાં રસબસભાવે જોડાઈ રહેલા એવા અનાદિમુક્તને શ્રીજીમહારાજનો આનંદ અધિક આવે છે, તેમ અનાદિમુક્તને શ્રીહરિને વિષે દાસભાવ પણ અધિક છે. આવા અનાદિમુક્તને પણ શ્રીજીમહારાજ પોતાની ઇચ્છાથી બીજા મુક્તોને અનાદિમુક્ત જેવા કરવા પોતાની સાથે પૃથ્વી ઉપર લાવે છે, તેમ જ પરમએકાંતિક મુક્તને પણ લાવે છે અને ગોલોક આદિ ધામના મુક્તને પૃથ્વી ઉપર આવવાની પ્રેરણા કરે છે તેથી તે પણ આવે છે.

૬ : શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી જ આ લોકમાં પધાર્યા છે તેનું પ્રમાણ

હવે સર્વ અવતારના અવતારી પોતાના પ્રકાશરૂપ અક્ષરધામના નિવાસી, ને પરમએકાંતિક ને અનાદિમુક્તના સ્વામી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન-તેમણે એકાંતિક ધર્મે જુક્ત એવા પોતાના અતિશય પ્રેમી ભક્ત હોય તેની ભક્તિને આધીન થઈને તે એકાંતિક ભક્તને સુખ દેવા, અને એકાંતિક ધર્મ તથા પોતાની ઉપાસના પ્રવર્તાવવા મનુષ્ય-સ્વરૂપે પ્રગટ થવાની ઇચ્છા કરી. ત્યારે એમ પણ વિચાર કર્યો જે, ' હું અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર છું. અને અજર-અમર, અજન્મા ને અખંડ છું ને અકળિત સ્વરૂપ ને સદા દિવ્ય સાકારમૂર્તિ છું ને અતિ તેજસ્વી, અતિ રૂપવાન ને અતિ સુખસ્વરૂપ છું. એવો હું-તે મારો અનંત અપાર પ્રકાશ, ને ઐશ્વર્ય, ને અનંત મુક્ત-તે સર્વેને મારામાં લીન કરીને મનુષ્ય જેવો થાઉં, એટલે સર્વેને મારાં દર્શન-સેવાસમાગમનો લાભ મળે. અને મારા મુક્તને પણ મનુષ્ય જેવા કરીને મારી સાથે પૃથ્વી ઉપર લાવું.'- આવો સંકલ્પ કરીને શ્રીજીમહારાજ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે, એમ વચનામૃત આદિ શાસ્ત્રમાં કહ્યું છે. તેમ જ હરિદિગ્વજય-ઉલ્લાસ ૨માં પણ કહ્યું છે જે :-

'બ્રહ્મધામના નિવાસી શ્રીજીમહારાજ-તેમણે પૃથ્વી ઉપર પ્રગટ થવાનો સંકલ્પ કર્યો, ત્યારે બદરિકાશ્રમમાં નરનારાયણને પોતાનાં દર્શન દીધાં. ત્યારે નરનારાયણે શ્રીહરિ ભગવાનને પૂછ્યું જે, 'તમારી શી ઇચ્છા છે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'પૃથ્વીને વિષે અધર્મનું ઉત્થાપન કરીને એકાંતિક

ધર્મનું સ્થાપન કરવા ધર્મથકી ભક્તિને વિષે પ્રગટ થઈશ, ને પ્રગટ થવાના હેતુભૂત દુર્વાસાનો શાપ તમારા દ્વારે અંગીકાર કરીશ, માટે તમે શાપની ચિંતા કરશો નહિ, ને ધર્મપિતા અને ભક્તિમાતાને તથા ઋષિઓને તે વાત જણાવશો ને પૃથ્વી ઉપર પ્રગટ થશો.'

૭ : મુક્તદ્વારે પણ મોક્ષ કરવાનો શ્રીજીનો અભિપ્રાય

હવે શ્રી સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે પોતાના મુક્તને તથા સર્વે અવતાર ને અવતારના મુક્ત, અને મુમુક્ષુ તથા પોતાના પ્રેમી ભક્ત-તે પણ પૃથ્વી ઉપર મનુષ્યજન્મ લઈને સેવા કરવા આવ્યા હતા. અને શ્રીહરિ ભગવાને તેઓ સર્વને ૪૯ વર્ષ, ૨ માસ ને ૧ દિવસ પર્યંત અતિશય સુખ આપ્યું ને એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું અને અનેક એકાંતિક, પરમએકાંતિક ને અનાદિમુક્ત કર્યા. પછી જીવોનો મોક્ષ કરવાનું કામ પોતાની સાથે આવેલા મુક્તને સોંપીને પોતે અંતર્ધાન લીલા કરી. અને તે મુક્ત પણ જ્યારે અદૃશ્ય થાશે ત્યારે બીજા મુક્તને મોકલવા, ને તે મુક્તદ્વારે પોતે સ્થાપન કરેલો મોક્ષ-માર્ગ સદા ચાલુ રાખવો, આવો શ્રીજીમહારાજનો અભિપ્રાય તેમના વચનથી જણાય છે. તે જુઓ વડતાલના ૧૯માં :-

'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય-દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર (મુક્ત) કાં ભગવાનના સાધુ (સ્ત્રીધનના ત્યાગી ને શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા-ઉપાસનાએ જુક્ત એવા સંત) એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. પછી એ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ, શા માટે જે ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે.'

તેમ જ અમદાવાદના બીજા વચનામૃતમાં કહ્યું છે જે : 'આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને એ જો કોઈક કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો.'

હવે આવી રીતે સત્સંગિજીવનના બીજા તથા ચોથા પ્રકરણમાં પણ (મોક્ષ કરવા માટે) મુક્ત પ્રગટ થાય છે એમ લખ્યું છે.

અને મધ્યના ૪૮માં. "અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન ન થઈ શકે તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ-તેણે યુક્ત એવા જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું. અને અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મૂકીશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી તોપણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, 'જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો.' એમ જ ઇચ્છીએ છીએ." આમાં પણ શ્રીજીમહારાજે પોતાના સત્પુરુષના સમાગમનું માહાત્મ્ય જણાવ્યું છે અને જીવના મોક્ષ કરવા સારુ મુક્તને મોકલીએ છીએ ને મુક્તદ્વારે પણ જીવોના મોક્ષ કરીએ છીએ એમ કહ્યું છે.

૮ : અનુભવી સત્પુરુષના સમાગમની જરૂરિયાત

હવે મુમુક્ષુને મોક્ષ સિદ્ધ કરવો તેમાં મુક્તપુરુષના સમાગમનું જરૂર કામ પડે છે; કેમ જે અનુભવી સત્પુરુષના જોગ વિના જેમ છે તેમ જ્ઞાન સમજાતું નથી, તેમ જ એકાંતિક ધર્મને વિષે સ્થિતિ પણ થતી નથી- એમ પ્રથમના ૬૦માં કહ્યું છે જે, ' આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.' તથા પ્રથમના ૬૪માં : 'આ વાર્તા તો જેને એવા ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તે થકી જ પમાય છે પણ બીજા થકી તો પમાતી જ નથી, માટે આ વાર્તાને અતિ દૃઢ કરીને રાખજો.' તેમ જ મધ્યના ૧૩માં 'આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજવામાં આવે છે, પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથમાંથી પણ સમજાતી નથી.'

૯ : ઉત્તમ ભક્ત થવાનો ઉપાય

હવે સત્પુરુષના જોગે કસર ટળે છે ને ઉત્તમ સ્થિતિ થાય છે તે જુઓ વડતાલના ૫ માં :- 'એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત, તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ટ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે, તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.' તે કેવા હોય તે ઉત્તમ લક્ષણવાળા જાણવા ? તો વડતાલના ત્રીજામાં વીજળી જેવા તથા વડવાનળ જેવા મોટા પુરુષ કહ્યા છે તેવા હોય તેમને મોટા પુરુષ જાણવા તથા છેલ્લાના ૩૫માં સંતનાં છ લક્ષણ કહ્યાં છે તથા પ્રથમના ૭૭ના ત્રીજા પ્રશ્નોત્તરમાં સાધુનાં બત્રીસ લક્ષણ કહ્યાં છે તેણે યુક્ત હોય તે મોટા પુરુષ જાણવાં.

૧૦ : બ્રહ્મરૂપ થવાનો તથા આત્મદર્શન ને શ્રીજીનાં દર્શનનો ઉપાય

અને બ્રહ્મસ્વરૂપ મુક્તને જોગે બ્રહ્મસ્વરૂપ થવાય છે, તે જુઓ વડતાલના ૧૧ માં :- 'બ્રહ્મસ્વરૂપ એવા સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઇંદ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકે માનતા ન હોય તેને અજ્ઞાની જીવ ઓળખી શકે નહિ. અને જ્યાં સુધી એવા સત્પુરુષનો મહિમા એને ન જણાય ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિ પણ ન થાય, પણ જો સત્પુરુષની સાથે અતિશય પ્રીતિ થાય ને સત્પુરુષનાં વચન સત્ય મનાય ને તે પ્રમાણે વર્તે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે ને સત્પુરુષના જેવા બ્રહ્મરૂપ થાય, માટે સત્પુરુષને વિષે પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે ને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ

સાધન છે.' આમાં મુમુક્ષુને આત્યંતિક મોક્ષ પામવા સારુ મોટા મુક્તમાં આત્મબુદ્ધિ કરવી-એમ કહ્યું ને એવી આત્મબુદ્ધિ કરે ત્યારે તે મુક્ત થાય છે ને શ્રીજીમહારાજ તે હેતુ માટે મુક્તને મોક્ષ કરવા મોકલે છે, તેમાં અનાદિમુક્ત છે તે તો શ્રીજીમહારાજમાં રહે છે ને શ્રીજીમહારાજના સંકલ્પથી શ્રીજીમહારાજમાં રહ્યા થકા આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ થાય છે. તે જુઓ મધ્યના ૧૩માં :- 'સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે ને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.'-અહીં અનાદિમુક્તને અવતાર જાણવા.

૧૧ : અનાદિમુક્તનું મહત્પણું

અને અનાદિમુક્ત છે-તે મુમુક્ષુ જીવોને અનાદિમુક્ત કરવા સમર્થ છે એમ શ્રીજીમહારાજે પ્રથમના ૬૨માં કહ્યું છે તે જુઓ : 'જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે, પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે ને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે ને નિર્બંધ થાય છે.'

અને અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે ને પુરુપોત્તમમાં રહીને પુરુષોત્તમની દૃષ્ટિએ જુએ છે તેથી તે મુક્તને પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસતું નથી, એમ પ્રથમના ૫૧માં કહ્યું છે તે જુઓ : - ' એ સર્વેના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ. એવા જે એ ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇંદ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે, ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે.' આમાં ઇંદ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થાય છે એમ કહ્યું તે બે પ્રકારે દિવ્ય થાય છે : એક પરભાવમાં ને બીજું અવરભાવમાં, તે પરભાવમાં જીવાત્મા જ દિવ્ય સાવયવ પુરુષોત્તમ જેવો સાકાર થાય છે, ને અવરભાવમાં દેહમાં રહ્યો થકો જ્ઞાન-ધ્યાને કરીને મહા તેજ જેવો થાય છે ને આત્મામાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય છે, ત્યારે તે ભક્તનાં દેહ-ઇંદ્રિયો-અંતઃકરણ દિવ્ય થયાં કહેવાય છે; કેમ જે માયિક પંચવિષયમાં જોડાય જ નહિ ને મૂર્તિમાં જ રહે છે, ને ક્રિયા પણ આજ્ઞા પ્રમાણે જ કરે છે એટલે દિવ્ય કહેવાય છે.

વળી મધ્યના ૬૬માં :- શ્રીજીમહારાજ બોલ્યા જે, ' જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા-કીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત્રી વીતે છે. અને ત્રણ અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે, અને ભગવાન વિના અન્ય પદાર્થ માત્રને વિષે વૈરાગ્ય થાય છે, અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે, અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે.'-આમાં પોતા જેવો કરે છે એમ કહ્યું, એટલે અનાદિમુક્ત કરે છે ને મૂર્તિમાં રાખે છે – એમ સમજવું.

૧૨ : અનાદિમુક્તને મહારાજને વિષે દાસભાવ રહેવાપણું

હવે અનાદિમુક્તને શ્રીજીમહારાજને વિષે દાસભાવ અતિશય રહે છે, એમ મધ્યના ૬૭માં કહ્યું છે તે જુઓ :- 'જે ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય, જે ભગવાન આટલી સામર્થીએ યુક્ત છે, અને આટલી શોભાએ યુક્ત છે અને આવા સુખરૂપ છે, એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે, અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભક્તની પણ તેવી જ થાય છે; તોપણ ભગવાનની સામર્થી ને ભગવાનનું સુંદરપણું ઈત્યાદિક જે પ્રતાપ તે એ ભક્તને ભગવાનને વિષે અતિશય જણાય છે, ત્યારે એ ભક્ત પણ એમ જાણે છે જે, મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું તેટલું ઐશ્વર્ય ને સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે, તોપણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે, માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તોપણ ભગવાન જેવો કોઈ થાવાને સમર્થ થાતો નથી, અને એ ભગવાનને ભજીને અનંતકોટિ વૈષ્ણવ ભગવાન સરખા થયા છે; તોપણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તોપણ સ્વામીસેવકપણું રહે છે'. –આમાં શ્રીજીમહારાજ અનાદિમુક્તને પોતા જેવા કરીને પોતાના સ્વરૂપમાં ભેગા રાખે છે, તોપણ મુક્તને મહારાજને વિષે દાસભાવ રહે છે એમ કહ્યું છે.

તેમ જ સારંગપુરના ૧૭માં, ' માયારૂપી અંતરાય ટળીને જેમ જેમ ભગવાનને ઢૂંકડું થવાય છે (એટલે મૂર્તિમાં રહેવાય છે), તેમ તેમ ભગવાનની અતિ અપાર મોટપ જણાતી જાય છે ને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દૃઢ થતું જાય છે.

અને વળી સ્વામી-સેવકભાવે ઉપાસના-ભક્તિ કરવી તે શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે; અને સ્વામી-સેવકભાવ ટળી જાય તે વાત કોઈની પણ ગ્રહણ ન કરવી ને દૂરથી જ ત્યાગ કરી દેવી, એમ કારિયાણીના ૧૦મા તથા લોયાના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે.

૧૩ : મૂર્તિમાં રહેવાનાં પ્રમાણભૂત વચનો

હવે અનાદિમુક્તને શ્રી સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને પોતાના સ્વરૂપમાં રાખે છે ને અનાદિમુક્ત માહાત્મ્યજ્ઞાને સહિત અતિ સ્નેહે કરીને દાસભાવે પોતાના સ્વામી એવા જે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તેમાં એકાત્મ્યપણાને પામીને રહે છે, ને અનુભવ જ્ઞાને કરીને શ્રીજીમહારાજના સળંગ સ્વરૂપનો આનંદ અખંડ અનુભવે છે, તે વાત શ્રીજીમહારાજે ને તેમના સંતોએ ઘણે ઠેકાણે જણાવી છે તેનું દિશમાત્ર પ્રદર્શન કરીએ છીએ :–

સારંગપુરના ૧૧માં, "પુરુષ પ્રયત્ને કરીને પાંચ સાધન સિદ્ધ કરે ત્યારે ભગવાનની કૃપાનો પાત્ર થાય છે અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે ને જ્યારે

પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. અને શ્રુતિએ કહ્યું છે જે **'निरंजनः परमं साम्यमुपैति ।'** એ શ્રુતિનો એ અર્થ છે જે 'અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે.' કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહિ, અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને કયારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને કયારેક તો નોખાં રહ્યાં થકાં ભગવાનની સેવામાં રહે છે, તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે કયારેક તો લીન થઈ જાય છે ને કયારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે, આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે." -આમાં શ્રીજીમહારાજે કહ્યું જે, 'અમે કૃપા કરીએ ત્યારે અમારા તુલ્યપણાને પામે છે' એટલે અનાદિમુક્ત થાય છે ને 'અતિશય હેતે કરીને ભગવાનમાં લીન થાય છે.' -એટલે એ મુક્તને મૂર્તિમાં રાખીએ છીએ.

તથા મધ્યના ૨૫માંઃ- 'ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે માટે ભગવાનનું જે બ્રહ્મપુર ધામ તેને પામશે ને ભગવાનનાં ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે.' એટલે શ્રીહરિની મૂર્તિમાં રહેશે તેમ જ 'હરિવાક્યસુધાસિંધુ'-તરંગ ૮૯માં :-

साम्यं साधर्म्यमित्युक्तं प्राप्नोति परमं स तत् ।
न बध्येतातो हरिवत् कर्ममिश्च शुभाशुभैः ॥
अतिस्नेहेन लक्ष्मीवत् प्राप्नोत्यैक्यं क्वचिद्धरौ ।
क्वचित् पृथक्स्थितो भक्त्या सेवते तद्वदेव तं ॥
क्रियासु च स्वतंत्रत्वं प्राप्नोति भगवानिव ।
इदृक् सामर्थ्य–संप्राप्तिः कृपया भवति प्रभोः ॥

અર્થ :- (૧) શ્રીજીમહારાજ જે ભક્તના ઉપર કૃપા કરે છે, તે ભક્ત શ્રીજીમહારાજના પરમ સાધર્મ્યપણાને પામે છે. તે સાધર્મ્યપણું તે શું ? તો પરમએકાંતિક અને અનાદિમુક્તનું સ્વામીપણું, સુખદાતાપણું ને નિયંતાપણું-તે વિના બીજા રૂપ, ગુણ, લાવણ્યતા, સુંદરતા, સ્વતંત્રતા, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થ્ય ઈત્યાદિક ગુણે કરીને સરખાપણું જે તુલ્યભાવ-તેને સાધર્મ્યપણું કહ્યું છે. અને તે મુક્ત શુભ-અશુભ કર્મે કરીને શ્રીહરિની પેઠે બંધાતો નથી. (૨) અને તે મુક્ત કયારેક લક્ષ્મીજીની પેઠે ભગવાનમાં ઐકયપણું પામે છે ને કયારેક પૃથક્ રહીને ભક્તિએ કરીને લક્ષ્મીજીની પેઠે તે ભગવાનને સેવે છે. (૩) અને ક્રિયાને વિષે ભગવાનની પેઠે સ્વતંત્રપણું પામે છે, આવું સામર્થ્ય ભગવાનની કૃપાથી પામે છે. ભાવાર્થ : આમાં મુક્ત ભગવદ્ભાવને પામે છે ને ભગવાનમાં રહે છે એવો ભાવ છે. અને મુક્ત મહારાજમાં રહે છે એમ શિક્ષાપત્રીમાં પણ કહ્યું છેઃ-

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।
क्वचित् तदङ्गेऽतिस्नेहात् स तु ज्ञेयस्तदैकलः ॥

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે કયારેક તો તે શ્રીકૃષ્ણભગવાનને પડખે હોય છે, ને કયારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે

શ્રીકૃષ્ણભગવાન એકલા જ હોય એમ જાણવા. અને સત્સંગિજીવન-પ્ર. ૨, અ. ૫૮માં પણ મુક્ત મૂર્તિમાં લીન થઈને રહે છે, તેમ કહ્યું છે :-

हृदि तं त्ववलोक्य कर्हिचिच्च प्रसरत् प्रेमभराश्रुरुद्धकंठः ।
अननुस्मृतदेह एव तस्मिन् स विलीनो बहिरेत्यथेच्छयाऽस्य ॥

અર્થ :- જ્ઞાની એવો પ્રેમી ભક્ત તે કોઈ સમયે પોતાના હૃદયાકાશમાં પ્રગટ એવા શ્રીહરિને જોઈને અતિશય વૃદ્ધિ પામેલ સ્નેહ , તેણે કરીને પરવશ થઈને બોલવાને પણ સમર્થ થાતો નથી ને દેહની ભાવના ભૂલી જાય છે ને મારા રૂપ થઈને મારી ઈચ્છાથી મૂર્તિમાં લીન થઈ જાય છે, તે લીનપણું જળમાં જળની પેઠે ન સમજવું ને દાતા-ભોક્તા ને સ્વામી-સેવકભાવે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિનું સુખ ભોગવે છે, ત્યાર પછી મારી ઈચ્છાથી બહાર આવે છે એટલે પોતાની સ્મૃતિને પામે છે. તેમ જ સત્સંગિભૂષણ-અંશ ૩ અ૦ ૨૪માં પણ મૂર્તિમાં રહેવાનું કહ્યું છે જે :-

तत्स्थितोऽसावपि मूर्तिस्थत्वान्निर्विग्रहस्मृतिः ।
तदा पुरे धर्मपुरे प्रवृत्ते सुरभिक्षणे ॥
तत्कृताश्च तथाप्यन्या लीलास्तत्पुर–संभवाः ।
स्वयं दृष्ट्वा दृशा चान्यान् याथार्थ्येनाह तन्नृपम् ॥

(टीकाः धर्मपुर–स्थित–श्रीहरिमूर्तिगत–स्वात्मत्वात् इत्यर्थः ।)આ સચ્ચિદાનંદમુનિ દુર્ગપુરમાં રહ્યા છે તોપણ તે સચ્ચિદાનંદમુનિનો આત્મા ધર્મપુરમાં રહેલા શ્રીહરિની મૂર્તિમાં રહ્યો છે તેથી તે મુનિને પોતાના દેહની સ્મૃતિ નથી. અને તે ધર્મપુરમાં શ્રીજીમહારાજે વસંતપંચમીનો ઉત્સવ કર્યો તેને તથા તે પુરમાં બીજી પણ જે જે લીલા કરી તેને સચ્ચિદાનંદસ્વામી પોતાની દૃષ્ટિએ દેખીને દુર્ગપુરમાં રહેલા જે સાધુ ને દાદખાચર તેને કહી બતાવતા હતા. અનેવળી સચ્ચિદાનંદમુનિ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે, માટે શ્રીજીમહારાજ જમતા ત્યારે તેમના ભેળા તે મુનિ જમતા, એમ પણ તે અધ્યાયમાં કહ્યું છે.

તેમ જ અનાદિમુક્ત ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે. તે જુઓ સત્સંગિભૂષણ-અંશ ૩ અ ૦ ૨૭ માંઃ–

अविरत–मववादेऽस्मासु तस्यापि दोषं ।
कमपि वय–मवेक्ष्य स्मः स्थितास्तदपीशः ॥

अन्वयः – वयं तस्य हरेः अववादे निर्विवादे तत्स्वरूपे अविरतं नित्यं स्थिताः सदा वर्तमानाः स्मः भवामः तदपि इशः श्रीहरि अस्मासु कं अपि दोषं अवेक्ष्य ॥ તથા અંશ ૧ માં :–

स्वेच्छया मगवन्मूर्त्तावेषः चान्यानपि स्वयम् ।
आरमयिष्यतेऽतोसाविच्छारामोऽस्त्विहाऽऽख्यया ॥

ધર્મદેવ કહે છે જે, 'આ પુત્ર પોતે પોતાની ઈચ્છાથી જ ભગવાનની મૂર્તિમાં રમશે અને બીજાને મૂર્તિમાં રમાડશે, માટે આ પુત્રનું નામ ઈચ્છારામ થશે. તેમ જ ગીતામાં પણ મન-બુદ્ધિ ભગવાનમાં રાખ્યા પછી જીવાત્માને જ પરમાત્મા પોતાના સ્વરૂપમાં રાખે છે. તે જુઓઃ-

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ५४ ॥

(માટે) તું મારામાં જ મન ધારણ કર અને મારામાં બુદ્ધિ પરોવ; એ પછી તું મારામાં જ રહીશ (એમાં) સંશય નથી. તથા–

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥ ५५ ॥

મારી પરમ ભક્તિ દ્વારા જે મનુષ્ય હું કેવો છું ને કોણ છું તે યથાર્થરૂપે જાણે છે. અને પછી મને એ પ્રમાણે ખરેખરા સ્વરૂપે જાણવાથી મારામાં પ્રવેશ કરે છે.

અને વળી શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનાદિમુક્ત એવા મુક્તાનંદસ્વામી આદિ મોટા સંતો-તેમણે પણ અમે શ્રીહરિજીની મૂર્તિમાં રહ્યા છીએ એમ કહ્યું છે તે જુઓ :- (મુક્તાનંદસ્વામી)

સુનત બંસી મેરી શુદ્ધ વિસરી, કહા જાનું કહા કીન, મોરલી૦[1]
સુને કોન અબ શીખ જક્તકી, હું ભઈ હરિમેં લીન. મોરલી૦ ... તથા

પ્રીત કરત મેરો પલટ્યો હે અંગ.

તનમન અર્પી મીલે મનમોહનકું, હો ગઈ એકહી અંગ. પ્રીત ૦

મુક્તાનંદ મહદ્ યહ આશ્ચર્ય, બીનહિ અંગ ન ઉમંગ. પ્રીત૦ ... તથા

સોઈ સાચે મમ દાસ હે, ઉધો સોઈ સાચે મમ દાસ હેં.

પીંડ બ્રહ્માંડમેં પ્રીત ન જાકુ, મમ પદ કંજ નિવાસ હે. તથા બ્રહ્માનંદ

રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પય માંહિ ભળી. ... તથા

મેં પ્રીતમકે માંહ્ય, પિયા મોય ભીતરે;
અરસપરસ એકતાર, રહ્યા હે સ્વતંતરે. ... તથા

જોગી વાકુ જાનીએ, જાકા હરિસે જોગ.
રહે નિરંતર રામમેં, અંતર સદા અરોગ. ... તથા નિષ્કુળાનંદ

કોટિ મુક્ત સેવા કરે, રોમ રોમ રસરૂપ;
અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ. ... તથા ભક્તચિંતામણિ

---

૧ મોરલી મધુરીસેં મેરો મન હર લીન.

પ્ર. ૧૮- **સ્વતંત્રપણું લક્ષ્મીના જેવું રે, જે શ્રીકૃષ્ણસ્વરૂપમાં રહેવું રે ...** તથા

પ્ર. ૧૧- **તજી તન ને મનનું માન, રહ્યા હરિમાંહિ ગુલતાન. ...** તથા

પ્ર. ૧૩૪- **થયો જે દિનનો સતસંગ, થયું તે દિનું અલૌકી અંગ.**

હરે ફરે કરે કાંઈ કામ, રહી હરિમાંહિ આહુ જામ. ... તથા

હરિસ્મૃતિ- **એક વ્યાપકાનંદ મુનિ, આ૦[1]તે પર મે'ર મોટી પ્રભુની. આ૦**

હરે ફરે હરિ ઈચ્છાઈ, આ૦ રહે હરિ મૂર્તિમાં સદાઈ. આ૦ ... તથા

સારસિદ્ધિ- **શ્રીખંડ[2]માં જેમ સુગંધી રહી, રહ્યો ઈક્ષુ[3]માંહિ રસ.**

તેમ હરિજનમાં હરિ, હળીમળી રહ્યા એકરસ.

તથા સૂત્રભાષ્ય :-

' अविभागेन दृष्टत्वात् '

तत्समानगुणरूपो मुक्त आत्मा पार्षदतया निरतिशयानंदं परब्रह्मस्वरूपं सेवमानस्तत्सुख–मनुभवति क्वचिदतिप्रेम्णा तस्मिन् विलीयते चेत्तर्हि तु परब्रह्मस्वरूप–मविभागेनानुभवति निर्णयः ॥

અનાદિમુક્ત મૂર્તિમાં લીન થઈને રહે છે તોપણ ' **अविभागेन** ' કહેતાં પરબ્રહ્મ સાથે ઐક્યપણું પામીને પરબ્રહ્મના સ્વરૂપને અનુભવે છે, માટે સ્વામી-સેવકભાવ રહે છે. એમ મૂર્તિમાં રહેવાનાં ઘણાં વાક્યો છે.

હવે ભગવાનના સ્વરૂપમાં જ રહે તે મુક્ત અત્યુત્તમ સ્થિતિવાળા છે એમ ભાગવતના એકાદશ સ્કંધમાં પણ કહ્યું છે :-

नकामकर्मबीजानां यस्य चेतसि संभवः ।
वासुदेवैक–निलयः स वै भागवतोत्तमः ॥

જેના ચિત્તમાં વિષયભોગની કામનાનો અવ્યકત રાગ પણ ઉત્પન્ન થતો નથી, અને જેને **'वासुदेवैक '** કહેતાં વાસુદેવ ભગવાન જ એક છે ' **निलयः** ' નિવાસ-સ્થાન જેને તે ઉત્તમમાં ઉત્તમ ભક્ત છે.

तस्माद् युक्तेंद्रिग्रामो युक्तचित्तः इदं जगत् ।
आत्मनीक्षस्व वितव–मात्मानं मय्यधीश्वरे ॥

હે ઉદ્ધવ ! ઇંદ્રિયોને નિયમમાં કર ને ચિત્તને નિયમમાં કર, અને દેહ ને જગત તેને આત્મામાં લીન જો, અને અક્ષરધામરૂપ એવો આત્મા તેને સર્વાધાર એવો હું છું તે મારે વિષે જો.

---

૧. અચરજકારી છે. ૨. ચંદન. ૩. શેરડી.

૧૪ : બાપાશ્રીના વૃત્તાંતનો કિંચિત્ નિર્દેશ

પરમએકાંતિક અને અનાદિમુક્તના સ્વામી-એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સંકલ્પથી સં. ૧૯૦૧ના કાર્તિક સુદ ૧૧ને સોમવારના રોજ અનાદિમુક્ત અબજીબાપાશ્રી જીવોના આત્યંતિક મોક્ષ કરવા આ લોકમાં આવ્યા હતા. તેમણે મુમુક્ષુ જીવોના મોક્ષને અર્થે શું કાર્ય કર્યું તે જણાવીએ છીએ :-

અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પ્રથમ તો પોતે સ્વતંત્રપણે નિર્વિકલ્પ સમાધિ કરીને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સ્વરૂપમાં નિમગ્ન થઈ રહેતા ત્યારે તેમના શરીરમાં નાડી-પ્રાણની ગતિ જણાતી નહિ; શરીર કાષ્ઠ જેવું સજજડ જણાતું ને પોતે તો શ્રીહરિજીના સ્વરૂપમાં જ અખંડ આનંદ અનુભવતા. એવી સમાધિમાં કોઈક સમયે ચાર પાંચ દિવસ ને કોઈક સમયે દશ બાર દિવસ રહેતા, કોઈક સમયે ત્રણ ચાર દિવસ સમાધિમાં રહીને જાગતા. અને અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીની સમાધિ-સ્થિતિ જોવા સારુ ને અનાદિમુક્તશ્રીનાં દર્શન કરવા સારુ મોટા સંત તથા મોટા હરિભક્ત ઘણા આવતા. અને એ સંત-હરિભક્ત અનાદિમુક્તશ્રીનો મહિમા સમજતા : જે આ શ્રીજીમહારાજના સંકલ્પરૂપ અનાદિમુક્ત છે ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સ્વતંત્રપણે સમાધિ કરીને અક્ષરધામમાં શ્રીજીમહારાજના સ્વરૂપમાં જોડાઈ રહીને સુખ ભોગવે છે ને અનંત મુક્તે સહિત શ્રીહરિની સાથે વાતો કરે છે, દર્શન કરે છે ને શ્રીહરિજીની મરજીને પણ જાણે છે ને શ્રીહરિની ઈચ્છાથી પાછા અવરભાવમાં આવીને આપણને દર્શન દે છે. અને તે મુક્તશ્રીની સમાધિ-સ્થિતિ જોઈને ઘણાક ભક્તજન આશ્ચર્યપૂર્વક આનંદ પામતા : જે આવા સિદ્ધમુક્તના દર્શન-સમાગમ-સેવાનો આપણને લાભ મળ્યો છે, તો આપણે પણ તેમના સમાગમથી ધન્યભાગ્યશાળી ને કૃતાર્થ થયા છીએ ને તેમની કૃપાથી ધ્યાન-ધારણા-ભજનમાં શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે છે, ને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની આજ્ઞા ને સર્વોપરી ઉપાસના તેની દૃઢતા પણ તેમની કૃપાથી જ થઈ છે.

અને અનાદિમુક્ત સદ્. શ્રી ગોપાળાનંદસ્વામીના શિષ્ય સદ્. સ્વામી નિર્ગુણદાસજી પણ આ મુક્તનો મહિમા ઘણો જ કહે છે. અને સ્વામી નિર્ગુણદાસજી ને આ અબજીભાઈ-તે બંને જ્યારે ભેગા બેસીને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરે છે તથા ભેગા થાય છે, અને એકબીજા મળે છે ને અરસપરસ પૂજાઓ કરે છે ત્યારે તો બેયને ઐકાત્મપણું હોય ને શું ! એવું હેત જણાય છે. એમ સ્વામી નિર્ગુણદાસજીના જોગસમાગમમાં આવેલા જે માંડવીના મુક્તરાજ લક્ષ્મીરામભાઈ, દહીંસરાના કેસરાભાઈ, નારાયણપુરના જાદવજીભાઈ, વૃષપુરના કુંવરજી પટેલ, રામપુરના દેવરાજભાઈ, ભૂજના મહેતા પુરુષોત્તમભાઈ આદિ કચ્છના હરિભક્તને સ્વામી નિર્ગુણદાસજીના સમાગમથી આ અનાદિમુક્તનો મહિમા, હેત, પ્રેમભાવ-તે સૌ કોઈને દેખવામાં આવતા હતા.

તેમ જ શ્રીનગરના સદ્. સ્વામી દેવચરણદાસજી, સદ્. સ્વામી મુકુંદજીવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, નારાયણસેવકદાસજી, કૃષ્ણજીવનદાસજી તથા સ્વામી નિર્ગુણદાસજીના શિષ્ય કૃષ્ણચરણદાસજી, પુ. શ્રીકૃષ્ણદાસજી, પુ. યોગેશ્વરદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ, તથા મૂળીના સ્વામી હરિનારાયણદાસજી, સ્વામી રાધામનોહરદાસજી ને તેમના શિષ્ય સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી બાળકૃષ્ણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામી ગુણાતીતદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, ગોપીવલ્લભદાસજી તથા ભૂજના સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી, ગોવિંદપ્રિયદાસજી, ભક્તિપ્રિયદાસજી આદિ ઘણા સંતો સ્વામી નિર્ગુણદાસજીનો સમાગમ કરતા ને તેમને ગુરુ માનતા, ને તેમના સમાગમથી અબજીબાપાશ્રીની અનાદિમુક્તની સ્થિતિ છે ને ત્રણે અવસ્થામાં મૂર્તિ દેખે છે ને મૂર્તિમાં રહ્યા થકા જ સર્વ ક્રિયા કરે છે આવો મહિમા જાણતા.

સં. ૧૯૪૮માં સદ્. સ્વામી નિર્ગુણદાસજીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો તેથી કચ્છમાંથી અનાદિમુક્ત અબજીભાઈશ્રી મોટા મોટા હરિભક્તને સાથે લઈને સ્વામીશ્રીનાં દર્શન કરવા શ્રીનગર આવ્યા હતા, ત્યારે પણ સ્વામીએ પોતાના મંડળના સંતોને તથા બીજા સંતોને તથા કચ્છના ને આ દેશના હરિભક્તને પોતાની પાસે બેસારીને વાત કરી હતી જે, 'હવે હું આ લોકમાંથી અદૃશ્ય થઈને મૂર્તિમાં રહીશ. માટે તમે સર્વે અ. મુ. અબજીભાઈનો સમાગમ કરજો. આ મુક્તને શ્રીજીમહારાજે સર્વના સુખને અર્થે અક્ષરધામમાંથી મોકલ્યા છે ને શ્રીજીમહારાજે આ મુક્તદ્વારે પોતાનું સુખ આપવાનો સંકલ્પ કર્યો છે, માટે આમના સમાગમથી શ્રીજીની મૂર્તિ મળે છે.'-એમ સ્વામીશ્રી સર્વેને ઘણી જ ભલામણ કરીને ધામમાં ગયા.

પછી તેઓ ઘણા સંત-હરિભક્ત અ. મુ. અબજીભાઈનો સમાગમ કરવા આવજા કરતા ને બાપાશ્રી પણ સર્વેને વચનામૃતમાંથી શ્રીજીમહારાજનો રહસ્ય સિદ્ધાંત સમજાવતા ને વાતો કરતા, તેમાં સર્વેને પોતપોતાના ધર્મની દૃઢતા કરાવતા ને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવતા. તેમ જ વચનામૃતમાં રહસ્યજ્ઞાન છે તેની વાતો વધારે કરતા. તેમ જ એકાંતિક, પરમએકાંતિક ને અનાદિમુક્તની સ્થિતિ સમજાવીને તેવી સ્થિતિમાં વર્તી શકે તેવા બળિયા પણ કરતા, તેથી તેવી સ્થિતિવાળા પણ ઘણા સંત-હરિભક્ત થયા. વળી ધ્યાન કરવાની તથા મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની વાતો સમજાવીને તેવી સ્થિતિ કેટલાકને કરાવી, ને કેટલાકને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર પણ કરાવ્યો હતો. એમ અનાદિમુક્ત બાપાશ્રીના સમાગમે કરીને ને તેમની કૃપાથી ઘણા જ મુમુક્ષુ તેવી સ્થિતિને પામીને મૂર્તિને સુખે સુખી થયા હતા.

હવે એવા અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ મોટા છ યજ્ઞ કર્યા તેનું કિંચિત્ વિવેચન :

(૧) સં. ૧૯૫૯ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ મંગળકારી યજ્ઞ કર્યો હતો ને તે યજ્ઞમાં 'સત્સંગિજીવન' તથા 'શિક્ષાપત્રી ભાષ્ય'નું પારાયણ બેસાર્યું હતું, તેમાં ભૂજના સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સર્વે સંતો તથા અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ તથા મૂળીથી સ્વામી બાલકૃષ્ણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ ઘણા સંતો આવ્યા હતા ને કચ્છદેશના નાના મોટા સર્વે હરિભક્ત આવ્યા હતા. તેમ જ ગુજરાત, ઝાલાવાડ આદિ દેશના પણ ઘણા જ હરિભક્ત આવ્યા હતા, અને તે મહામોટો યજ્ઞ શોભી રહ્યો હતો ને તેમાં આવેલા સર્વે ભક્તજનો અનાદિમુક્ત બાપાશ્રીનાં દર્શન-સમાગમનો તથા અરસપરસ સંત-હરિભક્તનાં દર્શન-સમાગમનો લાભ લઈને મૂર્તિનું સુખ ભોગવતા હતા. તે યજ્ઞની સભામાં સ્વામી અક્ષરજીવનદાસજી અને કોઈક દિવસ સ્વામી વૃંદાવનદાસજી શ્રીજીમહારાજના પ્રગટપણાની તથા તેમની મર્યાદા રાખવાની ને ત્યાગી સાધુને ધર્મામૃત પ્રમાણે વર્તવું-આવી વાતો કરતા. અને મોટા મુક્તના જોગે કરીને જેવું પ્રગટ શ્રીહરિના જોગમાં સુખ આવે, તેવું સુખ તે યજ્ઞમાં સર્વેને આવતું ને બાપાશ્રી તે યજ્ઞમાં સારાં ભોજન કરાવીને સર્વેને જમાડતા ને દર્શન-સમાગમનો લાભ આપતા. અને તે યજ્ઞમાં કથાના વક્તા મૂળીના સદ્. બ્રહ્મચારી બાળમુકુંદાનંદજી શાસ્ત્રી હતા.

(૨) સં. ૧૯૭૧ના ફાગણ માસમાં બાપાશ્રીએ મોટો યજ્ઞ પ્રારંભ્યો હતો ને શ્રીજીમહારાજની બેઠક જે કાળીતલાવડી-ત્યાં છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં હતાં ને આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપ્યા હતા. અને તે યજ્ઞમાં 'સત્સંગિજીવન'નું પારાયણ કરાવ્યું હતું ને ભૂજના સંતો તથા કચ્છના હરિભક્ત બાઈઓ-ભાઈઓ સર્વે આવ્યાં હતાં. અને અમદાવાદ, મૂળી, વડતાલ, ગઢપુર ને જૂનાગઢના સંતો તથા તે તે દેશના હરિભક્તો પણ ઘણા આવ્યા હતા ને તે યજ્ઞમાં શ્રીજીમહારાજે મુક્તશ્રીની પ્રીતિને વશ થઈને ઘણાં ઐશ્વર્ય-પ્રતાપ બતાવ્યાં હતાં. વળી તે યજ્ઞમાં શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દર્શન ઘણે ઠેકાણે એકીસાથે દિવ્યરૂપે થયાં હતાં, ને ઘીના ડબ્બા ખાલી કરીને રાખ્યા હતા-તે બાપાશ્રીએ ઘીના ભરેલા દેખાડ્યા ને તે ઘી યજ્ઞમાં વાપર્યું હતું. અને તે યજ્ઞમાં કથાના વક્તા શ્રીનગરના બ્ર. મુનીશ્વરાનંદજી અને મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી હતા.

(૩) સં. ૧૯૭૪ના અષાડ-શ્રાવણ માસમાં અ.મુ. બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. પછી સાજા થઈને છત્રીએ મોટો યજ્ઞ કર્યો હતો ને તેમાં 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર' નું પારાયણ કરાવ્યું હતું ને મૂળી-અમદાવાદના સંત-હરિભક્ત મંદવાડમાં બાપાશ્રીનાં દર્શન કરવા પ્રથમથી જ આવ્યા હતા ને કચ્છ-ભૂજના ને ફરતા ગામડાના સર્વે હરિભક્તને તેડાવ્યા હતા, ને તે યજ્ઞમાં સર્વેને આત્યંતિક મોક્ષનાં વરદાન આપ્યાં હતાં. અને સભામંડપ છત્રીના ચોકમાં રાખ્યો હતો ને છત્રીના પડખે ખેતરમાં પાકશાળા કરી હતી. અને કથાના વક્તા અમદાવાદના સદ્ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા ભૂજના બ્ર. નિર્ગુણાનંદજી હતા.

(૪) સં. ૧૯૭૮ના ચૈત્ર માસમાં અ. મુ. બાપાશ્રીએ કલ્યાણકારી મોટો યજ્ઞ આદર્યો હતો, તેમાં પ્રથમ કચ્છદેશના મોટા મોટા હરિભક્તને તેડાવીને મંદિરમાં સભા કરી હતી ને બાપાશ્રી તે સભામાં બેઠા હતા. પછી સર્વેને વાત કરી જે, "શ્રી સ્વામિનારાયણ ભગવાને અમને જીવોનો મોક્ષ કરવા મોકલ્યા છે ને અમને એમ કહ્યું છે જે, 'જેમ ઘણા જીવનો મોક્ષ થાય તેમ કરશો. તેથી આ યજ્ઞ કરવો છે, તેમાં સર્વે આવજો ને હજારો સંત-હરિભક્ત આવશે, તેમની સેવા-સમાગમનો લાભ લેજો ને આ યજ્ઞની જે પ્રસાદી જમશે, સેવા કરશે તેનો શ્રીજીમહારાજ મોક્ષ કરશે' -એમ અમે શ્રીજીમહારાજની સમક્ષ સંકલ્પ કર્યો છે. અને અમે તમારી નાતના કણબી નથી; કોઈના બાપ-દીકરા નથી; અમે તો શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં લીન રહીએ છીએ ને તેમના સંકલ્પથી આવ્યા છીએ. અને જે વાતો તથા યજ્ઞ કરીએ છીએ તે કાંઈ મોટા થવા નથી કરતા પણ શ્રીજીમહારાજનો સંકલ્પ છે, તેથી શ્રીજીમહારાજ આ મુક્તદ્વારે કરે છે; અમે તો સદાય મૂર્તિમાં સુખ ભોગવીએ છીએ.

પછી તે સર્વે હરિભક્ત બાપાશ્રીને હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે અનાદિ મુક્તરાજશ્રી ! આપ અમારા ઉપર કેવળ કૃપા કરીને આવી સેવાનો લાભ આપો છો તેથી અમારાં પણ મોટાં ભાગ્ય છે; અમે આપ જેમ આજ્ઞા કરશો તેવી રીતે યજ્ઞની સેવા કરશું. પછી બાપાશ્રીએ રાજી થઈને મહા જ્ઞાનમય યજ્ઞ ચાલુ કર્યો, તેમાં યજ્ઞની સર્વે સામગ્રી પ્રથમથી જ ભેગી કરી રાખી હતી. તેમ જ સભામંડપ ને સંત-હરિભક્તનાં રસોડાં વગેરેની સગવડ કરી હતી અને દેશદેશાંતરથી સંત-હરિભક્તને કંકોત્રી લખીને તેડાવ્યા હતા, ને ભૂજના સંતો તથા કચ્છદેશના હરિભક્તો નાનાં-મોટાં બાઈઓ-ભાઈઓ સર્વે આવ્યા હતા ને મૂળી, અમદાવાદ, ગઢપુર ને વડતાલના સંતો તથા તે તે દેશના હરિભક્તો પણ ઘણા આવ્યા હતા, ને સભામંડપમાં મહા મોટી સભા બેસતી. અને બાપાશ્રી પણ તે સભામાં બેસતા ને સત્સંગિજીવનનું પારાયણ વંચાતું, ને બાપાશ્રી તથા સંતો અહોનિશ કથાવાર્તારૂપી જ્ઞાનયજ્ઞ કરતા. અને સર્વે સંત-હરિભક્તને જમાડવાની સરભરા પણ બાપાશ્રી કરાવતા ને તે યજ્ઞમાં છત્રીએ હનુમાનજીની પ્રતિષ્ઠા ને છત્રીની જાગીર ને કૂવાનું ભર્યું કર્યું હતું, અને આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે-એમ આશીર્વાદ આપ્યો હતો. આવા તે યજ્ઞમાં જે જે આવ્યા તે સર્વે મોક્ષભાગી થયાં; કેમ જે મુક્તદ્વારે મોક્ષ કરવાનો શ્રીજીનો સંકલ્પ છે. અને તે યજ્ઞમાં કથાના વક્તા શ્રીનગરના મુનિ કેશવપ્રિયદાસજી ને ભૂજના પુ. ઉત્તમપ્રિયદાસજી હતા.

(૫) સં. ૧૯૮૨માં પણ અક્ષોતેરના જેવો જ મોટો બ્રહ્મયજ્ઞ કર્યો હતો ને સંત-હરિભક્તને ઘણાં જ સુખ આપ્યાં હતાં, ને ઘણા સંત-હરિભક્તને શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દિવ્યરૂપે દર્શન થયાં હતાં. ને તે યજ્ઞમાં પણ સત્સંગિજીવનનું જ પારાયણ બેસાર્યું હતું, અને કથાના વક્તા પણ મુનિસ્વામી તથા પુ. ઉત્તમપ્રિયાદસજી જ હતા.

(૬) સં. ૧૯૮૪ની સાલમાં બાપાશ્રીએ આસો-કાર્તિક માસમાં સદ્‌ગુરુ વગેરે સંતોને વૃષપુરમાં રાખીને ઘણાં જ સુખ આપ્યાં હતાં. પછી સદ્‌ગુરુ આદિ સંતોને દેશમાં મોકલ્યા. પછી

બાપાશ્રીએ એમ સંકલ્પ કર્યો જે, 'છેલ્લો યજ્ઞ કરીને તેમાં સર્વે સંત-હરિભક્તને તેડાવવા ને સર્વેને દર્શન-સમાગમનું સુખ આપી સર્વના મનોરથ પૂરા કરવા ને પછી આ લોકમાંથી મનુષ્ય-સ્વરૂપે અદૃશ્ય થઈને દિવ્યદેહે શ્રીજીમહારાજ ભેળા રહેવું'-એમ સંકલ્પ કરીને તે વાત સર્વેને જણાવી. પછી મોટો કથાયજ્ઞ આરંભ્યો. અને સર્વેને કહ્યું કે, 'આ અમારો છેલ્લો યજ્ઞ છે, તેમાં સર્વેને સમાગમનું અઢળક સુખ આપવું છે; પછી અમે અક્ષરધામમાં જઈને બેસશું.' -એમ સર્વેને કહીન પછી 'સત્સગિજ્જીવન'નું પારાયણ બેસાડ્યું હતું. તે યજ્ઞમાં પણ કથાના વક્તા પુરાણી કેશવપ્રિયદાસજી તથા ઉત્તમપ્રિયદાસજી જ હતા અને તેઓ સર્વેને કથામૃતનું પાન કરાવતા. ને તે યજ્ઞમાં દેશદેશાંતરથી સર્વે સંત-હરિભક્તને તેડાવ્યા હતા ને દર્શન-સેવાસમાગમનો લાભ આપીને સર્વના મનોરથ પૂરા કર્યા. પછી યજ્ઞની સમાપ્તિ કરીને સર્વને પોતપોતાને સ્થાને મોકલ્યા અને સદ્‌ગુરુ આદિ સંતમંડળને સમાગમનું સુખ દેવા સારુ રાખ્યા હતા ને પછી કેટલાક દિવસ સમાગમનુ સુખ આપીને તેમને પણ દેશમાં મોકલ્યા.

ત્યાર પછી ભૂજ તથા માધાપુર જઈને ત્યાંના હરિભક્તના મનોરથ પૂરા કર્યા. પછી વૃષપુર આવીને સર્વે મોટા મોટા હરિભક્તને તથા પોતાના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈ આદિ સર્વે કુટુંબને ભગવાન ભજવાની ને સુખ-દુઃખમાં ન લેવાવાની ભલામણ કરી ને પોતાને અંતર્ધાન થવાની વાત જણાવી, એટલે સર્વે અતિ દિલગીર થયા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હું શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યો છું ને શ્રીજીમહારાજની સાથે હું તમારા ભેળો રહીશ ને રક્ષા કરીશ, ને તેમને પણ સર્વેને મૂર્તિમાં રાખ્યા છે ને અંતે મૂર્તિનું સુખ ભોગવાવીશ.'-એમ કહીને સર્વેને કેવળ કૃપાથી પોતાનું સામર્થ્ય આપી મૂર્તિમાં જોડીને શાંતિ પમાડ્યા. પછી થોડા દિવસમાં અંતર્ધાન-લીલા કરી. એવી રીતે બાપાશ્રીએ શ્રીજીમહારાજના આશ્રિતને ૮૩ વર્ષ, ૭ માસ ને ૨૪ દિવસ સુખ આપી સં. ૧૯૮૪ના અષાડ સુદ પાંચમ ન દિવસે પોતે દેહોત્સર્ગ-લીલા કરી. ત્યાર પછી સર્વે ભક્તજન બાપાશ્રીના પ્રભાવથી સુખ-શાંતિમાં કથાવાર્તા, કીર્તન, ધ્યાન-ભજન કરીને મૂર્તિના સુખે સુખી રહેતા.

૧૫ : ગ્રંથ-સહાયકો

આ પુસ્તક લખવામાં તથા શોધવામાં મારા સાધુ નિત્યમુક્તદાસે ઘણો પ્રયાસ કર્યો છે. તેમ જ આ પુસ્તકનું સંશોધન કરવામાં શેઠશ્રી હીરજીભાઈ ભીમજીભાઈ ચાવડા તથા ગજજર બહેચરભાઈ શંકરભાઈ તથા માસ્તર કેશવલાલભાઈએ પણ અમૂલ્ય સેવા બજાવી છે, માટે શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા સર્વે સંત-હરિભક્ત તેમના ઉપર પ્રસન્ન થાઓ ને તેમનો આત્યંતિક મોક્ષ થાઓ.

લિ. પુરાણી સાધુ કેશવપ્રિયદાસ

ગ્રંથ લખવાનો હેતુ

આ અબજીબાપાશ્રીના જીવનવૃત્તાંતનો સંગ્રહ કરનાર સ્વામી કેશવપ્રિયદાસજી તે સદ્. સ્વામી મોરલીમનોહરદાસજીના શિષ્ય છે અને તેમને સં. ૧૯૫૧ના ચૈત્ર સુદ હરિનવમીના દિવસ ધ. ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે દીક્ષા આપી હતી. પછી તેમણે પોતાના ગુરુને સેવાએ કરીને રાજી કર્યા ને તેઓ ગુરુકૃપાથી સાધારણ વિદ્યાભ્યાસ કરીને ધ્યાન-ભજન કરતા, પણ તેમના અંતરમાં ધ્યાન કરીને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરવાની પ્રબળ ઈચ્છા રહ્યા કરતી. તેમ જ તેમના પરમ સ્નેહી મિત્ર પૂ. સ્વામી હરિપ્રસાદદાસજીને પણ ધ્યાન કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવાની પ્રબળ ઈચ્છા હતી. પછી તેઓ બંને પોતાના ગુરુની સેવા કરતા ને સદ્. સ્વામી વૃંદાવનદાસજીનો સમાગમ કરતા. તેથી સ્વામીએ તેમના અંતરનો અભિપ્રાય જાણીને કહ્યું જે, 'અનાદિમુક્ત અબજીભાઈ જેના ઉપર રાજી થાય છે તેને શ્રીજીમહારાજ દર્શન આપે છે ને જે તેમને રાજી કરીને ધ્યાનનો અભ્યાસ કરે, તેને પણ તેમની કૃપાથી મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે.' ત્યારથી તે બંને સંતો બાપાશ્રીનો સમાગમ કરવા દર વર્ષે કચ્છમાં વૃષપુર જતા.

તેમાં કોઈક વખત[૧] પૂ. સ્વામી કેશવપ્રિયદાસજી બાપાશ્રીનો સમાગમ કરીને હળવદ આવ્યા ને રાત્રીએ એમને સ્વપ્નમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને સાથે બાપાશ્રીનાં પણ દર્શન થયાં, તેમાં શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજનાં કિરણો છૂટે છે ને મૂર્તિ અતિશય રૂપાળી છે, ને બાપાશ્રી તો મનુષ્યરૂપે હતા તેવા જ દેખાયા. પછી બાપાશ્રી શ્રીજીમહારાજમાં લીન થઈ ગયા ને શ્રીજીમહારાજ પણ અંતર્ધાન થયા ને મુનિ કેશવપ્રિયદાસજી જાગી ગયા, ત્યારે પણ સ્મૃતિ તેવી જ રહી, ને જ્યારે ધ્યાન કરે ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં ચિત્તનો નિરોધ થઈ જાય ને બીજી ક્રિયામાં પણ મૂર્તિમાં વૃત્તિ રહેવા લાગી અને મૂર્તિનું સુખ પણ આવવા લાગ્યું, તેથી અ. મુ. બાપાશ્રીનો મહિમા ને દિવ્યભાવ સમજાયો ને બાપાશ્રીમાં આત્મબુદ્ધિ પણ થઈ ગઈ.

સં. ૧૯૭૩માં પૂ. સ્વામી કેશવપ્રિયદાસજીના ગુરુ દેહ મેલીને ધામમાં ગયા ને તે જ વર્ષમાં હરિનવમીના સમૈયે ભૂજના સ્વામી વિજ્ઞાનદાસજી આવ્યા હતા. તેમણે સ્વામી કેશવપ્રિયદાસજીને કહ્યું કે, 'તમારા ગુરુ ધામમાં ગયા છે, તો તમે ભૂજમંદિરમાં ચાતુર્માસમાં કથા વાંચવા આવો ને બાપાશ્રીનો જોગસમાગમ કરવા પણ વૃષપુર જજો.' ત્યારે તે વાત સદ્. સ્વામી કેશવપ્રિયદાસજીને સારી લાગી, તેથી તેઓ તેમની સાથે ભૂજ આવ્યા ને ચોમાસામાં ભૂજમંદિરમાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા વાંચી અને બાપાશ્રી પણ ભૂજમંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા હતા, તેથી સ્વામી કેશવપ્રિયદાસજીને બાપાશ્રીનાં દર્શન-સેવા-સમાગમનો લાભ મળ્યો ને બાપાશ્રી તથા સર્વે સંત-હરિભક્ત તેમના ઉપર બહુ રાજી થયા. અને બાપાશ્રી ભૂજમંદિરમાં ઘણી વખત આવજા કરતા ને સ્વામી કેશવપ્રિયદાસજી પણ બાપાશ્રીનો સમાગમ કરવા ઘણીવાર વૃષપુર જતા ને બાપાશ્રીએ તેમના ભગવાન સબંધી સર્વે મનોરથ પૂરા કર્યા. અને સ્વામી કેશવપ્રિયદાસજીએ પણ બાપાશ્રીના જે જે ઐશ્વર્ય તથા પ્રતાપાદિક જોયા, સાંભળ્યા તથા તેમની વાતો જે જે સાંભળવામાં આવી તે

૧ સં. ૧૯૫૬માં બાપાશ્રી જ્યારે છપૈયે જતા હતા ત્યારે જયપુરમાં પ્રથમ મેળાપ થયો હતો, ત્યાર પછીની આ પ૭ની સાલની વાત છે.

સર્વે લખી રાખ્યું, પછી તેમાંથી બાપાશ્રીના જીવનવૃત્તાંતનું પુસ્તક રચીને સ્મૃતિને અર્થે પોતાની પાસે રાખ્યું હતું

પછી કોઈક સમયે ભૂજ-મંદિરમાં સદ્‌ગુરુ આદિ સંત-હરિભક્તની સભામાં બાપાશ્રી વિરાજમાન હતા, તે સમયે સ્વામી કેશવપ્રિયદાસજીએ આ 'જીવનવૃત્તાંત'નું પુસ્તક બાપાશ્રીના હસ્તમાં આપ્યું ને બાપાશ્રીની પાસે પ્રમાણ ને પ્રસન્નતા તથા આશીર્વાદ માગ્યા. ત્યારે બાપાશ્રીએ થોડું વંચાવીને પ્રસન્નતા જણાવી ને પોતાની સહી કરી આપી ને ચંદનથી પૂજા કરી. અને આશીર્વાદ આપ્યા જે, 'આ જીવનવૃત્તાંત વાંચશે-સાંભળશે, તેનાં દુઃખ, દારિદ્રયને રોગ જશે અને સુખ, શાંતિ ને સમૃદ્ધિને પામશે ને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થાશે. અને શ્રીજીમહારાજની કૃપાથી એકાંતિક, પરમએકાંતિક અને અનાદિમુક્ત થઈને શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા થશે.'-એમ આશીર્વાદ આપીને પુસ્તક પૂ. મુનિસ્વામીને પાછું આપ્યું ને એમણે પોતાની પાસે રાખ્યું ને બાપાશ્રી અંતર્ધાન થયા પછી તેઓ અમદાવાદ આવીને રહ્યા હતા. તે વખતે મુક્તરાજ સોમચંદભાઈએ બાપાશ્રીનું જીવનચરિત્ર લખવાનું કર્યું, ત્યારે તેમણે આ જ બાપાશ્રીના જીવનવૃત્તાંતમાંથી કેટલીક વાતો લખી લીધી, તે ઉપરાંત બાપાશ્રીના જોગમાં આવેલા સંત-હરિભક્તને પૂછીને બીજી પણ કેટલીક વાતો લખીને મોટું જીવનચરિત્ર રચીને બહાર પાડ્યું. પછી સ્વામી કેશવપ્રિયદાસજીને બાપાશ્રીના જીવનવૃત્તાંતને પ્રકાશ કરવાની જરૂરિયાત જણાઈ નહિ. ત્યાર પછી તેઓ પાછા હરિભક્તના આગ્રહને લીધે થોડા દિવસ કથાવાર્તા કરવા માટે કચ્છમાં આવ્યા હતા. તે વખતે મેં (ગોપાળજી કાનજીએ) સ્વામી કેશવપ્રિયદાસજીને કહ્યું જે, 'મારા પિતા અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા થયા છે તેમની સ્મૃતિને અર્થે, તથા શ્રીજીમહારાજ ને બાપાશ્રીની પ્રસન્નતાને અર્થે તમારી પાસે જે બાપાશ્રીના જીવનવૃત્તાંત નામનું પુસ્તક છે, તે પ્રકાશ કરવાની મારી ઈચ્છા છે. પછી તે વાતની કરસન હરજી આદિ હરિભક્તને ખબર પડી, ત્યારે તેઓએ પણ તે પુસ્તક પ્રકાશ કરવાની સ્વામી પાસે ઘણી જ વિનંતી કરી.

વળી આ જીવનવૃત્તાંતમાં બાપાશ્રીના આશીર્વાદથી એવાં બાપાશ્રીનાં ચમત્કારી વચનો ને ચારિત્ર્યો લખવામાં આવ્યાં છે : કે જેનું શ્રવણ-મનન કરવાથી જ આત્યંતિક પ્રલયનું ઉપશમ ને શ્રીહરિમાં ચિત્તનો નિરોધ થાય છે, અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું ને અનાદિમુક્તની સ્થિતિ ને સ્વામી-સેવકભાવ, તે જેમ દર્પણમાં મુખ દેખાય છે તેમ જ દેખાઈ આવે છે, તેથી સ્વામી કેશવપ્રિયદાસજીએ આ પુસ્તક પ્રકાશ કરવાની સંમતિ આપી. પછી તેઓ થોડા દિવસ કચ્છમાં રહીને ગુજરાત તરફ પધાર્યા.

ત્યાર પછી પાટડીના શેઠશ્રી ગોપાળજી કાળિદાસ તથા મોહનલાલ કાળિદાસ તથા કાન્તિલાલ કાળિદાસ તેમણે આ પુસ્તક છપાવવાની ગોઠવણ કરવામાં અમૂલ્ય મદદ કરી. આવી રીતે આ પુસ્તક સ્વામીશ્રી કેશવપ્રિયદાસજીની સન્નિધિમાં જ છપાવીને બહાર પાડવામાં આવ્યું છે. એ જ વિજ્ઞપ્તિ.

લિ. શ્રીજીમહારાજ ને બાપાશ્રીના દાસાનુદાસ સેવક

પટેલ ગોપાળજી કાનજી કચ્છ-બળદિયાવાળાના જય શ્રી સ્વામિનારાયણ

વિષયાનુક્રમણિકા

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૧	મંગળાચરણ, તેમાં શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા સંત-હરિભક્તોની સ્તુતિ.....	૧
૨	શ્રીજીમહારાજના સંકલ્પમૂર્તિ એવા અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીનું પ્રકટ થવાનું કારણ...	૯
૩	અનાદિમુક્ત જેવી રીતે અને જે દેશ, જે ગામ ને જે કુળમાં પ્રગટ થયા તેનો કિંચિત્ ઉલ્લેખ.....	૧૩
૪	મુક્તરાજનો પ્રાદુર્ભાવ સં. ૧૯૦૧ કા. સુ. ૧૧ને સોમવાર, સર્વત્ર મંગળ, બે મહિના સ્તનપાન કર્યા વિના રહ્યા તથા અચ્યુતદાસજીસ્વામીએ મુક્તશ્રીને વર્તમાન ધરાવી નામ પાડ્યું, તેમના ગુણ કહ્યા ને નામનો અર્થ કર્યો વગેરે.....	૧૫
૫	બાળચરિત્ર, ભારેભારે ચમત્કાર, વિદ્યાભ્યાસ તથા દિવ્યં ઉપદેશ.....	૧૮
૬	પર્વતભાઈના દૃષ્ટાંતે અનાદિમુક્તનો મહિમા ને કિશોર અવસ્થાની લીલા, તેમાં લખાઈવાડીના કૂવે તથા કાળીતલાવડીએ ચમત્કારી સ્નાન ને નદીની રેતીમાં સખા સાથે ચમત્કારી રમત	૨૧
૭	સગપણ તથા વિવાહ ને તેમાં શ્રીજીમહારાજનાં દિવ્ય અલૌકિક દર્શન.....	૨૫
૮	અનાદિમુક્ત અબજીભાઈનો ગૃહસ્થાશ્રમ, લોકનાથાનંદસ્વામીનું આગમન, સૂરજબાનો મેળાપ, દિવ્ય ઉપદેશ ને કરાંચીનું ચરિત્ર	૨૭
૯	નિર્ગુણદાસજીસ્વામી ને બાપાશ્રી તથા લક્ષ્મીરામભાઈનો ભૂજમાં મેળાપ, ઉપાસનાની ને અનાદિમુક્તના મહિમાની વાતો ને મુક્તશ્રીને યજ્ઞોપવીત વગેરે.....	૩૦
૧૦	નિર્ગુણદાસજીસ્વામી વૃષપુર આવી અમદાવાદ પધાર્યા, તે સમે મુક્તશ્રી બહુવાર સમાધિમાં જતા, મૂર્તિમાં રહીને કોસ હાંકવાની લીલા ને તેમને પુત્રનો જન્મ વગેરે.....	૩૩
૧૧	સં. ૧૯૩૦માં ભૂજનો સભામંડપ કરવા નિર્ગુણદાસજીસ્વામીને આમંત્રણ, વૃષપુરમાં કથાવાર્તાનો અખાડો, ને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના ઐશ્વર્યાવેશ અવતાર, મુક્તાવતાર ને સંકલ્પાવતારનું નિરુપણ	૩૫
૧૨	નિર્ગુણદાસજીસ્વામીએ ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી પાસેથી સાંભળેલી મહારાજના મહિમાની વાતો.....	૪૩
૧૩	નિર્ગુણદાસજીસ્વામીએ ગોપાળાનંદસ્વામી થકી સાંભળેલી અનાદિમુક્તની સ્થિતિની વાત....	૪૫
૧૪	બાપાશ્રીનાં પુત્ર-પુત્રીઓના ગુણનું નિરુપણ ને તેમનાં માતાપિતાની દિવ્યગતિ વગેરે.....	૫૦
૧૫	સં. ૧૯૪૨માં મુક્તશ્રી ૬૦૦ માણસનો સંઘ લઈને યાત્રા કરવા નીકળ્યા, કાજરડાની સીમમાં તથા મૂળીમાં સમાધિ ને જેતલપુરમાં ધ્રુવાનંદસ્વામીએ દેહ મેલ્યો તે સમે ચંદનપુષ્પની વૃષ્ટિ	૫૪
૧૬	મુક્તશ્રીનું શ્રીનગરમાં સંઘ સહિત આગમન, શ્રીજીમહારાજે દિવ્યરૂપે સંત-હરિભક્તને જમાડ્યા, મુક્તશ્રીનું દિવ્ય તેજોમય દર્શન ને નિર્ગુણદાસજીસ્વામીએ કહેલું મુક્તશ્રીનું પ્રગટપણું વગેરે.....	૬૦

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૧૭	મુક્તશ્રીનું વડતાલ-આગમન, સંતોને શિક્ષાવચન, ગોપાળલાલભાઈને શ્રીજીમહારાજનાં દિવ્યદર્શન ને સંઘ સહિત ગઢપુર આદિ તીર્થમાં ફરી મુક્તશ્રીનું વૃષપુર-આગમન .	૬૪
૧૮	શ્રીજીનો મહિમા, વૃષપુરમાં મંદિર કરવા સ્વામી અક્ષરજીવનદાસજીનું આગમન, માંડવીમાં તથા વૃષપુરમાં મુક્તશ્રીને સમાધિ, મૂળીમાં તત્ત્વજ્ઞાનની વાતો ને ત્યાં પણ સમાધિ સં. ૧૯૪૪	૬૬
૧૯	અગત્રાઈ-બ્રહ્મયજ્ઞ, નિર્ગુણદાસજીસ્વામી ને મુક્તશ્રીના મંદવાડની લીલા સં. ૧૯૪૮, તેમાં મુક્તશ્રીને મહારાજનાં દિવ્યદર્શન, મોક્ષ કરવાની ભલામણ ને તેમનું અમદાવાદ-આગમન વગેરે	૭૧
૨૦	મુક્તશ્રીનો સમાગમ કરવાની છેલ્લી ભલામણ, ૧૨ કલાકની સમાધિ ને તેમની મેળવેલી રજા, ઈશ્વરચરણદાસજીસ્વામી પર પ્રસન્નતા, હિતોપદેશ તથા શિક્ષાવચન ને સ્વામીશ્રીનું અંતર્ધાનપણું સં. ૧૯૪૮ -આસો વ. ૧	૭૭
૨૧	બાપાશ્રીનો સમાગમ ને તેમનું મૂળી-ઉપરદળ થઈ ધોળકે ગમન-ત્યાં સ્વામીને પ્રથમ મેળાપ સં. ૧૯૫૧, આચાર્યશ્રીનું કચ્છગમન ને તેમનો પૂર્ણ થયેલો મનોરથ, ધ્યાન કરવાની આજ્ઞા ને માંડવીમાં રામકૃષ્ણભાઈની આજીજી વગેરે	૮૦
૨૨	સં. ૧૯૫૬માં યાત્રાએ જતાં વહાણથકી રક્ષા, મૂળી-ઉપરદળ થઈ છપૈયે ગમન, દેવ દર્શને આવ્યા, પ્રેમજીનો સંકલ્પ સત્ય કર્યો, પ્લેગમાં કાકરવાડીએ નિવાસ, પુરમાં પ્રવેશ ને દિવ્યદર્શન વગેરે	૮૫
૨૩	સં. ૧૯૫૯માં વૃષપુરમાં મહામોટો યજ્ઞ ને સંત-હરિભક્તને આનંદોત્સવ	૯૦
૨૪	યજ્ઞ-અવશેષ કથા, તેમાં ભૂજમંદિરમાં ભેટ ને પુત્રે સહિત મુક્તશ્રીનું સન્માન, સંત-હરિભક્તોએ કરેલી બાપાશ્રીની પૂજા, જમતાં સર્વેને સ્વાદ ને ભારેભારે ચમત્કાર	૯૪
૨૫	રામપુર-યજ્ઞમાં તથા ભૂજમંદિરનાં કળશ ચઢાવ્યા-તેમાં સદ્‌ગુરુ સહિત બાપાશ્રીનું ગમન, સં. ૧૯૬૨માં મોટા સ્વામીને વાતો લખવાની આજ્ઞા, સંતમંડળ સહિત કેરાની નદીમાં અદ્‌ભુત લીલા ને મોક્ષના વર વગેરે	૯૬
૨૬	ભૂજ-ધર્મામૃતની કથા, સમાધાન સારુ મૂળી-શ્રીનગરમાં આગમન, સદ્‌ગુરુને દિવ્યદર્શન ને તેમની સાથે પ્રશ્નોત્તર, ભૂજ-છત્રીએ ચરણારવિંદપ્રતિષ્ઠા ને સ્વામી અક્ષરજીવનદાસનું અંતર્ધાનપણું સં. ૧૯૬૫ ફા. સુ. ૨ ને બ્રહ્મચારીને સ્વામીના વિરહનો શોક	૧૦૦
૨૭	કુંવરજીભાઈ તથા જાદવજીભાઈની દિવ્યગતિ, પૂ. આચાર્યશ્રીને આમંત્રણ, મુનિને અલૌકિક મહિમા, બળદેશ્વર મહાદેવ આગળ લીલા, ભૂજ-શ્રીઘનશ્યામ મહારાજ ને રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા સં. ૧૯૬૭-ચૈ. વ. ૭ ને સમૈયાનું વિવેચન	૧૦૩
૨૮	સં. ૧૯૬૮માં સંતદાસજીની દિવ્યગતિ, બાપાશ્રીના પુત્રનું છપૈયે ગમન, સદ્‌ગુરુનું આગમન, રામપુર-કથાયજ્ઞ, ગંગાએ ગ્રહણ, કેરાની નદીમાં સ્નાન, દિવ્ય લીલા-ઉપદેશ ને વૃષપુરમાં ચમત્કારી વાતો	૧૦૭

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૨૯	બાપાશ્રી ભોજન જમ્યા, સંતોને દંડવત્, કાકરવાડીએ સ્નાન ને શિક્ષાવચન, કેરામાં પ્રતિષ્ઠા, નદીના ધરામાં લીલા ને આશીર્વાદ, મનજીની વાડીમાં પણ આશીર્વાદ ને અલૌકિક વાતો	૧૧૦
૩૦	સંતને અર્થે સીધુંસામાન, સભાનો મહિમા, ત્યાગ, વૈરાગ્ય, વિષયખંડન, આત્મનિષ્ઠા ને મૂર્તિમાં જોડાવાની વાતો-તે ઉપર બ્રાહ્મણ તથા શુકજીનું દૃષ્ટાંત	૧૧૪
૩૧	વૃષપુરમાં સંતોનો મોટો સમૂહ, માફી માગી ને માફી આપી, હરિભક્તની સ્તુતિ ને આશીર્વાદ, નારાયણપુર-ગમન, કેરી તથા પોંક જમાડ્યો, ને સંતોની વિદાયગીરી	૧૧૬
૩૨	બ્રહ્મચારીને અનાદિમુક્તની સ્થિતિના અનુભવ ને તેમની પ્રશંસા, ટાઢાનું ચરિત્ર, દિવ્યદર્શન, ને ભૂજ તથા ગુજરાતના સંતો દર્શને આવ્યા તેમને ધીરજતાનાં વચનો.....	૧૧૯
૩૩	દિવ્યદર્શન થયાથી મુનિ આદિ પાંચ સંતનું પગપાળા વૃષપુર-ગમન, ચમત્કારી વાતો ને તેમને આપેલી પ્રસાદીની કેરીઓ તથા તેઓની સ્તુતિ ને શિક્ષાએ સહિત આશીર્વાદ	૧૨૩
૩૪	તીર્થમાં ગ્રહણ કરવાની આજ્ઞા, સં. ૧૯૬૯માં કંકુબાના પારાયણમાં અમદાવાદ આગમન, સ્વામી હરિનારાયણદાસજીની પીડા મટાડી ને દેવપરામાં મૂર્તિપ્રતિષ્ઠા ને પારાયણ વગેરે	૧૨૬
૩૫	સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતને પત્ર, ભૂજ જતાં ઘોડીએથી પતન, સદ્‌ગુરુ આદિ ઘણા સંત–હરિભક્ત સમાગમ કરવા આવ્યા ને અતિશય ઠંડી નિમિત્તે ઉપદેશ વગેરે.....	૧૨૯
૩૬	વચનામૃતની પ્રશંસા, ત્યાગીના ધર્મની વાતો, રામપુર-કથાયજ્ઞ ને આચાર્યશ્રીનો તાર, ભારાસર-પારાયણ ને મૂર્તિપ્રતિષ્ઠા, વૃષપુરમાં કરેલી છત્રી, ભૂતનો મોક્ષ ને યજ્ઞનો સંકલ્પ	૧૩૩
૩૭	સં. ૧૯૭૧ના યજ્ઞનો પ્રારંભ-તે નિમિત્તે ગામેગામ કંકોત્રીઓ ને દેશ-વિદેશના ઘણા સંત–હરિભક્તનું આગમન, કથાનું પૂજન, દિવ્યદર્શન ને સભાનું તથા જમવા વગેરેનું કિંચિત્ વર્ણન	૧૩૬
૩૮	બાપાશ્રીના સ્વરૂપનું વર્ણન, બ્ર. કરુણાનંદજીને દિવ્યદર્શન, પાકશાળાનું વિવેચન, ચોવીસીમાં પુનઃ કંકોત્રી, જમવાની શિષ્ટતા ને પાલખીની અદ્‌ભુત શોભા	૧૩૯
૩૯	પરભાવનું વર્ણન, યજ્ઞમાં ભૂજ-ઠાકોરજીને ભેટ, પૂજા-આરતી, કથાની સમાપ્તિ, સંતને વસ્ત્ર, કાળીતલાવડી પર છત્રીએ ચરણારવિંદપ્રતિષ્ઠા સં. ૧૯૭૧-ચૈ. સુ.૩ ને મોક્ષના વર ત્થા સર્વને બ્રહ્મભોજન વગેરે	૧૪૨
૪૦	સ્તુતિ ને શિક્ષાએ સહિત આશીર્વાદ, ભક્તજનોનાં લક્ષણ ને નામનિર્દેશ, દિવ્યદર્શન, સાંખ્યયોગી બાઈઓનાં લક્ષણ, સાંખ્યયોગી- કર્મયોગી બાઈઓનાં નામ ને ઐશ્વર્ય-ચમત્કાર	૧૪૬

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૪૧	સુખપુર-મૂર્તિપ્રતિષ્ઠા, ભૂજગમન, અજબ વર્ણન, સદ્‌ગુરુનું આગમન, કૃષ્ણકેશવદાસજીની દિવ્યગતિ, ભારેભારે ઉપદેશ ને પોતાનો મહિમા વગેરે	૧૫૦
૪૨	પ્રથમના ૬૩ના વચનામૃતનું વિવેચન-ને ભારેભારે વાતો	૧૫૩
૪૩	સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિકની વાતો	૧૫૬
૪૪	બાપાશ્રીને બે પત્રો, સદ્‌ગુરુનું કચ્છગમન ને ગુજરાતમાં આવવા વિનંતિ, રામપુર-કથાયજ્ઞ, બ્રહ્મચારીની વિનંતિ ને તેમની પ્રશંસા ને કલ્યાણસિંહજીને મૂર્તિનો સાક્ષાત્કાર વગેરે	૧૫૯
૪૫	સં. ૧૯૭૨માં છપૈયે જતાં મૂળી-નિવાસ, મેઘાભાઈનો સંકલ્પ સત્ય કર્યો, ચમત્કારી વાતો, પાટડીમાં મૂર્તિપ્રતિષ્ઠા, અદ્‌ભુત ચમત્કાર,મોક્ષના વર ને સરસપુર-ગમન	૧૬૩
૪૬	જેતલપુરમાં લીલા, અલૌકિક વાતો, દેવસરોવર પર છત્રીએ ચરણારવિંદપ્રતિષ્ઠા, છપૈયે ગમન– ત્યાં શ્રીઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા સં. ૧૯૭૨-ચૈ. વ. ૯ ને મૂળીમાં સ્વામી હરિનારાયણદાસજીની પ્રશંસા વગેરે	૧૬૭
૪૭	સં. ૧૯૭૩માં સદ્‌ગુરુનું કચ્છગમન, કુંભારિયે યજ્ઞમાં વરસાદના વિઘ્નથકી રક્ષા, ડાહ્યાભાઈને આયુષ્ય વિના ત્રણ વર્ષ રાખ્યા, કેરી–નિમિત્તે ઉપદેશ ને ચરણારવિંદ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા વગેરે	૧૭૦
૪૮	શ્રીજીનું વર્ણન, બાપાશ્રીની પ્રેરણાથી મુનિસ્વામીનો ભૂજનિવાસ સં. ૧૯૭૩, હિંડોળામાં ભૂજગમન, ઘોડીનું ચરિત્ર, રામપુર-કથાયજ્ઞ ને મુનિને બે મહિના સમાગમનું સુખ	૧૭૪
૪૯	ધનુબાની કથામાં ભૂજગમન, મુનિને આશીર્વાદ, રમૂજી વચનો, ભગવત્‌સ્વરૂપદાસજીનો પત્ર ને પ્રત્યુત્તર, ને સામત્રા કથાયજ્ઞ વગેરે	૧૭૭
૫૦	ધર્મ સંબંધી વાતો, ૫૦૦ પરમહંસની રસોઈ ૪ સદ્‌ગુરુ જમ્યા, કેરીની રસોઈ, પૂજાવિધિ ને આશીર્વાદ, નવીવાડીના ડેલામાં લીલા ને અલૌકિક વાતો વગેરે	૧૮૦
૫૧	નિત્યનિયમ, રસનાનો નિષેધ, છત્રીએ સમૂહપારાયણ ને રસોઈ તથા નારાયણપુર – ગમન ને સંતની વિદાયગીરી	૧૮૪
૫૨	સં. ૧૯૭૪માં સર્વેને સેવાનું સુખ દેવા બાપાશ્રીએ ગ્રહણ કરેલો મોટો મંદવાડ ને ઘણા સંત-હરિભક્તનું આગમન	૧૮૬
૫૩	મિલકતની વ્યવસ્થા ને છેલ્લી ભલામણ, ધનુબા ને કેસરાભાઈની સ્તુતિ, વિરહવચનો ને સંતોની દિલગીરી, સ્તુતિપ્રાર્થના ને ૧૦ વર્ષની અવધિ તથા દિવ્યદર્શન વગેરે	૧૮૯
૫૪	નવીન ચરિત્ર, બાપાશ્રીના હસ્તે પુસ્તક-પુરાણીની પૂજા, છાતીમાં દુખાવાનું ચરિત્ર, કથાવાર્તામાં અખંડ લગની ને તે વખતની સ્વાભાવિક સ્થિતિ	૧૯૨

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૫૫	લીલી દ્રાક્ષ જમ્યા, માધુભાને મોક્ષનો વર, છત્રીનાં દર્શનની ઇચ્છા ને ચમત્કારી વાતો, કંકોત્રીઓ લખવાની ને યજ્ઞનો સામાન ભેળો કરવાની ભલામણ તથા માનસીપૂજાની આજ્ઞા ને તેની વિક્તિ	૧૯૫
૫૬	છત્રીએ યજ્ઞ-પરિયાણ, વૃષપુરની મહારાજની લીલા ને બાપાશ્રી પ્રગટ થયાનો પરચો, અલૌકિક વાતો, પરસ્પર પૂજા, મોક્ષના વર ને સંતને છત્રીએ જમવાની આજ્ઞા વગેરે	૧૯૯
૫૭	સં. ૧૯૭૪માં બાપાશ્રીએ સાજા થઈને છત્રીએ મોટો યજ્ઞ કર્યો તેની સમાપ્તિ તથા શ્રીજીનું સ્વરૂપ, મંદવાડ પછીની ચેષ્ટા ને મંદવાડની પ્રવૃત્તિ વગેરે	૨૦૧
૫૮	વૃષપુરમાં સંત-હરિભક્તનો સમુદાય, ટીકાવાળા વચનામૃતની કથા સં. ૧૯૭૬, અલૌકિક વાતો, છત્રીએ સભા ને સંતોની વિદાયગીરી	૨૦૫
૫૯	હિંડોળામાં ભૂજગમન, સં. ૧૯૭૬માં મહાસભા નિમિત્તે મૂળી-આગમન, ભોગવતી નદીમાં પૂર, બાપાશ્રીનો ઉપદેશ, ભૂજગમન-ત્યાં સભામાં મૂળીની બીનાની વાતો, વૃષપુર-પ્રવેશ ને પૂરનું વર્ણન	૨૦૯
૬૦	હીરાકુંવરબાઈની કથામાં ભૂજગમન, બ્રહ્મચારીના આસને તથા સભામાં અલૌકિક વાતો, હમીરસરમાં સ્નાન ને ત્યાં છત્રીના પરથાર પર વાર્તાલાપ	૨૧૧
૬૧	છત્રીની જાગીર તથા હનુમાનજી તૈયાર થયાં. સં. ૧૯૭૮ના યજ્ઞનો સંકલ્પ, ઘડાણીએ કથામાં ગમન, યજ્ઞનું પ્રયોજન ને પંચવર્તમાનનાં લક્ષણ તથા ગામેગામ કંકોત્રી ને ધામધૂમ વગેરે	૨૧૪
૬૨	સાંખ્યયોગી બાઈઓ, હરિભક્તો તથા સંતોના લક્ષણ, કથા તથા સભાપ્રસંગનું વિવેચન, મૂર્તિમાં સંલગ્ન કરે તેવી ભારેભારે વાતો ને સંત-હરિભક્તને આનંદોત્સવ	૨૧૮
૬૩	યજ્ઞ-અવશેષ કથા–તેમાં હનુમાનજીની પ્રતિષ્ઠા, આશીર્વાદ તથા સર્વેને આપેલાં અનહદ સુખ ને દિવ્યદર્શન વગેરે	૨૨૧
૬૪	પાટોત્સવ કરવાની આજ્ઞા, કેસરાભાઈની દિવ્યગતિ, ધનુબા ને કાનબાને સાજાં કર્યાં, છત્રી ને છત્રીના હનુમાનજીનો મહિમા, મૂળીમંદિરનો પત્ર ને પ્રત્યુત્તર તથા રામપુર-કથાયજ્ઞ	૨૨૪
૬૫	સં. ૧૯૭૯માં મૂળીપાટોત્સવ-પરિયાણ, સ્વામી બાપાશ્રીને તેડવા ગયા, દેશદેશમાં કંકોત્રી ને તાર, બાપાશ્રીનું મૂળી-આગમન, સર્વેને બ્રહ્મભોજન, યજ્ઞસમાપ્તિ ને શ્રીનગર થઈ ગામેગામ વિચરણ વગેરે	૨૨૮
૬૬	કરાંચીગમન, સામૈયાની શોભા, ઘેરઘેર પધરામણી, ડૉ. નાગરદાસને દિવ્યદર્શન, ભક્તોની સ્તુતિ, સ્ટેશન પર ચમત્કાર, હૈદરાબાદ-રાણીબાગમાં લીલા ને શ્રીનગર–અસારવા મિલમાં નિવાસ	૨૩૩
૬૭	મિલમાં કથાવાર્તા, ગામેગામ ફરી વાંસવામાં મૂર્તિપ્રતિષ્ઠા, વિરમગામ ભોજન, પાટડીમાં નાગજીભાઈની પ્રશંસા ને ઝાલાવાડ તથા ગુજરાતના ભક્તની સ્તુતિનો સ્વીકાર	૨૩૭

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૬૮	લીલાપુર-રંગોત્સવ, ધ્રાંગધ્રામાં પધરામણી ને સભાપ્રસંગે વાતો, હળવદમાં પણ પધરામણી, વાંટાવદરમાં ચમત્કારી વાતો ને પ્રતાપગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા	૨૪૦
૬૯	ઘાંટીલા, માલણિયાદ થઈ ગઢપુર-ગમન, ભાવનગર-દીવાનજીની સ્તુતિ ને આશીર્વાદ, તૂણે સ્નાનપૂજા ને અંતર્યામીપણું, ભૂજમાં સન્માન ને વૃષપુર-નિવાસ	૨૪૨
૭૦	વૃષપુર-સુખપુરમાં પારાયણ, શુદ્ધોપાસના, ધર્મમાં રહેવાની આજ્ઞા ને પ્રાયશ્ચિત્તવિધિ, બાપાશ્રીના હાથે ભક્તજનોને નિયમ ને અદેવનાં પુતળાંનો હમીરસરમાં નિવાસ	૨૪૬
૭૧	શ્રીજીનો મહિમા, ભૂજ-ધર્મામૃતની કથા ને બાપાશ્રીની પૂજા, ધનુબાની દિવ્યગતિ સં. ૧૯૮૧-કા. સુદ ૬, દહીંસરા-હરિસરોવરપર છત્રીએ ચરણારવિંદપ્રતિષ્ઠા ને ધનુબા નિમિત્તે પારાયણ	૨૪૯
૭૨	બ્રહ્મચારી ને મુનિનું વૃષપુર-આગમન, ભારાસર- યજ્ઞ ને હરિભક્તકૃત સ્તુતિ, સદ્‌ગુરુનું આગમન ને સાદર સન્માન, ને ભૂજ-મૂર્તિ પધરાવી વગેરે	૨૫૨
૭૩	સંતને સમાગમનું સુખ ને અજબ વર્ણન, આથમણા સુખપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા, કેરીનો યજ્ઞ, સદ્‌ગુરુને નારયણપુર થઈ દેશમાં જવાની આજ્ઞા ને પોતાનું પણ નારાયણપુર-ગમન	૨૫૪
૭૪	શ્રીજીનો મહિમા, નારાયણપુર-કથાયજ્ઞ ને તેમાં આપેલાં સુખ તથા હનુમાનજી-ગણપતિની પ્રતિષ્ઠા ને બાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા	૨૫૭
૭૫	અલૌકિક વાતો, સર્પથકી રક્ષા ને ઘોડીએથી પતન, લાડુપૂરીનો યજ્ઞ, બ્રહ્મચારીની જોડે વાર્તાવિનોદ, હિંડોળામાં ભૂજગમન,પુસ્તકની પૂજા ને કાન ધોયા બદલ ડૉ. દુલેરાયનો મોક્ષ	૨૬૦
૭૬	રામપુર ને સુખપુર-કથા, મહાપુરુષદાસજીની દિવ્યગતિ, પ્રાસંગિક વાતો, ભૂજ-ઠાકોરજીની સેવામાં સાધુને રાખવાની આજ્ઞા,બ્રહ્મચારીની દિવ્યગતિ સં. ૧૯૮૧–ચૈત્ર સુદ ૧૫,ને કેસરાજભાઈની કથામાં તથા અન્નકૂટ પર ભૂજગમન	૨૬૫
૭૭	કુંભારિયાના યજ્ઞમાં સટીક વચનામૃતની પ્રશંસા (૧૯૮૨), કાનજીભાઈની આંખોના નિમિત્તે શ્રીનગર-આગમન, દેવુબાની દિવ્યગતિ સં. ૧૯૮૨ ને તે જ સાલમાં યજ્ઞનો પ્રારંભ	૨૭૦
૭૮	યજ્ઞ-અવશેષ કથા ને તેમાં સર્વેને આપેલાં અનહદ સુખ	૨૭૪
૭૯	શક્કરિયાં ને સાકર જમ્યા, ધનજીના ઘરની ને સટીક વચનામૃતની પ્રશંસા, સર્વેને સેવાનું સુખ દેવા ગ્રહણ કરેલો લઘુનો મંદવાડ સં. ૧૯૮૨ તથા સાજા થવાનું સૂચન ને કથાવાર્તા વગેરે	૨૭૭
૮૦	બાપાશ્રીની રસોઈ ને ભૂજ-પારાયણ, ધનજીના ઘરનું વાસ્તુ, અન્નકૂટ પર ભૂજગમન, છત્રીએ કરેલી ધર્મશાળા સં. ૧૯૮૩, કરાંચીગમન, રઘુવીરચરણદાસજીને વરદાન ને ભારાસર -કથાયજ્ઞ	૨૮૨


વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૮૧	ધનજીભાઈની પીડા મટાડી, સીનોગ્રે કથાયજ્ઞ ને સદ્‌ગુરુનું આગમન તથા ભારાસર અલૌકિક વાતો વગેરે	૨૮૭
૮૨	વચનામૃતના રહસ્યની વાતો, પરસ્પર પૂજા ને સંત તથા બાપાશ્રીનું નારાયણપુર-ગમન	૨૯૧
૮૩	મધ્યના ૧૩ના વચનામૃતનું વિવેચન, ધનજીના ઘરની પ્રશંસા, ખળખળિયે લીલા ને મોક્ષના વર વગેરે	૨૯૫
૮૪	નારાયણપુર-લીલા ને અલૌકિક વાતો, નાગધરે સ્નાન ને મોક્ષના વર તથા સદ્‌ગુરુ સહિત કેરા-ગમન	૨૯૭
૮૫	કેરામાં પ્રબોધિની એકાદશી સં. ૧૯૮૪, અલૌકિક વાતો, મહારાજની લીલાનું આખ્યાન ને ઘરોઘર પધરામણી	૩૦૦
૮૬	વૃષપુર-મંદિરની મેડી કરવામાં બાપાશ્રીની સલાહ, સદ્‌ગુરુને રાખવાનો આગ્રહ, કુંવરજીની વાડીએ પૂજા ને સદ્‌ગુરુને ભલામણ તથા વિરહવચનો વગેરે	૩૦૪
૮૭	બાપાશ્રીએ મંદિરની મેડી કરાવીને મુનિને જણાવેલો યજ્ઞનો સંકલ્પ ને તેમની પ્રશંસા તથા ધનજીભાઈની દિવ્યગતિ સં. ૧૯૮૪ ફા. વ. ૯ ને તેમનો નિવારણ કરેલો શોક	૩૦૬
૮૮	છેલ્લા યજ્ઞનું પરિયાણ, ધનજીનો ખરખરો, વૃષપુર મંદિરમાં સભા, સદ્‌ગુરુનું આગમન, દિવ્યોપદેશ ને ધનજીના કાર્યમાં ગમન	૩૧૦
૮૯	સં. ૧૯૮૪ ના ચૈ. સુ. ૧૩ના રોજ બાપાશ્રીએ છેલ્લો યજ્ઞ કરીને સર્વેને આપેલાં સુખ તથા તેની સમાપ્તિ ને સદ્‌ગુરુને છેલ્લીવાર થોડા દી સમાગમ માટે રાખ્યા	૩૧૩
૯૦	છત્રીએ સમૂહપારાયણ, સંતસભાનો મહિમા, હરિભક્તની સ્તુતિ, સ્વામી ઘનશ્યામજીવનદાસજીનું પૂર્વાખ્યાન, છત્રીએ રાસ ને કળિયુગ કાઢ્યાના વર	૩૧૭
૯૧	ચંદનથી વાતોની પૂજા, ત્યાગીના ધર્મની તથા બીજી આધ્યાત્મિક વાતો, નવી વાડીએ લીલા ને નારાયણપુર જવાની તૈયારી	૩૨૦
૯૨	નારાયણપુર જતાં ખળખળિયે સ્નાન, ધનજીભાઈના દીકરા આદિ સર્વેને આપેલાં સુખ ને સંતોનું ભૂજગમન	૩૨૨
૯૩	સદ્‌ગુરુને છેલ્લીવાર મેળાપ, સ્વકૃત યજ્ઞનો મહિમા, અલૌકિક વાતો, ધામમાં જવાનું કહેવાપૂર્વક સદ્‌ગુરુને રાખવાનો અતિ આગ્રહ ને જતી વખતે આશીર્વાદ-મળવું વગેરે	૩૨૪
૯૪	નારાયણપુર થઈ ભૂજકથામાં ગમન, માધાપુર-મૂર્તિપ્રતિષ્ઠા, ભૂજમંદિરની વાડીમાં નિવાસ, પૂર્ણ કરેલા ભક્તજનના મનોરથ ને મુનિને અનુગ્રહ વગેરે	૩૨૬
૯૫	બાપાશ્રીએ ભૂજમાં છેલ્લીવાર સર્વેને આપેલાં અઢળક સુખ	૩૨૯
૯૬	માધાપુર-કથાયજ્ઞ, ધામમાં જવાનું સૂચન, તત્ત્વજ્ઞાનની વાતો, સંતોને છેલ્લીવાર મળ્યા ને પુરાણીના હાથે છેલ્લીવાર જળપાન	૩૩૧

વિશ્રામ	વિષય	પૃષ્ઠ
૯૭	બાપાશ્રીને પ્રગટ થયાના ચાર હેતુ, નવી વાડીએ ભલામણ, મંદવાડનો ઉપસંહાર, અષાડ સુદ બીજને દી અશક્તિ, ત્રીજને દી પુત્રોને છેલ્લી ભલામણ ને ગ્રહણ કરેલો અંતિમ મંદવાડ	૩૩૪
૯૮	ચોથના દી ઘણા સંત-હરિભક્તનું આગમન ને અંતિમ મંદવાડની ચેષ્ટા, મુનિને દર્શનાદિકનો લાભ, વિરહવર્ણન ને રાત્રીના ૧ વાગે અંતર્ધાનલીલા સં. ૧૯૮૪ અ. સુ. ૪ ને શુક્રવાર	૩૪૦
૯૯	મુનિને દિવ્યદર્શન, ઘણા સંત-હરિભક્તનું આગમન ને છત્રીએ અગ્નિસંસ્કારવિધિ, સદ્‌ગુરુએ આવીને નિવારણ કરેલો શોક ને બાપાશ્રીના કાર્યમાં મોટી યજ્ઞકથા	૩૪૩
૧૦૦	બાપાશ્રીએ અંતર્ધાન થયા પછી ભક્તજનને દિવ્યરૂપે દર્શન આપીને નિવારણ કરેલો શોક	૩૪૮
૧૦૧	બંને સદ્‌ગુરુએ કહેલ બાપાશ્રીનો મહિમા તથા સંસ્મરણો, બાપાશ્રી અંતર્ધાન થયાના સ્થાને છત્રી ને તે સ્થાનનો મહિમા તથા સદ્‌ગુરુની છેલ્લી ભલામણ ને તેમની વિદાયગીરી	૩૫૧

કેટલાક શબ્દોના સંક્ષેપો નીચે પ્રમાણે છે :

પૂ.	પૂજ્ય	અ. મુ.	અનાદિમુક્ત
પુ.	પુરાણી	મુ.	મુક્તરાજ
સદ્.	સદ્‌ગુરુ	પ્ર.	પ્રકરણ
બ્ર.	બ્રહ્મચારી	અ.	અધ્યાય
ડૉ.	ડૉકટર	સં.	સંવત
શ્રીનગર	અમદાવાદ	મુનિ	કેશવપ્રિયદાસજી

શ્રી અબજીબાપાશ્રીની
જન્મકુંડલી



સંવત ૧૯૦૧, શાલીવાહન ૧૭૬૫ની સાલમાં કાર્તિક સુદ ૧૧ ઘટી ૪૨, પળ ૨૧; જન્મતિથિ સોમવાર; ઉત્તરા ફાલ્ગુન નક્ષત્ર ઘટી ૩૮, પળ ૩૭; શુકરમાં યોગ ઘટી ૩૮ પળ ૪૪; પંચાંગ સુધા સૂર્યોદય ઈષ્ટ ઘટી ૩૭, પળ ૫૬ સમયે જન્મ. ઈ. સ. તારીખ ૨૦ નવેમ્બર ૧૮૪૪ સ્ટા. ટા. ક. ૯ મિ. ૧૦.

(તિરોધાન સં. ૧૯૮૪ના અષાડ સુદ ૫ ને શુક્રવાર તા. ૨૨ જૂન ૧૯૨૮.)

।। ॐ श्रीस्वामिनारायणाय नमः ।।

स्वतःसिद्ध अनादिमुक्तराज

શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત

स्तुतिः

श्रीमच्छारदपूर्णचन्द्रविलसत्स्मेराननं श्रीहरि
तुङ्गे पीठवरे स्थितं परिवृतं सद्भक्तवृन्दैर्यथा ।
ताराभिर्विधुमर्च्यमानमुरुधा तैश्चन्दनैः कौसुमै –
र्हारैः शेखरपङ्क्तिभिश्च हृदये शुक्लाम्बरं चिन्तये ।। १ ।।

गोलोकेश ! परेश ! कृष्ण ! भगवंस्त्वं कालमायेश्वरः
सर्वेषां च नियामकोऽक्षरपरो दिव्याकृतिः स्वप्रभः ।
सर्वात्मा पुरुषोत्तमोऽसि सकलैश्वर्याभिजुष्टः सदा
वन्दे भक्तजनेष्टकल्पतरवे वर्णीन्द्रवेषाय ते ।। २ ।।

मूर्तिस्थितं मम गुरुं तमनादिमुक्तं
सर्वोच्चसौख्यदमहो महनीयकीर्त्तिं ।
भक्तैश्च त्यागिगृहिभिर्निततरां निषेव्यं
श्रीअबूजीतातमनिशं प्रणमामि भक्तया ।। ३ ।।

મંગળાચરણ

ગોલોક, બ્રહ્મપુર, અક્ષર આદિ ધામથી પર શ્રીજીમહારાજનું અક્ષરધામ છે; તે કેવું છે તો અધોઊર્ધ્વ ને ચારે કોરે પ્રમાણે રહિત એવો તેજનો સમૂહ છે અને તે તેજના સમૂહને જ અક્ષરધામ કહ્યું છે. તે ધામ આદિ મધ્ય ને અંત તેણે રહિત છે અને અનંત અપાર છે અને તે તેજ શ્રીજીમહારાજના અંગેઅંગમાંથી પ્રગટ થયું છે, માટે તે શ્રીજીમહારાજનું તેજ છે તે અતિશય શીતળ શાંત છે ને અતિશય સુખરૂપ છે. તેને કોઈની ઉપમા ન દેવાય એવું અલૌકિક દિવ્ય છે. અને તે તેજ જ અવિચળ ધામરૂપે તથા મહોલરૂપે તથા મહોલમાં સિંહાસનરૂપે શ્રીજીમહારાજની ઇચ્છાથી શોભા આપે છે તેને જ અક્ષરધામ, બ્રહ્મમહોલ આદિ નામે કરીને વચનામૃત આદિ

શાસ્ત્રમાં કહ્યું છે, એવું શ્રીજીમહારાજનું ધામ છે. તેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન મુક્તે સહિત વિરાજમાન છે; તે કેવા છે, તો દિવ્ય દ્વિભૂજમૂર્તિ છે અને સર્વ કારણના કારણ છે. તે શ્રીજીમહારાજને ચારે કોરે અનંતકોટિ પરમએકાંતિક મુક્ત બેઠા થકા શ્રીજીમહારાજનાં દર્શન કરે છે અને અનંતકોટિ અનાદિમુક્ત છે, તે શ્રી સ્વામિનારાયણમાં લીન રહીને સળંગ સ્વરૂપનો અખંડ આનંદ અનુભવે છે એવા,અને અનાદિમુક્ત અને પરમએકાંતિક મુક્ત તેમના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તમે છો. તે તમે તમારા અન્વય સ્વરૂપે કરીને અક્ષર, વાસુદેવબ્રહ્મ, મહાકાળ, મહાપુરુષ ને મહામાયા તેમને સુખ સામર્થ્ય ને પ્રકાશના પ્રદાતા છો, માટે તે સર્વે અવતારના અવતારી છો. અને તે સર્વેમાં તમારા પ્રકાશરૂપ અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છો, માટે કાળ, માયા, પુરુષ ને અક્ષર -તે પુરુષોત્તમ જે તમે તે તમારી શક્તિઓ કહી છે. અને તે અક્ષર, પુરુષ, કાળ ને માયા તે રૂપે કરીને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા ને કર્મફળ પ્રદાતા છો, અને રામ, કૃષ્ણ ને નરનારાયણ આદિ અવતારને ધારણ કરો છો, અને વ્યતિરેક સ્વરૂપે તો પોતાના ધામમાં સદાય બિરાજમાન છો, ને પોતાના મુક્તને સ્વ-સ્વરૂપનો આનંદ આપો છો, એવા આપ સ્વામિનારાયણ ભગવાન છો તે તમે તમારા સંકલ્પે કરીને પોતાના પ્રેમી ભક્તને લાડ લડાવવાને અર્થે છપૈયાપુરમાં ધર્મપિતાથી ભક્તિમાતાને વિષે પ્રગટ થયા છો. અને હું તમારો દાસાનુદાસ છું, તે મારા ઉપર કૃપા કરીને તમે મને તમારા સ્વરૂપનું અનુભવજ્ઞાન આપો ને તમારું સાધર્મ્યપણું જે સામ્યપણું તથા તુલ્યભાવ કહેતાં તદ્રુપ તલ્લીન ભાવને પામેલો એવો તમારા રૂપ અનાદિમુક્ત કરીને તમારી મૂર્તિમાં રાખો.

ગોલોક ધામરૂપ દુર્ગપુર તેના મધ્યે અક્ષરધામરૂપ ઉત્તમ નૃપતિના રાજમહોલ મધ્યે લીંબતરુ નીચે, શ્રીજીમહારાજ જે તમે તે તમારી ઈચ્છાથી ત્યાગી સાધુ ને ગૃહસ્થ સત્સંગીરૂપે પ્રગટ થયેલા એવા અક્ષરધામના મુક્ત, તથા ગોલોક આદિ ધામના મુક્ત, તેમની સભામાં બિરાજમાન એવા ને દિવ્ય વસ્ત્ર-આભૂષણ તથા દિવ્ય ચંદનપુષ્પને ધરી રહ્યા એવા ને સ્વ-સ્વરૂપનું અનુભવજ્ઞાન, ધ્યાન ને અનાદિમુક્તની સ્થિતિ ને સર્વોપરી ઉપાસના, આજ્ઞા અને માહાત્મ્યે સહિત ભક્તિ તે રૂપી એકાંતિક ધર્મ તે સંબંધી વાતો કરીને પોતાના ભક્તને જ્ઞાનદાન દઈને આનંદ પમાડો છો, ને કેવળ કૃપા કરી અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરાવો છો. વળી દિવ્યસ્વરૂપ એવા અને મહાપુરુષ ને મહામાયા અને અક્ષરપુરુષ આદિના ઐશ્વર્યમાં તથા માયાના વિષયભોગના મોહે રહિત એવા મુક્ત, તે પણ તમારા રૂપમાં મોહ પામીને તમને વશ વર્તે છે. આવા તમે રૂપાળા ને સુખરૂપ છો. અને જીવોને તમારા સ્વરૂપનું જ્ઞાન નથી તેથી કરીને જીવમાં માયિક વિષયના રાગરૂપ વજ્રસાર જેવું મૂળ અજ્ઞાનરૂપ બંધન રહ્યું છે. તેને તમે તમારા જ્ઞાન-ધ્યાને

કરીને ભેદી નાખો છો, અને જીવને શિવ કરીને તમારામાં સ્નેહે કરીને બાંધી રાખો છો તેમ તમારા સ્વરૂપમાં મને બાંધી રાખશો.

અને વળી હે હરિ ! હું તમને નમસ્કાર કરું છું. તે તમે કેવા છો, તો મનુષ્યરૂપે પ્રગટ થયા છો તોપણ અક્ષરધામમાં જેવા છો તેવા જ દિવ્ય છો. તે તમે બાળસ્વરૂપે પ્રગટ થયા તે સમયે તમારાં માતાપિતાને તેજના સમૂહમાં અનંત મુક્તે સહિત દિવ્યરૂપે દર્શન દીધાં. અને વળી કોઈક સમયે ભક્તિમાતાને સમાધિ કરાવીને અક્ષરધામમાં અનંત મુક્તે સહિત દર્શન દીધું ને તે અક્ષરધામને આધારે રહેલાં અનંત અક્ષરના ધામને દેખાડ્યાં ને અક્ષરને આધારે અનંત ગોલોક આદિ ધામ દેખાડ્યાં, એમ પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવીને પછી બાળરૂપે દર્શન આપ્યાં. અને પુલહાશ્રમમાં તમે તપશ્ચર્યા કરતા હતા ત્યારે નરનારાયણ દેવ તથા બીજા બ્રહ્મા, શિવ , સૂર્ય આદિ દેવ આવ્યા. તેમણે તમારી પ્રાર્થના કરી ત્યારે તમે તપની સમાપ્તિ કરી. ને કેટલાક ભક્તને તમારી મૂર્તિ તેજના સમૂહને વિષે નિરંતર દેખાય છે ને તમે નવલખા પર્વતમાં નવલાખરૂપે થઈને નવલાખ જોગીને મળ્યા, પંચાળામાં જેટલા સાધુ-હરિભક્ત હતા તેટલા રૂપે થઈને તેમની સાથે રાસ રમ્યા, જોબન પગીને ઘોડે ઘોડે દર્શન દીધાં, પર્વતભાઈ તથા અભય રાજા તેમને ચોવીસ અવતાર તમારી સ્તુતિ કરતા દેખાડ્યા ને પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડ્યા ને પોતાનું સર્વકારણપણું જણાવ્યું. અને તમે કેવળ કૃપા કરીને હજારો મુમુક્ષુ જીવોને સમાધિઓ કરાવી ને તે સમાધિઓમાં ધામ, મુક્ત તથા અનંત ઐશ્વર્ય તેણે સહિત રાધાકૃષ્ણ, નરનારાયણ આદિ અવતારરૂપે દર્શન દીધાં ને સર્વથી પર પોતાના અક્ષરધામમાં પોતાની દિવ્ય મૂર્તિનાં દર્શન કરાવ્યાં ને સર્વે અવતારોને પોતાની સ્તુતિ-પ્રાર્થના કરતા દેખાડ્યા. વળી પોતાનું સર્વોપરી પુરુષોત્તમપણું પ્રગટ કર્યું , પાંચસો પરમહંસ કર્યા, ત્રણસો સાંખ્યયોગી બાઈઓ નૈષ્ઠિક બ્રહ્મચર્યવાળાં તમારાં આશ્રિત થયાં. વળી તમે મોટાં મંદિર કરાવીને પોતાનાં સ્વરૂપ પધરાવ્યાં ને પોતાની મૂર્તિ પણ પધરાવી ને તે મૂર્તિઓ દ્વારા અનેક ભક્તોને અનંત ઐશ્વર્ય બતાવ્યાં. શ્રીનગર તથા વડતાલ એમ બે ગાદી સ્થાપન કરી ને શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રીરઘુવીરજી મહારાજને આચાર્યપદવી આપી ને મોટા મોટા સંતોએ શાસ્ત્ર તથા કાવ્ય-કીર્તન કરી તમારા ગુણ ગાયા એવા જે તમે, તે તમારે વિષે મારો સદાય દિવ્ય ભાવ રહે, અને હું તમારું દિવ્ય ભાવે ધ્યાન કરું છું પણ અખંડ થાય તેવી કૃપા કરશો.

હવે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને નમસ્કાર કરું છું, જે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમને પોતાના દત્તપુત્ર કરીને આચાર્યપદ આપ્યું ને પોતાના સંપ્રદાયના સર્વે શાસ્ત્રના રહસ્યજ્ઞાનના જ્ઞાતા ને સર્વોપરી સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્ય સ્વરૂપના સાક્ષાત્ અનુભવી ને મહાકવિ તથા મુમુક્ષુને સ્વામિનારાયણ શ્રીહરિનું સ્વરૂપ સમજાવવું

ને તે સ્વરૂપનો અપરોક્ષાનુભવ કરાવવો તેમાં સમર્થ, એવા બન્ને ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી તથા ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી રઘુવીરજી તેમને હું નમસ્કાર કરું છું, તેમ જ સ્વામિનારાયણ-સ્વરૂપ ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજને પણ નમસ્કાર કરું છું.

વળી મોટા મોટા સદ્‌ગુરુને સ્તુતિ-પ્રાર્થનાપૂર્વક વંદન કરું છું, તેમાં પ્રથમ સંતદાસજીને નમસ્કાર કરું છું. તે સંતદાસજી કેવા છે, તો જે શ્રીજીમહારાજના પ્રતાપે ત્રિકાળનું જ્ઞાન, દિવ્ય દૃષ્ટિ ને સિદ્ધદશા પામ્યા હતા ને તેમને અક્ષરધામપર્યંત કોઈ આવરણ આડું આવતું નહિ, સ્વતંત્રપણે બદરિકાશ્રમ આદિ ધામમાં જતા-આવતા ને સર્વેથી પર અક્ષરધામમાં અનંત મુક્તે સહિત શ્રીજીમહારાજને અખંડ દેખતા એવા અનાદિમુક્ત સંતદાસજી જેમનું બીજું નામ સતાનંદમુનિ હતું, તેમની પાસે શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' નામે સંપ્રદાયના સિદ્ધાંતનો ગ્રંથ કરાવ્યો છે, એવા સતાનંદમુનિ તેમને મારી વંદના છે.

અને તેવા જ વ્યાપકાનંદમુનિ પણ શ્રીજીમહારાજની કૃપાથી સર્વે ગુણ ઐશ્વર્યે યુક્ત હતા ને સિદ્ધ સ્થિતિને પામ્યા હતા ને અખંડ મૂર્તિમાં રહેતા ને મુક્તે સહિત શ્રીજીમહારાજને અખંડ દેખતા ને શ્રીજીમહારાજ તેમના દ્વારા સર્વે ક્રિયા કરતા એવા વ્યાપકાનંદમુનિ, તે શ્રીજીમહારાજની આજ્ઞાથી ભૂમાપુરુષના ધામમાં ગયા, ત્યારે ભૂમાપુરુષે તે મુનિને પોતાના સિંહાસન ઉપર બેસાડીને પૂજા કરી, પછી ભૂમાપુરુષે શ્રીજીમહારાજની વાતો સાંભળવાની ઈચ્છા જણાવી, ત્યારે તે મુનિએ શ્રીજીમહારાજના માહાત્મ્યજ્ઞાનની તથા ઐશ્વર્ય-પ્રતાપની વાતો કરી. તેને સાંભળીને ભૂમાપુરુષ અને તેમના મુક્ત તે પણ શ્રીજીમહારાજનું સાધર્મ્યપણું પામીને શ્રીજીમહારાજના મુક્ત થયા પછી તે મુક્તને શ્રીજીમહારાજ પાસે ધામમાં મોકલી દીધા. તે વાત વ્યાપકાનંદમુનિએ શ્રીજીમહારાજ પાસે આવીને કહી, ત્યારે બીજા સંતોએ પણ શ્રીજીમહારાજનો ને મુક્તનો અતિ મહિમા જાણ્યો. એવા તે વ્યાપકાનંદમુનિ જેમનું બીજું નામ વ્યાપકેશમુનિ છે તેમને હું નમસ્કાર કરું છું.

અને વળી શ્રીજીમહારાજે સ્વરૂપાનંદસ્વામીને કહ્યું જે, 'તમે યમપુરીના જીવોને મુક્ત કરી ભૂમાપુરુષના ધામમાં મેલી દો.' ત્યારે તે સંતે યમપુરીમાં જઈને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરી, તેને સાંભળીને નરકકુંડમાં દુઃખ ભોગવતા એવા અનેક જીવો તે મુક્ત થયા, ને તેમને સ્વરૂપાનંદસ્વામીએ ભૂમાપુરુષના ધામમાં મોકલી દીધા. અને જે સ્વરૂપાનંદસ્વામી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે ને મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા નથી એવા સ્વરૂપાનંદસ્વામી જેમનું બીજું નામ સુવ્રતઋષિ છે, તે અનાદિમુક્ત એવા સ્વરૂપાનંદ સ્વામીને હું નમસ્કાર કરું છું.

અને જે મુક્તાનંદસ્વામી બાલ્યાવસ્થામાં જ તીવ્ર વૈરાગ્યના વેગથી ગૃહકુટુંબ ને

વિષયભોગની વાસનાનો ત્યાગ કરીને રામાનંદસ્વામીના શિષ્ય થઈને તેમની પાસે રહ્યા હતા ને લોજપુરમાં શ્રીજીમહારાજ પણ તેમના ભેગા નવ માસ રહ્યા હતા, ને શ્રીજીમહારાજ પણ મુક્તાનંદસ્વામીને ગુરુભાવે માન આપતા ને સર્વે પરમહંસમાં અગ્રગણ્ય ગણાતા, ને મુક્તાનંદસ્વામીએ વચનામૃતમાં શ્રીજીમહારાજને ૯૧ પ્રશ્ન પૂછ્યા છે ને જે મુક્તાનંદસ્વામી સાધુતાનાં સર્વે લક્ષણ તથા ભગવાનના ગુણ-ઐશ્વર્ય તેણે યુક્ત હતા; તેમનાં દર્શનથી અને તેમની વાત સાંભળવાથી મનુષ્યોના ત્રિવિધિ તાપ ટળી જતા ને અંતઃકરણની વૃત્તિનો શ્રીજીમહારાજમાં નિરોધ થઈ જતો ને તેમના વચનથી સમાધિ સ્થિતિ પણ થતી ને શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને પોતાનું સર્વોપરીપણું સમજાવીને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરાવી હતી ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને અખંડ મૂર્તિ દેખતા તોપણ શ્રીજીમહારાજને વિષે દાસપણાનું અંગ હતું એવા મુક્તાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું.

અને જે ગોપાળાનંદસ્વામી શ્રીજીમહારાજના સંકલ્પથી મનુષ્યરૂપે આ લોકમાં પ્રગટ થયા હતા, માટે શ્રીજીમહારાજના સંકલ્પસ્વરૂપ એવા અનાદિમુક્ત હતા, તેમના ગુણ તથા ઐશ્વર્ય તે શ્રીજીમહારાજના જેવા જ હતા, અને જે ગોપાળાનંદસ્વામીના સંકલ્પની તેમના જેવી જ સો મૂર્તિઓ થઈ હતી ને તે સંકલ્પનાં સ્વરૂપો કેટલાક હરિભક્તના દેખવામાં પણ આવેલાં. વળી શ્રીજીમહારાજે કહ્યું હતું જે, ગોપાળાનંદસ્વામી અમારે ઠેકાણે છે ને અમે જેમ જીવોના મોક્ષ કરીએ છીએ તેમ તેઓ પણ મોક્ષ કરવા સમર્થ છે; માટે સાધુ-સત્સંગી તમે ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં વર્તશો, એમ શ્રીજીમહારાજે સર્વેને કહ્યું હતું. ને ગોપાળાનંદસ્વામીએ પણ કેટલાક સંત-હરિભક્તને શ્રીજીમહારાજના સર્વોપરીપણાની ને અનાદિમુક્તની સ્થિતિની વાતો સમજાવીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો હતો ને અનાદિમુક્તની સ્થિતિની પ્રાપ્તિ પણ કરાવી હતી ને જે ગોપાળાનંદસ્વામી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિના રોમરોમનું નવીન નવીન સુખ અખંડ અનુભવતા ને મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા નહિ, એવા ગોપાળાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું.

જે બ્રહ્માનંદસ્વામી માતાના ઉદરમાં પણ શ્રીજીમહારાજની મૂર્તિ દેખતા એવા જે બ્રહ્માનંદ-સ્વામી તે અતિ સ્નેહવાળા અનાદિમુક્ત હતા ને શ્રીજીમહારાજને પણ તેમની સાથે નિરવધિ સ્નેહ હતો, ને શ્રીજીમહારાજ તેમના સ્નેહને વશ થઈને તેમનું કહેલું વચન માન્ય રાખતા ને મહાકવિ ને સર્વે યોગકળાઓમાં તથા સર્વે વિદ્યાઓમાં પ્રવીણ હતા. તે બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજના કહેવાથી વડોદરાના શાસ્ત્રીઓને પોતાનું ઐશ્વર્ય બતાવ્યું હતું, તે શું ? તો બ્રહ્માનંદસ્વામીએ પોતાના સંકલ્પમાત્રથી અલૌકિક દિવ્ય સોનાનું મોટું પારણિયું કર્યું ને તેમાં દિવ્ય સ્વરૂપ પોતે

શયન કર્યું ને મોટા મોટા દેવ ને મૂર્તિમાન ચાર વેદ ચારે કોરે હાથ જોડીને ઊભા રહ્યા ને સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા. એવાં બ્રહ્માનંદસ્વામીએ શાસ્ત્રીઓને પોતાનાં દર્શન આપ્યાં. બ્રહ્માનંદસ્વામીનાં એવાં દર્શન કરીને શાસ્ત્રીઓને અતિ આશ્ચર્ય થયું ને બ્રહ્માનંદસ્વામીનો અલૌકિક મહિમા જાણ્યો, એવા બ્રહ્માનંદસ્વામીને હું નમસ્કાર કરું છું.

અને જે નિત્યાનંદસ્વામીને શ્રીજીમહારાજની કૃપાથી શાસ્ત્રમાત્ર મુખપાઠે સ્ફુરાયમાન રહેતાં ને મોટા મોટા આચાર્યોથી પણ વિદ્વત્તામાં વિશેષ શક્તિમાન હતા ને શ્રીજીમહારાજ પાસે કથા વાંચતા ને શ્રીજીમહારાજની મૂર્તિ જોઈને આનંદ પામતા એવા અનાદિમુક્ત નિત્યાનંદ સ્વામીને મારા નમસ્કાર હો!

જે ગુણાતીતાનંદસ્વામી શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ રહ્યા છે ને અનાદિમુક્ત છે, તે બીજા મુમુક્ષુ જીવને મૂર્તિમાં જોડવા સારુ ભગવાનની કથાવાર્તા નિરંતર કરતા ને શ્રીજીમહારાજનું ધ્યાન અખંડ ધરતા એવા ગુણાતીતાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું.

જે શુકસ્વામી શ્રીજીમહારાજની સેવામાં નિરંતર રહેતા ને શ્રીજીમહારાજે તેમને પોતાની ભુજારૂપ કહ્યા છે ને સર્વે શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન જાણતા હતા ને જેવા મુમુક્ષુ જીવો હોય તેને તેવું શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજાય, તેવું તેમને સમજાવવાની શક્તિ હતી ને પોતે શ્રીજીમહારાજને સર્વોપરી સમજતા ને તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખતા એવા શુકાનંદમુનિ તેમને હું નમસ્કાર કરું છું.

અને જે મુકુંદાનંદવર્ણી તે પોતાના દેહનો અનાદર કરીને શ્રીહરિની સેવામાં તત્પર રહેતા ને તેમની મનોવૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ રહેતી તેમ જ વાસુદેવાનંદ બ્રહ્મચારી તે જે તે તેજના સમૂહમાં દિવ્ય તેજોમય મૂર્તિ એવા શ્રીજીમહારાજને અખંડ દેખતા ને જેમણે શ્રીજીમહારાજના માહાત્મ્યજ્ઞાને સહિત ચરિત્રનો 'સત્સંગિભૂષણ' નામે મોટો ગ્રંથ કર્યો છે ને જેમને શ્રીજીમહારાજે પોતાની ગાદી પર બેસાર્યા હતા ને પોતાના જેવા પૂજ્યપણે માનવા એમ સર્વેને કહ્યું હતું, એવા અનાદિમુક્ત વાસુદેવાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું, તેમ જ નિષ્કુળાનંદસ્વામી આદિ સર્વે પરમહંસ, તથા ભગુજી આદિ સર્વે પાર્ષદ, તથા દાદાખાચર, પર્વતભાઈ, ગોરધનભાઈ આદિ સર્વે અનાદિમુક્તને હું નમસ્કાર કરું છું.

હવે શ્રીજીમહારાજના સંકલ્પમૂર્તિ એવા મારા ગુરુ અનાદિમુક્ત અબજીબાપાની સ્તુતિ-પ્રાર્થના કરું છું : હે શ્રીજીસ્વરૂપ! હે અનાદિ મુક્તરાજ! હું તમારી સ્તુતિ-પ્રાર્થના કરું છું જે, તમે કેવા છો, તો શ્રી સ્વામિનારાયણ ભગવાનરૂપ છો ને શ્રીજીમહારાજ જેમ અનાદિ ને સ્વતંત્ર છે, તેમ તમે

પણ અનાદિ ને સ્વતંત્ર છો ને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તમારું કર્યું પણ થાય છે, એવા તમે અનાદિમુક્ત છો ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા શ્રીજીમહારાજના સંકલ્પથી આ લોકમાં દર્શન આપો છો ને જે શ્રીહરિનો ને તમારો આશરો કરે તેને તમારા જેવા અનાદિમુક્ત કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખો છો ને મૂર્તિનું રોમરોમનું સુખ ભોગવે એવા સમર્થ મુક્ત કરો છો ; કેમ જે શ્રી સ્વામિનારાયણ ભગવાને મુક્તરૂપે સર્વેને મૂર્તિના સુખે સુખિયા કરવા –એવો સંકલ્પ કરીને તમને મૂક્યા છે, માટે શ્રીજીમહારાજના સંકલ્પની મૂર્તિ છો; શ્રીજીમહારાજની વતી આવ્યા છો ને શ્રીજીમહારાજ તમારા દ્વારા સર્વેને સુખિયા કરે છે, એવા આપ સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત છો પણ બીજા મુક્તની પેઠે ભજીને થયેલા નથી. આપ તો અનાદિમુક્ત છો, અને શ્રીજીમહારાજનો મહિમા તો અતિશય અપાર છે ને તમે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને સદાય સુખ લો છો ને શ્રીજીમહારાજની ઈચ્છાથી મૂર્તિમાં રહ્યા થકા મનુષ્યરૂપે દર્શન દો છો, પણ તમારે આવવું–જવું નથી; તમે તો સદાય દિવ્યસ્વરૂપ છો અને મનુષ્યરૂપે છો તોપણ શ્રીજીમહારાજના ભેગા અક્ષરધામમાં રહ્યા છો. એવા તમે બાપાશ્રી નામે તથા અનાદિમુક્ત નામે તથા અબજીભાઈ નામે આ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જયકારીપણે વર્તો છો, એવા તમે મને દયા કરીને શ્રીજીમહારાજ ને તમારા ચરણની સેવામાં રાખો ને શ્રીજીમહારાજના સ્વરૂપમાં રસબસ રાખીને શ્રીજીમહારાજ અને તમારા સ્વરૂપનો અખંડ આનંદ અનુભવાવો.

હે મુક્તરાજ ! તમે શ્રી સ્વામિનારાયણની મૂર્તિરૂપ દિવ્યસ્વરૂપ છો, કેમ જે તમે સ્વામી નિર્ગુણદાસજીને તેજોમય દર્શન દીધું હતું ને છપૈયાપુરમાં ગયા, ત્યારે મોટા મોટા દેવ તમારાં દર્શન કરવા આવ્યા હતા ને બ્ર. નિર્ગુણાનંદજીને આપે દયા કરી તેથી શ્રીજીમહારાજ ને તમારાં દિવ્યરૂપે તેજના સમૂહમાં દર્શન થયાં હતાં ને તમે શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થયા, પછી બ્ર. નિર્ગુણાનંદજી શ્રીજીમહારાજની મૂર્તિ તેજમાં અખંડ દેખતા. તેમ જ આપે કૃપા કરીને અનંત સંત–હરિભક્તને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો છે ને અનાદિમુક્ત કર્યા છે અને મને પણ અનાદિમુક્તની સ્થિતિ જણાવવા સારુ આપે દયા કરીને શ્રીજીમહારાજની સાથે દિવ્યરૂપે દર્શન દીધાં હતાં અને તમે શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થયા.વળી શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ભાવે તમે રહ્યા છો, એવાં શ્રીજીમહારાજનાં ને તમારાં ભેગાં દર્શન થયાં હતાં, માટે તમે દિવ્યમૂર્તિ છો ને તમે શ્રીજીમહારાજ ભેગા છો ને શ્રીજીમહારાજ તમારા ભેગા છે.

અને વળી કોઈક સમયને વિષે સંત-હરિભક્તની સભામાં વિરાજમાન અને સંત–હરિભક્તોએ ચંદન તથા પુષ્પના હારથી પૂજેલા એવા ને વચનામૃતની રહસ્યવાતો કરીને સંત હરિભક્તને આનંદ પમાડતા ને કેવળ કૃપા કરી પોતારૂપ અનાદિમુક્ત કરીને શ્રીજીમહારાજની

મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપતા ને સળંગ મૂર્તિના સુખનો અનુભવ કરતા ને વળી કરાવતા ને જેમના શરીરની કાંતિ નવીન મેઘ સમ છે ને સર્વ અવયવને વિષે શોભાયમાન અને પુષ્ટ સ્વરૂપ એવા ને પાંચા પિતા અને દેવબા માતાના પુત્ર, એવા મારા પરમ ગુરુરાજ છો. તે તમે મારા ઉપર દયા કરીને મને તમારો સજાતિ અનાદિમુક્ત કરીને તમારા ભેગો મૂર્તિમાં રાખશો ને હું અનાદિમુક્તે સહિત શ્રીજીમહારાજનું ધ્યાન કરું છું.

અને વળી કોઈક દિવસ બાપાશ્રી મંદિરના ચોકમાં જામફળી નીચે ઢોલિયામાં બેઠા હતા અને ધનજી પટેલ પાસે યજ્ઞની કંકોત્રીઓ લખાવતા હતા ને બાપાશ્રી પાસે ભૂરાભાઈ, નાગજીભાઈ આદિ હરિભક્તો બેઠા હતા, તે સમે સાધુ કેશવપ્રિયદાસે કથાની સમાપ્તિ કરીને બાપાશ્રી પાસે આવી માથું નમાવીને દર્શન કર્યાં અને બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! આજે ગ્રંથ પૂરો વંચાઈ રહ્યો !' ત્યારે બાપાશ્રી અતિશય કરુણાએ ભીના થકા બોલ્યા જે, ' આ બિચારાનો વાંચી વાંચીને કંઠ બેસી ગયો માટે શું આપશું ? ' ત્યારે નાગજીભાઈએ કહ્યું જે, ' મૂર્તિ આપો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મૂર્તિ તો આપી છે પણ પૂરું કરી દઈએ' –એમ કહીને કેશવપ્રિયદાસના માથા ઉપર બે હસ્તકમળ દબાવીને કહ્યું જે, 'જાઓ તમારું પૂરું પૂરું પૂરું' –એમ ત્રણ વાર અતિ દયાથી બોલ્યા, એવા હે ગુરુરાજ ! મારા ઉપર તમે સદાય રાજી રહો.

શ્રીજીમહારાજ ને સદ્. સ્વામી નિર્ગુણદાસજી તથા અબજીબાપાશ્રી, તેમના જોગ–સમાગમથી અનાદિમુક્તની સ્થિતિને પામેલા અને મૂર્તિના સુખભોક્તા અને એકાંતિક ધર્મના ધારક-પ્રવર્તક એવા સદ્‌ગુરુ સ્વામી દેવચરણદાસજી, મુકુંદજીવનદાસજી, ઘનશ્યામ-જીવનદાસજી, નારાયણસેવકદાસજી, કૃષ્ણજીવનદાસજી, વૃંદાવનદાસજી, ઈશ્વરચરણદાસજી, કૃષ્ણકેશવદાસજી, પૂ. હરિપ્રસાદદાસજી, શા. ધર્મસ્વરૂપદાસજી આદિ અમદાવાદના, તથા મૂળીના સદ્. સ્વામી હરિનારાયણદાસજી, બાલકૃષ્ણદાસજી, પૂ.ધર્મકિશોરદાસજી, ગુણાતીતદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, દેવજીવનદાસજી, કૃષ્ણપ્રસાદદાસજી, શા. ગોપાળચરણદાસજી આદિ, તથા વડતાલના સદ્. પૂ. રઘુવીરચરણદાસજી આદિ, તથા ભૂજના સ્વામી અક્ષરજીવનદાસજી, બ્ર. નિર્ગુણાનંદજી, મહાપુરુષદાસજી, ભક્તિપ્રિયદાસજી, શ્રીવલ્લભદાસજી આદિ સંત–મંડળ તથા બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈ તથા માવજીભાઈ ને જાદવજીભાઈ તથા પટેલ પરબત ને રામજી નારાયણ આદિ વૃષપુરના, તથા દહીંસરાના કેસરાભાઈ, તત્‌સુત ખીમજી ને દેવજી, તથા રત્નાભાઈ આદિ, તથા રામપુરના દેવરાજભાઈ આદિ, તથા નારાયણપુરના જાદવજીભાઈ, તત્‌સુત ધનજીભાઈ, તત્‌સુત રામજી, લાલજી ને હરજી આદિ, તથા કેરાના કુંવરજીભાઈ આદિ, તથા ભારાસરના પટેલ ગાંગજી ભોજા,

તેજા ભક્ત, પૂંજા ભક્ત, કેસરાજ, રામજી વાલજી, રામજી રૂડા આદિ, તથા સુખપુરના દેવજીભાઈ, કાનજી પટેલ, વાલજી ભક્ત, વીરજી ભક્ત આદિ, તથા કુંભારિયાના મિસ્ત્રી હરજીભાઈ તથા ગોવાભાઈ આદિ, તથા ભૂજના પુરુષોત્તમભાઈ મહેતા તથા કોટવાળ ઘેલાભાઈ તથા કોઠારી ચાગપાળ આદિ કચ્છના, તથા ઉપરદળના રામજીભાઈ, સરસપુરના પ્રાણશંકરભાઈ, ગિરજાશંકરભાઈ, કાણોતરના બાપુભાઈ, કણભાના આશાભાઈ, પ્રાંતિજના કેશવલાલભાઈ, માલણિયાદના અમીચંદભાઈ તથા ચતુરભાઈ, વાંટાવદરના ભૂરાભાઈ તથા સોની મોતીભાઈ, મનસુખભાઈ, ડૉ. નાગરદાસ તથા મણિલાલ, શેઠ બળદેવભાઈ, શેઠ હીરજીભાઈ, બહેચરભાઈ, નાગજીભાઈ, સોમચંદભાઈ, સોની રામજી આદિ સર્વે અનાદિ મુક્તમંડળને હું નમસ્કાર કરું છું. તમે સર્વે મારા ઉપર રાજી રહેશો. ઈતિ વિશ્રામ ૧

શ્રીજીમહારાજના સંકલ્પમૂર્તિ એવા અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીનું પ્રગટ થવાનું કારણ

ક્ષર અક્ષરથી પર, સર્વ કારણના કારણ, અપરિમિતકોટિ પરમએકાંતિક અનાદિમુક્ત તેમના સ્વામી એવા સ્વામિનારાયણ ભગવાન, તે પોતાના અક્ષરધામમાં સદા વિરાજમાન છે. તે પોતાના પ્રેમી ભક્તને લાડ લડાવવા છપૈયાપુરમાં ધર્મભક્તિ થકી પ્રગટ થયા અને પોતાને વિષે અતિ પ્રીતિવાળા ધર્મદેવ ને ભક્તિમાતા અને રામપ્રતાપભાઈ એ આદિ સ્વજન તેમને તથા બીજા ભક્તોને બહુ સુખ આપ્યાં પછી વનવિચરણ કર્યું અને પુલહાશ્રમમાં એક પગે ઊભા રહી તપશ્ચર્યા કરી, તે સમયે નરનારાયણ તથા બ્રહ્મા, શંકર, સૂર્ય આદિ દેવ દર્શન કરવા આવ્યા, તેમણે પ્રાર્થના કરી ત્યારે તપની સમાપ્તિ કરી. પછી વનમાં અનેક જીવનો ઉદ્ધાર કરતા થકા ગોપાળજોગીને મળ્યા, ને તે જોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી દેહ મેલાવીને મુક્ત કર્યા તથા નવ લાખ જોગીને દયા કરીને દર્શન દીધાં ને નવ લાખ સ્વરૂપે થઈને સર્વને મળ્યા ને તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા. પછી જગન્નાથપુરી ને સેતુબંધ રામેશ્વર આદિ તીર્થમાં ફરી લોજપુરમાં આવીને મુક્તાનંદસ્વામી આદિ સંત ભેગા રહ્યા અને રામાનંદસ્વામીને પત્ર લખ્યો તેમાં મુમુક્ષુ જીવોના મોક્ષ સારુ પોતાનું વર્તન તે લખી જણાવ્યું. પછી રામાનંદસ્વામીને પીપલાણામાં મળ્યા ને તેમની પાસેથી મહાદીક્ષા ગ્રહણ કરીને રામાનંદસ્વામીને ગુરુ કર્યા. અને રામાનંદસ્વામી શ્રીજીમહારાજને ગાદીએ બેસારી અંતર્ધાન થયા. પછી શ્રી સહજાનંદસ્વામી, નારાયણમુનિ, સ્વામિનારાયણ, સ્વામી, હરિકૃષ્ણ તથા હરિ અને કૃષ્ણ ને શ્રીઘનશ્યામ મહારાજ ને શ્રીજીમહારાજ એ આદિ નામે કરીને પોતાનું ભજન અને પોતાની મૂર્તિનું ધ્યાન પોતાના ભક્તજનને કરાવવા માંડ્યું, અને મોટા મોટા સદ્. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિ પાંચસો

પરમહંસ તથા મુકુંદાનંદ ઈત્યાદિક નૈષ્ઠિક બ્રહ્મચારી અને મોટા મોટા સદ્‌ગૃહસ્થ દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, હિંમતસિંહ, સુરસિંહ આદિ પોતાના આશ્રિત થયા. અને શ્રી સહજાનંદસ્વામી સંત-હરિભક્તને સાથે લઈને સોરઠ, કચ્છ, કાઠિયાવાડ આદિ દેશમાં વિચર્યા, અને અનેક મતવાદીઓને સમાધિઓ કરાવી. એ આદિ અનંત, અપાર ને દિવ્ય અદ્‌ભુત એવો પોતાનો ઐશ્વર્ય-પ્રતાપ જણાવીને હજારો મનુષ્યને પોતાનાં આશ્રિત કર્યાં ને પૃથ્વીને વિષે ત્યાગી-ગૃહીના આશ્રમના વિભાગપૂર્વક શુદ્ધ એકાંતિક ધર્મ સ્થાપન કર્યો ને પોતાનું સર્વોપરી 'સ્વામિનારાયણ' નામે પૂર્ણ પુરુષોત્તમપણું પ્રગટ કર્યું. પછી શ્રીજીમહારાજ દુર્ગપુરમાં વિશેષપણે રહેતા અને કોઈક સમયે ભક્તના પ્રેમને વશ થઈને ગુજરાત આદિ દેશમાં જતા-આવતા, પણ કચ્છ આદિ દૂર દેશમાં જવાનું બંધ રાખ્યું હતું.

તે સમયે શ્રીજીમહારાજના વિયોગે કરીને દુખિયા કચ્છદેશના હરિભક્ત જે રત્નો ભક્ત, કરસન ને કચરો તથા ભીમજી, ગંગારામભાઈ, સુંદરજીભાઈ, હીરજીભાઈ, રાયધણજી આદિ તથા સૂરજબા, કરણીબા આદિ ઘણાં ભક્તજન બાઈઓ તથા ભાઈઓ તે શ્રીજીમહારાજને કચ્છમાં તેડી લાવવાની ઈચ્છાથી શ્રીજીમહારાજનાં દર્શન કરવા દુર્ગપુર આવ્યાં. તે સમે શ્રીજીમહારાજ દાદા-ખાચરના દરબારમાં બિરાજમાન હતા અને પાસે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દાદાખાચર, સોમલાખાચર, સુરાખાચર, ભગુજી અને મૂળજી બ્રહ્મચારી આદિ સંત-પાર્ષદ બેઠા હતા, અને કચ્છના હરિભક્તો દર્શન કરવા લાગ્યા. તે સમયે શ્રીજીમહારાજે દિવ્યસ્વરૂપે પોતાનું દર્શન આપ્યું, તેથી તે ભક્તો દેહનું ભાન ભૂલી ગયા અને શ્રીજીમહારાજના સ્વરૂપમાં જોડાઈ ગયાં, અને મૂર્તિનું બહુ સુખ આવ્યું. પછી શ્રીજીમહારાજે એ ભક્તોને બોલાવ્યા ત્યારે સ્મૃતિ આવી. પછી શ્રીજીમહારાજે સત્કાર કરીને રાખ્યા. તે કેટલાક દિવસ રહીને દર્શન-સેવાનો લાભ લીધો, પછી કચ્છના ભક્તોએ શ્રીજીમહારાજને વિનંતી કરી જે, 'હે હરિ ! અમે સંતમંડળ સહિત આપને કચ્છમાં તેડી જવા આવ્યા છીએ અને કચ્છના નાનામોટા સર્વે ભક્તને તમારાં દર્શનની બહુ જ ઈચ્છા છે, માટે કચ્છમાં પધારવા કૃપા કરો ને આપનાં દર્શન-સેવાનો સર્વેને લાભ આપો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ' અમારું શરીર અશક્ત થઈ ગયું છે, તેથી કચ્છમાં અવાશે નહિ.' ત્યારે તે કચ્છના સર્વે ભક્ત અતિશય દિલગીર થઈ ગયા.ત્યારે પરમ કૃપાળુ શ્રી સહજાનંદસ્વામી મહારાજ બોલ્યા જે, 'હે ભક્તજનો ! અમે તમારા ભેગા જ છીએ, ને અમે તમારી સેવા બહુ અંગીકાર કરી છે અને વળી કચ્છદેશમાં અમારા અનાદિમુક્તને મોકલશું. અને અનાદિમુક્ત તે દેશમાં ઘણા દિવસ રહેશે અને તમો આદિ સર્વેને સુખિયા કરશે, માટે તમે કાંઈ ચિંતા કરશો નહિ. મારે કચ્છના સત્સંગી ઉપર ઘણું હેત છે માટે અમારી ઈચ્છાથી અનાદિમુક્ત ત્યાં આવીને રહેશે. તે

મુક્તમાં ને અમારામાં કાંઈ ફેર સમજશો નહિ; એ તો અનેક જીવના આત્યંતિક મોક્ષ કરવા સારુ તે અનાદિમુક્ત અમારા સંકલ્પથી આવશે અને અનંત ભક્તને અનાદિમુક્ત કરશે.' ત્યારે વૃષપુરના રત્નાભક્ત બોલ્યા જે, ' હે મહારાજ ! તમારા અનાદિમુક્ત કચ્છમાં કિયા ગામમાં પ્રગટ થશે ?' ત્યારે શ્રીજીમહારાજ 'મંદ મંદ' હસીને બોલ્યા જે, ' તારા ગામમાં પ્રગટ થશે.' ત્યારે તે ભક્તે કહ્યું જે, 'બહુ સારું, મહારાજ !' એમ કહીને તે ભક્તજનો પોતાના દેશમાં ગયા. આ વાત શ્રીજીમહારાજે મધ્યના ૪૮ના વચનામૃતમાં કરી છે જે, 'અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે આ દેહને મૂકીશું, પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી તોપણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ ઈચ્છીએ છીએ.'–આમાં શ્રીજીમહારાજે અનાદિમુક્તને સત્સંગમાં મોકલવાની ઈચ્છા જણાવી છે.

સંવત ૧૮૮૫ના ચૈત્રમાસમાં શ્રીહરિનવમીને દિવસે શ્રીજીમહારાજે મોટી સભા કરી હતી તેમાં ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી મહારાજ તથા સદ્. મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી આદિ મોટા મોટા સંત–બ્રહ્મચારી તથા દાદાખાચર, સોમલાખાચર આદિ મોટા મોટા હરિભક્ત સભામાં આવીને બેઠા હતા, અને મધ્યે ઢોલિયા ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા હતા. પછી શ્રીજીમહારાજે વાત કરી જે, ' આપણે ઘણા જીવના મોક્ષ સારુ સત્સંગિજીવન ગ્રંથ કરાવ્યો છે ને બીજા પણ તેને અનુસરતાં શાસ્ત્ર કર્યાં છે. તેમાં કોઈક ઠેકાણે શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ અવતારને અને તે અવતારના અવતારી સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન જે અમે, તે તેમની ને અમારી એકતા કરીને વર્ણન કર્યું છે ને કોઈક ઠેકાણે તે શાસ્ત્રમાં અમને સર્વ અવતારના અવતારી ને સર્વોપરી કહ્યા છે. અને અમે જે વાતો કરી છે તેનાં વચનામૃત લખાયાં છે, તેમાં તો એક અમે જ સર્વોપરી ભગવાન છીએ ને શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ સર્વે અમારા અવતાર છે. અને અમારા અક્ષરધામમાં પરમએકાંતિક મુક્ત અમારી પાસે રહ્યા છે ને અનાદિમુક્તને અમારી મૂર્તિમાં રાખ્યા છે. અને અમારા પ્રકાશનો સમૂહ તે જ અક્ષરધામ છે, તેમાં અમે સદાય વિરાજમાન છીએ. અને તે ધામનાં કિરણોમાં અનંતકોટિ અક્ષરરૂપી બ્રહ્માંડ રહ્યાં છે, અક્ષરનાં કિરણોમાં વાસુદેવ બ્રહ્મરૂપી બ્રહ્માંડ રહ્યાં છે, વાસુદેવ બ્રહ્મનાં કિરણોમાં મહાપુરુષ ને મહામાયારૂપી બ્રહ્માંડ રહ્યાં છે, મહાપુરુષનાં કિરણોમાં વૈરાજરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે, અને અક્ષર પર્યંત સર્વેને અમારા તેજનાં કિરણે કરીને સુખ–સામર્થ્ય ને પ્રકાશને આપીએ છીએ. અને અમે તો પરમએકાંતિક તથા અનાદિમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા એક જ સ્વામિનારાયણ ભગવાન છીએ. આવી અમારા મહિમાની વાતો તે વચનામૃતમાં ને ખરડામાં છે. તે વચનામૃત અને ખરડા જેની પાસે હોય

તે સર્વે અમારી પાસે લાવો.' ત્યારે જેની જેની પાસે હતા તે સર્વે લાવ્યા. પછી તે વચનામૃત ને ખરડા ભેગા કરાવીને શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને શુકાનંદસ્વામી એ પાંચ સદ્‌ગુરુને સોંપ્યા અને કહ્યું જે, 'તમે પાંચ સદ્‌ગુરુ આ સર્વે ઘણાંક વચનામૃત છે અને ખરડા છે, તેનું શોધન કરીને સત્સંગિજીવન ગ્રંથને મળતું થાય અને અમારું સર્વોપરીપણાનું જ્ઞાન પણ રહે, એમ દ્વિઅર્થી ભાવમાં વચનામૃત લખો.' ત્યારે તે પાંચ સદ્‌ગુરુઓએ શ્રીજીમહારાજે કહ્યું તે પ્રમાણે વચનામૃતનું શોધન કરવા માંડ્યું. પછી વચનામૃત આશરે નવસોથી બારસો હતાં તથા ખરડા પણ ઘણા હતા તેમાંથી શોધન કરીને ૨૬૨ વચનામૃત તૈયાર કર્યાં, અને તે વચનામૃતની બે પ્રતો લખીને શ્રીજીમહારાજને બતાવી ને વાંચી સંભળાવી. પછી શોધન કરતાં બીજાં ૧૧ વચનામૃત બીજા પાસે રહી ગયેલાં તે મળ્યાં, તે ૨૬૨ વચનામૃતમાં ઉમેરી ૨૭૩ વચનામૃત કર્યાં અને તે શ્રીજીમહારાજને બતાવ્યાં. તેને જોઈને શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને સર્વે પ્રત્યે બોલ્યા જે, 'આ વચનામૃતનું શોધન કર્યું તેથી આમાં હવે કોઈને સંશય નહિ થાય.'

ત્યાર પછી કોઈક સમયે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામી આદિ સદ્‌ગુરુઓને કહ્યું જે, 'આ વચનામૃતમાં અમારું રહસ્યજ્ઞાન છે, તે તમ જેવા મુક્ત વિના પોતાની મેળે સમજાય તેવું નથી માટે તમે સર્વેને સમજાવજો; કારણ કે અમારી સર્વોપરી ઉપાસના સમજે તો જ અમારી મૂર્તિના સુખની પ્રાપ્તિ થાય, માટે તે વાત તમે જીવંત પર્યંત જરૂર પ્રવર્તાવજો, અને અમે તો અક્ષરધામમાં જઈને બેસશું, પણ તમારા જેવા અનાદિમુક્તને મોકલશું ; તે વચનામૃતનાં રહસ્યાર્થ પછીથી સમજાવશે.'

ત્યાર પછી શ્રીજીમહારાજે અંતર્ધાન લીલા કરવા મંદવાડ ગ્રહણ કર્યો અને ગોપાળાનંદ - સ્વામીને કહ્યું જે, 'અમને રજા આપો.' ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'સારું મહારાજ. જેમ આપની મરજી હોય તેમ કરો; અમારે જેમ આપની મરજી હશે તેમ રહેવું છે.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'અમે તમારા ઉપર બહુ રાજી છીએ અને હું જેવો છું તેવો તમારા ભેગો જ છું. અને જેટલું અમે કરીએ તેટલું તમે પણ કરશો.'–એમ ગોપાળાનંદસ્વામી ઉપર શ્રીજીમહારાજે પ્રસન્નતા જણાવી.

પછી વળી શ્રીજીમહારાજે મોટા સદ્‌ગુરુ આદિ સંતમંડળ તથા બ્રહ્મચારી, પાળા ને ગૃહસ્થ ભક્ત તેમની સભા કરી. પછી તે સર્વેને શ્રીજીમહારાજે કહ્યું જે, 'હવે અમે અદૃશ્ય થઈશું અને તમે સર્વે ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં વર્તજો અને તે અમારે ઠેકાણે છે અને અમે શ્રીનરનારાયણ, શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીરાધાકૃષ્ણ ને શ્રીગોપીનાથ આદિ મૂર્તિઓ પધરાવી છે, તે અમે જ અમારા

સંકલ્પે કરીને તે મૂર્તિઓરૂપે થઈને દર્શન આપીએ છીએ, પણ બદરિકાશ્રમવાસી નરનારાયણ અને ગોલોકવાસી ગોપીનાથ તે ન જાણશો. અને અમારી શ્રીસહજાનંદસ્વામી નામની ચિત્રપ્રતિમા પધરાવી છે, તથા શ્રીહરિકૃષ્ણ નામે ધાતુની મૂર્તિ પધરાવી છે, તે મૂર્તિનું ધ્યાન કરજો. અને પ્રતિમારૂપ અમને પ્રત્યક્ષ જાણીને સેવા કરજો અને સર્વે સાધુ, બ્રહ્મચારી ને પાળા–તે શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે આજ્ઞામાં રહેજો અને ગૃહસ્થ-ભક્ત તે શિક્ષાપત્રી પ્રમાણે રહેજો, તો અમે તમને અમારા ભેગા રાખશું અને અમારી કેડે કોઈ દેહ મૂકશો નહિ તથા અન્નજળ મૂકશો નહિ ને અમારા વચનમાં રહીને કથાવાર્તા–ધ્યાનભજન કરજો, તો હું સદાય તમારા ભેગો રહીશ અને મૂર્તિમાં અમારા ભેગા રાખીશ પણ જે ત્યાગી થઈને સ્ત્રીધનનો ત્યાગ રાખશે નહિ, તે ત્યાગીને આલોક-પરલોકમાં અમારા ભેગા નહિ રાખીએ.' –એમ કહીને સભાની સમાપ્તિ કરી.

ત્યાર પછી શ્રીજીમહારાજે અંતર્ધાનલીલા કરી અને અક્ષરધામમાં વિરાજમાન થયા. તે સમયે શ્રીજીમહારાજે પોતાના નેત્રકમળનું મટકું માર્યું, ત્યારે સર્વે મુક્તોએ પૂછ્યું જે, 'હે મહારાજ! તમે આ શું ચરિત્ર કર્યું ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમે એક નિમિષ માત્રમાં નરલોકમાં નરનાટક ધારણ કરીને ઓગણપચાસ વર્ષ, બે માસ ને એક દિવસ રહ્યા ને એકાંતિક ભક્તને લાડ લડાવ્યાં અને તેમને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા. હવે અમે મંદિરો કરાવીને મૂર્તિઓ પધરાવી છે ને શાસ્ત્ર કરાવ્યાં છે તથા મોટા સંત રાખ્યા છે તે દ્વારે જીવોના મોક્ષ કરશું. અને વળી અનાદિમુક્તને પણ મોકલશું. અને તે અનાદિમુક્ત દ્વારા વચનામૃતના રહસ્ય અર્થ ને અનાદિમુક્તની સ્થિતિ સમજાવીને અનાદિમુક્ત કરશું.' ઈતિ વિશ્રામ ૨

અનાદિમુક્ત જેવી રીતે અને જે દેશ, જે ગામ ને જે કુળમાં પ્રગટ થયા તેનો કિંચિત્ ઉલ્લેખ

કચ્છદેશમાં ભૂજનગરથી નૈર્ઋત્ય ખૂણામાં છ કોશ દૂર વૃષપુર નામે ગામ છે. જે પુરની ઉત્તર દિશામાં વિશ્વામિત્રી નામે નાની નદી છે અને તે નદીની સમીપે ઉત્તરમાં કાળું સર છે ને તે સરના તટને વિષે પ્રગટ ભગવાનને બેસવાનું મહા મોટું તીર્થસ્થાન છે ને તે તીર્થથી પૂર્વ દિશામાં બળદેશ્વર નામે શિવજીનું મંદિર છે, અને તે નદીના તટમાં આશાપુરી નામે દેવીનું સ્થાન છે ને ત્યાં વિવિધ વૃક્ષનું વન છે અને જે ગામને વિષે શ્રી સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત વૈશ્ય જ્ઞાતિના કણબી ભક્તજનો ઘણા રહ્યા છે અને જે પુરમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એ ચાર વર્ણ રહે છે. અને જે પુર શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળથી ઘણીવાર અંકિત થયેલું છે એવું વૃષપુર ગામ, તેને વિષે ભગવાનના ભક્ત સ્વધર્મનિષ્ઠ એવા કણબી વેકરિયા નાથા પટેલ નામે

હતા ને તેને ત્રણ પુત્રો હતા. તે સર્વે પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હતા અને સ્વધર્મનિષ્ઠ એવા સંતની સેવા કરતા, ને તેમનાં ગંગદાસ, રૂડા ને તેજા એવાં નામ હતાં. તેમાં રૂડાના પુત્ર પાંચાભાઈ નામે હતા, તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત ને સંતની સેવામાં પરાયણ હતા ને તે પાંચાભાઈનાં પત્ની દેવબા નામે હતાં; તે કેવાં, તો પતિવ્રતા અને શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રેમલક્ષણા ભક્તિવાળાં ને ભગવાન ને ભગવાનના ભક્તની સેવામાં અતિ શ્રદ્ધાવાળાં, એવાં તે દેવબા તથા પાંચાભાઈ તે પ્રત્યક્ષ ભગવાનની ધર્મે સહિત એવી ભક્તિ કરતા, ને રૂપ ને ગુણે કરીને શ્રીજીમહારાજ જેવા પોતાને પુત્ર થાય એવા ભાવથી શ્રીજીમહારાજની પ્રતિમાને પ્રત્યક્ષ જાણીને પૂજા કરતાં, ને પુત્રની ભાવનાથી પૂર્વે પણ જેમણે ઘણુંક તપ કર્યું છે એવાં દેવબા, તે તેવા જ ભાવથી બ્રાહ્મમુહૂર્તને વિષે નિત્ય પ્રત્યે જાગી અખંડ મૂર્તિમાં વૃત્તિ રાખીને કાળા સરમાં સ્નાન કરવું, દિવસમાં એકવાર ભોજન કરવું, ચાતુર્માસમાં ખટરસનો ત્યાગ કરી ધારણાં-પારણાં કરવાં, કાર્તિક માસમાં ચાંદ્રાયણ અને માઘ માસમાં કૃચ્છ્રવ્રત કરવાં, તેવો નિયમ કેટલાંક વર્ષ સુધી રાખ્યો હતો.

સંવત ૧૯૦૦ના પોષ સુદ ત્રીજ ને ગુરુવારના દિવસે દેવબા બ્રાહ્મમુહૂર્તમાં જાગી મૂર્તિનું ધ્યાન કરીને અને મૂર્તિમાં વૃત્તિ રાખીને બીજી સત્સંગી બાઈઓ સાથે કાળીતલાવડીમાં સ્નાન કરવા ગયાં હતાં. પછી સર્વે બાઈઓ છત્રી છે ત્યાં વસ્ત્ર મૂકીને દૈહિક ક્રિયા તથા સ્નાન વગેરે કરવા લાગ્યાં, અને દેવબા તો તત્કાળ દૈહિક ક્રિયા કરીને સરોવરમાં સ્નાન કરીને જ્યાં છત્રી છે ત્યાં જ માનસીપૂજા તથા ધ્યાન કરવા બેઠાં. તે સમયે દેવબાને તેજનો સમૂહ દેખાયો અને તે તેજને વિષે શ્રીજીમહારાજનાં દર્શન થયાં; તે કેવાં, તો દિવ્ય મનોહર મૂર્તિ અને મુક્તના મંડળે વીંટાયેલાં એવાં શ્રીજીમહારાજનાં દર્શન કરીને દેવબા અત્યંત આનંદમાં પૂર્ણ થયાં ને બે હસ્ત જોડીને નમસ્કાર કર્યા. પછી ધીરાં રહીને શ્રીજીમહારાજની સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યાં જે, 'હે અક્ષરાધિપતિ ! તમે અનંતકોટિ મુક્તના તથા અનાદિમુક્તના સ્વામી છો. હે હરિકૃષ્ણ ! હે સ્વામિનારાયણ ! તમે સર્વ કારણના કારણ છો, અને સર્વોપરી ને સ્વતંત્ર છો ને સર્વને સુખદાતા અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છો. હે સ્વામિન્ ! તમે અપાર દયા કરી મને તમારાં દર્શન આપ્યાં. આવા દયાળુ મૂર્તિ મારા સ્વામી શ્રીજીમહારાજ તમે છો. માટે હે સ્વામિન્ ! પૂર્વે જેમ તમે સર્વે હરિભક્તના મનોરથ પૂરા કર્યા છે, તેમ મારો મનોરથ પણ પૂરો કરો. હે નાથ ! હું તમારે શરણે જ છું. અને મીનને જેમ જળ જીવન છે તેમ તમે મારા જીવનપ્રાણ છો.'-એવી દેવબાની સ્તુતિ-પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, 'હે કલ્યાણી દેવબા ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું, માટે તમારે જે ઈચ્છા હોય તે મારાથી વર માગો.' ત્યારે દેવબા બોલ્યાં જે, 'હે હરિકૃષ્ણ ! હે

સ્વામિન્ ! તમે જો મને વર દેવાને ઇચ્છતા હો, તો એ માગું છું જે, રૂપ, ગુણ ને ઐશ્વર્યે કરીને તમારા જેવા મારે પુત્ર થાય ને તમારે વિષે અત્યંત પરાભક્તિ થાય ને તમારી મૂર્તિમાંથી મારા મનની વૃત્તિ ક્યારેય નોખી પડે નહિ એ માગું છું. અને મને તમારું અનુભવજ્ઞાન આપીને તમારી મૂર્તિમાં રાખો એ માગું છું.' ત્યારે શ્રીજીમહારાજ 'મંદ મંદ' હસીને દેવબા પ્રત્યે બોલ્યા જે, 'હે પ્રિયે ! અમારા જેવા તો અમે એક જ છીએ. અને અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય. તે અનાદિમુક્ત તમારે ત્યાં પ્રગટ થાશે અને અસંખ્ય જીવનો ઉદ્ધાર કરશે અને તમારા મનોરથ પૂરા કરશે. આ મારું વચન તમે સત્ય માનજો ને નિત્યે આ સ્થાનમાં દર્શન કરજો ને આ તળાવમાં સ્નાન કરજો. આ સ્થાન, આ ગામ ને સીમ તે મને દુર્ગપુર જેવાં પ્રિય છે, માટે મારા સંકલ્પથી અનાદિમુક્ત તમારા પુત્ર થાશે અને આ ગામ ને સીમને વિષે વિચરશે અને તમારા જેવા જે જે મારા પ્રેમી ભક્ત છે, તે સર્વેના મનોરથ પૂરા કરશે. માટે તમે કાંઈ ઓછું માનશો નહિ; જેમ તમારી ઇચ્છા છે તેમ કરશે.' એમ કહીને શ્રીજીમહારાજ તત્કાળ અંતર્ધાન થઈ ગયા. ત્યારે દેવબા અતિ આનંદ પામીને ત્યાંથી બીજી બાઈઓ સાથે પોતાને ઘેર આવ્યાં, અને શ્રીજીમહારાજે પોતાને દર્શન દઈને વર આપ્યો તે વાત દેવબાએ પોતાના પતિ પાંચાભાઈને કહી, ત્યારે પાંચાભાઈ પણ અતિ આનંદ પામ્યા. ઇતિ વિશ્રામ ૩

મુક્તરાજનો પ્રાદુર્ભાવ, સર્વત્ર મંગળ, બે મહિના સ્તનપાન કર્યા વિના રહ્યા તથા અચ્યુતદાસજીસ્વામીએ મુક્તશ્રીને વર્તમાન ધરાવી નામ પાડ્યું, તેમના ગુણ કહ્યા ને નામનો અર્થ કર્યો વગેરે

ત્યાર પછી સત્યસંકલ્પ ને સર્વને સુખદાતા અક્ષરાતીત મુક્તના સ્વામી, એવા સહજાનંદસ્વામી શ્રીજીમહારાજે પોતાના અનાદિમુક્તને સત્સંગમાં પ્રગટ થવાનો સંકલ્પ કર્યો. ત્યારે અનાદિમુક્તે પાંચાભાઈના મનને વિષે પ્રવેશ કરીને દેવબાના ઉદરને વિષે પ્રવેશ કર્યો. ત્યારે તે દેવબા અતિ દિવ્યસ્વરૂપ દેખાવા લાગ્યાં ને સર્વે જન દેવબાને જોઈને આશ્ચર્ય પામવા લાગ્યાં. પછી શ્રીજીમહારાજના અનાદિમુક્ત શુભકાળને વિષે સંવત ૧૯૦૧ના હેમંતઋતુમાં કાર્તિક માસના શુક્લપક્ષમાં પ્રબોધિની એકાદશી ને સોમવારની રાત્રિના નવ વાગ્યાના સમયે (રાત્રિ સાડા સાત ઘડી જતાં) અનાદિમુક્તરાજ પ્રગટ થયા. તે સમયે માતા દેવબાને અતિ શ્વેત ને શીતળ એવો તેજનો સમૂહ દેખાયો; તેમાં તેજોમય, અતિ આનંદઘન, દિવ્ય, દ્વિભુજ ને મૂર્તિમાન એવા શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ત્યારે દેવબા શ્રીજીમહારાજને જોઈને અતિશય આનંદમાં બે હસ્ત જોડી નમસ્કાર કરીને જેટલામાં સ્તુતિ

કરવાનું કરે છે ત્યાં તો શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી દેવબા બાળસ્વરૂપ મુક્તરાજને જોઈને અતિશય આનંદ પામ્યાં. અને તે મુક્તરાજના પ્રગટ થયાથી તે સમયે તે ગામ અને દેશને વિષે ઘણું જ મંગળ વર્તી રહ્યું હતું . અને સત્સંગમાં પણ સર્વે ભક્તજનનાં મન પ્રસન્ન થયાં અને માતાપિતા પોતાના પુત્રને લાલન-પાલન વગેરે સેવા કરવા લાગ્યાં.

ત્યાર પછી એક માસના પુત્ર થયા ત્યારે કોઈક દિવસ સ્તનપાન કરીને માતાના ખોળામાં બેઠા હતા. તે સમયે અનંતદેવ તે મુક્તનાં દર્શન કરવા સારુ આવ્યા અને તેમના વિમાનથી આકાશ સર્વે ઢંકાઈ ગયું અને મુક્ત ઉપર ચંદનપુષ્પની વૃષ્ટિ કરવા માંડી, ત્યારે માતાપિતા વગેરે સર્વને આશ્ચર્ય થયું. પછી મુક્તરાજશ્રીએ તે સર્વે દેવને પોતાનાં દર્શનથી આનંદ પમાડીને જવાની રજા આપી. તે જોઈને માતાપિતા તથા સર્વે જન આશ્ચર્ય પામ્યાં ને તે પુત્રને શ્રીજીમહારાજના મોટા મુક્ત જાણીને અતિશય સ્નેહ કરવા લાગ્યાં. એક વખત તે મુક્ત બે મહિના સુધી સ્તનપાન કર્યા વિના રહ્યા તોપણ અતિ રાજી રહે અને રુએ પણ નહિ ને શરીરે અતિ પુષ્ટ એવા મુક્તરાજશ્રી બાળચંદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યા અને દેવબાના ઘરમાં સર્વે સમૃદ્ધિ પણ વૃદ્ધિ પામવા લાગી. અન્ન, ધન, વસ્ત્ર વગેરેથી ઘર ભરાઈ ગયું ને જે વસ્તુ જોઈએ તે તરત આવી પ્રાપ્ત થાય એવો મુક્તરાજશ્રીનો પ્રગટ પ્રતાપ દેખાવા લાગ્યો અને મુક્તરાજશ્રી બાળચરિત્ર કરીને સર્વેને આનંદ પમાડવા લાગ્યા.

ત્યાર પછી બાળસ્વરૂપ એવા મુક્તરાજશ્રી ત્રણ મહિના અને અગિયાર દિવસના થયા ત્યારે સદ્. સ્વામી અચ્યુતદાસજી પોતાના મંડળ સહિત મહારાજની ઈચ્છાએ કરીને ભૂજનગરથી વૃષપુરને વિષે આવ્યા હતા, ત્યારે મુક્તરાજના પિતા પાંચાભાઈ સ્વામીને મોટા સમર્થ ને દિવ્ય દૃષ્ટિવાળા જાણીને પોતાના પુત્રને વર્તમાન ધરાવવા ને નામકરણ કરાવવા સારુ સ્વામીની પાસે લાવ્યા. ત્યારે સ્વામી અચ્યુતદાસજી તે બાળસ્વરૂપ મુક્તના મુખચંદ્ર સામું બે ઘડી જોઈ રહ્યા ને સ્વામીની વૃત્તિ મુક્તસ્વરૂપમાં જોડાઈ ગઈ, પછી બહુ મોટા જાણી તે મુક્તરાજનો જમણો હસ્ત પોતાના હાથમાં લઈને તેમાં ચિહ્ન જોઈને અતિ પ્રસન્ન થયા ને જળ રેડીને 'સ્વામિનારાયણ' એ ષડાક્ષર મંત્ર તથા 'અનાદિ મુક્તોહં સ્વામિનારાયણદાસોસ્મિ' એ બે મંત્ર બોલીને વર્તમાન આપ્યાં, પછી સ્વામીએ બાળસ્વરૂપ મુક્તના કંઠને વિષે તુલસીના કાષ્ઠની સૂક્ષ્મ મણકાની બેવડી માળા પહેરાવી અને ભાલને વિષે કુંકુમના ચાંદલા સહિત કેસરચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક કરાવ્યું. અને બે બાહુ ને હૃદયને વિષે કેસરચંદનનાં તિલક કર્યાં. પછી પાંચાભાઈએ સ્વામીને 'નામકરણ' કરવાનું કહ્યું. ત્યારે સ્વામીશ્રી બાળસ્વરૂપ મુક્ત સામું જોઈ રહ્યા, ત્યારે અતિ દિવ્યતેજોમય સ્વરૂપ દેખાંયા અને તેમના અનંત ગુણ-ઐશ્વર્ય દેખાયા પછી 'અબજીભાઈ' એવું નામ કર્યું પછી મુક્તરાજને ઠાકોરજીની પ્રસાદીના પેંડા-પતાસાં આપીને વળી સ્વામી મુક્ત પ્રત્યે બોલ્યા જે, 'હે મુક્તરાજ!

તમે સ્વામિનારાયણ ભગવાન-સ્વરૂપ છો ને સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પમૂર્તિ છો, માટે સર્વેને શ્રીજીમહારાજના સુખે સુખિયા કરજો અને શ્રીજીમહારાજની આજ્ઞા પાળજો ને પળાવજો. પછી સ્વામી મુક્તના પિતા પ્રત્યે બોલ્યા જે, 'હે પાંચાભાઈ ! આ તમારા પુત્ર બહુ મોટા ને બહુ સમર્થ છે; સ્વામિનારાયણ ભગવાનના અનાદિમુક્ત છે, માટે તમારા પુત્રને હજારો સંત-હરિભક્ત વશ વર્તશે ને સેવા-સમાગમ કરશે. વળી આ બાળસ્વરૂપ મુક્તરાજની કીર્તિ સમગ્ર સત્સંગને પવિત્ર કરશે ને અનાદિમુક્ત એવા મોટા મોટા સદ્‌ગુરુ તથા હજારો સંત-હરિભક્ત તે પણ આ મુક્તને ગુરુ માનીને સમાગમ કરશે ને આ મુક્ત મોટા મોટા યજ્ઞ કરી લક્ષાવધિ સંત-હરિભક્તને ભેગા કરીને શ્રીજીમહારાજનું દિવ્ય સુખ આપશે ને શ્રીજીમહારાજે પોતે પ્રવર્તાવેલો એકાંતિક ધર્મ અને પોતાના સ્વરૂપની ઉપાસના તેની અતિશય જ પુષ્ટિ કરશે. અને અનંત સંત-હરિભક્તને સર્વોપરી માહાત્મ્યજ્ઞાને સહિત શ્રીજીમહારાજની ઉપાસના ને અનાદિમુક્તની સ્થિતિ સમજાવીને અનાદિમુક્તની સ્થિતિ કરાવશે ને અનંત મુક્તને શ્રીહરિજીની મૂર્તિમાં રાખશે. વળી આ તમારા પુત્ર તે પુરુષોત્તમ તુલ્ય અનાદિમુક્ત છે તથા સ્વતંત્ર ને નિરાવરણ દૃષ્ટિવાળા છે ને મૂર્તિમાં સળંગ રહ્યા છે ને ઉપશમ સ્થિતિમાં રહે છે; વળી અનુભવજ્ઞાને યુક્ત છે ને શ્રીજીમહારાજના સંકલ્પરૂપ એવા અનાદિમુક્ત છે. અને આ મુક્તને વિષે શ્રીજીમહારાજના દિવ્ય ગુણ રહ્યા છે. તેને કહું છું જે શમ, દમ, તપ, સામ્ય, તિતિક્ષા, ઉપરતિ, શ્રુત, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ, સ્મૃતિ, સ્વતંત્રપણું, કૌશળ, કાંતિ, ધૈર્ય, માર્દવ, પ્રાગલ્ભ્યપણું, પ્રશ્રય, શીલ, સહ, ઓજ, બળ, ભગ, ગાંભીર્ય, સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિમાન, અનહંકૃતિ, અગર્વ, અમાનીપણું, અદંભીપણું, મિતાહાર, દક્ષતા, મિત્રપણું, સર્વોપકારીપણું, વિજય, બ્રહ્મણ્ય, શરણ્ય, અનિહ, અપરિગ્રહ, શ્રીજી-મહારાજના સ્વરૂપમાં અચળ-દૃઢ માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી ભક્તિ, અને ગુરુસેવા ઇત્યાદિક દિવ્ય કલ્યાણકારી ગુણ આ પુત્રને વિષે રહ્યા છે. તે સર્વે ગુણને હું જાણી શકતો નથી અને બીજાને પણ જાણવા દુર્લભ છે. અને આ પુત્રને વિષે અનંત ઐશ્વર્ય, તેજ, પ્રતાપ, શરીરનું સુંદરપણું આદિ રહ્યાં છે. એવા શ્રીજીમહારાજના અનાદિ મુક્તસ્વરૂપ આ પુત્રની સેવા કરજો. તેણે કરીને તમે સર્વે માયાના ભાવથી મુક્ત થઈને આત્યંતિક મોક્ષને પામશો અને જે કોઈ આ મુક્તનો આશ્રય કરશે ને સેવા-સમાગમ કરશે તે પણ મોક્ષને પામશે –આવી રીતે અચ્યુતદાસજી સ્વામીએ બાળસ્વરૂપ એવા મુક્તના ગુણ કહીને પછી શ્રીજીમહારાજની મૂર્તિ સંભારીને પ્રથમ નામ પાડ્યું છે તેનો અર્થ પણ સ્વામીએ પાંચાભાઈને કહ્યો જે, 'અ' કહેતાં સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત અને 'બ' કહેતાં સર્વને પામવા યોગ્ય એવા ફળરૂપ અને 'જી' કહેતાં સર્વને જીતવું એટલે વશ વર્તાવવું તેને વિષે સમર્થ

અને 'ભ્રાત' કહેતાં બંધુની પેઠે સર્વેને મૂર્તિનું સુખ પમાડવું તે રૂપી હિત કરનારા માટે અબજીભાઈ એવો અર્થ સમજવો.'

તેનો સવૈયો–

'અખંડ અનાદિ સ્વતંત્ર હરિ, સોય સત્ય સંકલ્પ સ્વરૂપ દીખાયા.
બડહી પ્રતાપકું આપ છુપાય કે, નિજ જનકો નિત્ય લાડ લડાયા.
જીવનપ્રાણ સદા સુખરાશિ, ચૈતન્યકો નિત્યમુક્ત બનાયા.
ભ્રાત કે ભાતિ ભલાઈ કરીકે, શ્રીજીસ્વરૂપમેં સ્થિર ઠેરાયા.'

એમ કહીને સ્વામી વિરામ પામ્યા. ત્યારે પાંચાભાઈ પોતાના પુત્રના ગુણ તથા નામ સાંભળીને અતિ હર્ષાયમાન થકા સ્વામીને નમસ્કાર કરી પોતાના પુત્રને તેડીને ઘેર ગયા ને પુત્રની માતા દેવબાને પુત્ર આપ્યા, ને પુત્રના ગુણ તથા નામ સ્વામીએ જે કહ્યાં છે તે સર્વે પોતાનાં પત્ની તથા સ્વજન તથા બીજા હરિભક્ત તેમને કહી સંભળાવ્યાં . ત્યારે તે સાંભળીને તે સર્વેને અતિશય આનંદ થયો અને દેવબાને શ્રીજીમહારાજે દર્શન દઈને વર આપ્યો હતો તે સાંભરી આવ્યો, તેથી પોતાના પુત્ર શ્રીજીમહારાજ–સ્વરૂપ અનાદિમુક્ત છે એમ જાણીને પુત્રને વિષે શ્રીજીમહારાજની ભાવનાએ અતિ સ્નેહ કરવા લાગ્યાં. પછી બાળસ્વરૂપ પુત્રને સ્તનપાન કરાવીને પારણિયામાં શયન કરાવ્યું. પછી દેવબા અને પાંચાભાઈ તેમણે પોતાના ઘેરથી ઘી, સાકર, લોટ આદિ લઈ જઈને સ્વામીને આપ્યાં ને નાના પ્રકારનાં ભોજન કરાવીને સર્વે સંતમંડળને જમાડ્યું, અને ચંદનપુષ્પના હારે કરીને સ્વામી વગેરે સંતની પૂજા કરી ને વસ્ત્ર ઓઢાડ્યાં અને સ્વામી પણ મંડળ સહિત બાળસ્વરૂપ એવા મુક્તનાં દર્શન કરતા, ને કથાવાર્તા કરતા થકા તે ગામને વિષે પંદર દિવસ રહીને પાછા ભૂજનગર આવ્યા. ઈતિ વિશ્રામ ૪

બાળચરિત્ર, ભારેભારે ચમત્કાર, વિદ્યાભ્યાસ તથા દિવ્ય ઉપદેશ

સર્વના સ્વામી એવા શ્રીજીમહારાજ તેમના સંકલ્પથી પ્રગટ થયેલા બાળસ્વરૂપ એવા મુક્તશ્રી પાંચમા માસને વિષે પોતાની મેળે પૃથ્વી ઉપર બેસવા લાગ્યા અને ઢીંચણભર ચાલવા લાગ્યા અને અર્ધાક્ષર અને કોઈમાં સંપૂર્ણ અક્ષર એવા શબ્દ બોલવા લાગ્યા અને બાળલીલાથી માતાપિતા અને રમાડનારા જન તેમનાં મનને પોતાને વિષે આકર્ષણ કરી આનંદ પમાડવા લાગ્યા. એવા મુક્તરાજશ્રીને ત્રીજું વર્ષ થયું, ત્યારે માતાપિતાએ ચૌલસંસ્કાર કર્યો. પછી મુક્તશ્રી બાળલીલાએ કરીને આનંદ પમાડતા થકા ક્યારેક એક માસ, ક્યારેક બે માસ અને ક્યારેક ચાર

માસ પર્યંત અન્ન-જળ, દૂધ-દહીં વગેરે કાંઈ પણ વસ્તુ જમ્યા વિના જ મૂર્તિના સુખમાં જોડાઈ રહેતા અને પોતે પોતાની સર્વે ક્રિયા પણ કરતા અને શરીરમાં પુષ્ટ અને તેજસ્વી ને બાળચંદ્રની પેઠે વૃદ્ધિને પામતા એવા મુક્તશ્રીને જોઈને માતાપિતા તથા સર્વે ભક્તજન આશ્ચર્ય પામવા લાગ્યાં. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુક્ત અને આત્મારામ ને પૂર્ણકામ એવા મુક્તરાજશ્રી તે બાળચરિત્ર કરી પોતાનાં માતાપિતાને અને સર્વ ભક્તજનને આનંદ પમાડતા હતા.

અને એક વખત દેવબાએ તેડ્યા હતા ત્યારે બહુ જ ભાર જણાયો તેથી આશ્ચર્ય પામી હેઠા બેસાર્યા, ત્યારે વળી તે મુક્તે લાંબા હાથ કર્યા એટલે ફરીથી તેડ્યા, ત્યારે અતિશય હળવા લાગ્યા. તેણે કરીને દેવબાને અતિ આશ્ચર્ય થયું અને 'કાલું કાલું' બોલીને માતાપિતા અને પોતાને રમાડનારા જન તેમના મનની વૃત્તિ પોતાને વિષે આકર્ષણ કરી લેતા. એવા બાળસ્વરૂપ મુક્તને ચોથું વર્ષ થયું, ત્યારે બાળકો સાથે રમવા લાગ્યા. ત્યાર પછી પાંચમા વર્ષમાં અનાદિ મુક્તરાજે ભણવાનું ચાલુ કર્યું. ત્યારે બાળકો સાથે નિશાળે ભણવા જતા અને આંક ને અક્ષરજ્ઞાન શીખ્યા અને ગુજરાતી પાંચ ચોપડી ભણ્યા. પછી તો પોતાની મેળે લખવું, તથા ગમે તે ચોપડી હોય તેને વાંચી તેનો ભાવાર્થ જાણવો, તેમાં પ્રવીણ થયા. તેમ જ વચનામૃત, ભક્તચિંતામણિ, બ્રહ્મવિલાસ અને નિષ્કુળાનંદસ્વામીના ગ્રંથ તેને પણ પોતાની મેળે જ વાંચી ભાવાર્થ જાણી લેતા. તથા દેશભાષા ને વ્યાકરણભાષા તથા ધર્મશાસ્ત્ર એ આદિ સર્વે વિદ્યા પોતાની મેળે જ બાલ્યાવસ્થામાં જ ભણી લીધી અને પૌગંડ તથા કિશોર અવસ્થામાં મુક્તરાજશ્રી બ્રાહ્મમુહૂર્તમાં જાગવું, મૂર્તિનું ધ્યાન કરવું ને નામસ્મરણ કરવું તેને કરતા. પછી શૌચવિધિ અને દાતણ કરી સ્નાન કરતા ને ધોયેલું એક વસ્ત્ર પહેરી તથા બીજું ઓઢી પવિત્ર આસન ઉપર બેસીને માનસીપૂજા કરતા. પછી લલાટ, હૃદય ને બે હસ્ત એ ચાર ઠેકાણે તિલક કરીને પછી શ્રીજીમહારાજની મૂર્તિઓને આવાહનપૂર્વક પધરાવી તે મૂર્તિઓની માનસિક, ને પ્રત્યક્ષ એવા ષોડશોપચારે કરીને પૂજા કરતા અને માળા લઈને 'સ્વામિનારાયણ' નામના મંત્રનો જપ કરતા, તેમ જ શિક્ષાપત્રીનો પાઠ નિત્યે કરતા. અને બાપાશ્રી પોતે શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે, તોપણ ભક્તજનની શિક્ષાને અર્થે નિત્યવિધિ નિયમે કરીને નિત્ય પ્રત્યે કરતા. અને મંદિરમાં ઠાકોરજીને દંડવત્ કરી દર્શન કરવાં, તથા સંત-હરિભક્તનાં દર્શન કરવાં, કીર્તન શીખવાં, ગાવાં તથા વચનામૃત, ભક્તચિંતામણિ આદિ સંપ્રદાયના ગ્રંથની કથા વાંચવી, તે નિયમે સહિત કરતા. તેમ જ ઠાકોરજીની તથા સંત-હરિભક્તની સેવા શ્રદ્ધા અને માહાત્મ્યે સહિત કરતા અને તે મુક્તરાજશ્રીએ બ્રહ્માનંદ-સ્વામી, મુક્તાનંદસ્વામી આદિ સદ્‌ગુરુઓનાં કરેલાં કીર્તન તેમાંથી અગિયારસો ચોસર મુખપાઠે કર્યાં હતાં અને સાયંકાળે પોતાના મિત્રને સાથે લઈને મંદિરમાં આવી આરતી, ધૂન,

સ્તુતિ-પ્રાર્થના, દંડવત્ આદિ સર્વે કરતા અને સખાઓ સહિત કીર્તન બોલતા અને કથા વાંચતા. જ્યારે મંદિરમાં મુક્તરાજ વચનામૃત તથા ભક્તચિંતામણિની કથા વાંચતા, ત્યારે પોતાનો સ્વર અતિશય મધુર છે, તેથી કરીને સર્વે સંત-હરિભક્તના મનને હરિ લેતા. અને તે મુક્તશ્રીના મુખકમળની કથા સાંભળનારા સંત-હરિભક્તના ચિત્તનો શ્રીજીમહારાજની મૂર્તિમાં નિરોધ થઈ જતો. ને કેટલાક ભક્તના હૃદયમાં સાક્ષાત્ મૂર્તિ દેખાતી. ને કેટલાક સંત-હરિભક્તને તો સિંહાસનમાં પધરાવેલી મૂર્તિમાંથી ઝળહળાટ છૂટતું ને અપરંપાર ને અતિ શ્વેત, શીતળ ને શાંત એવું તેજ દેખાતું ને તે તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ પણ તેજોમય દેખાતી ને અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પણ તે મૂર્તિમાં દેખાતા અને ક્યારેક તેજે સહિત મૂર્તિ મુક્તરાજશ્રી પાસે આવીને અદૃશ્ય થઈ જતી એવું કેટલાકને દેખાતું. તેણે કરીને સર્વેને શ્રીહરિની મૂર્તિના સુખનો આનંદ અક્ષરધામમાં છે તેવો જ મુક્ત તથા શ્રીહરિની ઇચ્છાથી છતે દેહે આવતો અને તેથી સર્વ ભક્તજનો આનંદના સમુદ્રમાં ઝૂલતા. અને તે મુક્તશ્રીનાં દર્શન વડે કરીને ત્રિવિધિના તાપથી કોઈને પરાભવ પણ થતો નહિ. આવી રીતે મુક્તશ્રી સર્વેને આનંદ પમાડવા લાગ્યા.

પછી કિશોર અવસ્થાને પામ્યા એવા જે મુક્તરાજશ્રી તે પોતાના સખાને ભગવાન ભજવાનો ઉપદેશ કરતા જે, 'હે મિત્રજનો ! આ દેહ ને દેહના સંબંધી તથા લોક, ભોગ, સમૃદ્ધિ, સુખ તે સર્વે જડ, દુઃખ ને મિથ્યારૂપ છે માટે મહારાજને ભૂલીને તેને અર્થે પ્રયત્ન કરવો નહિ ને તે સારુ મહારાજની આજ્ઞા લોપવી નહિ. અને શ્રીજીમહારાજની મૂર્તિ, મૂર્તિનું સુખ, મૂર્તિનું તેજરૂપ ધામ, ધામમાં રહેલા મુક્ત ને મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત તે સર્વે સચ્ચિદાનંદ-સ્વરૂપ છે, માટે તેને પામવાનું યત્ન કરવું અને આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. -તે રામ, કૃષ્ણ, નરનારાયણ, વાસુદેવ, ને સૃષ્ટિકર્તા અક્ષર તે સર્વે અવતારના કારણ ને અવતારી છે. અને અનંતકોટિ મુક્ત ને નિત્યમુક્ત તે પણ જેમના ચરણકમળની સેવા કરે છે એવા છે. અને સ્વતંત્ર, ને સર્વના સ્વામી, ને સર્વને સુખદાતા એવા એક શ્રીજીમહારાજ છે તેમનો દૃઢ આશરો રાખવો ને તેમને વિષે જ દૃઢ નિષ્ઠા રાખવી ને તેમને જ સર્વ કર્તા જાણી ધર્મમાં રહીને માહાત્મ્યજ્ઞાને સહિત તેમની ભક્તિ કરવી. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત એવા શ્રીજીમહારાજના સંત તેમનો સમાગમ ને સેવા કરવી ને તેથી જ જીવનો મોક્ષ થાય છે; અને જે જીવ હિંસા, ચોરી, પરસ્ત્રીનો સંગ, વટલવું, વટલાવવું -એ આદિ પાપ કરે છે તેને ગર્ભવાસ ને નરક ચોરાશીનાં દુઃખ ભોગવવાં પડે છે ને તે અજ્ઞાની છે. અને જે ભગવાનના ભક્ત હોય ને ધર્મવાળા પણ હોય, પણ શ્રીજીમહારાજ ને અનાદિમુક્તનું અસાધારણ માહાત્મ્ય સમજતા ન હોય ને અનાદિમુક્તની સ્થિતિ પણ સમજે નહિ ને પોતામાં કાંઈક વિદ્યા, વિવેક, વૈરાગ્ય આદિ ગુણનું માન હોય, તેથી ભગવાનના ભક્ત ઉપર

ક્રોધ-ઈર્ષ્યા કરે ને મોટા અનાદિમુક્તનો અવગુણ લે, દ્રોહ કરે તો તેનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ શુભ કર્મ કરેલાં હોય ને સંતની સેવા-સમાગમ કર્યાં હોય, તે સર્વે નાશ પામી જાય છે ને તેને ભૂતના અને બ્રહ્મરાક્ષસના દેહ આવે છે ને દુઃખ ભોગવવાં પડે છે; માટે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે પંચ મહાપાપથી અધિક પાપ છે. તેમ જ ભગવાનની મૂર્તિનું ને શાસ્ત્રનું ખંડન કરવું તે તો અતિ અધિક પાપ છે, માટે આપણે તેવાં પાપકર્મ ન કરવાં અને અધર્મને માર્ગે ક્યારેય ચાલવું નહિ અને વિષયવાસના ને દેહાભિમાન તેનો ત્યાગ કરીને ને ધર્મમાં રહીને ભગવાન ભજવા ને પ્રગટ શ્રીજીમહારાજ અથવા અનાદિમુક્ત મળે તેમને ઓળખીને તેમને શરણે થાય તો સર્વે સાધન પૂરાં થાય છે; તેને કાંઈ કરવું બાકી રહેતું નથી અને તેનો આત્યંતિક મોક્ષ થાય છે.' -એમ તે મુક્તશ્રી બાળ અવસ્થામાં તથા કિશોર અવસ્થામાં પોતાના મિત્રને શિક્ષા-ઉપદેશ કરીને પ્રત્યક્ષ ભગવાનનું ધ્યાન-ભજન કરાવતા અને નિયમધર્મમાં રહેતા અને રખાવતા. ઈતિ વિશ્રામ ૫

પર્વતભાઈના દૃષ્ટાંતે અનાદિમુક્તનો મહિમા ને કિશોર અવસ્થાની લીલા, તેમાં લખાઈવાડીના કૂવે તથા કાળીતલાવડીએ ચમત્કારી સ્નાન ને નદીની રેતીમાં સખા સાથે ચમત્કારી રમત

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રીએ કિશોર અવસ્થાની લીલાઓ તેણે કરીને પોતાના સ્નેહી મિત્રને તથા સર્વેને અતિશય આનંદ પમાડ્યા છે -એવી લાખો લીલાઓ છે તેમાંથી એક બે લવલેશ લખીએ છીએ.

કોઈક સમે વૈશાખ માસમાં મુક્તરાજશ્રી પોતાની લખાઈ નામે વાડીએ ગયા હતા. તે સમે પોતાના અતિ સ્નેહી મિત્રો આવ્યા; તે કિયા, તો કુંવરજી, જાદવજી, કેસરાભાઈ, વિશરામ, કાનજી, કરસન, ગાંગજી, ખેતા તથા નારાયણ આદિ મુખ્ય સખાઓ છે ને મુક્તરાજશ્રીને વિષે અતિ સ્નેહવાળા છે તે આવ્યા. તેમને જોઈને મુક્તરાજશ્રી પોતે કોસ હાંકતા હતા, તે કોસને છોડીને તે સખાની સાથે સભા કરીને બેઠા અને પ્રત્યક્ષ શ્રીજીમહારાજના મહિમાની વાતો કરવા લાગ્યા જે, 'પર્વતભાઈ શ્રીજીમહારાજના અનાદિમુક્ત હતા અને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેતા ને તેમની સર્વ ક્રિયા શ્રીજીમહારાજ કરતા ને પોતે તો મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા જ નહિ ને પર્વતભાઈને કાંટા-કાંકરા વાગે તે શ્રીજીમહારાજને વાગતા; કેમ જે પર્વતભાઈ શ્રીજીમહારાજ સાથે એકાત્મ્યપણું પામ્યા હતા અને મોટા મોટા દેવ ને અવતાર તે પણ શ્રીજીમહારાજ ને પર્વતભાઈનાં દર્શન કરવા આવતા ને પર્વતભાઈના સાંતીની આગળ પાછે પગે ચાલતા થકા શ્રીજીમહારાજનાં ને પર્વતભાઈનાં દર્શન કરતા, એવો શ્રીજીમહારાજના અનાદિમુક્તનો મહિમા છે. અને કૈવલ્યમુક્ત ને

નિત્યમુક્ત તે પણ અનાદિ મુક્તનાં નામ છે અને તેવા મુક્ત પણ અનંતકોટિ છે, ને તે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે ને અખંડ મૂર્તિનું સુખ ભોગવે છે પણ મૂર્તિથી બહાર આવતા નથી અને બહાર દેખાય છે, તે તો શ્રીજીમહારાજના સંકલ્પથી દેખાય છે. તેવા શ્રીજીમહારાજના સંકલ્પસ્વરૂપ અનાદિમુક્ત તમને પ્રત્યક્ષ મળ્યા છે ને તમને પણ મૂર્તિમાં રાખશું, પણ એવા મોટા સાથે જીવ જોડવો જોઈએ અને તેમના વચનમાં રહેવું જોઈએ.' –એમ ઘણીક વાતો કરીને સ્નાન કરવા સારુ લખાઈવાડીને કૂવે ગયા.

તે સમે મુક્તરાજની અવસ્થા બાર વર્ષની હતી અને તેમના બીજા સખા કોઈ બાર વર્ષના ને કોઈ દસ, કોઈ પંદર ને કોઈ વીસ વર્ષના હતા. તે સર્વે મિત્રજનો પોતાનાં વસ્ત્ર કૂવાની સમીપે મેલી એક વસ્ત્ર પહેરી મુક્તરાજશ્રીની વાટ જોઈને ઊભા રહ્યા હતા, ત્યાં તો મુક્તરાજશ્રી દૈહિક ક્રિયા કરીને આવ્યા ને કૂવાને કાંઠે આવી તુરત જળમાં ભૂસકો મારીને જળમાં સ્નાન કરવા લાગ્યા, ત્યારે બીજા સર્વે વારાફરતી કૂવામાં ધૂબકા મારવા લાગ્યા, એમ ઘણીવાર સ્નાન કર્યું. પછી મુક્તશ્રી મિત્રજનને કહેવા લાગ્યા જે, ' આપણે કૂવામાં ધૂબકો મારવો ને જળમાં ઉપર રહેવું પણ ઊંડા પેસી જવું નહિ; છાતી સુધી જળમાં ડુબાય અને બાકીનું શરીર બહાર રહે તેમ ધૂબકો મારવો.' ત્યારે સર્વે સ્નેહી ભક્તો એવો વિચાર કરીને ભૂસકો મારવા લાગ્યા, પણ તે તો પાણીમાં ઊંડા પેસી જાય પરંતુ પાણી ઉપર રહી શકે નહિ. અને મુક્તરાજશ્રી તો ઉપરથી ધૂબકો મારે તોપણ છાતી બરોબર જળમાં જાય ને બાકીનું શરીર બહાર રહે. તે જોઈને સર્વે સખા આશ્ચર્ય પામી કહેવા લાગ્યા જે, 'હે સમર્થ ! અમે તો જળમાં ઉપર રહેવાનો ઘણો ય પ્રયાસ કરીએ છીએ, તોપણ જળમાં ઊંડા પેસી જવાય છે ને આપ તો અનાદિમુક્ત છો, તે ચહાય તે કરો પણ અમારાથી તમારા જેવું થઈ શકે નહિ.' –એમ કૂવામાં ઘણીવાર જળક્રીડા કરીને પછી પોતપોતાનાં વસ્ત્ર પહેરીને આંબાના વૃક્ષ નીચે માનસીપૂજા કરવા બેઠા. પછી મુક્તરાજશ્રી જાગ્રત થઈને સર્વે મિત્રોને વાત કરવા લાગ્યા જે, 'શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજવી અને આજ્ઞા પાળવી; એ જ આત્યંતિક મોક્ષનું કારણ છે. તે આવા અનાદિમુક્તના જોગે કરીને જ આજ્ઞા–ઉપાસનાનું સ્વરૂપ સમજાય છે, પણ પોતાની બુદ્ધિબળે કરીને સમજાય નહિ.' –એમ વાત કરી. પછી તે સર્વે મિત્રજનો મુક્તરાજશ્રીને નમસ્કાર કરીને પોતપોતાને ઘેર ગયા. ત્યાર પછી મુક્તરાજશ્રી તે વાડીથી નવી વાડીએ આવીને પોતાનું ખેતી સંબંધી કામ કરવા લાગ્યા અને સાંજે મંદિરમાં આવી ગોડી, આરતી, ધૂન, સ્તુતિ, દંડવત્ વગેરે કરીને સર્વેને 'જય સ્વામિનારાયણ' કહી મંદિરમાં બેસી સખાઓ સહિત કીર્તન બોલવા લાગ્યા. પછી માળા ફેરવી ને કથાની સમાપ્તિ થઈ એટલે ઘેર વાળુ કરવા પધાર્યા, ત્યારે મુક્તરાજશ્રીનાં માતુશ્રી દેવબાએ પોતાના પુત્રને અતિ સ્નેહથી ખીચડી, ઘી,

દૂધ, પાપડ, અથાણું વગેરે જમાડ્યું અને જમીને મંદિરમાં આવી કીર્તન બોલવા લાગ્યા ને વચનામૃતની કથા વાંચીને વાતો કરી, પછી લીલા-કીર્તન અને ધ્યાન કરીને મંદિરમાં સૂઈ રહ્યા. એવી રીતે નિત્યે મંદિરમાં કથાકીર્તન ને વાતો કરતાકરાવતા -એવા મુક્તરાજશ્રીના જોગ-સમાગમથી સર્વે ભક્તોને ઘણો આનંદ વર્તતો હતો.

કોઈક સમયે શ્રાવણ માસમાં મુક્તશ્રી પોતાના મિત્રજનો સહિત સ્નાન કરવા સારુ કાળી-તલાવડીએ ગયા હતા. ત્યાં મુક્તરાજશ્રી સર્વ સખાઓ સહિત પોતપોતાનાં વસ્ત્ર સરોવરને તટે મૂકીને સરોવરમાં સ્નાન કરવા લાગ્યા અને ઊંડા જળમાં જઈને તરવું, ડૂબકીઓ મારવી એવી રીતે ઘણીક વાર જળક્રીડા કરી. પછી મુક્તશ્રીએ સખાઓને કહ્યું જે, 'આપણે સર્વે જળને વિષે ડૂબકીઓ દઈએ -તેમાં કોણ જળમાં અધિક રહે છે ?' -એમ કહીને સર્વે વારાફરતી ડૂબકી દઈને જળમાં પેસી જાય; તેમાં કોઈ જળમાં ત્રણ મિનિટ સુધી રહ્યા ને કોઈક ચાર ને કોઈક બે મિનિટ જળમાં રહીને બહાર આવ્યા. પછી અનાદિમુક્તશ્રી ડૂબકી મારીને જળમાં ઊંડા જઈને બેસી રહ્યા ને એક કલાક થઈ તોપણ જળમાંથી બહાર ન આવ્યા, ત્યારે સર્વે સ્નેહીજનો જળમાં મુક્તરાજશ્રીને ખોળવા લાગ્યા પણ ભાઈશ્રી હાથ ન આવ્યા, તેથી સર્વેની છાતીઓ શ્વાસે કરીને ભરાઈ આવી અને સર્વે અતિશય થાકી ગયા. પછી તેઓ ઊંડા જળમાંથી બહાર આવીને અતિશય દિલગીર થઈને બોલવા લાગ્યા જે, 'અહો ! આ શું થયું ! અને આપણા જીવનપ્રાણ મુક્ત ક્યાં ગયા ? હે સ્વામિનારાયણ ! હે હરિકૃષ્ણ મહારાજ ! તમે જ એક અમારી રક્ષા કરનારા છો અને શાંતિ પમાડનારા છો, માટે અમારા પરમ સ્નેહી મુક્તના વિયોગે કરીને દુઃખને પામતા એવા અમને તેમનો સંયોગ કરાવીને સુખિયા કરો.' -એમ વિલાપ કરતાં જ મુક્તરાજશ્રી ઊંડા જળમાંથી ઉપર આવીને દેખાયા અને તત્કાળ તે સ્નેહી ભક્તજનોની મધ્યે આવ્યા. ત્યારે તે સર્વે ભક્તજન મુક્તશ્રી પ્રત્યે બોલ્યા જે, 'હે મુક્તરાજ ! તમે અત્યાર સુધી ક્યાં ગયા હતા ? અમે તો તમને જળમાં ખોળી ખોળીને થાકી ગયા, અને તમારા વિના જીવ વિનાનો દેહ જેમ જડ થઈ જાય, તેમ અમે સર્વે જડ થઈ ગયા હતા.' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'અમે ડૂબકી મારી તે આ સત્સંગમાં મૂળી, ગઢપુર, જેતલપુર, અમદાવાદ, વડતાલ આદિ મોટાં મોટાં સ્થાનમાં શ્રીજીમહારાજની મૂર્તિઓનાં દર્શન કરીને તથા બીજાં ગામોમાં જે અતિ પ્રેમી ભક્તો રહ્યા છે, તેમનો સ્નેહ જોઈને તેમને દર્શન દઈ ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિમાં થઈને તેથી પર અક્ષરધામમાં શ્રીજીમહારાજની સમીપે ગયા હતા, અને મહારાજ ને અનંતકોટિ મુક્ત તેમને મળીને શ્રીજીમહારાજની મૂર્તિમાં થીજી રહ્યા હતા. પછી મહારાજે ઇચ્છા કરી એટલે ત્યાંથી ડૂબકી મારી તે અહીં તમારી પાસે આવ્યા.' ત્યારે સર્વે મિત્ર અતિ આનંદ પામી મુક્તના ચરણમાં નમસ્કાર કરીને મળ્યા અને મુક્ત પણ સર્વેને મળ્યા,

તેથી સર્વે શાંતિ પામ્યા. પછી જળમાંથી બહાર નીસરી પોતપોતાનાં વસ્ત્ર પહેરી પુરમાં પોતપોતાને ઘેર ગયા અને તે સખાઓએ મુક્ત અબજીભાઈના ચમત્કારની વાતો પોતાના સંબંધીને કરી તેને સાંભળીને સર્વે ભક્તજનો આશ્ચર્ય પામ્યા અને વિચાર કરવા લાગ્યા જે, 'આ કોઈક બહુ મોટા મુક્ત પ્રગટ થયા છે.'

ત્યાર પછી મુક્તરાજશ્રી કોઈક દિવસ પોતાના મિત્રજનોને સાથે લઈને વિશ્વામિત્રી નદીના તટમાં જે ખજૂરીઓ,આંબા આદિ વૃક્ષનાં વન છે, તેમાં જઈને નાના પ્રકારની રમતો રમવા લાગ્યા. તેમાં પ્રથમ સર્વે સખા મળીને મુક્તરાજશ્રીને કહેવા લાગ્યા જે, 'એક જણ આગળ દોડે ને તેને બીજા ઝાલી લે, માટે તમે આગળ દોડો; અમે તમને ઝાલીએ.' ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે; 'સારું; તમે અમને ઝાલજો.' –એમ કહીને મુક્તશ્રી મિત્રજનોને હાથતાળી દઈને આગળ દોડ્યા, ત્યારે સર્વે સખા તેમને ઝાલવા કેડે દોડવા લાગ્યા. તે સમે મુક્તરાજશ્રી ખેતરવા સુધી સખાઓને આગળ આગળ દોડતા દેખાયા ..... , પછી જેટલા પોતાના મિત્ર છે તેટલા સ્વરૂપે થયા અને ચારે કોર નોખા નોખા સ્વરૂપે મુક્તશ્રી સૌની આગળ દેખાયા. ત્યારે સખા પણ કોઈક જાણે જે, 'મુક્તશ્રી પૂર્વમાં જાય છે.' ને કોઈક જાણે જે, 'ઉત્તરમાં જાય છે.' –એમ જોંઈને નોખા નોખા સ્વરૂપે દેખાતા જે મુક્ત તેમને ઝાલવા સારુ તે સખા પણ એક એક કેડે દોડવા લાગ્યા. પછી તે સર્વે સખા તો દોડી દોડીને અતિશય થાકી ગયા તોપણ અબજીભાઈશ્રીને ભેળા થઈ શક્યા નહિ. ત્યારે પરમ કૃપાળુ ભાઈશ્રી ઊભા રહ્યા, એટલે નોખા નોખા સ્વરૂપે ઊભા રહેલા એવા મુક્તરાજને તે તે સખાએ પણ ઝાલીને બાથમાં લીધા. ત્યારે મુક્તશ્રી પોતાના મિત્રની બાથમાંથી નીકળીને આગળ દેખાયા, એટલે સર્વે સખા ફરીને ઝાલવા જાય છે, તેટલામાં તો મુક્તશ્રી સર્વે સખાની આગળથી એકસ્વરૂપે થઈને સર્વેને મધ્યે દૂર દેખાયા ત્યારે તે તે મિત્રજન ચારે દિશાઓમાંથી દોડીને મુક્તશ્રીની પાસે આવ્યા, એટલે મુક્તરાજશ્રી 'મંદ મંદ' હસીને સખા પ્રત્યે બોલવા લાગ્યા જે, 'અમે તો અહીં જ ઊભા છીએ ને તમે ચારે કોર કોને ઝાલવા ગયા હતા ?' ત્યારે સર્વે મિત્રજન કહેવા લાગ્યા જે, 'હે ભાઈ ! અમે તમને આગળ આગળ દોડતા દેખતા હતા તેથી અમે ચારે કોર ગયા હતા. પછી તમે અમારી પાસેથી અદૃશ્ય થઈ અહીં આવીને ઊભા છો એટલે અમે તમારી પાસે આવ્યા. આપ આવી લીલા કરો છો તે તમે કોણ છો ? તે અમે કળી શકતા નથી.' –એમ કહી આનંદમાં મુક્ત અબજીભાઈના ચરણમાં મસ્તક મેલી નમસ્કાર કરવા લાગ્યા. ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, ' અમે તો સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં થીજી રહ્યા છીએ અને લીલા તો મુક્ત દ્વારા શ્રીજીમહારાજ કરે છે.' –એમ કહીને સર્વે મંદિરમાં આવ્યા. પછી ગોડી, આરતી, ધૂન, સ્તુતિ વગેરે કરીને કીર્તન બોલવા લાગ્યા. પછી કથા, માળા, માનસીપૂજા વગેરે કરીને વાળુ કરવા ગયા, ત્યારે માતુશ્રી

દેવબા પોતાના પુત્ર અબજીભાઈને અતિ સ્નેહે કરીને ખીચડી, ઘી, દૂધ, પૂરી, પાપડ, અથાણું આદિ ભોજન જમાડવા લાગ્યાં. પછી મુક્તશ્રી જમીને પાછા મંદિરમાં આવી કીર્તન બોલીને ભક્તચિંતામણિની કથા વાંચવા લાગ્યા. તે મુક્તરાજશ્રીનો સ્વર અતિ મધુર હતો તે જાણે વાંસળી વાગતી હોય ને શું ! એમ શ્રોતા સર્વેને પ્રિય લાગતું અને સર્વેની વૃત્તિઓ કથામાં સ્થિર થઈ જતી એવી એમની વાણી દિવ્ય હતી. પછી કથાની સમાપ્તિ કરી ચેષ્ટાનાં પદ બોલી મંદિરની ઓસરીમાં જ મહારાજની મૂર્તિનું ધ્યાન કરીને યોગનિદ્રા અંગીકાર કરી. ઈતિ વિશ્રામ ૬

સગપણ તથા વિવાહ ને તેમાં શ્રીજીમહારાજનાં દિવ્ય અલૌકિક દર્શન

સર્વથી પર એવું પોતાના તેજરૂપ અક્ષરધામ, તેને વિષે સદાય વિરાજમાન એવા શ્રીજીમહારાજ તેમના સંકલ્પથી જેમનું પ્રગટપણું છે એવા અનાદિમુક્ત તે જ્યારે કિશોર અવસ્થાના થયા, ત્યારે તેમના પિતા પાંચાભાઈ તથા માતુશ્રી દૈવબા તેમને પોતાના પુત્રને પરણાવવાની ઈચ્છા થઈ. ત્યારે શ્રીજીમહારાજની ઈચ્છાથી માનકૂવા ગામના કણબી ગાંગજી ને તેમનાં પત્ની રામબા તેમને પણ પોતાની પુત્રીને પરણાવવાની ઈચ્છા થઈ; તે ગાંગજીનાં દીકરી કેવાં હતાં, તો અખંડ સૌભાગ્યવતી ન સુશીલ સ્વભાવવાળાં, ધર્મને વિષે નિષ્ઠાવાળાં, પ્રત્યક્ષ શ્રીજીમહારાજને વિષે દૃઢ ભક્તિવાળાં, અવસ્થાએ દશ વર્ષનાં ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શમદમાદિક ગુણે યુક્ત એવાં અને અતિ સ્વરૂપવાન ને જેમના શરીરની કાંતિ તેજસ્વી છે એવાં ગૌરાંગિની હતાં ને સર્વે લોક પણ તેમને તેજોવતી તથા દેવુબા નામે કરીને કહેતાં અને નામ પણ દેવુબા હતું. હવે તે કન્યાના પિતા ગાંગજી તથા માતા રામબા તે પોતાની પુત્રીને રૂપ ને ગુણે કરીને કોઈની ઉપમા ન દેવાય તેવાં મુક્તસ્વરૂપ જાણીને તે કન્યાને યોગ્ય એવા પતિને ખોળવા લાગ્યાં. ત્યારે વૃષપુરને વિષે વેકરિયા પાંચાભાઈના પુત્ર અબજીભાઈને પોતાની પુત્રી આપવા યોગ્ય જાણીને તે ગાંગજીભાઈએ અબજીભાઈ સાથે પોતાની પુત્રીનું સગપણ કર્યું. પછી થોડા દિવસમાં લગ્ન મોકલાવ્યું, ત્યારે પાંચાભાઈએ તથા દેવબાએ લગ્નની કંકોતરી આવી જાણી હર્ષભર્યા લગ્ન વધાવ્યાં અને બીજા માણસો આ અનાદિમુક્તનાં લગ્નની વધામણી સાંભળીને રાજી થયાં અને વાજિંત્ર સાથે બાઈઓ માંગલિક ગીત ગાવા લાગ્યાં. તે સમયે મુક્તરાજશ્રીને આખે શરીરે પીઠી ચોળીને સ્નાન કરાવ્યું અને ભારે નવીન વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યાં ને પગે મોજડીઓ પહેરાવી ને ભાલમાં અક્ષત સહિત કુંકુમનો ચાંદલો કર્યો ને હાથમાં ખાંડુ તથા શ્રીફળ આપી ગાડામાં બેસાર્યા અને ગામમાં ફુલેકું ફેરવ્યું. તેમાં પ્રથમ મંદિરમાં આવી મુક્તરાજશ્રી અબજીભાઈએ ઠાકોરજીનાં દર્શન કર્યાં ને ઠાકોરજી આગળ શ્રીફળ તથા ખારેકો સાથે સવાસો રૂપિયા ભેટ મેલી. તે સમયે સેવક નારાયણ ભક્તને સિંહાસનમાં શ્રીજીમહારાજની મૂર્તિનાં

દિવ્યરૂપે દર્શન થયાં અને મહારાજના તેજથી મંદિર ભરાઈ ગયું અને મુક્તરાજશ્રીનું ફુલેકું ગામમાં ફરવા લાગ્યું. તે સમયે શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર અસવાર થયેલા અને પાર્ષદો ગુલાલ ઉડાડે છે અને સંતમંડળ કીર્તન ગાય છે ને કેડે મુક્તશ્રી અબજીભાઈ ગાડામાં બેઠા છે ને હજારો મનુષ્યથી બજારમાં ચાલવાનો માર્ગ પણ રહ્યો નથી એવાં દર્શન કેટલાકને થતાં હતાં. એવી રીતે બધા ગામમાં ફરીને અબજીભાઈશ્રી પોતાને ઘેર આવ્યા, ત્યારે દેવબાએ હેતભર્યાં મીઠડાં લીધાં.

પછી બીજે દિવસે પાંચાભાઈએ જાન જોડીને માનકૂવે જવાની તૈયારી કરવા માંડી, ત્યારે દેવબાએ પોતાના પુત્રને નવાં વસ્ત્ર-આભૂષણ પહેરાવ્યાં ને ઘરને આંગણે વાજિંત્ર વાગવા લાગ્યાં અને જાનૈયા પણ સાથે તૈયાર થયા અને બાઈઓ ગીત ગાવા લાગ્યાં. તે સમે મુક્તરાજે મસ્તકે છેડાવાળી પાઘ બાંધી હતી અને અંગને વિષે અંગરખું પહેર્યું હતું ને કટીને વિષે સુરવાલ પહેર્યો હતો ને અતિ સૌમ્ય મૂર્તિ ને ભાલમાં અક્ષત સહિત કુંકુમનો ચાંદલો કરેલો છે, એવા થકા હાથમાં ખાંડુ તથા શ્રીફળ લઈને ગાડામાં બેઠા અને સાથે જાનડીઓ ગીત ગાવા લાગી ને બીજા ગાડામાં જાનૈયા બેસી ગયા ને જાન ચાલી. આવી રીતે પોતાના પુત્રની શોભા જોઈને માતાપિતાને હૈયે હર્ષ ઊભરાતો હતો. અને મુક્તરાજશ્રી વહેલમાં બેઠા, તે જ સમયે દિવ્ય સોનેરી વસ્ત્ર તથા અમૂલ્ય આભૂષણોથી અતિશય શોભાયમાન એવા શ્રીજીમહારાજ મુક્તરાજશ્રીને જમણે પડખે બિરાજમાન છે, એવાં દર્શન કેટલાકને થયાં, તેથી સર્વેને અતિશય આનંદ થયો. અને જાન જ્યારે માનકૂવે પહોંચી ત્યારે બંદૂકોના ભડાકા થયા ને ઢોલ, શરણાઈ, પડઘમ વગેરે વાજિંત્ર વાગવા લાગ્યાં ને તે સમયે આકાશ ચિદાકાશ જેવું શોભતું હતું, ને શીતળ ને સુગંધીમાન એવો વાયુ 'મંદ મંદ ' વાતો હતો ને સર્વેનાં મનની વૃત્તિઓ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે આકર્ષણ થાતી હતી ને સર્વેને અતિશય આનંદ ઊભરાતો હતો. તે સમે પટેલ ગાંગજી સામૈયું લઈને સન્મુખ આવ્યા અને હેતે સહિત મળી પાંચાભાઈ આદિને 'જય સ્વામિનારાયણ' કર્યા. પછી વાજતેગાજતે ગામમાં ઉતારે આવ્યા ને સર્વેને ભારે ભોજન જમાડ્યાં. પછી બીજે દિવસ પટેલ ગાંગજી ને તેમનાં પત્ની રામબાએ તે પાંચાભાઈના પુત્ર અનાદિમુક્ત અબજીભાઈને પોતાની પુત્રી દેવુબાનું દાન દેવા સારુ પોતાના ઘરના આંગણામાં સુશોભિત મંડપ રચેલો હતો તેમાં બાજઠ ઉપર મુક્તરાજશ્રીને પધરાવીને પોંખ્યા. પછી કન્યાદાનનો સમય થયો તે સમે માંગલિક વાજિંત્ર વાગવા લાગ્યાં અને બાઈઓ ભગવાનનાં કીર્તન ગાવા લાગ્યાં ને ઘણાં ભગવાનનાં ભક્ત બાઈઓ-ભાઈઓથી મંડપ શોભતો હતો. તે સમે કન્યાને વરને ડાબે પડખે બેસાર્યાં. પછી ભગવાનના ભક્ત એવા વિપ્ર તેણે અક્ષત-કુંકુમથી વર-કન્યાની પૂજા કરી ને વર-કન્યા પાસે ષોડશોપચારથી ભગવાનની પૂજા કરાવી. પછી વિપ્રે વિધિપૂર્વક વેદમંત્રનું ઉચ્ચારણ કરીને વર-કન્યાની છેડાછેડી બાંધી ને

હસ્તમેળાપ કરાવ્યો અને મંગળફેરા ફેરવ્યા. તે સમે આ મુક્તરાજનું દિવ્ય એવું સ્વરૂપ તેને જોતાં એવાં સર્વે બાઈઓ-ભાઈઓ, તેમને શ્રીજીમહારાજનાં દર્શન થયા જેવો આનંદ થવા લાગ્યો. અને તે સમે વીરજી ભક્તને તે મુક્તની સાથે શ્રીજીમહારાજનાં સાક્ષાત્ દર્શન થતાં હતાં ને સર્વેને અતિશય આનંદ ઊભરાતો હતો. આ પ્રમાણે લગ્નવિધિ પૂરો થયો, પછી વેવાઈએ વર તથા જાનૈયાઓને જમાડવાનો લહાવો લીધો. ને પછી જાન વળાવવાનો સમય થયો, ત્યારે કન્યાના પિતા ગાંગજી પટેલે વર-કન્યાને પહેરામણી કરી. તેમાં બે બળદ સહિત એક ગાડું તથા વાછડા સહિત શણગારેલી એક ગાય તથા પંદરસો રૂપિયા પહેરામણીમાં આપ્યા. ત્યારે પાંચાભાઈ તે સર્વે પહેરામણી લઈ વર-કન્યાને રથમાં બેસાડી તથા કેડે આવેલા પોતાના સંબંધી જન તેને પાછા વાળી સૌને મળીને વૃષપુર આવ્યા. ઈતિ વિશ્રામ ૭

અનાદિમુક્ત અબજીભાઈનો ગૃહસ્થાશ્રમ, લોકનાથાનંદસ્વામીનું આગમન, સૂરજબાનો મેળાપ, દિવ્ય ઉપદેશ ને કરાંચીનું ચરિત્ર

ત્યાર પછી અનાદિમુક્ત અબજીભાઈશ્રી સર્વ ભક્તને ગૃહસ્થાશ્રમના ધર્મની શિક્ષાને અર્થે પોતાની પત્ની સાથે ગૃહસ્થાશ્રમના ધર્મનું પાલન કરવા લાગ્યા ને દેહાદિકના નિર્વાહના અર્થે કૃષિવૃત્તિનો ઉદ્યમ કરવા લાગ્યા ને પતિવ્રતા એવાં પોતાનાં પત્ની ને વૃદ્ધ એવાં માતાપિતા તેમને અનેક પ્રકારના રસથી યુક્ત અન્ન, વસ્ત્ર તથા આભૂષણાદિકે કરીને પાલન-પોષણ કરવા લાગ્યા, તેમ જ સર્વ જનને આનંદ પમાડતા હતા. તેવા સમયમાં સદ્. સ્વામી લોકનાથાનંદજી સંતમંડળ સહિત વૃષપુરમાં આવ્યા હતા, ત્યારે આ મુક્તરાજશ્રી બીજા હરિભક્તોને સાથે રાખી સંતમંડળની સેવા કરતા. પછી એક દિવસ મુક્તરાજશ્રી લોકનાથાનંદસ્વામી આદિ સંતમંડળને પોતાની વાડીએ તેડી ગયા ને શકરિયાં બાફીને તથા આમ્રફળનો રસ એક પાત્રમાં કાઢી અને ગુંદાના પત્રના પડિયા તથા પતરાળાં કરાવીને શકરિયાં ને રસ શ્રીહરિને ધર્યાં. પછી સર્વે સંતની પંક્તિ કરાવી અને મુક્તરાજશ્રી પોતે પીરસવા લાગ્યા ને વાડકાથી આંબાનો રસ ને શકરિયાં પીરસીને સારી રીતે જમાડ્યા ને પોતાના સંબંધી તથા હરિભક્ત સહિત પોતે પણ જમ્યા. પછી સંત-હરિભક્તની મોટી સભા થઈને મુક્તરાજશ્રી પણ સભામાં બેઠા અને લોકનાથાનંદ સ્વામી વગેરે સંતોએ ઘણીવાર કથાવાર્તા કરી સર્વેને રાજી કર્યા, પછી સ્નાન કરીને મંદિરમાં આવ્યા.એમ લોકનાથાનંદસ્વામી મુક્તરાજશ્રી સાથે કથાવાર્તાનો મહા આનંદોત્સવ કરતા થકા કેટલાક દિવસ વૃષપુરમાં રહીને ભૂજ ગયા.

ત્યાર પછી કોઈક દિવસ મુક્તશ્રી અબજીભાઈ પોતાનાં મિત્રો સહિત ભૂજ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા હતા અને મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરતા હતા. તે સમયે પ્રતિમાસ્વરૂપે દેખાતા શ્રીહરિકૃષ્ણ મહારાજ સખાઓને સાંભળતા મુક્તસ્વરૂપ અબજીભાઈ પ્રત્યે બોલ્યા જે, 'હે મુક્તરાજ ! તમને મુક્તસ્વરૂપ સૂરજબા સંભારે છે.' –એમ કહીને પાનબીડીઓ આપવા હસ્ત લાંબો કર્યો. ત્યારે મુક્તરાજશ્રીએ મહારાજના હસ્તમાંથી પાનબીડાં લઈને કહ્યું જે, ' હું સૂરજબા પાસે જઈશ.' પછી ઠાકોરજી તથા સંતનાં દર્શન કરીને સૂરજબાની પાસે ગયા. ત્યારે સૂરજબા અતિ હર્ષ પામતાં થકાં મુક્તસ્વરૂપ અબજીભાઈ પ્રત્યે બોલ્યાં જે, ' અહો ! હે ભાઈ ! હું હમણાં જ તમને સંભારતી હતી ત્યાં તમારાં દર્શન થયાં તેથી હું બહુ જ રાજી થઈ ને મને તમારાં દર્શનથી શ્રીજીમહારાજનાં દર્શન જેવો જ આનંદ થાય છે, ને દિવ્યભાવમાં તમારું સ્વરૂપ શ્રીજીમહારાજનાં જેવું જ ભાસે છે, તેથી શ્રીજીમહારાજનું વચન સાંભરી આવે છે; તે શું, તો અમે અહીંથી શ્રીજીમહારાજને તેડવા ગઢપુર ગયાં હતાં ને શ્રીહરિને કચ્છમાં આવવાની વિનંતિ કરી હતી, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું હતું જે, 'મારાથી હવે કચ્છમાં નહિ અવાય, પણ અમારા મુક્તને મોકલશું. તે તમે જણાઓ છો.'–એમ સૂરજબાએ કહ્યું. તે સમયે રામપુરના કણબી મેઘજીના દીકરા શામજી પાસે બેઠા હતા તેને ઉપશમ અવસ્થા થઈ ગઈ અને શ્રીજીમહારાજ નાગડકામાં સુરાખાચરના દરબારમાં સંત–હરિભક્તની સભા સહિત વિરાજમાન છે ને સુરાખાચર મહારાજની સેવામાં હાજર છે, તે જ હું છું એવું જણાયું. પછી જાગ્રત અવસ્થામાં આવીને સર્વે વાત સૂરજબાને કહી. ત્યારે સૂરજબાએ કહ્યું જે, 'તમે પૂર્વે સુરાખાચર હતા ને મહારાજની ઘણી સેવા કરી હતી, પણ કોઈક કારણને લઈને ફરીથી આવવું પડ્યું છે. હવે શ્રીજીમહારાજ ને મુક્તને રાજી કરજો ને સાધુ થઈને ઘણા જીવને ભગવાન ભજાવજો ને ભજજો.પછી તમને શ્રીજીમહારાજ મૂર્તિના સુખમાં રાખશે.' –એમ સૂરજબા વાત કરે છે, તે સમયે મુક્તશ્રી અબજીભાઈ સર્વેને તેજોમય દેખાયા. પછી જેવા હતા તેવા દેખાયા. ત્યાર પછી સૂરજબા મુક્તરાજશ્રીને તથા સર્વે ભક્તને શીરો, પૂરી, શાક, કઢી, ખીચડી આદિ ભોજન જમાડવા લાગ્યાં ને સર્વે જમ્યા. પછી મુક્તરાજશ્રી સર્વે ભક્ત સહિત મંદિરની વાડીએ ગયા, અને ત્યાં સ્નાન કરીને તળાવના તટ ઉપર છત્રીએ આવીને બેઠા ને કેટલાક સંત–હરિભક્ત પણ પાસે આવીને બેઠા.

તે સમયે મુક્તશ્રી મહારાજની વાતો કરવા લાગ્યા જે, ' સત્સંગ વિના બીજે આ જીવનો આત્યંતિક મોક્ષ થતો નથી અને સત્સંગમાં પણ પ્રગટ શ્રીજીમહારાજ ને મુક્તને ઓળખ્યા વિના સાધન કરે તોપણ કસર ટળે નહિ, પણ જો આવા પ્રગટ અનાદિમુક્ત મળે અને તેમને ઓળખે તો

તેમના જોગે કરીને કસર માત્ર ટળી જાય ને આત્યંતિક મોક્ષને પામે; અને આખો જન્મારો કસર ટળે એવી ન હોય પણ જો આવા મોટા પુરુષનો જોગ થાય ને વિશ્વાસ આવે તો એક દિવસમાં કસર ટાળીને પૂરું કરી દે એવો મોટાનો પ્રતાપ છે. અને આ મુક્ત મળ્યા છે તે પણ મૂળઅક્ષરથી તથા અક્ષરધામથી પર છે, કેમ જે મૂર્તિમાં રહ્યા છે ને ધામ તો શ્રીજીમહારાજનું ને અનાદિમુક્તનું તેજ છે. અને બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ પણ આ મુક્તની પ્રાર્થના કરે છે ને મૂર્તિનું સુખ માગે છે; એવા મોંઘા આ મુક્ત છે. લાખો-કરોડો જન્મ ધરો ને સત્સંગ કરો, પણ આ જોગ એક મિનિટનો પણ તેથી અધિક છે; કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે. જેમ ઉત્તમ પારસને જે વસ્તુ અડે તે અડતાં જ પારસ થઈ જાય, એવા આ મુક્ત છે. માટે કહેનારા સારા છે ને જોગ પણ સારો છે. માટે પોતાનું પૂરું કરી લેવું. અને કરવાનું પણ એ છે જે, મહારાજ અને મોટા પુરુષને ઓળખી તેમની અનુવૃત્તિમાં રહેવું ને મૂર્તિમાં જોડાવું અને મોટા પુરુષને વિષે હેત ને વિશ્વાસ-તે દૃઢ કરવાં ને મહારાજ ને મોટાની આજ્ઞામાં રહેવું.' -એમ વાતો કરીને પછી મંદિરમાં આવ્યા ને ઠાકોરજી તથા સંતનાં દર્શન કરીને સભામાં બેઠા. પછી કથાની સમાપ્તિ થઈ, ત્યારે મેડા ઉપર બે ઘડી શયન કર્યું અને ઠાકોરજી જાગ્યા, ત્યારે ઠાકોરજી તથા સર્વે સંતોનાં દર્શન કરીને વૃષપુર પધાર્યા.

હવે અનાદિમુક્ત અબજીભાઈશ્રી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે અને સ્વતંત્ર છે ને સર્વેને મૂર્તિના સુખદાતા છે ને અનંત ઐશ્વર્ય ને સર્વે સિદ્ધિઓ તે પણ જેમના ચરણમાં રહે છે એવા મુક્તરાજશ્રી છે, તોપણ સર્વે ભક્તજનને આ લોકની સ્થિતિ દેખાડવા સારુ ને અનેક જીવનો મોક્ષ કરવા સારુ કોઈક સમયે પોતાના પિતા તથા બીજા કેટલાક ભક્તજન સાથે દ્રવ્ય-ઉપાર્જનનું નિમિત્ત કરી કરાંચી બંદર પધાર્યા હતા. ત્યાં મુક્તરાજશ્રીને વિષે સ્નેહવાળા ભક્ત કાનજી તથા નાથા આદિ જે સાથે ગયા હતા, તે સર્વે મુક્તરાજશ્રીની સેવા કરતા અને મુક્તશ્રી મંદિરમાં પોતે રહ્યા હતા અને સંત-હરિભક્તો સર્વે સેવા-સમાગમનો લાભ લેતા. તે સમયે રાજકોટના મિસ્ત્રી રણછોડભાઈનું જાગીરું કરાવવાનું કારખાનું હતું તેથી મુક્તરાજશ્રી તે મિસ્ત્રીની ગાડી હાંકતા અને તે મિસ્ત્રી અબજીભાઈશ્રીને મોટા મુક્ત જાણીને તથા તેમની ક્રિયાની ચાતુરી જોઈને ભાઈશ્રીને નિત્યના સવા ત્રણ રૂપિયા મૂલ્ય આપતા અને મુક્તશ્રી તેમનું બીજું પણ કામ કરતા ને ઘણાક જીવોને દર્શન દઈ વાતો કરીને કૃતાર્થ કરતા અને ત્યાંના ભક્તજનો નાના પ્રકારની સામગ્રી વડે મુક્તશ્રીની સેવા-પૂજાનો લાભ લેતા. એમ એ મુક્તરાજશ્રી કેટલાંક દિવસ ત્યાં રહી ઘણુંક દ્રવ્ય કમાઈને સર્વે હરિભક્ત સહિત પાછા વૃષપુર આવ્યા. ઈતિ વિશ્રામ ૮

નિર્ગુણદાસજીસ્વામી ને બાપાશ્રી તથા લક્ષ્મીરામભાઈનો ભૂજમાં મેળાપ, ઉપાસનાની ને અનાદિમુક્તના મહિમાની વાતો ને મુક્તશ્રીને યજ્ઞોપવીત વગેરે

જેમણે મહામુક્તને પોતાની પાસે રાખ્યા છે ને તે મુક્તને પોતાના દર્શન-સ્પર્શનું સુખ આપે છે અને કૈવલ્યમુક્તને મૂર્તિમાં રાખ્યા છે ને પોતાની સળંગ મૂર્તિનું સુખ અનુભવાવે છે ને અકળિત સ્વરૂપ એવા ને સર્વ સ્વરૂપના સ્વરૂપી, સર્વે મુક્તના સ્વામી, સર્વ અવતારના અવતારી ને પોતાના અંગપ્રકાશરૂપ અક્ષરધામના ધામી એવા શ્રીહરિજી સ્વામિનારાયણ ભગવાન, તેમની ઇચ્છાથી અનંત જીવના આત્યંતિક મોક્ષ કરવા મનુષ્યરૂપે પ્રગટ થયેલા એવા મુક્તશ્રી અબજીભાઈ તે પોતાને ઘેર આવી પોતાને વિષે અતિ સ્નેહવાળા જે પોતાનાં માતાપિતા તેમને તથા પોતાને વિષે અનન્ય નિષ્ઠાવાળાં પોતાનાં પત્ની ને બીજા સ્નેહી ભક્તજનો તેમને આનંદ ઉપજાવતા થકા પોતાનાં પત્ની સાથે ગૃહસ્થાશ્રમના ધર્મનું અનુકરણ કરતા થકા પોતાના ઘરને વિષે નિવાસ કરીને રહ્યા છે. તે સમયને વિષે શ્રીનગરને વિષે રહ્યા ને અનાદિમુક્ત ગોપાળાનંદસ્વામીના શિષ્ય અને ગોપાળાનંદસ્વામી તુલ્ય ને મૂર્તિને સુખે સુખિયા ને નિરાવરણ દૃષ્ટિવાળા ને શ્રીજીમહારાજના સ્વરૂપનું રહસ્યજ્ઞાન તેના જ્ઞાતા ને દાતા ને અનંત જીવને જ્ઞાનદાને કરીને સર્વેને મૂર્તિનું સુખ આપતા ને અનાદિમુક્ત એવા સદ્. સ્વામી નિર્ગુણદાસજી -તે અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં તો આ મુક્ત ભેળા રહ્યા છે, તોપણ અનેક ભક્તજનના સમાસને અર્થે આ અનાદિ મુક્તરાજશ્રીને મળવાની ઘણી ઇચ્છા કરવા લાગ્યા. પછી તે સ્વામી નિર્ગુણદાસજી પોતાના સાધુ કૃષ્ણચરણદાસજી આદિ સંતમંડળને સાથે લઈને મુક્તશ્રીને મળવા સારુ ભૂજનગરની યાત્રાનું નિમિત્ત કરીને શ્રીનગરથી ચાલવા તૈયાર થયા, ત્યારે સ્વામીશ્રીને ભાઈશ્રીને મળવા જતા જાણીને પુ. દેવચરણદાસજી ને પુ. કૃષ્ણજીવનદાસજી તે પણ પોતાના મંડળ સહિત સ્વામી સાથે ચાલ્યા. તે મૂળીપુરમાં આવી વસંતપંચમીનો સમૈયો કર્યો ને ત્યાંથી સાધુ બાળકૃષ્ણદાસજી તે પણ સ્વામી નિર્ગુણદાસજીનાં ને અબજીભાઈનાં દર્શન-સમાગમ સારુ ભેગા ચાલ્યા. પછી સદ્. સ્વામી નિર્ગુણદાસજી તે સર્વે સંતમંડળ સહિત ગામ હળવદ આવ્યા, ત્યાંથી ગામ ઘાંટીલા થઈ રણ ઊતરીને ગામ ગાંગોદર પહોંચ્યા, ત્યાંથી ગામ ભચાઉ, અંજાર થઈને ભૂજનગરમાં આવ્યા ને ભૂજમંદિરમાં દેવનાં દર્શન કરી પાંચ દિવસ રહી સર્વેને રાજી કર્યા. પછી સ્વામીએ મુક્તશ્રી અબજીભાઈને મળવા સારુ શ્રીવૃષપુર જવાની ઇચ્છા કરી. હવે મંડળે સહિત સદ્. સ્વામી ભૂજનગરમાં આવ્યા છે તે વાત સાંભળીને મુક્તરાજશ્રી પટેલ કુંવરજીને તથા નારાયણભક્ત અને નારાયણપુરના જાદવજીભાઈ ને દહીંસરાના કેસરાભાઈ એ આદિ કેટલાક

સ્નેહી ભક્તોને સાથે લઈને સ્વામીનાં દર્શન કરવા ભૂજમંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને સંત-હરિભક્તની સભામાં બેઠેલા સદ્. સ્વામી નિર્ગુણદાસજીને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી તત્કાળ ઊભા થઈને મુક્તરાજશ્રીને પોતાને હાથે ઉપાડી લઈને અતિ સ્નેહે કરીને મળ્યા ને બીજા સર્વેને પણ મળ્યા. પછી મુક્તરાજશ્રીને પોતાની પાસે બેસાડીને સર્વે સમાચાર પૂછવા લાગ્યા ને ઠાકોરજીના થાળની આરતી થઈ, ત્યારે સ્વામીશ્રીએ મુક્તરાજશ્રીને તથા તેમની સાથે આવેલા ભક્તોને ઠાકોરજીના થાળનાં ભોજન જમાડીને અતિશય તૃપ્ત કર્યા. પછી તે જ દિવસે માંડવીથી લક્ષ્મીરામભાઈ તથા રામપુરથી દેવરાજભાઈ આદિ હરિભક્ત સ્વામીનાં દર્શન કરવા આવ્યા અને શ્રીઠાકોરજી તથા સ્વામીશ્રીનાં દર્શન કરી પરમ આનંદ પામ્યા. તે સમે મુક્તરાજશ્રી ને સ્વામી નિર્ગુણદાસજી તેમનો મેળાપ થયો અને વળી સર્વે મોટા મોટા હરિભક્તો પણ આવ્યા, તેથી સમૈયો બહુ સારો થયો. નિત્યે સભામાં સ્વામીશ્રી તથા મુક્તરાજશ્રી અતિ રહસ્યની વાતો કરતા ને તે સમે સર્વે સંત-હરિભક્તને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ભેગા રહ્યા જેવો આનંદ વર્તતો હતો.

એક દિવસ સ્વામી નિર્ગુણદાસજી ને મુક્તશ્રી સભામાં બેઠા હતા ને લક્ષ્મીરામભાઈ, કેસરાભાઈ, જાદવજીભાઈ, કુંવરજી પટેલ, વશરામભાઈ, દેવરાજભાઈ, ભૂજના પુરુષોત્તમભાઈ, કોઠારી જાદવજીભાઈ આદિ મોટા મોટા હરિભક્ત તથા સ્વામી દેવચરણદાસજી, સ્વામી અક્ષરજીવનદાસજી આદિ મોટા મોટા સંત પણ બેઠા હતા. તે સમયે સ્વામી નિર્ગુણદાસજી વચનામૃતમાંથી શ્રીજીમહારાજના અભિપ્રાય પ્રમાણે શ્રીજીમહારાજ ને અનાદિમુક્તના માહાત્મ્યજ્ઞાનની વાતો કરતા થકા બોલ્યા જે, 'મહામાયા ને મહાપુરુષથી પર મહાકાળ ને નરનારાયણ છે અને તેથી પર વાસુદેવબ્રહ્મ ને તેમના મુક્ત છે, તે સર્વે બ્રહ્મકોટિ કહેવાય છે. તેથી પર સૃષ્ટિકર્તા અક્ષર ને તેમના મુક્ત છે, તે અક્ષરકોટિ કહેવાય છે. તેથી પર શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે, તે અક્ષરધામ, બ્રહ્મમહોલ, બ્રહ્મ એ આદિ નામે કરીને કહેવાય છે. તે ધામને મધ્યે દિવ્ય સિંહાસન ઉપર સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન છે અને તે શ્રીજીમહારાજને ચારે કોરે તથા નીચે ઉપર અનંતકોટિ મહામુક્તનાં મંડળ બેઠાં છે ને તે સર્વે મુક્ત શ્રીજીમહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. તે શ્રીજીમહારાજની મૂર્તિમાં અપાર, અલૌકિક ને અનહદ સુખ છે ને સર્વે મુક્ત તે મૂર્તિને જોઈને સુખ લે છે ને શ્રીજીમહારાજ તે સર્વે મુક્તને સમીપે ને સન્મુખ ભાસે છે, એવી અલૌકિક મૂર્તિ છે. અને તે સર્વે મુક્ત મૂર્તિ સાથે જોડાઈ ગયા છે ને મૂર્તિના સુખે સુખિયા છે ને તે મુક્તને પરમએકાંતિક મુક્ત, મહામુક્ત, ને વિદેહી મુક્ત એ આદિ નામે કરીને કહેવાય છે ને તે મુક્તને દેહદેહી ભાવ નથી અને તે મુક્ત શ્રીજીમહારાજની મૂર્તિ, ધામ ને મુક્ત તે વિના બીજું કાંઈ જોતા નથી. અને અનંતકોટિ અનાદિમુક્ત છે, તે તો શ્રીજીમહારાજની

મૂર્તિ સ્વરૂપ છે ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહ્યા છે ને સળંગ મૂર્તિના રોમરોમનાં નવીન નવીન સુખ અનુભવજ્ઞાને કરીને અખંડ અનુભવે છે, માટે પરમ એકાંતિક મુક્તથી અનાદિમુક્તને અધિક આનંદનો અનુભવ છે.એવા જે અનાદિમુક્ત તેમને સર્વાત્માબ્રહ્મ, કૈવલ્યમુક્ત તથા નિત્યમુક્ત એ આદિ નામે કરીને શ્રીજીમહારાજે કહ્યા છે; અને તે અનાદિમુક્ત મૂર્તિમાં જ રહે છે પણ મૂર્તિથી બહાર આવતા નથી, પરંતુ શ્રીજીમહારાજના સંકલ્પથી દેખાય છે અને શ્રીજીમહારાજની ઈચ્છાએ કરીને અનંત જીવના મોક્ષને અર્થે અત્યારે આ લોકમાં પ્રગટ થયા છે, તે આ પ્રત્યક્ષ અબજીભાઈ છે. માટે આ મુક્તશ્રી શ્રીજીમહારાજના સ્વરૂપનું સર્વોપરી રહસ્યજ્ઞાન ને અનાદિમુક્તની સ્થિતિ સમજાવશે; ને અનંતને અનાદિમુક્ત કરશે.' –એમ સ્વામીશ્રીએ વાતો કરી, તેને સાંભળીને સર્વે સંત તથા હરિભક્ત અતિ રાજી થયા અને સ્વામીના જોગે કરીને અનાદિ મુક્તની સ્થિતિ ને શ્રીજીમહારાજનો મહિમા તેને સમજવા લાગ્યા. એવી રીતે વિશેષ જ્ઞાનની પ્રવૃત્તિ થવા લાગી.

કોઈક દિવસ સભામાં લક્ષ્મીરામભાઈએ નિર્ગુણદાસજીસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'સ્વામી ! શ્રીજીમહારાજ અક્ષરધામમાં બિરાજે છે તે પોતાના અનાદિમુક્ત તથા પરમ એકાંતિક મુક્ત તેમની સાથે કેમ હસતા હશે ? કેમ બોલાવતા હશે ? કેમ સુખ આપતા હશે ? અને મુક્ત મહારાજનું સુખ કેમ લેતા હશે ? અને તે મુક્તને માયિક દેહ-ઇંદ્રિયો તો નથી ; ચૈતન્યઘન છે માટે તે દયા કરીને સમજાવો.' ત્યારે સદ્. સ્વામીએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો નહિ ને અનાદિમુક્ત અબજીભાઈને કહ્યું જે, 'તમે શ્રીજીમહારાજ ને મુક્ત તેમનો દિવ્યભાવ જોઈને આ પ્રશ્નનો ઉત્તર કરો.' ત્યારે ભાઈશ્રી કહે જે, 'શ્રીજીમહારાજ અને તેમના મુક્ત દિવ્ય આનંદઘન સ્વરૂપ છે. તે અનુભવજ્ઞાને કરીને સળંગ મૂર્તિના સુખને અનુભવે છે ને શ્રીજીમહારાજ સર્વે મુક્ત સાથે હસે છે, બોલે છે, સુખ આપે છે ને મુક્ત મૂર્તિનું સુખ લે છે, તે જે તેવી સ્થિતિવાળા મુક્ત હોય તે જાણે, પણ તે વિના બીજાથી જણાય નહિ ને તેવી સ્થિતિવાળા મુક્ત હોય તે બીજાને કહે, તોપણ તે પરભાવની વાત સમજવામાં આવે નહિ, માટે મહારાજ ને મોટા પણ આ લોકની રીતે બોલે ને આ લોકની રીતે બીજાને સમજાવે ત્યારે જ સમજાય ને સુખ પણ ત્યારે જ થાય ને પરભાવમાં બોલવું , ચાલવું વગેરે શબ્દ ને આવી વાણી નથી; પરભાવમાં તો અનુભવજ્ઞાને કરીને સમજાય છે.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'યથાર્થ ઉત્તર થયો; તેમ જ છે.' –આવી રીતે સ્વામી ને મુક્તશ્રી વાતો કરીને સર્વેને આનંદ પમાડતા હતા અને લક્ષ્મીરામભાઈ પણ આ વાતને સાંભળીને આનંદ પામ્યા. વળી લક્ષ્મીરામભાઈ, કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ મોટા મોટા મુક્ત તથા સ્વામી અક્ષરજીવનદાસજી, મૂળીના સ્વામી બાળકૃષ્ણદાસજી આદિ મોટા મોટા સંતો તેમને પણ સ્વામી

નિર્ગુણદાસજીની વાતો સાંભળીને, અ.મુ. અબજીભાઈ ને સ્વામી નિર્ગુણદાસજી તે સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત છે ને તેમણે કૃપા કરીને આપણને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખ્યા છે, માટે આપણે પણ અનાદિમુક્ત છીએ એવો અનુભવ થયાથી મૂર્તિના સુખનો અતિ આનંદ વધવા લાગ્યો. અને અનાદિ મુક્તરાજ અબજીભાઈશ્રી પણ સ્વતઃસિદ્ધ અનાદિ મુક્તરાજ છે, તોપણ મનુષ્યભાવને જણાવતા થકા પોતે સ્વામી પાસેથી વચનામૃતનાં રહસ્ય-અભિપ્રાય તથા બીજી પણ શ્રીજીમહારાજની રહસ્યમય એવી અનાદિમુક્તની સ્થિતિની વાતો સાંભળીને ગ્રહણ કરી લીધી અને સ્વામીશ્રીને ગુરુ કર્યા. અને સ્વામીશ્રીએ પણ ગોપાળાનંદસ્વામી પાસેથી જે જે રહસ્યવાતો સાંભળેલ તે સર્વે અબજીભાઈશ્રીને કહી સંભળાવી અને સ્વામી નિર્ગુણદાસજી પણ મુક્તરાજ અબજીભાઈ સાથે ઘણું હેત રાખતા ને મિત્રભાવ રાખતા હતા.

ત્યાર પછી લક્ષ્મીરામભાઈને પાસે રાખી સદ્. સ્વામી નિર્ગુણદાસજીએ ભૂજમંદિરમાં માઘ સુદ એકાદશીનો મહોત્સવ કરીને મુક્તરાજશ્રીને તથા કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ હરિભક્તોને જનોઈઓ પહેરાવી (યજ્ઞોપવીત આપ્યું) અને મુક્તરાજશ્રી અબજીભાઈ, લક્ષ્મીરામભાઈ, કેસરાભાઈ, જાદવજીભાઈ, દેવરાજભાઈ આદિ સર્વે હરિભક્ત તેમણે ઠાકોરજીના થાળ ને સંતની રસોઈ કરાવીને સર્વેને જમાડ્યા. એમ દસ દિવસ સુધી સેવા-સમાગમનો લાભ લીધો. પછી સ્વામીશ્રીની રજા લઈને પોતપોતાને ગામ ગયા ને સદ્. સ્વામી નિર્ગુણદાસજી ભૂજમાં રહ્યા. ઈતિ વિશ્રામ ૯

નિર્ગુણદાસજીસ્વામી વૃષપુર આવી અમદાવાદ પધાર્યા, તે સમે મુક્તશ્રી બહુવાર સમાધિમાં જતા, મૂર્તિમાં રહીને કોસ હાંકવાની લીલા ને તેમને પુત્રનો જન્મ વગેરે

ત્યાર પછી સદ્. સ્વામી નિર્ગુણદાસજી તે પોતાના મંડળના તથા પોતાની સાથે આવેલા સર્વે સંત સહિત વૃષપુર પધાર્યા. ત્યાં મુક્તશ્રી અબજીભાઈનાં દર્શન-સમાગમ તથા તેમની સાથે કથાવાર્તા કરતા થકા સર્વે સંત-હરિભક્તને સમાગમનું સુખ આપવા લાગ્યા ને કેટલાક દિવસ વૃષપુરમાં રહ્યા ને નિત્યે કથાવાર્તા કરતા. એવી રીતે સ્વામીશ્રી મુક્તરાજ ભાઈશ્રીને રાજી કરતા અને આ મુક્તરાજ પણ સ્વામીશ્રીની મરજી જાણી મૂર્તિના સુખની થોડી થોડી વાતો કરતા ને સાંજ-સવાર ચંદન ચર્ચે, હાર પહેરાવે, મળે-એમ પરસ્પર હેત જણાવતા. તે જોઈને સંત-હરિભક્તોને જાણ થાતી ગઈ, જે આવા મહા સમર્થ ને શ્રીજીમહારાજના લાડીલા સદ્‌ગુરુ જેમણે અનાદિ મુક્તરાજ સદ્. ગોપાળાનંદસ્વામીને સેવેલા છે તે ઊઠીને આ મુક્તને ચંદન ચર્ચે,[૨] હાર પહેરાવે, મળે, ને કાંઈ વચન માગે એ કેવડી વાત ! ને કહે જે, 'હવે સુખની લહાણી કરો;

મહારાજે તમને શું કરવા રાખ્યા છે ?' આવાં વચનો હરિભક્ત ને સાથે રહેલા સંત સાંભળે. એમ કરતાં હરિભક્તને જાણ થાતી ગઈ, તેથી મુક્તરાજનાં દર્શન-સમાગમ માટે ગામેગામના હરિભક્ત આવજા કરતા. એમ કેટલાક દિવસ વૃષપુરમાં રહીને પછી નારાયણપુર, રામપુર, દહીંસરા આદિક ગામોમાં હરિભક્તને કથાવાર્તાનું સુખ આપી પાછા ભૂજનગરમાં આવ્યા. ત્યાં કેટલાક દિવસ રહીને પછી મૂળીપુર થઈ અમદાવાદ ગયા અને મૂળીના સંત મૂળી રહ્યા.

અને સદ્. સ્વામી નિર્ગુણદાસજી તો જ્યારે ભૂજથી અમદાવાદ જાય, ત્યારે ત્યાં પણ સભામાં વાતો કરે જે, 'જેને આ ટાણે મહારાજનું સુખ વહેલું જોઈતું હોય, તેણે વૃષપુર ગામમાં એક મોટા મુક્ત અબજીભાઈ નામે છે તેમનો જોગ-સમાગમ કરવો ને સેવા કરી રાજી કરવા અને એ અખંડ મૂર્તિમાં રહે છે. જેના ઉપર કૃપાદૃષ્ટિ કરે છે તેને મૂર્તિમાં રાખે છે ને કેટલાક હરિભક્ત દેહ મૂકે છે, ત્યારે શ્રીજીમહારાજ સાથે તેમનાં દર્શન થાય છે.' આવી વાતો કરતા. વળી પોતાના જોગ-સમાગમવાળાને કહેતા જે, ' જેમ મારી પાસે આવો છો તેમ એમની પાસે જઈને જોગ -સમાગમ કરજો. એ સિદ્ધ મુક્ત છે ને શ્રીજીમહારાજરૂપ છે.'-આવી વાતો મૂળી, અમદાવાદ, કચ્છ વગેરેમાં કરી આ અનાદિમુક્તને બહુ પ્રસિદ્ધ કર્યા.

ત્યાર પછી સર્વે સંત-હરિભક્ત અબજીભાઈને શ્રીજીમહારાજરૂપ મોટા અનાદિમુક્ત જાણીને દર્શન-સમાગમ કરવા આવજા કરતા અને મુક્તરાજશ્રી પણ સર્વેને સમાગમનું સુખ આપતા. તેવા સમયમાં મુક્તરાજને ત્યાં મોટા પુત્રનો જન્મ થયો ને તેમનું નામ 'કાનજીભાઈ' એવું રાખ્યું હતું. હવે મુક્તરાજશ્રી પોતે વ્યવહાર સંબંધી કામ કરતા પણ બહુધા તો સમાધિમાં રહેતા અને તેમના વ્યવહારનું કામ તો બીજા ભક્તજનો કરતા. અને મુક્તરાજશ્રી સમાધિમાં જતા, ત્યારે કોઈ વખત પાંચ દિવસ સમાધિમાં રહેતા અને કોઈ સમે દસ દિવસ અને કોઈ સમે પંદર દિવસ સમાધિમાં રહેતા અને કોઈ વખત બે વા ત્રણ દિવસ સમાધિમાં રહીને જાગતા ને પોતે તો સદા મૂર્તિમાં જ રહ્યા છે ને મૂર્તિરૂપ જ છે, તોપણ બીજા ભક્તના સમાસને અર્થે સ્વતંત્રપણે સમાધિમાં જતા-આવતા અને જ્યારે સમાધિમાંથી જાગતા ત્યારે પોતાનો નિત્ય વિધિ કરી મંદિરમાં મૂર્તિઓનાં દર્શન કરતા. પછી ઘેર ઠાકોરજી જમાડતા અને વાડીમાં જઈને કોસ હાંકવો વગેરે વાડીનું કામ પણ કરતા.

કોઈક સમયે મુક્તરાજશ્રી મૂર્તિમાં જોડાઈને કોસ હાંકતા હતા, તેવા સમયમાં રામપુરના વશરામભાઈ, દેવરાજભાઈ ને રામજીભાઈ આદિ કેટલાક હરિભક્ત મુક્તશ્રીનાં દર્શન-સમાગમ કરવા આવ્યા ને તે ભક્ત 'જય સ્વામિનારાયણ' કહીને દંડવત્ કરવા લાગ્યા. પછી દર્શન કરીને

પડખે ઊભા રહ્યા. તોપણ મુક્તશ્રીને હરિભક્ત આવ્યા તેની ખબર પડી નહિ; કેમ જે પોતે મૂર્તિમાં રહીને કોસ હાંકતા હતા ને તે કોસને ડુબાવવો હોય ત્યારે વરતને તાણીને ડુબાડે ને કોસ બહાર આવે ત્યારે ઠલવીને બળદને હાંકે અને પોતે તો સ્વતંત્ર મુક્ત છે ને પુરુષોત્તમરૂપ છે તોપણ બીજા એકાંતિક ભક્તની શિક્ષાને અર્થે એમ ઉપશમમાં રહીને ક્રિયા કરતા હતા, તેથી પોતે જાણ્યું નહિ ને હરિભક્ત અર્ધો કલાક ઊભા થઈ રહ્યા. પછી વશરામભાઈએ મુક્તરાજનો હસ્ત ઝાલીને કહ્યું જે, 'ભાઈ ! જય સ્વામિનારાયણ' ત્યારે અબજીભાઈએ ધીરા રહી નેત્ર ઉઘાડી સામું જોઈને કહ્યું જે, 'અહો ! ભાઈ ! તમે ક્યારના આવ્યા છો ?' ત્યારે તે ભક્તોએ કહ્યું કે, 'અર્ધો કલાક થયો.' પછી મુક્તરાજશ્રી કોસને છોડી સભા કરીને બેઠા ને મહારાજની વાતો કરવા લાગ્યા જે, 'મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને બીજી ક્રિયા કરવી ને મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિનું ધ્યાન કરવું ને મહારાજની આજ્ઞાવિરુદ્ધ સંકલ્પ પણ થવા દેવો નહિ, તો મહારાજ રાજી થઈને તેને મૂર્તિમાં રાખે' –એમ ઘણીક વાતો કરી. પછી સૂર્યાસ્તનો સમય થયો ત્યારે મુક્તરાજશ્રી સર્વેને સાથે લઈને મંદિરમાં આવ્યા ને આરતી, ધૂન તથા કથાવાર્તા કરી. પછી તે હરિભક્તને ઘેર લઈ જઈને વાળુ કરાવ્યું ને પાછા મંદિરમાં આવીને બીજી કથા કરી, ને નિત્યનિયમની સમાપ્તિ થયા પછી પોતે યોગનિદ્રા અંગીકાર કરી ને આવેલા હરિભક્ત પણ મુક્તશ્રીની સાથે સૂઈ રહ્યા ને ચાર વાગે જાગી મુક્તશ્રીની રજા લઈને પોતાને ગામ ગયા. એવી રીતે બીજા ગામનાં હરિભક્ત બાઈઓ–ભાઈઓ તે વૃષપુર આવીને અનાદિમુક્તના દર્શન-સમાગમનું સુખ લેતાં ને મુક્તરાજ પણ સર્વેને શ્રીજીમહારાજની આજ્ઞા, ઉપાસના ને ધ્યાન તેને દૃઢ સમજાવીને પરિપકવ સ્થિતિ કરાવતા. અને તે સર્વે ભક્તજનો પણ મોટાના પ્રતાપથી મહારાજની આજ્ઞામાં દૃઢ વર્તતા ને ઉપાસના સર્વોપરી સમજી મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરતા. એવી રીતે અનાદિમુક્તના જોગે કરી અનાદિમુક્તની સમજણ દૃઢ કરીને અનાદિમુક્ત થયા. ત્યાર પછી તે મુક્તરાજ અબજીભાઈને ઘેર બીજા પુત્રનો જન્મ થયો તેનું નામ 'મનજીભાઈ' એવું રાખ્યું હતું. ઈતિ વિશ્રામ ૧૦

નિર્ગુણદાસજીસ્વામીને આમંત્રણ, ભૂજના સભામંડપનું વાસ્તુ, વૃષપુરમાં કથાવાર્તાનો અખાડો ને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના ઐશ્વર્યાવેશ અવતાર, મુક્તાવતાર ને સંકલ્પાવતારનું નિરૂપણ

સંવત ૧૯૩૦ના ફાગણ માસમાં સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંતમંડળ તથા અનાદિ મુક્તરાજ અબજીભાઈ આદિ સર્વે સંત–હરિભક્ત મળીને ભૂજ મંદિરનો સભામંડપ કરાવવા સારુ સદ્. સ્વામી નિર્ગુણદાસજીને પત્ર લખી અમદાવાદથી ભૂજ બોલાવ્યા હતા. ત્યારે સ્વામીશ્રી પોતાના મંડળ સહિત ભૂજમંદિરનો સભામંડપ કરાવવા સારુ ને અનાદિમુક્તનો

સમાગમ કરવા સારુ અમદાવાદથી ભૂજનગરને વિષે આવીને રહ્યા હતા. પછી સભામંડપની જગ્યાનો લેખ રાજાના અમલદાર પાસેથી કરાવીને સભામંડપ કરવાનું કામ ચાલુ કરાવ્યું ને સભામંડપ પૂરો થયો ત્યારે સ્વામીશ્રીએ સભામંડપનું વાસ્તુ કરાવ્યું પણ તેમાં બ્રાહ્મણોએ ઉપાધિ કરી ત્યારે સ્વામી નિર્ગુણદાસજીને બાપાશ્રીએ કહ્યું જે, 'આવાને ન જમાડો તો શું થાય ?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'લોક નિંદા કરે માટે જમાડવા પડે છે, પણ પુણ્ય તો આ લક્ષ્મીરામભાઈ માંડવીના છે તેમને પાશેર અન્ન જમાડીએ તેનો પાસંગ પણ અનંતકોટિ બ્રહ્માંડના બ્રાહ્મણ જમાડવાથી ન થાય.' –એમ ઘણીક વાતો કરી. પછી સ્વામી નિર્ગુણદાસજી વૃષપુર આવીને એક માસ પર્યંત રહ્યા હતા. તે સમયે માંડવીના લક્ષ્મીરામભાઈ, દહીંસરાના કેસરાભાઈ, નારાયણપુરના જાદવજીભાઈ, રામપુરના દેવરાજભાઈ, સુખપુરના દેવજીભાઈ આદિ મોટા મોટા હરિભક્ત સ્વામીશ્રી નિર્ગુણદાસજી તથા મુક્તરાજશ્રી અબજીભાઈ તેમનાં દર્શન–સમાગમ કરવા વૃષપુર આવ્યા હતા ને અહોનિશ કથાવાર્તારૂપી બ્રહ્મયજ્ઞ થતો હતો.

તેમાં ફાગણ સુદ એકાદશીને દિવસ સવારના મંદિરમાં સંત–હરિભક્તની મોટી સભા ભરાઈને બેઠી હતી અને સ્વામી નિર્ગુણદાસજી ને મુક્તશ્રી અબજીભાઈ તે પણ સભામાં બેઠા હતા ને વચનામૃતની કથા વંચાતી હતી. તેમાં લોયાનું ૧૪મું વચનામૃત વંચાતું હતું ત્યારે મુક્તશ્રી અબજીભાઈએ સ્વામીશ્રી નિર્ગુણદાસજીને પૂછ્યું જે, 'સ્વામી ! આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાનો અભિપ્રાય તથા રુચિ કહી, તેમાં અવતાર અવતારીનો ભેદ ને પોતાની સર્વોપરી ઉપાસના ને આજ્ઞા તેને સંક્ષેપમાં કહ્યાં તેને સવિસ્તાર સમજાવો.' ત્યારે સ્વામી નિર્ગુણદાસજી બોલ્યા જે, 'મેં ગોપાળાનંદસ્વામી પાસેથી જે સાંભળ્યું છે, તેવી રીતે કહું છું. આ વચનામૃતમાં શ્રીજીમહારાજે મનનો વિશ્વાસ ન કરવો'-એમ કહ્યું. તે મન વશ થયું હોય તેને પણ આજ્ઞામાં રહેવું પણ નિયમ મેલીને વિષયનો સંબંધ કરવો જ નહિ ને નિયમ પ્રમાણે વર્તવું. તે પ્રથમના ૩૪માં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'પરમેશ્વરના વચનને મૂકીને આડોઅવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે, અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે ને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને કલેશ થાય છે. માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું ને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે.' તેમ જ મધ્યના ૩૫માં કહ્યું છે જે, 'પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં રહે તો ધર્મમાં રહેવાય. એવી રીતે ધર્મમાં રહેવું તથા ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી, તથા ભગવાનના અવતારચરિત્રનું શ્રવણ-કીર્તન કરવું, તથા ભગવાનનું નામસ્મરણ કરવું, એ ચાર વાનાં જ જીવના અતિશય કલ્યાણને અર્થે છે તેમાં ભગવાનની મૂર્તિની ઉપાસના, ને ભગવાનનાં

ચરિત્ર, ને ભગવાનનું નામસ્મરણ એ ત્રણ વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થાવું તે તો તુંબડાં બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે, ને ભગવાનની ઉપાસના હોય, ને ભગવાનના અવતારચરિત્રને ગાતો સાંભળતો હોય, ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય, ને જો તેમાં ધર્મ ન હોય તો તેને માથે પા'ણો લઈને સમુદ્રને તરવાને ઇચ્છે એવો જાણવો, ને તેને ચાંડાળ જેવો જાણવો. માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ જરૂર થાય છે. પણ એ વિના બીજું કોઈ એવું સાધન નથી જે જેણે કરીને કલ્યાણ થાય.'–આમાં શ્રીજીમહારાજે નિયમમાં રહીને ધર્મ દૃઢ રાખવો એ પોતાની રુચિ કહી છે. બીજું શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો છે જે, માયિક ભોગ તથા ઐશ્વર્યના રાગ તેમાં લેશ માત્ર પ્રીતિ રાખવી નહિ ને શ્રીજીમહારાજરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવું અને ધ્યાન કરીને મૂર્તિમાં અખંડ જોડવું–એ જ મોટું તપ છે તે કરવું.

હવે શ્રીજીમહારાજ પોતાને સર્વ અવતારના અવતારી સર્વોપરી સમજવા એ પોતાની રુચિ જણાવે છે જે, ' ભગવાનના ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે, એ સર્વે અવતાર નારાયણના છે તોપણ એ અવતારમાં ઋષભદેવજી બહુ ગમે તથા તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બેય સરખા જણાય છે ને એ ત્રણે અવતાર કરતાં કોટિગણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે.' –આમાં શ્રીજીમહારાજનો એવો અભિપ્રાય છે જે, બીજા અવતાર કરતાં શ્રીકૃષ્ણભગવાન કોટિગણા મોટા છે, પણ તે શ્રીકૃષ્ણ લક્ષ્મીના પતિ ગોલોકવાસી મહાપુરુષ છે અને તે કૃષ્ણાવતારથી અમે કોટિગણા મોટા છીએ–એમ મહારાજ જણાવે છે; તે શું, તો 'બીજા સર્વે અવતાર કરતાં આ અવતાર બહુ મોટો થયો ને બહુ સમર્થ છે અને આમાં અવતાર અવતારી એવો ભેદ નથી જણાતો.'–આમાં બીજા અવતાર કહ્યા, તે શ્રીકૃષ્ણ, નરનારાયણ ને વાસુદેવ આદિ જાણવા. તેથી 'આ અવતાર' એટલે શ્રીજીમહારાજ, તે 'બહુ મોટા' એટલે શ્રીકૃષ્ણાદિ સર્વે અવતારને સુખ, સામર્થ્ય ને પ્રકાશને આપનારા છે અને 'બહુ સમર્થ' એટલે સર્વ મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે. આવી રીતે શ્રીજીમહારાજે પોતાને સર્વોપરી કહ્યા છે. અને વળી કહ્યું છે જે, આવી રીતે અમારે ઉપાસના છે જે, 'સર્વથી પર એક મોટો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ અધોઊર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે ને તે તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે, ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારે કોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે, એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ. અને તે ભગવાનને વિષે તેજનું અતિશયપણું છે તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થાતાં ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે અને તે તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે તોપણ એને વિષે રુચિ નથી અને ભગવાનની મૂર્તિનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે, અમારે એવી રીતે ઉપાસના છે.'

–આમાં શ્રીજીમહારાજે 'શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન' કહ્યા તે પોતાને જ કહ્યા છે અને 'તેજનો સમૂહ' કહ્યો તે તેજ પોતાની મૂર્તિનું છે અને આવી રીતે પોતાની ઉપાસના કરવાનું કહ્યું છે, માટે શ્રીજીમહારાજના ભક્તે શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને ઉપાસના કરવી.

અને એ શ્રીજીમહારાજના અવતાર ત્રણ પ્રકારના છે તેમાં એક તો ઐશ્વર્યાવેશ અવતાર, બીજા મુક્ત અવતાર, તથા ત્રીજા સંકલ્પ અવતાર. તેમાં (૧) શ્રીકૃષ્ણ, નરનારાયણ, વાસુદેવ ને અક્ષર એ સર્વે શ્રીજીમહારાજના ઐશ્વર્યાવેશ અવતાર કહ્યા છે. (૨) અને રામાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા ધર્મદેવ, રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈ, શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ ને શ્રીરઘુવીરજી મહારાજ આદિ મુક્ત અવતાર કહ્યા છે. (૩) અને લોયાના ચોથા વચનામૃતમાં 'ભગવાનની મૂર્તિ તો સદા એક સરખી છે, તોપણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઇચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. અને પોતે તો સદા દ્વિભુજ છે, તોપણ પોતાની ઇચ્છાએ કરીને ક્યાંય ચાર ભુજ, ક્યાંય અષ્ટ ભુજ, ક્યાંય અનંત ભુજને દેખાડે છે તથા મત્સ્ય-કચ્છાદિકરૂપે કરીને ભાસે છે. એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે છે અને પોતે તો સદા એક રૂપે જ વિરાજમાન રહે છે.' તેમ જ લોયાના ૧૮માં પણ કહ્યું છે જે, 'તે સ્વરૂપ સદા દ્વિભુજ છે ને પોતાની ઇચ્છાએ કરીને રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે.' –આ બે વચનામૃતમાં શ્રીજીમહારાજે સમાધિ–પ્રકરણમાં મુમુક્ષુને પોતાનો નિશ્ચય કરાવવા સારુ નરનારાયણ, રાધાકૃષ્ણ આદિ રૂપે પોતે દર્શન આપ્યાં હતાં તેની વાત કરી છે અને તે સ્વરૂપને સંકલ્પસ્વરૂપ કહ્યાં છે અને તે જ સ્વરૂપ આપણાં મંદિરમાં શ્રીનરનારાયણ, શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીરાધાકૃષ્ણ, શ્રીગોપીનાથ આદિ પધરાવ્યાં છે. (૩)

અને મહાપુરુષમાંથી જે અવતાર થાય છે તેમાં મહાપુરુષનું ઐશ્વર્ય આવે છે અને મહામાયા જે લક્ષ્મીજી ને તેમના પતિ જે મહાપુરુષ તે શ્રીકૃષ્ણ છે ને તે સર્વે અવતારના અવતારી છે પણ તે શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં મહાપુરુષ છે. તે ભાગવતમાં કહ્યું છે જે :–

एते चांशःकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ।।

બીજા અવતારોમાં મહાપુરુષનું અંશકળા માત્ર ઐશ્વર્ય આવ્યું છે અને શ્રીકૃષ્ણ ભગવાન તો પોતે મહાપુરુષ છે. તેમ જ સત્સંગિજીવન–પ્ર. ૪માં શ્રીજીમહારાજે કહ્યું છે જે :–

सिसृक्षाभूत् यदा तस्य ब्रह्मांडानां तदा तु सः ।
प्राबोधयत् स्वेक्षणेन महाकालाख्यपूरुषम् ।।

यं जीवं चाक्षरं ब्रह्म प्रवदन्ति नरं मुने ।
अनेककोटिब्रह्मांडजन्मस्थित्यंतकारणम् ॥

આ શ્લોકમાં મહાપુરુષને અનેકકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ કહ્યા છે. તેમ જ મહાપુરુષને અક્ષર, વાસુદેવ, નરનારાયણ, મહાકાળ ને કૃષ્ણ એ આદિ નામે કરીને કહ્યા છે. તેમ જ સત્સંગિભૂષણમાં મહાપુરુષને નારાયણ આદિ નામે કરીને કહ્યા છે તે જુઓ :–

शास्त्राणि जीवं नरमक्षरं यं कूटस्थमाहुः प्रकृतेः परं च ।
नारायणं ब्रह्म विभो पुमांसं शुद्धं महापूरुषमव्ययं च ॥

અને પ્રથમના ૪૧માં 'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિસમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે.' માટે શ્રીજીમહારાજે સૃષ્ટિ કરવાની પ્રેરણા પ્રથમ અક્ષરને કરી, અક્ષર દ્વારા વાસુદેવને પ્રેરણા કરી અને વાસુદેવે મહાકાળને ને મહાપુરુષને સૃષ્ટિ કરવાનું કહ્યું ત્યારે મહાકાળે માયાને ક્ષોભ કર્યો અને પુરુષે માયા સંગાથે રમણ કર્યું, તે પુરુષ ને માયા તેમના શ્રમજળનો સુધાસિંધુ થયો. તે જળ પ્રકાશમય ને આનંદકારી છે, તેના એક ટીપામાં અનંતકોટિ બ્રહ્માંડના જીવ ને ઈશ્વર સુખિયા છે, તે જળને જ સુધાસિંધુ તથા વીરજ્યા નદી કહે છે. તે નદીની વચમાં મહાપુરુષે ગોલોક ધામ રચ્યું ને તેમાં પોતે મહાપુરુષે શયન કર્યું કહેતાં નિવાસ કર્યો અને મહામાયા જે મહાલક્ષ્મીજી તે મહાપુરુષ જે શ્રીકૃષ્ણભગવાન તેમની સેવા કરવા લાગ્યાં. તે જ્ઞાનામૃતમાં કહ્યું છે.

અને તેવા મહાપુરુષ અનંત છે. તે મધ્યના ૩૧માં કહ્યું છે જે, 'પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે , 'જેમ આ જીવને વિષે ને વૈરાજપુરુષ-ઈશ્વરને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે, તે જે તે વાસુદેવના ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે.'

અને વળી વાસુદેવાનંદસ્વામીએ સત્સંગિભૂષણ–અંશ ચોથામાં શ્રીજીમહારાજને સર્વ અવતારના કારણ કહ્યા છે તે જુઓ :–

धृताः कत्यवतारास्तेऽग्रेऽवतारान्भवान् कति ।
धर्त्ता कत्यधुना संत्यवताराश्चात्र ते स्थिताः ॥
हरिकृष्णावतारोऽयं सर्वेभ्योऽत्यधिकस्तव ।
तेभ्योऽपि तत्समो नैव तस्य तत्कारणत्वतः ॥

–આમાં મુક્તાનંદ આદિ સદ્‌ગુરુ શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે જે, 'હે હરિ ! તમે આથી પૂર્વકાળમાં નરનારાયણ, રાધાકૃષ્ણ આદિ અવતાર ધારણ કર્યા છે અને ભવિષ્યકાળે સત્સંગમાં મુક્ત અવતારને ધારણ કરશો ને કેટલાક મુક્ત અવતારો તમારા ભેગા છે. તે મુક્ત અવતાર તથા ઐશ્વર્યાવેશ અવતાર , તેમનાથી આ હરિકૃષ્ણ તમે અતિ અધિક છો, કેમ જે , સર્વે મુક્તના સ્વામી ને સુખદાતા છો અને સર્વે અવતારને સુખ, સામર્થ્ય ને પ્રકાશના આપનારા છો.'

(૧) હવે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્યાવેશ અવતાર સત્સંગિજીવન–પ્ર.૩ માં કહ્યા છે તે જુઓ :–

निःश्रेयसाय जीवानां श्रीविष्णुर्भगवान् स्वयम् ।
आविर्भवति भूर्लोके स्वतंत्रः करुणानिधिः ॥
नरनारायणो – दत्त – ऋषभ – कपिलादयः ।
रामकृष्णादयश्चास्यावतारा: संति भूरिशः ॥

શ્રીવિષ્ણુ: કહેતાં સર્વ અવતારમાં વ્યાપવા સમર્થ ને સ્વતંત્ર ને દયાળુ એવા પુરુષોત્તમ ભગવાન તે જીવોના આત્યંતિક મોક્ષ કરવા મૃત્યુલોકને વિષે દયાથી પ્રગટ થાય છે. તે સ્વામિનારાયણ ભગવાનના નરનારાયણ, દત્ત, કપિલ ને ઋષભદેવ તથા રામ, કૃષ્ણ આદિ ઘણા અવતાર છે. તે સર્વે શ્રીજીમહારાજના ઐશ્વર્યાવેશ અવતાર કહ્યા છે. કેમ જે, જેમાં શ્રીજીમહારાજનું ઐશ્વર્ય આવે તે ઐશ્વર્યાવેશ અવતાર છે ને જેનામાં મૂર્તિમાન શ્રીજીમહારાજ વિરાજમાન રહે તે મુક્ત અવતાર કહેવાય છે.

(૨) અને મુક્ત અવતાર સત્સંગિજીવન–પ્ર. ૨ના અ. ૨માં કહ્યા છે તે જુઓ :–

अखंडस्व–स्वरूपस्थाः महांतो ये तु पूरूषाः ।
कल्याणार्थं हि जगतां ज्ञेयं तज्जन्म भूतले ॥
आविर्भावतिरोभावौ तेषां स्वातंत्र्यतः किल ।
भवतो न त्वितरवन्निजकर्मवशात् क्वचित् ॥
तद्देहत्यागमालोक्य मुह्यंत्यसुभृतोऽसुराः ।
देवास्तु तत् स्वरूपज्ञास्तेषां लीलां विदंति ताम् ॥

એ આદિ ત્રણ શ્લોકે કરીને મુક્ત અવતાર કહ્યા છે અને સત્સંગિજીવન – પ્ર. ૪ માં પણ મુક્ત અવતાર કહ્યા છે જે :–

अप्राकृतशरीरा ये मुक्तास्ते तु निजेच्छया ।
आविर्भवन्ति ह्यथवा तेनावतरता सह ॥

(૩) હવે સંકલ્પ અવતાર (સંકલ્પસ્વરૂપ) સત્સંગિજીવન –પ્ર. ૨માં કહ્યા છે તે જુઓ :–

द्विभुजोऽपि सदा स्वामी भक्तेभ्यो निजदर्शनं ।
चतुर्भुजादिरूपेण दत्ते क्वापि तदिच्छया ॥
केभ्यश्चित् कृष्णरूपेण राधिका–पार्षदादिभिः ।
ददाति दर्शनं स्वामी गोलोकेन सहेव च ॥
केभ्यश्चिद्दर्शनं दत्ते नरनारायणात्मना ।
विशालायां च मुनिभिः सहानेकैस्तपस्विभिः ॥

આવી રીતે સ્વામિનારાયણ ભગવાને પોતે જ પોતાની ઇચ્છાએ કરીને રાધાકૃષ્ણ, નરનારાયણ આદિ અવતારરૂપે થઈને પોતાનો નિશ્ચય કરાવવા મુમુક્ષુને જે દર્શન દીધાં છે તે સ્વરૂપને સંકલ્પ અવતાર કહ્યા છે. અને તે જ સ્વરૂપ આપણા મંદિરમાં નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ પધરાવ્યાં છે, પણ બદરિકાશ્રમ, ગોલોક આદિ ધામના નિવાસી નથી પધરાવ્યાં. (૩)

અને શ્રીજીમહારાજ અક્ષરથી પર પોતાના પ્રકાશરૂપ અક્ષરધામમાંથી આવ્યા છે, પણ બદરિકાશ્રમવાસી નરનારાયણ તે શ્રીજીમહારાજ નથી એમ હરિકૃષ્ણલીલામૃતના (ઉત્તર ખંડે) અ. ૯૨માં કહ્યું છે તે જુઓ :–

अहं त्वक्षर–मध्यस्थोऽनंतमुक्तैर्वृतः सदा ।
संकल्पमित्यहं चक्रे ह्यवतारोऽस्तु मे भुवि ॥

અને શ્રીજીમહારાજે બદરિકાશ્રમમાં નરનારાયણને દર્શન દઈને એમ કહ્યું જે, 'તમારા દ્વારે અમે શાપ ગ્રહણ કરીને અક્ષરધામમાંથી પ્રગટ થશું,'–એમ હરિદિગ્વિજય ગ્રંથના બીજા ઉલ્લાસમાં કહ્યું છે. તેમ જ ભક્તચિંતામણિમાં પણ કહ્યું છે જે :–

પ્ર. ૭૭– **વિધિ પર તે વિરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લઈએ,**
તે પર મૂળપ્રકૃતિ પુરુષ, તેથી પર અક્ષર સુજશ;
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ. તથા

પ્ર. ૭૯– **તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ;**
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત.
ભક્ત જક્તમાંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણા;
જે જે મૂરતિ જનને ભાવે, તે મૂર્તિ નિજ ધામ પહોંચાવે.
પણ સર્વોપાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ; તથા

પ્ર. ૧૦૫– **એવા કામ લોભ ને જે ક્રોધ, મહા જબર છે જગજોધ.**
તેને જીતી કર્યો જેજેકાર, તેથી મોટો કોણ અવતાર;
માટે એને દિયે જે વિદારી, તે તો અવતારના અવતારી. તથા

હરિસ્મૃતિ– **અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર;**
જોતાં ના'વે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર.
સમર્થ મૂર્તિ સુખભરી, ધરી ન ધરશે કોય;
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય.

તેમ જ વૈશ્નવાનંદસ્વામીએ શ્રીજીમહારાજને બીજા અવતારના કારણ કહ્યા છે તે જુઓ :-

નહિ વૈકુંઠવાસી એવા, નહિ ગોલોક વાસી જેવા;
નોય ભૂમા પુરુષ સુખધામ, આ તો પૂરણકામ અકામ.
નોય મચ્છ ને કચ્છ વરાહ, નોય વામ રામ અથાહ.
નહિ શ્વેતદ્વીપ પતિ શ્યામ, નહિ બદ્રિકાવાસી અકામ.
આ તો સર્વના સ્વામી છે એક, એમ જાણે તે પરમ વિવેક.

અને શ્રીજીમહારાજે પોતે પણ, 'હું અક્ષરધામનો પતિ ને સર્વ અવતારનો કારણ છું.' –એમ હરિકૃષ્ણલીલામૃતમાં (ઉત્તરખંડે અ. ૯૨) કહ્યું છે તે જુઓ :–

अहं सर्वावताराणां कारणं परमव्ययम् ।

कोट्यर्केन्दु–शुचि–त्विड्भेऽक्षरधाम्नि सदा स्थितः [૧] ॥

અને વળી બ્રહ્માંડના અધિપતિઓ સૃષ્ટિકર્તા સાકાર અક્ષરબ્રહ્મ ને વાસુદેવબ્રહ્મ ને

૧ (ટીકા) अहमिति– कोट्यर्कश्च इंदवश्च चंद्रमसश्च शुचयोऽग्नयश्च तेषामिव कान्तिर्यस्य तस्मिन् ॥ २८ ॥

મહામાયા ને મહાપુરુષ એ સર્વે પોતાના સ્થાનમાં રહીને શ્રીજીમહારાજની સ્તુતિ-પ્રાર્થના કરે છે ને શ્રીજીમહારાજ નરનાટક ધારણ કરી પૃથ્વીમાં વિચરે છે, ત્યારે શ્રીજીમહારાજની ઇચ્છાથી તે બધા શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવે છે. એમ નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું છે, તે જુઓ :-

ચોસઠપદી- **એવા મળ્યા છે મહારાજ, જે કોય સર્વના શ્યામ છે રે.**
વળી રાજ એ અધિરાજ, એને આધારે સહુ ધામ છે રે.
ધામધામના જે રહેનાર, તે હજૂર રહે છે જોડી હાથને રે.
કરી આરત્યશું ઉચ્ચાર, શીશ નમાવે છે નાથને રે. તથા

કીર્તનમાં- **કોટિ અવતારના કારણ કહી, કોટિ કૃષ્ણ કર જોડ;**
નિષ્કુળાનંદ રહે ચરણમેં, મેરે ઈષ્ટકી હજૂર.

આવી રીતે શ્રીજીમહારાજને સર્વે અવતારના અવતારી ને સર્વે મુક્તના સ્વામી સમજવા તે શ્રીજીમહારાજની રુચિ તથા અભિપ્રાય છે. ઇતિ વિશ્રામ ૧૧

નિર્ગુણદાસજીસ્વામીએ ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી પાસેથી સાંભળેલી મહારાજના મહિમાની વાતો

હવે તે જ દિવસે ચાર વાગ્યા પછી સ્વામી નિર્ગુણદાસજી ને મુક્તશ્રી અબજીભાઈ વૃષપુરના મંદિરમાં બેઠા હતા ને સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને વચનામૃતની કથા વાંચવા માંડી. ત્યારે મુક્તશ્રીએ તથા લક્ષ્મીરામભાઈએ સ્વામીશ્રીને કહ્યું જે, 'સ્વામી ! તમે નિત્યાનંદસ્વામી આદિ સદ્‌ગુરુ પાસેથી જે વાત સાંભળી છે તે વાત કહો.' ત્યારે સ્વામી નિર્ગુણદાસજી બોલ્યા જે, એક સમયે હું નિત્યાનંદસ્વામી પાસે બેઠો હતો. તે સમયે નિત્યાનંદ-સ્વામીએ મને તથા મહાનુભાવાનંદ આદિ સંતને વાત કરી જે, 'શ્રીજીમહારાજના મહિમાની વાત જેમ છે તેમ કહેવામાં કે લખવામાં આવે તેવી નથી અને શાસ્ત્રમાં જે લખ્યું છે તે તો સર્વેને સમજાવવા સારુ જેમ આંધળાને લાકડી આપે તેમ લખ્યું છે પણ દેખતાને લાકડીનું કામ પડે નહિ, તેમ આપણે તો શ્રીજીમહારાજના મુખકમળથી વાતો સાંભળી છે તેમ જ સમજવું અને આ વાત બહુ મોટી છે જે, આ જગતમાં સૌથી મોટા કવિ વ્યાસજી છે. તે વ્યાસજી સર્વથી અતિ મોટા અને ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમ, પરબ્રહ્મ આદિ વિશેષણથી ગોલોકવાસી રાધિકા-લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણને કહે છે, પણ એ શ્રીકૃષ્ણ મહામાયાના પતિ મૂળપુરુષ છે ને એમને શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન દુર્લભ છે.'

અને વળી સ્વામીએ બીજી વાત કરી જે, "એક સમયે શ્રીજીમહારાજ મોટા મોટા સાધુને ભેળા લઈને કરિયાણે પધાર્યા હતા અને જીવુબા, લાડુબા તથા મૂળજી બ્રહ્મચારી આદિ હરિભક્ત પણ ભેળા હતા. તે વખતે મહારાજ કાઠીના દરબારમાં ઊતર્યા હતા ને સાધુ ગામમાં બીજે ઠેકાણે ઊતર્યા હતા. એક દિવસ સાંજના સમયે શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા, તે સમયે શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ અવતાર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા ને શ્રીજીમહારાજ ને સભાની કેડે ઊભા રહ્યા, ત્યારે શ્રીજીમહારાજ સભાને સન્મુખ બેઠા હતા, તે અવળા ફરીને અવતારને સન્મુખ બેઠા ને સર્વ અવતાર શ્રીજીમહારાજનાં દર્શન કરીને સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે શ્રીજીમહારાજ પોતાના હસ્તકમળની ચેષ્ટાએ કરીને નેત્રકમળની અલૌકિક સાને કરી તે સર્વે અવતારની સ્તુતિ-પ્રાર્થના સ્વીકારીને રાજી થયા ને જેણે પોતાની આજ્ઞા લોપી હતી તેને ઠપકો દીધો, એવી રીતે બે ઘડી સુધી અવતારને દર્શન દીધાં. પછી સર્વ અવતારને જવાની આજ્ઞા કરીને પોતે સવળા થઈને બેઠા ને અવતાર શ્રીજીમહારાજની આજ્ઞાથી ગયા. એમ દિવ્ય દૃષ્ટિવાળા સ્વરૂપાનંદસ્વામી ને વ્યાપકાનંદસ્વામી આદિ મોટા સંતે પ્રત્યક્ષ દેખ્યું. પછી ગોડી, આરતી, ધૂન વગેરે કરીને શ્રીજીમહારાજે સભામાં વાતો કરી,પછી ઉતારે પધાર્યા ને જમીને શયન કર્યું. તે સમયે લાડુબા, જીવુબા આદિ બાઈઓ મહારાજની આજ્ઞા મંગાવીને મહારાજ પાસે આવ્યાં ને મહારાજને અતિ વિનય કરીને કહ્યું જે, 'હે મહારાજ ! આપને એક વાત પૂછવા આવ્યાં છીએ.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'પૂછો.' ત્યારે લાડુબા બોલ્યાં જે, 'આજ સાંજ સમે તમે સભામાં અવળા થઈને બેઠા ને કર-નેત્રની ચેષ્ટા અલૌકિક કરતા હતા, એ તે શું કરતા હતા ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અક્ષરધામમાં અમારાં દર્શન અમારા મુક્તને છે, પરંતુ બીજા અવતાર જે અક્ષર, વાસુદેવ, નરનારાયણ, મહાકાળ ને કૃષ્ણ આદિ કોઈને નથી પણ અહીં અમે બિરાજીએ છીએ ત્યારે તે અક્ષરાદિ સર્વે અવતારને અમારાં દર્શન થાય છે પણ બ્રહ્માંડાધિપતિ મૂળપુરુષોમાં જેણે અમારી આજ્ઞા લોપી હતી, તેને અમે દર્શન દેતા નહિ. પછી તે પુરુષ નરનારાયણની પાસે ગયા ને તેમને કહ્યું જે, 'પુરુષોત્તમ નારાયણ આ બ્રહ્માંડમાં પધાર્યા છે પણ અમને દર્શન દેતા નથી, માટે તમે કૃપા કરીને દર્શન કરાવો.' પછી નરનારાયણ તેમને લઈને અમારે દર્શને આવ્યા, તેથી અમે તેમને નરનારાયણની મહોબતે કરીને દર્શન દીધાં ને બીજા પણ અવતાર આવ્યા હતા તેમણે અમારી સ્તુતિ-પ્રાર્થના કરી. તેમાં જેણે અમારી આજ્ઞા માની હતી તેના ઉપર અમે રાજી થયા અને જેણે નહોતી માની તેને ઠપકો દીધો.' -એમ વાર્તા કરી. તેને સાંભળીને લાડુબા આદિ બાઈઓ અતિ આનંદ પામીને ઉતારે ગયાં ને શ્રીજીમહારાજ પોઢી ગયા."

અને વળી સ્વામીએ વાત કરી જે, "ગંગાજળિયા કૂવા ઉપર શ્રીજીમહારાજને મૂળજી

બ્રહ્મચારી સ્નાન કરાવતા હતા. તે સમયે જીવુબા, લાડુબા વગેરે બાઈઓ શ્રીજીમહારાજનાં દર્શન કરતાં કરતાં પરસ્પર વાતો કરવા લાગ્યાં જે, 'અહો ! આપણાં બહુ મોટાં ભાગ્ય છે જે, ગોપીઓના જેવી પ્રાપ્તિ થઈ છે.' પછી શ્રીજીમહારાજ સ્નાન કરી વસ્ત્ર પહેરીને ઉગમણા ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા, ત્યારે તે બાઈઓ પણ પાસે આવીને બેઠાં. ત્યારે શ્રીજીમહારાજ બાઈઓ પ્રત્યે બોલ્યા જે, 'તમે આટલાં વર્ષ અમારા ભેગાં રહ્યાં અને અમારી વાતો સાંભળો છો પણ તમારી સમજણ તો ગોબરી છે; કેમ જે અમારું પૂરું માહાત્મ્ય સમજતાં નથી.' ત્યારે બાઈઓએ કહ્યું જે, 'હે કૃપાનાથ ! તમે દયા કરીને અમને સમજાવો : જે અમારી શી રીતે ગોબરી સમજણ છે ને તમારું માહાત્મ્ય કેવું સમજવું ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તમે ગોપીઓના જેવી પ્રાપ્તિ સમજો છો તે જ તમારી ગોબરી સમજણ છે; કેમ જે તમારા ઘરનું અન્નજળ ખાનારાપીનારાનાં પણ ગોપીઓથી મોટાં ભાગ્ય છે ને તમારી ગાયો-ભેંસોનાં તો તેથી ઘણાં જ મોટાં ભાગ્ય છે ને તમારી પ્રાપ્તિ ને તમારા મહિમાને અક્ષર પર્યંત કોઈ પણ કહેવા સમર્થ નથી; કેમ જે ગોપીઓના પતિના પતિને પણ અમારી મૂર્તિનાં દર્શન નથી અને તમે તો અમારાં નિત્યે દર્શન કરો છો ને અમારાં અનાદિમુક્ત છો ને મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવો છો, પણ અમે તમારાં સામર્થ્ય ને સુખ તમને જણાવા દેતા નથી. પરંતુ સમય ઉપર જણાવીશું.' -આવી રીતે શ્રીજીમહારાજે પોતાનું સર્વોપરીપણું કહ્યું." ઈતિ વિશ્રામ ૧૨

નિર્ગુણદાસજીસ્વામીએ ગોપાળાનંદસ્વામી થકી સાંભળેલી અનાદિમુક્તની સ્થિતિની વાત

ફાગણ વદ ૧૨ના દિવસે સ્વામી નિર્ગુણદાસજી ને મુક્તશ્રી અબજીભાઈ તથા લક્ષ્મીરામભાઈ આદિ સર્વે વૃષપુરના મંદિરમાં વિરાજમાન હતા ને સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને વચનામૃતની કથા વંચાતી હતી. તેમાં સારંગપુરના ૧૧ના વચનામૃતમાં વાત આવી જે, 'ભગવાન કૃપા કરે ત્યારે ભગવાનના તુલ્યપણાને પામે છે.' ત્યારે સ્વામી નિર્ગુણદાસજી બોલ્યા જે, "મૂર્તિમાં રહેવાની વાતો મેં ગોપાળાનંદસ્વામી થકી જે સાંભળી છે તે કહું છું :-

(૧) એક સમયે શ્રીજીમહારાજ રાત્રીને વિષે સુરા ભક્તના ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને પાસે ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી ને કૃપાનંદસ્વામી આદિ મોટા મોટા સંત શ્રીજીમહારાજ પાસે બેઠા હતા. પછી શ્રીજીમહારાજ બહુ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, 'સંતો ! પ્રશ્ન પૂછો.'

ત્યારે ગોપાળાનંદસ્વામીએ પૂછયું જે, (૧) 'હે મહારાજ ! અનાદિમુક્ત મૂર્તિમાં રહે છે તે મૂર્તિમાન થકા મૂર્તિમાં રહે છે, કે નિરાકાર થકા મૂર્તિમાં રહે છે ?' (૨) 'ને સમગ્ર મૂર્તિમાં રહે છે, કે એક અંગમાં રહે છે ?' (૩) 'ને અખંડ મૂર્તિમાં રહે છે, કે ક્યારેક મૂર્તિમાં રહે છે ને ક્યારેક મૂર્તિથી બહાર પણ રહે છે તે કહો ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) 'અનાદિમુક્ત તો મૂર્તિમાન છે ને મૂર્તિમાન થકા જ મૂર્તિમાં રહે છે, પણ નિરાકાર થઈને રહેતા નથી; કેમ જે શ્રીજીમહારાજની પેઠે જ અનાદિમુક્ત સદાય સાકાર મૂર્તિ છે.' (૨) 'અને તે અનાદિમુક્ત શ્રીજીમહારાજના મસ્તકથી ચરણ પર્યંત સમગ્ર મૂર્તિમાં રહે છે; પણ મુખ, કે છાતી, કે ચરણ એમ એક અંગમાં રહેતા નથી; માંહીં બહાર સળંગ મૂર્તિમાં લીન થઈને રહે છે.' (૩) 'અને અખંડ મૂર્તિમાં રહે છે પણ મૂર્તિથી બહાર આવતા નથી ને અનાદિમુક્ત જીવના કલ્યાણ કરવા આવ્યા છે –એમ કહેવાય છે, તે તો શ્રીજીમહારાજ પોતાની ઇચ્છાથી અનાદિમુક્તને જીવના કલ્યાણ કરવા સારુ દેખાડે છે; પણ અનાદિમુક્ત તો શ્રીજીમહારાજની ઇચ્છાથી મૂર્તિમાં રહ્યા થકા જ દેખાય છે, પણ આવતાજતા નથી. અને સારંગપુરના ૧૧માં કહ્યું છે જે, અનાદિમુક્ત અતિશય હેતે કરીને ક્યારેક ભગવાનમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકા ભગવાનની સેવામાં રહે છે, તે પણ મૂર્તિમાં રહ્યા થકા જ શ્રીજીમહારાજની ઇચ્છાથી બ્રહ્માંડમાં દર્શન આપે છે ને જીવનો મોક્ષ કરવા રૂપી સેવા કરે છે.'

પછી ગોપાળાનંદસ્વામીએ શ્રીજીમહારાજને (૪) ચોથું પ્રશ્ન પૂછયું જે, 'અનાદિમુક્ત ને પરમએકાંતિક મુક્તમાં ભેદ કેટલો છે ?' ને પ્રશ્ન (૫) પાંચમું જે, 'અનાદિમુક્ત તમારામાં લીન રહે છે તે અનાદિમુક્તને તમારે વિષે દાસભાવ કેવી રીતે રહે છે ?'ને પ્રશ્ન (૬) છઠ્ઠું જે, 'તમારા ભેગા તમારી મૂર્તિમાં કેટલાક મુક્ત અનાદિ કાળના રહે છે તેઓ અનાદિમુક્ત કહેવાય છે તે તો બરાબર છે, પણ જે તમને ભજીને નવા મુક્ત થયા તેઓ અનાદિ કેમ કહેવાય ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, (૪) 'અનંતકોટિ અનાદિમુક્ત છે તેમનો દરજજો પરમએકાંતિકથી અતિ અધિક છે; અનાદિમુક્ત તો મૂર્તિમાં છે, છે ને છે જ. અનાદિમુક્તને અમારું માહાત્મ્ય તથા અમારે વિષે પ્રેમ પણ પરમએકાંતિક મુક્તથી ઘણો અધિક છે ને અનાદિમુક્ત તો અમારા રૂપ છે ને અમારી સમગ્ર મૂર્તિમાં લીન રહ્યા થકા સમગ્ર મૂર્તિનું નવીન નવીન સુખ ભોગવે છે, માટે પરમએકાંતિક મુક્તથી અનાદિમુક્તને સુખ ઘણું અધિક છે.' હવે દાસભાવ કહીએ છીએ જે, (૫) 'અનાદિમુક્ત જેમ મહિમા અધિક જાણે છે તેમ જ અમારે વિષે દાસભાવ પણ પરમએકાંતિકથી અતિ અધિક રહે છે; કેમ જે જેનું સુખ આવે તેને વિષે દાસભાવ રહે જ અને

પરમએકાંતિક મુક્તનો સમૂહ પણ અનંત ને અપાર છે ને તે મધ્યે હું વિરાજમાન છું ને સર્વે મુક્તને પાસે ને સન્મુખ દેખાઉં છું. એવું મારું અલૌકિકપણું છે ને તે પરમએકાંતિક મુક્તને પણ ઊંચું-નીચું તથા પડખું-કેડે એવા ભાવ નથી તથા દેહ દેહી ભાવ નથી. દિવ્યવિગ્રહ ને ચૈતન્યઘન મૂર્તિઓ છે ને જેમ વૃક્ષ સાથે છાલ ચોટી છે તેમ મારી મૂર્તિ સાથે બહારથી જોડાઈ ગયા છે, પણ અનાદિમુક્તની પેઠે પરમએકાંતિક મુક્તને મારામાં લીન રહેવાની ગતિ નથી; કેમ જે અનાદિમુક્તથી પરમએકાંતિક મુક્તને મારું માહાત્મ્ય તથા હેત ઓછાં છે. તેથી પરમએકાંતિક મુક્તને મૂર્તિમાં રહેવાની ગતિ પડતી નથી ને તેથી જ તે મુક્તને સુખ ને દાસભાવ પણ અનાદિમુક્તથી ન્યૂન છે ને સર્વોત્તમ મુક્તની સ્થિતિ તો અનાદિમુક્તની જ છે અને અનાદિમુક્ત તો મૂર્તિ સ્વરૂપ છે.' હવે પ્રશ્ન (૬) છઠ્ઠાનો ઉત્તર જે, 'નવાને અનાદિ કહેવાય છે તેનું કારણ એ છે જે, જે મુક્ત મૂર્તિમાં રહે છે તે મુક્તની અનાદિમુક્ત એવી સંજ્ઞા છે ને કૈવલ્યમુક્ત તથા નિત્યમુક્ત ને સર્વાત્માબ્રહ્મ તે પણ અનાદિમુક્તને જ કહ્યા છે. વળી નવા મુક્ત અનાદિ કહેવાય છે, તે શાથી તો, અનાદિમુક્તને આદિભાવ શ્રીજીમહારાજ ભુલાડી દે છે, તેથી તે મુક્તને હું અનાદિ કાળનો મૂર્તિમાં જ છું –એમ વર્તે છે. જેથી નવા મુક્ત મૂર્તિમાં આવે છે તે સર્વેને પણ અનાદિ કહેવાય છે ને તે મુક્તને એક શ્રીજીમહારાજ જ દેખાય છે, માટે કૈવલ્યમુક્ત છે ને શ્રીજીમહારાજ વિના સર્વથી પર ને મોટા છે તેથી સર્વાત્માબ્રહ્મ કહેવાય છે. વળી અનાદિ એવા ભગવાનમાં રહે છે ને ભગવાનરૂપ છે માટે ભગવાનને લઈને અનાદિમુક્ત કહેવાય છે. અને જે મુક્ત ધામમાં રહે છે તે મુક્તની પરમએકાંતિક એવી સંજ્ઞા છે તથા વિદેહીમુક્ત ને મહામુક્ત પણ તેમને જ કહ્યા છે.' (૬)

વળી શ્રીજીમહારાજે વાત કરી જે , "કેટલાક સ્થૂળ દૃષ્ટિવાળાને શંકા થાય છે જે, 'એક મૂર્તિમાં અનેક મુક્ત કેમ રહી શકે ?' તેનો ઉત્તર જે, મૂર્તિ તો અકળિત ને અમાપ છે ને મૂર્તિની ગતિ તો મૂર્તિમાં રહેનારા મુક્તો જ જાણે છે પણ તેમને તેવી શંકા થતી નથી. અને અનંતકોટિ અનાદિમુક્તને મારામાં રાખ્યા છે, તે સર્વે મુક્તની સ્થિતિ તથા સુખ સરખું છે ને તે સર્વે મુક્ત અનુભવજ્ઞાને કરીને મને પોતાને, બીજા સર્વે મુક્તને ને સુખ લેવાની ગતિને જાણે છે. પણ ધામમાં રહેલા મુક્તને, તથા ધામને, તથા તેથી ઓરું અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ, માયાકોટિ ને માયાનું કાર્ય તેનું જાણપણું રાખતા નથી. અને તે અનાદિમુક્ત શ્રીજીમહારાજના સ્વરૂપમાં ભેગા જ રહે છે પણ એકબીજાને આવરણ ને સંકડાશ કરતા નથી ; કેમ જે, ભારે–હળવું તથા ખોલું-નક્કોર આદિ માયિક તત્ત્વના ભાવ છે, તેવા ભાવ દિવ્ય તત્ત્વમાં નથી. અને અમે ને અમારા અનાદિમુક્ત તે તો દિવ્ય તત્ત્વથી પણ દિવ્ય છીએ, તો માયિક તત્ત્વના ભાવ ન હોય ને અપારપણું

ને અલૌકિકપણું હોય તેમાં શું કહેવું ! ને અમારી મૂર્તિ પણ અકળિત છે ને મૂર્તિનું સુખ પણ કળાય તેવું નથી, પણ હું જ જેના ઉપર કૃપા કરી મારું અનુભવજ્ઞાન આપી મારા રૂપ અનાદિમુક્ત કરીને મારી મૂર્તિમાં રાખું છું, તે જ મારી મૂર્તિમાં રહીને મૂર્તિના સુખને પામે છે ને ભોગવે છે ને મૂર્તિ પણ સર્વેને આગવી દેખાય છે."–આવી રીતે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામી આદિ સંતમંડળને વાત કરી હતી અને ગોપાળાનંદસ્વામીએ મને કરી હતી, તે મેં તમને કહી. અને અનાદિમુક્તની સ્થિતિની વાત સમજવી ઘણી કઠણ છે તેથી કરીને વિસ્તારથી લખાણી નથી પણ ઘણાંક વચનામૃતમાં તથા ગ્રંથોમાં અનાદિમુક્તની સ્થિતિની વાત બીજ માત્ર તો લખાણી છે તે જુઓઃ- પ્રથમના ૧૮માં 'હું અનાદિમુક્ત જ છું.' તથા પ્રથમના ૩૨માં 'નારદ સનકાદિક જેવા અનાદિમુક્ત છે તે કથાવાર્તારૂપી ચારો કરીને મૂર્તિરૂપી માળામાં વિરામ કરે છે.' તથા પ્રથમના ૫૧માં 'પુરુષોત્તમને જ્ઞાને કરીને પુરુષોત્તમરૂપ થાય છે.' ને સારંગપુરના ૧૧માં 'ભગવાન કૃપા કરે ત્યારે ભગવાનના તુલ્યપણાને પામે છે ને શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી ને લક્ષ્મીજીની પેઠે અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે.' આ અનાદિમુક્તની સ્થિતિ કહી છે. તથા મધ્યના ૧૩માં, 'સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે ને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.' એટલે અનાદિમુક્ત શ્રીજીમહારાજના સંકલ્પથી શ્રીજીમહારાજની મૂર્તિમાંથી આ લોકમાં પ્રગટ થાય છે ને પાછા શ્રીજીમહારાજમાં લીન થાય છે. તથા મધ્યના ૬૬માં, 'એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે.' એટલે અનાદિમુક્ત કરે છે. અને છેલ્લાના ૨૧માં, 'માયાથી પર દિવ્ય ધામમાં ભગવાનના પાર્ષદ છે, તેથી આ સત્સંગીને અધિક ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.' તે અધિક અનાદિમુક્ત એવા ગોપાળાનંદસ્વામી આદિને કહ્યા છે. આમાં પરમએકાંતિકથી અનાદિમુક્ત અધિક છે, એમ શ્રીજીમહારાજે સમજાવ્યું છે. અને જયતલપુરના ૧માં પણ અનાદિમુક્તને વિષે આપોપું કરવાનું કહ્યું છે અને બીજા ગ્રંથમાં તથા કાવ્ય-કીર્તનમાં પણ અનાદિમુક્તની વાત બીજ–માત્ર લખી છે તે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું છે જે :–

પદ ૪૫૧– **રસબસ હોય રહી રસિયા સંગ, જ્યું મીસરી પય માંહી ભળી.**

તથા

પદ ૨૨૬૧– **મેં પ્રીતમ કે માંહ્ય, પિયા મોય ભીતરે;**
અરસ પરસ એક તાર, રહ્યા હે સ્વતંત રે.

તથા નિષ્કુળાનંદસ્વામી

કીર્તનમાં– **કોટિ મુક્ત સેવા કરે, રોમરોમ રસરૂપ;**
અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ. તથા

સારસિદ્ધિ[૧]– **જેમ સુગંધી રહી છે શ્રીખંડ[૨] માંય, રહ્યો ઈક્ષુ[૩] માંહિ જેમ રસ;**
તેમ હરિજન માંહી હરિ, હળીમળી રહ્યા એકરસ. તથા

હરિસ્મૃતિ– **એક વ્યાપકાનંદ મુનિ, આ૦[૪] તે પર મે'ર મોટી પ્રભુની, આ૦**
સદા રહે મૂર્તિમાંઈ, આ૦ હરે ફરે હરિઈચ્છાઈ, આ૦
એક હરિજન પર્વતભાઈ, આ૦ સદા રહે હરિમૂર્તિમાંઈ, આ૦

તથા ભક્તચિંતામણિ

પ્ર. ૪૭– **કરી સમાધિ કૃષ્ણમાં રઈ રે, ત્યારે દેહની વિસ્મૃતિ થઈ રે.**

તથા

પ્ર. ૧૮– **સ્વતંત્રપણું લક્ષ્મીના જેવું રે, જે શ્રીકૃષ્ણસ્વરૂપમાં રહેવું રે.**

તથા શિક્ષાપત્રી શ્લોક ૧૧૧માં 'એ રાધિકાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ–ભગવાનને પડખે હોય છે ને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે ત્યારે તે શ્રીકૃષ્ણભગવાન એકલા જ હોય એમ જાણવા.' એટલે અનાદિમુક્ત મૂર્તિમાં લીન થઈને રહે છે ત્યારે શ્રીજીમહારાજ એક જ દેખાય છે. અને સત્સંગિભૂષણ-અંશ ૧માં ઈચ્છારામભાઈની નામકરણની વાતમાં–'આ પુત્ર પોતાની ઈચ્છાએ કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં રમશે અને બીજાને રમાડશે' તથા ત્રીજા અંશમાં સચ્ચિદાનંદસ્વામીના પ્રેમની વાતમાં 'સચ્ચિદાનંદસ્વામી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે, માટે શ્રીજીમહારાજ ભેગા જમે છે અને ભેગા રહીને શ્રીજીમહારાજની સર્વે લીલા જાણે છે.' તથા મુક્તાનંદસ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં– 'મુક્ત ક્યારેક અતિ પ્રેમે કરીને ભગવાનને વિષે લીન રહે છે ત્યારે પણ ભગવાનના સ્વરૂપનો આનંદ એક થઈને અનુભવે છે.' માટે સ્વામીસેવકભાવ રહે છે. આવી રીતે સર્વ શાસ્ત્રમાં મૂર્તિમાં રહેવાની વાત છે એમ મને ગોપાળાનંદસ્વામીએ કહ્યું હતું. અને ગોપાળાનંદસ્વામીની વાતોમાં પણ કહ્યું છે જે, 'અમે એક મૂર્તિ જ દેખીએ છીએ; મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા નથી.' –એટલે મૂર્તિમાં જ રહીએ છીએ.

૧. કડવું બત્રીસ, ૨. ચંદન, ૩. શેરડી, ૪. આચરજકારી છે.

તથા ગુણાતીતાનંદસ્વામીએ પણ પોતાની વાતોમાં કહ્યું છે જે, 'તમે જેમ દેહને ભૂલતા નથી ને દેહમાં રહો છો તેમ અમે મૂર્તિને ભૂલતા નથી.' –એટલે મૂર્તિમાં જ રહીએ છીએ. આવી રીતે અનાદિમુક્તની સ્થિતિની વાત તથા સર્વોપરી ઉપાસનાની વાત કરીને સ્વામીશ્રી મુક્ત અબજીભાઈ પ્રત્યે બોલ્યા જે, "શ્રીજીમહારાજે તમને સર્વને સુખિયા કરવા ને અનાદિની સ્થિતિ સમજાવવા મોકલ્યા છે; કેમ જે તમ જેવા મુક્તના સમાગમ વિના શ્રીજીમહારાજનું રહસ્ય સમજાય તેવું નથી. માટે હું પણ સર્વેને તમારો સેવા–સમાગમ કરવાનું કહું છું ને સમાગમ કરશે, તેને તમે જ મહિમા સમજાવશો. અને મને તો તમારાં દર્શન-સમાગમથી બહુ જ શાંતિ-સુખ આવે છે ને મહારાજની મૂર્તિમાં પણ તમારાં દર્શન થાય છે."–આવી રીતે સદ્૰ સ્વામી નિર્ગુણદાસજી વાતો કરતા હતા, તે સમે અનાદિ મુક્તરાજશ્રીનાં સર્વેને દિવ્યસ્વરૂપે દર્શન થયાં અને સભા સર્વે સમાધિને પામી હોય ને શું ! એમ સ્થિર થઈ હતી. પછી શ્રીજીમહારાજની ઇચ્છાથી મનુષ્યભાવે દર્શન થયાં. એવી રીતે નિત્યે કથાવાર્તા થતી અને અક્ષરધામના જેવો સર્વેને આનંદ થતો. પછી સ્વામીએ મુક્તશ્રીની રજા લઈને બીજે ગામ જવાની ઇચ્છા કરી ત્યારે લક્ષ્મીરામભાઈ તથા કેસરાભાઈ આદિ સર્વે મુક્ત તે પણ સ્વામીશ્રીની ને મુક્તશ્રીની રજા લઈ તથા મળીને પોતપોતાને ગામ ગયા ને સ્વામીશ્રી નિર્ગુણદાસજી નારાયણપુર, દહીંસરા, રામપુર એ આદિ ગામોમાં કેટલાક દિવસ રહીને કથાવાર્તાથી હરિભક્તોને રાજી કરીને ભૂજનગર ગયા. ઇતિ વિશ્રામ ૧૩

બાપાશ્રીનાં પુત્ર-પુત્રીઓના ગુણનું નિરૂપણ ને તેમનાં માતાપિતાની દિવ્યગતિ વગેરે

ત્યાર પછી પરમ અનાદિ મુક્તરાજે પોતાનાં પત્ની તેમણે સહિત પોતાના મોટા પુત્ર કાનજીભાઈ તથા તેમનાથી નાના મનજીભાઈ તે બેય મોટા થયા, ત્યારે તે પુત્રનાં સગપણ કર્યાં. પછી વૃષપુર ગામના કણબી શામજીનાં પુત્રી ને સ્વધર્મનિષ્ઠ એવાં તેજબા નામે કન્યા તેની સાથે મોટા પુત્ર કાનજીભાઈનાં લગ્ન કર્યાં. અને ગામ દહીંસરામાં કણબી શામજીનાં દીકરી ને સારા સ્વભાવવાળાં એવાં કેસરબા નામે કન્યા તેની સાથે નાના પુત્ર મનજીભાઈનાં લગ્ન કર્યાં. અને મુક્તરાજશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તે બેય પૂર્વના મુક્ત જ છે; તે કેવા, તો પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમએકાંતિક ભક્ત અને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાંસનાએ યુક્ત ને પોતાના પિતાશ્રીને વિષે વિશ્વાસ ને આત્મબુદ્ધિવાળા ને સંત-હરિભક્તની સેવામાં શ્રદ્ધાવાળા ને કથા-કીર્તન કરવામાં અતિ પ્રવીણ–એવા ગુણે યુક્ત બેય પુત્ર છે. અને

મુક્તરાજશ્રીનાં પુત્રીઓ જે વાલબા તથા રાધાબા તે પણ હેતવાળાં તથા શ્રદ્ધાવાળાં છે. તેમાં વાલબા નામે મોટાં પુત્રી તે મોટા પુત્રથી અવસ્થાએ મોટાં છે અને બીજાં પુત્રી રાધાબા તે મોટા પુત્રથી નાનાં છે. તે બેય બાલ્યાવસ્થાને વિષે જ વિધવાપણું પામ્યાં હતાં અને દૃઢ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું છે –એવાં ને પંચવિષયને વિષે અતિશય વૈરાગ્યવાન અને કૃચ્છ્રચાંદ્રાયણ ને ધારણાં-પારણાં કરવામાં તત્પર ને સ્વધર્મમાં અતિ નિષ્ઠાવાળાં અને પોતાના પિતાનું માહાત્મ્ય જાણી પિતાની અનુવૃત્તિમાં જ વર્તતાં ને માહાત્મ્યજ્ઞાને સહિત પિતાની સેવા કરવામાં તત્પર એવાં, અને જેમને ભગવાન ને ભગવાનના ભક્તની સેવામાં અતિ શ્રદ્ધા છે ને પ્રત્યક્ષ શ્રીજીમહારાજની કથાવાર્તા-ધ્યાનભજન કરવા સાંભળવામાં અતિ નિપુણ એવાં બે પુત્રીઓ તથા બે પુત્ર, તેમણે પ્રીતિ ને અનુવૃત્તિથી સેવ્યા એવા જે મુક્તરાજશ્રી, તે પોતાની વૃદ્ધ અવસ્થાને પામ્યાં એવાં જે માતાપિતા તેમની સેવા કરવા લાગ્યા ને વ્યવહાર સંબંધી કામ જે લેવું દેવું તથા વાડીમાં બાજરો, ઘઉં, કપાસ આદિ વાવવું ને કોસ હાંકવા, પશુને સાચવવાં ને સંત-હરિભક્ત ને મંદિરની સેવા કરવી એ આદિ સર્વે કામ પોતે કરવા લાગ્યા. અને તેમની વ્યાવહારિક ક્રિયા, શ્રદ્ધા ને માહાત્મ્ય તેને જોઈને સર્વે સંત–હરિભક્તો વિસ્મય પામતા હતા.

તેવા સમયમાં મુક્તસ્વરૂપ માતુશ્રી દેવબાના શરીરમાં તાવ આવ્યો, ત્યારે વૃદ્ધ અવસ્થાને પામેલાં એવાં માતુ દેવબા, તે તાવના મંદવાડથી પોતાનું શરીર શિથિલ થયું તેથી હવે નહિ રહે એમ જાણીને પોતાના પુત્રરૂપ મુક્તશ્રી અબજીભાઈને કહેવા લાગ્યાં જે, 'હે મુક્ત ! તમે અતિ સમર્થ છો ને તમારા જેવા તો તમે જ છો અને તમે પ્રેમી ભક્તને લાડ લડાવવા અને શ્રીહરિની દિવ્ય મૂર્તિનું સુખ આપવા ને અસંખ્ય જીવનો ઉદ્ધાર કરવા મારાથી પ્રગટ થયા છો પણ તમે મારા પુત્ર નથી; તમે તો દિવ્યમૂર્તિ છો-તે અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા અહીં દર્શન આપો છો, તેથી હું તો તમને શ્રીજીમહારાજના મુક્ત જાણીને શ્રીજીમહારાજ ને તમારા શરણને પામી છું, માટે મારી વૃત્તિ બીજા સર્વેમાંથી તોડી મૂર્તિમાં જોડીને મૂર્તિનું સુખ પમાડો અને મારું પૂરું કરીને તમારા ભેળી મૂર્તિમાં રાખો.' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'હે માત ! સુખ માત્ર મહારાજની મૂર્તિમાં જ છે; તેવું સુખ બીજે ક્યાંય નથી. અનંત અક્ષરકોટિ છે, બ્રહ્મકોટિ છે, ઈશ્વરકોટિ છે ને જીવકોટિ છે, તે સર્વેનાં સુખ ભેળાં કરીએ તોપણ શ્રીજીમહારાજની મૂર્તિના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેના કોટિમા ભાગ તુલ્ય આવે નહિ. એવા શ્રીજીમહારાજ સુખના સાગર છે, માટે તે મહારાજમાં જ જોડાવું; બીજામાં તો અણુમાત્ર પણ પ્રીતિ કે સારપ્ય રાખવી નહિ ને સચ્ચિદાનંદરૂપ એવા શ્રીજીમહારાજમાં જ ગુલતાન રહેવું.'

ત્યારે દેવબા બોલ્યાં જે, 'હે નિત્યમુક્ત ! તમે અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ ને જીવકોટિ કહ્યાં તે કોને જાણવાં ?' ત્યારે જેમની કાન્તિ શ્યામકમળ સરખી છે અને જેના સર્વે અવયવ રૂપને અનુરૂપ છે ને સર્વના મનને આકર્ષણ કરે છે ને જેમનું મુખ મંદ હાસ્ય જુક્ત છે એવા, અને જેમનો સ્વભાવ બહુ દયાળુ છે એવા મુક્તશ્રી માતા પ્રત્યે બોલ્યા જે, 'હે માતુશ્રી ! પર થકી પર અને સર્વથી મોટો ને સર્વાધાર ને કોઈની ઉપમા ન દેવાય એવો શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે તેને જ અક્ષરધામ કહ્યું છે. તે ધામમાં દિવ્યમૂર્તિ સ્વામિનારાયણ ભગવાન રહ્યા છે; તે કેવા છે, તો અનંતકોટિ અનાદિમુક્ત ને પરમએકાંતિક મુક્ત છે તે પણ જેમનાં ચરણકમળ સેવે છે –એવા છે. અને તે બે પ્રકારની સ્થિતિવાળા મહારાજના મુક્ત છે તેમાં અનાદિમુક્ત છે તે મૂર્તિમાં રહ્યા થકા મૂર્તિના સુખને ભોગવે છે ને પરમએકાંતિક મુક્ત છે તે શ્રીજીમહારાજને સન્મુખ રહ્યા થકા મૂર્તિના સુખને ભોગવે છે. અને શ્રીજીમહારાજ અક્ષરધામમાં રહ્યા થકા જે જ્યાં જ્યાં પોતાના એકાંતિક ભક્ત છે તેમને પોતે દર્શન આપે છે અને એકરૂપ થકા બહુરૂપ છે ને બહુરૂપ થકા એકરૂપ છે અને દિવ્યરૂપ થકા મનુષ્યરૂપ છે ને મનુષ્યરૂપ છે તોપણ દિવ્યસ્વરૂપ છે, એવા શ્રીજીમહારાજ તે સર્વ મુક્તને પણ અકલિત સ્વરૂપ છે ને અપાર છે. તે શ્રીજીમહારાજના તેજનાં કિરણોમાં અનંતકોટિ અક્ષર રહ્યા છે તે અક્ષરના મુક્ત ને અક્ષર તે અક્ષરકોટિ કહેવાય છે. અને તે અક્ષરના પ્રકાશમાં અનંત વાસુદેવબ્રહ્મ રહ્યા છે, તે વાસુદેવના મુક્ત જે નરનારાયણ, મહાકાળ, મહાપુરુષ એ આદિ તથા વાસુદેવ તે સર્વ બ્રહ્મકોટિ કહેવાય છે. અને પ્રધાનપુરુષ, વૈરાજપુરુષ આદિ ઈશ્વરકોટિ કહેવાય છે. અને દેવ, મનુષ્ય, પશુ આદિ જીવકોટિ કહેવાય છે. તે સર્વેમાં શ્રીજીમહારાજ અન્વય સ્વરૂપે એટલે તેજના કિરણે કરીને રહ્યા છે અને વ્યતિરેક સ્વરૂપે એટલે દિવ્ય સાકારરૂપે ધામમાં રહ્યા છે ને પોતાના ભક્તમાં પણ રહ્યા છે એવા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, તેમની મૂર્તિના સુખમાં તમને રાખ્યાં છે. અને તે શ્રીજીમહારાજનું સંપૂર્ણ સુખ અનાદિમુક્ત ભોગવે છે ને તેથી કોટિમા ભાગનું ન્યૂન સુખ પરમએકાંતિક ભોગવે છે ને પરમએકાંતિક મુક્તના સુખસમુદ્ર આગળ અનંતકોટિ મૂળઅક્ષરનું સુખ તે એક બિંદુ જેટલું છે ને મૂળઅક્ષરના સુખસમુદ્ર આગળ બ્રહ્મકોટિનું સુખ તે બિંદુ માત્ર છે ને બ્રહ્મકોટિના સુખસમુદ્ર આગળ ઈશ્વરકોટિનું સુખ બિંદુ માત્ર છે ને ઈશ્વરકોટિના સુખસમુદ્ર આગળ જીવકોટિનું સુખ બિંદુ માત્ર છે. અને તે સર્વને સુખ, સામર્થ્ય ને પ્રકાશ તેના આપનારા ને સર્વના સ્વામી ને સર્વના નિયંતા એવા શ્રીજીમહારાજ છે. તે તમારા જેવા પ્રેમી ભક્તના મનોરથ પૂરા કરવા અનાદિમુક્તમાં રહીને મુક્તરૂપે પ્રત્યક્ષ દર્શન દે છે, માટે પ્રત્યક્ષ મુક્ત અને શ્રીજીમહારાજમાં રસબસ જોડાઈ રહેવું.'–એમ મુક્તરાજશ્રી વાત કરતા હતા તે સમયે માતુશ્રી દેવબાને તેજનો સમૂહ દેખાયો અને

તે તેજના સમૂહને વિષે તેજોમય ને દિવ્ય મૂર્તિમાન એવા શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને અનાદિમુક્તનાં પણ શ્રીજીમહારાજ ભેગાં દર્શન થયાં. એવા શ્રીજીમહારાજને જોઈને દેવબા અતિશય આનંદ પામ્યાં થકાં શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાઈ ગયાં, ત્યારે દેવબાનું પંચભૂતાત્મક શરીર તે પડી ગયું અને ચૈતન્યરૂપ પોતે અનાદિમુક્ત થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખભોક્તા થઈને રહ્યાં. તે સમે સંબંધી જનોએ તે મુક્તરાજના પ્રતાપથી દેવબાનો કિંચિત્ માત્ર શોક ન કર્યો ને 'સ્વામિનારાયણ' ભગવાનનું નામસ્મરણ કરતા થકા દેવબાની ઊર્ધ્વદૈહિક ક્રિયા કરી. પછી દેવબાના તેરમાને દિવસ મુક્તશ્રીએ સાધુ, બ્રાહ્મણ ને કુટુંબ વર્ગ સર્વેને સારાં ભોજન કરાવીને જમાડ્યાં ને ભૂજમંદિરના ઠાકોરજીને થાળ ને સંતની રસોઈ કરાવીને સંતને જમાડ્યા, પછી સંતને વસ્ત્ર ઓઢાડ્યાં ને તે કાર્યની સમાપ્તિ થઈ.

ત્યાર પછી કોઈક સમયે પિતાશ્રી પાંચાભાઈને જવર આવ્યો ત્યારે પાંચાભાઈ તાવથી પોતાનું શરીર શિથિલ થયું, તેથી હવે નહિ રહે એમ જાણી પોતાના પુત્ર અબજીભાઈને શ્રીજીમહારાજના અનાદિમુક્ત જાણી પોતાની પાસે બોલાવીને કહેવા લાગ્યા જે, 'સમર્થ ! તમે મારા પુત્ર નથી; તમે તો બહુ મોટા છો પુરુષોત્તમ ભગવાન તુલ્ય છો, તમારી માતુશ્રીને અક્ષરધામમાં મૂર્તિમાં મેલ્યાં ત્યારે તમે મને શ્રીજીમહારાજની સાથે દર્શન આપ્યાં હતાં, માટે મારા ઉપર દયા કરી સર્વે માયાનાં આવરણ ટાળી મને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખો.' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'હે પિતા ! મહારાજની મૂર્તિ સંભારો; મહારાજ સારું કરશે.' ત્યારે પાંચાભાઈ પોતાના પુત્રરૂપ મુક્તશ્રી સામું જોઈ રહ્યા ત્યારે તે મુક્તશ્રી તેજોમય દિવ્યસ્વરૂપ દેખાયા. ત્યારે પાંચાભાઈ અતિ સ્નેહે કરીને મુક્તને જુએ છે, ત્યાં તેજના સમૂહમાં દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજનાં દર્શન થયાં અને મુક્તશ્રી પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં દેખાયા ત્યારે તે મૂર્તિમાં પાંચાભાઈ અતિ સ્નેહે કરીને લીન થઈ ગયા ને તેમનું કલેવર પડી ગયું ને શ્રીજીમહારાજ અનંત મુક્ત ને અનંત વિમાને સહિત એવું પોતાનું દર્શન કેટલાક ભક્તને દઈને પાંચાભાઈને અક્ષરધામમાં તેડી ગયા ને મુક્તરાજશ્રીએ પોતાના સંબંધીઓ સહિત થકા પિતાની ઊર્ધ્વદૈહિક ક્રિયા કરી. પછી સારા ભક્ત પાસે ભક્તચિંતામણિની કથા વાંચવા બેસાડી ને તે ગામના ને પરગામના સર્વે સંબંધીજનો કથાનું શ્રવણ કરવા બેસતા. પછી પાંચા પિતાના તેરમાને દિવસ કથાની સમાપ્તિ કરી ને તે દિવસે ભારે ભોજન કરાવીને સર્વ કુટુંબને તથા નાતને જમાડી. અને ભૂજમંદિરના ઠાકોરજીને થાળ ને સંતની રસોઈ કરાવીને સંતોને જમાડ્યા ને ગોદાન ને સજજોદાન મંદિરમાં દીધાં ને સર્વે વિધિ કરીને કાર્યની સમાપ્તિ કરી પછી મુક્તરાજશ્રી સુખે કરીને પોતાના ભુવનને વિષે રહ્યા.
ઇતિ વિશ્રામ ૧૪

મુક્તશ્રી ૬૦૦ માણસોનો સંઘ લઈને યાત્રા કરવા નીકળ્યા, કાજરડાની સીમમાં તથા મૂળીમાં સમાધિ ને જેતલપુરમાં ધ્રુવાનંદસ્વામીએ દેહ મેલ્યો તે સમે ચંદનપુષ્પની વૃષ્ટિ

સંવત ૧૯૪૨ના ફાગણ માસમાં સર્વ કારણના કારણ ને કૈવલ્યમુક્ત ને મહામુક્તના સ્વામી, એવા સહજાનંદસ્વામી તેમના સંકલ્પથી પ્રગટ થયેલા એવા અનાદિ મુક્તરાજશ્રી, તે અનંત સંત-હરિભક્તને પોતાનાં દર્શન દેવા ને સર્વ તીર્થસ્થાનને દિવ્ય કરવા તીર્થમાં જવાનો સંકલ્પ કરવા લાગ્યા. તે સમયે કેસરાભાઈ, જાદવજીભાઈ, દેવરાજભાઈ આદિ હરિભક્ત દર્શન કરવા પોતાની પાસે આવ્યા. તેમને બાપાશ્રીએ પોતાને તીર્થે જવાનો સંકલ્પ હતો તે જણાવ્યો. ત્યારે કેસરાભાઈ આદિ સર્વે બોલ્યા જે, 'તમે ભક્તજનને દર્શન-સમાગમનું સુખ આપવા મહારાજની ઈચ્છાથી પૃથ્વી ઉપર આવ્યા છો, તો સત્સંગમાં પણ મોટા મોટા સ્થાનમાં જઈને સર્વે સંત-હરિભક્તને દર્શન-સમાગમનો લાભ આપવો જોઈએ અને જે તમારો મહિમા જાણતા હોય, તે તો અહીં દર્શન-સમાગમ કરવા આવે પણ ત્યાં જઈએ એટલે સર્વેને દર્શનનો લાભ મળે ને અમને પણ નિત્યે તમારાં દર્શન, સમાગમ ને સેવાનો લાભ મળે ને સર્વે ધામમાં શ્રીજીમહારાજ પ્રતિમારૂપે પ્રગટ બિરાજે છે, તેમનાં ને સંત-હરિભક્તનાં દર્શનનો પણ અમને લાભ થાય. અને એ ધામ શ્રીજીમહારાજ ને મોટા મુક્તના બાંધેલા છે ને શ્રીજીમહારાજે ને મોટાએ મૂર્તિઓ પધરાવી છે, પણ પછીથી જે ધામ થયાં હોય તથા મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ હોય તે પણ તમારા પધારવાથી શ્રીજીમહારાજ ને મોટા મુક્ત પધાર્યા જેવાં જ દિવ્ય થાય, માટે તમે સંકલ્પ કર્યો છે તે બરાબર છે.'

ત્યારે અનાદિ મુક્તરાજશ્રી બોલ્યા જે, 'આપણે તીર્થસ્થાનમાં જાવું છે તે વાત તમે ગામેગામના સર્વે ભક્તને જણાવજો; જેને આવવું હોય તે તૈયાર થાય ને ભૂજમાં પણ સંતને જણાવશો, પછી આપણે દિવસ નક્કી કરી સર્વેને સમાચાર દેશું ને ભૂજમંદિરમાં ભેગા થઈશું.' પછી કેસરાભાઈ ને જાદવજીભાઈ તેમણે તે પ્રમાણે સર્વેને વાત કરી. તે વાત સાંભળીને ગામેગામના સર્વે હરિભક્ત ઘણા રાજી થયા અને કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ સર્વે હરિભક્ત વૃષપુર આવ્યા ને મુક્તરાજશ્રીને કહ્યું જે, 'આપણે આપની મરજી હોય તે દિવસ સંઘ કાઢીએ પણ જો વહેલા જઈએ તો અમદાવાદ શ્રીહરિનવમીનો સમૈયો થાય.' ત્યારે તે વાત સર્વેને ઠીક લાગી. પછી ફાગણ વદ બીજ ને સોમવારનું જવાનું નક્કી કર્યું. ત્યારે મુક્તરાજશ્રીએ વાત કરી જે, 'આપણે તીરથમાં જઈએ તે ભલે, પણ મહારાજનાં વચન પ્રમાણે વર્તવું ને શ્રીજીમહારાજ ને સંતનાં દર્શન કરવાં ને શ્રીજીમહારાજની પ્રસાદીનાં સ્થાન હોય ત્યાં દર્શન કરવા જાવું. પણ બીજે ક્યાંય જાવું નહિ

અને કથાવાર્તા-ધ્યાનભજન કરવું ને એક વખત ભોજન કરવું ને અખંડ મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખવી, તો જ તીર્થયાત્રાનું ફળ મળે ને શ્રીજીમહારાજ રાજી થાય.' પછી કેસરાભાઈ આદિને કહ્યું જે, 'તમે સર્વે મોટેરા હરિભક્તો સંઘને સાચવજો.' ત્યારે કેસરાભાઈએ કહ્યું જે, 'તમે મોટાને ભલામણ કરો.' ત્યારે ભાઈશ્રી બોલ્યા જે, 'તમે તથા જાદવજીભાઈ આદિ મોટેરા છો તે સર્વે સંઘને નિયમમાં વર્તાવશો અને બાઈઓમાં ઘનુબા મોટાં છે, તે બાઈઓને સાચવશે.' આવી રીતે સર્વેને ભલામણ-કરી અને ભૂજ ભેગા થવાનું નક્કી કર્યું. પછી મુક્તશ્રી ને સર્વે હરિભક્ત ભેગા થઈને કીર્તન બોલતા બોલતા ભૂજ આવ્યા ને ભૂજમાં ઠાકોરજી ને સંતનાં દર્શન કરી ઠાકોરજીને જમાડીને ચાલ્યા, તે અંજાર મુકામ કર્યો ને અંજારથી બીજે દિવસ સંઘ ઊપડ્યો તે સરકારપુર રાત રહ્યા, ત્યાંથી વહેલા ઊઠી ચાલવા માંડ્યું તે નિત્યવિધિ કરવા ગામ કાજરડાની સીમમાં રણને કાંઠે પાણીનો વીરડો છે ત્યાં આવ્યા. ત્યાં એક જ પાણીનો વીરડો હતો ને સંઘનાં હરિભક્ત બાઈ-ભાઈ ઘણાં હતાં. તેથી એક વીરડે સ્નાન કરવાની સગવડ થઈ શકે તેવું હતું નહિ, તેથી શ્રીજીમહારાજને સંભારવા લાગ્યાં. ત્યાં તો શ્રીજીની ઇચ્છાથી મીઠા પાણીના ભરેલા સાત વીરડા થઈ ગયા અને સર્વે બાઈઓ તથા ભાઈઓ નોખા નોખા વીરડે સ્નાન કરી પૂજા કરવા બેઠાં અને મુક્તશ્રી પણ સ્નાન કરીને પૂજા કરતા હતા. તે સમે ઘણાક મોટા મોટા દેવ-તે શ્રીજીમહારાજ ને મુક્તશ્રીનાં દર્શન કરવા આવ્યા ને તેમના વિમાનથી આકાશમાં સૂર્ય ઢંકાઈ ગયો ને સંઘના સર્વે ભક્તજનો પણ મુક્તશ્રીનાં દર્શન કરવા આવ્યા, ત્યારે શ્રીજીમહારાજરૂપ મુક્તશ્રીના સ્વરૂપમાંથી શ્વેત તેજ છૂટવા લાગ્યું અને તે તેજમાં શ્રીજીમહારાજનાં ને મુક્તનાં દર્શન થયાં અને સંઘના સર્વે ભક્તજનોને છતે દેહે જ અક્ષરધામના જેવું મૂર્તિનું સુખ આવ્યું ને અતિશય આનંદ થયો. પછી તેજ ને દેવ અદૃશ્ય થયાં, ત્યારે મુક્તશ્રી સ્વતંત્રપણે સમાધિ કરીને મૂર્તિમાં જોડાઈ ગયા ને સર્વે હરિભક્ત ટીમણ કરીને તૈયાર થયા તોપણ મુક્તરાજ તો સમાધિમાંથી જાગ્રત થયા નહિ, ત્યારે કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ સૌએ મળીને મુક્તરાજશ્રીને જગાડવાનું કર્યું, તોપણ જાગ્રત થયા નહિ. પછી જાદવજીભાઈએ કહ્યું જે, 'મુક્તરાજશ્રીનું નક્કી ન થાય જે ઘડી બે ઘડીમાં જાગે, કે બે દિવસ, કે પાંચ દિવસ થાય. તેથી સંઘને અધવચ રહેવું ન પાલવે, માટે ગાડું ભાડે કરી તેમાં સુવરાવી સાથે લઈને ચાલીએ; જ્યાં જાગે ત્યાં વાત.' પછી ગાડું ભાડે કરી ગાદલું પાથરી માંહી સુવરાવ્યા ને એક સેવક પાસે બેસાર્યો. આવી રીતે સંઘની વચમાં ગાડું ચાલ્યું આવે ને સંઘ સર્વે ચાલ્યો. એમ કરતાં સંઘ વાંટાવદર આવ્યો ત્યાં નદીની રેતીમાં ઉતારા કર્યા ને મંદિરમાં દર્શન કરી ટીમણ કર્યાં. પછી સૌ ચાલ્યા તે ગામ હળવદ પહોંચ્યા ત્યાં અનાદિ મુક્તરાજશ્રી સમાધિમાંથી જાગ્યા ને હરિભક્ત સૌ દર્શન કરવા આવ્યા, તેથી ઘણો સમૂહ એકત્ર થયો અને અનાદિ મુક્તરાજશ્રીએ નિત્યવિધિ

કર્યો. પછી સંઘના ને ગામના સર્વે હરિભક્તો મુક્તરાજશ્રીને મળ્યા ને આનંદ આનંદ થઈ ગયો ને મોટાં મુક્ત ધનુબા આદિ બાઈઓએ, 'જય સ્વામિનારાયણ' કરી દર્શન કર્યાં અને સંઘના હરિભક્તોએ ટીમણ કર્યાં ને મુક્તશ્રીને પણ જમાડ્યા. તે વખતે અનાદિમુક્તશ્રી બોલ્યા જે, 'અહો! આ સંઘનાં બહુ મોટાં ભાગ્ય છે; કેમ જે, સાક્ષાત્ શ્રીજીમહારાજ ભેળા ને ભેળા જ ચાલ્યા આવે છે તેમનાં અમને દર્શન થાય છે.' પછી થોડીવારે સૌ સંઘે ત્યાંથી પ્રયાણ કર્યું. તે ગામેગામ દર્શન દેતા ને કથાવાર્તા કરતા બીજે દિવસ મૂળીધામ પહોંચ્યા. ત્યાં ઠાકોરજી તથા સંત-હરિભક્તનાં દર્શન કરી ઉતારા કર્યા ને આ કચ્છી સંઘમાં છસો જેટલા હરિભક્ત હતા, તેથી મોટો સમૈયો હોય તેમ મંદિર ઊભરાવા લાગ્યું. અને સંઘના સૌ હરિભક્તો નિત્યે વહેલા પરવારી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં બેસી જતા ને સામે સંતની સભામાં મોટેરા સંતો સદ્. સ્વામી રાધામનોહરદાસજી, સ્વામી હરિનારાયણદાસજી, સ્વામી બાળકૃષ્ણદાસજી આદિ આગળ બેઠા હોય અને હરિભક્તની સભામાં મુક્તરાજશ્રી ને કેસરાભાઈ આદિ બેઠા હોય તેથી આ દિવ્યસભા અતિશય શોભતી હતી.

એક વખત સંતોએ મુક્તશ્રીને કહ્યું જે, 'સર્વે સંત–હરિભક્તને આપની વાતો સાંભળવાની ઇચ્છા રહે છે, માટે સૌને રાજી કરો.' ત્યારે પોતે વાતો કરવા લાગ્યા જે, 'આપણે શ્રીજીમહારાજ ને તેમના મુક્તને પળ માત્ર મૂકવા નહિ ને આવી દિવ્યસભા અહીં બેઠી છે ને કેટલાક વાટ જુએ જે, મહારાજ તથા મુક્તનાં દર્શન ક્યારે થશે, તે અજ્ઞાન કહેવાય. આજ શ્રીજીમહારાજ ને મુક્ત સભામાં પ્રત્યક્ષ બિરાજે છે ને મૂર્તિમાંથી તેજ ઝળઝળાટ થઈ રહ્યું છે ને મૂર્તિનું તેજ, તે જ અક્ષરધામ છે. ને અનંત મુક્ત તે મૂર્તિના સુખમાં કિલ્લોલ કરે છે. તે પ્રથમના ૭૧માં શ્રીજીમહારાજે કહ્યું છે જે, "અમારું અક્ષરધામ, અનંત મુક્ત ને અનંત ઐશ્વર્ય તે સહિત જ પધાર્યા છીએ, માટે સર્વે અમારા ભેળું છે ને જેને દિવ્ય દૃષ્ટિ થાય છે તેને ધામ, મુક્ત ને ઐશ્વર્ય તે સર્વે મૂર્તિ ભેળું જ ભાસે છે.'-આવી આ સભા છે. આવો શ્રીજીમહારાજનો પ્રત્યક્ષભાવે મહિમા સમજાય, તો માયિક સુખ ખારાં ઝેર જેવાં થઈ જાય ને મૂર્તિ ક્ષણવાર ભુલાય નહિ; મૂર્તિમાં રસબસ થઈ રહેવાય ને મહારાજની આજ્ઞા અણુમાત્ર લોપાય નહિ. માટે જેટલી આજ્ઞા લોપાય છે ને મૂર્તિમાં વૃત્તિ રહેતી નથી તેટલો મહિમા ને નિશ્ચય કાચો છે, પણ પરિપૂર્ણ કહેવાય નહિ. તે પ્રથમના ૫૧માં કહ્યું છે જે, 'આવો મહિમા સમજે છે ત્યારે તે પુરુષોત્તમરૂપ દિવ્ય સાકાર થાય છે.' પછી તેને અનુભવજ્ઞાન આપે છે ત્યારે અનુભવજ્ઞાને કરીને જેવા શ્રીજીમહારાજ છે ને જેવા અનાદિમુક્ત છે તે સર્વને દેખે છે ને શ્રીજીમહારાજ એને અનાદિમુક્ત કરીને પોતાના ભેગો રાખે છે."-એમ ઘણી વાતો કરી પણ આ તો દિશમાત્ર લખી છે. આવી વાતો સાંભળી સંત-હરિભક્તો આનંદમાં ગરકાવ બની ગયા ને

કહેવા લાગ્યા જે, 'મુક્તરાજશ્રી આવી અલૌકિક વાતો કરે છે !' પછી તો સવારે, સાંજે ને રાત્રીએ સભામાં તેમની વાતો સાંભળવા કેટલાક બેસી રહેતા. આવી રીતે મૂળીમાં કથાવાર્તારૂપી બ્રહ્મયજ્ઞથી આનંદ આનંદ વર્તી રહ્યો હતો. પછી સંઘના હરિભક્તે મળીને બે દિવસ ઠાકોરજી તથા સંતોને રસોઈ આપીને જમાડ્યા ને ત્રીજો દિવસ થયો, ત્યાં તો મુક્તરાજશ્રી ધ્યાનમાં બેઠા થકા સમાધિમાં ચાલ્યા ગયા તેથી સૌ દર્શન કરવા આવ્યા ને મુક્તરાજશ્રીને સ્થિર બેઠેલા જોઈ પાસે બેસી રહ્યા; પણ એ તો મૂર્તિ સાથે આનંદ કરતા હોય, તે ક્યાંથી જાગે ? પછી તો કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ સર્વે આવ્યા અને મુક્તરાજશ્રીની નાડી જોઈ ત્યારે જાણ્યું જે આ તો સમાધિમાં ગયા છે. પછી તો સર્વેને સમાધિમાં ગયાની ખબર પડી તેથી સર્વે આવીને દર્શન કરવા લાગ્યા. વળી કેટલાક હરિભક્ત કહે જે, " આપણાં બહુ મોટાં ભાગ્ય, જે આવાં દર્શન થયાં. અને સદ્. સ્વામી નિર્ગુણદાસજી અનાદિમુક્ત ભાઈશ્રીની વાતો હેતરુચિવાળાને કરે છે જે, 'બહુ મોટા મુક્ત છે.' તે આપણી નજરે દેખ્યા."-આમ વાતો કરતા તેથી સંત-હરિભક્તમાં આ અનાદિમુક્તની એકદમ પ્રસિદ્ધિ થઈ ગઈ. પછી બીજે દિવસે મુક્તરાજશ્રી જાગ્યા ને તરત ઊઠી ઠાકોરજી ને સંતોનાં દર્શન કરવા ગયા. તેથી સૌ રાજી થયા પણ બીજે દિવસ મુક્તશ્રીને તાવ આવી ગયો. તેથી સંઘના મોટેરા હરિભક્તોએ વિચાર કર્યો જે, 'આપણો સંઘ મોટો છે ને ભાઈશ્રીને પાછું આજે ઠીક જણાતું નથી, માટે તેમને અહીં રાખીને હરિભક્ત ગઢપુર આદિ ધામોમાં દર્શન કરવા જાય.' –એમ નક્કી કરીને તેમની સેવામાં રત્ના ભક્તના પૌત્ર કાનજીભાઈને રાખીને બીજે દિવસે સૌએ પ્રયાણ કર્યું. ત્યારે સંતોએ કહ્યું કે, 'તમે કોઈ ભાઈશ્રીને માટે ચિંતા ન કરશો; અમે તેમની સેવા બરાબર કરશું અને ઠીક થશે તો કાનજીભાઈ ને એ બેય પાછળથી આવશે, જોઈશે તો ભેળાં મનુષ્ય મોકલશું.'-આવી વાતથી સૌને એ ઠીક લાગ્યું પણ કેસરાભાઈ, જાદવજીભાઈ તથા ધનુબા જેવા મોટા મોટાને મુક્તરાજશ્રીને મૂકીને જવું ઠીક લાગતું નહોતું પણ શું કરે ? સંઘ મોટો ને એ મોટેરા તેથી સૌની અનુકૂળતા પ્રમાણે રહેવું જોઈએ–એમ જાણી ઠાકોરજી ને સંતનાં દર્શન કરી સૌ વિદાય થયા. બીજે દિવસે મૂળીમાં મુક્તરાજશ્રીને ઠીક થયું એટલે સંતની રજા લઈ સેવક કાનજીને સાથે લઈ ગઢપુર આવવા નીકળ્યા. જ્યારે ગઢપુર અર્ધો ગાઉ રહ્યું, ત્યારે કેસરાભાઈને એવાં દર્શન થયાં જે, 'મુક્તશ્રી સેવક કાનજીને સાથે લઈને આવે છે.' પછી સંઘને ખબર કરી ને સૌ સામા ચાલ્યા તે ગામ બહાર નીકળતાં જ મુક્તરાજશ્રીનાં દર્શન થયાં, તેથી પરસ્પર સૌ હેતથી મળ્યા ને રાજી થયા ને ધનુબાફુઈ પણ મુક્તરાજશ્રીને જોઈને બહુ જ આનંદ પામ્યાં. પછી ગઢપુર આવી ઠાકોરજી ને સંતનાં દર્શન કર્યાં ને રસોઈઓ આપી અને ગઢપુર તો શ્રીજીમહારાજની રમણભૂમિ તેથી સૌને આનંદ વર્તે, ત્યાં આ દિવ્યમૂર્તિ મુક્તરાજશ્રી મોટો સંઘ લઈને પધાર્યા પછી શું ખામી રહે ! પ્રગટ

સહજાનંદસ્વામી દાદાખાચરના દરબારમાં લીંબડા નીચે બિરાજમાન થતા ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દાદાખાચર, સોમલાખાચર આદિ મોટા મોટા સંત-હરિભક્તની સભા બેસતી ને સર્વેને અક્ષરધામના જેવું શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવતું, તેમ આ સમે પણ સર્વે હેતવાળાને મુક્તશ્રીના જોગથી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવતું.

વળી એક સમયે સભામંડપમાં સંત-હરિભક્તની મોટી સભા ભરાઈને બેઠી હતી અને મુક્તરાજશ્રી તથા કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ સર્વે હરિભક્ત સભામાં આગળ બેઠા હતા. ત્યારે સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા ભગવત્સ્વરૂપદાસજી આદિ મોટા મોટા સંતોએ અબજીભાઈશ્રીને કહ્યું જે,'સર્વે સંતને આપના મુખનાં બે વચન સાંભળવાની ઈચ્છા રહે છે, માટે વાત કરો.' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, "સંતો ! તમારી સેવા શ્રીજીમહારાજ બહુ માને છે. આ ગઢપુર અક્ષરધામ જેવું છે ને શ્રીજીમહારાજ અહીં ઘણું રહ્યા છે ને ઘણી લીલાઓ કરી છે ને વચનામૃતની વાતો કરી છે, તે અત્યારે પણ તમારા સામું જોઈ રહ્યા છે. તમે પણ એક શ્રીજીમહારાજને રાજી કરવાનું તાન રાખજો અને શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'આ ગઢડું શહેર, કે આ ઓસરી કાંઈ દેખાતું નથી.' બધુંય તેજોમય છે. એકરસ તેજમાં શ્રીજીમહારાજ ઝળસ ઝળસ ઝળકે છે. અનંત મુક્ત એ મૂર્તિના સુખમાં તદાકારપણે રહ્યા છે. સન્મુખ પણ તેજોમય સભા બેઠી છે ને શ્રીજીમહારાજ સૌને સન્મુખ જણાય છે. એ સભા અખંડ છે, અનાદિ છે, તે આપણને મળી છે. શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે ને પોતાના કર્યા છે, નહીંતર આવું સુખ ન મળે. એ મૂર્તિથી ક્યારેય નોખા ન પડવું ; એ વિના બીજું કોઈ સુખદાયી નથી. મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો આવે છે, એ ખુશબોથી તૃપ્ત રહેવું, બહાર વૃત્તિ ન કરવી, પંચવર્તમાન દૃઢ કરીને પાળવાં ને સ્ત્રીધનનો પ્રસંગ કોઈ પ્રકારે થવા દેવો નહિ, તો જ શ્રીજીમહારાજ પોતાનું સુખ આપે." –એમ ઘણી વાતો કરીને સર્વેને રાજી કર્યા. આવી રીતે સૌને સુખ આપતા, ઉન્મત્ત ગંગામાં નહાતા ને સાંજ-સવાર લક્ષ્મીબાગમાં દર્શન કરવા જતા. કોઈવાર ભક્તિબાગ ને રાધાવાવે સભા કરીને બેસતા. અક્ષરઓરડી ને દરબારમાં નીંબવૃક્ષ નીચે દર્શન કરતા હોય, ત્યારે તો વાસુદેવનારાયણના ઓરડા, ઓસરી ને નીંબવૃક્ષ નીચેનો ચોક મુક્તશ્રીએ સહિત આ કચ્છી હરિભક્તથી ઊભરાતો હતો. ક્યારેક એ ઠેકાણે મુક્તશ્રીને સર્વે દંડવત્ કરીને મળતા. એક વખત મુક્તશ્રીને અક્ષરઓરડીમાં માનસીપૂજા કરતાં સભાએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં. તેથી ઘણીવાર બેસી રહ્યા હતા. આવી રીતે ગઢપુરમાં શ્રીજીમહારાજ ને શ્રીગોપીનાથ એ આદિ દેવનાં તથા પ્રસાદી સ્થળનાં ને સંત-હરિભક્તનાં દર્શન કરીને સર્વે રાજી થયા. પછી ત્યાંથી ચાલ્યા, તે ધોલેરામાં દર્શન કરીને ધોળકે આવ્યા ને ઠાકોરજી તથા સંતનાં દર્શન કર્યાં. ત્યાં રાત્રીએ

મુક્તરાજશ્રીને એવાં દર્શન થયાં, તે જાણે જયતલપુરમાં ધ્રુવાનંદસ્વામીને શ્રીજીમહારાજ અનંત મુક્તે સહિત તેડવા પધાર્યા છે ને પોતે પણ ભેળા છે. આ વખતે ભાઈશ્રીને એમ થયું જે, 'કચ્છનો સંઘ મારી સાથે તીર્થ કરવા નીસર્યો છે, માટે આ મોટા સંતનાં દર્શન સંઘને કરાવું'.– એમ જાણી શ્રીજીમહારાજને કહ્યું જે, 'આ સ્વામીને હમણાં રાખો ને કચ્છીસંઘ જયતલપુર પહોંચે ને સ્વામીનાં દર્શન કરે, પછી ચમત્કાર જણાવીને સ્વામીશ્રીને તેડી જાઓ, તો સર્વે હરિભક્ત એ લીલા સંભારે.'-આવાં મુક્તરાજશ્રીનાં વચનથી શ્રીજીમહારાજે સ્વામીને રાખ્યા ને આ વાત મુક્તરાજશ્રીએ સંઘને જણાવી. તેથી સંઘ તુરત રવાના થયો ને જયતલપુરમાં જસાભક્તને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં જે, 'મહારાજ માણકીઘોડી ઉપર બેઠેલા ને ધોળાં વસ્ત્ર પહેરેલાં ને વતું વધેલું.'-આવાં દર્શન કરીને જસાભક્તે કહ્યું જે, 'હે મહારાજ ! આમ કેમ ? ' ત્યારે મહારાજે કહ્યું જે, 'હે ભક્ત ! કચ્છમાંથી સંઘ આવે છે, તે હમણાં અહીં આવશે. જ્યારથી એ સંઘ ચાલ્યો છે, ત્યારથી અમે એમના ભેળા ચાલીએ છીએ. તેમને માર્ગમાં કોઈ લૂંટી ન જાય ને માર્ગ ન ભૂલે, તે માટે આખા સંઘની ચિંતા રાખી અમે સાથે રહીએ છીએ, તેથી તમને આવા દેખાઈએ છીએ.'-એમ વાત કરીને અદૃશ્ય થયા. ત્યાં તો સંઘ જયતલપુર આવી પહોંચ્યો ને સૌએ ઠાકોરજી ને સદ્. ધ્રુવાનંદસ્વામીનાં દર્શન કરી ઉતારા કર્યા. પછી સંતોમાંથી એમ વાત સાંભળી જે, આગલી રાત્રે શ્રીજીમહારાજ અનંત મુક્તોએ સહિત સ્વામીને તેડવા પધાર્યા હતા, પણ મુક્તશ્રીના કહેવાથી રાખી ગયા છે.' થોડીવાર થઈ ત્યાં વળી વાડીમાંથી જસાભક્તે આવીને પોતાને દર્શન થયાં હતાં તે વાત કરી. તેથી સંઘના હરિભક્ત સહુ આશ્ચર્ય પામી ગયા. પછી ત્યાં બે દિવસ રહ્યા. તેમાં સાંજ-સવાર દેવસરોવરમાં નાહવા જતા ને પ્રસાદીના સ્થાનમાં દર્શન કરતા.

એક સમયે ભાઈશ્રીએ મહોલ ઉપર બેસીને વાતો કરી ને સર્વે હરિભક્તોને મળ્યા. પછી ત્યાંથી સંત–હરિભક્તો સહિત ધ્રુવાનંદસ્વામી પાસે આવ્યા ને દંડવત્ કર્યા. તે જોઈ સ્વામીશ્રી સૂતા હતા તોય હાથની સાને કરીને 'રાખો રાખો' એમ કહ્યું ને મુક્તરાજશ્રીને હાથ જોડ્યા ને રાજી થયા. તે વખતે મુક્તરાજશ્રી બોલ્યા જે,'સ્વામી ! સંઘ ઉપર બહુ દયા કરી.' ત્યારે સ્વામી કહે, 'આ બધી તમારી દયા છે.' આ વાતનો મર્મ સંત-હરિભક્ત મનમાં સમજી ગયા. પછી શ્રીજીમહારાજ અનંત મુક્તો સહિત સ્વામીશ્રીને તેડવા પધાર્યા ને મંદિર, મહોલ, ગામ, એ સર્વે ઠેકાણે ચંદનની વૃષ્ટિ થઈ ને સર્વત્ર સુગંધ સુગંધ ફેલાઈ રહી, એ જ વખતે સંત-હરિભક્તોએ સ્વામીશ્રીને દંડવત્ કરી દર્શન કર્યાં ને સ્વામીશ્રી તરત જ દેહત્યાગ કરીને અક્ષરધામમેાં શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં પહોંચ્યા પછી સંઘ અમદાવાદ જવા ચાલ્યો ને સ્વામીએ દેહ મેલ્યો એ ટાણે ચંદનની વૃષ્ટિ થઈ હતી, તે પ્રસાદી-ચંદન સંઘના સઘળા હરિભક્તોએ લઈ લીધું હતું. ઈતિ વિશ્રામ ૧૫

મુક્તશ્રીનું શ્રીનગરમાં સંઘ સહિત આગમન, શ્રીજીમહારાજે દિવ્યરૂપે સંત-હરિભક્તને જમાડ્યા, મુક્તશ્રીનું દિવ્ય તેજોમય દર્શન ને નિર્ગુણદાસજીસ્વામીએ કહેલું મુક્તશ્રીનું પ્રગટપણું વગેરે

પછી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી સત્સંગમાં સર્વે ભક્તને દર્શન-સમાગમથી મૂર્તિના સુખભોક્તા કરતા, એવા અનાદિમુક્તશ્રી સંઘે સહિત અસલાલીના મંદિરમાં દર્શન કરી તથા પ્રસાદીના તલાવે નાહી અમદાવાદ મંદિરમાં પહોંચ્યા. ત્યાં શ્રીનરનારાયણ દેવ, ધર્મભક્તિ, હરિકૃષ્ણ મહારાજ ને રાધાકૃષ્ણ ને ઘનશ્યામ મહારાજ-તે મૂર્તિઓનાં દર્શન કરીને સૌ ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજનાં દર્શન કરવા ગયા. ત્યાં સૌએ શ્રીફળ, રૂપામહોર આદિ ભેટ મૂકી દંડવત્ કર્યા, ત્યારે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ ઊભા થઈ મુક્તશ્રીને મળ્યા ને સર્વે હરિભક્તને કુશળ સમાચાર પૂછી ઉતારા કરાવવા સંતોને ભલામણ કરી. પછી સ્વામી નિર્ગુણદાસજીને આસને આ સંઘ આવ્યો. ત્યાં સંઘ સાથે સ્વામીએ મુક્તશ્રીને જોયા ને મુક્તરાજશ્રીએ સ્વામીશ્રીને જોયા કે તુરત જ પોતે દંડવત્ કરવા મંડી પડ્યા તે જોઈ સ્વામીએ ઉતાવળા ઊભા થઈ, 'આ શું કરો છો !' -એમ કહીને ઝાલી લીધા ને બાથમાં ચાંપી મળ્યા ને હાથ ઝાલી આસન ઉપર બેસાર્યા. તે સમે મુક્તશ્રીનું સ્વરૂપ પુષ્ટ ને શોભાયમાન છે, તેથી સર્વે અતિ હર્ષભર્યા દર્શન કરતા હતા. પછી સ્વામીશ્રીએ માર્ગના સમાચાર પૂછ્યા ને કેસરાભાઈ તથા જાદવજીભાઈને પાસે બોલાવીને સંઘના હરિભક્તોને ઉતારાની ગોઠવણ કરાવી. પછી સમય થયે સૌ સભામાં આવવા ઊઠ્યા ને બીજે દિવસે હરિનવમીનો સમૈયો હોવાથી સંત-હરિભક્તોથી મંદિર ઊભરાતું હતું ને વળી આ કચ્છી છસો હરિભક્તનો સંઘ આવ્યો હતો એટલે સૌ તેમને જોઈ જોઈ રાજી થતા. પછી સદ્. સ્વામી નિર્ગુણદાસજી ને અનાદિમુક્તશ્રી સભામાં આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ મુક્તશ્રીને આગળ બેસાર્યા અને સ્વામીશ્રી ગાદીતકિયે બેઠા ને દિવ્યસભા શોભતી હતી. હવે ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ સભામાં પધાર્યા ત્યારે મુક્તશ્રી તથા જાદવજીભાઈ, કેસરાભાઈ આદિ હરિભક્ત પુષ્પના હાર લઈ પૂજ્ય આચાર્યશ્રીને પહેરાવવા આવ્યા, ત્યારે સ્વામી નિર્ગુણદાસજીએ આચાર્યશ્રીને આ મુક્તરાજશ્રીની સમાધિની તથા ધ્રુવાનંદસ્વામી ધામમાં પધાર્યા તે સમયની વાત કરી ઓળખાણ પડાવી તેથી આચાર્ય મહારાજશ્રી બહુ રાજી થયા. પછી પૂજ્ય આચાર્યશ્રીએ મુક્તરાજશ્રીને મોટો હાર પહેરાવ્યો ને પાર્ષદ પાસે સભામાં આગળ આસન નંખાવીને બેસાર્યા. આવી રીતે ભરી સભામાં મુક્તરાજશ્રીનું સન્માન

કર્યું. તેને જોઈને કચ્છીસંઘમાં આ સૌથી મોટા છે -એમ સૌને જાણ થઈ. ને આ મુક્તશ્રી સભામાં ધ્યાનસ્થ બેસીને માળા ફેરવતા હતા અને તે સમે સભા અતિશય શોભતી હતી. પછી શણગાર-આરતી થઈ ત્યારે સભા વિસર્જન થઈ ને મુક્તશ્રી તથા સ્વામીશ્રી મંદિરમાં તથા રંગમહોલમાં દર્શન કરવા પધાર્યા ને દર્શન કરીને પોતાને આસને આવ્યા, ત્યાં તો આસને ઘણા સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી તે સભામાં સ્વામી તથા મુક્તશ્રી બેઠા ને તે સભામાં પુ. દેવચરણદાસજી, મુકુંદજીવનદાસજી આદિ સંત તથા નરસિંહભાઈ, દામોદરભાઈ, સોમેશ્વરભાઈ, ચીમનલાલ શેઠ આદિ મોટા મોટા હરિભક્તો પણ બેઠા હતા, તેમની આગળ સ્વામી નિર્ગુણદાસજી વાતો કરવા લાગ્યા જે, 'જેતલપુરમાં ધ્રુવાનંદસ્વામીને શ્રીજીમહારાજ તેડવા આવ્યા હતા, પણ કચ્છદેશના હરિભક્તોને સ્વામીનાં દર્શન કરાવવા સારુ આ મુક્તે શ્રીજીમહારાજને કહીને બે દિવસ રખાવ્યા ને કચ્છના હરિભક્તે સ્વામીનાં દર્શન કર્યાં. પછી મુક્તશ્રીના કહેવાથી શ્રીજીમહારાજે ચંદનની વૃષ્ટિ કરી. એવો ચમત્કાર જણાવી સ્વામીને તેડી ગયા. એમ શ્રીજીમહારાજ આ મુક્તનું માને છે એવા આ મુક્ત મોટા છે. અને શ્રીજીમહારાજે અનંત જીવનો મોક્ષ કરવા આમને મોકલ્યા છે ને જો હું ખોટું કહેતો હોઉં તો અમારી સાધુતામાં ખોટ છે.' -એમ કહીને સ્વામીએ પોતાની છાતીએ હાથ અડાડ્યો. એવાં સ્વામીનાં વચન સાંભળીને શેઠ ચીમનલાલ ને સોમેશ્વરભાઈ આદિ હરિભક્ત મુક્તરાજશ્રીને દંડવત્ કરવા લાગ્યા ને પ્રાર્થના કરી જે, 'અમે તમારા છીએ ને તમારા ભેગા મૂર્તિમાં રાખશો.' ત્યારે સ્વામીશ્રીએ મુક્તશ્રીને કહ્યું જે, 'આ જીવ તમારા છે; તેનો તમે મોક્ષ કરશો.' ત્યારે મુક્તશ્રી તેમના પ્રત્યે બોલ્યા જે, 'તમને મૂર્તિમાં રાખ્યા ને તમારું કામ પૂરું થઈ ગયું. અને આ સભા સર્વેને પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં ભેગા રાખશું.' -એમ સર્વેને આશીર્વાદ આપ્યા પછી સાંજની કથાનો સમય થયો એટલે સર્વે ઊઠ્યા. પછી મંદિર ઉપર જન્મોત્સવની તૈયારીને લીધે હરિભક્તો સમાય નહિ, એમ જ્યાં ને ત્યાં સંત-હરિભક્તની ભીડ જોવામાં આવતી હતી, જ્યારે દસ વાગ્યા ત્યારે જન્મસમયની આરતી થઈ. તે વખતે 'જય ! જય !' શબ્દ સર્વત્ર ગાજી રહ્યો ને સર્વે હરિભક્તો દર્શને ગયા પછી હરિભક્તની ભીડ ઓછી થઈ ત્યારે સ્વામીશ્રીની સાથે આ મુક્તરાજશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા ગયા તે વખતે પણ ઘણાક હરિભક્ત સાથે હતા ને મુક્તશ્રી ને સ્વામીશ્રી શ્રીજીમહારાજનાં તથા શ્રીનરનારાયણ દેવનાં દંડવત્ કરી દર્શન કરવા લાગ્યા, તે સમે મૂર્તિઓ 'મંદ મંદ' હસતી હોયને શું ! એવાં સર્વેને દર્શન થતાં હતાં ને પૂજારીએ સ્વામીશ્રીને તથા મુક્તરાજશ્રીને એક એક હાર પહેરાવ્યો. એવી રીતે દર્શન કરી મુક્તશ્રી સ્વામીને આસને આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ મુક્તશ્રીને કહ્યું જે, 'અમારા જેટલા સાધુ છે તે બધાયને તમારા

માનીને સાચવજો.' ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે, 'સ્વામી ! તમારી બધી વાત હું જાણું છું. તમારું મંડળ ને અમારું મંડળ ક્યાં જુદું છે ? તમે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રમો છો ને જેવા ગોપાળાનંદસ્વામી શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે તેવા જ તમે અનાદિમુક્ત છો; પણ આ વાત સમજે તે સુખિયા થાય. અત્યારે શ્રીજીમહારાજ ને અનાદિમુક્તના સંકલ્પથી એ વાત કેટલાક સમજે છે.'-એમ વાતો કરીને પોઢી ગયા. અને સંઘના સર્વે હરિભક્ત ચોકમાં ગરબી ગાવા લાગ્યા તે અતિ પ્રેમમાં સવારોસવાર રાસ રમ્યા. પછી સૌ સ્નાન, પૂજા આદિ નિત્યવિધિ કરવા ગયા ને મુક્તશ્રીને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતે કૂવા ઉપર સ્નાન કરાવ્યું પછી આસને આવી પૂજા કરી. તે સમયે મંગળા-આરતી થઈ ત્યારે સર્વે ઠાકોરજીનાં દર્શન કરવા ગયા ને મુક્તરાજશ્રી દર્શન કરી ધનુબા આદિ બાઈઓના ઉતારે મોટા મોટા હરિભક્તોએ સહિત જમવા પધાર્યા ને સંઘના સર્વે નોખી રસોઈ કરીને જમ્યા. પછી સર્વે સભામાં આવીને બેઠા ને સ્વામીએ ઘણીક વાતો કરી પછી કથાની સમાપ્તિ થઈ. ત્યારે સર્વે પોતપોતાને ઉતારે ગયા, પરંતુ મુક્તરાજશ્રી સ્વામી પાસે આસને બેઠા હતા ને સાધુ બાળકૃષ્ણદાસજી પણ પાસે બેઠા હતા. તે સમે સદ્.સ્વામી નિર્ગુણદાસજીએ મુક્તરાજશ્રીને કહ્યું જે, 'તમારાં દર્શન બરાબર થતાં નથી; કેમ જે તમે અંગરખું પહેરી રાખો છો માટે આંગડી ઉતારીને અમને દર્શન દો.' ત્યારે મુક્તશ્રી અંગરખું ઉતારી પલાંઠી વાળીને બેઠા. ત્યારે સ્વામી નિર્ગુણદાસજી ચશ્માં પહેરીને મુક્તરાજ સામું જોઈ રહ્યા, ત્યાં તો તે મુક્તરાજશ્રી તેજના સમૂહમાં તેજોમય દિવ્યસ્વરૂપ દેખાયા, ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'અહો ! તમે આવા છો ? આ તો તેજોમય સ્વરૂપ છો.' ત્યારે મુક્તશ્રીએ સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આપણે આ લોકના નથી; આપણે તો માયા પર દિવ્ય અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છીએ અને તમે પણ તેવા જ દિવ્ય છો અને અમે પણ એવા જ દિવ્ય છીએ, માટે જે આવા દિવ્ય સમજશે તે દિવ્ય થશે ને માયિકભાવ પરઠશે તે માયિક રહેશે.'-એમ બોલતાં જ મુક્તશ્રી પ્રથમના જેવા દેખાયા ત્યારે સ્વામીશ્રી અતિ હર્ષમાં બે હસ્ત જોડી નમસ્કાર કરી ઊભા થઈને મળ્યા અને મુક્તશ્રી પણ અતિ પ્રસન્ન થઈને સ્વામીને મળ્યા. પછી એકાદશીને દિવસ સભામાં સ્વામીશ્રીએ ઘણી વાતો કરી. પછી થાળની આરતી થઈ ત્યારે સૌ દર્શન કરવા ઊઠ્યા. પછી બાપાશ્રી કેસરાભાઈ આદિ હરિભક્ત સહિત કાંકરિયા સરોવર સ્નાન કરીને મંદિરમાં આવ્યા અને પોતાના ઉતારે સંઘના હરિભક્ત પાસે બેઠા, ત્યારે મોટાં મુક્ત ધનુબાએ કહ્યું જે,' કાલે દ્વાદશીને દિવસે સંતને તથા સંઘને જમાડવા છે, માટે ઠાકોરજીના થાળ ને સંતની રસોઈ ભેગી આપણા સંઘની રસોઈ પણ કરાવો ને સર્વે સંઘ પણ જમે -એમ હરિભક્તને કહો.' ત્યારે કેસરાભાઈ, જાદવજીભાઈ આદિ મોટેરા

હરિભક્તે જમવાની હા પાડી, પરંતુ સંઘના ઘણાક હરિભક્તે કહ્યું જે, "શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'પોતાના ઈષ્ટદેવ ને સંત તેમના સ્થાનકને વિષે પારકું અન્ન ખાવું નહિ.' તો સાંખ્યયોગીનું કેમ ખવાય ? માટે અમે નહિ જમીએ." તોપણ સંતની રસોઈ ભેગી અર્ધા સંઘની રસોઈ કરાવી અને સંતની તથા સંઘની ચોકમાં ચંદની હેઠે પંક્તિઓ થઈ ને ધ. ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ સંતની પંક્તિમાં લાડુ પીરસવા લાગ્યા અને મુક્તરાજશ્રી તથા સ્વામીશ્રી પંક્તિનાં દર્શન કરતા હતા. તે વખતે સ્વામીશ્રીએ મુક્તશ્રીને કહ્યું જે, 'તમે સંઘના હરિભક્તની પંક્તિમાં લાડુ પીરસો.' ત્યારે મુક્તશ્રીએ સંઘના હરિભક્તની પંક્તિમાં પાંચવાર ફરીને લાડુ પીરસ્યા. તે સમે સ્વામી નિર્ગુણદાસજીને સંત-હરિભક્તની પંક્તિમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં જે, 'શ્રીજીમહારાજ પંક્તિમાં લાડુ પીરસે છે, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પંખો કરે છે ને શ્રી રઘુવીરજી મહારાજ લાડુનો તાસ ઝાલી રહ્યા છે ને વાસુદેવાનંદસ્વામી તે પણ શ્રીજીમહારાજની સેવામાં ભેગા છે.' -એવાં દર્શન સ્વામીને થયાં અને સર્વે સંત-હરિભક્ત મહારાજના હાથની પ્રસાદી જમ્યા. પછી સ્વામીશ્રી પોતાને આસને આવીને બેઠા, ત્યારે સર્વે હરિભક્ત પણ સ્વામી પાસે આવીને બેઠા. પછી સ્વામીશ્રી બોલ્યા જે,' આજ તો શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત પ્રગટ છે. પ્રગટ પરચા સુખ આપે છે, તે દિવ્ય દૃષ્ટિવાળા દેખે છે. કેટલાક જાણે છે જે આ મંદિરમાં છે એટલા જ સંત-હરિભક્ત જમ્યા, પણ અક્ષરધામના ને બીજા ધામના અનંત મુક્ત પંક્તિમાં આવીને ભેગા જમ્યા ને શ્રીજીમહારાજે પોતે પંગતમાં લાડુ પીરસ્યા, ને જે જમ્યા તે શ્રીજીમહારાજના હાથથી પ્રસાદી જમ્યા ને ન જમ્યા તે પ્રસાદી વિના રહ્યા.'-એ વાત સંઘમાં એકબીજાથી સર્વેને જાણવામાં આવી. ત્યારે નહોતા જમ્યા તેમણે મુક્તશ્રી ને કેસરાભાઈ પાસે આવીને વિનંતી કરી જે, 'અમે જમ્યા નહિ તે અમારી ભૂલ થઈ પણ હવે પ્રસાદી આપો.' ત્યારે લાડુ ઘણા વધ્યા હતા તેમાંથી બાકી હતા તે સર્વેને જમાડ્યા. પછી મુક્તશ્રી ને સંઘના મોટેરા હરિભક્ત સ્વામી પાસે આવીને બેઠા ને સૌએ મળી સ્વામી પાસે રજા માગી જે, 'અમને અહીં આવ્યે પાંચ દિવસ થયા, હવે રાજી થઈને રજા આપો. જેથી વડતાલ આદિ ધામોમાં સુખે દર્શન કરીએ ને ગઢપુર થોડું રહેવાયું છે, તો હજી બે દિવસ ત્યાં પણ રહેશું.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ભલે, સુખેથી જાઓ પણ શ્રીજીમહારાજ ને અમને ભેગા ને ભેગા રાખશો.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'આપણે તો સદાય ભેગા છીએ.' –એમ કહી, રજા લઈને મળ્યા ને સવારમાં વહેલા નિત્યવિધિ કરી પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, સંત-હરિભક્ત ને ઠાકોરજીનાં દર્શન કરી સંઘ વડતાલ જવા નીકળ્યો. ઈતિ વિશ્રામ ૧૬

મુક્તશ્રીનું વડતાલ-આગમન, સંતોને શિક્ષાવચન, ગોપાળલાલભાઈને શ્રીજીમહારાજનાં દિવ્યદર્શન ને સંઘ સહિત ધોલેરા, ગઢપુર, ગોંડળ, રાજકોટ આદિ તીર્થમાં ફરી ભૂજ આવી મુક્તશ્રીનું વૃષપુર-આગમન

સર્વ સુખના નિધિ ને સર્વને સુખ આપનારા એવા શ્રીજીમહારાજ ને મુક્ત છે. તે શ્રીજીમહારાજ ને મુક્ત તેમણે સહિત ૬૦૦ હરિભક્તનો સંઘ તે શ્રીનગરથી ચાલ્યો તે માર્ગમાં જે ગામ આવે ત્યાં સર્વે જનો આ સંઘને જોઈને આશ્ચર્ય પામતાં, તેથી ગામમાંથી સઘળાં માણસો દોડતાં આવે ને ઊભાં રહી જોયા કરે, એવી રીતે આ દિવ્ય સંઘના હરિભક્તો હળવે હળવે ચાલતા ને શ્રીજીમહારાજને સંભારતા થકા ડભાણમાં દર્શન કરી વડતાલ પહોંચ્યા. અને માર્ગમાં સર્વે મળી વડતાલમાં ત્રણ દિવસ રોકાવાનો ઠરાવ કરી મંદિરમાં આવ્યા ને શ્રીહરિકૃષ્ણ મહારાજ ને શ્રીલક્ષ્મીનારાયણ દેવ તેમનાં દર્શન કરવા લાગ્યા, ત્યારે ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી ને સંત-બ્રહ્મચારી તેમને કચ્છનો સંઘ આવ્યાની ખબર પડી તેથી સર્વે રાજી થયા. અને મુક્તશ્રી સંઘના સર્વે હરિભક્ત સહિત સંતની જગ્યામાં સંતનાં દર્શન કરી પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પાસે દર્શન કરવા ગયા ને શ્રીફળ વગેરે ભેટ મૂકી આચાર્ય મહારાજશ્રીનાં દર્શન કર્યાં ત્યારે ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીએ સર્વે સંઘને વંડામાં ઉતારા કરવાનું કહ્યું ને મંદિરમાં ઠાકોરજી જમાડવાનું કહ્યું. ત્યારે અનાદિમુક્તશ્રી તથા કેસરાભાઈ ને જાદવજીભાઈ આદિ સર્વેએ મળીને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને કહ્યું જે, 'અમારા સંઘમાં ઘણાં મનુષ્ય છે, તેથી ગોમતીજીના કાંઠે આંબાવાડિયામાં ઊતરશું અને સંઘમાં સર્વે હરિભક્તને મંદિરમાંથી છાશ-મરચું કાંઈ પણ ન લેવું ને હાથે રસોઈ કરી ઠાકોરજીને જમાડવા એવું નિયમ રાખ્યું છે તેથી જમવાની તાણ કરશો નહિ અને ઠાકોરજીને થાળ ને સંતને રસોઈ તે અમારી વતી કરાવશો.' ત્યારે ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે કહ્યું જે, 'તમારું કચ્છનું વૃત્તાંત શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે બરાબર છે.' –એમ કહી અનાદિ મુક્તરાજશ્રીને હાર પહેરાવ્યો ને મુક્તશ્રીને તથા મોટા મોટા સર્વે હરિભક્તોને મળ્યા. પછી સર્વે હરિભક્તો ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં ઊતર્યા ને રાત્રીએ કથાવાર્તા કરીને સૂઈ રહ્યા. બીજે દિવસ બાપાશ્રીએ ચાર વાગે જાગી મહારાજનું ધ્યાન કરી સંઘ સહિત ગોમતીજીમાં સ્નાન કર્યું ને વસ્ત્ર પહેરી માનસીપૂજા, મૂર્તિપૂજા આદિ નિત્યવિધિ કર્યો. પછી મુક્તરાજશ્રી ને બીજા સર્વે હરિભક્ત મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનાં તથા શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા આવ્યા ને ભેટ મૂકી દંડવત્ કરી દર્શન કર્યાં; પછી સંતની જગ્યામાં ને બ્રહ્મચારીની જગ્યામાં દર્શન કરી સભામાં આવ્યા ત્યાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, તથા સંતનાં દર્શન કરી આચાર્ય મહારાજશ્રીના પાર્ષદે પાથરેલું જે આસન તે ઉપર બેઠા ને કચ્છના બીજા સર્વે હરિભક્ત સભામાં બેઠા. તે સમે

સભા અતિશય શોભવા લાગી ને પુષ્ટસ્વરૂપ એવા મુક્તશ્રીનાં દર્શન કરીને સર્વે હરિભક્તને અતિશય આનંદ ઊભરાતો હતો. એવી રીતે આઠ વાગ્યા સુધી કથાવાર્તા કરી, પછી સમાપ્તિ કરીને સૌ ઠાકોરજીનાં દર્શન કરવા ગયા ને મુક્તશ્રી પણ પોતાના હરિભક્તે સહિત ઠાકોરજીનાં દર્શન કરીને ગોમતીજીને કાંઠે ઉતારે આવ્યા. ત્યાં હજારો સંત-હરિભક્ત મુક્તશ્રીનાં દર્શન-સમાગમ સારુ આવ્યા ને તે સર્વે દર્શન કરીને પાસે બેઠા.

પછી મુક્તશ્રી સર્વેને વાત કરવા લાગ્યા જે, 'પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત તેમનાં દર્શન અક્ષરાદિકને પણ દુર્લભ છે, તેવા મહારાજ ને મુક્ત આપણને મળ્યા છે. માટે બીજું બધું મેલીને મહારાજની મૂર્તિમાં જોડાવું ને બીજા રાગ માત્ર મેલીને મહારાજની મૂર્તિનું સુખ પામવા યત્ન કરવો. પણ વાઘરણ રાજાની રાણી થઈ તોપણ ટુકડા માગી ખાવાનો સ્વભાવ મૂક્યો નહિ, તેમ સત્સંગમાં આવે, સાધુ થાય, તોપણ વાઘરણના સ્વભાવ મેલે નહિ; તે શું ? તો ઇંદ્રિયોને લાડ લડાવે, મહારાજની આજ્ઞામાં યથાર્થ વર્તાય નહિ, તો મૂર્તિ ક્યાંથી મળે ? ન મળે. તે સારુ તેવા સ્વભાવ મેલવા. ધર્મામૃત-નિષ્કામશુદ્ધિ પ્રમાણે મહારાજની આજ્ઞા પાળવી તો જ સત્સંગનું સુખ આવે.' ઇત્યાદિક વાતો કરતા હતા તે સમયે ગોપાળલાલભાઈ ઠાસરાથી આવ્યા ને મુક્તશ્રીને દંડવત્ કરી દર્શન કર્યાં, પછી પૂજા કરીને આરતી કરવા લાગ્યા ને સાકર આદિ ભેટ મેલી. પછી સંતોને કહ્યું જે, "આજ રાત્રીએ શ્રીજીમહારાજે મને દર્શન દઈને એમ કહ્યું જે, 'અમારા અનાદિમુક્ત વડતાલ ગયા છે તે તમે દર્શન કરવા જાઓ. તેથી હું દર્શન કરવા આવ્યો છું."-એમ કહી મુક્તશ્રીને હાથ જોડીને કહ્યું જે, 'મારા ઉપર દયા કરીને મને તમારા ભેગો મૂર્તિમાં રાખશો.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, "તમને મૂર્તિમાં રાખ્યા; અને તમારું પૂરું થયું જાણશો."-એમ આશીર્વાદ આપ્યા ને સાકરની પ્રસાદી આપી. પછી કથાની સમાપ્તિ કરીને ભાઈશ્રી સંઘમાં જમવા સારુ પધાર્યા. આવી રીતે સંત-હરિભક્તને દર્શન-સમાગમનું સુખ આપતા થકા વડતાલમાં સંઘ સહિત મુક્તશ્રી ત્રણ દિવસ રહ્યા. પછી સંત-હરિભક્ત તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને મળી ઠાકોરજીનાં દર્શન કરીને ચાલ્યા, તે ગામ બોચાસણ, બુધેજ થઈને ધોલેરા આવ્યા. ત્યાં શ્રીહરિકૃષ્ણ મહારાજ ને શ્રીમદનમોહનનાં દર્શન કરીને બે દિવસ રહ્યા ત્યાંથી ગામ કમિયાળું, કારિયાણી ને સારંગપુર થઈને મુક્તશ્રી સંઘ સહિત દુર્ગપુર આવ્યા. ત્યાં મંદિરની જગ્યામાં ઊતર્યા ને પ્રતિમારૂપે પ્રત્યક્ષ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીગોપીનાથ મહારાજ તેમનાં નિત્યે ત્રણ વખત દર્શન કરતા, ઘેલા નદીમાં સ્નાન કરતા, દાદાખાચરના દરબારમાં ઓરડા, ઓસરીઓ, લીંબતરું ને અક્ષરઓરડી તે સ્થાનમાં દર્શન કરતા, લક્ષ્મીવાડીમાં નિત્યે દર્શને જતા, સંત-બ્રહ્મચારીનાં આસને દર્શન કરી સભામાં બેસીને વાતોનું સુખ આપતા ને ભક્તિબાગ,

રાધાવાવ, ઘેલાનદીના ઘાટ જે ખળખળિયો, નારાયણધરો ને સહસ્ત્રધરો ત્યાં પણ સ્નાન કરવા ગયા હતા. તેમ જ સર્વે હરિભક્તોએ ને મુક્તરાજે ઠાકોરજીને થાળ ને સંતને રસોઈઓ વગેરે સેવા કરીને રાજી કર્યા. પછી સંઘ સહિત મુક્તશ્રી દુર્ગપુરથી ચાલ્યા તે ગોંડળ દર્શન કરીને જૂનાગઢ ગયા. ત્યાં ઠાકોરજી ને સંતમંડળનાં દર્શન કર્યાં ને ત્રણ દિવસ રહ્યા. ત્યાં સ્વામી જોગેશ્વરદાસજી, અક્ષરસ્વરૂપદાસજી આદિ મોટા મોટા સંત સાથે કથાવાર્તા ને સેવા કરી સર્વેને રાજી કર્યા. ત્યાંથી રાજકોટમાં ઠાકોરજીનાં દર્શન કરી જામનગર મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યાં ને બીજે દિવસ બાપાશ્રી સંઘ સહિત આગબોટમાં બેસી ભૂજનગર આવ્યા. ત્યાં શ્રીહરિકૃષ્ણ મહારાજ ને શ્રીનરનારાયણ દેવનાં દર્શન કર્યાં ને સર્વે સંતને મળ્યા ને ગામડામાં આગળથી ખબર પડવાથી હરિભક્તો ભૂજ સામા આવ્યા હતા, તે સર્વેને બાપાશ્રી મળ્યા ને બીજે દિવસ ભૂજ-ઠાકોરજીને થાળ ને સંતને રસોઈ કરાવી. પછી સર્વે સંઘના હરિભક્તને પોતપોતાને ગામ જવાની આજ્ઞા આપીને અનાદિમુક્તશ્રી કેટલાક હરિભક્તો સાથે વૃષપુર પધાર્યા. હવે મુક્તરાજશ્રીને આવતા સાંભળીને મુક્તશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તથા નગરવાસી સર્વે જનો અતિ હર્ષ પામી સન્મુખ આવ્યા. તે સમે રસ્તામાં આવતા ને ગાડી ઉપર બેઠેલા એવા મુક્તશ્રી અબજીભાઈને દેખીને સર્વેને આનંદ થયો ને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે મુક્તશ્રી ગાડેથી હેઠા ઊતરી સર્વેને મળ્યા ને પોતાના પુત્રોનો ને બીજા ભક્તોનો આશીર્વાદપૂર્વક સત્કાર કરીને, તેમણે સહિત ને ભક્તજને ગાન કરેલાં કીર્તન તેને સાંભળતા થકા પુરમાં પ્રવેશ કર્યો ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને સર્વે ભક્તજનોએ માન્યા થકા પોતાના દિવ્ય ભુવનમાં નિવાસ કર્યો. ઈતિ વિશ્રામ ૧૭

શ્રીજીનો મહિમા, વૃષપુરમાં મંદિર કરવા સ્વામી અક્ષરજીવનદાસનું આગમન, માંડવીમાં મુક્તશ્રીને સમાધિ, વૃષપુરમાં પુનઃ સમાધિ, નિર્ગુણદાસજીસ્વામીના આમંત્રણથી મુક્તશ્રીનું મૂળીગમન, અનાદિમુક્તની સ્થિતિની વાત, અક્ષર ને અક્ષરધામનું વિવેચન ને મૂળીમાં પણ સમાધિ

તેમાં પ્રથમ મહિમા કહીએ છીએ જે, માયા, કાળ ને પુરુષ તેથી પર બ્રહ્મ ને તેથી પર અક્ષર તે સર્વેથી પર શ્રીજીમહારાજનું અક્ષરધામ છે; તે કેવું છે, તો એ સર્વેનું આધાર ને એ સર્વેનું કારણ એવું શ્રીજીમહારાજનું તેજ છે. તેમાં શ્રીજીમહારાજ વિરાજમાન છે; તે શ્રીજીમહારાજ કેવા છે, તો સર્વાત્માબ્રહ્મ જે અનાદિમુક્ત તેના પણ આત્મા છે, ને તે અનાદિમુક્તને કૈવલ્યમુક્ત ને નિત્યમુક્ત નામે કરીને કહ્યા છે એવા કૈવલ્યમુક્તને પોતાના સ્વરૂપમાં લીન કરીને રાખે છે ને પોતાના તેજરૂપ ધામમાં મહામુક્તને રાખે છે ને તે મહામુક્તને પરમએકાંતિક મુક્ત ને વિદેહીમુક્ત નામે કરીને કહ્યા

છે. એવા અનંત મુક્તોના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા સ્વામિનારાયણ ભગવાન છે. તે કેવળ કૃપા કરીને જીવોનો મોક્ષ કરવા પોતાનું અક્ષરધામ ને મુક્ત તેને પોતામાં લીન રાખીને મનુષ્ય જેવા થાય છે ને પોતાના મુક્તને પણ મનુષ્ય જેવા કરે છે. એવા શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત તે મનુષ્યરૂપે પ્રગટ થઈને જ્યાં વિચરે છે, ત્યાં અક્ષરધામ કહેવાય છે ને તે ભગવાનની સેવામાં રહ્યા જે ભક્ત તે પણ અક્ષરધામના રહેનારા મુક્ત કહેવાય છે. એવા સહજાનંદસ્વામી સ્વામિનારાયણ ભગવાન ને તેમના અનાદિમુક્ત તે સત્સંગમાં પ્રગટ સુખ આપે છે ને પોતાના સ્વરૂપની સર્વોપરી ઉપાસના સમજાવે છે. એવા શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત તેમનો જ્યારે મુમુક્ષુ જીવ ઓળખીને આશરો કરે છે ને તેમની આજ્ઞામાં વર્તે છે, ત્યારે તેમની કૃપા થકી માયાથી મુક્ત થઈ મૂર્તિના સુખને પામે છે. એવા મુક્તરાજશ્રી તે પોતાના સેવક તેમણે પ્રીતિ-અનુવૃત્તિથી સેવ્યા થકા પોતાના ભુવનને વિષે રહ્યા છે.

તે સમયે સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી તે પોતાના મંડળે સહિત તે પુરમાં મોટું મંદિર કરાવવા સારુ આવ્યા. અને મુક્તરાજશ્રી સંતમંડળે સહિત સ્વામીની સેવા કરતા ને કરાવતા ને સ્વામી પણ મુક્તરાજ સાથે સ્નેહે કરીને કથાવાર્તા કરતા. પછી સ્વામીએ મુક્તશ્રી અબજીભાઈ ને મોટેરા હરિભક્તને મંદિર કરવાની વાત કરી. ત્યાર પછી સ્વામી ને મુક્તરાજશ્રીએ મંદિરની જગ્યા રાખી ને મંદિરનું કામ ચાલુ કરાવ્યું. અને મુક્તશ્રી બીજા કેટલાક હરિભક્તનાં ગાડાં જોડાવી ને પોતાનું ગાડું જોડીને મંદિરના મોભ વગેરે ઈમારતી લાકડાં લેવા સારુ માંડવી બંદર ગયા ને ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં ને લક્ષ્મીરામભાઈનાં દર્શન કરવા ગયા. ત્યાં મુક્તસ્વરૂપ લક્ષ્મીરામભાઈએ ભાઈશ્રીને કહ્યું જે,'તમે દયા કરી સર્વે હરિભક્તને સાથે લઈને મારે ઘેર જમવા પધારો. ત્યારે ભાઈશ્રીએ કહ્યું જે, 'મારે જમવું નથી ને જેને જમવું હશે તે મંદિરમાં બ્રહ્મચારીને હાથે જમશે. - એમ કહી મંદિરમાંથી ગાડા પાસે જઈ સમાધિ કરીને મૂર્તિમાં લીન થઈ ગયા. પછી બીજા સર્વે હરિભક્ત મંદિરમાં જમીને ગાડા પાસે આવ્યા, ત્યાં તો અબજીભાઈશ્રીને સમાધિમાં સૂતેલા જોયા. પછી મંદિરનાં લાકડાં ગાડામાં ભર્યાં ને મુક્તશ્રીના ગાડામાં મુક્તને આસન પાથરીને તેમાં સુવાડ્યા ને તે ગાડાને હાંકવા એક હરિભક્ત બેઠા અને બીજા સર્વે પોતપોતાનાં ગાડાં જોડીને ચાલ્યા તે વૃષપુર આવ્યા ને તે હરિભક્તોએ તો પ્રથમ મુક્તશ્રીના ઘેર ઢોલિયામાં ગાદલું પાથરી મુક્તરાજને ગાડામાંથી ઉતારી તેમાં સુવાડ્યા ને પોતાના ગાડામાંથી મોભ વગેરે ઈમારતી લાકડાં મંદિરમાં ઉતાર્યા પછી પોતપોતાને ઘેર ગયા. હવે સ્વામી અક્ષરજીવનદાસજી મુક્તશ્રી સમાધિમાં ગયા છે, એમ જાણી પોતાના સાધુ હરિચરણદાસજી આદિ સંતમંડળે સહિત અબજીભાઈના ઘેર દર્શન કરવા સારુ ગયા. તે સમયે ભાઈશ્રી ઢોલિયામાં સમાધિમાં સૂતા હતા ને મૂર્તિના સુખમાં થીજી રહ્યા

હતા. એવાં મુક્તશ્રીનાં દર્શન કરી, ને તેમને શરીરે હાથ ફેરવી પાછા મંદિરમાં આવ્યા ને મુક્તશ્રી તેવી રીતે પાંચ દિવસ સમાધિમાં રહ્યા. પછી છઠ્ઠે દિવસ પ્રાતઃકાળમાં જાગ્રત થયા ને સ્નાન, પૂજા વગેરે નિત્યવિધિ કર્યો ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા ને ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કરી ઘેર ભોજન કરવા ગયા, ત્યારે મુક્તશ્રીનાં પત્ની જે દેવુબા તેમણે સાકરનો શીરો, પૂરી, શાક આદિ ભોજન તૈયાર કરી રાખેલ હતાં તે મુક્તશ્રીને જમાડવા લાગ્યાં ને મુક્તશ્રી સર્વે હરિભક્તમાં અગ્રેસર છે માટે મંદિરનું કામ કરાવવા લાગ્યા. પછી સિંહાસન સહિત મંદિર પૂરું થયું, ત્યારે સ્વામીશ્રી ને મુક્તશ્રી તેમણે મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ કરવા માંડ્યો. તેમાં પ્રથમ સર્વે સામગ્રી તૈયાર કરી ને ગામડાના સર્વે સત્સંગીને કંકોત્રીઓ લખી ને સંત-હરિભક્તોને તેડાવ્યા ને શાસ્ત્રવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરાવીને શ્રીજીમહારાજની મૂર્તિઓ સિંહાસનમાં પધરાવી ને એ કામ પૂરું થયું, ત્યારે સ્વામી અક્ષરજીવનદાસજી ભૂજ ગયા ને અનાદિમુક્તશ્રી પોતાની લખાઈવાડીના ડેલામાં જઈ પછેડી ઓઢીને સમાધિમાં ગયા. હવે ભાઈશ્રીને સમાધિમાં ગયા જાણીને નારાયણપુરના જાદવજીભાઈ ને તેમના દીકરા ધનજી આદિ ને રામપુરના દેવરાજભાઈ આદિ ને બીજાં ગામોનાં બાઈઓ-ભાઈઓ આદિ સર્વ હરિભક્તો મુક્તશ્રીનાં દર્શન કરવા આવતા ને જતા. પછી મુક્તરાજશ્રી ચોથે દિવસે સાંજના પાંચ વાગે સમાધિમાંથી જાગ્યા ને સ્નાન કરીને પૂજા કરી, પછી મંદિરમાં આવી શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં ને સૌ હરિભક્તને દર્શન દઈ આનંદ પમાડી ઘેર જઈને ભોજન કર્યું. એવી રીતે મુક્તરાજશ્રી કેટલીકવાર સમાધિમાં જતા, તે ક્યારેક બે દિવસ, ક્યારેક ત્રણ દિવસ ને ક્યારેક પાંચ દિવસ સમાધિમાં રહેતા ને ક્યારેક આઠ-દસ દિવસ પણ સમાધિમાં રહેતા અને સમાધિમાંથી જ્યારે જાગે ત્યારે પોતાનો નિત્યવિધિ કરતા.

સંવત ૧૯૪૪ની સાલમાં સદ્. સ્વામી નિર્ગુણદાસજી મૂળીમાં ચાતુર્માસ કરવા રહ્યા હતા ત્યારે તેમને એવો વિચાર થયો જે, 'ઝાલાવાડ દેશના મોટા મોટા હરિભક્તો અહીં સમાગમ કરવા આવે છે ને અહીંના સંતો બહુ ખપવાળા છે ને આપણા મંડળના સાધુને પણ જોગ-સમાગમનો ખરો આગ્રહ છે. આમ સૌને મહારાજના સુખની તાણ છે, તેથી જો વૃષપુરથી અનાદિ મુક્તરાજ અબજીભાઈને તેડાવ્યા હોય, તો હરિભક્તને મુક્તશ્રીનાં દર્શન-સમાગમનો ઘણો લાભ મળે; કેમ કે શ્રીજીમહારાજે તેમને પોતાની વતી મોકલ્યા છે એવી સત્સંગમાં હજી ઘણાને ખબર નથી. તેમ અહીંથી તેમનો સમાગમ કરવા કચ્છમાં થોડા જઈ શકે માટે પત્ર લખી અહીં તેડાવ્યા હોય તો સર્વેને લાભ મળે. -એમ વિચારી સ્વામીશ્રીએ પત્ર લખ્યો જે,'અહીં મૂળીમાં અમે ચાતુર્માસ કરવાના છીએ ને ઘણા સંત-હરિભક્ત સમાગમ સારુ આવ્યા છે માટે તમે તે સર્વેના ઉપર દયા કરીને ને ત્યાંથી હેતરુચિવાળા હરિભક્તને સાથે લઈ હાલ મૂળીએ જરૂર પધારશો ને તમારા

પધારવાથી સંત-હરિભક્ત ઘણા રાજી થશે ને આપણે પણ પરસ્પર મળી શ્રીજીમહારાજનો રહસ્ય અભિપ્રાય જે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું, એવી અનાદિમુક્તની સ્થિતિની વાતો કરશું. તેથી જોગ-સમાગમવાળાને પણ શ્રીજીમહારાજનો છેલ્લો સિદ્ધાંત ઘણાને સમજાશે. માટે આવવાની ઢીલ કરશો નહિ.' સ્વામીશ્રીનો આવો પત્ર વૃષપુરમાં પહોંચતાં અનાદિમુક્તશ્રીએ તે પત્ર વાંચીને કુંવરજી પટેલ તથા નારાયણપુરના જાદવજીભાઈ આદિ જે જે હરિભક્તને સ્વામીશ્રીનાં દર્શન ને જોગ-સમાગમની તાણ હતી, તે સર્વેને સાથે આવવાનું કહ્યું. પછી હરિભક્તોએ સહિત મુક્તશ્રી અબજીભાઈ ભૂજમાં ઠાકોરજીનાં દર્શન કરીને ખારીરોડથી સમુદ્રની ખાડી ઊતરી મૂળીએ પહોંચ્યા. અને આગળથી પત્ર લખ્યો હતો તેથી સૌ સંત-હરિભક્ત મુક્તશ્રીને સામા આવ્યા ને ભાઈશ્રી હરિભક્તોએ સહિત તેમની સાથે મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી સ્વામી પાસે આવી દંડવત્ કરવા મંડ્યા. ત્યારે સ્વામી નિર્ગુણદાસજી મુક્તશ્રીને દંડવત્ કરતા જોઈને અતિ હર્ષભર્યા ઊભા થઈ મુક્તશ્રીને બાથમાં ચાંપીને મળ્યા ને કહ્યું જે,' બહુ દયા કરી.' ત્યારે અબજીભાઈશ્રીએ કહ્યું જે, 'તમે હેતથી ખેંચ્યા તેથી અવાણું. -આમ બન્ને દિવ્ય મુક્તોએ વાતો કરી. પછી સ્વામીએ મુક્તરાજશ્રીનું ને હરિભક્તોનું આસન ભંડારના જૂના મેડે પોતાના આસન સામે કરાવ્યું. હવે મૂળીમાં અનાદિમુક્તરાજશ્રી કેટલાક હરિભક્તને સાથે લઈને કચ્છમાંથી આવ્યા છે, એવું સાંભળીને ઘણા સંત-હરિભક્ત મૂળીમાં ભેગા થયા હતા ને નિત્યે સભામાં સદ્. સ્વામી નિર્ગુણદાસજી ને અનાદિ મુક્તરાજ પરસ્પર પ્રશ્નોત્તર કરી વાતો કરતા ને સ્વામીશ્રીને આસને પણ સંત-હરિભક્તની સભા અખંડ ભરાઈ રહેતી.

એક દિવસ સ્વામીશ્રીએ મુક્તરાજશ્રીને પૂછ્યું જે,'અનાદિમુક્ત મૂર્તિમાં કેમ રહેતા હશે ?' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'સ્વામી ! શ્રીજીમહારાજનું ધ્યાન કરતાં કરતાં જ્યારે જીવ શ્રીજીમહારાજરૂપ થાય ત્યારે શ્રીજીમહારાજ તેને પોતાની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન આપે છે ને અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં ખેંચી લે છે. ત્યારે એ મુક્તને મૂર્તિમાં અતિ અપાર સુખ આવે છે; એ સુખની હદ નથી, જે આટલું જ સુખ અને અનંત અનાદિમુક્ત અનંતકોટિ કલ્પથી એ સુખમાં રમણ કરે છે, તોપણ એ સુખનો પાર આવતો નથી ને અપાર અપાર રહે છે; તેનું વર્ણન શું કરાય ! એવા શ્રીજીમહારાજ સુખના સાગર છે; અનાદિમુક્ત એ સાગરમાં ડૂબ્યા જ રહે છે. એવા અનાદિમુક્તના જોગ-સમાગમ ને રાજીપાથી એ મૂર્તિમાં પહોંચાય છે.'-આમ વાત કરતા હતા ત્યાં આરતી થઈ તેથી સૌ દર્શને ગયા.

હવે સ્વામીશ્રી નિર્ગુણદાસજી મુક્તશ્રીને તથા તેમની સાથે આવેલા હરિભક્તને મેડા ઉપર રસોઈ કરાવીને સર્વેને જમાડતા ને સભામંડપમાં કથા થઈ રહે, ત્યારે સ્વામીના આસને કથાવાર્તા થતી ને ઘણા સંત-હરિભક્તની મોટી સભા ભરાતી ને કોઈક સમે સ્વામીશ્રી વાતો કરતા ને કોઈક સમે મુક્તશ્રી વાતો કરતા. એક દિવસ સ્વામીના આસને મુક્તશ્રી આદિ હરિભક્ત ને સ્વામી હરિનારાયણદાસજી સ્વામી બાળકૃષ્ણદાસજી આદિ ઘણા સંતની સભા બેઠી હતી.

તે સમે સાધુ બાળકૃષ્ણદાસજીએ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'સૃષ્ટિ સમે શ્રીજીમહારાજ અક્ષર સામું જુએ છે, તે અક્ષર ને શ્રીજીમહારાજનું અક્ષરધામ એ બે એક છે કે જુદાં છે ?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'મૂળઅક્ષર પર અક્ષરધામ જુદું છે ને અક્ષરધામ તો શ્રીજીમહારાજના તેજનો સમૂહ છે, તેને મહારાજે વચનામૃતમાં અક્ષરધામ કહ્યું છે ને શ્રીજીમહારાજ જેને સૃષ્ટિ કરવાની પ્રેરણા કરે છે, તે અક્ષર તો અનંતકોટિ છે ને તેમના મુક્ત ને તેમનાં ધામ પણ જુદાં છે.

ત્યારે વળી તે સંતે પૂછ્યું જે, 'પ્રથમના ૨૧માં અક્ષરનાં બે સ્વરૂપ કહ્યાં છે તે અક્ષર કોને જાણવા ને તેમનાં બે સ્વરૂપ કિયાં જાણવાં ?' ત્યારે સ્વામીશ્રીએ મુક્તશ્રીને કહ્યું જે, 'આનો ઉત્તર તમે કરો. ત્યારે અબજીભાઈશ્રી બોલ્યા જે, 'કાર્યકારણરૂપે કરીને અક્ષરનાં બે સ્વરૂપ કહ્યાં છે; તે કેવી રીતે, તો અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે, તેથી મહારાજ ને મુક્ત ભેળા છે. તેમ જ મહારાજ ને મુક્તનો પ્રકાશ પણ ભેળો છે. તે પ્રકાશને કાર્ય ધામ કહ્યું છે અને મહારાજ ને તેમના મુક્ત તે કારણધામ છે. એવી રીતે અક્ષરનાં બે સ્વરૂપ છે. તે વચનામૃતમાં પણ કહ્યું છે જે, 'એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ'-તે શ્રીમહારાજ ને મુક્તના પ્રકાશને કહેલ છે. 'ને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. એમ જે કહ્યું, તે બીજે રૂપે એટલે સાકાર સ્વરૂપે મુક્ત શ્રીજીમહારાજની સેવામાં રહ્યા છે ને મૂર્તિનું સુખ ભોગવવું તેને અહીં સેવા કહી છે, એટલે સુખાનુભવમાં રહ્યા છે. અલબત્ત એમ પણ કહી શકાય કે, તે પ્રકાશ જેમાં વ્યાપે છે અને જેના દ્વારા ઉત્પત્ત્યાદિકરૂપી સેવા કરાવાય છે તે મૂર્તિમાન મૂળઅક્ષર પણ આ તેજરૂપ અક્ષરનું બીજું સ્વરૂપ છે, પણ તે મૂળઅક્ષરને હજૂરની સેવા કરવાપણું નથી, એમ અક્ષરનાં બે સ્વરૂપ જાણવાં.

પછી મુક્તશ્રીએ સ્વામીને પૂછ્યું જે, ' સ્વામી ! અક્ષરનાં બે સ્વરૂપ એમ હશે ને ? ' ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, ' તમે તો દેખીને કહો છો, તમારું ક્યાં અજાણ્યું છે. ગોપાળાનંદસ્વામીએ પણ તમે કહ્યું તેમ જ મને કહ્યું હતું જે, 'નિરાકાર અક્ષર મહારાજ ને મુક્તના તેજને કહ્યું છે. તેમ જ મુક્ત ને મુક્તના તેજને પણ અક્ષરધામ કહેવાય છે, તેથી જ ગોપાળાનંદસ્વામીને તથા ગુણાતીતાનંદસ્વામીને અક્ષરધામ કહ્યા છે, પણ સૃષ્ટિકર્તા અક્ષર તેમને ન સમજવા;

ગોપાળાનંદસ્વામીને તો અક્ષર એટલે મૂર્તિથી જુદા ન પડે એમ અક્ષર કહ્યા છે. -એમ નિત્યે સભામાં વાતો થતી તેથી સર્વે સંત-હરિભક્તને આનંદ થતો.

એક દિવસ મુક્તરાજશ્રીને સમાધિ થઈ ને ત્રણ દિવસ સુધી સમાધિમાં રહ્યા ને ઘણા સંત-હરિભક્ત દર્શન કરવા ને સમાધિ જોવા આવતા. પછી મુક્તશ્રીએ સમાધિમાંથી જાગ્રત થઈને નિત્યવિધિ કર્યો ને ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામી નિર્ગુણદાસજી પાસે આવ્યા, ત્યારે તેમને સ્વામીએ પૂછ્યું જે, 'આ સમાધિમાં રહેવારૂપી આપે શું ચરિત્ર કર્યું ?' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'આ સમાધિનો ભાવ દેખાડ્યો, તે તો સત્સંગમાં અનંત જીવના સમાસને અર્થે છે ને આપણે તો સદાય શ્રીજીમહારાજની મૂર્તિમાં છીએ-એ સમાધિ છે, પણ મૂર્તિથી ક્ષણવાર નોખા પડતા નથી; સળંગ મૂર્તિનું સુખ અખંડ અનુભવાય છે. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'એ તો બરાબર છે; શ્રીજીમહારાજના અનાદિમુક્ત તો શ્રીજીમહારાજરૂપ છે.' પછી સ્વામીશ્રીએ સંત પાસે રસોઈ કરાવી કચ્છી ભક્તો સહિત મુક્તરાજશ્રીને જમાડ્યા. એમ અનાદિ મુક્તરાજશ્રીએ પોતાની સાથે આવેલા હરિભક્તો સહિત મૂળીમાં કેટલાક દિવસ રહીને સંત-હરિભક્તને કથાવાર્તાનું સુખ આપ્યું. પછી સ્વામીશ્રીની રજા લઈ કચ્છમાં જવાનું કર્યું. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, 'તમે દયા કરીને અહીં આવ્યા તેથી સંત-હરિભક્ત ઘણા સુખિયા થયા ને મને પણ ઘણી શાંતિ થઈ ને હવે તમે અક્ષરધામમાંથી જે કામ કરવા આવ્યા છો તે કરશો.' પછી કેસરાભાઈ, જાદવજીભાઈ, કુંવરજી પટેલ આદિ હરિભક્તને મુક્તરાજશ્રીની સેવા કરવાની ભલામણ કરી. પછી સર્વે જવા માટે તૈયાર થયા ને ઠાકોરજીનાં, સ્વામીનાં ને સંતનાં દર્શન કરીને સ્વામીને મળ્યા ને ઘણા સંત-હરિભક્ત મળવા સારુ આવ્યા એ સર્વેને મળીને ચાલ્યા, ત્યારે કેટલાક સંત-હરિભક્ત પણ વળાવવા ભેગા ચાલ્યા. તે સર્વેને આશીર્વાદ આપી પાછા વાળી મુક્તશ્રી કચ્છના હરિભક્તની સાથે ભૂજ પધાર્યા, ત્યાં એક દિવસ રહી સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંતમંડળને સ્વામી નિર્ગુણદાસજી આદિ સંતમંડળના 'જય સ્વામિનારાયણ' ને સમાચાર કહ્યા ને સર્વેને રાજી કરી વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૧૮

અગત્રાઈમાં ગોપાળાનંદસ્વામી તથા પર્વતભાઈનો બ્રહ્મયજ્ઞ, નિર્ગુણદાસજીસ્વામી ને મુક્તશ્રીના મંદવાડની લીલા,-તેમાં મુક્તશ્રીને મહારાજનાં સાક્ષાત્ દર્શન, મોક્ષ કરવાની ભલામણ ને તેમનું અમદાવાદ-આગમન વગેરે

ત્યાર પછી સર્વને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપવામાં સમર્થ અને મંગળકારી એવા

મુક્તશ્રી અબજીભાઈ–તે વૃષપુરમાં સુખે કરીને પોતાના ઘરને વિષે રહ્યા છે અને નિત્ય પ્રત્યે મંદિરમાં વિરાજતા ને હરિભક્તને વાતો કરીને મૂર્તિનું સુખ આપતા.

એક દિવસ બાપાશ્રીએ વાત કરી જે,"શ્રીજીમહારાજે ગઢપુરમાં સમૈયો કર્યો ને ઘણા સંત-હરિભક્ત આવ્યા હતા, તેમને શ્રીજીમહારાજે પોતાનાં દર્શન-સમાગમનું બહુ સુખ આપ્યું. પછી સર્વેને જવાની રજા આપી, ત્યારે પર્વતભાઈએ શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે, 'અમારે બ્રહ્મયજ્ઞ કરવો છે માટે અગત્રાઈમાં મોટામાં મોટા સંતનું મંડળ છ મહિના રહે તેમ મોકલવા કૃપાવંત થશોજી.'-એમ કહીને પોતાને ઘેર ગયા. પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને મંડળધારી કર્યા ને એમની સાથે સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સંતદાસજી, રામદાસભાઈ આદિ ત્રીશ સદ્‌ગુરુઓને જવાની આજ્ઞા કરી. ત્યારે રામદાસભાઈ બોલ્યા જે,' હે મહારાજ ! ગોપાળાનંદસ્વામી વિના બીજા મોટા સંતને મંડળધારી કરો તો ઠીક; કેમ જે, એ તો બાર મહિનાથી સાધુ થયા છે.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,' આ ગોપાળાનંદસ્વામી તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે ને સૌથી મોટા છે માટે તેમને મંડળધારી કર્યા છે, તો તમે સૌ એમની આજ્ઞામાં રહેજો, પણ જૂનાપણાનું અભિમાન રાખશો નહિ ને ગોપાળાનંદસ્વામી ને પર્વતભાઈ જે વાતો કરે તે સાંભળીને જીવમાં ઉતારજો, તેથી તમને અમારી મૂર્તિનું બહુ સુખ આવશે.' -એમ કહીને સર્વેને અગત્રાઈ જવાની આજ્ઞા કરી.ત્યારે તે સર્વે ગયા ને પર્વતભાઈની વાડીમાં આંબા નીચે ઊતર્યા ને નિત્યે ત્યાં વાડીમાં સભા થાય ને સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી આદિ સંતની તથા પર્વતભાઈ, ભીમભાઈ, રાજાભાઈ તથા બીજા ગામના મયારામ ભટ્ટ આદિ ઘણા હરિભક્તની સભા બેસતી.

એક સમે ગોપાળાનંદસ્વામી વાતો કરવા લાગ્યા જે,' સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે અને અક્ષરધામ છે તે તેમનો પ્રકાશ છે, તેમાં દિવ્ય દ્વિભુજ સાકારમૂર્તિ એવા પોતે સદા બિરાજમાન છે અને તે ધામમાં શ્રીજીમહારાજની પાસે અનંતકોટિ પરમએકાંતિક મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં થકાં શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન–સ્પર્શનું સુખ ભોગવે છે ને અનંતકોટિ અનાદિમુક્તને શ્રીજીમહારાજે પોતાની મૂર્તિમાં રાખ્યા છે ને તે મુક્તોને શ્રીજીમહારાજ પોતાની સળંગ મૂર્તિનું રોમરોમનું નવીન નવીન સુખ ભોગવાવે છે, ને તે અનાદિમુક્તને કૈવલ્યમુક્ત ને નિત્યમુક્ત કહેવાય છે. તે મુક્ત શ્રીજીમહારાજના સ્વરૂપનું સમુદ્ર જેટલું સંપૂર્ણ સુખ ભોગવે છે ને શ્રીજીમહારાજ તે સર્વે મુક્તને સુખ આપે છે, ને તે તેજમાં રહ્યા જે પરમએકાંતિક મુક્ત તેમનું સુખ અનાદિમુક્તના સુખ-સમુદ્ર આગળ નદીના પાણી જેવું છે; અનાદિમુક્ત તો જેમ મોટા તિમિંગલ

મહાસાગરમાં રમ્યા કરે છે, તેમ મૂર્તિના સુખમાં રમ્યા કરે છે ને મૂર્તિના સુખમાં જ થીજી રહ્યા છે, તેથી પરમએકાંતિક મુક્તની સભા ને તેજરૂપ ધામ તેને પણ જોતા નથી; મૂર્તિના સુખમાં જ કિલ્લોલ કરે છે, માટે આપણે પણ એ મૂર્તિના સુખમાં રમવું, પણ મૂર્તિ વિના બીજું કાંઈ જોવું નહિ.' –એમ ગોપાળાનંદસ્વામી વાતો કરતા.

વળી કોઈક દિવસ પર્વતભાઈ વાતો કરતા જે, "શ્રીજીમહારાજના તેજરૂપ ધામના એક કિરણમાં અનંતકોટિ અક્ષરરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે અને તે અક્ષરના તેજનાં કિરણોમાં વાસુદેવબ્રહ્મરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે ને વાસુદેવબ્રહ્મના તેજનાં કિરણોમાં અનંતકોટિ પુરુષરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે ને પુરુષ જે શ્રીકૃષ્ણભગવાન તેમના તેજનાં કિરણોમાં પ્રધાનપુરુષરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે, તે પ્રધાનપુરુષથી અક્ષર સુધી કોઈને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનાં દર્શન-સ્પર્શનું સુખ નથી. એવા સ્વામિનારાયણ શ્રીજીમહારાજ તે આપણને મળ્યા છે ને તેમણે આપણા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે અને હું અનાદિમુક્ત છું ને સળંગ મૂર્તિનું સુખ ભોગવું છું એવું અખંડ ધ્યાન રાખવું.'-એમ નિત્યે વાતો કરતા. ત્યારે સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી એ આદિ મોટા મોટા સંતને પણ એમ થયું જે, 'આ શું વાતો કરે છે ! આપણને બરાબર સમજાતી નથી,' પણ શ્રીજીમહારાજે આપણને કહ્યું છે જે, 'તેમની વાતો સાંભળજો. તેથી તમને અમારી મૂર્તિનું બહુ સુખ આવશે.' માટે આપણે તેમની વાતો જીવમાં ઉતારીને તે પ્રમાણે ધ્યાન કરીએ.' પછી એમ કરવા માંડ્યું, ત્યારે તેમને શ્રીજીમહારાજની મૂર્તિ દેખાતી હતી,પણ પછી તો મૂર્તિમાંથી અનુભવજ્ઞાન પ્રગટ થયું. તેણે કરીને સળંગ મૂર્તિના સુખનો અનુભવ થયો ને શ્રીજીમહારાજના સ્વરૂપમાં અનંતકોટિ અનાદિમુક્ત રહ્યા થકા સળંગ સ્વરૂપનો આનંદ અખંડ અનુભવે છે તે સર્વેનો અનુભવ થયો ને અતિ સ્નેહે કરીને શ્રીજીમહારાજના સ્વરૂપમાં લીન થઈ ગયા ને અનાદિમુક્ત થઈને મૂર્તિનું સુખં ભોગવવા લાગ્યા. પછી ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'શ્રીજીમહારાજે અમને તમારા ભેગા મોકલ્યા અને તમે ભેગા લાવ્યા, તે તમે ને મહારાજે અમારા ઉપર બહુ દયા કરી અને તમારી વાતો સાંભળીને અમને પણ તમારા જેવી સમજણ ને સ્થિતિ થઈ. તેથી હવે શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ રહીને સળંગ મૂર્તિનું સંપૂર્ણ સુખ ભોગવાય છે.' એમ સંતને-અનાદિમુક્તની સ્થિતિ પમાડી. તેમ જ મયારામ ભટ્ટ આદિ સર્વે હરિભક્ત પણ ગોપાળાનંદસ્વામી ને પર્વતભાઈની વાતો સાંભળીને એવા જ સુખિયા થયા. એવી રીતે છ મહિના સુધી બ્રહ્મયજ્ઞ કરી પછી બીજે ગામ ગયા." –એમ નિત્યે બાપાંશ્રી સભામાં વાતો કરતા. તેવા સમયમાં શ્રીનગરમાં સદ્. સ્વામી નિર્ગુણદાસજીએ તથા વૃષપુરમાં બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો તેની વિગત :–

સંવત ૧૯૪૮ના જ્યેષ્ઠ માસમાં મુક્તરાજશ્રીને શરીરે પ્રથમ તાવ આવવા માંડ્યો ત્યારે ઘરમાંથી સાધારણ ઉપચાર કરવામાં આવ્યા પણ આ તાવ તો દિવસે દિવસે વૃદ્ધિ પામતો ગયો ને વળી મુક્તશ્રી આ લોકમાંથી પોતે ઉદાસી થઈ ગયા હોય તેમ આસનમાંથી ઊઠીને પૃથ્વી પર સૂઈ જાય ને અન્નજળ પણ ગ્રહણ કરે નહિ ને ઘરનાં સહુ બહુ આગ્રહ કરે ને દિલગીર થાય ત્યારે થોડું જમીને પાણી પીએ, પણ દેહનો અનાદર કરી નાખ્યો હોય તેમ મંદવાડ જણાય. તેને જોઈ ઘરમાં પુત્ર-પુત્રીઓ સર્વે દિલગીર થઈ ગયાં ને હેતવાળા સર્વે હરિભક્ત તે પણ દિલગીર થવા લાગ્યા. પછી નારાયણપુરના જાદવજીભાઈએ અમદાવાદમાં સદ્. સ્વામી નિર્ગુણદાસજીને આ મંદવાડના ખબર આપ્યા જે,'વૃષપુરમાં અનાદિમુક્તશ્રી પોતાના અંગમાં મંદવાડ દેખાડે છે.' –આ સમાચાર મળ્યા પહેલાં જ થોડા દિવસ થયા સદ્. સ્વામી નિર્ગુણદાસજીને પણ મંદવાડ થઈ ગયો હતો. તેવામાં આ મુક્તરાજશ્રીનો મંદવાડ સાંભળ્યો, તેથી પોતે ઘણી દિલગીરી જણાવી. પછી પોતાના સાધુ સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે ભૂજમાં સ્વામી અક્ષરજીવનદાસજી ઉપર એક પત્ર લખાવ્યો જે, ' વૃષપુરમાં અનાદિમુક્તશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો છે તેના ખબર અમને મળ્યા તેથી ઘણા ઉચાટ થાય છે, માટે તમે એમની સંભાળ રખાવશો ને તેમનો ખાટલો મંદિરમાં રખાવશો અને સેવામાં બે સાધુ જરૂર મોકલજો; કેમ જે મંદિરમાં રહેવાથી ઘણાને દર્શનનો લાભ મળે ને સંત હોય તો સેવા પણ સારી થાય.' –આ પત્ર વાંચી સ્વામીશ્રીએ બે સાધુ મુક્તશ્રીની સેવામાં મોકલ્યા ને તે સંતો વૃષપુર આવ્યા પહેલાં નિર્ગુણદાસજીસ્વામીનો પત્ર મુક્તશ્રીને પણ આવેલ હતો, તેથી મુક્તરાજશ્રીનો ખાટલો મંદિરમાં લાવ્યા, ત્યાં તો આ મુક્તશ્રી તુરત મૂર્તિના સુખમાં ઊતરી ગયા. તે કાંઈ બોલે કે ચાલે નહિ; સમાધિ જેવી સ્થિતિ થઈ ગઈ. એ જોઈને સંતો મુઝાયા જે, 'આપણે સેવા કરવા આવ્યા પણ આમની સેવા હવે શું કરવી !' –એમ મુક્તશ્રી દસ દિવસ સુધી સૂઈ રહ્યા ત્યારે ઘરનાં સર્વે તથા સેવા કરનારા સંત-હરિભક્ત અકળાઈ ગયા ને ઘણું જગાડવાનું કર્યું, ત્યારે નેત્ર ઉઘાડી જાગ્રત થઈને કહ્યું જે, 'મને જગાડશો નહિ; હું તો સ્વતંત્ર છું, મારી મરજી આવશે ત્યારે જાગીશ,'-એમ કહી નેત્ર મીચી ઊંડા ઊતરી ગયા. તે સમયે અનંત દેવ મુક્તશ્રીનાં દર્શન કરવા સારુ આવ્યા ને મંદિરના ચોકમાં સર્વે ઊભા રહીને મુક્તશ્રીનાં દર્શન કરવા લાગ્યા એટલે મુક્તશ્રીઓચિંતા બેઠા થયા ને સર્વેના સામી દૃષ્ટિ કરીને ચારે કોર જોયું, એમ સર્વે દેવને દર્શન દઈને જવાની રજા આપી ત્યારે તે સર્વે દેવ પોતપોતાને સ્થાનકે ગયા ને મુક્તશ્રી શયન કરી મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી ગયા તે બીજા સત્તર દિવસ થયા પણ જાગ્યા નહિ, ત્યારે સર્વે અકળાઈ ગયાને ધીરજ રહી નહિ. પછી ભૂજમાં સ્વામી અક્ષરજીવનદાસજીને માણસ મોકલી આ હકીકત જણાવી, તેથી સ્વામીનું હૃદય ભરાઈ આવ્યું અને તુરત જ મંદિરમાં તમામ સંત-હરિભક્તને કહ્યું જે,

જે, 'જેને અનાદિ મુક્તશ્રીનાં દર્શન કરવાં હોય,,તે તૈયાર થાઓ; હાલ જવું છે. -આમ આજ્ઞા થતાં સંત-બ્રહ્મચારી, પાર્ષદ વગેરે તૈયાર થઈ સ્વામી સાથે ચાલ્યા, તે રાત્રીએ આઠ વાગે વૃષપુર પહોંચ્યાને પ્રથમ ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી મુક્તશ્રીનાં દર્શન કર્યાં. તે સમે મુક્તશ્રીનો મંદવાડ જોઈને સ્વામી આદિ સર્વે અતિશય ઉદાસી થઈ ગયા. પછી સ્વામી મંદિરમાં આસને બેસી મહારાજનું ધ્યાન કરવા લાગ્યા ને બીજા સર્વે મુક્તશ્રીના ખાટલા ફરતા બેસીને ધ્યાન-ભજન કરતા હતા ને મુક્તરાજશ્રીનો ખાટલો ઓસરીના ખૂણામાં રહેતો પણ રાત્રીએ હવા સારુ ઓસરીનાં બે બારણાં વચ્ચે રાખ્યો હતો ને મુક્તશ્રી તેમાં સૂતા હતા.

એમ કરતાં રાત્રીના બે વાગ્યાનો સમય થયો ત્યારે શ્રીજીમહારાજે મુક્તશ્રીને દિવ્યરૂપે પ્રત્યક્ષ દર્શન દીધાં ને ભેગા અનંત મુક્ત ને અવતાર પણ હતા ને શ્રીજીમહારાજના તેજથી મંદિર તેજોમય ઝળઝળાટ થઈ રહ્યું અને શ્રીજીમહારાજ પોતે મુક્તરાજના ખાટલા પાસે આવ્યા, ત્યારે મુક્તશ્રીએ ઝટ ઊભા થઈને શ્રીજીમહારાજના ચરણમાં નમસ્કાર કર્યા ને શ્રીજીમહારાજ મુક્તના ખાટલા ઉપર બિરાજમાન થયા. પછી મુક્તશ્રી શ્રીજીમહારાજના ખોળામાં મસ્તક મેલી દર્શન કરી મૂર્તિ સામું જોઈ રહ્યા. ત્યારે શ્રીજીમહારાજ મુક્ત પ્રત્યે બોલ્યા જે, 'તમે ધામમાં જવાની ઈચ્છાથી મંદવાડ ગ્રહણ કર્યો છે, પણ હવે સાજા થઈ જશો; કેમ જે અમારે તમને જીવોના મોક્ષ કરવા સારુ આ લોકમાં રાખવા છે ને નિર્ગુણદાસજીને ધામમાં તેડી જવા છે. માટે તમે અનંત મુમુક્ષુને મૂર્તિમાં રાખીને સળંગ મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત કરો. અમે તમારા ભેગા છીએ; તમારા સ્વરૂપે સર્વના મોક્ષ અમે કરશું'. ત્યારે મુક્તે શ્રીજીમહારાજને કહ્યું જે, 'હે સ્વામિન્ ! જેમ આપની મરજી છે તેમ જ કરવામાં હું અતિ રાજી છું.' –એમ કહ્યું -ત્યારે શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી મુક્તશ્રી શ્રીજીમહારાજને પ્રદક્ષિણા ફરવા લાગ્યા, એવાં સેવક નારાયણ ભક્તને શ્રીજીમહારાજનાં દિવ્યરૂપે દર્શન થયાં ને કેટલાકને એકલું તેજ દેખાયું. અને સ્વામી અક્ષરજીવનદાસજીને ધ્યાનમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં; ત્યારે જાગી ગયા ને મંદિર તેજથી ભરેલું દેખાયું ને સિંહાસન પાસેના બારણામાં શ્રીનરનારાયણ દેવનાં દર્શન થયાં. ત્યારે સ્વામીએ શ્રીનરનારાયણ દેવ પાસે આવીને વિનયપૂર્વક દર્શન કરીને કહ્યું જે,' હે મહારાજ ! તમે કેમ પધાર્યા છો ?' ત્યારે તે દેવે કહ્યું જે,'આ મુક્તનાં દર્શન કરવા આવ્યા છીએ.'-એમ કહીને તરત અંતર્ધાન થયા ને પ્રકાશ પણ અદૃશ્ય થયો, ત્યારે સ્વામી અક્ષરજીવનદાસજીએ મુક્તશ્રીને બે બારણાં વચ્ચે પ્રદક્ષિણા ફરતા દેખ્યા તેથી સ્વામીને મનમાં એમ જણાયું જે, 'મુક્તશ્રી માંદા છે. સત્તાવીસ દિવસ થયા ખાધું પીધું પણ નથી ને સાજા માણસની પેઠે પ્રદક્ષિણા ફરે છે માટે તેમને શ્રીજીમહારાજનાં દર્શન થતાં હશે ! ને તેથી જ મને પણ ધ્યાનમાં શ્રીજીમહારાજનાં સાક્ષાત્ દર્શન થયાં ને મંદિરમાં તેજ દેખાયું.ને નરનારાયણ

દેવનાં દર્શન થયાં. એમ જાણીને સ્વામી ને બીજા સંત-હરિભક્ત પણ મુક્તશ્રી સાથે પ્રદક્ષિણા ફરવા મંડ્યા ને મુક્તશ્રીએ પચીસ પ્રંદક્ષિણા કરીને મહારાજની સન્મુખ પચીસ દંડવત્ કર્યા. પછી શ્રીજીમહારાજ અદેશ્ય થયા, ત્યારે મુક્તશ્રી ઠાકોરજીના સિંહાસન પાસે સન્મુખ બેઠા. તે સમે સ્વામી ને બીજા સંત-હરિભક્ત તે પાસે આવીને બેઠા. ત્યારે મુક્તશ્રી સ્વામી આદિ પ્રત્યે બોલ્યા જે, "આ મંદવાડમાં અમને શ્રીજીમહારાજનાં દર્શન અખંડ થતાં ને અમારે પણ આ લોકમાંથી મહારાજ પાસે જવાની ઈચ્છા હતી, તેને જાણીને ગોપાળાનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે,'નિર્ગુણદાસજીને ત્યાંથી અદેશ્ય કરીને અહીં લાવો ને એ મુક્ત અબજીભાઈને જીવોના મોક્ષ કરવા સારુ ત્યાં રાખો.' તેથી મહારાજ અમને આ લોકમાં રાખવાના છે.-તે કહેવા સારુ મુક્તો સહિત પોતે અહીં પધાર્યા હતા ને અમને કહ્યું જે, 'શ્રીનગરમાં સ્વામી નિર્ગુણદાસજી છે, તેમણે અનંત મુમુક્ષુ જીવને અમારી આજ્ઞા-ઉપાસના સમજાવીને સુખિયા કર્યા છે, તેમને અવસ્થા પણ થઈ છે ને માંદા છે, તેથી તેમને આ લોકમાંથી અદેશ્ય કરીને અક્ષરધામમાં મૂર્તિના સુખમાં લઈ જવાના છે. માટે હવે મુમુક્ષુને મૂર્તિમાં રાખીને મૂર્તિના સુખે સુખિયા કરે એવા સમર્થ તમે છો, તેથી સર્વેને સુખિયા કરવા તમે સત્સંગમાં રહો ને સર્વેને મૂર્તિના સુખે સુખિયા કરો ને અમે પણ તમારા ભેગા રહેશું ને અમે તમને કોઈ વિઘ્ન આવવા દેશું નહિ; રક્ષા કરશું ને તમારી સેવા કરવા સેવક આપ્યા છે, તે સેવા કરશે. -એમ કહીને શ્રીજીમહારાજ અદેશ્ય થઈ ગયા. માટે હવે અમારે રહેવાનું થયું ને અમારો મંદવાડ ગયો, પણ સ્વામી નિર્ગુણદાસજી ધામમાં જવાના છે તેમનાં દર્શનની ઘણી ઈચ્છા રહે છે, માટે સ્વામીશ્રીનાં દર્શન કરવા આપણે સર્વે જાઈએ."-એમ વાત કરતા થકા અરુણોદય-સમય થયો ને મુક્તશ્રી ધ્યાનમુદ્રાએ યુક્તથકા આસનમાં બેઠા ને સંત-હરિભક્ત સ્નાન કરવા ગયા. પછી સેવકે મુક્તશ્રીને ઉષ્ણોદકથી સ્નાન કરાવીને પૂજા કરાવી. પછી બાપાશ્રી મંદિરમાં ઠાકોરજી ને સંતનાં દર્શન કરીને ઘેર ગયા, ત્યારે બાપાશ્રીના સેવક પુત્ર, પુત્રી વગેરે તેમણે શીરો, પૂરી, શાક, ખીચડી, દૂધ, દહીં આદિ ભોજન જમાડ્યાં ને મુક્તશ્રીનાં દર્શન-સેવા કરી આનંદ પામ્યા ને સ્વામી આદિ સંત, તે પણ ઠાકોરજી જમાડી ભૂજ ગયા. અને મુક્તશ્રી સાજા થયા, તે વાત સાંભળીને સત્સંગમાં સર્વે સંત-હરિભક્તને આનંદ થયો ને સ્વામી નિર્ગુણદાસજી માંદા છે તે પણ ભાઈશ્રી સાજા થયા તે વાત સાંભળીને ઘણા રાજી થયા.

ત્યાર પછી સ્વામીએ શ્રીનગરથી વૃષપુરમાં મુક્તશ્રી અબજીભાઈ ને જાદવજીભાઈ આદિ હરિભક્ત પ્રત્યે પત્ર મોકલાવ્યો જે, 'અમારે શરીરે મંદવાડ છે, તેથી દર્શન કરવા ને દર્શન દેવા આવજો.' ત્યારે સર્વે હરિભક્ત વૃષપુરમાં મુક્તશ્રી પાસે આવ્યા ને સ્વામીનાં દર્શન કરવા જવાની વાત કરી. ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે,'સ્વામીએ આપણને સર્વેને તેડાવ્યા છે, માટે આપણે જરૂર જવું

જોઈએ; અમને તો સ્વામીનાં દર્શનની ઘણી જ ઈચ્છા છે માટે અમે પણ આવશું.' ત્યારે બીજા સર્વે હરિભક્તોએ કહ્યું જે,'તમારે શરીરે મંદવાડ બહુ થઈ ગયો છે તેથી તમારું શરીર રસ્તામાં ખમે નહિ, તેથી તમે અહીં રહો ને અમે સર્વે જઈએ.' ત્યારે મુક્તશ્રી કહે, 'તમે ભલે જાઓ પણ સ્વામીને અમારા વિના સંતોષ નહિ વળે.' તોપણ તે ભક્તો સમજી શક્યા નહિ જે, 'સ્વામીએ મુક્તશ્રીને જ મુખ્ય તેડાવ્યા છે ને આપણે તો તેમની કેડે છીએ.' પછી તો સર્વે તૈયાર થઈને સ્વામીનાં દર્શન કરવા સારુ અમદાવાદ ગયા ને ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીને આસને આવી દંડવત્ કરવા લાગ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમે સર્વે આવ્યા પણ અમારા જીવનપ્રાણ ક્યાં ?' ત્યારે બીજા હરિભક્તોએ કહ્યું જે,'તે તો મંદવાડને લઈને આવી શક્યા નથી.' ત્યારે સ્વામીએ કહ્યું જે,'તેમને તો સર્વેનો મંદવાડ મટાડીને મૂર્તિના સખે સુખિયા કરવા શ્રીજીમહારાજે રાખ્યા છે. તે કાલે આવીને દર્શન દેશે.' પછી બીજે દિવસ સ્વામીએ છગનલાલ આદિ હરિભક્તને કહ્યું જે,'તમે કાલે સ્ટેશન ઉપર જજો; કચ્છના મુક્તશ્રી આવવાના છે. તે આવે ત્યારે તેમનો જે સામાન હોય તે તમે લઈ લેજો ને તેમને તમારી સાથે મંદિરમાં તેડી લાવજો.' પછી તે હરિભક્તો સ્ટેશન ઉપર ગયા ને રેલગાડીમાં મુક્તશ્રી આવ્યા એટલે તેમનાં દર્શન કરી દંડવત્-પ્રણામ કર્યા ને તેમનો સામાન લઈ સાથે ચાલીને મંદિરમાં આવ્યા ને મુક્તશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા ગયા ને હરિભક્તે સ્વામી પાસે આવીને કહ્યું જે,'મુક્તશ્રી આવ્યા ને આ અમે તેમની પૂજા લાવ્યા ' ત્યારે સ્વામી અતિશય રાજી થયા. તેટલામાં તો મુક્તશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સ્વામી પાસે આવી દંડવત્ કરવા લાગ્યા, ત્યારે સ્વામી તત્કાળ ઊઠી પોતાના હાથે મુક્તશ્રીનો હાથ ઝાલી અતિ સ્નેહે કરીને મળ્યા. પછી પોતાની પાસે બેસાડી મુક્તશ્રીના મુખ સામું જોઈને કહ્યું જે, 'તમે આવ્યા તે હું બહુ રાજી થયો; હવે મારો મંદવાડ મટી જશે.' –એમ કહીને સંત પાસે સ્નાન કરાવરાવ્યું. પછી સ્વામીએ સાધુ પાસે રસોઈ કરાવી રાખી હતી, તે મુક્તશ્રીને જમાડી ને સ્વામી પણ જમ્યા. પછી મુક્તશ્રી સ્વામીની પાસે બેઠા ને કેસરાભાઈ આદિ તે પણ સ્વામીની પાસે બેઠા. ત્યારે સ્વામી નિર્ગુણદાસજીએ હરિભક્તોને કહ્યું જે,'મુક્તશ્રી માંદા છે તે આવી શકે તેમ નથી -એમ તમે કહેતા હતા પણ જુઓ, આ આવ્યા કે નહિ ?' ત્યારે સર્વે હરિભક્તે કહ્યું જે, 'તમારા મોટાની ક્રિયા અમારાથી કળાય નહિ.' ઈતિ વિશ્રામ ૧૯

મુક્તશ્રીનો મહિમા સમજવાની ને સમાગમ કરવાની છેલ્લી ભલામણ, મુક્તશ્રીને ૧૨ કલાક સમાધિ, મુક્તશ્રીની રજા મેળવી, ઈશ્વરચરણદાસજીસ્વામી ઉપર પ્રસન્નતા, હિતોપદેશ તથા શિક્ષાવચન ને સ્વામીશ્રીનું અંતર્ધાનપણું

ત્યાર પછી અનાદિમુક્ત એવા સ્વામી નિર્ગુણદાસજી તે સર્વે સંત-હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અત્યારે શ્રીજીમહારાજ આ મુક્તરૂપે સુખ આપે છે. પણ તેવા સંતનો જોગ થાય ને અંતદૃષ્ટિ

કરીને જુએ તેને જણાય પણ બીજાને ખબર પડે નહિ. માટે આપણને આવા મોટા મુક્ત મળ્યા છે, તેમનો જોગ કરીને પોતાનું પૂરું કરી લેવું ને જો આવા મુક્તપુરુષને વિષે આત્મબુદ્ધિ થાય ને શ્રીજીમહારાજમાં 'નીર સ્નેહી મીન, ચંદ્ર સ્નેહી ચકોર; હરિ મેરે હારલકી લકરી.' તેવી પ્રીતિ થાય તો મૂર્તિમાં રસબસ થઈ જવાય. માટે મહારાજની આજ્ઞામાં રહેવું ને મોટાને વિષે આપોપું કરવું ને અનાદિમુક્તરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાઈ જવું ને આ મુક્ત છે તે સ્વતંત્ર, પુરુષોત્તમરૂપ, નિરાવરણ દૃષ્ટિવાળા અને નિર્લેપ એવા અનાદિમુક્ત છે. તે શ્રીજીમહારાજની ઇચ્છાથી આપણને સમાગમનું સુખ દેવાને અર્થે આ લોકમાં આવ્યા છે."-એમ વાત કરીને વિરામ પામ્યા. તે સમે સ્વામીનું શરીર અતિશય જ કૃશ થઈ ગયું હતું ને બેસી પણ શકાતું નહિ. તેથી ઘડીક સૂઈને પછી બેઠા થયા ને મુક્તશ્રી પ્રત્યે બોલ્યા જે, 'તમે સમાધિ કરીને મહારાજના ધામમાં જઈને મહારાજને મારી વતી પૂછોઃ જે મને મહારાજ પોતાની મૂર્તિના સુખમાં ક્યારે તેડી જશે ?' ત્યારે અબજીભાઈ પોતે અનાદિમુક્ત છે ને નિર્ગુણદાસજીસ્વામી તથા ગોપાળાનંદસ્વામી મહારાજની મૂર્તિમાં રહ્યા છે તેમને અખંડ દેખે છે, તોપણ બીજા સર્વેને સમજાવવા સારુ પોતે બાર કલાક સમાધિમાં રહ્યા. પછી સ્વામીની પાસે આવીને બેઠા ત્યારે સ્વામી મુક્તશ્રી સામું જોઈને હસ્યા ને મુક્તરાજ પણ સ્વામી સામું જોઈને હસ્યા. ત્યારે સાધુ બાળકૃષ્ણદાસજી મુક્તશ્રી પ્રત્યે બોલ્યા જે,'કૃપાળુ ! તમે હસ્યા ને સ્વામી પણ હસ્યા તેમાં અમે કાંઈ સમજ્યા નહિ, પણ સ્વામીએ જે આપની પાસે મહારાજને પુછાવ્યું હતું તેનું તમે સ્વામીને શું કહ્યું ?' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'સ્વામી અહીં માંદા દેખાય છે, તે તો મનુષ્યલીલા કરે છે, પણ સ્વામી તો દિવ્યસ્વરૂપ છે ને અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં દિવ્યસ્વરૂપે રહ્યા છે ને ગોપાળાનંદસ્વામી પણ મૂર્તિમાં રહ્યા છે, એમ અમે દેખ્યા ને દેખીએ છીએ ને આ તો આપણા સુખને અર્થે મનુષ્યરૂપે દર્શન દે છે.'-એમ અનાદિ મુક્તરાજશ્રીએ કહ્યું ત્યારે સર્વે સંત-હરિભક્તને આનંદ થયો ને તેવું સ્વામીશ્રીનું ને મુક્તશ્રીનું માહાત્મ્ય સમજ્યા.

ત્યાર પછી સ્વામી નિર્ગુણદાસજી મુક્તશ્રી અબજીભાઈ પ્રત્યે બોલ્યા જે, "શ્રીજીમહારાજે જ્યારે આ લોકમાંથી અદૃશ્ય થઈ ધામમાં જવાનો વિચાર કર્યો ત્યારે સર્વેને કહ્યું જે,'અમને રજા આપો.' ત્યારે સર્વે દિલગીર થયા પણ કોઈ બોલી શક્યા નહિ ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે,'હે મહારાજ ! જેમ આપની મરજી હોય તેમ કરો; અમારે જેમ આપની મરજી હોય તેમ રહેવું છે.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,'હું તમારા ઉપર બહુ રાજી છું ને તમારા ભેગો રહીશ ને તમે સર્વેને મારી સર્વોપરી ઉપાસના સમજાવજો.' પછી મહારાજ અંતર્ધાન થયા ને ગોપાળાનંદસ્વામીએ મહારાજનું સર્વોપરીપણું સમજાવ્યું ને કેટલાકને મૂર્તિનો સાક્ષાત્કાર

કરાવ્યો. પછી ગોપાળાનંદસ્વામીએ જ્યારે ધામમાં જવાની ઈચ્છા કરી ત્યારે મને કહ્યું જે, 'તમે મારા શિષ્ય છો, પણ મારા જેવા જ છો. તો તમે શ્રીનરનારાયણના દેશમાં સર્વે સંત-હરિભક્તને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવજો ને સુખિયા કરજો ને મને રજા આપો.' ત્યારે મેં કહ્યું જે, 'સારું સ્વામી ! હું તમારો શિષ્ય છું, માટે જેમ તમે કહ્યું તેમ હું કરીશ; તમે સુખેથી ધામમાં પધારો.' તેમ જ મારે પણ તમને એ જ કહેવાનું છે કે, 'તમે મને રજા આપો ને તમે મારા શિષ્ય થયા છો પણ મારાથી મોટા છો ને શ્રીજીમહારાજના સંકલ્પથી મનુષ્યસ્વરૂપે પ્રગટ થયા છો ને અનાદિમુક્ત છો ને જે કાર્ય કરવા સારુ શ્રીજીમહારાજે તમને મોકલ્યા છે તે કાર્ય જે, અનંત જીવોને મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ પમાડવું તે કરો ને હું મહારાજના ધામમાં જવા ઈચ્છું છું." ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'સ્વામી ! તમે મારા ગુરુ છો માટે જેમ તમે રાજી થશો તેમ હું કરીશ ને તમે જેમ તમારી મરજી હોય તેમ કરો.' ત્યારે સ્વામી બહુ રાજી થયા.

ત્યાર પછી સ્વામી નિર્ગુણદાસજીએ મુક્તશ્રીને કહ્યું જે, 'આ સાધુ ઈશ્વરચરણદાસ તમારા છે; તમે એને સુખિયા કરજો.'-એમ કહી તેમનો હાથ ઝાલીને મુક્તશ્રીના હાથમાં આપ્યો. ત્યારે મુક્તશ્રી તેમના માથે બે હાથ મેલીને બોલ્યા જે, 'સ્વામી ! આ તો બહુ સમર્થ છે; તમારી પેઠે જ સર્વેને સુખિયા કરશે ને અમે તેમને સુખિયા કરશું.' ત્યારથી સ્વામી ઈશ્વરચરણદાસજીને બાપાશ્રી સાથે એકતા થઈ ગઈ ને પોતાની સ્થિતિનું ભાન પણ થઈ ગયું. પછી મુક્તશ્રીએ કેસરાભાઈ, જાદવજીભાઈ આદિને કહ્યું જે, 'હવે સ્વામીશ્રીનાં દર્શન ઝાઝા દિવસ થશે નહિ, માટે સ્વામીને રાજી કરી લેવા.'-એમ વાત કરી. એવી રીતે કેટલાક દિવસ રહી સ્વામીશ્રીને રાજી કરી તેમની રજા લઈને પાછા વૃષપુર આવ્યા.

ત્યાર પછી સદ્. સ્વામી નિર્ગુણદાસજી દેહોત્સવ કરવાના હતા તે પહેલાં બે દિવસ પોતાને વિષે હેતવાળા ને પોતાના મંડળના સાધુને તથા હેતવાળા હરિભક્તને પોતે હિતનો ઉપદેશ કર્યો જે, 'તમે સર્વે મારા શિષ્ય છો માટે તમને હું હિતની વાત કહું છું જે, કચ્છ-વૃષપુર ગામમાં અનાદિમુક્તશ્રી અબજીભાઈ છે, તેમની સત્સંગમાં કોઈ જોડ નથી ને શ્રીજીમહારાજે તે અનાદિમુક્ત દ્વારે અનંત જીવોને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે, માટે તમે તેમના થઈ રહેજો ને એ કહે તેમ કરજો. બીજું શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેજો; શ્રીજીમહારાજે પોતાના આશ્રિત ત્યાગી સાધુને ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાનું કહ્યું છે ને જો અશક્ત હોય, મંદ શ્રદ્ધાવાળો હોય, તે જો એક બે લૂગડાં અધિક રાખે અથવા બીજી વખત જમે તેનો ઝાઝો બાધ નહિ પણ પંચવર્તમાન તો કહ્યું છે તેવી રીતે દૃઢ પાળવાં. તેમાં પણ સ્ત્રીધનનો ત્યાગ દૃઢ રાખવો ને જો સ્ત્રીધનના ત્યાગમાં ફેર પડે તો મોક્ષનો ઝાંપો વસાઈ જાય. તે સત્સંગિજીવનમાં શ્રીજીમહારાજે

કહ્યું છે જે, 'ત્યાગી સાધુ થઈને દ્રવ્ય રાખે ને સ્ત્રી સાથે બોલે, તેવા સાધુની કથાવાર્તા મોક્ષાર્થીએ ન સાંભળવી, ને સાંભળે તો ચાંદ્રાયણ વ્રત કરવું.' માટે શ્રીજીમહારાજની આજ્ઞામાં દૃઢ રહેવું ને મહારાજની આજ્ઞામાં રહ્યા હોય તેવા સાધુનો સમાગમ કરવો ને મારા સ્નેહી સર્વે સાધુ-સત્સંગી તેમણે બાર માસે એક માસ કચ્છમાં મુક્તશ્રીનો સમાગમ કરવા જાવું ને તેમના સમાગમથી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈ પોતાની મૂર્તિમાં રાખશે ને મૂર્તિના સુખે સુખિયા કરશે.'-એમ કહીને સ્વામી શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા. પછી સંવત ૧૯૪૮ના આસો વદ એકમની રાત્રીએ એક વાગે અંતર્ધાન થયા ને અક્ષરધામમાં શ્રીજીની મૂર્તિમાં અખંડ સુખભોક્તા થઈ રહ્યા. અને જે વખતે સ્વામીએ દેહોત્સવ કર્યો, તે જ વખતે વૃષપુરમાં મુક્તશ્રીને ખબર પડી, એટલે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' કરતા તરત ઊઠ્યા ને ભૂજના સ્વામી અક્ષરજીવનદાસજી મંડળે સહિત ત્યાં હતા, તે પણ મુક્તશ્રીના ઊઠવાથી જાગ્યા, ત્યારે મુક્તશ્રીએ તેમને આ વાત કહી જે, 'અત્યારે શ્રીનગરમાં આપણા ગુરુ અંતર્ધાન થયા, માટે આપણે સ્નાન કરવું જોઈએ.' –એમ કહીને મુક્તશ્રીએ સંતોને તથા ગામના હરિભક્તોને જગાડીને નવરાવ્યા ને પોતે પણ નાહ્યા. પછી ઓસરીમાં બેસીને સ્વામીના મહિમાની ઘણી વાતો કરી ને અતિશય ઉદાસી થઈ ગયા ને ત્રણ દિવસ સુધી અન્ન જમ્યા નહિ. ઈતિ વિશ્રામ ૨૦

બાપાશ્રીનો જોગસમાગમ ને મૂર્તિનો સાક્ષાત્કાર, બાપાશ્રી મૂળી-ઉપરદળ થઈ ધોળકે ગયા –ત્યાં વૃંદાવનદાસજીસ્વામીને પ્રથમ મેળાપ, આચાર્યશ્રીનું કચ્છગમન, ગાદીએ બેસવાની ભલામણ, આચાર્યશ્રીનો મનોરથ પૂરો કર્યો, ધ્યાન કરવાની આજ્ઞા ને સંતોએ સહિત બાપાશ્રી ગામોગામ થઈ માંડવી ગયા –ત્યાં રામકૃષ્ણભાઈની આજીજી

હવે સદ્. સ્વામી નિર્ગુણદાસજી ધામમાં ગયા ત્યાર પછી સ્વામીના શિષ્ય પુ. શ્રીકૃષ્ણદાસજી, પુ. જોગેશ્વરદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ તથા સ્વામી દેવચરણદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી નારાયણસેવકદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી કૃષ્ણજીવનદાસજી આદિ અમદાવાદના સંતો પોતપોતાનાં મંડળ સહિત સ્વામી નિર્ગુણદાસજીના કહેવાથી મુક્તશ્રીનો સમાગમ કરવા લાગ્યા. અને મૂળીના સ્વામી હરિનારાયણદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ ઘણાક સંતમંડળ સ્વામી નિર્ગુણદાસજીના સમાગમથી મુક્તશ્રીનું માહાત્મ્ય જાણી તેમનો જોગ-સમાગમ કરતા. તેમ જ ગુજરાતના રામજીભાઈ, ઝવેરભાઈ, મહાસુખભાઈ,

કેશવલાલભાઈ આદિ, તથા ઝાલાવાડના લાલજી પટેલ ને તેમના દીકરા કાનજી પટેલ, વલુ પટેલ, શેઠ ગોવિંદ શાહ ને તેમના દીકરા ભૂરાભાઈ તથા અમીચંદભાઈ ને તેમના દીકરા ચતુરભાઈ આદિ ને કચ્છ-ભૂજના સ્વામી અક્ષરજીવનદાસજી, ગોવિંદપ્રિયદાસજી, ભક્તિપ્રિયદાસજી આદિ તથા મુક્તરાજ લક્ષ્મીરામભાઈ, મુ. કેસરાભાઈ, જાદવજીભાઈ, દેવરાજભાઈ, કુંવરજી પટેલ, કાનજીભાઈ, દેવજીભાઈ, તથા ભૂજના મહેતા પુરુષોત્તમભાઈ, કોઠારી જાદવજીભાઈ આદિ ઘણાક સંત-હરિભક્ત નિર્ગુણદાસજીસ્વામીના સમાગમથી મુક્તરાજને વિષે અતિ સ્નેહવાળા થયા હતા. તેમ જ કચ્છનાં મુક્તસ્વરૂપ મોટાં ડોશી ધનુબા, અમરબા, કાનબા આદિ, તથા ગુજરાતનાં કંકુબા, લીરૂબા આદિ ઘણાં બાઈઓ તે પણ મુક્તશ્રીની અનુવૃત્તિમાં રહીને શ્રીજીમહારાજનું ભજન કરતાં. અને અનાદિમુક્ત બાપાશ્રી સર્વે સંત-હરિભક્તને પોતાના જાણી અતિ સ્નેહે કરીને શ્રીજીમહારાજની આજ્ઞામાં સર્વેને વર્તાવતા ને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવીને મૂર્તિનું સુખ આપતા. અને તે સર્વેને અનાદિ મુક્તરાજશ્રીના સમાગમથી એકાંતિક ધર્મને વિષે સ્થિતિ થઈ હતી ને અનાદિમુક્તની સ્થિતિ પણ પ્રાપ્ત થઈ હતી ને રામજીભાઈ, મિસ્ત્રી હરજીભાઈ, નાગજીભાઈ, ભૂરાભાઈ, બાપુભાઈ આદિ કેટલાક ભક્ત તેમણે તો વ્યવહારમાંથી નિવૃત્તિ પામીને ને મુક્તશ્રીનો સમાગમ કરીને મુક્તશ્રીના પ્રતાપથી છતે દેહે અક્ષરધામરૂપ પોતાના આત્મામાં મૂર્તિનો સાક્ષાત્કાર કર્યો હતો. અને તેમના અંતસમયે શ્રીજીમહારાજ ને મુક્તશ્રીએ દિવ્ય-સ્વરૂપે કેટલાક ભક્તને દર્શન દઈ અતિ ચમત્કાર જણાવી તેમને અક્ષરધામમાં મૂર્તિના સુખમાં લીન કર્યા, એમ દિવ્ય દૃષ્ટિવાળા સંત-હરિભક્તને પ્રત્યક્ષ દેખવામાં આવતું તેથી મુક્તશ્રીનો જોગ કરતા ને સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી તે તો શ્રીજીમહારાજના પૂર્વના અનાદિમુક્ત છે, માટે તેમને જ્યારથી અનાદિમુક્ત અબજીભાઈનો સમાગમ થયો, ત્યારથી જ તેમને પોતાની અનાદિમુક્તની સ્થિતિનું ભાન થઈ ગયું હતું ને તે સ્થિતિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવતા ને બીજાને સુખિયા કરતા ને મુક્તશ્રીનો સમાગમ પણ કરતા ને બીજાને પણ કરાવતા.

સંવત ૧૯૫૧ની સાલમાં ઉપરદળના રામજીભાઈ અનાદિ મુક્તરાજશ્રીને પોતાને ગામ તેડી જવા સારુ આવ્યા ને બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'હે કૃપાળુ! તમે દયા કરીને મારે ગામ પધારો ને આપની સેવાનો લાભ આપો.' ત્યારે બાપાશ્રી રાજી થઈને બોલ્યા જે, 'તમે આગળથી જાઓ ને અમે સંત-હરિભક્તને સાથે લઈને ત્યાં આવશું.' ત્યારે રામજીભાઈ બહુ રાજી થયા ને બાપાશ્રીની આજ્ઞા લઈને પોતાને ગામ ગયા. પછી બાપાશ્રી ખીમજીભાઈ, દેવરાજભાઈ આદિ હરિભક્તને સાથે લઈ ભૂજ આવ્યા ને ભૂજથી કેટલાક સંતમંડળને સાથે લઈ ગામ મૂળી આવ્યા, ત્યાં ઠાકોરજી ને સંતનાં દર્શન કરી ત્યાંથી ઉપરદળ પધાર્યા. હવે બાપાશ્રીને પધાર્યા સાંભળીને સ્વામી

ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી બાળકૃષ્ણદાસજી આદિ મૂળી-અમદાવાદના સંત બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ ઉપરદળ આવ્યા ને નાગજીભાઈ, આશાભાઈ આદિ હજારો હરિભક્તો પણ આવ્યા. તે સર્વે બાપાશ્રીનાં દર્શન કરી આનંદ પામ્યા અને સંત-હરિભક્તની અતિશય જ ભીડ થઈ ને ઉતારા કરવાનો પણ માર્ગ મળે નહિ તેથી રામજીભાઈ બાપાશ્રીને કહેવા લાગ્યા જે, 'આપે અમને તો કૃતાર્થ કર્યા પણ હરિભક્ત ઘણા આવ્યા છે, તેથી સર્વેની સરભરા થઈ શકે તેમ નથી.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમોને આવ્યે ત્રણ દિવસ થયા છે, ત્યાં તો આટલા સંત-હરિભક્ત આવ્યા ને બીજા ત્રણ દિવસ થશે તો ત્રણ ગણા વધશે, માટે તમારો મનોરથ પૂરો થયો; હવે અમને ધોળકે જવાની રજા આપો.' ત્યારે રામજીભાઈએ કહ્યું જે, 'બાપા ! જેમ આપ રાજી હો તેમ કરો.' પછી બીજે દિવસે જમીને બાપાશ્રી ધોળકે પધાર્યા ત્યાં સદ્. સ્વામી વૃંદાવનદાસજી મહંત હતા, તેમણે બાપાશ્રીને તથા સર્વે સંત-હરિભક્તને સારી સગવડથી સેવા કરીને રાજી કર્યા. પછી બાપાશ્રીએ સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું જે, 'સ્વામી ! તમે શું કરવા આવ્યા છો અને શું કરો છો ? અને તમે કોણ છો ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'અત્યારે તો કાંઈ જણાતું નથી ને કરવાનું છે તે થતું પણ નથી.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે , 'કરોને, કેમ થતું નથી.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તમે કરાવો તો થાય.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે તો શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો; હવે તમારે ને અમારે કાંઈ પણ અંતરાય નથી; અમે તે તમે ને તમે તે અમે. અને તમને તો શ્રીજીમહારાજે મુમુક્ષુને સુખિયા કરવા મોકલ્યા છે, માટે સર્વેને સુખિયા કરો.' –એમ બાપાશ્રીએ કહ્યું ત્યારે સ્વામીને હૃદયમાં પ્રકાશ થઈ ગયો ને શ્રીજીમહારાજની મૂર્તિ તેજોમય દેખાઈ ને બાપાશ્રીનાં પણ દિવ્યરૂપે દર્શન થયાં ને પોતાની અનાદિમુક્તની સ્થિતિનું પણ ભાન થઈ ગયું. પછી બીજે દિવસે બાપાશ્રી જમીને સંત-હરિભક્તોએ સહિત જયતલપુર ગયા ને ત્યાંથી શ્રીનગર પધાર્યા. ત્યાં કાર્તિક સુદ એકાદશીનો સમૈયો કર્યો ને હજારો સંત-હરિભક્ત આવ્યા હતા, તે સર્વે મુક્તશ્રીનાં દર્શન-સમાગમ કરી આનંદ પામ્યા ને બાપાશ્રીએ તે સર્વેને દર્શન-સમાગમનું બહુ સુખ આપ્યું. પછી અનાદિ મુક્તરાજશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજીને તથા સ્વામી વૃંદાવનદાસજી તથા રામજીભાઈ આદિ સંત-હરિભક્તને રાજી કરી ભૂજ થઈ ને વૃષપુર પધાર્યા. તેથી તેમનાં દર્શન કરીને કચ્છદેશના હરિભક્તને પરમ આનંદ થયો.

ત્યાર પછી ધ. ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ સંત-પાર્ષદ સહિત કચ્છદેશમાં કરવા સારુ પધાર્યા હતા. તે વૃષપુર આવ્યા, ત્યારે મુક્તરાજશ્રી પોતે પૂજ્ય આચાર્યશ્રી મહારાજને ને સર્વે સંતને સેવા કરી તથા આજ્ઞા-ઉપાસનાની વાતો કરીને બહુ જ આનંદ આપતા.

એક વખત આચાર્યશ્રી મહારાજે તથા મોટા સદ્‌ગુરુઓએ મુક્તરાજશ્રીને સભામાં ગાદીતકિયે બેસવા વિનયથી કહ્યું, ત્યારે મુક્તશ્રી ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીનો ને સદ્‌ગુરુઓનો ગાદીતકિયે બેસાડવાનો આગ્રહ જોઈને સભામાં ગાદીતકિયા ઉપર બેસતા ને તેમનાં દર્શન કરીને સર્વે સંત-હરિભક્ત પરમ આનંદ પામતા ને સભા અતિશય શોભતી.

એક સમે ધ. ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે મુક્તરાજશ્રીને એકાન્તે મળવા સારુ પોતાની પાસે બોલાવ્યા, ત્યારે બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજીને તથા સ્વામી વૃંદાવનદાસજીને સાથે લઈને પૂજ્ય મહારાજશ્રીના તંબુમાં ગયા. ત્યારે ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીએ સત્કાર કરી આસન ઉપર બેસાડીને કહ્યું જે, 'શ્રીજીમહારાજે તમને જીવોના મોક્ષ કરવા મોકલ્યા છે –એમ અમે સ્વામી નિર્ગુણદાસજીના મુખથી સાંભળ્યું છે. તેથી મારે તમને એટલું કહેવું છે, જે તમે મારા જીવનો આત્યંતિક મોક્ષ કરશો.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'તમે તો સત્સંગના ધણી ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી છો. તો તમારો તો મોક્ષ થયો જ છે, તોપણ તમારી વતી શ્રીજીમહારાજને કહેશું.' આવી રીતે તેમનો મનોરથ પૂરો કર્યો તેથી મહારાજશ્રી બહુ રાજી થયા. ત્યાર પછી પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સર્વે સંત-તે કચ્છદેશમાં ગામેગામ ફરી ભૂજમાં રહી કુંભારિયા, અંજાર આદિ ગામોમાં થઈને પાછા ગુજરાત દેશમાં ગયા.

ત્યાર પછી કોઈક સમે મુક્તરાજ અબજીબાપાશ્રીનાં દર્શન-સમાગમ કરવા સારુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા મૂળીના સ્વામી બાળકૃષ્ણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ સંતમંડળ ને રામજીભાઈ, બાપુભાઈ આદિ હરિભક્ત આવ્યા હતા ને ભૂજથી સ્વામી અક્ષરજીવનદાસજી, જગજીવનદાસજી, માંડવીના મુક્તરાજ લક્ષ્મીરામભાઈ, કેસરાભાઈ, દેવરાજભાઈ, જાદવજીભાઈ, મિસ્ત્રી હરજીભાઈ આદિ ઘણા સંત-હરિભક્ત વૃષપુર મુક્તશ્રીનો સમાગમ કરવા સારુ આવ્યા હતા ને અહોનિશ કથાવાર્તા–ધ્યાનભજન કરતા હતા. તેમાં એક દિવસ બાપાશ્રી સભામાં બેસી અતિ રહસ્યની વાર્તા કરતા થકા બોલ્યા જે, 'શ્રીજીમહારાજનીં મૂર્તિનું ધ્યાન કરવું, –તે મૂર્તિના તેજરૂપ થઈને ધ્યાન કરવું તેથી પણ પ્રતિલોમ વૃત્તિએ મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરવું તે વિશેષ છે ને પોતાને મળી જે શ્રીજીમહારાજની મૂર્તિ તેનું જ ધ્યાન કરવું ને ધ્યાન કરતાં કરતાં ઉપશમ થાય ને દેહ ભૂલી જવાય ત્યારે મૂર્તિનું સુખ આવે, ને મૂર્તિનું સુખ આવે ત્યારે આત્મા કારણ–મહાકારણથી નોખો પડી પુરુષોત્તમરૂપ થાય, માટે ધ્યાનનો અભ્યાસ કરવો ને સર્વે ક્રિયામાં મૂર્તિ ભૂલવી નહિ. મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ કર્યા કરવો ને શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજવી. શ્રીજીમહારાજ સદા દિવ્ય સાકારમૂર્તિ છે ને પ્રત્યક્ષ છે, એમ શ્રીજીમહારાજને સમજવા ને શ્રીજીમહારાજની આજ્ઞામાં ફેર

પડવા દેવો નહિ એ પ્રસંગની ઘણીક વાતો કરી.' ને કોઈક દિવસ સ્વામી અક્ષરજીવનદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી વાતો કરતા તેને સાંભળીને મોટા મોટા સંત-હરિભક્ત ને બીજા સર્વેને અતિ આનંદ થતો. પછી જાદવજીભાઈ બાપાશ્રીને તથા સર્વે સંત-હરિભક્તને નારાયણપુર તેડી ગયા ને સેવા-સમાગમનો સર્વેએ લહાવ લીધો. ત્યાંથી કેસરાભાઈ દહીંસરા તેડી ગયા, ત્યાં તેમણે સર્વેને સેવા કરીને રાજી કર્યા. ત્યાંથી રામપુર ગયા, ત્યાં દેવરાજભાઈ આદિએ સેવા કરીને રાજી કર્યા. ને ત્યાંથી લક્ષ્મીરામભાઈના આગ્રહથી માંડવી બંદર આવ્યા. ત્યાં લક્ષ્મીરામભાઈ સર્વેને રસોઈ કરીને જમાડવા વગેરે સેવા કરતા ને કથાવાર્તામાં પણ બેસતા ને સર્વેને અતિ આનંદ વર્તતો હતો.

કોઈક દિવસ મુક્તરાજશ્રી ને લક્ષ્મીરામભાઈ આદિ ને સ્વામી અક્ષરજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે મુક્તમંડળની સભા બેઠી હતી ને બીજા પણ ઘણાક હરિભક્ત બેઠા હતા ને લક્ષ્મીરામભાઈ વાતો કરતા હતા. તે સમે રામકૃષ્ણભાઈએ પૂછ્યું જે, 'લક્ષ્મીરામભાઈ જેવા શાસ્ત્રવેત્તા સંત-હરિભક્ત હોય, તેઓ શાસ્ત્રમાંથી ભગવાનનું સ્વરૂપ સમજી શકે પણ જે ભણ્યા ન હોય તે શાસ્ત્રને જાણ્યા વિના શું સમજે ?' ત્યારે લક્ષ્મીરામભાઈ ને જાદવજીભાઈએ બાપાશ્રીને કહ્યું જે, 'આ પ્રશ્નનો ઉત્તર તમે કરો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'પરોક્ષ શાસ્ત્રમાં મહામાયા ને મૂળપુરુષ સુધીનું વર્ણન કર્યું છે. તે શાસ્ત્રને જાણનારા મૂળપુરુષને જ પુરુષોત્તમ ભગવાન જાણે છે, પરંતુ મૂળપુરુષથી પર મહાકાળ છે, તેથી પર નરનારાયણ છે, તેથી પર વાસુદેવનારાયણ છે, તેથી પર અક્ષર છે ને તે સર્વે અનંત છે ને તેથી પર તેજના સમૂહરૂપ શ્રીજીમહારાજનું ધામ છે. તેમાં અનંતકોટિ મુક્ત ને નિત્યમુક્ત તેમણે નિરંતર સેવ્યા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન છે. તેમને અનાદિ શ્રીકૃષ્ણ કહ્યા છે. તે વાત મહારાજ ને તેમના અનાદિ મુક્તથી જ સમજાય છે ને અમે તો પ્રત્યક્ષ દેખીને કહીએ છીએ ને અમે તો માતાના ઉદરમાં હતા, ત્યારે પણ શ્રીજીમહારાજની મૂર્તિને દેખતા ને મૂર્તિને સુખે સુખી હતા ને ઉદરમાં આવ્યા મોર પણ તે મૂર્તિમાં જ હતા ને મૂર્તિનું સુખ ભોગવતા ને અત્યારે અહીં છીએ તોપણ તે મૂર્તિમાં જ છીએ ને તે મૂર્તિના સુખ વિના આ લોકમાં અમારે માનમોટપ, ખાનપાન આદિનું સુખ તથા કોઈ પદાર્થમાં પ્રીતિ નથી ને જે કાંઈ ગ્રહણ કરતા હઈશું તે પણ જીવના સારા સારુ કરતા હઈશું. પણ જો અમારા સુખને સારુ કરતા હોઈએ તો શ્રી સ્વામિનારાયણના સમ છે ને અમારે તો આ લોકથી મૂળઅક્ષર પર્યંતનાં સર્વે સુખ સરખાં છે. અમે તો સ્વામિનારાયણ ભગવાનના સુખ-સમુદ્રમાં રમીએ છીએ.' –એ આદિ ઘણીક વાતો કરી. તેને સાંભળીને સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંતમંડળ ને લક્ષ્મીરામભાઈ, કેસરાભાઈ આદિ સર્વે હરિભક્તને અતિશય આનંદ થયો ને રામકૃષ્ણભાઈ તો આવી વાતો સાંભળી શ્રીજીમહારાજ ને અનાદિમુક્તનો

મહિમા સમજી અતિશય જ દીન થઈ ગયા અને પોતાનું માન મેલીને સર્વે સભાએ સહિત મુક્તરાજશ્રીને દંડવત્ કરવા લાગ્યા ને નેત્રમાં જળ આવી ગયાં ને હાથ જોડીને પ્રાર્થના કરી જે, 'તમે સર્વે મારા ઉપર રાજી થાઓ ને મને પોતાનો જાણીને મારામાં કાંઈ કસર રહેવા દેશો નહિ ને જો બીજો જન્મ ધરાવો તો તમારી નાતમાં ધરાવશો- એ હું માગું છું.' ત્યારે મુક્તરાજશ્રી આદિ સર્વે રાજી થયા ને કહ્યું જે, 'તમે આજથી અમારા ભેગા છો; તમને મહારાજની મૂર્તિમાં રાખશું.'-એમ રાજી થઈને કહ્યું. એવી રીતે નિત્યે કથાવાર્તા થતી -એમ મુક્તરાજ લક્ષ્મીરામભાઈએ બાપાશ્રી આદિ સર્વેને તેડાવીને બ્રહ્મયજ્ઞ કર્યો. પછી સર્વે હરિભક્ત પોતપોતાને ગામ ગયા ને બાપાશ્રી સર્વે સંતની સાથે ભૂજ આવ્યા ને મૂળી અમદાવાદના સંત-હરિભક્તને તેમના દેશમાં મોકલ્યા ને બાપાશ્રી વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૨૧

છપૈયાની યાત્રા, વહાણથકી રક્ષા, મૂળી થઈ ઉપરદળ-આગમન, પૂ.આચાર્યશ્રીની ભલામણ, છપૈયે મોટા દેવ દર્શને આવ્યા, પ્રેમજીનો સંકલ્પ સત્ય કર્યો, પ્લેગમાં કાકરવાડીએ નિવાસ, ભોજાભક્તની દિવ્યગતિ, વાજતેગાજતે પુરમાં પ્રવેશ ને દિવ્યદર્શન વગેરે

અક્ષરાતીત મુક્તના સ્વામી, સર્વાત્માબ્રહ્મના આત્મા, ક્ષર-અક્ષરથી પર એવું અક્ષરધામ તેના આધાર, ને તે ધામનાં કિરણે કરીને ક્ષર-અક્ષરના આધાર ને પરમ એકાંતિક-અનાદિમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા ને ધર્મભક્તિના પુત્ર, રામપ્રતાપભાઈના અનુજ, ઈચ્છારામભાઈના અગ્રજ ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી આદિ પાંચસો પરમહંસ જેમના ગુણ ગાય છે એવા સ્વામિનારાયણ ભગવાન છે. તેમની ઈચ્છાથી અક્ષરધામમાંથી ને મૂર્તિમાંથી મુક્તાવતાર થાય છે. -એમ સત્સંગિભૂષણમાં કહ્યું છે, માટે શ્રીજીમહારાજની ઈચ્છાથી મનુષ્યરૂપે દર્શન દેતા-એવા મુક્તશ્રી અબજીભાઈ સંવત ૧૯૫૬ના અષાડ માસમાં શ્રીજીમહારાજનું જન્મસ્થાન જે છપૈયાપુર ત્યાં દર્શને જવાનો વિચાર કરતા હતા. તે સમે ઉપરદળના રામજીભાઈ માંદા હતા, તેથી તેમણે મુક્તશ્રીને પ્રાર્થનાપત્ર લખી મોકલ્યો . તેને વાંચી બાપાશ્રીએ રામજીભાઈને દર્શન દઈ પછી છપૈયે જવું એમ નક્કી કર્યું ને પોતાની સાથે આવનાર ખીમજીભાઈ, જાદવજી, પ્રેમજી આદિ હરિભક્તને તે વાત જણાવી, ત્યારે તે પણ રાજી થયા ને બાપાશ્રી સાથે છપૈયે જવા તૈયાર થયા ને વૃષપુર આવીને બાપાશ્રીની સાથે ભૂજ આવ્યા ને ભૂજમાં સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંતને તે વાત કરી, ત્યારે તે પણ રાજી થયા. પછી બીજે દિવસે ઠાકોરજી ને સંતનાં દર્શન કરી જમીને અંજાર આવ્યા ને ખારીરોડથી વહાણમાં બેઠા. ત્યાં સમુદ્રમાં તોફાન

થયું ને વહાણ ડૂબવા લાગ્યું ને ખીમજીભાઈ આદિ બીવા લાગ્યા, ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'કોઈ બીશોમા; તમારું પૂરું કરનારા ને ધામમાં લઈ જનારા ભેળા છે ને વહાણ બૂડશે તો ઠેઠ મહારાજના સુખમાં પહોંચાડી દેશું.' –એમ કહી ઊભા થઈને દિવ્યરૂપે દર્શન દીધાં, ત્યાં તો તોફાન બંધ થઈ ગયું ને વહાણ ચાલ્યું ને કાંઠે પહોંચ્યા ને રેલે બેસી સૌ મૂળીએ આવ્યા. મૂળીમાં સ્વામી હરિનારાયણદાસજી, બાળકૃષ્ણદાસજી આદિ સંતોએ રોકવાને આગ્રહ કર્યો, તેથી બે દિવસ રહીને ઉપરદળ જવા નીકળ્યા ને ઘણા સંત કેરે સ્ટેશન સુધી આવ્યા. તેને પાછા વાળીને બાપાશ્રી સંત-હરિભક્ત સહિત ઉપરદળ પહોંચ્યા, ત્યારે રામજીભાઈ તો તાવમાં ને તાવમાં ઊભા થઈ બાપાને બાથમાં લઈને મળ્યા ને બહુ રાજી થયા. એવી રીતે રામજીભાઈને રાજી કરી અમદાવાદ આવ્યા, ત્યાંથી પ્રાણશંકરભાઈ આદિ થોડા હરિભક્તને સાથે લઈને છપૈયે જવા તૈયાર થયા. તે સમે ધ. ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે મુક્તશ્રીને પાસે બોલાવીને કહ્યું જે, 'તમે જયપુરમાં એક રાત રોકાઈ જજો; કેમ જે ત્યાં ઝવેરી ત્રિકમજીભાઈ રહે છે તે બહુ મહિમાવાળા છે ને વળી સંતનું મંડળ પણ છે ને અમે અહીંથી તાર કરશું, જેથી સૌ સ્ટેશને તેડવા આવશે.' –આ રીતે ભલામણ કરવાથી બાપાશ્રી જયપુર એક દિવસ રોકાઈ સંત-હરિભક્તને રાજી કરી છપૈયાધામ પહોંચ્યા, ત્યાં મંદિરમાં ને જન્મસ્થાનમાં શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં ને ઠાકોરજીના થાળ કરાવ્યા ને સંત તથા ધર્મકુળના વિપ્ર આદિને, ભોજન કરાવીને જમાડ્યા ને નારાયણસર, ગૌઘાટ, ભૂતિયો કૂવો આદિ સ્થાનમાં સ્નાન-દર્શન કરતા થકા છપૈયામાં રહ્યા.

કોઈક દિવસ બાપાશ્રી ખીમજીભાઈને સાથે લઈ જન્મસ્થાનને કૂવે સાંજ વખતે નાહવા ગયા હતા. તે સમે ખીમજીભાઈએ જળનો લોટો ભરીને આપ્યો ને બાપાશ્રી બહિર્ભૂમિ જઈને કૂવા ઉપર આવ્યા ને ખીમજીભાઈએ કૂવામાંથી લોટા વતી જળ સીંચીને સ્નાન કરાવ્યું ને મુક્તરાજશ્રી કોરાં વસ્ત્ર પહેરી તે કૂવા પાસે છત્રી છે ત્યાં ઓટા ઉપર બેઠા ને ખીમજીભાઈ લૂગડું ધોઈને પાસે આવ્યા. તે સમે ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિનાં દેવ-તે અનાદિ મુક્તરાજ બાપાશ્રીનાં ને શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા હતા. તેથી આકાશમાં અતિશય તેજ છાઈ રહ્યું ને તેજના ગોળે ગોળા દેખાવા લાગ્યા. તે સર્વે દેવ મુક્તશ્રીનાં દર્શન કરી ચરણારવિંદમાં નમસ્કાર કરીને પાછા આકાશમાં જતા રહે ને ચારેકોર તેજના ગોળારૂપે દેખાય ને મુક્તરાજશ્રી ત્યાંથી ચાલ્યા, તે રસ્તામાં પણ આકાશમાંથી આવી પગમાં નમસ્કાર કરે, તે ખીમજીભાઈ પ્રત્યક્ષ નજરે દેખતા હતા. તેવી રીતે મંદિર પાસે આવ્યા ત્યાં સુધી દેખાયા ને જન્મસ્થાન ને શ્રીઘનશ્યામ મહારાજનાં મંદિર ઉપર ને બાગમાં ઝાડવાં ઉપર આકાશમાં અનંત તેજના ગોળા સાધુ શ્યામચરણદાસજી તથા ભગવાનપ્રસાદબાબુ તેમને પણ દેખાયા. તેને જોઈને પરસ્પર બોલવા

લાગ્યા જે, 'અહો ! આ શિખર ઉપર ને જન્મસ્થાન ઉપર તેજના ગોળા જેવું શું દેખાય છે !' ત્યારે બીજા બોલવા લાગ્યા જે , 'આ ઘનશ્યામ મહારાજનું જન્મસ્થાન મોટું તીર્થ છે તેમાં કચ્છદેશના મોટા મુક્ત અબજીભાઈ આદિ દર્શન કરવા આવ્યા છે, માટે તે મુક્તનાં ને શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા સારુ દેવ આવ્યા છે.' ને કેટલાક કહે જે, 'તે દેશના હરિભક્ત બહુ પ્રેમી ને ધર્મવાળા છે માટે તેમના સમાસને અર્થે શ્રીઘનશ્યામ મહારાજે કાંઈક ચમત્કાર દેખાડ્યો હશે. –એમ બોલતા હતા ને તે દેવ બે ઘડી સુધી મુક્તરાજનાં તથા મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરીને પછી મુક્તશ્રીની તથા શ્રીહરિની ઈચ્છાથી પોતપોતાના સ્થાનકે ગયા ને બાપાશ્રી સભામાં આવીને બેઠા ને સભામાં બાળમુકુંદબાબુ ને ભગવાનપ્રસાદજી આદિ બેઠા હતા તેમની સાથે વાતો કરી ત્યાં આરતી થઈ, ત્યારે મંદિરમાં સર્વે દર્શન કરવા ગયા. તે સમે શ્રીઘનશ્યામ મહારાજ આદિ મૂર્તિઓનાં પણ તેજોમય ને 'મંદ મંદ' હાસ્યજુક્ત એવાં સર્વેને દર્શન થવા લાગ્યાં. તેથી ભગવાનપ્રસાદજી આદિ સર્વે બહુ રાજી થયા ને બાપાશ્રીએ દર્શન કરી કથાવાર્તા કરીને આસને આવી યોગનિદ્રા અંગીકાર કરી.

વળી એક દિવસ મુક્તરાજશ્રીએ પ્રેમજીભાઈને કહ્યું જે, 'પ્રેમજી ! અહીં તો વરસાદ બહુ વરસે છે પણ આપણા કચ્છમાં તો કાળ છે.' ત્યારે પ્રેમજીભાઈને વિચાર થયો જે, ' અનાદિ મુક્તરાજ કચ્છમાંથી અહીં આવવા નીકળ્યા ત્યારે મારે અમદાવાદથી પાછા કચ્છમાં જવાની ઈચ્છા હતી, પણ બાપાશ્રીની સાથે આંહીં આવવાનું થયું છે તેથી કચ્છમાં જવાનો વિલંબ થશે અને દેશમાં વરસાદ પણ નથી અને છોકરાને ભલામણ પણ કરી નથી તેથી ખેતીનું કામ છોકરા શી રીતે કરશે ? ' ત્યારે મુક્તરાજશ્રીએ પ્રેમજીનો સંકલ્પ જાણીને પ્રેમજીને કહ્યું જે, 'નાહવા જાવું છે.' ત્યારે તે પ્રેમજી ઊઠીને બાપાશ્રી સાથે ચાલ્યા અને બાપાશ્રી દરવાજા પાસે આવ્યા. ત્યારે પ્રેમજીએ કહ્યું જે, 'બાપા ! દરવાજો બંધ છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તમે આંખો મીંચો.' એટલે તેમણે આંખો મીંચી ને ઉઘાડીને જોયું, ત્યાં તો નારાયણસરના કાંઠે આવ્યા તેવામાં આકાશમાંથી હમહમાટ કરતું વિમાન આવીને ત્યાં જ ઊભું રહ્યું ને બાપાશ્રી વિમાનમાં બેઠા ને પ્રેમજીભાઈને બેસવાનું કહ્યું ત્યારે તે પણ બેઠા, ત્યાં તો વિમાન આકાશમાર્ગે ઊડ્યું તે બે મિનિટમાં નારણપુર પ્રેમજીની વાડીએ આવ્યું. ત્યાં પ્રેમજીના દીકરા જાગીને બાપાશ્રીને દંડવત્ કરીને મળ્યા ને પ્રેમજીભાઈ તો જોઈ રહ્યા ને બાપાશ્રીએ પ્રેમજીના દીકરાને કહ્યું જે, 'આ દુષ્કાળનું વર્ષ છે, માટે વાડી વિના બીજાં ખેતર વાવશો નહિ.' –એમ કહીને બાપાશ્રી પોતાની વાડીએ આવ્યા ત્યાં તો બાપાશ્રીના દીકરા જાગીને દંડવત્ કરીને મળ્યા. ત્યારે બાપાશ્રીએ તેમને પણ બીજાં ખેતર વાવવાની ના કહી ને વાડીના કામની ભલામણ કરીને કહ્યું જે, 'અમે જઈએ છીએ.' –એમ કહીને વિમાનમાં બેઠા, ત્યાં તો બે

મિનિટમાં છપૈયે આવ્યા ને બાપાશ્રી તથા પ્રેમજી વિમાનમાંથી નીચે ઊતર્યા ત્યાં જ વિમાન અદૃશ્ય થઈ ગયું. પછી ઉતારે આવી બાપાશ્રીએ પ્રેમજીને કહ્યું જે, 'તમારો સંકલ્પ પૂરો થયો ને ?' ત્યારે પ્રેમજીએ કહ્યું જે, 'બાપા ! તમે પૂરો કર્યો.

એક દિવસ બાપાશ્રી આસને બેઠા હતા,–તે વખતે ધ.ધુ. વાસુદેવપ્રસાદજી મહારાજનો જન્મ થયો તેની મંદિરમાં વધામણી આવી. ત્યારે બાપાશ્રીએ પ્રાણશંકરભાઈને કહ્યું જે, 'આ વાસુદેવપ્રસાદજી મહારાજ નરનારાયણદેવની ગાદીના આચાર્ય થશે. ' –તે વાત સાંભળીને સર્વે જનો આશ્ચર્ય પામ્યા. એમ આનંદ-ઉત્સવ કરતા થકા છપૈયામાં દસ દિવસ રહીને પાછા કચ્છ–દેશમાં ભૂજનગર પધાર્યા. હવે બાપાશ્રીને ભૂજનગર પધાર્યા જાણીને હજારો હરિભક્તો સન્મુખ આવ્યા હતા. તે સર્વે બાપાશ્રીનાં દર્શન કરીને પરમ આનંદ પામ્યા ને બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સંત- હરિભક્તોને મળીને વૃષપુર પધાર્યા.

કોઈક સમે વૃષપુરમાં પ્લેગનો ઉપદ્રવ થવા લાગ્યો, ત્યારે ગામના સર્વે મનુષ્ય વાડીઓમાં છાપરાં કરીને રહેવા ગયા ને બાપાશ્રી નારાયણપુર ગયા હતા તે આવ્યા, ત્યારે ગામમાં કોઈ મનુષ્ય મળે નહિ ને બાપાશ્રીને ઘેર બાપાના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈ આદિ રહ્યા હતા તે પણ બાપાશ્રીને કહેવા લાગ્યા જે, 'બાપા ! ગામના મનુષ્યો સર્વે વાડીઓમાં રહેવા ગયા છે તો આપણે કેમ કરશું ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ' આપણે ઘેર બેઠા મહારાજનું ભજન કરો.' ત્યારે તેમણે કહ્યું જે, 'ગામમાં કોઈ નથી ને આપણાથી કેમ રહેવાય ?' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, ' એ સાચું; માટે કાકરવાડીએ જઈએ.' પછી તે વાડીમાં માંડવા કરીને રહ્યા ને બાપાશ્રી પોતે ઠાકોરજીની સેવા કરવા સારુ મંદિરમાં ત્રણવાર આવીને ઠાકોરજીને જગાડે, જમાડે ને પોઢાડે એમ નિત્યે સેવા કરતા. પછી ગામધણીએ ગામના ફરતા કાંટા દેવરાવીને ગામમાં કોઈને પેસવા ન દેવા તેવી બંધી કરાવી. પછી બાપાશ્રી માવજી પટેલ આદિ હરિભક્ત પાસે ઠાકોરજીની મૂર્તિઓ સિંહાસનમાંથી બહાર કઢાવીને કાકરવાડીએ લઈ ગયા, ત્યાં વડવાળા કૂવા પાસે મંડપ કરાવ્યો ને તેમાં ઠાકોરજીને પધરાવ્યા ને મુક્તશ્રી ઠાકોરજીની સેવા કરતા, હજારી તથા મોગરા આદિ પુષ્પના હાર કરીને પહેરાવતા ને સાંજ-સવાર બે વખત આરતીઓ થતી ને બીજી વાડીઓમાંથી હજારો હરિભક્ત મુક્તરાજશ્રીની વાડીએ શ્રીઠાકોરજીનાં ને મુક્તશ્રીનાં દર્શન કરવા આવતા ને કથાવાર્તા સાંભળવા બેસતા ને મુક્તરાજશ્રીના મુખકમળનાં વચન સાંભળીને તથા દર્શન કરીને સર્વેને અતિશય આનંદ થતો હતો. ને તે સર્વે ગામ-પરગામના હરિભક્ત મુક્તરાજશ્રીને વિષે અતિશય સ્નેહે કરીને દૃઢ આત્મબુદ્ધિ ને પ્રીતિને પામ્યા થકા મુક્તશ્રીને ક્ષણમાત્ર પણ ત્યાગ કરવાને સમર્થ થતા નહિ; અહોનિશ મુક્તશ્રીનો સેવા-સમાગમ કરતા ને બીજી વ્યાવહારિક ક્રિયામાં પણ શ્રીજીમહારાજની

મૂર્તિમાં તેલધારાવત્ અખંડ વૃત્તિ રાખતા અને તે પ્લેગના રોગમાં મુક્તરાજ બાપાશ્રીએ વચનામૃતનાં સાત પારાયણો વાંચ્યાં ને ઘણાક ભક્તજનો સાંભળવા બેસતા, એમ અહોનિશ કથાવાર્તા-કીર્તન કરતા ને કરાવતા ને હરિભક્ત સત્સંગી સર્વે પોતપોતાના ધર્મની મર્યાદામાં રહીને મહારાજનું ભજન કરતા, તોપણ અવિદ્યાવાળા હતા તે અવગુણ લેતા ને તે પ્લેગના રોગમાં જ બાપાશ્રીએ ભોજાભક્તને દેહ મેલાવીને મહારાજની મૂર્તિમાં રાખ્યા. તે ભોજાભક્તના ઘરનું મનુષ્ય અધર્મી હતું, તોપણ તેનો સંગ લાગ્યો નહિ. પછી ગામમાં આવવાની રજા થઈ ત્યારે મુક્તશ્રીએ કાકરવાડીએ સર્વે સત્સંગીને બોલાવ્યા ને પ્રતિમારૂપ મહારાજને પાલખીમાં પધરાવ્યા ને હરિભક્ત પાસે પાલખી ઉપડાવી અને ઉત્સવિયા હરિભક્ત ઝાંઝ-મૃદંગ વજાવી કીર્તન બોલીને ઉત્સવ કરતા આગળ ચાલ્યા ને બાપાશ્રી પાલખીને પડખે ચાલ્યા ને બે હરિભક્તે બે પડખે રહીને મહારાજ ને મુક્ત ઉપર છત્રધારણ કર્યું ને ચામર ઢોળવા લાગ્યા અને કેટલાક પાછળ ચાલતા હતા એવી શોભાએ યુક્ત શ્રીજીમહારાજને ગામમાં ફેરવીને મંદિરમાં આવ્યા. પછી બાપાશ્રીએ પ્રતિષ્ઠાવિધિપૂર્વક શ્રીજીમહારાજની મૂર્તિઓ પોતાને હાથે સિંહાસનમાં પધરાવી. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજનો સમૂહ દેખાયો ને સિંહાસનમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ બિરાજમાન છે, તેવાં દર્શન બાપાશ્રીને થતાં હતાં ને સેવક નારાયણ ભક્ત આદિ કેટલાકને બાપાશ્રીનાં પણ તેજોમય દર્શન થયાં. પછી તેજ શ્રીજીમહારાજમાં સમાઈ ગયું, ત્યારે સર્વે હરિભક્ત આશ્ચર્ય પામ્યા. પછી બાપાશ્રીએ ઠાકોરજીને થાળ ધરીને સર્વેને પ્રસાદી વહેંચી આપી ને સાધુ-હરિભક્તને જમાડ્યા. પછી મુક્તરાજે પોતાના પુત્રે સહિત વાડીથી ગામમાં આવીને પોતાના ભુવનમાં નિવાસ કર્યો. હવે બાપાશ્રી મંદિરમાં સંતનું મંડળ આવે તેને પોતાના ઘેરથી લોટ, ઘી, ગોળ, ખીચડી, શાક આદિ લાવીને જમાડતા ને બીજા હરિભક્ત પાસે પણ ઠાકોરજી ને સંતની સેવા કરાવતા ને જે હરિભક્ત દર્શન-સમાગમ સારુ આવે તેને પણ પોતાને ઘેર રસોઈ કરાવીને જમાડતા ને શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તનો મહિમા સમજાવીને સુખિયા કરતા ને બાપાશ્રીનાં ઘરનું કામ તે બાપાશ્રીના હેતવાળા હરિભક્ત કરતા. પછી બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ મોટા થયા ત્યારે તે કામ કરતા ને બાપાશ્રી તો દેખરેખ રાખતા ને કૃપાદૃષ્ટિ માગે, તેને કૃપા કરીને મૂર્તિમાં રાખતા.

સંવત ૧૯૫૭ની સાલમાં સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ પોતાના ગુરુની સાથે પહેલવહેલાં[૧] કચ્છમાં ગયા હતા ને ભૂજ થોડા દિવસ રહીને પછી વૃષપુર ગયા. ત્યાં

૧ છપૈયા જતાં બાપાશ્રી જ્યારે જયપુર ઊતર્યા હતા ત્યારે સ્વામી કેશવપ્રિયદાસજીને બાપાશ્રીનાં પહેલવહેલાં દર્શન થયાં હતાં, કારણ કે તે વખતે તેમના ગુરુ મોરલીમનોહરદાસજીનું મંડળ ત્યાં હતું.

તેમણે પ્રીતિ-અનુવૃત્તિથી ને સેવાએ કરીને મુક્તરાજશ્રીને ખૂબ રાજી કર્યા ને થોડા દિવસ રહીને પાછા આ દેશમાં આવતા હતા, તે રસ્તામાં આવતાં હળવદ રોકાયા. ત્યાં રાત્રીએ એમને શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દર્શન થયાં, તેમાં શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજનાં કિરણો છૂટે છે ને મૂર્તિ અતિશય રૂપાળી છે ને બાપાશ્રી તો મનુષ્યરૂપે હતા તેવા જ દેખાયા. પછી બાપાશ્રી શ્રીજીમહારાજમાં લીન થઈ ગયા ને શ્રીજીમહારાજ પણ અંતર્ધાન થયા ને સાધુ કેશવપ્રિયદાસ જાગી ગયા, ત્યારે પણ તેવી જ સ્મૃતિ રહી ને જ્યારે ધ્યાન કરે ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં ચિત્તનો નિરોધ થઈ જાય ને બીજી ક્રિયામાં પણ મૂર્તિમાં વૃત્તિ રહેવા લાગી ને મૂર્તિનું સુખ પણ આવવા લાગ્યું, તેથી અનાદિમુક્ત બાપાશ્રીનો મહિમા ને દિવ્યભાવ સમજાયો ને બાપાશ્રીમાં આત્મબુદ્ધિ પણ થઈ ગઈ, પછી તેઓ ત્યાંથી અમદાવાદ ગયા. ઈતિ વિશ્રામ ૨૨

વૃષપુરમાં મહામોટો યજ્ઞ ને સંત-હરિભક્તને આનંદોત્સવ

સંવત ૧૯૫૯ની સાલમાં, જેમનાં જન્મ-કર્મ પણ દિવ્ય છે અને શ્રીજીની મૂર્તિમાં અખંડ રહેલા એવા મુક્તરાજશ્રીએ એવો સંકલ્પ કર્યો જે, 'કચ્છ, ગુજરાત, કાઠિયાવાડ આદિ દેશના સંત-હરિભક્તને તેડાવી, જમાડી રમાડી મોટો બ્રહ્મયજ્ઞ કર્યો હોય તો ઠીક.' –એમ ધારીને નારાયણપુરવાળા જાદવજીભાઈ, દહીંસરાના કેસરાભાઈ આદિ મોટા મોટા હરિભક્ત તેમને આ વાત જણાવી, તેથી એ તો ઘણા રાજી થયા ને કહ્યું જે, 'આ પ્રસંગે હજારો નાનાં–મોટાં બાઈ-ભાઈ આદિ યજ્ઞમાં આવી શ્રીજીમહારાજ ને આપશ્રીનાં ને સંત–હરિભક્તનાં દર્શન કરશે ને યજ્ઞની પ્રસાદી જમશે, તે ઠેઠ અક્ષરધામમાં મહારાજના સુખમાં પહોંચશે માટે યજ્ઞ કરો, અમે સેવા કરશું.' પછી પોતે અમદાવાદ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને યજ્ઞમાં આવવાનો પત્ર લખ્યો. ત્યાર પછી પોતે ભૂજ ગયા ને સંતોને વાત કરી ને 'સત્સંગિજીવન' તથા 'શિક્ષાપત્રીભાષ્ય'ની પંદર દિવસની કથા કરાવવાનું નક્કી કર્યું: પછી મોટા મોટા હરિભક્તોને યજ્ઞમાં જોઈતો સામાન ઘી, ગોળ, ઘઉં, ખાંડ, સાકર આદિ મગાવવા ભલામણ કરી ને ગામેગામથી પાગરણ, વાસણ વગેરે મગાવવા માંડ્યું ને ભૂજ, અમદાવાદ, મૂળી આદિ સ્થાનમાંથી સંતો આગળથી આવ્યા હતા ને કથા વાંચનાર શાસ્ત્રી બાળમુકુંદાનંદજી પણ આવ્યા હતા. પછી ગામેગામ કંકોત્રીઓ લખી મોકલી ને ભૂજના સંતોએ કથામંડપ વગેરે ગોઠવણી કરી. એવી રીતે વૈશાખ સુદ એકમના દિવસે કથાનો પ્રારંભ કર્યો ને બ્ર.બાળમુકુંદાનંદજી કથા વાંચવા બેઠા ને બાપાશ્રીએ પોતે ચંદનનો વાડકો હસ્તમાં લઈને પુસ્તકની પૂજા કરી. પછી પુરાણીની પૂજા કરીને પુષ્પનો હાર પહેરાવ્યો ને ચાદર ઓઢાડીને આરતી કરવા લાગ્યા. પછી પુરાણીએ કથા વાંચવાનું ચાલુ કર્યું ને બાપાશ્રી તે સભામાં સર્વે સંત-હરિભક્તની પૂજા કરવા લાગ્યા. તે સમે બાપાશ્રીનાં

દર્શન કરીને સર્વેને અતિશય આનંદ ઊભરાતો હતો. પછી બાપાશ્રી ગાદીતકિયે સહિત જે આસન તે ઉપર બેઠા ને હસ્તકમળમાં તુલસીની માળા ધારણ કરી, ને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન ધરી સર્વેની શિક્ષાને અર્થે કથાનું શ્રવણ કરવા લાગ્યા. અને સંતમંડળ તથા હરિભક્તો તે પણ કથામાં બેસી મહારાજ ને મુક્તના સામું જોઈને કથાનું શ્રવણ કરવા લાગ્યા. પછી દિવસના નવ વાગ્યે નિત્યે કથાની સમાપ્તિ થતી ને અઢી વાગ્યે ફરી પ્રારંભ થતો ને સંતમંડળ રસોઈ કરીને જમતા. ને કથા-શ્રવણ કરવા આવેલા સર્વે હરિભક્તોને જમાડવા સારુ બાપાશ્રીએ ગામમાં રસોડું કરાવ્યું હતું અને સાંખ્યયોગી બાઈઓ રસોઈ કરતાં ને ત્યાં સર્વે હરિભક્ત જમતા ને બાપાશ્રી હરિભક્તને રસોડે જઈ સૌને દર્શન દઈ તથા સંભાળ લઈને અગિયાર વાગે પાછા મંદિરમાં આવતા ને સંતની પંક્તિમાં દર્શન દઈને પોતાના ભુવનને વિષે જમવા પધારતા, ત્યારે સ્વધર્મનિષ્ઠ એવાં મુક્તરાજશ્રીનાં પત્ની જે દેવુબા તથા પુત્રીઓ જે વાલબા આદિ-તે મુક્તશ્રીની રુચિને અનુસારે બાજરાનો રોટલો ને ગાજરનું શાક, ખીચડી, કેરાં-લીંબુનું અથાણું-તે બાપાશ્રીને જમાડતાં ને બાપાશ્રી જમીને મંદિરમાં બાર વાગ્યાની કથા સાંભળીને પછી અર્ધો કલાક વિશ્રામ કરીને દોઢ વાગ્યે વાડીએ સ્નાન કરવા પધારતા ને અઢી વાગ્યે કથાનો પ્રારંભ થતો ને અબજીબાપાશ્રી પોતે પુસ્તક ને પુરાણીની પૂજા કરીને સભામાં આસન ઉપર બિરાજતા.

તે યજ્ઞમાં શ્રીનગરથી સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ ને મૂળીથી બાળકૃષ્ણદાસજી, ધર્મકિશોરદાસજી આદિ ઘણાક સંતમંડળ મુક્તરાજનાં દર્શન-સમાગમ સારુ વૃષપુર આવ્યા હતા ને ભૂજના સ્વામી અક્ષરજીવનદાસજી ને વિજ્ઞાનદાસજી આદિ સર્વે પ્રથમથી જ આવ્યા હતા ને યજ્ઞનું સર્વે કામકાજ કરતા ને શ્રીનગરથી પ્રાણશંકરભાઈ, ગિરજાશંકરભાઈ આદિ તથા ભૂજના પુરુષોત્તમભાઈ, જેઠી ઘેલાભાઈ, દીવાન ઝવેરીલાલભાઈ આદિ સોએ સો હરિભક્તો આવ્યા હતા ને કંકુબા, લીરુબા આદિ બાઈઓનાં મંડળ પણ ઘણાં આવ્યાં હતાં. તે સમે આવેલા સર્વે હરિભક્તના સંઘ તે પ્રથમ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી મુક્તરાજશ્રીને દંડવત્ કરીને દર્શન કરવા લાગ્યા. પછી સર્વે ભક્તજનો અતિ સ્નેહે કરીને એક નજરે મુક્તરાજશ્રી સામું જોઈ રહ્યા. તેમાં કેટલાક ભક્ત તો મુક્તનું મુખ જોઈ તેમાં જોડાઈ ગયા. કેટલાક તો તિલક-ચાંદલો ને ભ્રૂકુટિ તેણે સહિત ભાલને જોઈ રહ્યા. કેટલાક તો બે ખભા, બે ભુજાઓ ને બે હાથનાં પોંચાંએ સહિત હથેળીઓમાં રેખાઓ તથા કોમળ આંગળીઓ તેને જોઈ રહેતા હતા. કેટલાક તો વિશાળ ને ઊપડતું અતિ શોભાયમાન એવું વક્ષસ્થળ તેને જોઈ રહ્યા. કેટલાક તો ઉદર, ત્રિવળી નાભી તેને જોઈ રહ્યા. કેટલાક બે સાથળ ને બે ઢીંચણને જોઈ રહ્યા. કેટલાક બે પિંડીઓ ને જંઘાઓને જોતા હતા. કેટલાક તો આંગળીઓમાં નખરૂપી ચંદ્રની પંક્તિ ને

બે ચરણનાં તળાં તેને જોતા હતા. કેટલાક સંત-હરિભક્ત તો તેજઃપુંજમાં રહ્યા ને દિવ્યમૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની દિવ્યમૂર્તિમાં રસબસ રહેલા એવા અનાદિમુક્તરૂપ બાપાશ્રીને દેખતા હતા. કેટલાક તો શ્રીજીમહારાજની મૂર્તિની જોડે રહેલા એવા મહામુક્તરૂપ દેખતા હતા. અને કેટલાક તો તે મુક્તશ્રીના સ્વરૂપમાંથી પ્રસરતો એવો દિવ્ય સુગંધ તેની સુગંધી લઈને આશ્ચર્ય પામ્યા. -એમ સર્વે હરિભક્ત આનંદમાં ગરકાવ બન્યા હતા અને બાપાશ્રી પણ સર્વેને પોતાના દર્શનદાને કરીને કોઈના સામું જોવું, કોઈને સમાચાર પૂછવા, કોઈને પુષ્પના હાર-પ્રસાદી આપવાં, કોઈને બોલાવવું, કોઈને માથે હાથ મેલવા એમ અનેક પ્રકારે કરીને સર્વેના મનોરથ પૂરા કરતા. પછી બાપાશ્રીની આજ્ઞાએ કરીને તે સર્વે ઉતારા કરવા ગયા અને બીજે દિવસ કથાનો સમય થયો ત્યારે બાપાશ્રીએ પોતાના પુત્રે સહિત આવીને પુસ્તક તથા પુરાણીની પૂજા-આરતી કરી ને સભામાં સર્વે સંત-હરિભક્ત આવીને બેઠા ને બાપાશ્રી ચંદનનો વાડકો હાથમાં લઈને સંતને ચંદન ચર્ચવા લાગ્યા. ત્યારે બાપાશ્રીના દીકરા કાનજીભાઈએ કહ્યું જે, 'બાપા ! લાવો હું સંતની પૂજા કરું.'ત્યારે તેમને વાડકો આપીને પોતે સભામાં બેઠા ને કથામાં આજ્ઞા-ઉપાસનાની વાતો આવતી ત્યારે તે વાતોને બાપાશ્રી પોતે સ્પષ્ટ કરીને સંત-હરિભક્તોને સમજાવતા ને કોઈક દિવસ સ્વામી અક્ષરજીવનદાસજી, કોઈક દિવસ સ્વામી વૃંદાવનદાસજી ને કોઈક દિવસ સ્વામી ઈશ્વરચરણદાસજી વાતો કરતા. એવી રીતે કથાવાર્તારૂપી જ્ઞાનયજ્ઞ થતો હતો.

પછી વૈશાખ સુદ બારસના દિવસે કણબીનાં ચોવીસ ગામના સર્વે હરિભક્તોને આવવાની ફરીથી કંકોત્રીઓ લખાવી. હવે તે સર્વેને જમાડવા સુખડીઓ કરાવીને ઓરડા ભરાવ્યા હતા અને શીરો કરાવીને મોટા મોટા હોજ ભર્યા હતા ને શાક, દાળ, ખીચડી વગેરે કરાવ્યાં હતાં. પછી ચૌદશને દિવસે ગામડાનાં સર્વે હરિભક્તો નાના બાળક તથા સ્ત્રીઓ તથા વૃદ્ધજનો સહિત ગાડાં જોડીને સમૂહેસમૂહ ભેગા થઈ રસ્તામાં હેતે કરી શ્રીજીમહારાજ તથા મુક્તરાજને અંતરમાં સંભારીને કીર્તન બોલતા અને સ્વામિનારાયણ નામનું ભજન ગાતા થકા આવવા લાગ્યા ને તે સર્વે ભક્તજનો વાડીઓમાં ગાડાં છોડીને મંદિરમાં શ્રીજીમહારાજ ને મુક્તનાં તથા સભાનાં દર્શન કરવા સારુ આવતા હતા ને દર્શન કરીને ગામ બહાર વાડીઓમાં પોતાનાં ગાડાં છોડ્યાં છે, ત્યાં જઈને ઉતારા કરતા. પછી બાપાશ્રીએ સાડા ચાર વાગે કથાની સમાપ્તિ કરાવી ને મોટેરા હરિભક્ત ને બહારગામથી આવેલા હરિભક્તોને જમાડવાની આજ્ઞા કરી, તેથી ઝીણા પટેલ ને ધનજીભાઈ આદિ તેમણે સર્વે સત્સંગીઓને જમવાની હાકલ કરીને બોલાવ્યા ને બાપાશ્રીના ઘરથી ઉગમણી કોરે ગામ પાસે વાડીમાં પંક્તિઓ કરાવી. તેમાં પ્રથમ બાઈઓને જમાડીને ભાઈઓની પંક્તિઓ

કરાવી ને પીરસવાની આજ્ઞા કરી, ત્યારે પીરસનારા સર્વે એક હારે મોટી મોટી પંક્તિઓમાં સર્વ ઠેકાણે શીરો પીરસવા લાગ્યા અને સર્વે પંક્તિઓમાં શીરો, દાળ, અથાણું વગેરે પિરસાઈ રહ્યું, ત્યારે સર્વે 'સહજાનંદસ્વામી મહારાજ'ની જય બોલ્યા ને બંદૂકોના અવાજ થયા ત્યારે સર્વે એકબીજાને નમસ્કાર કરી શ્રીજીમહારાજ ને બાપાશ્રીને સંભારતા થકા ને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતા થકા જમવા લાગ્યા અને સર્વે ભક્તજન મહારાજ ને મુક્તની પ્રસાદીનું ને અતિ સ્વાદુ એવું ભોજન છે, તેથી સારી પેઠે જમવા લાગ્યા ને જમતા થકા બોલવા લાગ્યા જે, 'અહો ! સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન દુર્ગપુરમાં સંત-હરિભક્તને જમાડતા હતા, તેમ જ અત્યારે અહીં તેમના અનાદિ મુક્તરાજ આપણને જમાડે છે, માટે આ પ્રસાદી તો મોટા અવતારાદિકને પણ દુર્લભ છે ને આ શીરો ને સુખડી તે અક્ષરધામમાંથી આવ્યાં છે કે શું ! જુઓ તો, આ ભોજન ઘણીવાર જમીએ છીએ પણ આવો સ્વાદ તો ક્યારેય આવ્યો નથી; આનો તો સ્વાદ જ બીજી રીતનો છે.'–એમ બોલતા થકા સારી પેઠે જમતા હતા ને બાપાશ્રી સારી પેઠે પિરસાવતા હતા ને સર્વેને દર્શન આપતા હતા. પછી ખીચડી પીરસી ને સૌ જમી રહ્યા, ત્યારે મોટેરા હરિભક્તોએ સર્વેને ઊઠવાની રજા આપી તેથી સર્વે ઊઠીને જાવા લાગ્યા. પછી બાપાશ્રીએ પીરસનારા આદિ સર્વેને જમવાની આજ્ઞા કરી ને પોતે મંદિરમાં પધાર્યા. હવે તે સમે હજારે હજાર હરિભક્તોના સમૂહે કરીને મંદિર ને ગામની બજારોમાં અતિ ભીડ થઈ હતી તોપણ એટલા માણસમાં કોઈની કાંઈ પણ વસ્તુ ખોવાતી નહિ ને કોઈકની કાંઈક ચીજ વસ્તુ કોઈક ઠેકાણે પડી ગઈ હોય, તેને કોઈ મનથી પણ લેતું નહિ તો હાથથી તો લે જ કેમ ! અને તેમાં કેટલાક તો શ્રીજીમહારાજ ને અનાદિમુક્તની સ્થિતિની વાતો કરતા, કેટલાક તો બાપાશ્રીનાં દર્શન કરતા, કેટલાક તો મૂર્તિ ધારીને ધ્યાન કરતા ને કેટલાક તો મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરતા- એવા હતા. તેમાં ઉત્સવિયાની મંડળીઓના હરિભક્તોએ તો શ્રીજીમહારાજની મૂર્તિને પાલખીમાં પધરાવીને આગળ ઉત્સવ કરતા ને કીર્તન બોલતા થકા રાત્રીના એક વાગ્યા સુધી ઠાકોરજીને ગામમાં ફેરવ્યા ને કેટલાક તો કિટ્સનલાઈટોના પ્રકાશે સવારેસવાર રાસ રમ્યા, એમ સર્વે ભક્તજનો અહોનિશ મહારાજનું ભજન કરતા.ને બાઈઓનાં મંડળ બાઈઓના મંદિરમાં કથાવાર્તા કરતાં ને બાર વાગ્યા સુધી ભજન કરતાં ને બાપાશ્રી પણ ચાર વાગે નાહી પૂજા કરીને સભામાં બેસતા ને અલૌકિક વાતો કરીને સર્વેને સુખિયા કરતા. પછી અજવાળું થાય, ત્યારે મોટી કથા બેસતી ને બાપાશ્રી મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિનાં ને સંતનાં દર્શન કરીને કથામાં આવતા ને પોતે પુસ્તક ને પુરાણીની પૂજા કરીને આરતી કરતા, તે સમે સર્વેનાં હૃદય આનંદથી ઊભરાતાં. નાના પ્રકારનાં વાજિંત્ર વાગતાં ને મહામોટો આનંદનો ઉદ્ઘોષ થતો ને શ્રીજીમહારાજ ને મુક્તશ્રીના પ્રતાપે કરીને

સર્વે સંત-હરિભક્તના ચિત્તની વૃત્તિનો શ્રીજીમહારાજની મૂર્તિમાં નિરોધ થઈ જતો ને મૂર્તિનું સુખ આવતું. પછી નવ વાગે કથાની સમાપ્તિ થતી ને 'શ્રીપતિમ્' બોલાતું અને સંતમંડળ 'આનંદ આપ્યો અતિ ઘણો રે ' એવાં કીર્તન બોલતા ને ઘણા સંત-હરિભક્ત ઝીલતા તેથી મંદિર ગાજી રહેતું. પછી સર્વે સંત શ્રદ્ધા-મહાત્મ્ય થીઠાકોરજી સારુ રસોઈ કરવામાં તત્પર થઈ જતા ને શ્રી ઠાકોરજીને થાળ જમાડી અને ' હરે ' કરી સૌ સંત જમીને પાછા સર્વે સંત ભેળા થઈને એક કલાક કથા કરતા ને બાપાશ્રી પણ આવીને બેસતા. પછી ઘડીક વિશ્રામ કરીને સ્નાન કરવા જતા પછી ઠાકોરજીને જગાડી માનસીપૂજા કરી સૌ અઢી વાગે સભામાં બેસી જતા અને છ વાગે કથાની સમાપ્તિ કરીને ગોડી–આરતી કરતા. ત્યાર પછી અષ્ટક ને કીર્તન વગેરે બોલીને રાત્રીએ કથા કરતા ને કથા થઈ રહ્યા પછી ચેષ્ટા વગેરે નિત્યનિયમ કરતા. ઈતિ વિશ્રામ ૨૩

યજ્ઞ-અવશેષકથા, ભૂજ મંદિરમાં ભારે ભેટ ને પુત્રે સહિત મુક્તશ્રીનું સન્માન, સંત-હરિભક્તોએ કરેલી બાપાશ્રીની પૂજા, જમતાં સર્વેને સ્વાદ ને ભારે ભારે ચમત્કાર

ત્યાર પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રી પૂર્ણિમાને દિવસે જ્ઞાનયજ્ઞ-મહોત્સવની સમાપ્તિ થવાની છે, એમ જાણી પોતે રાત્રીના ચાર વાગે જાગી સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કર્યો. પછી વસ્ત્ર પહેરીને પોતાના આસને બેઠા હતા, તે સમે હજારો સંત-હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા સારુ આવ્યા, તે સર્વેને બાપાશ્રીએ કથામાં બેસવાની આજ્ઞા કરી ને બ્ર. બાળમુકુંદાનંદજીને કથા વાંચવાની આજ્ઞા કરી. પછી પોતે મંદિરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરીને ઘેર પધાર્યા ને સર્વે સંત-હરિભક્ત કથા સાંભળવા બેઠા ને બાપાશ્રીએ સંતને ઓઢાડવા સારુ વસ્ત્રની ગાંસડીઓ હરિભક્ત પાસે મંદિરમાં મોકલાવી ને ભૂજ મંદિરના ઠાકોરજીને ભેટ સારુ પાંચ હજાર કોરીઓ ને બે હજાર કોરીઓના પોશાંગ તેની છાબો ભરાવી. પછી પોતાના પુત્ર જે કાનજીભાઈ તથા મનજીભાઈ તથા બીજા સેવક તેમની પાસે તે છાબો ઉપડાવીને બાપાશ્રી તેમની સાથે ચાલ્યા ને ઉત્સવિયાની મંડળીઓ આગળ ચાલી તે મંદિરમાં આવ્યા ને સભામાં શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ભેટની કોરીઓ ને પોશાંગ તે ભૂજ મંદિરના નરનારાયણ દેવને અર્પણ કર્યાં. પછી બાપાશ્રી પોતાના પુત્ર પાસે ચંદનપુષ્પના હારથી પુસ્તક તથા પુરાણીની પૂજા કરાવીને તેમની સાથે આરતી કરવા લાગ્યા ને પોતાના પુત્ર કાનજીભાઈ આદિ તેમની પાસે સર્વે સંતની પૂજા કરાવી ને સર્વે સંતને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી સ્વામી અક્ષરજીવનદાસજી તથા મહાપુરુષદાસજી ને કોઠારી જાદવજીભાઈ તેમણે મુક્તરાજશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવીને શ્વેત પાઘ બંધાવી ને

તેમના પુત્રોને લાલ છેડાવાળી ધોતલીઓ બંધાવી ને તે સમે સભામાં પોતાના પુત્રોએ સહિત બાપાશ્રી સભાને વિષે વિરાજમાન છે તેમની પૂજા કરવા સારુ કથા વાંચનાર શાસ્ત્રી બાળમુકુંદાનંદજી ને પુ.ધર્મજીવનદાસજી આદિ સર્વે સંત આવ્યા ને બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા. પછી સર્વે હરિભક્તે પણ પૂજા કરી ને કથાની સમાપ્તિ થઈ. ત્યાર પછી ઉત્સવિયા હરિભક્તે પુસ્તક પાલખીમાં પધરાવ્યું ને પાલખી હરિભક્તોએ ઉપાડી ને ઉત્સવિયાની મંડળીઓ પાલખી આગળ ચાલી, એવી રીતે પાલખી આખા ગામમાં ફેરવીને સૌ મંદિરમાં આવ્યા ને ચોકમાં બેસીને ઉત્સવ કરવા લાગ્યા. પછી બાર વાગે મુક્તરાજશ્રીએ ઉત્સવ બંધ રખાવીને સર્વે હરિભક્તોને જમવાની આજ્ઞા કરી, ત્યારે નારાયણપુરના પટેલ ધનજીભાઈ તથા બળદિયાના પટેલ ઝીણાભાઈ આદિ મોટેરા હરિભક્તો બાપાશ્રીની આજ્ઞાએ કરીને સર્વે હરિભક્તને જમાડવામાં ઉપરી તરીકે રહ્યા હતા, તેમણે પ્રથમ બાઈઓને પંક્તિ કરાવીને જમાડ્યાં, પછી તે વાડીમાં ભાઈઓની પંક્તિઓ કરાવી ને પિરસનારા હરિભક્તને પિરસવાની આજ્ઞા કરી, ત્યારે તે સર્વે એકસાથે મોટી મોટી પંક્તિઓમાં પિરસવા લાગ્યા ને સર્વે પંક્તિઓમાં સુખડી, દાળ, અથાણું વગેરે પિરસાઈ રહ્યું, ત્યારે મોટેરા હરિભક્તોએ 'શ્રી સહજાનંદસ્વામી મહારાજ'ની જય બોલાવી ને બંદૂકોના ભડાકા કરાવ્યા, ત્યારે સર્વે જમવા લાગ્યા. તે સમે બાપાશ્રી ઘણાક સંતમંડળ તથા મોટેરા હરિભક્ત તેમણે વીંટાયા થકા પંક્તિઓમાં દર્શન દેવા પધાર્યા ને તે સમે બાપાશ્રીએ કંઠને વિષે ઘણાક પુષ્પના હાર પહેર્યા છે એવા થકા પંક્તિઓમાં ફરીને સર્વેને દર્શન દેતા હતા. પછી બાપાશ્રીએ પિરસનારા હરિભક્તોને કહ્યું જે, 'સૌને સારી પેઠે તાણ કરીને પીરસજો'. –એમ ભલામણ કરીને આમ્રવૃક્ષનાં છાંયે ખુરશીમાં વિરાજમાન થયા ને હરિભક્તો બાપાશ્રીના હાથની પ્રસાદી જાણીને બાપાશ્રીએ ઘણું જ પિરસાવેલું, તે પણ જમી ગયા ને જમવાનું સુખડી એક જ ભોજન છે, તોપણ તેમાંથી જલેબી, મોતૈયા આદિ સર્વે પકવાનનો સ્વાદ આવતો હતો ને એક દાળ ને અથાણું હતું, તેમાંથી સર્વે નાના પ્રકારનાં શાક, રાયતાં ને અથાણાંનો સ્વાદ આવતો હતો ને એક ખીચડીમાંથી દાળ, ભાત, ભજિયાં, વડાં આદિનો સ્વાદ આવતો હતો ને અતિ સ્વાદિયા ને મોટા ધનાઢય હરિભક્ત હતા તેઓ પણ તે સુખડી, દાળ ને મઠની ખીચડી જમીને તેનો સ્વાદ પામી અતિ આશ્ચર્ય પામ્યા ને શેર પોણો શેર જમનારા તે પણ બશેર ત્રણશેર જમી ગયા ને સર્વે જમી રહ્યા ત્યારે ઊઠવાની રજા થઈ, એટલે સર્વે ઊઠીને પોતપોતાને ઉતારે ગયા ને બાપાશ્રીએ પિરસનારા આદિને જમવાની આજ્ઞા કરી ને પોતે પણ ત્યાં જ જમવા બિરાજ્યા, ત્યારે બાપાના પુત્ર કાનજી તથા મનજી–તે પીરસીને જમાડવા લાગ્યા ને બાપાશ્રીએ સર્વેને રાજી કરવા સુખડી, દાળ, ખીચડી, છાસ આદિ જમી હસ્ત–મુખ ધોઈને જળપાન કર્યું. પછી બાપાશ્રી પાકશાળામાં મુખ્ય

રાખેલા જે અણદા કેરાઈ, મનજી લાખા આદિ હરિભક્ત તેમને પાક આદિ સાચવવા ને જે આવે તેને જમાડવાની આજ્ઞા કરીને મંદિરમાં પધાર્યા. અને તે હરિભક્તોએ મેઘવાળ આદિ જે અન્નાર્થી આવ્યા તે સર્વેને જમાડ્યા, તોપણ સુખડીથી ભરેલા બે ઓરડા હતા તે ઓરડા પ્રથમ અર્ધા અર્ધા ઓછા થયેલ હતા ને પછી તો એમ ને એમ અખૂટ જ રહ્યા. પછી બાપાશ્રીએ જે હરિભક્ત છેટેથી આવ્યા હતા ને પરદેશથી આવ્યા હતા તે સર્વેને બીજે દિવસ જમીને જવાની આજ્ઞા કરી. તેથી તે હરિભક્ત તે દિવસ રહ્યા ને બીજે દિવસ જમીને જવા માટે તૈયાર થયા, ત્યારે બાપાશ્રીએ તે સર્વે હરિભક્તોને તથા સંતોને કહ્યું જે, 'તમે સર્વે સુખડીનું ટીમણ લઈ જજો.' –એમ કહીને સર્વેને સુખડી આપવા લાગ્યા અને સંતમંડળને તો જેટલી જોઈએ તેટલી સુખડી આપવા લાગ્યા ને સંત પણ યજ્ઞમાં નહિ આવેલા તેમને પ્રસાદી આપવા સારુ સુખડીઓના કંડિયા ભરીને લઈ ગયા અને હરિભક્ત પણ બાપાશ્રીના હાથની પ્રસાદીનું માહાત્મ્ય જાણીને ઘણી લઈ ગયા, તોપણ સુખડી ને કોઠારમાં ઘી, ગોળ, લોટ, ઘઉ, દાળ, ચોખા આદિ સામાન ઘણો જ વધ્યો હતો. પછી મુક્તરાજશ્રીએ નારાયણપુરના ધનજીભાઈ આદિ ભક્તજન પાસે વધેલ જે સર્વે સામાન તે વેચી દેવરાવ્યો, ત્યારે પ્રથમ સામાન લેવામાં જેટલી કોરી દીધી હતી તેટલી જ કોરીઓ જે સામગ્રી વેચી તેની ઊપજી. તેને જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા ને તે યજ્ઞમાં આવેલા સર્વે સંત તથા હરિભક્ત–તે બાપાશ્રીનાં દર્શન કરી તથા તેમનું અલૌકિક ઐશ્વર્ય જોઈ તથા તેમનાં સ્વભાવ ને ઉદારપણું જોઈને સર્વેને આશ્ચર્ય થતું હતું. એવી રીતે સર્વે સંત ને હરિભક્ત જે જે દેશમાં ગયા, તે તે દેશમાં યજ્ઞની વાર્તા કરતા. તેને સાંભળીને ઘણાક મુમુક્ષુ જન અનાદિમુક્ત અબજીબાપાનું માહાત્મ્ય જાણી તેમને વિષે હેત કરવા લાગ્યા ને બાપાશ્રીએ પણ તેમને દિવ્યરૂપે દર્શન દઈને તેમના મનોરથ પૂરા કર્યા. ઈતિ વિશ્રામ ૨૪

રામપુર- યજ્ઞમાં તથા ભૂજમંદિરના કળશ ચઢાવ્યા–તેમાં સદ્‌ગુરુ સહિત બાપાશ્રીનું ગમન, મોટા સ્વામીને વાતો લખવાની આજ્ઞા, સંતમંડળ સહિત કેરાની નદીમાં અદ્‌ભુત લીલા ને મોક્ષના વર વગેરે

ત્યાર પછી કોઈક સમે રામપુરમાં મોટાં ડોશી ધનુબાએ યજ્ઞ કરવાનો વિચાર કર્યો. તેમાં પ્રથમ વૃષપુર આવી મુક્તરાજશ્રીને પૂછ્યું જે, 'મને એમ થાય છે જે, સંતોને બોલાવી પારાયણ બેસારું.' ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે, 'ભલે, હું બહુ રાજી છું; કેમ જે, સ્વામી નિર્ગુણદાસજી અંતર્ધાન થયા, તેથી ઘણા સંત–હરિભક્ત ઉદાસી થયા હતા. તેમને દર્શન–સમાગમથી મૂર્તિમાં જોડી શાંતિ કરવા સારુ જ સંવત ૧૯૫૯ની સાલમાં અમે યજ્ઞ કર્યો હતો તેથી ઘણા

સંત-હરિભક્ત સુખી થયા છે. વળી તમે યજ્ઞ કરશો તેમાં ઘણા સુખી થશે ને મહારાજ ને મુક્તનું પ્રગટપણું સમજાશે -એમ સર્વેને ઘણો સમાસ થશે.' ત્યારે મુક્ત ધનુબાએ અબજીબાપાશ્રીને કહ્યું જે, 'આ યજ્ઞમાં તમારે સૌથી પહેલા આવવું જોઈશે; આ યજ્ઞ તમારો છે-એમ જાણશો.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'હું આવીશ ને અમદાવાદ-મૂળીથી સંતનાં મંડળ ને હરિભક્તને તેડાવીશ ને જે દર્શન-સેવાનો લાભ લેશે ને પ્રસાદી જમશે તેનો મહારાજ ને મોટા મોક્ષ કરશે એવો સંકલ્પ પણ કર્યો છે; માટે તમે ભૂજ જઈને સંતની પાસે તિથિનું નક્કી કરાવો.' ત્યારે ધનુબા રાજી થઈને ભૂજ ગયાં ને કોઠારીને ને બે હરિભક્તને બોલાવીને સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંતમંડળને યજ્ઞ કરવાની વાત કહેવરાવી, ત્યારે તે પણ રાજી થયા ને યજ્ઞ કરવાની હા પાડી ને ચૈત્ર વદ બીજથી વૈશાખ સુદ એકમ સુધી કથા બેસારવાનું નક્કી કર્યું. પછી ધનુબાએ વૃષપુર આવીને મુક્તરાજશ્રીને તે વાત કહી ત્યારે મુક્તરાજશ્રી પણ રાજી થયા. પછી ધનુબા મુક્તરાજશ્રીના ઘરનાં સર્વેને ને સાંખ્યયોગી બાઈઓને યજ્ઞમાં આવવાનું કહીને પોતે રામપુર ગયાં.

પછી મુક્તશ્રીએ સદ્‌ગુરુ આદિ સંતને પત્ર લખાવ્યો જે, 'તમે સૌ સંતમંડળ સમૈયા પછી તુરત વૃષપુર આવજો ને મૂળીમાં સ્વામી બાળકૃષ્ણદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સાધુ હરિવલ્લભદાસજી આદિને પણ આવવાનું જણાવશો.'-આવો પત્ર સ્વામી ઈશ્વરચરણદાસજીને મળ્યો, ત્યારે સદ્‌ગુરુઓએ તુરત જવાની તૈયારી કરવા માંડી ને સર્વ ઠેકાણે પત્ર લખી નાખ્યા ને પોતે અમદાવાદ સમૈયો કરી વૃષપુર આવી પહોંચ્યા, ત્યાં તો જેને પત્ર લખ્યા હતા તે પણ આવવા લાગ્યા. અને ભૂજના સદ્. સ્વામી અક્ષરજીવનદાસજીએ પણ પાંચ સંતનું મંડળ આગળથી મોકલ્યું હતું. તેમણે રામપુરમાં હરિભક્તની પાસે યજ્ઞની સર્વે સામગ્રી તથા કોઠાર, ભંડાર, સભામંડપ ને તેમાં કથાની પાટ, ઠાકોરજીનું સિંહાસન વગેરે તૈયાર કરાવ્યાં. પછી ભૂજના સંતો ને કથા વાંચનાર બ્ર. મુનીશ્વરાનંદજી ને પુ.ધર્મજીવનદાસજી આદિ સર્વે રામપુર આવ્યા ને વૃષપુરથી મુક્તશ્રી ને સદ્‌ગુરુ સ્વામી ને ગુજરાતના હરિભક્ત તે પણ સર્વે રામપુર આવ્યા, પણ સ્વામી અક્ષરજીવનદાસજી રામપુર આવ્યા નહોતા; કેમ જે ત્યાગી સાધુને પોતાની જન્મભૂમિના ગામમાં જાવું નહિ તેમ ધર્મામૃતમાં શ્રીજીમહારાજનું વચન છે ને રામપુર સ્વામીની જન્મભૂમિ છે, તેથી આવ્યા નહિ. પછી ચૈત્ર વદ બીજની સવારમાં યજ્ઞનો પ્રારંભ થયો, તે સમે અનાદિમુક્તના હસ્તે પૂજાવિધિ કરવાનો છે તેથી મુક્તશ્રી અને દેવરાજભાઈ, શામજીભાઈ આદિ સર્વે સભામંડપમાં આવીને બેઠા. ત્યારે સંતોએ તેમની પાસે હરિચરિત્રામૃતમાં કહેલ વિધિ પ્રમાણે ષોડશોપચારથી મુક્તમંડળે સહિત શ્રીહરિકૃષ્ણ મહારાજની પૂજા કરાવીને તેમનું સ્થાપન કર્યું. પછી સંતોએ મુક્તશ્રી આદિ સર્વેની પૂજા કરીને તેમના કાંડે મંગળસૂત્ર બાંધ્યાં ને બ્ર.મુનીશ્વરાનંદજી કથા વાંચવા બેઠા, ત્યારે બાપાશ્રી આદિ સર્વેએ બંને પુરાણીની પૂજા કરીને હાર પહેરાવ્યા ને વસ્ત્ર

ઓઢાડ્યાં, પછી આરતી કરી ને સર્વે સંત-હરિભક્ત પોતપોતાની સભામાં બેઠા ને બાપાશ્રીનું આસન હરિભક્તની સભામાં કથાની પાટ લગતું રાખ્યું હતું, ત્યાં આસન ઉપર બેસતા ને હરિભક્ત બાપાશ્રીને ચંદન ચર્ચે, હાર પહેરાવે ને આનંદ પામે. પછી સમય થાય ત્યારે સમાપ્તિ થાતી ને હરિભક્ત સર્વે ગામમાં જમવા જતા ને જ્યારે મંદિરમાં સંતોની પંક્તિ થતી, ત્યારે બાપાશ્રી હરિભક્તને સાથે લઈને પંક્તિમાં દર્શન દેવા પધારતા –એમ બ્રહ્મયજ્ઞ ચાલુ રહેતો અને સંત–હરિભક્ત સમાગમનું સુખ લેતા. એમ કરતાં જ્યારે સમાપ્તિને ત્રણ દિવસ રહ્યા, ત્યારે કચ્છના રિવાજ પ્રમાણે ગામેગામ ફરીવાર કંકોત્રીઓ મોકલાવી એટલે ફરતા ચોવીસ ગામના હરિભક્તો સર્વે આવી પહોંચ્યા, તેથી સભામાં બહુ જ ભીડ થઈ ને સૌને જમવા સારુ શીરાના હોજ ને સુખડીના ઢગ પ્રથમથી જ તૈયાર કરેલા હતા ત્યાં સંતોની સાથે બાપાશ્રી ઠાકોરજીને જમાડીને આવ્યા. પછી બાપાશ્રી બોલ્યા જે, 'આ યજ્ઞમાં સઘળો દેશ આવીને જમશે તોપણ મહારાજ ખૂટવા દેશે નહિ.' પછી હરિભક્તો ઉત્સવ કરતા કરતા મંદિરમાં છાબો લાવ્યા ને કથાની સમાપ્તિ થઈ. ત્યાર પછી બાપાશ્રી ને દેવરાજભાઈ તેમણે આરતી ઉતારી ને સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં ને સંત કીર્તન બોલ્યા. પછી સર્વે હરિભક્તની પંક્તિઓ થઈ અને સોએ સો હરિભક્તો પિરસવા મંડ્યા. જ્યારે બધી પંક્તિઓમાં પિરસાઈ રહ્યું ત્યારે જય બોલાણી ને ભડાકા થયા એટલે સૌ જમવા લાગ્યા. તે વખતે બાપાશ્રી હરિભક્તોએ સહિત પંક્તિમાં ફરીને દર્શન દેતા થકા બોલ્યા જે, 'મુક્તો ! મહારાજને સારી પેઠે જમાડજો. આ તો દિવ્ય ભોજન છે ને આ જમનારા અક્ષરધામમાં મહારાજ પાસે પહોંચશે.' –આવી રીતે અદ્‌ભુત પ્રતાપ જણાવતા હતા. પછી પંક્તિમાં બધાય જમી રહ્યા ત્યારે સૌએ મંદિરમાં આવી ઠાકોરજી તથા સંતનાં દર્શન કર્યાં ને કચ્છીસંઘ વિદાય થવા લાગ્યો અને બાપાશ્રી ને સદ્‌ગુરુ સ્વામી તે પણ વૃષપુર જવા તૈયાર થયા; કેમ જે, આવતી છઠને દિવસ ભૂજના મંદિર ઉપર કળશ ચઢાવવાનું મુહૂર્ત હતું તેથી ચાલવાની તૈયારી કરી. પછી ગાડે બેઠા ને ગાડાં ચાલતાં થયાં ને માર્ગમાં સરલીનો વીરડો આવ્યો ત્યાં પાણી સારું ન હોવાથી બીજો ધરો આથમણી દિશા તરફ હતો, તેમાં બાપાશ્રી તથા સર્વે સંતો નાહ્યા ને જળમાં પરસ્પર મળ્યા. પછી વસ્ત્ર બદલાવી થોડીવાર બેઠા પછી ત્યાંથી ચાલ્યા તે સાંજે વૃષપુર પહોંચ્યા, ત્યાં ચાર દિવસ રહી બાપાશ્રી ને સદ્‌ગુરુ–મંડળ સર્વે ભૂજ ગયા. હવે ભૂજમંદિર પર કળશ ચઢાવવા નિમિત્તે હરિભક્તો ગામેગામથી આવ્યા હતા, તેથી પાંચમનો દિવસ સમૈયા જેવો લાગતો હતો ને છઠની સવારમાં તો વહેલી મંગળા-આરતી થઈ એટલે સંત-હરિભક્ત ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા. પછી શૃંગાર થયા ને કળશની પૂજાવિધિ થવા માંડી. તે સમે વાજિંત્રના નાદથી મંદિર ગાજી રહ્યું હતું ને હરિભક્ત ઉત્સવ કરવા લાગ્યા. આવી રીતે ધામધૂમથી મંદિર પર કળશ ચઢાવ્યા. પછી ઠાકોરજીના થાળ થયા ને સંત–હરિભક્ત જમ્યા, એમ આનંદ–ઉત્સવ થઈ રહ્યો હતો. એવી રીતે

બાપાશ્રી ને સદ્‌ગુરુઓ ભૂજમાં પૂનમ સુધી રહ્યા. પછી બાપાશ્રી ને સંતો ગાડામાં બેસી વૃષપુર પધાર્યા અને વૃષપુરના હરિભક્ત બાપાશ્રી ને સંત આવવાના છે તેથી વાટ જોતા હતા, ત્યાં તો આ મુક્તમંડળનાં દર્શન થયાં, તેથી સર્વેને ઘણો આનંદ થયો ને વૃષપુરમાં બ્રહ્મયજ્ઞ ચાલતો થયો.

એક દિવસ સ્વામી ઈશ્વરચરણદાસજી રાત્રીએ કથાવાર્તા થઈ રહ્યા પછી બાપાશ્રી પાસે આવીને બેઠા. તે વખતે બાપાશ્રીએ સ્વામીને કહ્યું જે, 'તમે વર્ષેવર્ષ અહીં આવો છો, જોગ–સમાગમ કરો છો, વાતો સાંભળો છો, રાજી થાઓ છો. વળી સંતો પ્રશ્ન પૂછે છે ત્યારે ભારે ભારે ઉત્તર થાય છે. આ બધુંય સહેજે દિવ્યભાવ પમાડી દે તેવું છે ને સ્વામી નિર્ગુણદાસજી અંતર્ધાન થયે આજ પંદર વર્ષ થયાં, ત્યારના તમે અમારો જોગ કરો છો પણ આવી વાતોની યાદી લખી રાખતા નથી; જો લખી રાખતા હો, તો પાછળથી ઘણા જીવોને સમાસ થાય.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'મને લખવાનો વિચાર તો ઘણાં વર્ષથી રહ્યા કરતો પણ આપની મરજી જાણ્યા વિના કેમ લખાય ? ' એ વચન સાંભળી પોતે બહુ પ્રસન્નતા જણાવી ને બોલ્યા જે, 'સ્વામી ! હવેથી લખતા રહેજો, વાતો બહુ સારી થાય છે, માંહી નકરો પરભાવ ચાલ્યો આવે છે ને મહારાજનો મહિમા ને આજ્ઞા-ઉપાસનાની ખરેખરી નવીન વાતો થયે જાય છે, માટે જરૂર લખજો. આગળ એ વાતોથી ઘણો સમાસ થશે.'–એમ રાજી થઈને બોલ્યા. એટલે સંવત ૧૯૬૨ના વૈશાખ વદ એકમની સવારથી સ્વામી ઈશ્વરચરણદાસજીએ વાતો લખવા માંડી. તે બાપાશ્રી પાસે જ્યારે સ્વામી આવતા ને બાપાશ્રી વાતો કરતા હોય ત્યારે લખતા. તે વાતોનો સંગ્રહ કરેલ તે બે ભાગમાં પોતે છપાવી પ્રસિદ્ધ કરીને સંત-હરિભક્તોના આત્યંતિક મોક્ષને અર્થે અર્પણ કરેલ છે. આવી રીતે સંતો વૃષપુરમાં હતા ને સાંજ–સવાર કથાવાર્તા કરતા. ત્યાં વળી ત્રીજે દિવસ બાપાશ્રી ગામ કેરે પધાર્યા, ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી નદીએ નાહવા જવાનો સંકલ્પ કર્યો. પછી મૂળીવાળા પુ. ધર્મકિશોરદાસજી ને બીજા એક સંત તેમને વૃષપુર મોકલીને સદ્‌ગુરુ અને પ્રાણશંકરભાઈ આદિ હરિભક્તોને તેડાવીને સૌ નદીએ નાહવા ગયા. ત્યાં બાપાશ્રી આદિ સર્વે વસ્ત્ર ઉતારી નદીમાં નાહવા ઊતર્યા, ત્યારે પોતે સંતોને ઘરામાં બેસારી પાણી રેડવા માંડ્યું અને માથે ને બરડે હાથ ફેરવીને બોલ્યા જે, 'તમો તાપમાં આવ્યા તે તડકો બહુ લાગ્યો હશે, તેથી અમે તમને ટાઢા કર્યા.' –એમ કહીને સંતની તુંબડીમાં પાણી ગાળીને સૌને પાયું. પછી હાથમાં પાણી આંપીને આશીર્વાદ આપ્યા જે, 'આજથી તમારા સર્વેના ઘાટ-સંકલ્પ ટળી જશે.' વળી બીજી વાર કહ્યું જે,'તમારું સર્વેનું આત્યંતિક કલ્યાણ કરશું.'–એમ કહી ખોબા ભરી ભરી સૌને નવરાવ્યા. પછી સંતોએ પણ જે કોઈ હેત–રુચિવાળા આવી શક્યા નહોતા, તેમની વતીના લોટા ભરી ભરીને બાપાશ્રી ઉપર રેડ્યા. ત્યારે પોતે એમ બોલ્યા જે, 'તમારું તથા તમે જેનાં નામ લઈને અમને

નવરાવ્યા તે સર્વેનું આત્યંતિક કલ્યાણ આ જન્મે જ થશે.'–એમ વર આપીને તે સર્વે નહિ આવેલા એમની વતીના પાણીના ખોબા ભરીને સંતોને નવરાવ્યા. પછી ગળા બરાબર પાણીમાં સર્વે સંતને બેસાર્યા, ત્યારે સદ્. સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, '–મુક્ત મૂર્તિમાંથી કેવી રીતે સુખ લેતા હશે ?' ત્યારે પોતે પાણીમાં આંગળા ઊભાં રાખીને હલાવ્યાં ને બોલ્યા જે,'આવી રીતે મુક્ત મૂર્તિમાં રમે છે ને કિલ્લોલ કરે છે ને સુખમાં દોટો દીધા જ કરે છે ને જેમ જળમાં માછલાં રમે, તેમ મુક્ત મૂર્તિના સુખમાં રમ્યા જ કરે છે.'–એમ કહી સૌના ચૈતન્યને મૂર્તિમાં રાખી ધ્યાન કરાવ્યું ને ધ્યાન કરી રહ્યા એટલે બહાર આવ્યા ને વસ્ત્ર બદલાવી માનસીપૂજા કરવા બેઠા. થોડીવારે જાગ્રત થઈને ફરી વાર સૌને મળ્યા. પછી કેરે પધાર્યા ત્યાં ઠાકોરજીને દંડવત્ કરીને સર્વેને મળ્યા. પછી પાકશાળામાં ઠાકોરજી જમાડવા પધાર્યા ને જમાડી મંદિરમાં આવ્યા ને સર્વેને મળીને ચાલ્યા તે વૃષપુર આવતાં માર્ગમાં વાત કરી જે, 'આ ધરામાં લીલા કરી તેને જે સંભારે તેના ઘાટ–સંકલ્પ ટળી જાય.'–એમ વાતો કરતા કરતા સંત-હરિભક્તોએ સહિત સાંજ વખતે વૃષપુર પધાર્યા. ઇતિ વિશ્રામ ૨૫

ધર્મામૃત–કથામાં ભૂજગમન, સમાધાન સારુ મૂળી–શ્રીનગરમાં આગમન, સદ્‌ગુરુને દિવ્યદર્શન ને તેમની સાથે પ્રશ્નોત્તર, ભૂજ–છત્રીએ ચરણારવિંદપ્રતિષ્ઠા ને સ્વામીશ્રીનું અંતર્ધાનપણું ને બ્રહ્મચારીને સ્વામીના વિરહનો શોક

ત્યાર પછી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને મૂર્તિના સુખભોક્તા ને શ્રીજીમહારાજને વિષે અતિ પ્રેમ ને દાસપણું તેણે યુક્ત ને શ્રીજીમહારાજના સંકલ્પથી મનુષ્યસ્વરૂપ એવા અનાદિમુક્ત અબજીબાપાશ્રી –તે જ્યેષ્ઠ માસમાં ઠાકોરજીનાં દર્શન કરવા સારુ ભૂજ પધાર્યા હતા. તે સમે સાધુની ધર્મશાળામાં ધર્મામૃતની કથા ચાલુ થઈ હતી ને સર્વે સંત સાંભળવા બેસતા ને બાપાશ્રી પણ સભામાં બેસીને સર્વે સંતને ધર્મામૃતની તથા ઉપાસનાની વાતો કરતા ને સંત પણ બાપાશ્રીની વાતો સાંભળી ઘણા રાજી થયા હતા.

પછી કોઈક સમયે અમદાવાદ–મંદિરમાં નાના આચાર્યને ગાદીએ બેસાર્યા હતા, તેથી કરીને સાધુ હરિભક્તમાં ઘણો જ વિક્ષેપ થયો હતો. તેના સમાધાન સારુ અબજીબાપાશ્રી તથા સ્વામી અક્ષરજીવનદાસજી-તે સંત-હરિભક્તને સાથે લઈ મૂળીએ આવ્યા હતા ને ત્યાં બાપાશ્રીએ સંતોને આજ્ઞા–ઉપાસનાની વાતો કરીને શ્રીજીમહારાજનો સિદ્ધાંત સમજાવ્યો જે ,' આ મંદિર, દેવ તથા આચાર્ય તે શ્રીજીમહારાજે ને મુક્તોએ કર્યા છે તેને અનુસરીને ભજન કરવું ને આજ્ઞામાં રહેવું

પણ આચાર્યની ત્રીજી ગાદી કરવી નહિ, તેમ શિખરબંધ મંદિર પણ ન કરવું, આજ્ઞા-ઉપાસના દૃઢ રાખવાં ને એકાંતમાં રહીને ભજન કરવું.' –એમ બાપાશ્રીએ ને સ્વામી અક્ષરજીવનદાસજીએ ઘણી વાતો કરી. તેથી સર્વે સંતને એમ જણાયું જે, 'આ મુક્તરાજ બાપાશ્રીને શ્રીજીમહારાજે મોકલ્યા છે ને મહારાજ જાણે તેટલું જ પોતે જાણે છે; માટે આપણે તેમનાં વચનમાં રહેવું.'–એમ ઘણા સંત-હરિભક્તને બાપાશ્રીનો મહિમા જણાયો. ત્યાંથી બાપાશ્રી ને સ્વામી આદિ સર્વે લીલાપુર, સેડલા, પાટડી, બામણવા, જરવલા, કાળિયાણા ને વિરમગામ થઈને શ્રીનગર પધાર્યા. ત્યાં પણ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ ઘણા સંતોને તથા રાવસાહેબ કેશવલાલભાઈ, શેઠશ્રી આશાલાલભાઈ ને વકીલ સોમેશ્વરભાઈ આદિ ઘણા મોટા મોટા હરિભક્તોને ભેગા કરીને સમાધાન કરવાની વાતો કરી ને સર્વેને એકતા કરાવી, તેથી સર્વે સંત-હરિભક્ત ઘણા રાજી થયા. પછી બાપાશ્રી પાછા ભૂજ પધાર્યા ને સ્વામીશ્રી આદિ ભૂજ રહ્યા ને બાપાશ્રી આદિ વૃષપુર પધાર્યા.

ત્યાર પછી સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ તથા મૂળીના સ્વામી બાળકૃષ્ણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ ઘણા સંત તથા હરિભક્ત–તે બાપાશ્રીનો સમાગમ કરવા સારુ આવ્યા હતા. તે સમે બાપાશ્રી મંદિરમાં હરિભક્તની સભામાં ભીંતે આસન ઉપર બેઠા હતા, તેમનાં દર્શન કરીને સર્વે સંત–હરિભક્તને અતિશય આનંદ થયો ને દંડવત્ કરવા લાગ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને બાપાશ્રીને મળ્યા. પછી સર્વે સંત આસને બેસીને કથાવાર્તા કરવા લાગ્યા ને કથાની સમાપ્તિ થઈ, એટલે બાપાશ્રીએ સંતને ખીચડી કરવાનું પૂછ્યું. ત્યારે સંતોએ ના કહી ને હરિભક્તોને પોતાને ઘેર વાળુ કરવા તેડી ગયા ને જમીને સૌ મંદિરમાં આવ્યા ને કથાવાર્તા કરી. પછી સમાપ્તિ કરીને બાપાશ્રીએ મંદિરની ઓસરીમાં શયન કર્યું ને રાત્રીના ચાર વાગે જાગીને મૂર્તિનું ધ્યાન કરવા બેઠા. તે સમે કેટલાક સંત-હરિભક્તને મુક્તરાજની દયાથી શ્રીજીમહારાજનાં દિવ્યરૂપે દર્શન થયાં, તે જાણે શ્રીહરિનાં અંગેઅંગમાંથી તેજની છટાઓ છૂટે છે ને બાપાશ્રી પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં છે –એવાં દર્શન કરીને સૌ અતિશય આનંદ પામ્યા. પછી શ્રીહરિ અદૃશ્ય થયા ને બાપાશ્રી જેવા હતા તેવા જ દેખાયા, ત્યારે સર્વે દર્શન કરી નિત્યવિધિ કરવા ગયા ને બાપાશ્રી પણ સ્નાન-પૂજા કરી ઘેર પધાર્યા ને સંત-હરિભક્ત મંદિરમાં કથાવાર્તા કરવા લાગ્યા ને બાપાશ્રી સંત-હરિભક્ત સારુ રસોઈનો સામાન મંદિરમાં મોકલાવીને પોતે સભામાં પધાર્યા ને આસન ઉપર ધ્યાનસ્થ બેઠા.

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, 'જ્યારે વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે ભગવાન જીવને સમીપે થાય છે કે જીવ ભગવાનને સમીપે જાય છે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા

જે, 'જીવને આવા મુક્તનો જોગ થાય છે ને તે જીવ પોતાના મનનું ગમતું મૂકીને ને કામાદિક દોષને ટાળીને મોટાને જીવ સોંપી દે છે ને આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ કરે છે ને ખરો ગરજવાન ને દીન થાય છે, ત્યારે મોટા મુક્ત એના પડદા ટાળી દે છે, એટલે એને મૂર્તિ દેખાય છે; એટલે મોટા મૂર્તિ પમાડે છે. માટે મોટા સાથે હેત કરવું.'

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે , ' જીવની ને શ્રીજીમહારાજની વચ્ચે પડદા કેટલા હશે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે,' સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ ને પંચવિષયનો રાગ એ માયાના પડદા છે. તેથી પર પુરુષ, તેથી પર બ્રહ્મ ને તેથી પર અક્ષર એ ત્રણ પડદા છે. તે જ્યારે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલા મુક્તનો જોગ થાય ત્યારે તે મુક્તના પ્રતાપે કરીને સ્વામિનારાયણ ભગવાનની દૃઢ ઉપાસના સમજાય, ત્યારે તેને પડદા રહેતા નથી. માટે પુરુષ, બ્રહ્મ ને અક્ષર એ ત્રણને પડ્યા મૂકી શ્રી સ્વામિનારાયણરૂપ થઈને સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના કરવી, અથવા અનાદિમુક્તરૂપ થાવું અથવા શ્રીજીમહારાજના તેજરૂપ પોતાને માનવું ને તે તેજમાં મૂર્તિ ધારવી અથવા મૂર્તિમાં રહીને મૂર્તિ ધારવી ત્યારે તે પુરુષોત્તમરૂપ થાય છે; તેને કોઈ આવરણ રહેતું નથી.'- આવી રીતે મુક્તશ્રી સંત-હરિભક્તને વાતો કરી સુખ આપતા હતા.

સંવત ૧૮૬૫ના ફાગણ સુદ બીજને દિવસે ભૂજમાં છત્રીએ ચરણારવિંદ પધરાવવાનું મુહૂર્ત હતું. તે છત્રી જેઠી ઘેલાભાઈએ જે ઠેકાણે નવા પરમહંસની મંડળીને શ્રીજીમહારાજ દર્શન દેવા સામા ગયા હતા અને જે ઠેકાણે સંતને સામા જઈને મળ્યા હતા ત્યાં કરાવી હતી. તે સમે ભૂજમાં સ્વામી અક્ષરજીવનદાસજી માંદા હતા, તેમને એમ સંકલ્પ થયો જે, ' છત્રીના સમૈયા ભેળો જ મારે પણ દેહત્યાગનો સમૈયો કરવો.' અને તે છત્રીના ઉત્સવમાં ઘણા સંત-હરિભક્ત આવ્યા હતા ને મુક્તશ્રી પણ વૃષપુરથી આવ્યા હતા. પછી તે મુક્તશ્રીએ સ્વામી અક્ષરજીવનદાસજીની પાસે આવી દર્શન કરીને તથા દર્શન દઈને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ રહો; સુખ માત્ર મૂર્તિમાં જ છે.' ત્યારે સ્વામીએ હાથ જોડી મુક્તશ્રીને 'જય સ્વામિનારાયણ ' કર્યા ને કહ્યું જે, 'તમે મોટા છો; તે રાજી રહેશો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સ્વામી ! તમે ઘણા જીવને સુખી કર્યા છે, તેથી તમારા ઉપર શ્રીજીમહારાજ અતિશય રાજી છે.'-એમ કહ્યું. તે જ સમયે સ્વામીને તેજમાં તેજોમય શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને મૂર્તિમાં જોડાઈ ગયા. ને બાપાશ્રી સ્વામી પાસે બેઠા હતા ને બીજા કેટલાક સંત-હરિભક્ત પણ બેઠા હતા. અને જેઓ છત્રીએ ચરણારવિંદ પધરાવવા ગયા હતા તેમણે પ્રતિષ્ઠાવિધિ કરી ચરણારવિંદ પધરાવ્યા. પછી સર્વે સંત-હરિભક્ત જમી રહ્યા-તે જ સમે સ્વામીશ્રીએ દેહ મૂક્યો. તે વાત સાંભળીને સર્વે અતિ શોકાતુર થયા ને તુરત મંદિરમાં સ્વામીશ્રી પાસે આવ્યા, પણ સ્વામીને દેહ

મેલી ગયા જાણી અતિ શોકમાં સ્વામીને દંડવત્ કરીને ચંદન-પુષ્પહારથી પૂજા કરવા લાગ્યા. પછી સ્વામીશ્રીને પાલખીમાં પધરાવી ઉત્સવ કરતા થકા નદીએ લઈ ગયા, ત્યાં અગ્નિદાહાદિક સર્વે વિધિ કરી. પછી સર્વે મંદિરમાં આવ્યા ને તે રાત્રીએ સર્વે સંત-હરિભક્તની સભા થઈ હતી ને બાપાશ્રી પણ તે સભામાં બેઠા હતા. તે સમે સ્વામીશ્રીના શોકે કરીને દિલગીર થતા એવા સર્વે સંત-હરિભક્તને બાપાશ્રીએ શાંતિ પમાડ્યા, તોપણ બ્ર.નિર્ગુણાનંદજીને સ્વામીના વિરહનો શોક મટ્યો નહિ ને શોકે કરીને કથા વાંચતાં વાંચતાં હૃદય ભરાઈ આવતું હતું ને નેત્રમાં જળ આવવાથી વાંચી શક્તા નહિ. ત્યારે અનાદિ મુક્તરાજ બાપાશ્રી બ્રહ્મચારીને શાંતિ પમાડવા સારુ તેમના સામું જોઈને કહેવા લાગ્યા જે, 'સ્વામી ! દિલગીર કેમ થાઓ છો ? સ્વામી ક્યાંય ગયા નથી; અહીં આ મૂર્તિમાં જ છે ને શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત આ સભામાં પ્રત્યક્ષ છે.' એમ કહ્યું. તે જ સમયે બ્રહ્મચારીને સર્વે સભા તેજોમય દેખાઈ ને મધ્યસ્થ શ્રીજીમહારાજની મૂર્તિ તેજોમય દેખાઈ ને બાપાશ્રીને વિષે પણ દિવ્યભાવ થઈ ગયો. એવી રીતે મુક્તરાજશ્રીએ સર્વેને શાંતિ પમાડ્યા. ત્યાર પછી કથાની સમાપ્તિ કરી ને બાપાશ્રીએ બીજે દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી આદિ સર્વે સંત-હરિભક્તને દેશમાં જવાની આજ્ઞા કરી ને સર્વેને મળ્યા ને રાજી કર્યા, પછી પોતે કેસરાભાઈ આદિ હરિભક્તને સાથે લઈ વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૨૬

કુંવરજીભાઈ તથા જાદવજીની દિવ્યગતિ, પૂજ્ય આચાર્યશ્રીને આમંત્રણ, મુનિને અલૌકિક મહિમા, બળદેશ્વર મહાદેવ આગળ લીલા, ભૂજ-શ્રી ઘનશ્યામ મહારાજ ને રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા, ને સમૈયાનું વિવેચન

ત્યાર પછી રામપુરમાં મુક્તસ્વરૂપ ધનુબાએ કથા કરાવી હતી, ત્યાં પણ બાપાશ્રીએ પધારી સર્વેને ઘણું સુખ આપ્યું હતું. પછી વૃષપુરમાં પટેલ કુંવરજીભાઈ માંદા થયા, ત્યારે પોતે વિચાર કર્યો જે, ' હવે મારું શરીર રહેશે નહિ ને હજી મને મહારાજની મૂર્તિ દેખાતી નથી, માટે હું મુક્તશ્રી અબજીભાઈની પ્રાર્થના કરું; તે મારું પૂરું કરશે.' ને મુક્તશ્રી પણ તેમની પાસે બેસીને નિત્યે વાતો કરતા. તેમાં એક દિવસ કુંવરજીભાઈએ મુક્તશ્રીને હાથ જોડીને કહ્યું જે, ' મને સ્વામી નિર્ગુણદાસજીએ તમારી સેવા કરવાનું કહ્યું હતું ને મારા જીવનો મોક્ષ કરવાનું તમને કહ્યું હતું, માટે મારા ઉપર દયા કરો ને મને મૂર્તિમાં મૂકી દો.' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'સુખ માત્ર મૂર્તિમાં જ છે માટે મૂર્તિમાં રસબસ થઈ રહેવું.' -એમ કહ્યું ત્યાં જ કુંવરજીભાઈના હૃદાકાશમાં શીતળ, શાંત ને સુખરૂપ એવું તેજ દેખાયું ને તે તેજના મધ્યે શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને મહારાજના અંગેઅંગમાંથી તેજની છટાઓ છૂટે છે એવા મહારાજને જોઈને અતિશય આનંદ પામ્યા ને માયિક

દેહથી જુદા થયા. તે જ વખતે પોતાનો આત્મા શ્રીજીમહારાજના જેવો જ સાકાર થઈ ગયો ને શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્તશ્રી અબજીભાઈને પણ દિવ્યસ્વરૂપે દીઠા, ત્યારે અતિ સ્નેહે કરીને શ્રીજીમહારાજમાં લીન થઈ ગયા ને સળંગ મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત થયા. આવી રીતે મુક્તરાજશ્રીએ કુંવરજી પટેલને પોતાની સેવાનું ફળ આપ્યું. પછી તેમના સંબંધી સર્વે તેમના દેહનો અંતિમવિધિ કરવા લાગ્યા, પણ મુક્તરાજશ્રીના પ્રતાપે કોઈએ શોક કર્યો નહિ.

તેમ જ નારાયણપુરમાં જાદવજીભાઈ માંદા થયા, ત્યારે પણ બાપાશ્રી તેમને દર્શન દેવા પધારતા ને પાસે બેસી મૂર્તિમાં જોડાવાની વાતો કરતા. પછી એક દિવસ જાદવજીભાઈએ મુક્તશ્રીને કહ્યું જે, ' મારે આ લોકની વાસના નથી, માટે મારા ઉપર દયા કરી મને તમારા ભેગો મૂર્તિના સુખમાં રાખો.' ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'તમને તો મૂર્તિમાં રાખ્યા છે.'–એમ કહ્યું ત્યાં જ તેમને તેજમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને બાપાશ્રી પણ દિવ્ય તેજોમય શ્રીજીમહારાજ જેવા દેખાયા ને પોતાનો આત્મા પણ શ્રીજીમહારાજ જેવો જ દિવ્ય સાકાર દેખાયો, ત્યારે અતિ સ્નેહે કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. એવી રીતે બાપાશ્રીએ જાદવજીભાઈને દેહ મેલાવી પોતાના ભેળા મૂર્તિમાં રાખ્યા ત્યારે તેમના સર્વે સંબંધીએ આવો બાપાશ્રીનો પ્રતાપ જોયો, તેથી શોક કર્યા વિના જ તેમના દેહનો અંતિમવિધિ કરવા લાગ્યા.

ત્યાર પછી અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી તથા ભૂજના સંતમંડળ તથા અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી તથા કચ્છદેશના મોટા મોટા હરિભક્ત તેઓ સર્વેએ મળીને ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજીને કચ્છદેશમાં ગામેગામ પધરાવવા એવો વિચાર કરીને પૂજ્ય મહારાજશ્રીને કચ્છમાં આવવાનું આમંત્રણ આપ્યું. ત્યારે ધ.ધુ. આચાર્યશ્રી મોટા મોટા સદ્‌ગુરુને તથા સંત-પાર્ષદને સાથે લઈને કચ્છમાં પધાર્યા ને ગામેગામ ફરી વૃષપુર આવ્યા, ત્યારે અનાદિ મુક્તરાજશ્રીએ પણ સંત-પાર્ષદે સહિત પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને સેવા કરીને રાજી કર્યા. અને ધ.ધુ.આચાર્યશ્રી ગામ સુખપુરમાં આવ્યા હતા, ત્યારે એક દિવસ પાર્ષદો ધોતિયાં નિમિત્ત સાધુથી રિસાયા ને જમ્યા વિના પંક્તિમાંથી ઊઠી ગયા ત્યારે પણ બાપાશ્રી ત્યાં હતા, તેમણે ને પટેલ ધનજીભાઈએ સાધુ-પાર્ષદને પરસ્પર મેળાપ કરાવ્યો ને પૂજ્ય આચાર્યશ્રી ગામડામાં ફરીને ભૂજ પધાર્યા.

હવે તે વર્ષમાં ભૂજમંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ ને રાધાકૃષ્ણ દેવની મૂર્તિઓ પધરાવવાની હતી ને તેનું મુહૂર્ત સંવત ૧૯૬૭ના ચૈત્ર વદ સાતમનું હતું. તેથી ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ને સર્વે સંત ભૂજમાં રોકાયા હતા ને બાપાશ્રી પણ હરિજયંતીનો ઉત્સવ ભૂજમાં કરીને પાછા વૃષપુર પધાર્યા હતા. તે સમે સ્વામી વૃંદાવનદાસજીની સાથે સાધુ કેશવપ્રિયદાસ ને

નારાયણસેવકદાસજી –તે બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ ભૂજથી વૃષપુર ગયા હતા ને સ્વામી શ્વેતવૈકુંઠદાસજી આદિ સંત બાપાશ્રી પાસે હતા ને તે સર્વે બાપાશ્રીનાં દર્શન-સમાગમનું સુખ લેતા હતા. તે સમે મુનિ કેશવપ્રિયદાસને અનાદિ મુક્તરાજ બાપાશ્રીને વિષે સ્વાભાવિકપણે રહેલા એવા ગુણ જે સત્ય, શૌચ, દયા, શાંતિ, જ્ઞાન, વૈરાગ્ય, આજ્ઞા, ઉપાસના આદિ અનંત કલ્યાણકારી ગુણ-તેને જોઈને તથા અસંગીપણું, નિર્લેપપણું, અતિશય પ્રકાશે યુક્તપણું એ આદિ અનંત ઐશ્વર્ય મુક્તશ્રીને વિષે રહ્યાં છે –તેને જોઈને, તથા અનંત સંત-હરિભક્તને વશ વર્તાવવાનું સામર્થ્ય-તેને જોઈને, તથા અનંત સંત-હરિભક્તને અંત સમયે દર્શન દઈ ધામમાં પહોંચાડી મહારાજની મૂર્તિને સુખે સુખી કરવા એ આદિ અનંત ઐશ્વર્ય, તેજ, પ્રતાપ રહ્યાં છે-તેને જોઈને, તથા મુક્તરાજશ્રીનું મનુષ્યસ્વરૂપ તે પણ સર્વ અવયવે સુશોભીત ને અતિશય કાંતિએ યુક્ત-એવું જોઈને ને તેમના મુખકમળથી વાતો સાંભળીને ને શ્રીજીમહારાજે વચનામૃતમાં પોતાના સ્વરૂપનું ગુહ્ય જ્ઞાન કહ્યું છે, તે સમજાવવામાં અલૌકિકપણું એવું જે જીવમાં તદ્રૂપ થઈ જાય, તે સાંભળીને તે મુક્તરાજના સ્વરૂપનો એવો નિશ્ચય થયો જે, 'સર્વોપરી, સ્વતંત્ર, સર્વ કારણના કારણ ને સર્વે અનાદિમુક્તના સ્વામી એવા એક શ્રી સ્વામિનારાયણ ભગવાન છે ને આ બાપાશ્રી તેમના સંકલ્પમૂર્તિ એવા અનાદિમુક્ત છે, ને આ મુક્તને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવાથી શ્રીજીમહારાજની મૂર્તિની સાક્ષાત્ પ્રાપ્તિ થાશે.'–એવો દૃઢ નિશ્ચય જીવમાં થઈ ગયો. અને મુક્તરાજ બાપાશ્રી પણ અતિશય દયા કરીને સાધુ કેશવપ્રિયદાસને પોતાનાં દર્શન –સેવાસમાગમનું સુખ સદાય આપવા લાગ્યા.

હવે સ્વામી વૃંદાવનદાસજી આદિ સંત-તે ભૂજથી બાપાશ્રીનો સમાગમ કરવા સારુ વૃષપુર ગયા હતા, તેઓ પાછા ભૂજ જવા માટે ચાલ્યા. ત્યારે બાપાશ્રી પણ કેટલાક હરિભક્ત સહિત સંતને વળાવવા ચાલ્યા-તે રસ્તામાં બળદેશ્વર મહાદેવ છે ત્યાં રસ્તાને પડખે વાવ છે, તેની પાસે સભા કરી ને મુક્તશ્રી સભામાં બેઠા. ને સર્વે સંતોએ મુક્તરાજશ્રીને ચંદન ચર્ચી પુષ્પના હાર પહેરાવ્યા ને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે મુક્તશ્રી સર્વેને મળ્યા. પછી સર્વે સંત બાપાશ્રી પાસે આશીર્વાદ માગવા લાગ્યા જે, 'બાપા ! આપ સદાય અમારા ભેળા રહેજો ને અંતઃશત્રુ થકી રક્ષા કરજો ને સ્ત્રી–દ્રવ્યનો સંબંધ મહારાજની આજ્ઞા વિરુદ્ધ ક્યારેય થાય નહિ ને પંચવર્તમાનમાં દૃઢ રહેવાય ને મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે.' –એ આદિ માગ્યું. ત્યારે બાપાશ્રીએ તે આશીર્વાદ સંતને આપ્યા. પછી સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતને ગાડામાં બેસાર્યા ને બીજા સંતને ચાલવાનું કહ્યું ત્યારે સર્વે ચાલ્યા ને હરિભક્ત સંતનાં દર્શન કરી પાછા વળ્યા ને બાપાશ્રી ઊભા રહી હરિભક્તને પાછા વાળીને સંતની કેડે ચાલ્યા, ત્યારે સંત પણ ઊભા રહ્યા ને બાપાશ્રીના ભેગા થઈ સાથે સાથે

ચાલ્યા. પછી સંતને મળીને બાપાશ્રી પોતાના ખેતર સામા ચાલ્યા, ત્યારે સંત પણ બાપાશ્રીની કેડે કેડે ચાલ્યા, એટલે પોતે ઊભા રહીને સંતને પાછા જવાનું કહ્યું. તેથી સર્વે સંત બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી સંત પાસે આવીને સર્વેને મળ્યા ને કહ્યું જે, 'હવે તમે પાછા જાઓ.' ત્યારે સર્વે સંત ઊભા રહ્યા ને બાપાશ્રી દૂર ગયા. ત્યારે નમસ્કાર કરીને ભૂજને રસ્તે ચાલ્યા, -તે રાત્રીના નવ વાગે ભૂજમંદિરમાં પહોંચ્યા. ત્યાર પછી અનાદિમુક્તશ્રી ચૈત્ર વદ છઠને દિવસે ભૂજ આવ્યા તેથી સર્વે સંત-હરિભક્તનાં હૃદય આનંદથી ઊભરાતાં હતાં.

હવે ભૂજમંદિરના મહંત સ્વામી મહાપુરુષદાસજી ને બાપાશ્રી આદિ તેમણે વેદવિધિના જાણનારા વિપ્રો પાસે વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કરાવી. પછી ધ.ધુ. આચાર્યશ્રી મહારાજ તથા બાપાશ્રીએ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ ને રાધાકૃષ્ણની બે મૂર્તિ-એમ ત્રણે મૂર્તિઓ સિંહાસનમાં પધરાવી ને બાપાશ્રી સિંહાસન પાસે મૂર્તિઓ સામું જોઈને ઊભા રહ્યા, ત્યારે તે મૂર્તિઓ તેજોમય એવી કેટલાકને દેખાતી હતી ને પ્રથમના મંદિરમાં જે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ છે ને નરનારાયણ દેવની મૂર્તિઓ છે, તે પણ તેજોમય દેખાવા લાગી. તેને જોઈને સર્વે સંત-હરિભક્ત આશ્ચર્ય પામ્યા. એવી રીતે બે ઘડી સુધા દર્શન થયાં પછી જેવી મૂર્તિઓ છે, તેવાં જ દર્શન થવા લાગ્યાં ને એક સાધુને શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન થયાં તે ધાતુનો ભાવ જ નહિ ને મનુષ્યના જેવો આકાર ને અતિશય મનોહર મૂર્તિ એવા શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન થયાં. તેથી તેમને પ્રતિમાને વિષે દિવ્યભાવની અતિશય દૃઢતા થઈ ગઈ ને પ્રતિષ્ઠાવિધિ પણ સમાપ્ત થયો.

તે સમૈયામાં કચ્છદેશના કણબીના ચોવીસ ગામના તથા અબડાસા, કંઠી, વાગડના, આદિ સર્વે દેશના નાનામોટા, જુવાન-વૃદ્ધ, બાળક-સ્ત્રીઓ આદિ સર્વે ભક્ત આવ્યા હતા. તેમ જ સામા કાંઠેથી ગુજરાત, ઝાલાવાડ, નળકંઠો, કાઠિયાવાડ આદિ દેશના હજારો હરિભક્તો આવ્યા હતા ને અમદાવાદ, વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ને મૂળી આદિ ધામનાં સંતનાં મંડળ પણ હજારો આવ્યાં હતાં. તે સમૈયામાં ભૂજમંદિરના નરનારાયણ દેવના કોઠારના અધિકારી સ્વામી મહાપુરુષદાસજી, ભક્તિપ્રિયદાસજી, બ્ર.નિર્ગુણાનંદજી, પાર્ષદ કરમસી ભક્ત તથા અનાદિમુક્ત અબજીભાઈ, પટેલ ધનજી જાદવજી, મહેતા ભોગીલાલ પુરુષોત્તમ, જેઠી ધનજીભાઈ બળદેવ, કોઠારી વેલજીભાઈ આદિ સર્વે મોટા મોટા સંત-હરિભક્તે મળીને સમૈયામાં આવેલા ધ.ધુ. આચાર્યશ્રી તથા સર્વે સંતનાં મંડળ ને બહારથી આવેલા સર્વે હરિભક્ત ને શહેરના સર્વે હરિભક્ત તથા શહેરના સર્વે વિપ્રો તેમને સારાં ભોજન કરાવીને જમાડ્યા હતા ને વાડીમાં પાકશાળા કરી હતી. અને અનાદિમુક્ત બાપાશ્રી હરિભક્તની પંક્તિઓમાં ફરી દર્શન દઈને સૌને

કૃતાર્થ કરતા હતા ને સંતની પંક્તિ પાસે આવી બીજાની શિક્ષાને અર્થે પોતે પણ સંતને દંડવત્ કરતા ને પોતાનાં દર્શન દઈને સંતને કૃતાર્થ કરતા ને ક્યારેક વાડીમાં આમ્રતરુ નીચે બેસીને મહારાજની વાતો કરતા ને સંત-હરિભક્ત સાંભળીને આનંદ પામતા. પછી તે સમૈયાની સમાપ્તિ થઈ ત્યારે સર્વે સંત-હરિભક્ત પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા ને આચાર્ય મહારાજશ્રી પણ સંત-હરિભક્તની રજા લઈને રવાના થયા ને બાપાશ્રી પણ સંત-પાર્ષદ સહિત આચાર્યશ્રીને વળાવીને પાછા વૃષપુર આવ્યા. ઈતિ વિશ્રામ ૨૭

સંતદાસજીની દિવ્યગતિ, બાપાશ્રીના પુત્રનું છપૈયે-ગમન, સદ્‌ગુરુનું આગમન, રામપુર-કથાયજ્ઞ, ગંગાએ ગ્રહણ, કેરાની નદીમાં સ્નાન, દિવ્ય લીલા-ઉપદેશ ને વૃષપુરમાં ચમત્કારી વાતો

સંવત ૧૯૬૮ના માઘ માસમાં સ્વામી શ્વેતવૈકુંઠદાસજી ને ભગવત્સ્વરૂપદાસજી આદિ સંત-તે બાપાશ્રીનો સમાગમ કરવા સારુ આવ્યા હતા ને વલુ પટેલ આદિ હરિભક્ત પણ ભેગા હતા. તેમાં એક દિવસ બાપાશ્રીએ સંતને હાથમાં પાણી આપી મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા. ત્યારે સંતદાસજીએ કહ્યું જે, 'હે કૃપાળુ ! આપ દયા કરીને મને મૂર્તિના સુખમાં મૂકી દો.' ત્યારે બાપાશ્રીએ સંતદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે, 'અમારો વિશ્વાસ છે ? જો વિશ્વાસ હોય, તો આ તમને મૂર્તિના સુખમાં મૂકી દીધા, તે સૂર્ય ફરે, ચંદ્ર ફરે, પૃથ્વી ફરે, તોપણ મોટા પુરુષનું વચન ફરે નહિ.' –એમ કહીને સંતને જમવાની આજ્ઞા કરી. પછી સંતની પંક્તિનાં દર્શન કરી તથા કથા સાંભળીને વાડીએ પધાર્યા ને સંતદાસજી બાપાના વચનથી મૂર્તિમાં જોડાઈ ગયા, તેથી તેમને મંદવાડનું દુઃખ કાંઈ જણાતું નહિ ને કોઈ બોલાવે તો બોલે પણ નહિ ને જ્યારે બાપાશ્રી ઘેરથી ઊનું દૂધ લોટીમાં લાવીને સંતદાસજીને કહે જે, 'લો આ અક્ષરધામની પ્રસાદી.' ત્યારે સંતદાસજી બેઠા થઈને બાપાશ્રી દૂધ આપે તે તુરત પી જતા ને પાછા ઊંડા ઊતરી જાય. એમ ચાર દિવસ માંદા રહ્યા ને ચોથે દિવસે પહેલી કથા થઈ રહી, ત્યારે બાપાશ્રીએ સંતને કહ્યું જે, 'સંતદાસજી પાસે રહેજો; દેહ મૂકી દેશે.' –એમ કહીને પોતે મંદિરમાં આવીને ધ્યાનમાં બેઠા. એ જ વખતે સંતદાસજીએ દેહ મૂકી દીધો ને શ્વેતવૈકુંઠદાસજી, ભગવત્સ્વરૂપદાસજી આદિ સંતને મોટો તેજનો સમૂહ દેખાયો ને તે તેજમાં તેજોમય મૂર્તિ એવા શ્રીજીમહારાજ ને અનાદિ મુક્તશ્રીનાં દિવ્યસ્વરૂપે દર્શન થયાં, ત્યારે સર્વે સંત-હરિભક્ત દંડવત્ કરવા લાગ્યા ને સંતદાસજીએ તેજના સમૂહમાં દિવ્યમૂર્તિ એવા શ્રીજીમહારાજ ને બાપાશ્રીને જોઈને અતિ આનંદમાં એક મિનિટમાં અનંત દંડવત્-પ્રદક્ષિણા કર્યાં ને શ્રીજીમહારાજ તથા સર્વે મુક્તને અનંત વાર મળ્યા. અને શ્રીજીમહારાજે

સંતદાસજીને એમ સર્વેને મળાવી અનુભવજ્ઞાન આપી પોતાના સ્વરૂપમાં રસબસ કરીને મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત કર્યા. તે સમે બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તે બેય ને બીજા કેટલાક હરિભક્ત-તે બાપાશ્રીની આજ્ઞા લઈને શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા છપૈયે ગયા ને ભૂજના બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ યોગેશ્વરદાસજી આદિ કેટલાક સંત-તે પણ છપૈયે ગયા. પછી શ્વેતવૈકુંઠદાસજી ને ભગવત્સ્વરૂપદાસજી આદિ સંત તે પણ બાપાશ્રીની આજ્ઞાથી મૂળી ગયા.

ત્યાર પછી વૈશાખ માસમાં સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુ.ધર્મકિશોરદાસજી, સનાતનદાસજી આદિ વીસ-પચીસ સંત બાપાશ્રીનો સમાગમ કરવા સારુ વૈશાખ સુદ ત્રીજના ભૂજનગર આવ્યા. અને તે દિવસે ભૂજના બ્ર.નિર્ગુણાનંદજી ને સાધુ જોગેશ્વરદાસજી આદિ છપૈયે ગયા હતા તે પણ યાત્રા કરીને પાછા આવ્યા હતા. તે સમે રામપુરનાં મોટાં ડોશી ધનુબાએ નોમથી પૂનમ સુધીની વચનામૃતની કથા કરવાનું નક્કી કરીને ભૂજમંદિરના સંતમંડળને તથા આવેલા સંતમંડળને તેડવા ગાડાં લઈને હરિભક્તને ભૂજ મોકલ્યા. ત્યારે ભૂજના સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ ત્રીસ સંત અને સ્વામી વૃંદાવનદાસજી આદિ મૂળી-અમદાવાદના સંત-તેઓ સર્વે ગાડામાં બેસી રામપુર ગયા. અને નોમની સવારમાં વચનામૃતની કથાનો પ્રારંભ કર્યો ને મોટાં મુક્ત ધનુબાએ મુક્તરાજશ્રીને તેડવા દેવરાજભાઈને મોકલ્યા. તે સમે કડીના છગનભાઈ ને પાટડીના નાગજીભાઈ આદિ હરિભક્ત બાપાશ્રી પાસે આવ્યા હતા તે સર્વેને સાથે લઈને બાપાશ્રી રામપુર આવ્યા, તેથી સર્વે સંત બાપાશ્રીનાં દર્શન કરીને અતિશય આનંદ પામ્યા ને તે 'વચનામૃત'ના પારાયણમાં બાપાશ્રી વાતો કરીને વચનામૃતનાં રહસ્યાર્થ સર્વેને સમજાવતા.

ત્યાર પછી વૈશાખ સુદ પૂનમની સવારમાં કથાની સમાપ્તિ કરી ને તે પૂનમે રાત્રીના પ્રથમ પહોરમાં ગ્રહણ હતું, તેથી મુક્તશ્રી સર્વે સંતમંડળ અને હરિભક્ત સહિત ગંગાએ ગ્રહણ કરવા સારુ પધાર્યા. ત્યાં નદીની રેતીમાં સર્વે સભા કરીને બેઠા હતા ને બાપાશ્રી સ્નાન કરી એક વસ્ત્ર પહેરી તથા એક વસ્ત્ર ઓઢીને સભામાં બેઠા ને ઘડીક વાતો કરી. પછી સંતે કથા-કીર્તન કર્યાં ને ગ્રહણ મુકાયું, ત્યારે સંત-હરિભક્ત બાપાશ્રી સાથે નદીના ધરામાં સ્નાન કરવા લાગ્યા. પછી બાપાશ્રી સંત-હરિભક્તો સહિત જૂની ગંગાએ સ્નાન કરી નવી ગંગાએ સ્નાન કરવા આવ્યા ને બાપાશ્રી ગંગાના જળના ધારોડાની નીચે ઊભા રહ્યા ને નીચે પ્રસાદીના જળમાં સંત-હરિભક્ત સ્નાન કરવા લાગ્યા. પછી બાપાશ્રી બહાર આવી વસ્ત્ર પહેરી સર્વે સંત-હરિભક્ત સહિત મંદિરમાં પધાર્યા ને બીજે દિવસ બાપાશ્રી જમી અને મોટાં ડોશીની રજા લઈ સંત-હરિભક્તને

સાથે લઈને વૃષપુર જવા ચાલ્યા ને ભૂજના સંત ભૂજ ગયા ને બાપાશ્રી ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત દિવસ આથમે કેરાની નદીએ પહોંચ્યા ત્યાં સંત સહિત નદીમાં સ્નાન કર્યું. પછી ત્યાં આરતી-ધૂન બોલ્યા ને સર્વે સંતોએ બાપાશ્રીને ઘણીવાર સુધી દંડવત્ કર્યા. ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું જે, 'બાપા ! સંત આપને દંડવત્ કરે છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'શ્રીજીમહારાજને દંડવત્ કરે છે; માટે કરવા દો.' પછી બાપાશ્રીએ કહ્યું જે, 'રાખો,' ત્યારે સર્વે નમસ્કાર કરીને પાસે બેઠા. પછી બાપાશ્રીએ વાત કરી જે, 'અક્ષરધામમાં દર્શન કરવા જવું હોય તો જવાય નહિ, માટે અમે તમને દર્શન-સમાગમનું સુખ દેવા સારુ શ્રીજીમહારાજની ઇચ્છાથી અક્ષરધામમાંથી આવ્યા છીએ.' પછી કડીના છગનભાઈ આદિ હરિભક્તને કહ્યું જે, 'તમને થાક લાગ્યો હશે ?' ત્યારે તે ભક્તો કહે જે, ' આપનાં દર્શન થાય છે, તેથી થાક જણાતો નથી.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મહારાજ ને મોટાના ભેળા ફરીએ છીએ તે અનંત જન્મના થાક ઉતારવા ફરીએ છીએ.' –એમ જાણવું ને મહારાજ ને મુક્તનો મહિમા જણાય, તો થાક, ભૂખ-તરસ, માન-અપમાન આદિ કાંઈ જણાય નહિ.' –એમ વાતો કરી વૃષપુર આવ્યા ને મંદિરમાં કથાવાર્તા કરી સૂઈ રહ્યા. પછી ચાર વાગે જાગી શ્રીજીમહારાજનું ધ્યાન કરવા બેઠા. પછી સ્નાન-પૂજા વગેરે નિત્યનિયમ કરી સંત-હરિભક્તનાં દર્શન કરીને સભામાં બેઠા ને સંત વચનામૃતની કથા વાંચતા હતા.

પછી બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજના સંકલ્પે કરીને અનાદિમુક્ત દર્શન આપે છે. એવા અનાદિમુક્ત સાથે જીવ જોડે, તેને મૂર્તિનું સુખ આવે છે. મૂર્તિનું સુખ પામવામાં અનાદિમુક્ત દરવાજો છે. ને જે જાણપણારૂપી દરવાજો છે, તે વિષયને ખોટા કરીને મૂર્તિમાં વૃત્તિ રાખવાનો છે. ને અનાદિમુક્તરૂપી દરવાજો મૂર્તિમાં જવાનો છે માટે અનાદિમુક્ત સાથે આપોપું કરે, તો જ મૂર્તિનું પૂરું સુખ પમાય છે. તે ઉપર દૃષ્ટાંત જે, 'ગામમાં પેસવાનો દરવાજો હોય અને રાજદરબારનો પણ દરવાજો હોય ને રાજા પાસે જવાનો પણ દરવાજો હોય, પરંતુ તેમાં ભેદ બહુ છે.' ને 'મંદિરની ઓસરીમાં હોય તે પણ મંદિરમાં કહેવાય ને સિંહાસન પાસે હોય તે પણ મંદિરમાં કહેવાય.' તેમ અક્ષરધામમાં અનાદિમુક્ત મૂર્તિમાં ભેળા છે ને બીજા જે મુક્ત છે, તે તો મૂર્તિને સમીપે રહે છે. ને અનાદિમુક્ત છે તે તો મૂર્તિમાં રહીને મૂર્તિના સુખને ભોગવે છે તેવા આ અનાદિમુક્ત છે, તે અનાદિમુક્તની પંક્તિમાં ભેળવીને મૂર્તિનું સુખ પમાડશે, અને શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત મળ્યા ત્યારથી શરદઋતુ આવી છે. તે શરદઋતુમાં સાચાં મોતી પાકે, પણ ઋતુ વિના કોઈ ફળ પાકે નહિ. તેમ શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત મળ્યા વિના શ્રીજીમહારાજનું સર્વોપરી સુખ મળે નહિ. તે સુખ અપાર છે. તે સુખ ભોગવતાં કલ્પેકલ્પ વીતી જાય છે, તોપણ

નવાં નવાં સુખ આવે જાય છે ને તે મૂર્તિના સુખની હદ અનાદિમુક્ત પણ પામતા નથી ને મહારાજ પોતે પણ પોતાના મહિમાનો પાર પામતા નથી; તે શું, તો અનાદિમુક્ત ને મૂર્તિનું સુખ ને મૂર્તિનું તેજ, ઐશ્વર્ય એ સર્વે અપાર છે. તે સર્વે સુખના આપનારા શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત આ સભામાં બિરાજમાન છે ; આ સભામાં સુખ અપાર છે પણ તેવો મહિમા સર્વેને સમજાતો નથી ને તપ કરવામાં, ભક્તિમાં, મહંતાઈમાં ને વિદ્યા ભણવામાં રોકાઈ જાય છે. પરંતુ આ સુખ ભોગવતા નથી ને હલર-વલર કરે છે, પણ મહારાજ ને મોટાનું સુખ લેવું તે છાનું લેવું પણ હલર-વલર કરવું નહિ ને પડદા તૂટતા જાય તો સુખ આવતું જાય; પડદા તે શું, તો દેહાભિમાન, પંચવિષયમાં આસક્તિ, માન-મોટપમાં રુચિ, તથા શ્રીજીમહારાજ ને મુક્તના વચનમાં વર્તાય નહિ તે પડદા છે. ને અહીં સમાગમ કરવા આવે છે, તે સર્વે પડદા તોડવા ને મૂર્તિનું સુખ પામવા આવે છે. માટે સત્સંગનો વ્યવહાર હોય તે કરીને નિવૃત્તિ પામવી અને મોટાનો જોગ કરવો ને મૂર્તિમાં જોડાવું; બહુ પ્રવૃત્તિ મૂર્તિ ભુલાવે. તે શ્રીજીમહારાજે શ્રીનગરમાં બ્રાહ્મણની ચોરાસી કરી, તેને વિસારવા સારુ પોતે માંદા થઈ ગયા, માટે મૂર્તિ ભુલાય તેવી સત્સંગની પ્રવૃત્તિ પણ કરવી નહિ ને એકદેશી પણ થાવું નહિ; કેમ જે એકદેશી થવાથી આજ્ઞાની ખબર રહે નહિ, માટે આજ્ઞા પ્રમાણે રહેવું ને શ્રીજીમહારાજને રાખીને સત્સંગનો વ્યવહાર કરવો તો શ્રીજીમહારાજ ને મોટા રાજી થાય. મોટા અનાદિ સાથે જીવ જોડ્યો હોય ને મહારાજની આજ્ઞામાં રહ્યો હોય તો મોટા એના છેલ્લીવારના પડદા તોડાવીને મૂર્તિમાં પહોંચાડે; મોટા સાથે હેત કરવું–તે આત્યંતિક મોક્ષનો મુદ્દો છે.' –એ આદિ ઘણીક વાતો કરી પણ તેમાંથી આ તો દિશામાત્ર લખી છે. પછી વચનામૃત વંચાવીને દિવસના નવ વાગે કથાની સમાપ્તિ કરી ને સંત-હરિભક્તને રસોઈ કરવાની આજ્ઞા આપી ને પોતે બે ઘડીવાર બેસીને ઘેર જમવા પધાર્યા. ઇતિ વિશ્રામ ૨૮

બાપાશ્રી ભોજન જમ્યા, સંતોને દંડવત્ , કાકરવાડીએ સ્નાન ને શિક્ષા-વચન, કેરામાં પ્રતિષ્ઠા, નદીના ઘરામાં લીલા ને આશીર્વાદ, મનજીની વાડીમાં પણ આશીર્વાદ ને અલૌકિક વાતો

હવે અનાદિ મુક્તરાજ બાપાશ્રીનાં સેવક જે વાલબા તથા રાધાબા તેમણે બાપાશ્રી સારુ શાક, પાક વગેરે ભોજન કરી રાખ્યાં હતાં. પછી બાપાશ્રીને નમસ્કાર કરી આસન બેસવા આપ્યું ને થાળમાં નાના પ્રકારનાં ભોજન પીરસ્યાં, ત્યારે બાપાશ્રી ધીરે રહીને જમ્યા, પછી ચળુ કરી ઓસરીમાં બેઠા ને બાપાશ્રીના પૌત્ર જે માવજી, જાદવજી ને હરજી–તે બાપાશ્રી પાસે આવીને બેઠા ને બાપાશ્રીએ તેમને બોલાવીને પ્રસાદી આપી તથા તેમને રાજી કર્યા. પછી બાપાશ્રી મંદિરમાં પધાર્યા, ત્યારે સ્વામી વૃંદાવનદાસજી ને ઘનશ્યામજીવનદાસજી આદિ સંત બાપાશ્રીની વાતોનું

મનન કરતા હતા તે તત્કાળ ઊભા થઈ બાપાશ્રીના પગમાં પડી નમસ્કાર કર્યા. પછી બાપાશ્રીએ સર્વે સંતને જમવાની આજ્ઞા કરી, ત્યારે સંત પંક્તિ કરીને જમવા બેઠા ને બાપાશ્રી સંતની પંક્તિને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ અકળાઈ જઈને બોલવા લાગ્યા જે, ' હે કૃપાળુ ! તમે આ શું કરો છો ! તમે દંડવત્ કરો છો તેથી અમને બહુ ગ્લાનિ થાય છે, માટે તમે દંડવત્ ન કરો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તમને દંડવત્ કરતા નથી; અમે તો શ્રીજીમહારાજને દંડવત્ કરીએ છીએ.' –એમ કહીને છ-સાત દંડવત્ કર્યા, પછી આસને આવીને બેઠા, ત્યારે સંત પણ જમીને બાપાશ્રી પાસે આવીને બેઠા ને એક કલાક સુધી કથાવાર્તા કરી. પછી સમાપ્તિ થઈ, એટલે બાપાશ્રીએ આસનમાં શયન કર્યું. અને સ્વામી વૃંદાવનદાસજી આદિ સંત મંદિરમાં ધ્યાનમાં વિશ્રાંતિ કરતા હતા ને કેટલાક સંત બાપાશ્રીની પાસે બેસી પંખાથી વાયરો નાખતા હતા. પછી બે વાગે સંતમંડળ તથા હરિભક્ત સહિત બાપાશ્રી વાડીએ સ્નાન કરવા ચાલ્યા ને નવીવાડી પાસે આવીને સંતમંડળને કહ્યું જે,'તમે કાકરવાડીએ નાહવા જાઓ; અમે પછીથી આવશું.' –એમ કહી હરિભક્તોને સાથે લઈને પોતે નવીવાડીએ આવ્યા ને ત્યાં પોતાના પુત્ર કાનજીભાઈ, મનજીભાઈ આદિ તેમને દર્શન દઈને વાડીનું કામ બતાવ્યું. પછી જાબુંડાના વૃક્ષ નીચે ઢોલિયામાં બેઠા ને સંતમંડળ કાકરવાડીએ સ્નાન કરી વૃક્ષની છાંયે ધ્યાન કરતા હતા ત્યાં બાપાશ્રી પધાર્યા, એટલે સર્વે સંત ધ્યાનમાંથી જાગીને દર્શન કરવા લાગ્યા ને બાપાશ્રીએ સ્નાન કરવાનું કહ્યું ત્યારે સાધુએ જળનો લોટો ભરીને આપ્યો, તે લઈને બહિર્ભૂમિ જઈ આવ્યા. પછી સંતમંડળ બાપાશ્રીને થાળામાં બેસાડીને જળની ડોલો કૂવામાંથી કાઢી કાઢીને સ્નાન કરાવવા લાગ્યા ને ઘણીવાર સ્નાન કરાવ્યું. પછી બાપાશ્રી વસ્ત્ર બદલાવી કોરાં વસ્ત્ર પહેરીને વડવાળા કૂવાથી આથમણા આંબાના વૃક્ષની છાંયે વિરાજમાન થયા અને સંત-હરિભક્ત બાપાશ્રીના સામું જોઈ સભા કરીને બેઠા. પછી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સર્વે સંતમંડળે બાપાશ્રીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી અને નમસ્કાર કર્યા ને સર્વે હરિભક્ત પણ પૂજા કરીને દંડવત્ કરવા લાગ્યા. પછી બાપાશ્રીએ સર્વે સંતને તથા હરિભક્તને ચંદન ચરચ્યું ને પ્રસાદીના હાર પહેરાવ્યા ને બાપાશ્રીએ સર્વેને પ્રસાદી વહેંચી.

પછી સર્વે સંત-હરિભક્તને શિક્ષા કરતા થકા બોલ્યા જે, 'આ લીલા સંભારે ને આ પ્રસાદી જમે તેનું કલ્યાણ થાય.' પછી ' જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર,' –એ ટૂંક બોલીને કહ્યું જે, 'મહારાજ ને મહારાજના મુક્ત–તે મોક્ષ કરવા આવ્યા છે. તે જે જીવ મોક્ષ માગવા આવે તેનો મોક્ષ કરે છે, માટે સાચે ભાવે કરીને મહારાજ ને મોટાને શરણે થાવું; તે સાચે

ભાવે કરીને શરણે ક્યારે થયો કહેવાય, તો શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ હોય ત્યારે તે સાચે ભાવે શરણે થયો કહેવાય. આજ્ઞા –એટલે ત્યાગી સાધુને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની ને નિઃસ્નેહી એ પંચ વર્તમાન દૃઢ રાખવાં, તે આજ્ઞા પ્રમાણે કહેવાય ને તેમાં ફેર હોય તો તે સાધુ કહેવાય નહિ ને ત્યાગી થઈને સ્ત્રી-દ્રવ્યનો પ્રસંગ રાખતા હોય તેનો પ્રસંગ રાખવો નહિ ને ગૃહસ્થને તેવા સાધુની કરેલી ભગવાનની કથાવાર્તા પણ સાંભળવી નહિ. અને ગૃહસ્થ સત્સંગીને પણ અગિયાર વર્તમાન કહ્યાં છે, તેમાં દૃઢપણે રહેવું અને જો મોટા વર્તમાનમાં ફેર હોય તો તે ગૃહસ્થનું અન્ન સાધુએ લેવું નહિ.'

ત્યારે સાધુ સનાતનદાસજીએ પૂછ્યું જે, 'મોટી પંક્તિમાં તો ત્યાગીમાં પણ કેટલાક એવા હોય ને ગૃહસ્થની નાતમાં પણ તેવા હોય, તેનું કેમ કરવું ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તેમના ભેળા ભળવું નહિ ને નોખું કરી લેવું ને નોખું કરવાનો જોગ ન બને તેમ હોય, તો દેશકાળે સાચવીને ભેળું ભળવું; બાકી છેટે રહેવું.'

ત્યારે કુંભારિયાના મિસ્ત્રી ગોવાભાઈએ પૂછ્યું જે, 'જગતમાં નાત તો ગંગાનો પ્રવાહ કહેવાય છે તે શું સમજવું ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે,' ત્યાગીની નાત હોય; કે ગૃહસ્થની નાત હોય, પણ જો ધર્મ હોય તો ગંગાનો પ્રવાહ કહેવાય ને જો ધર્મ ન હોય તો ગંગાનો પ્રવાહ ન કહેવાય; બજારના પાણીનો પ્રવાહ કહેવાય, માટે આપણને શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત મળ્યા છે, તો તેમની આજ્ઞામાં ખરા ખબરદાર થઈને વર્તવું', ઇત્યાદિક ઘણી વાતો કરી. પછી વળી બોલ્યા જે, 'આ સભાની જય ને માયાનો ક્ષય' એમ કહીને ઊભા થયા. એટલે સર્વે સંત-હરિભક્ત બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી રાજી થઈને સર્વેને મળ્યા. પછી સર્વે સંત સહિત મંદિરમાં પધાર્યા ને ગોડી-આરતી કરી. પછી કથાવાર્તા કરીને બાપાશ્રી ઓસરીમાં આસને આવીને સૂતા ને સંત-હરિભક્ત પાસે આવીને બેઠા ને બાપાશ્રીએ સાડા અગિયાર વાગ્યા સુધી વાતો કરી ને પછી યોગનિદ્રા અંગીકાર કરી. એવી રીતે નિત્ય પ્રત્યે સંત-હરિભક્તને સમાગમનું સુખ આપતા હતા –એમ દસ દિવસ વીત્યા.

ત્યાર પછી ગામ કેરામાં ભાઈઓનું મંદિર જે પ્રથમ હતું-તે બાઈઓને સોંપવાનું કરીને ભાઈઓનું મંદિર નવું મોટું કરાવ્યું હતું, તેથી તેમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવા સારુ ભૂજમંદિરથી સ્વામી વિજ્ઞાનદાસજી, ભક્તિપ્રિયદાસજી, બ્ર.નિર્ગુણાનંદજી આદિ સંતમંડળ કેરે આવ્યા હતા. તે સંત તથા કેરાના હરિભક્ત તેમણે સ્વામી વૃંદાવનદાસજી આદિ સંત તથા હરિભક્ત તેમણે સહિત બાપાશ્રીને કેરે મૂર્તિ પધરાવવા સારુ તેડાવ્યા હતા, ત્યારે બાપાશ્રી તે સર્વેને સાથે લઈને ગામ કેરે પધાર્યા. પછી વૈશાખ વદ દશમ ને સોમવારને દિવસે મહારાજની મૂર્તિ સિંહાસનમાં પધરાવી.

પછી સંતમંડળ રસોઈ કરીને મહારાજને જમાડીને જમ્યા ને બાપાશ્રી કુંવરજીભાઈને ઘેર જમ્યા. પછી મંદિરમાં આવી કથાવાર્તા કરીને ઓસરીમાં બે ઘડી શયન કર્યું. ત્યાર પછી બાપાશ્રી સર્વે સંત-હરિભક્તને સાથે લઈને નદીએ પ્રસાદીના ધરામાં સ્નાન કરવા પધાર્યા ને ધરાને કાંઠે વસ્ત્ર ઉતારીને બહિર્ભૂમિ જઈ આવ્યા. પછી સંત-હરિભક્તને સાથે લઈને જળમાં પ્રવેશ કરીને સ્નાન કરવા લાગ્યા ને પછી સર્વેને મળ્યા. ત્યાર પછી જળના મધ્યે એક મોટો પથ્થર છે, તે ઉપર પોતે બેઠા ને સંત-હરિભક્ત ચારે કોર જળમાં ઊભા રહીને બાપાશ્રીની પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે કૃપાસાગર ! હે બાપા ! અમોને આપના ભેળા સદાય રાખશો ને આપને વિષે દિવ્યભાવ રહે ને શ્રીજીમહારાજની ને આપની આજ્ઞામાં ફેર પડે નહિ –તેવી દયા કરશો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમારા ત્રણ ગુણ ને તેના કાર્યરૂપ એવા અંતઃશત્રુ ને ઘાટસંકલ્પ તે સર્વે મૂળમાંથી ટળી જશે ને અખંડ શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત સાંભરશે ને તમો સર્વેને મૂર્તિમાં ભેળા રાખશું.' –એમ આશીર્વાદ આપ્યો ને સર્વે સંત-હરિભક્ત ઉપર જળના લોટા ભરીને જળ રેડ્યું ને સંત-હરિભક્ત બહુ આનંદ પામ્યા. પછી બાપાશ્રીએ પથ્થરથી નીચે ઊતરીને ઊંડા જળમાં પ્રવેશ કર્યો, ને તેમાં સ્નાન કરી બહાર નીકળી વસ્ત્ર પહેરીને સંત-હરિભક્તોએ સહિત માનસીપૂજા કરવા બેઠા. પછી ઊઠીને સર્વે સંત-હરિભક્તને મળ્યા અને સર્વે સંત-હરિભક્ત દંડવત્ કરીને બાપાશ્રીને મળ્યા. પછી સૌની સાથે ચાલ્યા તે મનજી લાખાની વાડીમાં કૂવા પાસે બેઠા ને હરિભક્તોએ જળ લાવીને બાપાશ્રીને જળપાન કરાવ્યું. પછી બાપાશ્રી પોતાની આગળ સાધુએ સુધારીને મેલ્યાં જે કેળાં, શક્કરિયાં ને પતાસાં તેને લઈને સંત-હરિભક્તને પ્રસાદી આપતા થકા બોલ્યા જે,' આ પ્રસાદીને જે જમશે તેનું આત્યંતિક કલ્યાણ થશે ને આ મુક્ત અક્ષરધામમાંથી શ્રીજીમહારાજની ઈચ્છાથી જીવોનાં કલ્યાણ કરવા આવ્યા છે, તે કાંઈ એક બે જીવનું કલ્યાણ કરવા આવ્યા નથી; ત્યારે શું, તો અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા આવ્યા છે, માટે અનેક જીવને મનવારો ભરીને લઈ જવા છે.' એમ કહીને મનવારની વાત કરી જે, 'મનવાર બહુ મોટી થાય છે.'

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે,'બાપા ! અમે સર્વે આપના ભેળા જળના ધરામાં નાહ્યા, તે સમે દેહની પણ સ્મૃતિ રહી નહિ, ને શાંતિ શાંતિ થઈ ગઈ તેનું શું કારણ હશે ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'દેહે કરીને જેમ જળમાં નાહ્યા તેમ તમારા જીવાત્માને મૂર્તિમાં રસબસ જોડી દીધા, તેથી તમને મૂર્તિના સુખનો આનંદ આવ્યો ને શાંતિ થઈ. અને આપણે જે જળમાં સ્નાન વગેરે લીલા કરી તે દિવ્ય છે. તેને દિવ્ય જાણીને સંભારશે, તેના ઘાટેસંકલ્પ ટળી જશે ને મૂર્તિનું સુખ આવશે.' –એમ વાતો કરીને સર્વે સંત-હરિભક્ત સહિત ત્યાંથી ચાલ્યા –તે રસ્તામાં ચાલતાં બોલ્યા જે, 'આજથી સર્વેના નવા જન્મ છે; આજ સુધીમાં મહારાજની આજ્ઞામાં કાંઈ આડુંઅવળું

થયું હોય તે સર્વે માફ છે, પણ હવેથી મહારાજની આજ્ઞામાં કોઈ ફેર પડવા દેશો નહિ; બરાબર વર્તજો.' –એમ વાતો કરતા થકા વૃષપુર-મંદિરમાં પધાર્યા. ત્યાં કથાવાર્તા કરીને અગિયાર વાગે ઓસરીમાં પોતાના આસનમાં બાપાશ્રીએ શયન કરીને યોગનિદ્રા ગ્રહણ કરી. ઈતિ વિશ્રામ ૨૯

સંતને અર્થે સીધુસામાન, સભાનો મહિમા, ત્યાગ, વૈરાગ્ય, વિષયખંડન, આત્મનિષ્ઠા ને મૂર્તિમાં જોડાવાની વાતો-તે ઉપર બ્રાહ્મણ તથા શુકજીનું દૃષ્ટાંત

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી પોતાનો નિત્યવિધિ કરી મંદિરમાં ઠાકોરજી ને સંત-હરિભક્તનાં દર્શન કરીને ઘેર પધાર્યા ને મંદિરમાં સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી આદિ સર્વે સંતમંડળ તથા વાંટાવદરના ભૂરાભાઈ ને પાટડીના નાગજીભાઈ આદિ સર્વે હરિભક્ત પોતપોતાનો નિત્યવિધિ કરી સભામાં બેસી મૂર્તિમાં વૃત્તિ રાખીને કથાવાર્તા કરતા હતા. તે સમે મુક્તરાજશ્રી ઘેરથી આવ્યા; તે કેવા, તો સંતોના સારુ લોટનું ભરેલું માટલું મસ્તકે ધારણ કર્યું છે ને એક હાથમાં ઘીનું મોટું પાત્ર લીધું છે ને બીજા હાથમાં ગોળનું મોટું માટલું લીધું છે. એવા થકા મંદિરના ચોકમાં આવ્યા, ત્યારે સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઘનશ્યામજીવનદાસજી તેમણે તત્કાળ સન્મુખ જઈને લોટ, ગોળ, ઘી તેનાં પાત્ર બાપાશ્રી પાસેથી લઈ લીધાં ને બાપાશ્રીને કહ્યું જે, 'આ સીધું સમાન બીજા પાસે મોકલાવતા હો તો સારું; પણ તમે હાથે ઉપાડી લાવો છો તે સારું લાગતું નથી.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સંતની સેવા તો હાથેથી કરીએ, તેમાં મહારાજ બહુ રાજી થાય ને અમે તો સર્વેને શીખવવા સારુ કરીએ છીએ.' –એમ કહીને ઘેરથી ખીચડી, દાળ,શાક, અથાણું વગેરે સામાન સંત સારુ લઈ આવ્યા. પછી ઠાકોરજી ને સંતનાં દર્શન કરી સભામાં આસન ઉપર વિરાજમાન થયા.

પછી બાપાશ્રી સંત-હરિભક્તને આનંદ ઉપજાવતા થકા વાતો કરવા લાગ્યા જે, 'આ સભા ને આ મૂર્તિ દિવ્ય છે. તે જો અંત સમે સાંભરી આવે તો નિશ્ચય આત્યંતિક કલ્યાણ થાય અને શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત પ્રત્યક્ષ મળ્યા છે, પણ દેહથી મળ્યા હોય તે ખરેખરા મળ્યા ન કહેવાય; જીવથી મળ્યા હોય ત્યારે ખરેખરા મળ્યા કહેવાય.'

ત્યારે સાધુ કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'જીવમાંથી ક્યારે મળ્યા કહેવાય ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'માન, મોટપ, રસાસ્વાદ –એ આદિ સર્વે દોષ મૂકીને મૂર્તિમાં જોડાઈ જાય ત્યારે જીવથી મળ્યા કહેવાય ને મોટાનો જોગ થયો કહેવાય.ને મોટાનો જોગ કરીને બાળકિયા સ્વભાવ-રમતિયાળ સ્વભાવ મેલવા જોઈશે ને મહારાજની આજ્ઞા પાળવી; પણ આજ્ઞામાં ફેર

પાડવો નહિ. ત્યાગીને જડ માયા જે દ્રવ્ય ને ચૈતન્યમાયા જે સ્ત્રી તેનો ક્યારેય જોગ થવા દેવો નહિ ને જોગ થાય તો કાળો સર્પ વળગ્યો જાણવો. તે જેમ સર્પ કરડીને પ્રાણ લે, તેમ તે કલ્યાણના માર્ગથી પાડે ને ગૃહસ્થને પણ તેવા સાધુનો સંગ ન કરવો. આ લોકમાંથી ને આ દેહમાંથી લૂખા થાવું. આ દેહ તો હાડકાંની મેડી છે, તેને માંસનું લીપણ કર્યું છે ને માંહી પરુ, પાચ, રુધિર, વિષ્ઠા આદિ મળ ભર્યા છે ને વળી કામ, ક્રોધ, માન,મોહ, રસાસ્વાદ આદિ દોષરૂપી પઉ[૧] છે-તેણે કરીને બંધાયેલો છે. તે દેહને મોહે કરીને સારો માને છે પણ તેમાં સારું શું છે; સારું કાંઈ નથી. તે દેહને રાજી કરવા નાના પ્રકારના પદાર્થની તૃષ્ણા કરે છે. તે તૃષ્ણાનો પાર આવે નહિ. 'તૃષ્ણા તુ બડી નકટી, સબ જીવનકી લાજ લેત' તૃષ્ણા સર્વેની લાજ લે તેવી છે. સંતને પેટી, આસન, પુસ્તક, પૂજા, પ્રસાદીનાં પગલાં તે સર્વેની તૃષ્ણા મેલવી, નહિતર લાજ ખોવરાવે માટે મનને પાછું વાળી મૂર્તિમાં જોડવું, મન તો હરામજાદું છે, 'ઝટકી ઝટકી જાત હે; લટકી લટકી વિષયફળ ખાત.' તે મૂર્તિમાંથી ઝટકી ઝટકીને ક્યાંય જાતું રહે ને લટકી લટકી વિષયરૂપી ફળ ખાય છે; માટે મનને પાછું વાળીને મૂર્તિમાં જોડવું. તે મધ્યના રૂમાં મહારાજે કહ્યું છે જે, 'સારાનરસા વિષયને જોગે કરીને જેનું મન ટાઢું ઊનું ન થાય તેને પરમભાગવત સંત જાણવા'. તે સંત કોને કહેવાય, તો જે શાંતિ કરે તેને સંત કહેવાય, મોક્ષ કરે તેને પણ સંત કહેવાય માટે આ લોકના રાગ મેલીને સંત થાવું. અમારા દીકરા મને કહેશે જે, 'તમારા સારુ આ ખાવાનું કરીએ, આ ખાવાનું કરીએ.' પણ હું કહું જે, 'આ મને ગરમી કરે, આ ટાઢું પડે, આ વાયુ કરે.' –એમ કહીને ત્યાગ કરી દઈએ ને બાજરાનો રોટલો ને મઠની ખીચડી તે વિના રુચે જ નહિ. તે જો મૂર્તિમાં રસબસ જોડાઈ જાય, તો મૂર્તિ વિના બીજું સર્વે સુખ તરણા તુલ્ય થઈ જાય છે. આપણે કઈ વસ્તુ પામવી છે ? માટે બીજામાંથી ટૂંકું કરવું જોઈશે, જરૂર કરવું જોઈશે ને આપણને શ્રીજીમહારાજ મળ્યા છે, તે કેવડા મોટા છે તે વિચારવું. અમે અક્ષરધામમાંથી તમને મહારાજનો મહિમા કહેવા સારુ આવ્યા છીએ. તે જો મહારાજનો ને મોટાનો મહિમા સમજાય તો પંચવિષય, દેહાભિમાન એ આદિ કાંઈ રહે નહિ, મહારાજના સુખમાં ચાલ્યો જાય. કહેનારા સારા છે; જોગ સારો છે માટે પોતાનું પૂરું કરી લેવું પણ આ જીવ છે તે માયાનો લહરકો લેવા જાય છે, તેટલામાં મહારાજને ભૂલી જવાય છે. જેમ એક બ્રાહ્મણ હતો, તે ચક્રવર્તી રાજા પાસે દાન લેવા ગયો. પછી રાજાએ કહ્યું જે, 'બાર વાગે આવજો, તમને પાંચ હજાર સોનામહોરો આપીશું.' પછી તે રાજાએ બ્રાહ્મણની પરીક્ષા લેવા માટે સારાં સારાં ભોજન, સેવક, પલંગ ને ગાદલાં આપ્યાં. પછી તે બ્રાહ્મણ તો સારાં સારાં ભોજન જમીને પલંગ, ગાદલાં ને પગચંપી કરનાર સેવક તેને જોઈને જાણે લગાર સૂઈ રહું. પછી સૂતો ને નિદ્રા આવી ગઈ, ત્યાં તો

૧. વળગાડ; બે પથ્થરને ત્રાંબાના ચપલાથી સીસું રેડીને જોઈન્ટ કરવામાં આવે છે તે ચપલાને પઉં કહેવાય છે.

દાન લેવાનો વખત વીતી ગયો. પછી રાજા પાસે ગયો, ત્યારે રાજાએ કહ્યું જે,' હવે નહિ મળે.' તેમ આ જીવ પંચવિષયનો, પુસ્તકનો ને પૂજા આદિ પદાર્થનો લહરકો લેવા જાય છે, ત્યાં મહારાજ ને મોટાને ભૂલી જાય છે. તે માયા ત્યાગ કરી હોય તોપણ ગરી આવે છે માટે સાચવવું.'

પછી વળી બીજું દૃષ્ટાંત દીધું જે, "શુકદેવજી બાર વર્ષ માતાના ઉદરમાં રહ્યા. પછી માયા ખેંચાવીને જન્મ્યા ને જન્મીને તરત ચાલી નીસર્યા, ત્યારે વ્યાસજી પાછા વાળવા ગયા ને સાદ કર્યો જે, 'હે પુત્ર ! પાછા વળો.' ત્યારે શુકદેવજી વૃક્ષમાં રહીને બોલ્યા જે, 'હું પાછો નહિ વળું'. પછી ગોપીતલાવડીએ ગોપીઓ નહાતી હતી તેને ભટકાઈને ચાલ્યા, તોપણ તે ગોપીઓએ વસ્ત્ર ન પહેર્યા ને પછી વ્યાસજી આવ્યા, તેને દેખીને ઝટોઝટ વસ્ત્ર પહેરી લીધાં. ત્યારે વ્યાસજીએ પૂછ્યું જે, 'તમે સોળ વર્ષના છોકરાને જોઈને વસ્ત્ર ન પહેર્યા ને મને બુઢ્ઢાને જોઈને વસ્ત્ર પહેર્યાં તેનું કેમ ?' ત્યારે તે ગોપીઓએ કહ્યું જે,'તેને સ્ત્રીપુરુષનો ભાવ નથી ને તમારે છે.' પછી વ્યાસજી શુકજીને ભેળા થયા ને કહ્યું જે, 'તમે ભલે તપ કરવા જાઓ, પણ જનકની પાસે જજો.' પછી શુકદેવજી ફરતા ફરતા જનક રાજાને ત્યાં ગયા ને જનક રાજાએ પોતાની પાસે રાખ્યા.

પછી કોઈક દિવસ શુકદેવજીને સ્વપ્ન થયું જે, 'હું બે સ્ત્રીઓ પરણ્યો તેને દીકરા થયા, તેમાં એક માનીતીનો દીકરો ખભે બેસાર્યો ને અણમાનીતીનો દીકરો આવ્યો ત્યારે તેનો હાથ ઝાલીને તિરસ્કાર કર્યો.' ત્યારે જનક રાજાએ કહ્યું જે,'શુકદેવજી ! માનીતીનો દીકરો પડી જશે.' ત્યારે શુકદેવજી શરમાયા અને જનક રાજાને ગુરુ કર્યા. તે માયા ખેંચાવીને જન્મ્યા ને વૃક્ષમાં રહીને ઉત્તર આપ્યો-એવા સમર્થ હતા તોપણ માયા રહી ગઈ. એમ આપણે પણ ઉપરથી માયા ત્યાગ કરી બેઠા હોઈએ પણ અંતરમાં ઘાટ–સંકલ્પ થાય એ રાગ કહેવાય, માટે ઘાટ–સંકલ્પ મૂકીને મૂર્તિમાં વૃત્તિ રાખવી ને જીવમાંથી માયાનો રાગ કાઢી નાખવો. અને સંગ પણ માયાને તર્યા હોય ને મહાકાળ, અક્ષર, તેથી પર એવા એકાંતિક, પરમએકાંતિક ને અનાદિમુક્ત હોય તેનો કરવો પણ માયામાં બંધાયા હોય તેનો સંગ ન કરવો."-એમ વાતો કરીને ઘેર જમવા પધાર્યા ને સંત-હરિભક્ત પણ ઠાકોરજીને થાળ કરીને જમ્યા. ઈતિ વિશ્રામ ૩૦

વૃષપુરમાં સંતોનો મોટો સમૂહ, માફી માગી ને માફી આપી, હરિભક્તની સ્તુતિ ને આશીર્વાદ, નારાયણપુર–ગમન, કેરી તથા પોંક જમાડ્યો, ને સંતોની વિદાયગીરી

ત્યાર પછી અનાદિમુક્તશ્રી સર્વે સંત-હરિભક્તને સાથે લઈને કાકરવાડીએ પધાર્યા, ત્યાં વાતો કરીને સર્વેને સુખ આપી પાછા મંદિરમાં આવ્યા. તે વખતે ભૂજના સાધુ ભક્તિપ્રિયદાસજી,

જોગેશ્વરદાસજી આદિ પચીસ સંત વૃષપુર આવ્યા ને બાપાશ્રીને તથા સર્વે સદ્‌ગુરુને મળ્યા ને વૃષપુરમાં સ્વામી વૃંદાવનદાસજી આદિ પચીસ-ત્રીસ સંત હતા ને ભૂજના આવ્યા તે સર્વે મળીને પચાસ-પંચાવન સંતનો સમૂહ થયો. તે સમે બાપાશ્રીના પુત્ર છપૈયાની યાત્રા કરીને આવ્યા હતા, તેથી તેમણે બાપાશ્રીની આજ્ઞાથી સર્વે સંતોને રસોઈ કરાવીને જમાડ્યા, ને સર્વે સંતની પોતાને ઘેર પધરામણી કરી ને સર્વે સંતને ધોતિયાં ઓઢાડ્યાં. પછી બાપાશ્રીએ દ્રાક્ષની પ્રસાદી સર્વેને આપી ને જે બીજા હરિભક્ત છપૈયાની યાત્રા કરીને આવ્યા હતા, તે પણ સર્વે સંતની ને બાપાશ્રીની પધરામણી કરવા લાગ્યા ને મંદિરમાં સંત અહોનિશ કથાવાર્તા કરતા. પછી ભૂજના સંત પાંચ દિવસ રહીને ભૂજ ગયા અને મૂળી-અમદાવાદના સંત રહ્યા.

ત્યાર પછી કોઈક દિવસ બાપાશ્રી કાકરવાડીમાં સભા કરીને બેઠા હતા તે સમે બાપાશ્રીએ સંતને કહ્યું જે, 'આપણે ભેગા થયા છીએ-તે શ્રીજીમહારાજની મૂર્તિ સારુ ભેગા થયા છીએ પણ બીજો કોઈ સ્વાર્થ નથી, માટે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેવું ને જાણે-અજાણે કાંઈ ફેર પડ્યો હોય તો આ બ્રહ્મસભામાં હાથ જોડીને પ્રાર્થના કરવી તો મહારાજ તેનું માફ કરે.' ત્યારે મૂળીના સ્વામી સનાતનદાસજી ને તેમના શિષ્ય હરિકૃષ્ણદાસજી-તે બાપાશ્રીને દંડવત્ કરી હાથ જોડીને કહેવા લાગ્યા જે, 'અમે વઢવાણમાં કુંજવિહારીપ્રસાદ ભેળા ભળ્યા હતા, તે અમારી ભૂલ માફ કરો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ભૂલ ઓળખીને પાછા વળી આવ્યા તો માફ છે.'-એમ કહી રાજી થઈને તેમના માથે હાથ મેલ્યા. પછી સર્વે સંત પ્રત્યે બોલ્યા જે,' તમે મહારાજની આજ્ઞામાં દૃઢ રહેશો ને ઉપાસના પરિપક્વ સમજશો ને અમારે વિષે આત્મબુદ્ધિ રાખશો, તો અમે અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં ભેળા રાખશું ને શ્રીજીમહારાજની સળંગ મૂર્તિના રોમરોમનાં નવીન નવીન સુખ અખંડ અનુભવાવશું.' -એમ સર્વેને આશીર્વાદ આપ્યા, ત્યારે સર્વે સંત-હરિભક્ત બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી સર્વેને મળ્યા. એવી રીતે બાપાશ્રી વાડીમાં સભા કરીને સર્વેને સુખ આપતા. પછી નાગજીભાઈ, ભૂરાભાઈ આદિ સર્વે હરિભક્તને બાપાશ્રીએ દેશમાં જવાનું કહ્યું. ત્યારે ભૂરાભાઈ આદિ હરિભક્તે બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! અમારે અહીં રહેવાની તાણ નથી પણ તમે અમારું પૂરું કરી દો. એટલે સદાય તમારા ભેળું રહેવાય; ક્યારેય વિયોગ થાય નહિ.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તમારું સર્વેનું પૂરું કર્યું છે; કાંઈ પણ બાકી રાખ્યું નથી.' ત્યારે તેમણે કહ્યું જે,' બાપા ! મૂર્તિ અખંડ દેખાય છે પણ અનાદિમુક્ત મૂર્તિના સુખમાં થીજી રહે છે ને મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા નથી, તેવું સુખ આવતું નથી ને આ લોક-દેહ ભુલાતા નથી.'ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તમને આ મુક્તના સમાગમનું સુખ આપવા સારુ એમ રાખ્યા છે પણ કાંઈ અધૂરું રાખ્યું નથી ને વખત આવશે ત્યારે તેવી સ્થિતિ ભોગવાવશું.' એવાં બાપાશ્રીનાં વચન સાંભળી તે સર્વે

કૃતાર્થ થયા. પછી બાપાશ્રીની આજ્ઞાએ કરીને સૌ પોતપોતાને ગામ જવા તૈયાર થયા ને બાપાશ્રીને તથા સર્વે સંતને મળીને ચાલ્યા, અને બાપાશ્રી તેમને વળાવવા નદી સુધી ગયા ને ફેર સર્વેને મળી પાછા મંદિરમાં આવ્યા.

પછી બીજે દિવસ લખાઈવાડીમાં મોટા આંબા નીચે સભા કરીને બેઠા હતા, ત્યારે બાપાશ્રીએ સર્વે સંતને કહ્યું જે,'આ આંબાની કેરીઓ ને આ બાજરાનો પોંક તમને જમાડીને પછી દેશમાં જવાની રજા આપશું.' તે વખતે કેરીઓ પાકવાની પંદર દિવસની વાર હતી ને બાજરાના પોંકને થાવાની એક મહિનાની વાર હતી ને ત્યાં રહેવાનું તો દસ-પંદર દિવસ સુધી હતું, તેથી સાધુ કેશવપ્રિયદાસને એમ સંકલ્પ થયો જે, 'બાપાશ્રી બોલ્યા તે સત્ય જ થાય, પણ ખોટું પડે નહિ, પણ થશે ત્યારે ખબર પડશે.' પછી એવી રીતે બાપાશ્રીનો જોગ-સમાગમ કરતાં પંદર દિવસ વીતી ગયા ને કેરીઓ પાકી ગઈ, એટલે બાપાશ્રી સંતને જમાડવા કેરીઓ લાવ્યા ને સંત જમ્યા અને તે ગામના હરિભક્ત પણ કેરીઓ લાવીને સંતને જમાડવા લાગ્યા, પરંતુ બાજરીના પોંકને તો હજી પંદર દિવસની વાર હતી.

પછી નારાયણપુરથી ધનજીભાઈ ને તેમના દીકરા હરજીભાઈ-તેઓ સંતમંડળને નારાયણપુર તેડી જવા માટે આવ્યા ને બાપાશ્રીને વિનંતી કરી જે, 'સંતને નારાયણપુર મોકલો.' ત્યારે બાપાશ્રીએ સંતમંડળને નારાયણપુર જવાનું કહ્યું. ત્યારે સ્વામી વૃંદાવનદાસજી આદિ સર્વે સંત બીજે દિવસ જમીને નારાયણપુર જવા ચાલ્યા, ત્યારે બાપાશ્રી સંતોને વળાવી અને મોટા સંતોને ગાડે બેસારી પાછા પોતાને ઘેર આવ્યા અને સર્વે સંત નારાયણપુરમાં બે દિવસ રહ્યા. પછી બાપાશ્રી જેઠ સુદ બારશના દિવસે ત્રણ વાગે નારાયણપુર આવ્યા. તે દિવસ તાપ બહુ હતો તેથી સર્વે સંતે બાપાશ્રીને કહ્યું જે,'આવા તડકામાં કેમ આવ્યા ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમે તમારા સારુ તપ કર્યું.' પછી બાપાશ્રીને ઠંડું જળ પાયું ને ધનજીભાઈ પપનસ લાવ્યા, તેને સુધારી તેમાં સાકર નાખી ઠાકોરજીને જમાડીને બાપાશ્રીને જમવા આપ્યું, ત્યારે બાપાશ્રી જમ્યા ને સર્વેને પ્રસાદી આપી. પછી કથાવાર્તા કરીને સર્વે સંત-હરિભક્તને રાજી કર્યા ને બીજે દિવસ સંતોને ગાડામાં બેસારીને ભૂજ મોકલ્યા ને પોતે ઘેર પધાર્યા.

હવે સ્વામી ઘનશ્યામજીવનદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી આદિ સર્વે સંત, તેઓ ભૂજના સંતોનો રાખવાનો આગ્રહ જોઈને ભૂજમંદિરમાં સોળ દિવસ રહ્યા. ત્યાં સર્વે સંતમંડળ ભેળા બેસીને અહોનિશ કથાવાર્તા કરતા ને દિવસના બાર વાગ્યા પછી સ્વામી વૃંદાવનદાસજી ને બ્ર. નિર્ગુણાનંદજી ઠાકોરજીના મંદિરમાં બેસી મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેવી સ્થિતિ બાપાશ્રી કરાવે છે, તે પ્રસંગની વાતો કરતા હતા. તે સાંભળીને બ્રહ્મચારીને બાપાશ્રીનો સંપૂર્ણ મહિમા સમજાયો ને મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરવાની લટક આવી. ત્યાર પછી બાજરીનો પોંક

થયો એટલે બાપાશ્રી અધમણ જેટલો પોંક એક હરિભક્ત પાસે લેવરાવી તે હરિભક્તને સાથે લઈને ભૂજ આવ્યા ને ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કર્યાં ને સંતને બાપાશ્રીનાં દર્શનથી ઘણો જ આનંદ થયો ને બાપાશ્રી પોંક લાવ્યા હતા તે ઠાકોરજીને ધરાવીને સર્વે સંતને વહેંચી આપ્યો. ત્યારે સાધુ કેશવપ્રિયદાસને બાપાશ્રીનું વચન જે, 'પોંક જમાડીને મોકલશું.' –તેમ કહ્યું હતું તે સત્ય થયું એમ સાંભરી આવ્યું. પછી બાપાશ્રી બે દિવસ ભૂજમાં રહ્યા ને સર્વેને સુખિયા કરીને જવાની રજા આપી ત્યારે સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતો તૈયાર થયા ને બાપાશ્રી પોતે સ્ટેશન સુધી સંતને મૂકવા ગયા ને સંતને રેલગાડીમાં બેસાડીને પોતે બીજા સંત–હરિભક્તની સાથે ભૂજમંદિરમાં આવ્યા ને જમીને વૃષપુર ગયા. ઈતિ વિશ્રામ ૩૧

બ્રહ્મચારીને અનાદિમુક્તની સ્થિતિના અનુભવ ને તેમની પ્રશંસા, ટાઢાનું ચરિત્ર, દિવ્યદર્શન, ને ભૂજ તથા ગુજરાતના સંતો દર્શને આવ્યા તેમને ધીરજતાનાં વચનો

ત્યાર પછી સર્વથી પર, સર્વ કારણના કારણ, સર્વાધારના આધાર, સર્વ અવતારના અવતારી , સર્વના સ્વામી, સર્વના સુખધામ, સર્વ સ્વરૂપના સ્વરૂપી, સર્વ નામના નામી, સર્વથી પર એવા એક શ્રી સ્વામિનારાયણ ભગવાન છે ને તેમના અનાદિમુક્ત આદિ સર્વ અનંત છે. તે શ્રીજીમહારાજ પોતે જીવોના મોક્ષ કરવા મનુષ્યરૂપે દર્શન દે છે ત્યારે મુક્તને પણ ભેળા લાવે છે, ને કયારેક શ્રીજીમહારાજની ઈચ્છાથી મુક્ત આવે છે ત્યારે મુક્ત ભેળા પણ શ્રીહરિ રહે છે ને મુક્તદ્વારે જીવોના મોક્ષ કરે છે–એમ શાસ્ત્રમાં કહ્યું છે. તે પ્રમાણે શ્રીજીમહારાજની ઈચ્છાથી આ અનાદિમુક્ત પ્રગટ થઈને મનુષ્યરૂપે દર્શન દે છે; એવા અનાદિમુક્ત બાપાશ્રીએ બ્ર. નિર્ગુણાનંદજીને અનુભવજ્ઞાન આપીને મૂર્તિના સુખભોક્તા કરવાની ઈચ્છા કરી. પછી પોતે દેવરાજભાઈને સાથે લઈને ભૂજ આવ્યા ત્યારે બ્ર. નિર્ગુણાનંદજી બાપાશ્રીને મળવા સારુ આવ્યા, એટલે બાપાશ્રી બ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળ્યા. તે સમે બ્રહ્મચારીને બાપાશ્રીનું સ્વરૂપ અતિ કોમળ અને અતિ સુગંધીમાન ને તેજોમય એવું અલૌકિક દેખવામાં આવ્યું ને શરીરનું ભાન ભૂલી ગયા ને મૂર્તિમાં ચિત્તનો નિરોધ થઈ ગયો. પછી બાપાશ્રીને મેડા ઉપર આસન કરી દીધું ને પોતે ઠાકોરજીની સેવા કરવા ગયા ને ઠાકોરજીના થાળની આરતી કરી ને બાપાશ્રીને પણ પ્રેમથી જમાડ્યા. પછી ઠાકોરજીને પોઢાડ્યા ને બપોરની કથા થઈ રહી ને સર્વે સંત સૂઈ રહ્યા ત્યારે બ્ર. નિર્ગુણાનંદજીએ મેડા ઉપર બાપાશ્રીનું આસન કરીને બાપાશ્રીને બોલાવ્યા, એટલે બાપાશ્રી બ્રહ્મચારીના મેડે આવીને આસન ઉપર બેઠા. પછી બ્રહ્મચારીએ બાપાશ્રીને ચંદન ચર્ચી પુષ્પના

હાર પહેરાવ્યા ને બાપાશ્રીની સન્મુખ બેસી હાથ જોડી ને કહ્યું જે, 'હે કૃપાળુ! તમે શ્રી મહારાજરૂપ શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો–એમ હું તમને જાણું છું. પણ અનાદિમુક્તનું દિવ્યસ્વરૂપ કેવું હશે?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે અમને જેવા દિવ્ય દેખો તેવા અમને દિવ્ય જાણો.' –એમ કહ્યું, ત્યાં તો બ્રહ્મચારી મહારાજની દિવ્ય દૃષ્ટિ થઈ ગઈ ને તે જ સમે બાપાશ્રી દિવ્યસ્વરૂપ દેખાયા ને પોતાના હૃદયમાં શ્રીજીમહારાજ પણ દિવ્ય તેજોમય દેખાયા ને અનંત અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સુખ લે છે, એવાં શ્રીજીમહારાજનાં દર્શન બાપાશ્રીની કૃપાથી થયાં, ત્યારે બ્રહ્મચારી મૂર્તિમાં લીન થઈ ગયા ને બ્રહ્મસ્થિતિને પામી ગયા ને સમાધિ થઈ ગઈ. પછી બાપાશ્રી ત્યાંથી બહાર પોતાને આસને આવીને સૂઈ રહ્યા ને બ્રહ્મચારી તો મૂર્તિનું બહુ સુખ આવવાથી ત્યાં જ પડી રહ્યા ને ચાર વાગ્યાનો સમય થયો ત્યારે શ્રીહરિની ઇચ્છાથી સમાધિમાંથી જાગ્યા. પછી ધીરા રહી ઠાકોરજીને જગાડવા ગયા ત્યારે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીનરનારાયણ દેવ તે પણ તેજોમય દેખાવા લાગ્યા ને તે બ્રહ્મચારી ઠાકોરજીની રસોઈ કરે, જમાડે એ આદિ સર્વે ક્રિયા કરે, પણ પોતાને ક્રિયાની તથા દેહની સ્મૃતિ ન રહે ને અખંડ મૂર્તિના સુખમાં જ રહેવાય ને ક્રિયા તો મુક્તદ્વારે મહારાજ કરે, એવી અનાદિમુક્તની સ્થિતિ બ્રહ્મચારીને બાપાશ્રીએ કરાવી ને બીજા સંત–હરિભક્ત પણ તે બ્રહ્મચારીની સ્થિતિ જોઈને આશ્ચર્ય પામવા લાગ્યા. આવી રીતે બાપાશ્રીએ બ્રહ્મચારીને મૂર્તિના સુખમાં જોડી દીધા.

વળી કોઈક સમયે બ્રહ્મચારી બાપાશ્રી પાસે બેઠા હતા ને સ્વામી ભક્તિપ્રિયદાસજી, પુ. કેશવપ્રિયદાસજી ને દેવરાજભાઈ આદિ પાસે બેઠા હતા. તે સમે બાપાશ્રી બોલ્યા જે, 'આ બ્રહ્મચારી તો અમારું મન છે. તેમ જ આ બ્રહ્મચારી અમારો જે અભિપ્રાય તથા રુચિ હોય તેને જાણે છે ને આ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી નિર્ગુણ મૂર્તિ છે પણ તેમાં કોઈ માયાનો ગુણ નથી ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણે યુક્ત છે ને અખંડ કથાવાર્તા–ધ્યાનભજન કર્યા કરે છે ને અનંત સંત-હરિભક્તને મહારાજનું પ્રત્યક્ષ રહસ્યજ્ઞાન સમજાવીને પ્રત્યક્ષ મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે છે ને આ લોકમાંથી લૂખા કરીને શ્રીજીમહારાજના સુખમાં જોડી દે છે.' ત્યારે બ્રહ્મચારી મહારાજે કહ્યું જે, 'બાપા! તમે દયા રાખજો; હું જેવો છું તેવો તમારો છું.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ' તમે દેખાઓ છો આદિ પણ છો અનાદિ. આજથી તમારું પૂરું થયું અને જે જોઈએ તે તમને મળ્યું. અને સુખ, મુક્ત, ધામ તે સર્વે મહારાજની મૂર્તિમાં છે ને તમને મૂર્તિમાં રાખ્યા છે. હવે કાંઈ બાકી નથી.'–એમ કહીને બ્રહ્મચારી ઉપર બહુ રાજી થયા ને બે–ત્રણ દિવસ ભૂજમાં રહી સર્વેને રાજી કરીને પાછા વૃષપુર પધાર્યા.

ત્યાર પછી ભાદરવા માસમાં બાપાશ્રીએ પેટમાં દુખાવારૂપી માંદવાડની લીલા કરી તે વાત કહીએ છીએ : એક સમે બાપાશ્રીએ એવું ચરિત્ર કર્યું જે, પેટમાં અતિશય દુખવા લાગ્યું. તેથી કરીને મંદિરમાં પણ જઈ શકાય નહિ ને પોતાને ઘેર ઢોલિયામાં સૂતા રહે. તે સૂવામાં પણ ક્યારેક પડખાભેર સૂએ, ક્યારેક બેઠા રહે એવો પેટમાં દુખાવો થવા લાગ્યો. તે માંદવાડને સાંભળીને નારાયણપુરથી ધનજીભાઈનું કુટુંબ ને દહીંસરાના કેસરાભાઈ, રામપુરના દેવરાજભાઈ, મુક્ત ધનુબા ને કાનબા આદિ ઘણાંક બાઈઓ-ભાઈઓ વૃષપુર આવ્યાં ને અનાદિ મુક્તરાજશ્રીનાં દર્શન કર્યાં ને 'જય સ્વામિનારાયણ' કહ્યા પણ બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ, તેથી સર્વે ઉદાસ થઈ ગયાં ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યાં. ત્યારે ધનુબા તથા કાનબા તેમને મહારાજની મૂર્તિમાં તેજ દેખાયું ને શ્રીજીમહારાજે કહ્યું જે, 'કાંઈ ચિંતા કરશો નહિ; તેમને સારું થઈ જશે.' તેમ જ કેસરાભાઈને પણ શ્રીજીમહારાજનાં એવાં દર્શન થયાં જે, 'શ્રીજીમહારાજ મુક્તરાજ બાપાશ્રીની પાસે આવીને બેઠા, પછી અદૃશ્ય થઈ ગયા.' તે વાત પરસ્પર સાંભળીને સર્વે બાપાશ્રી પાસે આવ્યા ત્યારે બાપાશ્રીએ સર્વેને 'જય સ્વામિનારાયણ' કર્યા ને કહ્યું જે, 'અમને સારું છે.' ત્યારે સર્વે રાજી થઈ દર્શન કરીને પોતપોતાને ઘેર ગયા.

પછી વળી કેસરાભાઈને સ્વપ્નમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં; તે જાણે 'શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરભુવનમાં ઢોલિયામાં સૂતા છે ને મહારાજને અતિશય પેટમાં દુઃખે છે. તેથી કરીને શ્રીજીમહારાજ ઘડીક આ પડખે સૂએ છે ને ઘડીક આ પડખે સૂએ છે અને ઘડીક બેઠા થાય છે ને વળી સૂએ છે ને મૂળજી બ્રહ્મચારી ને ભગુજી આદિ સેવામાં છે.' -એવાં શ્રીજીમહારાજનાં દર્શન કરીને કેસરાભાઈએ કહ્યું જે, 'મહારાજ ! તમને આ દુઃખ થાય છે, તે અમને આપો ને તમે સુખે કરીને પોઢી જાઓ.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'અમે તો અમારા મુક્તનું દુઃખ લીધું છે.' ત્યાં તો મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન થયાં. તે તેજોમય ને શરીરમાં કાંઈ પણ માંદવાડ નહિ એવા થકા શ્રીજીમહારાજમાં લીન થઈ ગયા, ત્યાં તો કેસરા ભક્ત જાગી ગયા એમ શ્રીજીમહારાજે અનાદિમુક્તનું પોતા સાથે એકાત્મ્યપણું જણાવ્યું.

ત્યાર પછી મુક્તરાજશ્રીને માંદા સાંભળીને ભૂજના બ્ર. નિર્ગુણાનંદજી ને સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સર્વે સંત-પાર્ષદ મુક્તરાજશ્રીનાં દર્શન કરવા સારુ આવ્યા. તે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રીને ઘેર આવીને તેમનાં દર્શન કર્યાં. તે સમે મુક્તરાજશ્રી ઢોલિયામાં સૂતા હતા, તે બેઠા થયા ને સર્વે સંતને 'જય સ્વામિનારાયણ' કર્યા અને પેટમાં અતિશય દુખાવો થતો હતો, તેથી બેઠું તથા સૂતું રહેવાતું નહિ. એવાં બાપાશ્રીનાં દર્શન કરીને બ્રહ્મચારી વગેરે અતિશય દિલગીર થઈ ગયા. તે સમે બાપાશ્રી બોલ્યા જે, 'સંતો ! આ દુઃખ બાપાશ્રીને મટે તો સારું

–એમ તમને થતું હશે પણ અમને તો શ્રીજીમહારાજ ને આ સંત દુઃખ મટાડે તો સારું –એવો સંકલ્પ પણ થતો નથી; આ દુઃખ તો શું, પણ આથી અધિક ગમે તેટલી પીડા થાય તોપણ આપણે મહારાજને કહેવું નથી, જે આ દુઃખ મટાડો; પણ જેમ તેમની મરજી હોય તેમ કરે ને આ પીડા આપણને કાંઈ નથી. આપણે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છીએ ને અહીં છીએ, તોપણ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં છીએ ને આ દુઃખ જણાય છે, તે તો મનુષ્યપણાનો ભાવ છે. તે પણ અનંત જીવને દર્શન-સેવાનો લાભ મળે, તે સારુ શ્રીજીમહારાજની ઇચ્છાથી જણાય છે.' –એમ બાપાશ્રી વાતો કરતા હતા, તે સમે બ્રહ્મચારીને અતિશય દિલગીર થયા જાણીને બાપાશ્રીએ તેમને દિવ્યસ્વરૂપે દર્શન દીધાં, તેણે કરીને અતિશય આનંદ પામ્યા અને બીજા સર્વે સંતને તો જેવા બાપાશ્રી માંદા છે–તેવાં જ દર્શન થતાં હતાં. પછી સર્વે સંતે બાપાશ્રીની ચંદન–પુષ્પહારથી પૂજા કરી અને ભૂજના ઠાકોરજીની પ્રસાદી આપી ને બાપાશ્રીની રજા લઈ મંદિરમાં આવ્યા. પછી સંત ઠાકોરજીને જમાડીને ભૂજ ગયા.

ત્યાર પછી અમદાવાદમાં સ્વામી ઈશ્વરચરણદાસજીને ધનજીભાઈએ બાપાશ્રીના માંદવાડનો પત્ર લખ્યો હતો. તેથી સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી તે પણ બાપાશ્રીને માંદા જાણીને બાપાશ્રીનાં દર્શન કરવા સારુ વૃષપુર આવ્યા ને મંદિરમાં નિવાસ કરીને રહ્યા, પણ બાપાશ્રીથી મંદિરમાં આવી શકાય તેવું હતું નહિ તેથી સદ્. સ્વામી આદિ સર્વે સંત બાપાશ્રીને ઘેર દર્શન કરવા સારુ ગયા ને બાપાશ્રીનો માંદવાડ જોઈને અતિશય દિલગીર થયા ને બાપાશ્રીને સમાચાર પૂછી પાછા મંદિરમાં આવ્યા. હવે સદ્ગુરુઓ મંદિરમાં કથાવાર્તા કરતા ને બાપાશ્રીને ઘેર દર્શન કરવા જતા પણ તે સદ્ગુરુને બાપાશ્રી વિના મંદિરમાં સારું લાગતું નહિ તેથી એમ થતું જે, 'બાપાશ્રી સાજા થાય ને મંદિરમાં આવે તો બાપાશ્રી પાસે બેસીને કથાવાર્તા સાંભળીએ ને દર્શન–સેવાનો લાભ લઈએ.' –એમ જાણીને બાપાશ્રી પાસે જઈને કહ્યું જે, 'હે કૃપાળુ ! આપ કૃપા કરીને આ દુઃખ મટાડો.' ત્યારે તે સમે ઘણા હરિભક્ત પાસે બેઠા હતા તેમાં કોઈ કહે જે, 'આ ઔષધથી મટે.' ને કોઈ કહે જે, 'આ ઔષધથી મટે. ને કેટલાકે કહ્યું જે, 'ટાઢા દેવરાવો તો પેટમાં દુખતું તુરત મટી જાય.' ત્યારે સદ્ગુરુઓએ કહ્યું જે, 'બાપા ! ટાઢા દેવરાવો તો મટી જશે.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'મહારાજ વિના કોઈથી દુઃખ મટે નહિ તો ટાઢાથી શું મટે ? જો મહારાજ ભેળા ભળે તો મટે.' ત્યારે સદ્ગુરુઓએ કહ્યું જે, 'બાપા ! ટાઢા દેવામાં મહારાજ ભેળા ભળશે ને મટી જશે.' ત્યારે બાપાએ કહ્યું જે, 'મહારાજને સાથે લાવ્યા હો ને તેમની મરજીથી ટાઢા દેતા હો, તો ભલે દો.' ત્યારે સદ્. સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતે કહ્યું જે, 'મહારાજ ભેળા જ છે, તેથી મટી જશે. ' –એમ કહીને ટાઢા દેવાનું નક્કી કર્યું. ત્યારે ટાઢા દેનાર કણબી શામજી પણ ત્યાં

જ બેઠા હતા, તેમને ટાઢા દેવાનું કહ્યું ત્યારે તે શામજીભાઈએ બાપાશ્રીને કહ્યું જે, 'લગાર પડખાભર સૂઓ ને મારા ઉપર દયા રાખજો.' –એમ કહી સગડી કરાવીને લોઢાના ખીલા ઊના મેલાવ્યા ને શામજી પટેલે બાપાશ્રીને પેટના જમણા ભાગમાં દુખાવો જોઈને પહેલા રાખના ચાંદલા કર્યા. પછી તે ઠેકાણે ચાળીસ ટાઢા દીધા, -એવી રીતે બાપાશ્રીને ટાઢા દેવરાવી સર્વે સદ્‌ગુરુ મંદિરમાં આવ્યા. પછી મુક્તરાજશ્રીને તો દુઃખ મટાડવાની મરજી હતી નહિ-તે જાણ્યા વિના ટાઢા દેવરાવ્યા, તેથી બાપાશ્રીના પેટમાં સામું અધિક દુઃખ થાવા લાગ્યું. પછી મોટા સંત મુક્તશ્રીની પાસે આવી હાથ જોડી દિલગીર થઈને કહેવા લાગ્યા જે, 'બાપા! આપ સમર્થ છો ને આપની મરજી વિના કોઈથી તરણું તૂટે નહિ તેવા છો. તે આપની મરજી જાણ્યા વિના અમે આગ્રહ કરીને આપને ટાઢા દેવરાવ્યા તે અમારો અપરાધ માફ કરો.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'તમારો કાંઈ અપરાધ નથી ને માફ જ છે. શ્રીજીમહારાજની ને તેમના મુક્તની મરજી શ્રીજીમહારાજ જાણવા ન દે તો ગમે તેવા મોટા હોય તોપણ જાણી શકે નહિ ને મહારાજ જાણવા દે તો જણાય ને મહારાજની મરજી હોય તેમ જ થાય માટે તમે કાંઈ ચિંતા કરશો નહિ. અમે તમારા ઉપર રાજી છીએ ને તમારા હેતથી અમારો મંદવાડ મટી જશે.' ત્યાં જ બાપાશ્રીના પેટમાં દુખાવો મટી ગયો ને સાજા થઈ ગયા ને મંદિરમાં આવી સદ્‌ગુરુને દર્શન દઈને વાતો કરવા લાગ્યા, તેથી સર્વેને અતિશય આનંદ થયો. પછી સદ્‌ગુરુ સ્વામી આદિ સંતે બાપાશ્રી પાસે થોડા દિવસ રહીને દર્શન–સમાગમનો લાભ લીધો. પછી રજા લઈને અમદાવાદ ગયા. ઈતિ વિશ્રામ ૩૨

દિવ્યદર્શન થયાથી મુનિ આદિ પાંચ સંતનું પગપાળા વૃષપુર-ગમન, ચમત્કારી વાતો ને તેમને આપેલી પ્રસાદીની કેરીઓ તથા તેઓની સ્તુતિ ને શિક્ષાએ સહિત આશીર્વાદ

ત્યાર પછી અમદાવાદમાં કોઈક દિવસ મુનિ કેશવપ્રિયદાસને સ્વપ્નમાં રંગમહોલમાં શ્રીઘનશ્યામ મહારાજ છે તેમનાં દર્શન થયાં ને જોડે બાપાશ્રીનાં પણ દર્શન થયાં. તેમાં પણ શ્રીજીમહારાજે સર્વે જરીનાં વસ્ત્ર પહેર્યાં હતાં ને શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અતિશય ઉજજવળ તેજનાં કિરણો છૂટતાં હતાં –એવા, ને મહારાજનું મુખારવિંદ 'મંદ મંદ' હાસ્યયુક્ત અતિશય શોભી રહ્યું હતું ને બાપાશ્રી પણ અતિશય કોમળ અને પુષ્ટસ્વરૂપ ને અતિશય સુગંધીમાન –એવા જુગલ સ્વરૂપનાં ઘણીવાર દર્શન થયાં ને અતિશય આનંદ થયો. પછી બાપાશ્રી શ્રીજીમહારાજમાં લીન થઈ ગયા ને એક મહારાજની મૂર્તિ દેખાઈ પછી જાગી જવાયું. પછી તે વાત પુ. હરિપ્રસાદદાસજીને કહી ને તે બેયને શ્રીજીમહારાજ ને બાપાશ્રીની વાતો કરતાં વિચાર થયો જે, 'આપણે ધ્યાન કરીને

શ્રીજીમહારાજની મૂર્તિ સિદ્ધ કરવી ને અનાદિમુક્ત બાપાશ્રીનો સમાગમ કરવો ને બાપાશ્રીને રાજી કરી તેમનો આશીર્વાદ લેવો; તેમની કૃપાથી શ્રીજીમહારાજની મૂર્તિ દેખાશે ને સુખ આવશે.' –એમ વિચાર કરી પુ. હરિપ્રસાદદાસજી ને કેશવપ્રિયદાસ તે બંને સંત વસંતપંચમીએ મૂળી આવ્યા. ત્યાં પુ.નારાયણસેવકદાસજી, જોગેશ્વરદાસજી ને નારાયણપ્રિયદાસજી તેમને વૃષપુર જવાની વાત કરી, ત્યારે તે પણ તૈયાર થયા. પછી તેઓ પાંચ સંત બાપાશ્રીનાં દર્શન–સમાગમ સારુ મૂળીથી પગે ચાલીને માઘ વદ એકમના વૃષપુર પહોંચ્યા ને ત્યાં બાપાશ્રીનાં દર્શન કરી અતિશય આનંદ પામ્યા ને બાપાશ્રી પણ તે સંતને મંદિરમાં ને વાડીમાં પોતાના સમાગમનું સુખ અતિશય આપતા હતા.

એક દિવસ તે પાંચ સંત બાપાશ્રીના હસ્તની પ્રસાદી તથા આશીર્વાદ મળે એવી ઇચ્છાથી કાકરવાડીએ નાહવા ગયા. પછી નાહીને લખાઈ વાડીમાં મુક્તરાજશ્રીની પાસે આવ્યા. તે સમે બાપાશ્રી વાયરેથી ખરી પડતી જે આંબાની નાની કેરીઓ તેને પોતે વીણીને ભેળી કરતા હતા ને પોતાના પૌત્ર માવજી આદિ તેમની પાસે તે કેરીઓ વીણાવતા હતા ને સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને અતિશય દયાળુ મૂર્તિ –એવા બાપાશ્રીને જોઈ તેમને નમસ્કાર કરીને પાસે ઊભા રહ્યા. ત્યારે મુક્તશ્રી તે ભેળી કરેલી કેરીઓ લૂગડામાં લઈને આંબાના છાંયે બેઠા ને સંતમંડળ ને બાપાના પૌત્ર તે પણ સર્વે બાપા પાસે બેઠા. તે સમે બાપાશ્રી અતિ રાજી થઈને વાતો કરવા લાગ્યા જે, 'પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન ને અનાદિમુક્ત આ પૃથ્વીમાં મનુષ્યરૂપે જ્યારે વિચરે છે ત્યારે તે આમ સભા કરીને બેસે છે ને એમનાં દર્શન-સ્પર્શ થાય છે. તેમનો મહિમા જો સમજાય ને દિવ્યભાવ આવે, તો શ્રીજીમહારાજની મૂર્તિ તેજમાં તેજોમય ઝળઝળાટ દેખાય ને શ્રીહરિ તેને અનુભવજ્ઞાન આપીને મૂર્તિમાં રાખે ત્યારે મૂર્તિના સુખમાં થીજી રહે; પછી એક મહારાજ જ દેખાય. એવું સુખ આ મોટાના જોગથી મળે છે, પણ આ જોગ વિના કોટિ સાધને કરીને પણ એવી પ્રાપ્તિ થાય નહિ. આ જોગથી તો બહુ લાભ થાય છે. તમે અમદાવાદથી અહીં દર્શન કરવા આવ્યા, તે આ દર્શન–સમાગમથી શાંતિ તો થાય પણ તમને જે લાભ થયો તેની તમને અત્યારે શું ખબર પડે. એ તો જ્યારે અનુભવજ્ઞાન આપીને દિવ્યસ્વરૂપનાં દર્શન કરાવશું ત્યારે જેમ છે તેમ અનુભવ થશે. આ મોટાના સંબંધથી આ ઝાડનો પણ આત્યંતિક મોક્ષ થાય છે ને આ મોટાની પ્રસાદી જમે તથા પ્રસાદીનાં ચંદનપુષ્પની સુગંધી લે તથા દર્શન કરે તેમનો પણ મોક્ષ થાય છે.' –એમ કહીને પોતાના ગૂંજામાંથી ચપ્પુ કાઢીને ચાર–પાંચ કેરીઓ સુધારી, ને તેની પ્રસાદી કરીને સર્વે સંતોને આપી. ત્યારે એક સંત ઉપવાસી હતા તેમણે કહ્યું જે,'બાપા ! મારે ઉપવાસ છે, તેથી પ્રસાદી ખવાય કે નહિ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ઉપવાસ હોય તો ખવાય નહિ પણ રાખી

મૂકો; તે કાલે ખાજો.' પછી મુક્તશ્રીએ અતિ પ્રસન્ન થકા બીજી કેરીઓ હતી તેમાં પોતાનો હસ્તકમળ ફેરવીને કહ્યું જે, 'આ પ્રસાદી જમશે તેનું આત્યંતિક કલ્યાણ થાશે.' એમ ત્રણવાર કહ્યું. ને વળી કહ્યું જે, 'આ પ્રસાદીની કેરીઓ લો, સુધારીને સૂકવીને રાખજો; બીજાને આપવા થશે.' –એમ બોલ્યા, એટલે સંતોએ બાપાશ્રીના કહેવા પ્રમાણે કેરીઓને લઈ રાખી. પછી મુક્તશ્રીને અતિ પ્રસન્ન જાણીને સ્તુતિ–પ્રાર્થના કરવા લાગ્યા જે, "હે કૃપાળુ ! અમે શ્રીજીમહારાજ ને આપના ચરણકમળને આશર્યા છીએ માટે અમને પોતાના જાણશો ને કામાદિક દોષ થકી રક્ષા કરશો ને મૂર્તિનું ધ્યાન કરવામાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ આવે નહિ ને મૂર્તિનું સુખ આવે ને 'નીર સ્નેહી મીન, ચંદ્ર સ્નેહી ચકોર; હરિ મેરે હારલકી લકરી' –તેવી શ્રીજીમહારાજ ને આપને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય ને જેમ અનાદિમુક્ત મૂર્તિમાં અખંડ રહ્યા થકા મૂર્તિનું સુખ ભોગવે છે, તેમ આપના ભેળા રાખીને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપશો." ત્યારે મુક્તશ્રી બોલ્યા જે, 'અમારે તો વગર માગે સુખ આપવું છે પણ લેવું જોઈશે; તે શું, તો ખપ રાખવો જોઈએ. તે કહેવાનું એ છે જે,શ્રીજીમહારાજની ઉપાસના પરિપક્વ સમજવી: જે અક્ષરથી પર અક્ષરધામ છે ને પરમ-એકાંતિક મુક્તથી અધિક સ્થિતિવાળા અનાદિમુક્ત છે. તે અનાદિમુક્ત ને શ્રીજીમહારાજ તમને પ્રત્યક્ષ મળ્યા છે અને તમારા ભેળા જ છે ને તમે તેમના ભેળા જ છો. તેમાં નાસ્તિકભાવ ક્યારેય આવવા દેવો નહિ ને મોટા આપણું પૂરું કરશે-એવો વિશ્વાસ રાખવો ને તેમને વિષે મનુષ્યભાવ આવવા દેવો નહિ. મનુષ્યરૂપે દેખાય છે તોપણ મૂર્તિમાં જેવા દિવ્ય છે તેવા જ દિવ્યમૂર્તિ છે અને સિદ્ધાનંદસ્વામીની પેઠે સર્વ ક્રિયામાં મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી ને દેહથી અક્ષર પર્યંત સર્વે ખોટું કરીને મૂર્તિમાં રહેવું. આવી રીતે મહારાજ ને મોટાનું કહ્યું કરશો તો અમે તમારા ઉપર ઘણા રાજી થઈશું ને બાકીની સર્વે કસર ટાળીને અનાદિમુક્ત જેવા અનાદિમુક્ત કરશું ને ભેળા રાખશું ને સળંગ મૂર્તિના રોમરોમનું નવીન નવીન સુખ અખંડ અપાંવીશું.'–એવી રીતે બાપાશ્રીએ અતિ પ્રસન્ન થઈને શિક્ષાએ સહિત આશીર્વાદ આપ્યા ત્યારે સર્વે સંત તેમનાં અમૃતરૂપી વચન જીવમાં ઉતારીને બાપાશ્રીને દંડવત્ કરીને મળ્યા. પછી બાપાશ્રીએ કહ્યું જે, 'હવે મંદિરમાં ચાલો.' ત્યારે સર્વે સંત મંદિરમાં આવ્યા ને કથાવાર્તા કરવા લાગ્યા ને બાપાશ્રી પણ આવ્યા ને સંતને 'જય સ્વામિનારાયણ' કરીને આસને બેઠા, ત્યારે સાધુ કેશવપ્રિયદાસે જળની લોટી ભરી ઠાકોરજીને ધરીને બાપાશ્રીને જળ પાયું. પછી ગોડી વખત થયો ત્યારે બાપાશ્રીએ કથાની સમાપ્તિ કરાવી ને ગોડી ગવરાવીને પોતે ભેળા ગાવા લાગ્યા. પછી આરતી–ધૂન કરીને ઘેર વાળુ કરવા ગયા ને વાળુ કરીને પાછા મંદિરમાં આવ્યા ને કથાવાર્તા થઈ રહ્યા પછી અગિયાર વાગે શયન કર્યું.

ઈતિ વિશ્રામ ૩૩

તીર્થમાં ગ્રહણ કરવાની આજ્ઞા, કંકુબાના પારાયણમાં અમદાવાદ –આગમન, સ્વામી હરિનારાયણદાસજીની પીડા મટાડી ને દેવપરામાં મૂર્તિપ્રતિષ્ઠા ને પારાયણ વગેરે

હવે બીજે દિવસ બાપાશ્રી નિત્યની પેઠે નિયમ કરીને ઘેર જમવા પધાર્યા. પછી મંદિરમાં આવીને પગથિયાના રમણા ઉપર સૂતા ને સંત–હરિભક્ત પાસે બેસીને દર્શન કરતા હતા. પછી બેઠા થઈને કહ્યું જે, 'સંતો ! આવતી ફાગણ સુદ પૂનમનું ગ્રહણ છે, તે તમે ક્યાં કરશો ? રામપુરગંગાએ કરો કે ભૂજમાં કરો; કેમ જે તીર્થમાં કરો તે ઉત્તમ કહેવાય.' ત્યારે સંતે કહ્યું જે, 'બાપા! અમારે તો આપના ચરણમાં સર્વે તીર્થ આવી ગયાં માટે આંહીં ગ્રહણ કરશું.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સમજવું તો એમ જ જોઈએ પણ તીર્થનો વિધિ રાખવો જોઈએ.' –એમ કહીને પોતે વાડીએ પધાર્યા ને સંત ઠાકોરજીના થાળ કરીને જમ્યા ને બે વાગે વાડીએ નાહવા ગયા ને નાહીને વૃક્ષ નીચે બેઠા હતા, ત્યાં જ બાપાશ્રી આવ્યા ને સંત પાસે બેસીને વાતો કરવા લાગ્યા જે, 'આ સત્સંગમાં મોટા સત્પુરુષને ઓળખવા ને ઓળખીને જોગ કરવો પણ જ્યાં ત્યાં બાઝી પડવું નહિ. કેટલાક તો જેમાં ધર્મ-નિયમ ન હોય તેવાને પણ મોટા માને છે ને તેની સેવા કરે છે પણ તેમાંથી શું ફળ મળે ? કાંઈ મળે નહિ ને જીવનું બગડે, માટે જાણપણું રાખવું તે જે મહારાજની અજ્ઞામાં દૃઢ રહેતા હોય ને મહારાજની ઉપાસના પરિપક્વ હોય ને ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિની સ્મૃતિ રાખતા હોય એવા એકાંતિક હોય ને તેજમાં અખંડ મૂર્તિ દેખે એવા પરમએકાંતિક હોય, તેમને ઓળખીને જોગ કરવો. સત્સંગમાં તેવા મુક્ત છે ને આવા અનાદિમુક્ત પણ છે, તેમને ઓળખીને જોગ કરવો ને જોગ કરીને તેમના જેવા થાવું તો જ સુખ આવે ને મોટાની મરજી પ્રમાણે વર્તવું તો જ મોટા રાજી થાય.' ત્યારે સંતે કહ્યું જે, 'બાપા ! આપે મંદિરમાં અમને કહ્યું હતું જે, 'રામપુર કે ભૂજમાં ગ્રહણ કરો, પણ આપની મરજી અમે જાણી શક્યા નહિ માટે દયા કરીને કહો : જે અમે રામપુરમાં ગ્રહણ કરીએ, કે ભૂજમાં કે આંહીં કરીએ તે આપની મરજી જેમ હોય તેમ અમારે કરવું છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, ' રામપુરમાં ગ્રહણ કરો.' ત્યારે સંતે કહ્યું જે, 'અત્યારે જઈએ કે કાલે ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'કાલ રહો ને પરમ દિવસ જમીને જાજો.' ત્યારે સંતોએ કહ્યું જે, 'વળતા આંહીં આવીએ કે બારોબાર જઈએ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'નારાયણપુર રહીને દર્શન કરી જાજો, પછી દેશમાં જાજો.' ત્યારે સંતે પણ તેવી જ રીતે કર્યું. તે રામપુર ગ્રહણ કરીને નારાયણપુર આવ્યા, ત્યાંથી બાપાશ્રીનાં દર્શન કરવા સારુ વૃષપુર આવ્યા ને બાપાશ્રી બહુ જ રાજી થયા ને રાજી થઈને સુખડીની પ્રસાદી આપી ને ચરણરજની પ્રસાદી કરી

આપી ને સર્વે સંતને મળીને આશીર્વાદ આપ્યા જે, 'અમે સદાય ભેગા રહેશું'. પછી સંતો નારાયણપુર આવ્યા ને ત્યાંથી અંજાર જઈ જામનગર થઈને મૂળીએ આવ્યા.

સંવત ૧૯૬૯ના ચૈત્ર સુદ બીજને દિવસ અસલાલીનાં કંકુબાએ અમદાવાદ મંદિરમાં 'સત્સંગિભૂષણ'નું પારાયણ બેસાડવાનું નક્કી કરીને પ્રાણશંકરભાઈ પાસે બાપાશ્રીને પત્ર લખાવ્યો, ને બીજો પત્ર સ્વામી ઈશ્વરચરણદાસજીએ સર્વે વિગતનો બાપાશ્રીનો લખ્યો હતો. તે બેય પત્ર બાપાશ્રીને મળ્યા, તે વાંચીને બાપાશ્રી ધનજીભાઈ, ખીમજીભાઈ, દેવરાજભાઈ આદિ દસ હરિભક્તને પોતાની સાથે લઈને ભૂજ આવ્યા ને ત્યાં સંતને મળી રેલમાં બેસીને મૂળી–સ્ટેશને આવ્યા. તે સમે ભૂજથી સ્વામી મહાપુરુષદાસજીએ સ્વામી હરિનારાયણદાસજીને બાપાશ્રીના સમાચાર તારથી આપ્યા હતા, તેથી મૂળીના સ્વામી હરિનારાયણદાસજીના શિષ્ય સ્વામી ગુણાતીતદાસજી આદિ પચીસ સંત શગરામ ને ગાડાં લઈને બાપાશ્રીને સન્મુખ સ્ટેશન આવ્યા હતા. પછી રેલગાડી આવી, ત્યારે સર્વે સંતોએ બાપાશ્રીનાં દર્શન કર્યાં ને પુ. ધર્મકિશોરદાસજી આદિ સર્વે સંતે બાપાશ્રીને કહ્યું જે,'હે કૃપાળુ ! આપ દયા કરીને મૂળીએ પધારો.' ને સ્વામી હરિનારાયણદાસજીએ પણ કહ્યું છે જે, ' મારી વતી બાપાશ્રીને કહેજો : જે મૂળી પધારી અમને દર્શન દે.' ત્યારે પરમ કૃપાસાગર બાપાશ્રી કરુણાએ ભીના થકા તત્કાળ સેવક સહિત રેલગાડીમાંથી ઊતર્યા. પછી સંતમંડળે મુક્તરાજશ્રીને શગરામમાં બેસાડ્યા ને બાપાશ્રી સંત–હરિભક્ત સહિત મંદિરમાં આવ્યા ને બાપાશ્રીનો ઉતારો નવી ઈસ્પિતાલની જગ્યામાં રાખ્યો હતો. ત્યાં સ્વામી હરિનારાયણદાસજી આદિ સર્વે સંત બાપાશ્રીને મળીને બહુ રાજી થયા અને બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને પોતાને ઉતારે આવ્યા ને બાપાશ્રી મૂળીમાં પાંચ દિવસ રહ્યા. તે વખતે ઘણા સંત-હરિભક્ત દર્શને આવ્યા હતા ને બાપાશ્રી નિત્યે સભામાં બેસીને વાતો કરતા. પછી બાપાશ્રી સ્વામી હરિનારાયણદાસજી આદિ સંતની રજા લઈ શ્રીનગર આવ્યા, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ને વૃંદાવનદાસજી આદિ સંત મંદિરના દરવાજા સુધી સામા જઈ બાપાશ્રીનાં દર્શન કરીને બહુ જ રાજી થયા ને બાપાશ્રીનો ઉતારો ઈસ્પિતાલ સામે નવે મેડે રાખ્યો હતો, ત્યાં આવીને બાપાશ્રીએ નિવાસ કર્યો. હવે બાપાશ્રીને આસને હજારો સંત–હરિભક્ત આવીને બેસતા ને બાપાશ્રી સર્વેને દર્શન દઈ વાતો કરીને રાજી કરતા અને સભામંડપમાં કથા બેસતી નેં બ્ર. બાળમુકુંદાનંદજી 'સત્સંગિભૂષણ' ની કથા વાંચતા ને સંત–હરિભક્તની મોટી સભા ભરાતી. તે સમે મુક્તરાજશ્રી સંત-હરિભક્ત સહિત સભામાં આવતા અને ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સંત-સભાનાં દર્શન કરી ગાદીતકિયે બેસતા ને સર્વે સંત–હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને અતિ આનંદ પામતા. પછી ચૈત્ર સુદ અષ્ટમીને દિવસ કથાની સમાપ્તિ થઈ ને નોમને દિવસ

શ્રીજીમહારાજની જન્મતિથિનો સમૈયો છે ને અનાદિ મુક્તરાજશ્રી પધાર્યા છે એમ જાણીને હજારો હરિભક્ત આવ્યા હતા અને મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન કરીને તે સર્વે પોતાને કૃતાર્થ માનતા હતા.

એક દિવસ બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજીને સાથે લઈને શ્રીઘનશ્યામ મહારાજના અક્ષરભુવનના સામેના ઓરડામાં સ્વામીશ્રી હરિનારાયણદાસજી હતા તેમનાં દર્શન કરવા સારુ ત્યાં પધાર્યા. તે વખતે સ્વામીને આંખે મોતિયા ઉતરાવેલા હતા ને ગરમીનો શરીરમાં તાવ પણ હતો. પછી બાપાશ્રીએ સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહીને પૂછ્યું જે, 'સ્વામી ! પીડા કેવી થાય છે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'બીજા પૂછે છે તેને તો સારું છે–એમ કહું છું, પણ પીડા તો બહુ થાય છે.' –આ વચન સાંભળી બાપાશ્રીએ તેમના બધે શરીરે હાથ ફેરવીને કહ્યું જે, 'મહારાજને સંભાર્યા કરજો, એ બધુંય સારું કરશે.' –એમ કહી પોતે સભામાં ગયા, એટલામાં તો સ્વામીશ્રીને પીડા થતી હતી તે મટી ગઈ. પછી સ્વામી પાસે ભગવત્સ્વરૂપદાસજી હતા, તેમણે સ્વામીને પૂછ્યું જે, 'આ અબજીબાપા વાંસે બહુ માણસો તણાય છે ને મોટા મોટા સદ્‌ગુરુઓથી પણ એમનો ભાર વધુ જણાય છે, તે કેવા મોટા હશે ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'આજ સત્સંગમાં શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારે સર્વે કાર્ય કરે છે; એ તો અતિ મોટા છે પણ એ વાત કોઈને ખમાય નહિ માટે ન કરવી.' –એમ બોલ્યા.

અને તે સમૈયામાં દેવપરાના હરિભક્ત આવ્યા હતા, તેમણે બાપાશ્રીને પોતાને ગામ લઈ જવા સારુ પ્રાર્થના કરી જે, 'અમારે ગામ મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાની છે ને તે પ્રસંગે 'વચનામૃત'નું પારાયણ કરવાનું છે, માટે આપ પધારીને અમને કૃતાર્થ કરો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સારું, તમારે ત્યાં આવશું; હવે તમે જાઓ ને કથા ચાલુ કરાવો.' પછી તે ભક્ત કેટલાક સંતને સાથે લઈને પોતાને ગામ ગયા ને બાપાશ્રીના કહેવા પ્રમાણે કથા ચાલુ કરાવી ને બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને સાથે લઈને શ્રીનગરથી ચાલ્યા, તે ધોળકા-જયતલપુર ગયા. ત્યાંથી બારેજડી થઈને સરસપુર પધાર્યા, ને મોટા મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી કેટલાક સંત–હરિભક્તને સાથે લઈને કાલુપુર સ્ટેશન પધાર્યા. તે વખતે બાપાશ્રીનાં દર્શન કરવા હજારો સંત–હરિભક્ત આવ્યા હતા, તેમને દર્શન દઈ પોતાની સાથે આવનાર સંત–હરિભક્ત સહિત પોતે ગાડીમાં બેઠા ને ગામ કડી પધાર્યા. ત્યાંથી સંત–હરિભક્ત સહિત ગામ દેવપરે આવ્યા, ત્યાં મંદિરમાં ઊતર્યા ને મંદિરને કૂવે સ્નાન કરતા. અને ચોકમાં કથામંડપ બાંધ્યો હતો તે નીચે સંત–હરિભક્તની સભા બેસતી ને મૂળીના પુ. નારાયણસેવકદાસજી વચનામૃતની કથા વાંચતા ને બાપાશ્રી સભામાં બિરાજીને સર્વેને દર્શન દેતા ને વચનામૃતમાં રહસ્ય વાત આવે, ત્યારે સંત બાપાશ્રીને પૂછતા ને બાપાશ્રી તેનું વિવેચન કરીને સર્વેને સમજાવતા.

તે પારાયણમાં મૂળી-અમદાવાદના સંત તથા ગુજરાત, ઝાલાવાડ આદિ દેશના ઘણા હરિભક્તો આવ્યા હતા અને ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ પણ પધાર્યા હતા. પછી ચૈત્ર વદ ચોથની કથાની સમાપ્તિ કરી અને પૂજ્ય આચાર્યશ્રી ને બાપાશ્રી, તથા સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી તેમણે શ્રીજીમહારાજની મૂર્તિઓ પ્રતિષ્ઠાવિધિપૂર્વક સિંહાસનમાં પધરાવી. પછી હરિભક્તોએ ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની તથા મુક્તરાજ બાપાશ્રીની તથા સંતમંડળની પૂજા કરી ને યજ્ઞની સમાપ્તિ થઈ.

ત્યાર પછી બાપાશ્રી ત્યાંથી ચાલ્યા ને કેટલાક સંત-હરિભક્ત પણ ભેળા ચાલ્યા તે ભંકોડા-સ્ટેશને આવ્યા. પછી બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત ને પોતાના દેશના હરિભક્તને સાથે લઈને રેલમાં બેઠા ને બીજાને પાછા વળવાનું કહ્યું ને પોતે વાંકાનેર આવ્યા. ત્યાંથી મોરબી-નવલખી આવી આગબોટમાં બેઠા ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને પાછા જવાનું કહી પોતે કચ્છભૂજ પધાર્યા ને ભૂજમાં ઠાકોરજીનાં દર્શન કરી સંત-હરિભક્તને મળી બીજે દિવસ વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૩૪

સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતને પત્ર, ભૂજ જતાં ઘોડીએથી પતન, સદ્‌ગુરુ આદિ ઘણા સંત-હરિભક્ત સમાગમ કરવા આવ્યા ને અતિશય ઠંડી નિમિત્તે ઉપદેશ વગેરે

હવે અનાદિ મુક્તરાજશ્રી વૃષપુરમાં રહ્યા છે. તે સમે ભૂજથી સ્વામી ભક્તિપ્રિયદાસજી ચાતુર્માસમાં કથાવાર્તા કરવા સારુ વૃષપુર આવ્યા હતા ને બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા હતા ને કથાવાર્તા કરતા હતા અને કચ્છના ગામેગામના હરિભક્તો નિત્યે બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ આવતા ને જતા. તે સમે મુક્તરાજશ્રીએ ગુજરાત દેશમાં પોતાના સંતમંડળ પ્રત્યે એક પત્ર લખાવી મોકલ્યો તેની વિગત :-

"સ્વસ્તિશ્રી ગામ મોટપ મહાશુભસ્થાને બિરાજમાન સકળ ગુણ નિધાન, પ્રગટ પુરુષોત્તમના ઉપાસક, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, શમ, દમ, સંતોષ આદિ શુભ ગુણસંપન્ન, દેવ, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી, આદિની સેવાપરાયણ, અનેક જીવોને વાતેચિતે કરી અહીંથી લૂખા કરીને મૂર્તિમાં જોડનાર અને અનેક પોતાના આશ્રિત જનને પોતા જેવા કરનાર, શ્રીજીમહારાજની આજ્ઞાથી અહીં બેઠા થકા જીવોને અક્ષરધામમાં મૂર્તિના સુખમાં મોકલનાર અને સંસારસાગર-તારણનૌકારૂપ એવી અનેક શુભોપમા યોગ્ય સદ્. સ્વામી વૃંદાવનદાસજી, સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, સદ્. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સદ્. સ્વામી નારાયણ-

સેવકદાસજી, પુ. ધર્મકિશોરદાસજી, સાધુ કૃષ્ણકેશવદાસજી, પુ. હરિપ્રસાદદાસજી, પુ. કેશવપ્રિયદાસજી આદિ સંતમંડળ પ્રત્યે શ્રીવૃષપુરથી લિખિતંગ ભાઈ અબજીભાઈ પાંચાભાઈના 'જય સ્વામિનારાયણ' વાંચશો.

વિશેષ લખવાનું કે, તમારો લખેલો પત્ર મળ્યો છે ને તે વાંચીને તમારા લખવા પ્રમાણે વિગત જાણી છે, વળી લખતા રહેશો. બીજું તમો જેમ મહારાજની આજ્ઞામાં બરાબર વર્તો છો, તેમ સંત-હરિભક્તોને સમજાવીને વર્તાવશો. ને તમો જેવી રીતે મહારાજને અને તેમના મુક્તને અને તેમના સંત-હરિભક્તોને જેવા દિવ્ય સર્વોપરી આદિ સમજો છો તેવી રીતે સંત-હરિભક્તોને સમજાવશો અને આપણે એ જ પરમાર્થ છે, જેથી કરીને જીવનું અજ્ઞાનરૂપી અંધારું નાશ પામે. અને મોટા મોટાનો પણ એ જ સિદ્ધાંત છે જે, 'આત્મારૂપ થઈ ત્રણ દેહના ભાવ ટાળીને મહારાજની મૂર્તિમાં વળગવું.' મહારાજ ને મોટા અનાદિમુક્તનો પણ એ જ સિદ્ધાંત છે ને તમારે પણ એ જ સિદ્ધાંત રાખવો. અને દિવ્ય અક્ષરધામમાં પરમ મહાઅનાદિમુક્તો રહ્યા છે, તેઓ મૂર્તિના સુખને અનાદિ કાળના ભોગવે છે પણ કોઈ કાળે તૃપ્ત થતા નથી અને નિરંતર નવીન નવીન સુખ તેમને રહે છે, એવું મહા અલૌકિક, અપાર ને દિવ્ય એવું મૂર્તિનું સુખ છે. માટે આપણે એ મૂર્તિને બાઝી પડવું, તો મોટા સહાયતામાં ભળશે ને આપણું કામ સિદ્ધ થાશે માટે મૂર્તિમાંથી તૃપ્ત થાવું જ નહિ ; અખંડ જોડાઈ જાવું. અને મહારાજની આજ્ઞા ધર્મામૃત-નિષ્કામશુદ્ધિ પ્રમાણે પાળવી અને કથાવાર્તા-કીર્તન કરવાં અને સાંભળવાં એ તો સાધુનો ધર્મ જ છે તે કરવું, પણ મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને કરવું અને મૂર્તિમાં જોડાવું ને સત્સંગ સર્વે દિવ્ય જાણવો. તેમાં આપણને ઘણો જ લાભ છે. અને મહારાજે વચનામૃતમાં પણ ઠેકાણે ઠેકાણે લખ્યું છે જે, 'સત્સંગમાં કોઈનો દ્રોહ કરવો નહિ.' ને મનુષ્યભાવ આવે તો અપરાધ થઈ જાય. જેથી કરીને અહીં અને ધામમાં સદા સુખી રહેવાય તેમ કરવું. અને તે ધામ પણ આંહીં જ છે ; પણ ધામ કાંઈ છેટે નથી એવું દિવ્યપણું સમજવું ; ને એવું દિવ્યપણું સમજાય તો તો છતે દેહે જ ધામમાં બેઠા છીએ. માટે આ દેહ છે, ત્યાં લગી આજ્ઞામાં રહીને કથાવાર્તા-ધ્યાનકીર્તન કર્યા કરવું ને મૂર્તિમાં વળગી રહેવું અને નિશાન ચૂકવું જ નહિ. જેમ સિદ્ધાંનદસ્વામીએ સર્વ ક્રિયામાં મહારાજની મૂર્તિ સિદ્ધ કરી હતી, તેમ જ આપણે પણ મંડવું, તો સર્વે વાત સંપૂર્ણ થશે અને તમોએ તો એ વાત સિદ્ધ કરી છે, તોપણ આ તો લખવાની રીતિ છે તે લખ્યું છે. તે જેમ સમજવું ઘટે તેમ સમજજો અને બીજું સર્વે થાય પણ આ વાતમાં જીવ અટકે છે. તે સારુ મહારાજે વચનામૃતમાં પણ લખ્યું છે જે, 'સર્વ સાધન કરતાં મૂર્તિ રાખવી તે મોટું સાધન છે અને તેથી કોઈ સાધન કઠણ નથી.' એ જ.

બીજું સ્વામી વૃંદાવનદાસજીને માલમ થાય જે, આ પત્રમાં જેનાં જેનાં નામ છે તે તે

સંતમંડળ જ્યાં જ્યાં હોય તેમને તમો આ પત્ર લખી મોકલાવશો અને જે સારા સ્નેહી હરિભક્ત હોય, તેને પણ અમારા 'જય સ્વામિનારાયણ' સાથે આ પત્રનો વિધિ લખી મોકલાવશો.

બીજું અહીં સાધુ ભક્તિપ્રિયદાસજીનું મંડળ ફરવા આવ્યું છે, તે સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા સનાતનદાસજી તથા ઘનશ્યામદાસજી તથા ભક્તિપ્રસાદદાસજી તથા ભક્તરાજ પટેલ ઝીણા તથા માવજી તથા જાદવજી તથા સેવક કાનજી તથા મનજી તથા સેવક રામજી તથા સભા સર્વેના તથા દહીંસરાના કેસરાભાઈ તથા ખીમજીભાઈ તથા ગામ નારાયણપુરના પટેલ ધનજીભાઈ તથા બીજા હરિભક્તોના તથા ભૂજનગરના સાધુના તથા બીજા ગામડાના હરિભક્તોના જે અહીંયાં છે તે સર્વેના 'જય સ્વામિનારાયણ' વાંચશો અને અમારે શરીરે મહારાજની મરજીથી ક્ષેમ-કુશળતા સારી રીતે છે; મંદવાડ નથી, આનંદ છે. બીજું હમણાં નાનામોટા હરિભક્તો જો અહીં આવતા હોય તો તેમની મરજી, પણ સમાગમનું સુખ આવશે નહિ. કારણ કે હાલમાં નિયમના દિવસ છે, તેથી અમારે ભૂજનગર જાવું પડે, રામપુર જાવું પડે તથા ગામ કુભારિયે મિસ્ત્રીઓમાં જાવું પડે –એવો સંભવ છે; તેથી સુખ આવશે નહિ. પછી તો મહારાજની મરજી, એ જ. સંવત ૧૯૭૦ ના અસાડ વદ એકાદશી."

બાપાશ્રીએ આવી રીતનો પત્ર લખાવીને ગામ મોટપ સદ્. સ્વામી વૃંદાવનદાસજીને મોકલાવ્યો, ત્યારે તે સ્વામી પોતાના કલ્યાણકારી ગુરુ એવા મુક્તરાજશ્રીનો લખાવેલો પત્ર છે એમ જાણીને તે પત્ર માથે ચડાવીને હૃદયમાં ભીડ્યો. પછી તે પત્રને પાટલા ઉપર પધરાવીને દંડવત્ – પ્રદક્ષિણા કર્યા. પછી સર્વે સંતોએ ભેળા બેસીને તે પત્ર વાંચ્યો ને પત્રમાં લખવા પ્રમાણે સર્વે સંત મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ કરવા લાગ્યા અને શ્રીજીમહારાજ ને મોટાના પ્રતાપથી તેમને તેલધારાની પેઠે મૂર્તિમાં અખંડ વૃત્તિ રહેવા લાગી. અને તે પત્રમાં બીજા સંતનાં નામ હતાં, તેમના ઉપર પણ તે પત્રના બીજા પત્ર લખાવીને મોકલી દીધા અને તે સંતો પણ તે પત્રને વાંચીને તેવી રીતે પરમ આનંદને પામ્યા.

પછી મુક્તરાજ બાપાશ્રી શ્રાવણ માસમાં ભૂજમંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા સારુ ઘોડીએ બેસીને આવતા હતા પણ રસ્તામાં ઘોડીએ તોફાન કર્યું, એટલે બાપાશ્રી ઘોડીએથી પડી ગયા અને ઘોડી પાછી જતી રહી અને બાપાશ્રીને એક પગમાં વાગ્યું હતું, તેથી ત્યાં જ સૂઈ રહ્યા. પછી કોઈક ગાડાવાળો હતો –તે બાપાશ્રીને જોઈને પાસે આવ્યો ને બાપાશ્રીને પૂછી ને ગાડામાં બેસાર્યા અને ભૂજમંદિરમાં પહોચાડીને પાછો ગયો. પછી સાધુ હરિભક્ત બાપાશ્રી પાસે આવ્યા ને વાગ્યાનું કારણ પૂછ્યું. ત્યારે ઘોડીએ તોફાન કર્યું તે વાત કરી, એટલે તેઓ બાપાશ્રીની સેવા કરવા લાગ્યા. અને તે સમે કણભાના આશાભાઈ આવ્યા હતા, તે બાપાશ્રીની સેવા કરવા લાગ્યા.

પછી પાંચ દિવસે બાપાશ્રીને સારું થયું ત્યારે ભૂજના સંતોએ બાપાશ્રીને મંદિરની ગાડીમાં બેસારીને વૃષપુર મોકલ્યા અને તે પછી બાપાશ્રી પાછા સંતને જમાડવા સારુ ભૂજ આવ્યા અને સર્વેને જમાડી આનંદ પમાડીને પાછા વૃષપુર આવ્યા.

ત્યાર પછી સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી નારાયણસેવકદાસજી આદિ અમદાવાદના અને મૂળીના પુ. સ્વામી ધર્મકિશોરદાસજી આદિ ત્રીસ સંત તથા શેઠ ભૂરાભાઈ આદિ હરિભક્ત તેઓ સર્વે બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ વૃષપુર આવ્યા ને બાપાશ્રીનાં દર્શન કરી અતિ આનંદ પામ્યા. અને તે માઘ માસમાં માવઠું થયું હતું, તેથી બહુ જ ઠંડી પડતી. તેથી એક હરિભક્તે બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! હરિભક્ત ઘણા આવ્યા છે ને તે પ્રમાણે ઓઢવા, પાથરવા તથા ઉતારા વગેરેની સગવડ પણ સારી મળી છે પણ ઠંડી અતિશય જ પડે છે, તેથી ઠંડી બહુ જ લાગે છે અને નહાતાં ધોતાં તો ઠરી જવાય છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ટાઢ પડે તો એમ જાણવું જે, તપ કરીએ છીએ.' અને મુક્તરાજ બાપાશ્રી પણ એવી ટાઢમાં રાત્રીએ મંદિરની ઓસરીમાં વાયરો આવતો, તોપણ ત્યાં જ પોતાને આસને સૂઈ રહેતા ને ઓઢવામાં પણ એક હલકી ગોદડી ઓઢતા. ત્યારે સાધુ કેશવપ્રિયદાસે કહ્યું જે, 'બાપા ! આપ દયા કરીને આ બીજું ગોદડું ઓઢો, કારણ કે ટાઢ તો બહુ છે. –એમ કહીને બીજું ગોદડું ઓઢાડવા માંડ્યું. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'બીજું ગોદડું નહિ જોઈએ. ત્યારે સાધુ કેશવપ્રિયદાસે કહ્યું જે, 'બાપા ! ટાઢ બહુ છે, તેથી આપને ટાઢ વાશે' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આપણા ધણી શ્રીજીમહારાજ શું કરતા ?' ત્યારે મુનિએ કહ્યું જે, 'બાપા ! એ તો આપ સમજાવો ત્યારે સમજાય.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ઉનાળે અગ્નિ તાપતા, ચોમાસે વરસાદની ધારાઓ સહન કરતા અને શિયાળામાં જળમાં બેસતા માટે આપણે પણ થોડું ટાઢું ઊનું સહન કરવા શીખવું.' તે બાપાશ્રી પોતે સ્વતઃસિદ્ધ અનાદિ મુક્તરાજ છે, તોપણ બીજા સંત તથા ભક્તજનને શીખવવા સારુ એવું વર્તન રાખતા ને રાત્રીના ત્રણ વાગે જાગીને ધ્યાનમાં બેસતા. તે એક કલાક ધ્યાન કરીને પછી સ્નાન કરવા ઊઠતા ને કોઈક દિવસ રાત્રીએ બે વાગે જાગીને એક કલાક ધ્યાનમાં બેસતા ને કોઈક રાત્રીએ સાડા ત્રણ વાગે જાગ્રત થઈને ધ્યાનમાં બેસતા ને નિત્યે ચાર વાગે સ્નાન કરવા ઊઠતા ને સંત-હરિભક્ત બાપાશ્રીને સ્નાન કરાવતા ને બાપાશ્રી નિત્યવિધિ કરી પોતાને ઘેર જઈ સેવકને કામ બતાવીને પાછા મંદિરમાં આવી સભામાં બેસતા, ને બાપાશ્રી જ્યારે વાતો કરતા ત્યારે સર્વેની વૃત્તિઓ મૂર્તિમાં આકર્ષણ થઈ જતી ને મૂર્તિનું સુખ આવતું. એવી રીતે બાપાશ્રી સદ્‌ગુરુ આદિ સર્વે સંતમંડળને પોતાના સમાગમનું બહુ સુખ આપવા લાગ્યા. ઈતિ વિશ્રામ ૩૫

વચનામૃતની પ્રશંસા, ત્યાગીના ધર્મની વાતો, રામપુર-કથાયજ્ઞ ને આચાર્યશ્રીનો તાર, ભારાસર-પારાયણ ને મૂર્તિપ્રતિષ્ઠા, વૃષપુરમાં કરેલી છત્રી, ભૂતનો મોક્ષ ને યજ્ઞનો સંકલ્પ

ત્યાર પછી ફાગણ સુદ એકાદશીને દિવસે બાપાશ્રી નિત્યનિયમ કરીને પોતાના ઘેર પધાર્યા ને મંદિરમાં સદ્‌ગુરુ આદિ સંત-હરિભક્તની સભા બેઠી હતી. પછી બાપાશ્રી ઘેરથી મંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કરી સભામાં આસન ઉપર વિરાજમાન થયા ને સાધુ કેશવપ્રિયદાસ વચનામૃતની કથા વાંચતા હતા. તેમાં પ્રથમના ૩૪ના વચનામૃતમાં એમ આવ્યું જે, 'ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.' ત્યારે મુક્તરાજશ્રી બોલ્યા જે, "આપણે મહારાજની આજ્ઞા ક્યારેય લોપવી નહિ અને તમારે ત્યાગી સાધુને ધર્મામૃત પ્રમાણે વર્તવું તે આજ્ઞા પ્રમાણે કહેવાય ને અમારે ગૃહસ્થને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું તે આજ્ઞા પ્રમાણે કહેવાય, ને વચનામૃત ને ભક્તચિંતામણિ તે તો બેયને જોઈએ. અને ભક્તચિંતામણિ તે આપણું ભક્તિશાસ્ત્ર છે અને વચનામૃત તે અધ્યાત્મશાસ્ત્ર છે, એનાથી મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ સમજાય છે ને આત્યંતિક મોક્ષની રહસ્યવાર્તાઓ, તે પણ વચનામૃતમાં છે. પરંતુ પોતાની મેળે જેમ છે તેમ સમજાય નહિ પણ મોટા અનાદિમુક્ત હોય તેમનાથી સમજે ત્યારે સમજાય. અને સર્વે બીજાં શાસ્ત્ર ભણે છે પરંતુ વચનામૃત કોઈ ભણતું નથી; પણ ભણવા જેવાં એટલે મોટા સત્પુરુષ થકી તેનું રહસ્ય સમજવું. તે જો મોટા પુરુષથી સમજે તો જ સમજાય ને એમ જાણે જે, 'એ તો પ્રાકૃત ગ્રંથ છે, એ તો અમે ઘણીવાર વાંચીએ છીએ; તેમાં શું ભણવું છે ? પણ તે તો શ્રીજીમહારાજના મુખકમળનાં વચન છે ને બહુ ગૂઢ અર્થનાં ભરેલાં છે. તે જો મોટાનો વિશ્વાસ લાવીને સમજવા માંડે તો સમજાય ને સમજીને જીવમાં ઉતારે ત્યારે મૂર્તિનું સુખ આવે. અને સ્વામી નિર્ગુણદાસજી કહેતા જે, 'ગોપાળાનંદસ્વામી વચનામૃતનું રહસ્યજ્ઞાન સમજાવતા ત્યારે અમને બહુ જ આનંદ થતો.' તે સ્વામી નિર્ગુણદાસજી ને અમે ભેગા બેસીને વચનામૃતની વાતો કરતા ને તેની તે વાતો અત્યારે તમને સર્વેને કરીએ છીએ. અને ધર્મામૃત ને શિક્ષાપત્રી તે ધર્મશાસ્ત્ર છે. તે પ્રમાણે ત્યાગીને વર્તવું ને ગૃહસ્થને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું. તેમાં જો ગૃહસ્થને ચોરીદારી ઇત્યાદિક મોટા વર્તમાનમાં ફેર હોય તો તેનું અન્નપાણી સાધુ-સત્સંગીને લેવાય નહિ અને ત્યાગીને સ્ત્રી-દ્રવ્યના ત્યાગરૂપી વર્તમાનમાં ફેર હોય, તો તેના ભેળું ખવાય નહિ. માટે જેને શ્રીજીમહારાજને પામવા છે તેને વિચાર રાખવો. તમારે ત્યાગી સાધુને સ્ત્રીનો સંબંધ ઘણું

કરીને ન થાય, પણ જો દ્રવ્યનો સંબંધ થાય તો તે પણ મોટો દોષ છે. માટે દ્રવ્ય રાખશે, તેને મહારાજની મૂર્તિમાં અમારા ભેળું રહેવાશે નહિ માટે ત્યાગીને દ્રવ્ય રાખવું નહિ.' પછી સદ્‌ગુરુ આદિ સંત બોલ્યા જે, 'બાપા ! સાધુ થયા–ત્યારથી જ આપે કહ્યું તે જ પ્રમાણે વર્તાય છે ને શ્રીજીમહારાજ ને આપની કૃપાથી વર્તવું છે. 'ત્યારે મુક્તરાજ બાપાશ્રી તે સાંભળીને અતિશય રાજી થયા." –આવી રીતે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ રાખવો એવો બાપાશ્રીએ શ્રીજીમહારાજનો સિદ્ધાંત જણાવ્યો.

પછી બાપાશ્રી બોલ્યા જે, 'સંતમંડળ ગામડાંમાં ધર્માદો લેવા જાય ત્યારે હરિભક્ત દેવને ધર્માદાનું જે દ્રવ્ય આપે તે સાધુને સાચવી રખાવવું જોઈએ અને મંદિરમાં આવીને કોઠારમાં હિસાબ સહિત દઈ દેવું જોઈએ. ને સંત ગામડામાં કથાવાર્તા કરવા જાય ને હરિભક્ત સંતની ધોતિયાં વગેરે જે સેવા કરે તે દ્રવ્ય પણ થોડા દિવસ સાચવવું જોઈએ. પછી તે પૈસાનું સંતને ધોતિયાં વગેરે જે જોઈએ તે હરિભક્ત પાસે લેવરાવી આપવું. તેમ જ કોઈ મંદિરના કામમાં જે રૂપિયા આપ્યા હોય, તે પણ એ કામ ચાલે ત્યાં સુધી સાચવવા પડે, તેમ કયાંક જવું–આવવું હોય ત્યારે પણ તેની સગવડ કરીને તે વાપરી દેવું, પણ પોતાની પાસે રાખી મેલવું નહિ. એમ મુખ્ય સાધુ હોય તેમણે બીજા સંતને સાચવી રાખવા.' –આવી રીતે ઘણાક મોટા મોટા સંત-હરિભક્ત સભામાં બેઠા હતા, તેમને વાતો કરી અને આશીર્વાદ આપ્યા, તેથી સર્વેને ઘણો આનંદ થયો.

તે સમે ગામ રામપુરમાં મોટાં ડોશી ધનુબા તેમણે 'વચનામૃત'ના પારાયણનો પ્રારંભ કરાવ્યો હતો ને સંતમંડળ સહિત બાપાશ્રીને કથામાં તેડવા દેવરાજભાઈને મોકલ્યા હતા; તેથી સંતને સાથે લઈ બાપાશ્રી રામપુર પધાર્યા ને ત્યાં કથાના પાંચ-છ દિવસ થયા. તેવામાં ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને દંઢાવ્ય દેશમાં ફરવા જાવું હતું, તેથી સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી નારાયણસેવકદાસજી એ બેયને તાર કરીને તેડાવ્યા ત્યારે બન્ને સદ્‌ગુરુ બાપાશ્રીની રજા લઈને જવા તૈયાર થયા. પછી સ્વામી નારાયણસેવકદાસજીએ બાપાશ્રી પાસે આવીને કહ્યું જે, ' બાપા ! અમે ચાલીએ છીએ તે ચાલવા સમયની શીખ આપો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ઝાઝું ન સમજાય તો આટલું તો જરૂર જાણજો જે, શ્રીજીમહારાજે આ મુક્તને સુખ આપવા મોકલ્યા છે; માટે શ્રીજીમહારાજ આ મુક્તદ્વારે સુખ આપે છે. એટલું જાણશો તો અમે તમારા ભેળા રહેશું ને તમને અમારા ભેળા મૂર્તિમાં રાખશું ને તમારું પરમ કલ્યાણ થાશે.' પછી સ્વામી વૃંદાવનદાસજીએ આવીને બાપાશ્રીને કહ્યું જે, 'દયા રાખજો ને ભેળા રહેજો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તો તમારા ભેળા જ છીએ અને તમે અમારા રૂપ છો ને અમે જેટલું કરીએ તેટલું તમે પણ અમને લઈને કરી શકો.' –એમ કહીને કહ્યું જે, 'તમે સુખેથી જાઓ.' ત્યારે બેય સદ્‌ગુરુ પોતાના સાધુએ સહિત

બાપાશ્રીને મળીને ચાલ્યા ને બાપાશ્રી બન્ને સદ્‌ગુરુને ભાગોળ સુધી વળાવવા ગયા. પછી કથામાં આવ્યા ને સ્વામી ભક્તિપ્રિયદાસજી વચનામૃતની કથા વાંચતા ને બાપાશ્રી વચનામૃતનું રહસ્ય સર્વેને સમજાવતા, એમ નિત્યે કથાવાર્તા થાતી. પછી કથાની સપ્તાહ પૂરી થઈ ત્યારે બાપાશ્રી છત્રી પાસેની ઓરડીમાં બેઠા હતા અને પાસે સ્વામી ઈશ્વરચરણદાસજી ને ભૂજના ભક્તિપ્રિયદાસજી આદિ સંત તથા બીજા કેટલાક હરિભક્ત બેઠા હતા. તે સમે ભારાસરના પટેલ ગાંગજી તથા માવજી આદિ હરિભક્તે હાથ જોડીને બાપાશ્રીને કહ્યું જે, 'અમારા ગામમાં બાઈઓના મંદિરમાં મૂર્તિઓ પધરાવવી છે ને 'શિક્ષાપત્રીભાષ્ય'નું સાત દિવસનું પારાયણ કરાવવું છે માટે આપ દયા કરીને આ સંતમંડળને સાથે લઈને ત્યાં પધારો.' ત્યારે બાપાશ્રીએ હા કહી. પછી સંતમંડળ સહિત ભારાસર પધાર્યા. ત્યાં બાપાશ્રી કથામાં બેસીને પોતે વાતો કરતા જે, 'શ્રીજીમહારાજના મુક્તાવતાર છે, તે બીજા અવતારથી અધિક છે ને શ્રીજીમહારાજની ઈચ્છાથી સત્સંગમાં મુક્તાવતાર થાય છે.' –એમ ઘણીક વાતો કરી.

પછી ફાગણ વદ આઠમને દિવસે બાપાશ્રી તથા સર્વે સંતમંડળે પ્રતિષ્ઠાવિધિપૂર્વક મૂર્તિઓ સિંહાસનમાં પધરાવી. પછી સર્વેને જમાડ્યા અને બ્ર. નિર્ગુણાનંદજીએ બાપાશ્રીને જમાડ્યા. ત્યાર પછી બાપાશ્રી સર્વે સંતની સાથે ભૂજ આવ્યા ને ભૂજમાં પાંચ દિવસ રહ્યા. પછી મૂળી–અમદાવાદના સંતને વળાવીને પાછા બળદિયે આવ્યા ને વળી અન્નકૂટના સમૈયામાં ભૂજ પધાર્યા ને સ્વામી મહાપુરુષદાસજી આદિને ભેગા કરીને કહ્યું જે, 'અમારે શ્રીજીમહારાજની સેવા કરવી છે. તે જો તમારી મરજી હોય તો શ્રી ઘનશ્યામ મહારાજની આરસની મોટી મૂર્તિ કરાવીએ ને તેનું સિંહાસન કરાવીએ ને પછી મોટો યજ્ઞ કરીને મૂર્તિ પધરાવીએ. અને તે કરવાનું મંદિરમાં સાનુકૂળ ન આવે તો અમારે ગામ કાળુ તલાવડીએ મહારાજની બેઠકનું સ્થાન છે, ત્યાં છત્રી કરાવીએ અને સંત-હરિભક્તને તેડાવીને મોટો યજ્ઞ કરાવીએ ને છત્રીએ ચરણારવિંદ પધરાવીએ.' ત્યારે ભૂજના સર્વે સંતે કહ્યું જે, 'મંદિરમાં સંકડાશ છે, તેથી મૂર્તિ પધરાવવાનું સાનુકૂળ નહિ પડે ને તમારે ગામ કાળુ તલાવડીએ પ્રસાદીનું સ્થાન છે ત્યાં આપે જે ધાર્યું છે તે કરાવો.' પછી બાપાશ્રી તે કામ કરાવવા સારુ સંતને આવવાનું કહીને વૃષપુર પધાર્યા. પછી સાધુ વિજ્ઞાનદાસજી મંડળે સહિત તે છત્રીનું કામ કરાવવા સારુ આવ્યા ને બાપાશ્રીની અનુવૃત્તિ પ્રમાણે કામ કરાવતા. તેમાં પ્રથમ બાપાશ્રી સાધુ-હરિભક્તને સાથે લઈને તલાવડીએ પધાર્યા ને છત્રી છે, તેની આજુબાજુમાં ઘણાં ભૂત રહેતાં હતાં. તે સર્વે ભૂતનો મોક્ષ કરવાનો સંકલ્પ કરીને બાપાશ્રીએ અધમણ ગોળ-સાકર મંગાવ્યાં ને પોતે તેની મૂઠીઓ ભરી ભરીને ભૂતના સારુ ફેંકી, ત્યારે તે સર્વે ભૂતે ભેગા થઈને સર્વે પ્રસાદી અધ્ધરથી લઈ લીધી ને એકેય કણી ભોંય પડવા દીધી નહિ ને તે સર્વે ભૂતનો કેવળ કૃપાએ

કરીને મોક્ષ કર્યો. પછી સર્વે હરિભક્ત પાસે છત્રીનો પાયો ખોદાવીને એક પ્રસાદીનો મોટો પથ્થર પાયામાં નખાવ્યો ને તે કામ ચાલુ કરાવ્યું; વળી બાપાશ્રી કામ કરનાર કડિયા કાનજીને સારું કામ કરવાની ભલામણ કરતા. પછી તે છત્રી તથા ફરતો વંડો તથા તલાવડીનાં પગથિયાં આદિ સર્વે કામ પૂરું થયું, ત્યારે બાપાશ્રીએ સાધુ વિજ્ઞાનદાસજીને શ્રીજીમહારાજની પ્રસાદીનાં સારાં બે જોડ ચરણારવિંદ પોતાની પાસે હતાં, તે લાવીને કહ્યું જે, 'વિજ્ઞાનદાસજી ! તમે આ છત્રીના કામમાં બહુ દાખડો કર્યો છે માટે હું તમને રાજી થઈને આ બે જોડ ચરણારવિંદ આપું છું–તે લો.' ત્યારે તેમણે કહ્યું જે, 'તમે રાજી થયા, તે મને કરોડ ચરણારવિંદથી પણ વધારે છે ને આવા ને આવા રાજી રહેજો ને અક્ષરધામમાં મૂર્તિનું સુખ અપાવજો; તેમાં કોઈ વિઘ્ન આવે નહિ તેવી દયા રાખશો.' ત્યારે બાપાશ્રી તેમના ઉપર બહુ રાજી થયા ને તે બંને જોડ ચરણારવિંદ બાપાશ્રીએ ભૂજમંદિરમાં પધરાવ્યાં છે. પછી તે સંત બાપાશ્રીનો પાંચ દિવસ સમાગમ કરીને ભૂજ ગયા ને બાપાશ્રીએ અનંત જીવનો ઉદ્ધાર કરવા સારુ મોટો યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. ઈતિ વિશ્રામ ૩૬

સં. ૧૯૭૧ના યજ્ઞનો પ્રારંભ–તે નિમિત્તે ગામેગામ કંકોત્રીઓ ને દેશ–વિદેશના ઘણા સંત–હરિભક્તનું આગમન, કથાનું પૂજન, દિવ્યદર્શન ને સભાનું તથા જમવા વગેરેનું કિંચિત્ વર્ણન

આ અનાદિ મુક્તરાજશ્રીના પ્રાદુર્ભાવનો હેતુ એ છે જે, 'માહાત્મ્યજ્ઞાને સહિત શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સંત-હરિભક્તને સમજાવવી ને તે સમજે તેને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખવા ને આ મુક્તદ્વારે અનંત જીવનો મોક્ષ કરવો.' એવો શ્રીજીમહારાજનો સંકલ્પ છે. તેથી અનાદિ મુક્તરાજશ્રીએ એવો વિચાર કર્યો જે, 'મારે મોટો યજ્ઞ કરીને તેમાં ઘણા સંત-હરિભક્તને તેડાવવા, જેથી સર્વેને મારાં દર્શન–સમાગમનો લાભ મળશે ને જે માહાત્મ્ય સમજીને સેવા–સમાગમનો લાભ લેશે, તેને મૂર્તિમાં રાખવા છે. માટે યજ્ઞમાં ઘણા જીવો સુખિયા થશે.' –એમ ધારીને મુક્તરાજશ્રીએ યજ્ઞનો પ્રારંભ કર્યો. તે યજ્ઞમાં સંત-હરિભક્ત કેટલા આવ્યા હતા ને વળી યજ્ઞમાં મુક્તરાજશ્રીએ જે જે ચમત્કાર ને ઐશ્વર્ય જણાવ્યાં હતાં તે સર્વે કહીએ છીએ.

પ્રથમ અનાદિ મુક્તરાજશ્રી નારાયણપુરના ધનજીભાઈ ને વૃષપુરના ઝીણા પટેલ તેમને સાથે લઈને ભૂજ પધાર્યા, ત્યાં સ્વામી મહાપુરુષદાસજી, બ્ર.નિર્ગુણાનંદજી ને ભોગીલાલભાઈ મહેતા, તથા કોઠારી વેલજીભાઈ આદિ સંત-હરિભક્તને ભેગા કરીને તે યજ્ઞ કરવાની વાત જણાવી, ત્યારે તે સર્વે ઘણા જ રાજી થયા ને જોશીને બોલાવીને યજ્ઞના પ્રારંભનું મુહૂર્ત જોવરાવી ફાગણ વદ એકાદશીનું નક્કી કર્યું પછી બાપાશ્રી ને ધનજી પટેલ સર્વે પાછા વૃષપુર આવ્યા ને

વૃષપુરના પટેલ ઝીણા, નારાયણપુરના પટેલ ધનજી તથા બીજા ગામના મોટા મોટા હરિભક્તને યજ્ઞ કરવાની વાત જણાવી, ત્યારે તે સર્વે બહુ રાજી થયા. પછી યજ્ઞ સારુ ઘી, ગોળ આદિ સર્વે સામાન લાવવાની હરિભક્તને ભલામણ કરી, ત્યારે તે હરિભક્તે સર્વે સામાન લાવી લાવીને મોટા ઓરડા ભરાવી રાખ્યા. પછી અમદાવાદ, મૂળી તથા ગઢપુર આદિ ધામોમાં ને ગામેગામ સંત-હરિભક્તને કંકોત્રીઓ લખાવી મોકલી. તેની વિગત :-

'સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને બિરાજમાન, ઉત્તમોત્તમ શ્રી પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ-સ્વામીના અનન્ય ઉપાસક, શ્રીજીમહારાજ કૃત મર્યાદાપાલક, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ શુભ ગુણસંપન્ન હરિભક્તશિરોમણિ એવી અનેક ઉપમા યોગ્ય ભાઈશ્રી..... પ્રત્યે કચ્છ બળદિયાથી લિ. અનાદિ મુક્તરાજ અબજીભાઈ પાંચાભાઈના 'જય સ્વામિનારાયણ' વાંચશો.

અત્ર શ્રીજીમહારાજના પ્રસાદીના સ્થાને છત્રી કરાવી છે, તેમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવવાના છે. તે નિમિત્તે 'સત્સંગિજીવન'નું પારાયણ કરાવીએ છીએ. તેનો સમારંભ સંવત ૧૯૭૧ના ફાલ્ગુન વદ એકાદશીને દિવસે થશે ને તેની સમાપ્તિ ચૈત્ર સુદ ત્રીજની થશે. આ બ્રહ્મયજ્ઞમાં મોટા મોટા સદ્‌ગુરુ સંત ઘણાં ધામોથી આવ્યા છે ને આવશે ને બ્રહ્મસ્વરૂપ ને મૂર્તિના સુખભોક્તા એવા હજારો હરિભક્તો આવશે અને કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ થશે. તેનો પરમ લાભ લેવા સર્વે સહકુટુંબ આવશો, જે આવશે તેનો શ્રીજીમહારાજ મોક્ષ કરશે.'

તે કંકોત્રીઓ મોકલાવ્યા પહેલાં જ સ્વામી ઈશ્વરચરણદાસજી,સ્વામી વૃંદાવનદાસજી આદિ તથા ભૂજના સંતનાં મંડળ,તે તો બાપાશ્રીના સંકલ્પથી આગળથી જ આવ્યા હતા ને બાપાશ્રીનાં દર્શન-સેવાસમાગમનો લાભ લેતા હતા. પછી આ કંકોત્રીઓ ગામેગામ સંત-હરિભક્તને પહોંચી ત્યારે અમદાવાદ, મૂળી, વડતાલ, ગઢડા,ભૂજ, જૂનાગઢ આદિ ધામોના તથા ગુજરાત, કાઠિયાવાડ, ભાલ, નળકંઠો આદિ દેશમાં તથા ગામેગામમાં રહેલા સર્વે સંત-હરિભક્ત વૃષપુર આવવા લાગ્યા અને સંત-હરિભક્તથી વૃષપુર ઊભરાવા લાગ્યું. પછી ફાગણ વદ એકાદશીનો દિવસ આવ્યો ત્યારે ચોઘડિયાં વગેરે નાના પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં અને અનાદિ મુક્તરાજશ્રી પોતાના પુત્ર-પૌત્રાદિક સહિત પૂજા કરવા સારુ સભામંડપમાં આવ્યા ને સિંહાસન સન્મુખ બેઠા. પછી બ્ર. મુનીશ્વરાનંદજી ને પુરાણી ધર્મકિશોરદાસજી તેમણે બાપાશ્રીની પાસે શ્રીહરિકૃષ્ણ મહારાજનું ષોડશોપચારે કરીને પૂજન કરાવ્યું ને મુક્તે સહિત મહારાજનું સ્થાપન કર્યું. પછી પરિવારે સહિત બાપાશ્રીનું પૂજન કરી બાપાશ્રી આદિના કાંડે મંત્ર બોલીને મંગળસૂત્ર બાંધ્યાં. પછી પુ. ધર્મકિશોરદાસજી કથા વાંચવા પાટ ઉપર બેઠા ને બાપાશ્રી પોતાના પુત્રે સહિત પુસ્તકની ને પુરાણીની પૂજા કરીને ધોતિયાં ઓઢાડી આરતી કરવા લાગ્યા. તે

વખતે આકાશમાંથી ચંદનપુષ્પની વૃષ્ટિ થવા લાગી ને આકાશ ચિદાકાશ જેવું શોભી રહ્યું હતું અને સિંહાસનમાં પધરાવેલી જે શ્રીજીમહારાજની મૂર્તિ તેમાંથી તેજની છટાઓ છૂટતી હતી ને બાપાશ્રીનું દર્શન અલૌકિકરૂપે થાતું હતું અને સર્વે સંત-હરિભક્તનાં હૃદય આનંદથી ઊભરાતાં હતાં અને મોટા મોટા સંત-હરિભક્તને છતે દેહે જ અક્ષરધામનું સુખ આવતું હતું. પછી બાપાશ્રી આરતી કરી રહ્યા ત્યારે પ્રકાશ બંધ થઈ ગયો ને સર્વે સંત-હરિભક્ત સભામાં બેસી ગયા ને પુ. ધર્મકિશોરદાસજી કથા વાંચવા લાગ્યા. પછી બાપાશ્રીએ પોતાના દીકરાને સંત-સભાની પૂજા કરવાની આજ્ઞા કરી ને પોતે સભામાં વિરાજમાન થયા. હવે બાપાશ્રીના દીકરાએ પ્રથમ આગળ બેઠેલા મોટા સદ્‌ગુરુઓની પૂજા કરી. પછી સર્વે સભામાં સંતને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા. તેમ જ હરિભક્તની સભામાં સર્વેને ચંદન ચર્ચી પૂજાઓ કરી. ને તે સમે સંત-હરિભક્તની સભા અક્ષરધામની સભા જેવી શોભતી હતી ને સિંહાસનમાં બિરાજમાન શ્રીજીમહારાજ તથા સભામાં ગાદીતકિયે વિરાજમાન –એવા બાપાશ્રી તેમની શોભા તો અવર્ણનીય હતી પણ તે સમે જેને દર્શન કર્યાં હશે તેને અનુભવ થયો હશે. અને તે સભામાં સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તે કથામાં જે રહસ્ય આવતું, તેનું વિવેચન કરીને સર્વેને સમજાવતા ને કોઈક વખત બાપાશ્રી પણ પોતાના અમૃત વચનનું સર્વેને પાન કરાવતા અને નવ વાગે કથાની સમાપ્તિ થતી, ત્યારે સંત-હરિભક્ત ઝિલણિયા કીર્તન બોલતા, તેથી સભામંડપ ગાજી રહેતો ને પ્રસાદી વહેંચાતી. પછી સર્વે હરિભક્ત સભામાં શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં તથા સંતનાં દર્શન કરીને ગામમાં હરિભક્તને રસોડે જમવા જતા, ત્યાં સાંખ્યયોગી બાઈઓ રસોઈ કરતાં ને પીરસવાનું કામ હરિભક્ત કરતા ને બાપાશ્રી તેવી રીતે સર્વે હરિભક્તને બે વખત જમાડતા ને સર્વે સંત હાથે રસોઈ કરીને શ્રીજીમહારાજને જમાડીને જમતા ને બાપાશ્રી સંતની પંક્તિનાં દર્શન કરવા આવતા અને તાણ કરીને પિરસાવતા ને દહીં-દૂધ પિરસાવીને સારી પેઠે જમાડતા ને કોઈક દિવસ ખીચડીમાં ઉપર ધારે ઘી પિરસાવીને જમાડતા. ને પોતે તો ઘેર જઈને પોતાના સેવકે કરેલ જે રોટલો, શાક, ખીચડી, છાશ તે થોડું જમીને મંદિરમાં આવતા ને સંત-હરિભક્તને વાતો કરતા, ને સંત-હરિભક્તને પણ બાપાશ્રીની વાતો ને દર્શનથી જે આનંદ ઊપજતો –તેનું તો વર્ણન થઈ શકે તેવું નથી, પણ છતે દેહે અક્ષરધામનું સુખ આવતું અને પાછલા પહોરમાં અઢી વાગે કથા બેસતી ને બ્ર.મુનીશ્વરાનંદજી કથા વાંચતા અને સંત–હરિભક્તની મોટી સભાઓ થતી ને બાપાશ્રી પોતે પુસ્તક અને પુરાણીની પૂજા કરતા. પછી બાપાના દીકરા કાનજીભાઈ તથા મનજીભાઈ સર્વે સંતની તથા હરિભક્તની પૂજા કરતા ને સાંજના છ વાગે કથાની સમાપ્તિ થતી. પછી સર્વે હરિભક્ત હરિભક્તોના રસોડે જમવા જતા. ઈતિ વિશ્રામ ૩૭

બાપાશ્રીના સ્વરૂપનું વર્ણન, બ્ર. કરુણાનંદજીને દિવ્યદર્શન, પાકશાળાનું વિવેચન, ચોવીસીમાં પુનઃકંકોત્રી, જમવાની શિષ્ટતા ને પાલખીની અદ્‌ભુત શોભા

હવે તે યજ્ઞમાં બીજે દિવસ સવારની કથા નવ વાગે થઈ રહી ને સર્વે હરિભક્ત જમવા ગયા, ને તે સમે ગુજરાત ને ઝાલાવાડ દેશના ઘણા હરિભક્ત બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ આવ્યા. તે સમે બાપાશ્રી સદ્‌ગુરુ આદિ સંતે સહિત સભામંડપમાં વિરાજમાન હતા. તેમનાં દર્શન કરીને તે સર્વે હરિભક્તને અતિશય આનંદ થયો, તે કહીએ છીએ.

તે સમે કેટલાક ભક્તને બાપાશ્રીનું સ્વરૂપ દિવ્ય તેજોમય દેખવામાં આવ્યું ને કેટલાકને તો બાપાશ્રીનું સ્વરૂપ મનુષ્યાકૃતિ, જેવા છે તેવા જ ને સર્વ અંગમાં સુશોભિત એવા બાપાશ્રીનાં દર્શન થવા લાગ્યાં, તેથી તે ભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને દેહનું ભાન પણ ભૂલી ગયા ને ઘાટસંકલ્પ સર્વે બંધ થઈ ગયા ને શ્રીજીમહારાજ ને અનાદિમુક્તમાં અતિ સ્નેહે કરીને તલ્લીનપણે જોડાઈ ગયા. અને તે સમે સર્વેને બાપાશ્રીનું સ્વરૂપ પણ અલૌકિક દેખાવા લાગ્યું ; તે કેવા, તો જેમનું શરીર પુષ્ટ છે અને જેમનું મુખ મંદ હાસ્યે જુક્ત છે ને વિશાળ ને ઊપડતું એવું જે લલાટ, તેમાં ભક્તજને ચંદનનું લેપન કર્યું છે એવા, અને જેમનાં નેત્ર શાંત ને શોભાયમાન છે, અને જેમના કંઠમાં તુલસીની કંઠી ને ઘણાંક પુષ્પના હાર તે શોભી રહેલાં છે ને જેમનું હૃદય ઊપડતું ને વિશાળ છે, અને જેમનું ઉદર સરખું ને ઊપડતું છે ને તેમાં ત્રિવળીએ સહિત ઊંડી નાભિ શોભે છે ને બે ખભા તે અતિ પુષ્ટ છે ને ડાબા ખભાને વિષે ઉપવીતે સહિત શ્વેત વસ્ત્રને ધારી રહ્યા છે, અને બે બાહુ તે અતિ બળવાન છે અને બે કાંડાં ને પોંચાં તે પણ અતિ શોભાયમાન છે, અને જેમનો પૃષ્ઠ ભાગ તે અતિ લાસો અને પુષ્ટ ને અતિશય શોભાયમાન છે, અને કટિ ભાગને વિષે શ્વેત ધોતિયું ધારણ કર્યું છે, અને તે મુક્તરાજના સાથળ તે પુષ્ટ છે ને બે ઢીંચણ તે ગોળ શોભે છે ને પિંડીઓ ને પાનીઓ અતિ સુંદર છે, અને બે ચરણનાં તળાં તે રક્ત છે. આવી રીતે અનાદિ મુક્તરાજશ્રી અંગે અંગને વિષે શોભાયમાન છે ને શાંત સ્વભાવે યુક્ત છે ને મુક્તરાજ બાપાશ્રીનો સ્વર અતિ ઘેરો ને મધુર છે ને પોતે સ્પષ્ટ વાણીએ કરીને સંત-હરિભક્તને બોલાવે છે, ત્યારે તેમનાં મન મહારાજની મૂર્તિમાં આકર્ષણ થઈ જાય છે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્તશ્રીનાં પણ દર્શન થાય છે તેથી સર્વે સંત-હરિભક્તો સમાધિને પામ્યા હોય, તેમ મહારાજ ને અનાદિમુક્તમાં અતિ સ્નેહે કરીને જોડાઈ ગયા હતા તેથી કોઈને ત્યાંથી ઊઠવાનું પણ મન થતું નહિ અને સર્વેના સંકલ્પમાત્ર બંધ થઈ ગયા હતા. પછી બાપાશ્રીએ આવેલા સર્વે હરિભક્તને કૃપાદૃષ્ટિ કરીને બોલાવ્યા ને સત્કાર કર્યો ત્યારે સર્વેને શરીરનું ભાન આવ્યું. પછી સર્વે બાપાશ્રીની આજ્ઞાએ કરી બાપાશ્રીને નમસ્કાર

કરીને ઉતારા કરવા ગયા. હવે વૃષપુર ગામના હરિભક્ત બાપાશ્રીની આજ્ઞાથી યજ્ઞમાં આવેલા હરિભક્તને ઉતારા કરાવવા વગેરે સેવા કરતા અને હરિભક્તને રસોડે તે સર્વેને જમાડતા અને તે હરિભક્તો બાપાશ્રીનાં દર્શન-સમાગમનો તથા સંત-હરિભક્તનાં દર્શનનો લાભ લેતા હતા.

તેમ જ તે યજ્ઞમાં મૂળી-અમદાવાદથી આવેલા સંત તથા બ્રહ્મચારી તે પણ બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા હતા. તેમાં મૂળીના સદ્.બ્ર. કરુણાનંદજી તેમને મનમાં એમ સંશય રહેતો હતો જે, 'કેટલાક સારા સારા સાધુ ને સત્સંગીઓ તે પણ બાપાશ્રી વાંસે આટલા બધા કેમ તણાતા હશે ? ને તેમના સમાગમથી શું સુખ આવતું હશે ?' -એવા વિચારથી પોતે યજ્ઞમાં આવ્યા હતા. તેમને રાત્રીએ સ્વપ્નમાં શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં અનંત સંત-હરિભક્તે સહિત દર્શન થયાં. તે જાણે સભામંડપમાં તેજના સમૂહમાં શ્રીજીમહારાજ વિરાજમાન છે ને અતિશય રૂપાળા એવા શ્રીજીમહારાજ છે ને તેમના ડાબા પડખે બાપાશ્રીનાં પણ દર્શન થયાં તે પણ અંગેઅંગને વિષે સુશોભિત ને મનુષ્યાકૃતિ અને ચારે કોર મોટા મોટા સદ્ગુરુ-સંતો ને મોટા મોટા હરિભક્તો તેમની સભા ભરાઈને બેઠી છે. તેમ જ બજારમાં પણ શ્રીજીમહારાજ માણકીઘોડી ઉપર અસવાર છે ને મોટા મોટા પાર્ષદ, બ્રહ્મચારી ને બાપાશ્રી તે પણ સર્વે સાથે છે ને મહાઅલૌકિક વરઘોડાની શોભા થઈ રહી છે, એવાં દર્શન બ્ર.કરુણાનંદજીને થયાં ને અતિ આનંદ થયો. પછી જાગી ગયા ને સવારે બીજા સંતને વાત કરવા લાગ્યા જે,'હું ચાળીસ પચાસ વર્ષથી બ્રહ્મચારી થયો છું ને સર્વે શાસ્ત્ર ભણીને વાંચ્યાં, મોટા મોટા સંતોની વાતો સાંભળી પણ આવી નિર્વિકલ્પ સમાધિનું સુખ ક્યારેય પણ આવ્યું નથી ને આ બાપાશ્રીની કૃપાથી મને અતિ શાંતિ થઈ ને હવે આ જોગથી કાંઈ પણ મારું અધૂરું નહિ રહે.'-એવું કૃતાર્થપણું પણ દૃઢ થઈ ગયું. એમ તેમને બાપાના જોગથી આનંદ થયો, તેમ જ ઘણા સંત-હરિભક્તને બાપાશ્રીનાં દર્શન-સમાગમથી લાભ મળતો.

પછી તે યજ્ઞમાં બાપાશ્રીએ સર્વે હરિભક્તને જમાડવા પાક કરવાની આજ્ઞા કરી, ત્યારે તે ગામના પટેલ ઝીણાભાઈ તથા માવજી, તથા નારાયણપુરના ધનજીભાઈ, તથા ભારાસરના પટેલ ગાંગજી ને માવજી એ આદિ સર્વે હરિભક્તો તેમણે મોટી પાકશાળા કરી હતી અને ગામેગામ ઘઉં દળવા આપ્યા હતા. પછી લોટનાં ગાડાં ભરીભરીને આવવા લાગ્યાં અને તે રસોડામાં પાંચસો હરિભક્તો રસોઈ કરવા નીમ્યા હતા. ને શીરો ભરવા માટે મોટા મોટા હોજ કરાવ્યા હતા ને પાણી ભરવા માટે ટાંકીઓ કરી હતી ને ટાટપટ્ટીના કોસથી પાણી આવવાની સગવડ કરી હતી ને આઠસો હરિભક્ત ઘી, ગોળ, લોટ વગેરે સામાન જોખીને પાક કરવા આપવા ને પાક થયો હોય તેને ઓરડામાં સાચવી રાખવો તે રૂપી સેવા કરતા હતા ને બીજા હરિભક્તો ટાંકીમાંથી પાણી ગાળી આપવું, કાષ્ઠ લાવી આપવાં, એ આદિ સેવા કરતા હતા. એવી રીતે દોઢ હજાર મનુષ્ય તો તે

યજ્ઞમાં પાકશાળામાં રસોઈ કરવી, પીરસવું, તે રૂપી સેવામાં રાત્રી-દિવસ તત્પર રહ્યા હતા. અને રસોઈ કરનારા હરિભક્તો રસોડામાં પાક કરવા લાગ્યા ને ચાળીસ-પચાસ ચૂલો ચાલુ કરી અને અધમણ લોટ, અધમણ ગોળ ને પંદર શેર ઘી તેનો પાક કરવા લાગ્યા. એવી રીતે હજારો મણ સુખડી કરીને મોટા મોટા ઓરડા ભર્યા હતા. તેમ જ હજારો મણ ઘી, ગોળ, લોટ તેનો શીરો કરીને મોટા મોટા હોજ ભર્યા હતા.

ત્યાર પછી બાપાશ્રીએ ચોવીસ ગામના સર્વે હરિભક્તોને સહકુટુંબ યજ્ઞમાં આવવાની કંકોત્રીઓ ફરીથી લખાવી મોકલી. હવે ગામડાનાં હરિભક્તો સહકુટુંબ ગાડાં જોડાવીને આવવા લાગ્યા ને ઉત્સવિયાની મંડળીઓ પણ આવવા લાગી ને લાખો હરિભક્તથી વૃષપુર ગામ ને સીમ ઊભરાતાં હતાં ને તે સર્વે હરિભક્તો ગામ બહાર એક વાડીમાં સર્વે ભેગાં ગાડાં છોડીને ઊતર્યા હતા અને મંદિરમાં ઠાકોરજી ને બાપાશ્રીનાં તથા સભાનાં દર્શન કરવા વારાફરતી આવતા. પછી તે દિવસે બપોરના ચાર વાગે કથાની સમાપ્તિ કરી ને સર્વે હરિભક્તને જમવાની હાકલ થઈ. તેમાં પ્રથમ હજારો બાઈઓને વાડીમાં પંક્તિ કરાવીને જમાડ્યાં. પછી સર્વે ભાઈઓની પંક્તિ થવા લાગી ને તે વાડીમાં હજારેહજાર હરિભક્તની પંક્તિઓ બેઠી, તેમાં કણબીના ચોવીસ ગામના હરિભક્તની પંક્તિઓ વાડીના એક ભાગમાં બેઠી હતી ને એક ભાગમાં દેશાંતરના આવેલા હરિભક્ત જે ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર આદિ તેમની પંક્તિઓ નોખી નોખી બેઠી હતી. પછી પીરસનારા પાંચસો હરિભક્તો પીરસવા લાગ્યા ને પંક્તિમાં બેઠેલા જે ભક્તજનો તે એકાગ્રવૃત્તિએ કરી શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવી ધૂન સહુ બોલતા હતા. પછી બધી પંક્તિઓમાં સર્વે વસ્તુ પિરસાઈ રહી, ત્યારે પીરસાવવા સારુ ઉપરી રહેલા જે ધનજી પટેલ, દેવરાજભાઈ આદિ હરિભક્ત તેમણે 'સહજાનંદસ્વામી મહારાજ' ની જય બોલાવી. પછી જમનારા પણ સર્વે જય બોલીને જમવા લાગ્યા. અને બાપાશ્રી સર્વેને દર્શન દેવા પંક્તિઓમાં પધાર્યા હતા ને તાણ કરીને પીરસાવતા હતા ને જમનારા હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરી આનંદમાં 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતા થકા જમતા હતા, પણ કોઈ બીજો શબ્દ બોલતા નહિ ને સર્વે જમી રહ્યા, ત્યારે ઊઠવાની જય બોલાણી એટલે સર્વે ઊઠ્યા. અને તે સમૈયામાં જે બ્રાહ્મણવર્ગ હતા તેઓ કોઠારથી સીધું લઈને હાથે રસોઈ કરીને જમતા. તે સમે એટલા માણસોમાં કોઈકની કાંઈક વસ્તુ પડી ગઈ હોય, તો તે ત્યાં જ પડી રહે પણ કોઈ ત્યાંથી લે જ નહિ ને આટલા માણસમાં કળાહોળ પણ થાતો નહિ ને જમી જમીને કેટલાક તો ભગવાન સંબંધી વાતો કરતા ને કેટલાક તો કથામાં બેસીને કથા સાંભળતા ને ઉત્સવિયાની મંડળીઓ ઉત્સવ કરવા લાગતી. આવી રીતે મુક્તરાજ બાપાશ્રીના પ્રતાપથી ગૃહસ્થાશ્રમી ભક્ત પણ

એકાંતિકપણું પામ્યા હતા. એમ કરતાં રાત્રીએ ઠાકોરજીની પાલખી ગામમાં ફરવા નીકળી, ત્યારે પણ ગુલાલ ને હજારીફૂલથી ગરકાવ શ્રીજીમહારાજની મૂર્તિ પાલખીમાં પધરાવી. આગળ મોટા મોટા વીજળીના દીવાઓ ને નેજા, નિશાન, છત્ર, ચામર, આરતી, ડંકા ને તેની આગળ ઉત્સવિયા હરિભક્તોની મંડળીઓ કીર્તનની ઝૂક મચાવતા શેરીએ શેરીએ ફરતા હોવાથી એ શોભા જોઈ કોઈ તૃપ્ત થતા નહિ. વચમાં હરિભક્તનાં ઘર આવે ત્યાં પાલખી ઊભી રહે, એટલે બાઈઓ શ્રીફળ, રૂપામહોર આદિ ભેટ મૂકી મહારાજને અક્ષતકુંકુમથી વધાવે. છડીદાર ઊંચે સ્વરે છડી બોલે, ચામર થાય, વચમાં ગુલાલ ઊડે, ભડાકા થાય, એમ ગાજતેવાજતે ઠાકોરજીનું ફુલેકું આખા શહેરમાં ફરીને સલોખા બોલતા ને કીર્તન બોલતા સૌ બાર વાગે મંદિરમાં આવ્યા. ઈતિ વિશ્રામ ૩૮

પરભાવનું વર્ણન, યજ્ઞમાં ભૂજ-ઠાકોરજીને ભેટ, પૂજા-આરતી, કથાની સમાપ્તિ, સંતને વસ્ત્ર, કાળીતલાવડી પર છત્રીએ ચરણારવિંદ-પ્રતિષ્ઠા ને મોક્ષના વર ને સર્વેને બ્રહ્મભોજન વગેરે

મહામાયા ને મહાપુરુષથી પર જે મહાકાળ, તેથી પર જે બદરિપતિ નરનારાયણ, તેથી પર શ્વેતદ્વીપવાસી વાસુદેવ ને તેમના મુક્ત, તે સર્વે બ્રહ્મકોટિ કહી છે. તેથી પર જે અનંત સૃષ્ટિકર્તા અક્ષર ને અક્ષરના મુક્ત, તે સર્વે અક્ષરકોટિ કહી છે. તેથી પર શ્રીજીમહારાજનું અક્ષરધામ છે; તે કેવું છે, તો જેને વચનામૃત આદિ શાસ્ત્રમાં સચ્ચિદાનંદ, પરમપદ, ચિદાકાશ, બ્રહ્મ, અમૃતધામ અને બ્રહ્મપુર આદિ નામે કહીને કહ્યું છે ને તે અક્ષરધામ શ્રીજીમહારાજના અંગનો પ્રકાશ છે ને તે તેજ અતિ શ્વેત, શીતળ ને શાંત છે ને અનંત અપાર એવો તેજનો સમૂહ છે. તે તેજરૂપ અક્ષરધામ તેમાં દિવ્યદ્વિભુજ-સાકારમૂર્તિ સ્વામિનારાયણ ભગવાન રહ્યા છે; તે કેવા છે, તો જેને પરાત્પર પુરુષોત્તમ સર્વ કારણનાં કારણ કહે છે તથા વિષ્ણુ, વાસુદેવ, શ્રીકૃષ્ણ, હરિકૃષ્ણ આદિ અનંત નામે કરીને કહ્યા છે ને સર્વ શક્તિમાન, સર્વને સુખદાતા ને સર્વ મુક્તના સ્વામી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. અને તે પોતે પોતાના સાધર્મ્યપણાને પામેલા માટે દિવ્ય સાકારમૂર્તિ-એવા અનંતકોટિ અનાદિમુક્ત છે, તેમને પોતાના સ્વરૂપમાં રાખીને પોતાના સળંગ સ્વરૂપનું નવીન નવીન સુખ અખંડ અનુભવાવે છે ને તે અનાદિમુક્તને કૈવલ્યમુક્ત, નિત્યમુક્ત ને સર્વાત્માબ્રહ્મ એ નામે કહેવાય છે ને તે સર્વે મુક્તના કારણ આધાર ને સુખદાતા એવા એક શ્રીજીમહારાજ છે. અને તે શ્રીજીમહારાજના તેજરૂપ ધામમાં અનંતકોટિ પરમએકાંતિક મુક્ત રહ્યા છે, તે પણ દિવ્ય સાકાર છે ને શ્રીજીમહારાજની મૂર્તિ સાથે જોડાઈ રહ્યા છે ને તે મુક્તને મહામુક્ત, વિદેહીમુક્ત ને પરમએકાંતિક નામે કહ્યા છે. એવા અનંતકોટિ મુક્તના સ્વામી શ્રીજીમહારાજ છે ને

શ્રીજીમહારાજ તે સર્વે મુક્તને સન્મુખ ને સમીપે દેખાય છે ને તે મુક્તની સભા પણ ચારે કોર તથા ઉપર નીચે અવધિએ રહિત અપાર છે. તે સર્વે મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા શ્રીજીમહારાજ તે સત્યસંકલ્પ છે. તે પોતે પોતાની ઈચ્છાથી પોતાના પ્રેમી ભક્તને લાડ લડાવવા ને એકાંતિક ધર્મ પ્રવર્તાવવા મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે અને ક્યારેક તો તે ભગવાનની ઈચ્છાથી મુક્ત પણ પૃથ્વી ઉપર આવે છે, ને ક્યારેક તો તે પુરુષોત્તમ ભગવાન જે તે, શ્રીકૃષ્ણ-નરનારાયણ આદિ અવતારને ધારણ કરે છે એવા શ્રીજીમહારાજ છે. તેમની ઈચ્છાએ કરીને આ અનાદિમુક્ત દિવ્યરૂપ થકા મનુષ્યરૂપે દર્શન આપે છે ને સ્વધર્મ, જ્ઞાન, શમદમાદિક ગુણે કરીને યુક્ત છે અને મુક્તસ્વરૂપ પાંચાભાઈ ને દેવબા તેમના પુત્રરૂપે પ્રગટ થયેલા ને સંત-હરિભક્તને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનાનું પોષણ કરવામાં ચંદ્ર તુલ્ય એવા ને જેમને સર્વેને મૂર્તિનું સુખ આપવું એ જ તાન છે અને અનંત જીવના મોક્ષને અર્થે બ્રહ્મયજ્ઞ-જ્ઞાનયજ્ઞ કરવામાં તત્પર રહેતા-એવા અનાદિ મુક્તરાજ અબજીબાપા તેમણે અનેક સાધુ-સત્સંગીને એકાંતિક, પરમએકાંતિક ને અનાદિમુક્તની સ્થિતિનું ભાન કરાવ્યું અને શ્રીજીની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાનું પ્રવર્તન કરાવ્યું.

હવે ચાલતી વાત કરીએ છીએ જે, અનાદિ મુક્તરાજ બાપાશ્રી નિત્યનિયમ કરીને પોતાના ભુવનમાં પધાર્યા ને મંદિરમાં સવારે છ વાગે સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પુ. ધર્મકિશોરદાસજી સંત્સગિજીવનની કથા વાંચતા હૂતા ને બાપાશ્રીના ઘર આગળ ઉત્સવિયા ઉત્સવની ઝીક મચાવી રહ્યા હતા ને નાના પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. પછી બાપાશ્રીએ ભૂજમંદિરના હરિકૃષ્ણ મહારાજની સેવા સારુ હજારો રૂપામહોર ને હજારો રૂપિયાના દેવના પોશાંગ તેની છાબો ભરાવી અને પોતાના પુત્ર કાનજી તથા મનજી ને નારાયણપુરના હરજી તથા લાલજી તેમની પાસે ઉપડાવીને પોતે ભેગા ચાલ્યા અને બીજા હરિભક્તો પણ ભેગા ચાલ્યા ને ઉત્સવિયાની મંડળીઓ ઝાંઝ-મૃદંગ બજાવી ઉત્સવ કરતા થકા મંદિરમાં આવ્યા ને સભામાં ઠાકોરજીની આગળ તે છાબોની ભેટ મૂકી અને કથાની સમાપ્તિ કરી. ત્યાર પછી મુક્તરાજ બાપાશ્રીએ ને તેમના પુત્રોએ પુસ્તક તથા પુરાણીની પૂજા કરી ને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી આરતી કરવા લાગ્યા. તે સમે સર્વે સભા ઊભી થઈ અને ઘડિયાળો, નગારાં વગેરે વાજિંત્ર વાગવા લાગ્યાં અને હજારો મનુષ્યથી મંદિર ભરાઈ ગયું હતું. પછી આરતી થઈ રહી ત્યારે સર્વે બેઠા ને સંતમંડળ ઝિલણિયા કીર્તન બોલાવા લાગ્યા ને બાપાશ્રીના પુત્રે સર્વે સંતને ચંદન ચર્ચી હાર પહેરાવી વસ્ત્ર ઓઢાડ્યાં ને બાપાશ્રી પોતે સભામાં સદ્‌ગુરુની આગળ બેઠા. તે સમે પ્રૌઢ છે આકૃતિ જેમની ને

સમ છે શરીર જેમનું એવા બાપાશ્રીને જોઈને હજારો સંત-હરિભક્તની મનોવૃત્તિ બાપાશ્રીમાં આકર્ષણ થઈ રહી હતી, અને કેટલાક ભક્તજનો નવીન કીર્તન-છંદથી બાપાશ્રીના ગુણના ઉત્કર્ષપણાનું ગાન કરતા હતા. તે સમે ભૂજમંદિરના મહંત સ્વામી મહાપુરુષદાસજી તથા ભક્તિપ્રિયદાસજી ને કોઠારી વેલજીભાઈ તેમણે બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવ્યો. પછી નરનારાયણ દેવના કોઠાર તરફથી મુક્તરાજ બાપાશ્રીને મસ્તકે શ્વેત પાઘ બંધાવી ને શેલું ઓઢાડ્યું ને બાપાના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તેમને છેડાવાળી ધોતલીઓ બંધાવી અને માવજી, જાદવજી ને હરજી-તેમને પણ છેડાવાળી ધોતલીઓ બંધાવી. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી આદિ સદ્‌ગુરુ તથા બ્ર. નિર્ગુણાનંદજી, મુનીશ્વરાનંદજી તથા મૂળીના પુ. ધર્મકિશોરદાસજી આદિ સંતમંડળ ને પાર્ષદ તે સર્વે ચંદનપુષ્પના હારથી મુક્તરાજશ્રીની પૂજા કરવા લાગ્યા, તે સમે સર્વેને અતિશય આનંદ થતો હતો.

ત્યાર પછી મુક્તશ્રીની આજ્ઞાએ કરીને સંત-હરિભક્તોએ શ્રીજીમહારાજનાં ચરણારવિંદને પાલખીમાં પધરાવ્યાં ને હરિભક્તો પાલખી ઉપાડીને છત્રીએ જવા સારુ ચાલ્યા. તે વખતે ઉત્સવિયા હરિભક્ત ઉત્સવ કરતા થકા આગળ ચાલ્યા ને મુક્તરાજ બાપાશ્રી પણ ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવા સારુ હજારો સંત-હરિભક્ત સહિત પાલખીની સાથે ચાલ્યા. અને જે બાઈઓનાં મંડળ હતાં, તે આગળથી છત્રીએ જઈને છેટે બેઠાં અને છેટેથી દર્શન કરતાં ને કીર્તન ગાતાં હતાં ને ઉત્સવિયાની મંડળીઓ છત્રીની ચારે કોર બેસીને ઉત્સવ કરતી હતી ને ભણેલા સંતો મુક્તરાજશ્રીને રાજી કરવા સારુ સ્તોત્ર તથા અષ્ટક બોલતા હતા ને બીજા સંત કીર્તન બોલતા હતા. અને તે સમે મુક્તરાજશ્રી છત્રીના ઓટા ઉપર ઉગમણે મુખે બેઠા હતા ને મોટા મોટા સંત-હરિભક્તો બાપાશ્રીને સન્મુખ ને ચારે કોરે બેઠા હતા ને કેટલાક ઊભા હતા ને સર્વેની મનોવૃત્તિ મુક્તરાજશ્રીને વિષે તદાકાર થઈ રહી હતી ને મુક્તરાજશ્રી તે સમે અતિ તેજસ્વી અલૌકિક સ્વરૂપે દર્શન આપતા હતા અને આકાશ પણ દેવના વિમાનથી છાઈ રહ્યું હતું ને પૃથ્વી પણ ચારે કોર કોસ પર્યંત હરિભક્તોથી ઢંકાઈ રહી હતી. પછી મુક્તરાજ બાપાશ્રીએ પાષાણના ચરણારવિંદને પંચામૃતથી સ્નાન કરાવીને તીર્થ-જળથી સ્નાન કરાવ્યું. પછી શુદ્ધોદકથી સ્નાન કરાવીને બાપાશ્રીએ પોતાના હાથે ચરણારવિંદને છત્રીએ પધરાવ્યાં. તે સમે ચરણારવિંદ ઉપર તેજનો સમૂહ થઈ ગયો ને છત્રી ઢંકાઈ ગઈ ને આકાશમાંથી ચંદનપુષ્પની વૃષ્ટિ થવા લાગી ને સંત-હરિભક્ત પણ ચંદનપુષ્પથી ચરણારવિંદની પૂજા કરીને આરતી કરવા લાગ્યા ને કેટલાક દંડવત્ કરતા હતા ને શિલ્પીકર્મને જાણનારા ભક્તે તે ચરણારવિંદને સિમેન્ટથી યથાસ્થિત કર્યાં. પછી મુક્તરાજ બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજીને તથા બ્ર. નિર્ગુણાનંદજી ને દેવરાજભાઈ,

ખીમજીભાઈ આદિ ભક્તજન પ્રત્યે કહેવા લાગ્યા જે, 'આ છત્રી ને આ યજ્ઞના ઉત્સવમાં દર્શન-સેવા કરવા ને પ્રસાદી જમવા સારુ જે જીવ આવ્યા છે, તે સર્વેનું કલ્યાણ કરવું છે ને આકાશમાં જે દેવ દર્શન કરવા આવ્યા છે તેમનું પણ કલ્યાણ કરવું છે. અને જે કોઈ અહીં આવી છત્રીનાં દર્શન કરશે ને તલાવડીમાં નહાશે ને આ સ્થાનમાં સેવા કરશે તે સર્વેનો મોક્ષ કરશું ને આ યજ્ઞ સાત દિવસનો જાણશો નહિ પણ આ તો સાત મહાકલ્પનો છે. અને પ્રત્યક્ષ મહારાજ અને મહારાજના અનાદિમુક્ત મળ્યા વિના આ જીવ સાત કલ્પ સુધી સાધન કરે તોપણ અમે આ સાત દિવસમાં જેવું મોક્ષનું કામ કર્યું તેવું થાય નહિ, તેમાં પણ જે જીવ મહારાજ ને અનાદિમુક્તનો મહિમા સમજીને આ યજ્ઞમાં આવ્યા હશે ને મહિમા સમજીને પ્રસાદી જમશે ને સેવા કરશે ને આજ્ઞામાં રહેશે, તેનું તો આ જન્મે જ આત્યંતિક કલ્યાણ થાશે; બીજાનું જન્માંતરે થાશે એમ જાણવું.'

પછી મુક્તરાજશ્રી પ્રતિષ્ઠાવિધિ સમાપ્ત કરીને સંત-હરિભક્ત સહિત પાછા મંદિરમાં આવ્યા ને ઉત્સવિયાની મંડળીઓના હરિભક્તો મહારાજની મૂર્તિ ને કથાનું પુસ્તક તેને પાલખીમાં પધરાવીને ગામમાં ફરવા ગયા ને બાપાશ્રીએ સંતની પંક્તિઓ કરાવીને મોતૈયા લાડુ આદિ પકવાન –તે સંત પાસે પિરસાવી સંતમંડળને સારી રીતે જમાડ્યા. પછી ઉત્સવિયાની મંડળીઓ બાર વાગે મંદિરમાં આવીને ચોકમાં બેસી ઉત્સવ કરવા લાગી. તે સમે વાડીમાં સર્વે બાઈઓની પંક્તિઓ થઈ હતી અને તે બાઈઓ જમી રહ્યાં, ત્યારે એક વાગે સર્વે હરિભક્તને જમવાના 'હરે' થયા, એટલે સર્વે જમવા સારુ ગયા ને ધનજી પટેલ તથા ઝીણા પટેલ આદિ મોટેરા હરિભક્ત તેમણે પાકશાળા પાસે નારાયણવાડીમાં મોટી મોટી પંક્તિઓ કરાવીને સર્વેને બેસાડ્યા. ને તે યજ્ઞમાં પીરસનારા હરિભક્ત તેમણે પ્રથમથી જ લાડુ, સુખડી આદિ પકવાન તેનાં મોટાં કડાયાં ભરી ભરીને પંક્તિઓને મધ્યે મંડપ કર્યો હતો તેમાં રાખ્યાં હતાં અને શાક, ખીચડી વગેરેનાં પણ તપેલાં ભરીને મંડપમાં રાખ્યાં હતાં. પછી પંક્તિઓમાં સર્વે બેસી ગયા, ત્યારે પીરસનારા હરિભક્ત એક હારે સુખડી તથા શીરો લઈને પીરસવા લાગ્યા ને કેટલાક દાળ, શાક આદિ પીરસવા લાગ્યા ને સર્વે પંક્તિઓમાં સર્વે વસ્તુ પિરસાઈ રહી ત્યારે પીરસનારા હરિભક્તો 'સહજાનંદસ્વામી' ની જય બોલ્યા. ત્યારે સર્વે શ્રીજીમહારાજ ને બાપાશ્રીને સંભારીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતા થકા જમવા લાગ્યા ને જમતાં જમતાં સર્વે પરસ્પર બોલવા લાગ્યા જે, 'અહો ભાઈઓ ! શ્રીજીમહારાજના સંકલ્પની મૂર્તિ એવા મુક્તશ્રી તે આપણને જમાડે છે માટે આપણું ધન્યભાગ્ય માનીને જમો, આ તો શ્રીજીમહારાજે જયતલપુર ને ડભાણમાં જેવા યજ્ઞ કર્યા હતા, તેવો જ આ યજ્ઞ છે. આ યજ્ઞની પ્રસાદી પણ ક્યાંથી મળે !' એમ બોલતા આનંદમાં જમતા હતા ને પીરસનારા

વારંવાર પીરસીને જમાડતા હતા ને સર્વે જમી રહ્યા, એટલે 'સહજાનંદસ્વામી'ની જય બોલાણી ત્યારે સૌ ઊઠ્યા. અને તે યજ્ઞમાં ગામમાં ને વાડીઓમાં સર્વત્ર હરિભક્તો જ દેખાતા હતા; મંદિર તથા બાપાશ્રીના ઘેર તો ઊભા રહેવાનો પણ માર્ગ રહેતો નહિ ને તે સર્વે હરિભક્ત નિયમ, નિશ્ચય ને પક્ષ તથા એકાંતિક ધર્મ તેણે જુક્ત એવા હતા. કેટલાક તો અહોનિશ કથાવાર્તા-કીર્તનના અંગવાળા હતા ને કેટલાક તો મૂર્તિમાં રહીને મૂર્તિનું અખંડ ધ્યાન કરવું ને ક્ષણવાર મૂર્તિ ભુલાય નહિ એવી સ્થિતિવાળા હતા. તેવા શેઠ ભૂરાભાઈ, નાગજીભાઈ, આશાભાઈ તે સર્વે હરિભક્તો બાપાશ્રીની સેવામાં રહ્યા હતા અને બીજા ગામેગામના હરિભક્ત સેવા-પૂજા કરીને પોતપોતાને ગામ જવાને તૈયાર થયા અને કેટલાક પરદેશથી આવેલા હરિભક્તને બાપાશ્રીએ બીજે દિવસ રહેવાની ને જમવાની તથા સુખડીનું ભાતું લઈ જવાની આજ્ઞા કરી હતી, તેથી તે સર્વે રહ્યા અને કચ્છદેશના હરિભક્તો પોતપોતાને ગામ ગયા. ઈતિ વિશ્રામ ૩૯

સ્તુતિ ને શિક્ષાએ સહિત આશીર્વાદ, ભક્તજનોનાં લક્ષણ ને નામનિર્દેશ, દિવ્યદર્શન, સાંખ્યયોગી બાઈઓનાં લક્ષણ, સાંખ્યયોગી-કર્મયોગી બાઈઓનાં નામ ને ઐશ્વર્ય-ચમત્કાર

ત્યાર પછી બીજે દિવસ બાપાશ્રી નિત્યવિધિ કરીને પોતાને ઘેર ગયા, પછી મંદિરમાં આવી કથાવાર્તા કરી. તે દિવસે પરદેશના સર્વે હરિભક્તને જમાડ્યા ને તે ગામને પણ જમાડ્યું. પછી પરદેશના હરિભક્ત બાપાશ્રીની આજ્ઞાથી જવા તૈયાર થયા, ત્યારે તે સર્વેને સુખડીનાં ભાતાં બંધાવ્યાં. પછી તે હરિભક્ત બાપાશ્રી પાસે આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે કૃપાસાગર ! આપ સદાય અમારા ભેળા રહેજો ને અખંડ મૂર્તિની સ્મૃતિ રહે ને અમારું કાંઈ અધૂરું હોય તે પૂરું કરીને શ્રીજીમહારાજ ને આપની સેવામાં રાખશો.' પછી મુક્તરાજશ્રી સર્વેને અમૃત દૃષ્ટિએ જોઈને બોલ્યા જે, 'શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ રાખશો, તો અમે જરૂર તમારું પૂરું કરશું.' એમ કહીને સર્વેને જવાની આજ્ઞા કરી, ત્યારે તે સર્વે ગયા.

ત્યાર પછી સર્વે સંતનાં મંડળ તે પણ ઠાકોરજીને જમાડી બાપાશ્રીએ જે સુખડી આપી હતી તેને લઈને જવા તૈયાર થયાં. તે સમે બાપાશ્રી સંતને દર્શન દેવા મંદિરની ઓસરીમાં બેઠા હતા, ત્યારે સર્વે સંત બાપાશ્રીને દંડવત્ કરીને મળ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે બાપા ! આપ તો અનાદિમુક્ત છો ને શ્રીજીમહારાજના સંકલ્પથી સર્વેને સુખિયા કરવા આ વૃષપુરને વિષે પાંચાભાઈ ને દેવબા તેમનાથી પ્રગટ થયા છો પણ દિવ્યસ્વરૂપ છો, અને અમે શ્રીજીમહારાજ ને તમારા શરણને પામ્યા છીએ માટે અમને મહારાજની મૂર્તિમાં રાખશો.' ત્યારે બાપાશ્રી હસીને

બોલ્યા જે, 'તમે પણ ખટકો રાખશો ને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ રાખશો, તો અમે તમારી સહાય કરશું.' પછી સર્વે સંત બાપાશ્રીને મળીને ચાલ્યા ને બાપાશ્રી સર્વે સંતને વળાવીને પાછા મંદિરમાં આવ્યા. અને તે સર્વે સંત-હરિભક્ત બાપાશ્રીએ જે જે સુખ આપ્યાં છે, તેને સંભારતા થકા પોતપોતાને સ્થાનકે ગયા અને મુક્તરાજ બાપાશ્રીને પ્રતાપે કરી સંસારી સુખનો ત્યાગ કરીને એક પ્રત્યક્ષ શ્રીજીમહારાજના ચરણમાં જ પ્રીતિવાળા થયા અને પંચવિષયને ઝેર જેવા જાણીને પંચવર્તમાનરૂપી મહારાજની આજ્ઞા તેનું પ્રેમે કરીને પાલન કરતા ને દેહના સુખનો ત્યાગ કરી પોતાને અનાદિમુક્તરૂપ માની મૂર્તિમાં રહીને મૂર્તિનું અખંડ ધ્યાન કરતા. અને તે ભક્તજનના સ્નેહને વશ થઈને શ્રીજીમહારાજ ને મુક્તરાજશ્રી તેમને જાગ્રત-સ્વપ્નને વિષે સાક્ષાત્ દર્શન દઈને અતિશય આનંદ પમાડતા.

અને તે ભક્તજનો કેવા છે, તો નિરંતર બાપાશ્રીની મરજી પ્રમાણે વર્તનારા ને પહેલા વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તે કઠણમાં કઠણ સાધન કહ્યું છે. તે સાધન જેમણે દૃઢ કર્યું છે, કહેતાં મહારાજની મૂર્તિ, મુક્ત ને ધામ તે વિના આ લોક, ભોગ, દેહ એ આદિને અતિ તુચ્છ જાણી પ્રકૃતિપુરુષ પર્યંત સર્વમાંથી વૃત્તિ તોડી નિર્વાસનિકપણું દૃઢ કરીને અખંડ મૂર્તિમાં નિમગ્ન રહેતા એવા છે. ને વળી કેટલાક ભક્ત તો છેલ્લા વચનામૃતમાં આત્મા-પરમાત્માનો વેગ લગાડવાનો કહ્યો છે, તેવી રીતે જેમણે દૃઢ વેગ લગાડ્યો છે એવા, તથા મધ્યના ૧૩માં તથા છેલ્લાના ૩૧માં શ્રીજીમહારાજે પોતાનું સ્વરૂપ સમજવાનું કહ્યું છે, તેવી રીતે શ્રીજીમહારાજનાં સ્વરૂપની દૃઢતાવાળા-એવા અને મહારાજની આજ્ઞા પ્રમાણે નિયમમાં વર્તવું તથા વર્તાવવું તેમાં શૂરવીર, એવા જે સરસપુરના પ્રાણશંકરભાઈ, શેઠ બળદેવભાઈ, આશાભાઈ, વાંટાવદરના ભૂરાભાઈ, પાટડીના નાગજીભાઈ, ઉપરદળના રામજીભાઈ આદિ સોએ સો હરિભક્ત હતા. તેમ જ કચ્છદેશના રામપુરના દેવરાજભાઈ, નારાયણપુરના ધનજીભાઈ ને તેમના દીકરા, તથા બાપાના દીકરા કાનજીભાઈ ને મનજીભાઈ તથા દહીંસરાના કેસરાભાઈ ને તેમના દીકરા ખીમજીભાઈ ને દેવજીભાઈ તથા રત્નાભાઈ આદિ તથા ભારાસરના તેજા ભક્ત, પૂંજા ભક્ત આદિ તથા મેઘપુરના નાનજીભાઈ એ આદિ ઘણાક ભક્તજનો છે, તેનાં નામ લખે પાર આવે તેમ નથી. તેમાંના કેટલાકને તો શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દિવ્યરૂપે દર્શન થયાં હતાં ને કેટલાકને તો બાપાશ્રીનાં અનેક સ્વરૂપે દર્શન થયાં હતાં તેમાંથી એક બે લવલેશ લખીએ છીએ.

કોઈક દિવસ ભૂરાભાઈ તથા નાગજીભાઈ તેમને પૂજા કરતાં વાર થઈ તેથી સભામાં આવતાં પણ મોડું થયું, પછી સભામાં આવીને દર્શન કરવા લાગ્યા. તે સમે કથાની જોડે

સિંહાસનમાં શ્રીજીમહારાજની મૂર્તિ છે, તે દિવ્ય તેજોમય સાક્ષાત્ શ્રીજીમહારાજ છે એવાં તેમને દર્શન થયાં અને તે સમે બાપાશ્રી પડખે બેઠા હતા, તે પણ તેવા જ દિવ્ય તેજોમય દેખાયા ને સર્વે સંતની સભાનાં દર્શન કરતાં સર્વે સંત પણ તેજોમય દેખાયા અને હરિભક્તની સભામાં સર્વે હરિભક્ત પણ એવા જ તેજોમય દેખાયા. એવી રીતે સભાનાં દર્શન કરી બાપાશ્રીની પાસે આવીને બેઠા ને અંતર્વૃત્તિ કરીને મૂર્તિ ધારી, ત્યાં તો અંતરમાં પણ અતિ અપાર તેજનો સમૂહ દેખાયો, ને મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન થયાં ને શ્રીજીમહારાજની મૂર્તિમાં બાપાશ્રીનાં પણ દર્શન થયાં એવી રીતે ઘણીવાર સુખ આવ્યું. પછી બહિર્વૃત્તિ કરીને જોયું ત્યારે બાપાશ્રી તથા સર્વે સભા દિવ્ય તેજોમય દેખાઈ ને બહુ આનંદ થયો.

વળી એક દિવસ ભૂજના મહેતા ભોગીલાલભાઈ બાપાશ્રીને ઘેર દર્શન કરવા ગયા ત્યારે બાપાશ્રીએ તેમને બોલાવીને પાસે બેસાર્યા ને વાતો કરી. પછી ભોગીલાલભાઈ મંદિરમાં આવ્યા, ત્યાં તો બાપાશ્રી સભામાં વિરાજમાન છે ને દિવ્યસ્વરૂપ એવાં દર્શન થયાં. ત્યારે તેમનાં મનમાં એમ થયું જે, 'આ તો બાપાશ્રીએ મને દયા કરીને દર્શન દીધાં,' એમ જાણી દર્શન કરીને સભામાં બેઠા ત્યાં તો બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા ને થોડીવારે ઘેરથી આવ્યા અને પુસ્તક ને પુરાણીની પૂજા કરવા લાગ્યા ને પૂજા કરીને પછી સભામાં આવીને બેઠા એવાં દર્શન થયાં. એવી રીતે દહીંસરાના રત્નાભાઈ તથા ચંદ્રશંકરભાઈના પિતાશ્રી ગિરજાશંકરભાઈને પણ બાપાશ્રીનાં દર્શન ઘેર ને મંદિરમાં તથા છત્રીએ ને પાકશાળામાં એમ અનેક ઠેકાણે થયાં હતાં. એવી રીતે બાપાશ્રીએ આ યજ્ઞમાં મહા અલૌકિક પ્રતાપ દેખાડ્યો હતો.

હવે તે યજ્ઞમાં સાંખ્યયોગી તથા કર્મયોગી બાઈઓ સેવા કરતાં, તેમાં સાંખ્યયોગી બાઈઓનાં લક્ષણ કહીએ છીએઃ તે કેવાં, તો સાંખ્યયોગનાં વર્તમાનમાં દૃઢ રહેલાં ને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનાએ જુક્ત એવાં, ને દેહનું સુખ, દેહના સંબંધી ને વિષયભોગનો ત્યાગ કરીને અખંડ ધ્યાનભજન-કથાવાર્તા કરવામાં જેને રાત્રી-દિવસ વીતે છે એવાં, ને જેમણે ધારણાં-પારણાં આદિ વ્રત કરીને શરીર સૂકવી નાખ્યાં છે એવાં ને મોટાની કૃપાથી ઉત્તમ બ્રહ્મચર્ય વ્રતની સ્થિતિને પામેલાં એવાં, ને વિષયસુખને ઝેર જેવાં જાણી શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિનું ધ્યાન કરતાં એવાં તે સાંખ્યયોગી બાઈઓમાં મોટાં મોટાં સાંખ્યયોગી બાઈઓનાં નામ કહીએ છીએઃ– મુક્તસ્વરૂપ ધનુબા, તથા મુક્તસ્વરૂપ ને બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈનાં માતુશ્રી જે દેવુબા, તથા બાપાશ્રીનાં પુત્રીઓ વાલબા તથા રાધાબા, અસલાલીનાં કંકુબા તથા તેમનાં સેવક મોંઘીબા, નારાયણપુરનાં અમરબા, મોંઘીબા, ધનુબાનાં સેવક કાનબા, કરાંચીનાં લીરૂબા, સૂરતનાં પાર્વતીબા, હરિબા, લક્ષ્મીબા, ભૂજનાં નાગર પાર્વતીબા, લક્ષ્મીબા,

પ્રેમબા, સોની સંતોકબા, પુરીબા, અંજારનાં પ્રેમબાઈ, સાકરબાઈ, વૃષપુરનાં રૂડીબા, વીરૂબા, લાલબાઈ, કેસરબાઈ, સોમબાઈ, મીરજાપુરનાં કાનબાઈ, તેજાબાઈ, પ્રેમબાઈ, વાલબાઈ આદિ તથા નર્મદાબા, સરસપુરનાં બોનજીબા, દિવાળીબા આદિ તથા જેકોરબા, વિસનગરનાં અંબાબા, કુંવરબા આદિ તથા વડનગરનાં રેવાબા આદિ તથા અમદાવાદનાં નહાનાબા આદિ તથા વિરમગામનાં નાથીબા ને સંતોકબા તથા પાટડીનાં ઉજીબા તથા અમૃતબા એ આદિ સાંખ્યયોગી સાઠ સિત્તેર બાઈઓ હતાં. તેમ જ નારાયણપુરના ધનજીભાઈનાં મા કેસરબા ને બળદિયાનાં કેસરબા, તેજબા આદિ કર્મયોગી હજારો બાઈઓ યજ્ઞમાં સેવા કરતાં હતાં. એ વિના બીજા હજારે હજાર બાઈઓ ને ભાઈઓ તે યજ્ઞમાં સેવા કરતાં હતાં.

હવે તે યજ્ઞમાં બાપાશ્રીએ જે ચમત્કાર બતાવેલ તે વાત કહીએ છીએ જે, તે યજ્ઞમાં હરિભક્તોએ હજારો મણ સુખડી કરીને ઓરડા ભરી રાખ્યા હતા ને શીરો કરીને શીરાના હોજ ભરતા હતા. તે વખતે શીરામાં ઘી ખૂટે તેવું જણાયું ત્યારે ઘી આપવામાં રહેલા જે મેડાના હરિભક્ત મોહનભાઈ ને જટાભાઈ તથા દેવપરાના કલ્યાણ ભક્ત આદિ તેમણે બાપાશ્રીની પાસે આવીને કહ્યું જે, 'બાપા ! ઘી થઈ રહેવા આવ્યું છે ને હજી શીરો કરવાનો બાકી છે, માટે બીજું ઘી મંગાવવું જોઈશે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મંદિરની ઓરડીમાં ઘીના ભરેલા ડબ્બા રાખ્યા છે. તે ઘી લઈ જઈને આપી આવો.' ત્યારે તે ભક્તોએ કહ્યું જે, 'બાપા! એ ડબ્બાનું ઘી તો અમે પ્રથમથી જ ગાળીને રસોડામાં લઈ ગયા હતા ને ડબ્બા તો ખાંલી કરીને મૂક્યા છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમે હમણાં જ તે ઓરડીમાં જઈને ડબ્બા જોયા હતા તે ઘીના ભરેલા જણાતા હતા, માટે જઈને જુઓ.' ત્યારે તે ભક્ત બાપાશ્રીની સાથે તે ઓરડીમાં આવીને માંહી રહેલા ડબ્બાને જુએ છે, ત્યાં તો મહારાજની ઈચ્છાથી સર્વે ડબ્બા ભરેલા જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા. પછી તે ઘી લઈ જઈને શીરો કરવા આપ્યું ને શીરો કરીને મોટા મોટા હોજ ભર્યા, તોપણ ઘી, ગોળ, લોટ વગેરે સામાન ઘણો જ વધી પડ્યો અને તે યજ્ઞમાં સર્વેને ચાર દિવસ સુધી જમાડ્યા ને દૂર દેશના હરિભક્તને તથા ગામના સર્વે માણસોને સમાપ્તિ પછી બે દિવસ સુધી જમાડ્યા તોપણ સુખડી ઘણી વધી હતી, તેથી બાપાશ્રીએ પરદેશી આદિ સર્વે હરિભક્તને સુખડીનાં ટીમણ આપ્યાં ને સંતમંડળને તો જેટલી જોઈએ તેટલી સુખડી આપી, તોપણ તે સુખડી ઘણી વધી હતી. ત્યાર પછી બાપાશ્રીએ વધેલી સુખડી તથા ઘી, ગોળ આદિ જે સામાન વધ્યો હતો તેને ધનજી પટેલ તથા ઝીણા પટેલ પાસે વેચાવી દીધો અને તેની જે કોરીઓ ઊપજી તે યજ્ઞના ખર્ચમાં વપરાણી. તેમાંથી અર્ધું ખર્ચ પૂરું થયું હતું અને તે યજ્ઞનું ખર્ચ અનુમાને લાખો રૂપિયાનું થયું હતું. ઈતિ વિશ્રામ ૪૦

સુખપુર-મૂર્તિપ્રતિષ્ઠા, ભૂજગમન, અજબ વર્ણન, સદ્‌ગુરુનું આગમન, કૃષ્ણકેશવદાસજીની દિવ્યગતિ, ભારે ભારે ઉપદેશ ને પોતાનો મહિમા વગેરે

ત્યાર પછી મુક્તરાજશ્રી યજ્ઞની સંપૂર્ણ સમાપ્તિ કરીને પોતાના ઘરને વિષે વિરાજમાન હતા, તે સમે ગામ સુખપુરથી બાપાશ્રીને પ્રતિષ્ઠામાં આવવાનું આમંત્રણ આવ્યું ત્યારે મુક્તરાજશ્રીએ ત્યાં પધારી સર્વેને આનંદ પમાડ્યા ને ભાઈઓના નવા મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિ સિંહાસનમાં પધરાવી. પછી ત્યાંથી ભૂજ આવી શ્રીજીમહારાજ ને સંતનાં દર્શન કરી વૃષપુર આવ્યા. વળી જેઠ માસમાં ધર્મામૃતની કથામાં ભૂજ આવ્યા અને સાધુના ધર્મની વાતો કરી સંત-બ્રહ્મચારીને આનંદ પમાડીને પાછા વૃષપુર પધાર્યા. ત્યાર પછી વર્ષાઋતુ આવી, તેમાં ગાજવીજ, વરસવું તેણે સહિત મેઘની ઘટાઓથી આકાશ ઢંકાઈ ગયું હતું ને મેઘ સર્વેને સુખકારી જળની વૃષ્ટિઓ કરતા હતા ને મોટાં મોટાં સરોવર ને નદીઓ-તે જળથી પૂર્ણ થયાં હતાં ને ખેડુજનો પણ નાના પ્રકારના ધાન્યથી હર્ષ પામતા હતા અને ગાયો આદિ પશુ તે પણ સુખી થયાં હતાં. એવી સર્વેને સુખકારી વર્ષાઋતુમાં મુક્તરાજ બાપાશ્રી બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ધ્યાન કરતા. પછી નિત્યવિધિ કરી મંદિરની ઓસરીમાં બેસીને કથાવાર્તા કરતા ને બાપાશ્રીનાં દર્શનથી સર્વેને આનંદ થતો. પછી બાપાશ્રી ઘેર જમીને હાથમાં લાકડી લઈ વાડીએ પધારતા ને વરસાદ વરસે ત્યારે આંબાનાં વૃક્ષ નીચે ઊભા રહેતા ને બાપાશ્રીનાં દર્શન કરવા સારુ ગામડેથી હરિભક્ત ઘણાક આવતા ને દર્શન કરીને જતા ને કોઈક સમે બાપાશ્રી વાડીમાં સ્વચ્છ પૃથ્વીને વિષે શયન કરતા ને દિવસનો પાછલો પહોર રહે, ત્યારે હસ્તમાં લાકડી લઈને રસ્તામાં જનોને આનંદ આપતા થકા મંદિરમાં પધારતા ને આરતી-ધૂન કર્યા પછી ઘેર વાળુ કરવા જતા. પછી મંદિરમાં આવી વચનામૃતની કથા વંચાવીને સાંભળતા, એવી રીતે નિત્યે આનંદ પમાડતા. પછી કોઈક સમે બાપાશ્રી શ્રાવણ માસમાં હિંડોળામાં ઠાકોરજીનાં દર્શન કરવા સારુ ભૂજ આવ્યા હતા ને ત્યાં શ્રીજીમહારાજની મૂર્તિઓનાં ને સંત-હરિભક્તનાં દર્શન કરીને પાછા વૃષપુર પધાર્યા હતા. ત્યાર પછી અન્નકૂટ ઉપર ભૂજ આવ્યા હતા ને દર્શન કરી ને પાછા વૃષપુર પધાર્યા. ત્યાર પછી પોતાના ગામના મંદિરમાં વસંતપંચમીનો મહોત્સવ કર્યો ને સર્વેને સુખી કર્યા.

પછી માઘ માસમાં સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ મૂળી-અમદાવાદનાં સંતમંડળ અનાદિ મુક્તરાજ બાપાશ્રીની સેવા-સમાગમનો લાભ લેવા વૃષપુર આવ્યા હતા ને મુક્તરાજશ્રીનાં દર્શન કરીને પરમ આનંદમાં

સમાગમનું સુખ લેતા હતા. તે સમે સાધુ કૃષ્ણકેશવદાસજી રસ્તામાંથી જ માંદા થઈને આવ્યા હતા. તેમને એવો સંકલ્પ હતો જે, 'બાપાશ્રી દયા કરી મારું પૂરું કરીને મૂર્તિના સુખમાં રાખે.' તેથી શ્રીજીમહારાજની મૂર્તિ વિના આ દેહ, લોક, ભોગ તથા પ્રકૃતિપુરુષનાં લોક, ભોગ તથા બ્રહ્મકોટિના ને અક્ષરકોટિનાં સુખ-ઐશ્વર્યને તુચ્છ જાણી તેમાંથી વૃત્તિ તોડીને એક પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ને મુક્ત તેમને તદાકાર વૃત્તિએ કરીને સંભારતા હતા ને અતિશય જ તે વાતનો વેગ લગાડી દીધો હતો. પછી બાપાશ્રીએ તેમની પાસે આવીને કહ્યું જે, 'કૃષ્ણકેશવદાસજી ! મૂર્તિ સંભારજો. આ પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ને મુક્તના શબ્દ છે.' એમ કહીને મૂર્તિમાં જોડી દીધા. પછી દશમની રાત્રિના નવ વાગે દેહ મેલાવીને દિવ્ય મૂર્તિના સુખમાં રાખ્યા. ત્યાર પછી ચાર વાગે સંત-હરિભક્ત તેમનો અગ્નિસંસ્કાર કરીને મંદિરમાં આવ્યા ને તે દિવસે સર્વે સંત સૂતકી હતા ને સાધુ કેશવપ્રિયદાસ ને ભૂજના સ્વામી હરિચરણદાસજી તે બે સંતો ઠાકોરજીના થાળ કરવા સારુ રહ્યા હતા, તેમણે સર્વેને પૂજાઓ કરાવી ને સર્વે સારુ રસોઈ કરી. અને બાપાશ્રીએ તે દિવસે પોતે વચનામૃતની કથા વાંચીને સર્વે સંતમંડળને સંભળાવી ને બાપાશ્રીની અમૃત સરખી સ્વાદુ વાણી સાંભળીને સર્વે સંત પણ અતિશય આનંદ પામ્યા.

ત્યાર પછી બીજે દિવસે મંદિરની ઓસરીમાં બાપાશ્રી આસને વિરાજમાન હતા ને આગળ સદ્‌ગુરુ વગેરે સંત-હરિભક્તની સભા બેઠી હતી ને પ્રથમનું ૭૧મું વચનામૃત વંચાતુ હતું. તેમાં એમ આવ્યું જે, 'ભગવાન જીવના કલ્યાણને અર્થે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે પોતાનું અક્ષરધામ ને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ ને પોતાનાં ઐશ્વર્ય, તે સહિત જ પધારે છે માટે સર્વે ભગવાન ભેળું જ છે એમ સમજવું.'

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, 'બાપ ! આ વચનામૃતમાં એમ કહ્યું જે 'જ્યાં શ્રીજીમહારાજ બિરાજે છે ત્યાં જ અક્ષરધામ ને અનંત મુક્ત ને સર્વે ઐશ્વર્યસુખ છે, ત્યારે કૃષ્ણકેશવદાસજી દેહ મેલીને ક્યાં ગયા હશે ?' ત્યારે મુક્તરાજશ્રી બોલ્યા જે, 'બીજે ક્યાંય ગયા નથી આ શ્રીજીમહારાજની મૂર્તિમાં જ છે, માટે આ મૂર્તિને તથા આ મુક્તને ખરેખરા દિવ્ય તેજોમય સમજજો પણ માયિક સમજશો નહિ. આ પ્રતિમા દિવ્યમૂર્તિ છે અને આ મુક્ત પણ દિવ્ય છે. તેમાંથી ઝળહળ ઝળહળ તેજ છૂટે છે ને તેજોમય છે. જે જે દેહ મૂકીને ગયા છે, તે સર્વે આ શ્રીજીમહારાજ સિંહાસનમાં બિરાજે છે, તે મૂર્તિમાં જ છે. અને આ મૂર્તિને વિષે મનુષ્ય-ભાવ-પ્રતિમાભાવ સમજવો નહિ. આવી દિવ્યભાવની સમજણ થાય, તેને જવું-આવવું ક્યાંય નથી..' એમ ઘણીક વાતો કરી ને વળી બોલ્યા જે, 'આ સભા તો પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણની છે અને તમે સર્વે તેમાં બેઠાં છો; તેમાં બેસવાનું કયાંથી મળે ! આ જોગ ખરેખરો છે. આ જોગમાં જે

પડી રહે તેનું કામ થઈ જાય, માટે આ જોગ કરીને મૂર્તિમાં જોડાવું. તે જેમ વૃક્ષ સાથે છાલ વળગી છે, તેમ પરમએકાંતિક મુક્ત મૂર્તિ સાથે વળગ્યા છે અને અનાદિમુક્ત તો જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે, તેમ મૂર્તિમાં જોડાઈ ગયા છે; તેમ આપણે મૂર્તિમાં જોડાવું તે મોટાનો જોગ કરીને તેવું થવાય છે પણ મોટા અનાદિમુક્તના જોગ વિના એવી પ્રાપ્તિ થાય નહિ ને આ સભામાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. ઝળસ ઝળસ તેજ ઝળકે છે, સૌ સંત જોઈ રાજી થાય છે ને હસે છે. તે મહારાજ વિના આવો આનંદ થાય નહિ પણ જીવને નાસ્તિકભાવ છે, તેથી સમજાય નહિ. આ સભા અક્ષરધામની છે; દિવ્ય છે. પૂર્વે શુકદેવજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા, તેમ આ સંત વૃક્ષમાં રહીને બોલે કે ન બોલે ? તો વૃક્ષમાં રહીને બોલે તેમાં તો શું કહેવું પણ આ સંત તો અક્ષર આદિ સર્વેમાં પ્રવેશ કરીને બોલે તેવા છે ને આ સંત તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા છે ને તમારા સંકલ્પ ચાલે છે. જેમ ગોપાળાનંદસ્વામીના સંકલ્પના સો સંત થયા હતા, તે ઝાડી દેશમાં ફરી આવ્યા, તેમ તમારા સંકલ્પ મૂર્તિમાન થઈ જીવને દર્શન દઈને કલ્યાણ કરે છે પણ તમને તમારા બળની ખબર નથી. જેમ બળદેવજીમાં બળ અપાર હતું, તોપણ પ્રલંબાસુર લઈ ચાલ્યો ત્યારે જણાવ્યા વિના જાણી શક્યા નહિ. તેમ તમે તમારા બળને જાણતા નથી. તે તમારા સુખને અર્થે તમારું બળ શ્રીજીમહારાજે ને અમે રોકી રાખ્યું છે.'

ત્યારે સાધુ કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'બાપા ! મહારાજ ને મોટા અનાદિમુક્ત મળ્યા છે અને આપે કેવળ કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા છે તે પણ જીવમાંથી હા પડે છે ને મૂર્તિ ભુલાતી પણ નથી ને મૂર્તિ વિના બીજે પ્રીતિ પણ જણાતી નથી ને મૂર્તિના સુખની ત્વરા પણ રહે છે પણ જેમ છે તેમ સુખ ભોગવાતું નથી, એટલે અનાદિમુક્તની સ્થિતિ ભોગવાતી નથી –તેનું કેમ સમજવું ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમને મૂર્તિમાં મૂકી દીધા છે અને મહારાજ ને મોટા તમારા ભેગા જ છે પણ અણુ જેટલાય છેટે નથી; આપણે કયા દરજજામાં છીએ, તો અનાદિમુક્તરૂપ છીએ, પણ તેમાં નાસ્તિકભાવ રાખવો નહિ. તમારા પણ સંકલ્પ ચાલે છે પણ તમને તમારા બળની ખબર નથી. તમારું સામર્થ્ય તમારા સુખને અર્થે મહારાજે અને આ મુક્તે રોકી રાખ્યું છે, પણ વખત ઉપર સર્વે સુખ સોંપી દેશું ને પૂરું કરી મૂર્તિમાં રાખી મૂર્તિનું સુખ ભોગવાવશું.'

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, 'બાપા ! મોટા મળ્યા પછી શું કરવું ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ખરેખરું ઉપશમ કરી મૂર્તિમાં જોડાવું; મૂર્તિમાં રસબસ થઈ મૂર્તિના સુખસમુદ્રમાં ઝીલવું ને મૂર્તિનું સુખ આવે તો માયિક સુખ સર્વે ખારાં ઝેર થઈ જાય છે. વળી જો માયિક સુખ સારું લાગે તો દુખિયો થાય છે, માટે પ્રકૃતિનું કાર્ય સર્વે ખોટું કરી નાખવું અને પ્રકૃતિનું કાર્ય સર્વે છે પણ ખોટું માટે ખોટાને ખોટું કર્યું તેમાં કાંઈ કર્યું ન કહેવાય, પણ સાચું છે

તેને પણ ખોટું કરવું. તે સાચું કિયું ? તો બ્રહ્મકોટિ, અક્ષરકોટિ ને અક્ષરધામનાં ઐશ્વર્ય તે સાચું છે. તેને પણ ખોટું કરીને મૂર્તિમાં જોડાવું ને મૂર્તિનું અનુભવજ્ઞાન થાય ત્યારે મૂર્તિમાં રહેવાય; અનુભવજ્ઞાન તે શું ? તો મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું અને મૂર્તિની ખુશબો આવે ને મૂર્તિનું , મુક્તનું અને સુખનું જાણપણું રહે તે અનુભવજ્ઞાન કહેવાય છે. તે અનુભવજ્ઞાન મુક્તને મૂર્તિમાં ખેંચી જાય છે ત્યારે તે અનાદિમુક્ત કહેવાય છે. તે અનુભવજ્ઞાન કેમ થાય તો આ જોગમાંથી ને મોટાની કૃપાથી થાય છે.'

અને વળી બાપાશ્રીએ વાત કરી જે, 'શ્રીજીમહારાજે સારંગપુરના ૭માં કહ્યું છે જે, 'મનોમયચક્ર કોને કહેવાય તો મનને કહેવાય અને તેની ધારા તે શી સમજવી, તો જે ઈંદ્રિયો તે ધારા સમજવી. તે જે ઠેકાણે તે ધારાઓ બૂઠી થઈ જાય તે ઠેકાણે નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે જ્યાં એકાંતિક સંત રહેતા હોય ત્યાં ધારાઓ કુંઠિત થાય તેથી નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય.' અને જ્યાં આવા અનાદિમુક્ત રહેતા હોય ત્યાં તો જીવને અપરંપાર લાભ થાય ને ત્યાં અક્ષરધામ કહેવાય. તેવા અનાદિમુક્ત આ છે અને અમે ખોટું કહેતા હોઈએ તો અમને પાપ છે.' –એમ ત્રણ વખત બોલ્યા. ત્યારે કલ્યાણ ભક્તે કહ્યું જે, 'બાપા ! આમાં તો કોઈ તમે ખોટું કહેતા હશો –એમ માનતા નથી.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમે તો સાચી વાત કહીએ છીએ.'

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'આવા મુક્તને ઓળખે તેને કેવો લાભ થાય ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ' જે ઓળખે તેને અમારા જેવા કરીએ પણ ઓળખે છે કોણ ?' ત્યારે પુરાણી હરિપ્રસાદદાસજીએ કહ્યું જે, 'બાપા ! આ તો સર્વે ઓળખે છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આટલાની શી ગણતરી, જેટલા ઓળખે તેટલા સર્વેને અમારા જેવા કરીએ; કેમ જે આ મુક્ત શ્રીજીમહારાજના સંકલ્પે કરીને દર્શન દે છે અને શ્રીજીમહારાજની વતી આવ્યા છે, માટે શ્રીજીમહારાજ જેટલું કામ કરે તેટલું આ મુક્ત પણ કરે છે અને જેમ શ્રીજીમહારાજ અનાદિ ને સ્વતંત્ર છે, તેમ જ મુક્ત પણ અનાદિ ને સ્વતંત્ર છે અને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું શ્રીજીમહારાજની ઈચ્છાથી તેમના મુક્તનું પણ કર્યું થાય છે ને મુક્તદ્વારે ક્રિયા પણ શ્રીજીમહારાજ કરે છે.' ઈત્યાદિક ઘણીક વાતો કરી. તેને સાંભળીને સદ્‌ગુરુ તથા સર્વે સંત –તે બાપાશ્રીને પરમ અનાદિમુક્ત જાણીને પરમ આનંદ પામ્યા ને બાપાશ્રી કથાની સમાપ્તિ કરાવીને ઘેર પધાર્યા. ઈતિ વિશ્રામ ૪૧

પ્રથમના ૬૩ના વચનામૃતનું વિવેચન ને ભારે ભારે વાતો

ત્યાર પછી દ્વાદશીને દિવસ બાપાશ્રી મંદિરની ઓસરીમાં આસન ઉપર વિરાજમાન હતા ને સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ ઘણા સંત તથા હરિભક્તની સભા બેઠી હતી ને પુ. ધર્મકિશોરદાસજી વચનામૃતની કથા વાંચતા હતા.

તેમાં પ્રથમનું ૬૩મું વચનામૃત વાંચ્યું. તેમાં એમ આવ્યું જે, 'પણ ભગવાનનું અક્ષરધામ છે તે અત્યંત મોટું છે' ત્યારે પુ. ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, 'આમાં શ્રીજીમહારાજે પૃથ્વીથી અક્ષર પર્યંત એકબીજાથી સૂક્ષ્મ, કારણ ને મોટા કહ્યાં ને પછીથી કહ્યું જે, 'પણ ભગવાનનું અક્ષરધામ છે તે તો અત્યંત મોટું છે.' –એમ કહ્યું તે પ્રથમ જે અક્ષર કહ્યું અને 'પણ અક્ષરધામ' કહ્યું તે બે એક છે કે જુદાં છે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પ્રથમ કીધું તે સૃષ્ટિકર્તા અક્ષરને કહ્યું છે. અને પછીથી કહ્યું જે, 'પણ ભગવાનનું અક્ષરધામ અત્યંત મોટું છે' તે શ્રીજીમહારાજના તેજરૂપ ધામને કહ્યું છે અને પછીથી કહ્યું જે, 'અક્ષરધામ મૂર્તિમાન છે' તે પોતાના પરમએકાંતિક અને અનાદિમુક્ત તેમને અક્ષરધામ નામે કહ્યા છે અને જેના એક એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે તે પણ પોતાના તેજરૂપ ધામને કહ્યું છે અને બ્રહ્માંડ કીધાં તે સૃષ્ટિકર્તા અક્ષરરૂપી જાણવાં, તે મુક્તે સહિત એવા શ્રીજીમહારાજના તેજના સમૂહરૂપ અક્ષરધામના એક એક કિરણમાં અક્ષરરૂપી બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે એમ જાણવું." પછી વચનામૃત વાંચવા માંડ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ લખ્યું છે તે તો આંધળાને લાકડી આપે તેમ લખ્યું છે પણ શ્રીજીમહારાજના તેજરૂપ ધામમાં અક્ષરરૂપી અસંખ્ય કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે છે. અક્ષરને વિષે બ્રહ્મરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે. બ્રહ્મને વિષે મૂળ પુરુષરૂપી અનંતકોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે છે. જોગ સારો છે; કહેનારા સારા છે માટે પોતાનું પૂરું કરી લેવું.' પછી વળી બોલ્યા જે, 'જેને વેદ નેતિ નેતિ કરીને ગાય છે, જે વસ્તુ જોઈએ છીએ, તે આજે શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત મળ્યા છે, બાકી જોવાની ઈચ્છા રહે તો ખોટ કહેવાય અને નાસ્તિકભાવ કહેવાય; બીજે જોવાનું બાકી નથી.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'બીજી ઈચ્છા રહેતી નથી,' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તો તો કાંઈ પણ બાકી નથી.'

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, 'સિદ્ધદશામાં મુક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ ગુણ રહેતા હશે કે નહિ ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સિદ્ધદશામાં મુક્તને વૈરાગ્ય આદિ બીજા ગુણ કહેવાય નહિ. સિદ્ધદશામાં તો અનુભવજ્ઞાન રહે છે, તે અનુભવજ્ઞાનની વાત જબરી છે; મૂર્તિમાં ને સુખમાં અપારપણું રહે અને મૂર્તિનું સુખ ભોગવાય તે અનુભવજ્ઞાન કહેવાય ને મૂર્તિનું સુખ, અનંત મુક્ત ને ધામ, તે સર્વેનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે. જેમ આ લોકમાં માયિક પદાર્થનું જ્ઞાન અહીંના જ્ઞાનથી થાય છે, તેમ પરભાવમાં મૂર્તિ, મુક્ત, ધામ, સુખ તે સર્વેનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે.અક્ષર પર્યંત સર્વે ખોટું કરે તેને જ્ઞાની કહેવાય પણ અનુભવજ્ઞાન તો અક્ષરથી પર મૂર્તિના સુખમાં પહોંચે ત્યારે જ થાય છે.' –એમ વાત કરી.

અને વળી વાત કરવા લાગ્યા જે, 'એક પ્રત્યક્ષ પ્રમાણ છે, બીજું અનુમાન પ્રમાણ છે, ત્રીજું

શાસ્ત્ર પ્રમાણ છે ને ચોથું અનુભવ પ્રમાણ છે. તેમાં કોઈ અનુમાન કરીને અક્ષરધામની સભા કહે છે અને કોઈ શાસ્ત્ર પ્રમાણ કરીને કહે; પણ આ તો પ્રત્યક્ષ પ્રમાણ અક્ષરધામની સભા છે અને અનુભવથી વાત થાય છે. આ મોટાના સંકલ્પ ચાલે છે, તે હજારો રૂપે થઈને હજારોને અક્ષરધામમાં મૂકી આવે છે. અને એક સમે-હું અમદાવાદ ગયો હતો, ત્યાં સ્વામી નિર્ગુણદાસજીએ મને કહ્યું જે, 'ભાઈ ! તમારાં દર્શન બરાબર થતાં નથી માટે કેડિયું કાઢો.' પછી કેડિયું કઢાવી ચશ્માં પહેરી મારા સામું જોઈને કહ્યું જે, 'અહો ! અહો ! તેજોમય શરીર છે, આવા તમે છો !' એમ બોલ્યા. તે મોટાનો મહિમા મોટા જાણે.' વળી બીજી વાત કરી જે, 'હું અહીં માંદો હતો ને આ બારણા આગળ નરનારાયણ દેવ સ્વામી અક્ષરજીવનદાસજીને દેખાયા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમે કેમ આવ્યા છો ? ત્યારે દેવે કહ્યું જે, 'આવા મોટા સત્સંગમાં છે તેમનાં દર્શન કરવા આવ્યા છીએ.'

અને વળી બાપાશ્રીએ વાત કરી જે, "અમે છપ્પનની સાલમાં છપૈયે ગયા હતા, ત્યાં આરતી ટાણે મંદિરના પાછલા વંડામાં જન્મસ્થાનનો કૂવો છે ત્યાં હું નહાતો હતો ને ખીમજીભાઈ નવડાવતા હતા. તે સમે અક્ષરકોટિ આદિના અનંત દેવ આવીને આ મુક્તના પગમાં પડવા મંડ્યા અને બાગમાં ને જન્મસ્થાનના મંદિર ઉપર તથા મોટા મંદિર ઉપર તેજના ગોળા દેખાવા લાગ્યા અને અતિશય પ્રકાશ થઈ રહ્યો અને તે દેવ આકાશમાંથી આવી અમારાં દર્શન કરીને આકાશમાં જતા રહે, એવાં દર્શન ખીમજીભાઈને થયાં ને કેટલાક સાધુ-હરિભક્તને શિખર ને જન્મસ્થાન ઉપર તેજના ગોળા દેખાયા. તે મોટા હોય ત્યાં સર્વે દર્શન કરવા આવે. અને વળી વાત કરી જે, 'મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ. સદ્‌ગુરુ મિલ્યા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.' 'મેં હું આદિ અનાદિ' એટલે આ રહ્યો તે આદિ, પણ છું અનાદિ મૂર્તિમાં. 'આદિ' એટલે આ પ્રત્યક્ષ આદિ જેવો દેખાઉં છું, ને અનાદિ એટલે જેવો મહારાજની મૂર્તિમાં છું તેવો જ આ પ્રત્યક્ષ છું. જેના સારુ મુંડાવ્યું છે, જે જોઈએ છીએ, તે જ આ પ્રત્યક્ષ મહારાજ અને મોટા મુક્ત મળ્યા છે. આ પ્રાપ્તિ બહુ મોટી છે, અતિ અતિ બહુ મોટી છે. ક્યિા સ્થાનમાં બેઠા છીએ, કોનો જોગ થયો છે તો અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ મળ્યા છે."

વળી બોલ્યા જે, " કૃષ્ણ શબ્દ છે, તે સર્વેને ભુલાવે છે. તે મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે, 'શ્રીકૃષ્ણ ભગવાન તે આપણા ઈષ્ટદેવ છે તે ક્યિા ?' –એમ કહ્યું માટે કૃષ્ણ ઘણા છે. જેમ અમારે પટેલ સર્વેને કહેવાય પણ ગામનો મુખ્ય પટેલ એક જુદો હોય, તેમ કૃષ્ણ સર્વે અવતારને કહેવાય છે પણ કૃષ્ણાદિક અવતારના અવતારી એવા આપણા શ્રીજીમહારાજ શ્રીકૃષ્ણ જુદા છે. કૃષ્ણ એવું શ્રીજીમહારાજનું મૂળ અનાદિ નામ છે પણ ગોલોકવાસી કૃષ્ણને બાઝે તો ઉપાસના ફરી જાય ને

ગોલોક પણ કૃષ્ણનું જુદું છે અને આપણું જુદું છે. મૂર્તિના તેજનાં કિરણોની જે શોભા, તે ગોલોક જાણવું. ને તે કિરણોને મધ્યે તેજનો સમૂહ એ અક્ષરધામ જાણવું. ને તે ધામમાં વ્યતિરેક મૂર્તિ શ્રીજીમહારાજ રહ્યા છે અને તે ધામના રસ્તામાં પુરુષ, મહાકાળ, વાસુદેવ ને અક્ષર સુધી આવરણ છે. તેથી પર મહારાજનું અક્ષરધામ જુદું છે. અને શ્રીજીમહારાજ ઘણા જીવોને સ્વ-સ્વરૂપનો નિશ્ચય કરાવવા સારુ પોતાના સંકલ્પથી જે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ ને વાસુદેવાદિક સ્વરૂપે વેશાંતર કરીને દર્શન આપે છે, તે સ્વરૂપથી જેમાં શ્રીજીમહારાજ પોતે અન્યવ સ્વરૂપે પ્રવેશ કરે છે –એવા જે અક્ષર, વાસુદેવ, મહાપુરુષ આદિ અવતાર તે પણ જુદા છે અને એવા ઐશ્વર્યાવેશ અવતાર અનંત છે. તે સર્વે અવતારના અવતારી ને સર્વે સંકલ્પ સ્વરૂપના મૂળ સ્વરૂપી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એક 'શ્રી સ્વામિનારાયણ' મહાપ્રભુ છે. તેમને લઈને સર્વે અવતારને પુરુષોત્તમ ભગવાન કહેવાય છે અને તે અવતારનાં સર્વે વિશેષણ અવતારીને પણ દેવાય છે. ને તે અવતારે કર્યાં જે કાર્ય તે પણ અવતારીએ કર્યાં કહેવાય છે." –એમ વાત કરીને કહ્યું જે, 'હરે ! મહારાજને બોલાવો.' ત્યારે વચનામૃત વાંચ્યું. પછી કથાની સમાપ્તિ કરીને બોલ્યા જે, 'આ સભાનો જય ને માયાનો ક્ષય.' –એમ વર આપ્યો. ઈતિ વિશ્રામ ૪૨

સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિકની વાતો

એક સમે બાપાશ્રી મંદિરની ઓસરીમાં સંત-હરિભક્તની સભામાં બેઠા હતા. પછી બાપાશ્રી કૃપા કરીને વાત કરવા લાગ્યા જે, "સાધુને કોઈ પ્રકારનું માન કે મમત્વ ન કરવું : જે અમદાવાદ મારું, કે મૂળી મારું, કે ભૂજ મારું; કોઈ ઠેકાણે તમારું ખૂંટીવા ક્યાંય રાખ્યું નથી. તમારો સંતનો પ્રકૃતિના કાર્યમાં ક્યાંય ભાગ રાખ્યો નથી માટે માનસન્માન સારુ ક્યાંય બંધાવું નહિ તે 'સાપ તુલ્ય સન્માન, પૂર્ણ પાપ તુલ્ય માન.' સન્માન થાય તો કાળો નાગ વળગ્યો જાણવો. માન થાય તો પૂર્ણ પાપ વળગ્યું જાણવું. તે ઉપર સ્વામી અક્ષરજીવનદાસજીને ધ. ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે ગાદીતકિયો આપવા માંડ્યો પણ ન લીધો, તે વાત કરી. ને સંતને તો એમ સમજવું જે, 'વનમાં છીએ, ગોળા માગી ખાઈએ છીએ પણ હવેલીઓ, બાગ-બગીચા, માન-સન્માન, ઉત્સવ-સમૈયા, રસોઈઓ એ આદિ કાંઈ નથી.' ને ઘર મેલવું ત્યારે પણ એવો વિચાર કરવો જે, 'વનમાં જઈએ છીએ ને ગોળા માગી ખાશું ને ભગવાન ભજશું.' –તેવો જ ભાવ સદાય રાખે તો સુખે ભગવાન ભજાય ને મોટાનો જોગ-સમાગમ પણ થાય અને સત્સંગમાં પરિપક્વ નિશ્ચયવાળા સંતને માન-સન્માન, વસ્ત્ર, રસાસ્વાદ આદિ સિદ્ધિઓ મળે છે. પણ તેમાં બધી ગ્રહણ ન કરવી; ઘટે તેટલું ગ્રહણ કરવું બાકી ત્યાગ રાખવો, નહિતર ભગવાન ભુલાય ને

વિષયી થઈ જવાય. અને રસાસ્વાદ જીવનું બહુ બગાડે છે; તે રસાસ્વાદ મૂકે તો મોટાના સમાગમનું સુખ આવે. તે બાજરાના રોટલા ઠાકોરજીને જમાડીને ભગવાન ભજવા ને સમાગમ કરવો. પૂર્વે ધોવરામણ પીને સમાગમ કર્યા છે; અત્યારે તો પત્તર ભરીને જોઈએ તેટલું મળે છે અને આગળ સંત પણ લીંબુ જેટલા ગોળા ખાઈને રહેતા ને આપણને તો પૂરેપૂરું મળે છે, તોપણ સ્વાદ ન મૂકે, તો દુઃખી થાય માટે રસાસ્વાદ ત્યાગ કરવો." તે ઉપર પોતાની વાત કરી જે, 'મારે બાજરીના રોટલા વિના બીજાની રુચિ જ નહિ ને દાંત નહિ તેથી ચવાય નહિ તે ઊનો રોટલો પાણીમાં બોળીને પછી દબાવીને રાખે. પછી દસ વાગે ગુવારનું કે રાતડિયાનું શાક હોય તે ચોળીને મહારાજને જમાડીએ ને સાંજના ચોખા વિનાની મઠની ખીચડી કરે, તેમાં મેળ લેવા બાજરીનો લોટ નાંખે તે ખીચડી જમાડીએ. તે વિના ગળ્યું-ચીકણું ગમે જ નહિ ને તે દેશમાં આવીએ તોપણ બાજરાનો રોટલો કરાવીએ ને ફળ, ફૂલ તથા નાના પ્રકારનાં મેવા-મીઠાઈ આવે પણ કોઈ દિવસ ખાવાનો સંકલ્પ જ થાય નહિ તે તમે જાણો છો, કોઈ દિવસ અમને જમતા દેખ્યા છે ?' ત્યારે સંતોએ કહ્યું જે, ' ખરું બાપા ! આપ સંતને વહેંચી આપતા પણ આપને કોઈ દિવસ જમતા દેખ્યા નથી.' પછી બાપાશ્રીએ કહ્યું જે, 'કોઈ ભાવે કરીને આગ્રહ કરે તો લગાર ગ્રહણ કરીએ પણ તેની રુચિ નહિ; કેમ જે એ તો પછી જીવ ચટણો થઈ જાય માટે એમ રાખીએ તો જ ઠીક રહે.' ત્યારે સંતે કહ્યું જે, 'આપનું ખાવું-પીવું, ઓઢવું-પહેરવું તે તો સર્વે જીવના કલ્યાણને અર્થે છે, તોપણ અમને શીખવવા સારુ આપ એમ વર્તો છો. અમને પણ એવી રુચિ થાય તેવા આશીર્વાદ આપશોઃ' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મહારાજનો ને મોટાનો ખરો ખપ રાખશો તો તમારે પણ તેવું થશે.' –એમ રાજી થઈને બોલ્યા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, 'ધર્મામૃતમાં બારશ ને પૂનમને દિવસે સાધુને પાકી રસોઈ લેવી તે વિના ન લેવી.' –એમ કહ્યું છે, 'તેનું અમારે કેમ કરવું ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સાધુને ભોજનને વિષે સારા ભોજનનો ભાવ ન રાખવો; ગોળાનો ભાવ રાખવો ને પાણી નાખી મેળાવી એરંડિયા જેવું કરીને જમવું; મહારાજને સંભારીને મહારાજને જમાડવા. સંતને આજ્ઞા પ્રમાણે મળે ત્યારે જમવું પણ ડબ્બા ભરી ન લેવા; જમવાની ના નથી. અને કોઈને દૂર જવાનું હોય ને અવશ્ય લેવું પડે તો લેવું પણ અમથા ભરી ન રાખવું ને સંતને પોતાને હાથે ઠાકોરજીનો થાળ કરીને સંતને જમાડવાની શ્રદ્ધા રાખવી. મહારાજને અને સંતને રસોઈ કરીને જમાડે તો મહારાજ રાજી થાય, પણ અમથા બેસી રહેવું નહિ; સેવા કરવી. અને અમદાવાદમાં બ્રાહ્મણ પાસે રસોઈ કરાવે છે પણ સંત હાથે કરતા નથી તેમાં ઠાકોરજીની ને સંતની સેવા કરવાનો મહિમા ક્યાં રહ્યો ? ન રહ્યો, માટે શ્રદ્ધા રાખવી ને મહિમા રાખવો. અને બ્રાહ્મણ

સત્સંગી હોય ને વર્તમાન પાળતા હોય તેના હાથનું ખાવું ને જે બ્રાહ્મણ સત્સંગી ન હોય, ને વર્તમાન પાળતા ન હોય તેવાના હાથનું ખાવું નહિ.'

પછી સાધુ કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'સાધુમાં પણ વર્તમાન ન પાળતા હોય, તેના હાથનું ખાવું કે નહિ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તેવાના હાથનું ન ખાવું પણ પોતાને હાથે રસોઈ કરીને જમવું, ને નોખી રસોઈ કરવાની સગવડ ન હોય ને ઉપાધિ થાય તેમ હોય અને ઠીક પડે તેમ ન હોય ત્યારે તો જગન્નાથપુરી સમજીને મહારાજને સંભારીને જમવું.'

વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, 'પ્રથમના ૪૮ના વચનામૃતમાં કાગળની મૂર્તિ પૂજવાનું કહ્યું છે, તે કપડાની મૂર્તિ પૂજવામાં કાંઈ બાધ હશે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તમારે સંતને તો બાધ ખરો; કેમ જે લૂગડામાંથી રેશમી લૂગડાની થાય; ભરતવાળી થાય, હદ ન રહે. તેમાંથી જેનો તમે ત્યાગ કર્યો છે તે જડમાયાનો જોગ થયો કહેવાય; કેમ જે પાંચ સંત પાસે પાંચ પાંચ રૂપિયાનો માલ હોય તો પચીસ રૂપિયા થયા તો એટલો જડમાયાનો જોગ થયો કહેવાય, માટે સંતને જડમાયા જે દ્રવ્ય ને ચૈતન્યમાયા જે સ્ત્રી એ બેનો ત્યાગ દૃઢ જોઈએ ને તેમાં ફેર હોય તો તેના હાથનું અન્નજળ લેવામાં પણ દોષ છે અને તેવા સત્સંગમાં હોય તોપણ તેનો મોક્ષ થાય નહિ, માટે ત્યાગી થઈને જડમાયા ને ચૈતન્યમાયાનો ત્યાગ દૃઢ રાખવો. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, 'સાચો ત્યાગી કોને કહીએ તો જે પદાર્થનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ પણ ન થાય.' તે તમે જડમાયા ને ચૈતન્યમાયાનો ત્યાગ કર્યો છે, તેનો સંકલ્પ પણ ન કરવો અને નિષ્કામશુદ્ધિ પ્રમાણે આજ્ઞાના ઉપવાસ અવશ્ય કરવા. તે ઉપર મધ્યના ૩૩ના વચનામૃતમાં કહ્યું છે તે વાત કરી."

પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ પૂછ્યું જે, 'બ્રહ્મચારીને તીર્થ કરવા સારુ દ્રવ્ય રાખવું –એમ કહે છે તેનું કેમ સમજવું ?'ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "બ્રહ્મચારીને સાધુની પેઠે જ દ્રવ્યનો ત્યાગ રાખવો. સાધુ, બ્રહ્મચારી, પાળા તે ત્યાગી કહેવાય માટે તે સર્વેને જડમાયા ને ચૈતન્યમાયાનો ત્યાગ દૃઢ રાખવો. પાળાને દેવનું તથા આચાર્યનું દ્રવ્ય હોય તેને અડવું, સાચવવું તેમાં બાધ નહિ, પણ પોતાનું કરીને પાળાને રાખવું નહિ –એવો મહારાજનો અભિપ્રાય છે. અને સાધુને લૂગડાં રાખવાનો વિધિ મહારાજે લખ્યો છે જે, 'જાડાં ને હલકાં મૂલ્યવાળાં ને સાદાં હોય તેવાં રાખવાં પણ બહુ ભારે મૂલ્યવાળાં હોય તેવાં ન રાખવાં.' અને કોઈને શરીરે ઠીક ન હોય, તો ઓઢવા-પહેરવામાં એક-બે લૂગડાં વધારે રાખે તેનો બાધ નહિ ને સંતને લૂગડાં પહેરવામાં, માથે બાંધવામાં રજોગુણ ન આવવા દેવો. તે ઉપર સ્વામી હરિનારાયણદાસજીની વાત કરી જે, માથે એક આંટો આમ દે ને એક આંટો આમ દે તેમાં રજોગુણ ન કહેવાય. અને પ્રથમના ૭૦ના વચનામૃતમાં કહ્યું છે જે, 'ભગવાનના ભક્તને મોક્ષને અર્થે અહિંસાધર્મ પાળવો;' તે અહિંસાધર્મ તે શું ? તો મન, વચન ને

દેહે કરીને કોઈ જીવને દુખવવો નહિ અને બ્રહ્મચર્ય પાળવું તે અહિંસા ધર્મ કહેવાય. ને સાધુ થાવું, એટલે ત્રણ ગુણના ભાવ આવવા દેવા નહિ. તે કહ્યું છે જે, 'નાખે અદાવત ને દિયે ગાળું, તેને ભક્ત સમજે દયાળુ.' તે સદાનંદસ્વામીને માર્યા ને લાકડી ભાંગી ગઈ ત્યારે કહ્યું જે, 'ગુરુભાઈકી લકડી ભાંગી ગઈ.' તે સાધુતા કહેવાય. તે આપણે રાખવી પણ ડારા દેનારા તો ઘણા હોય પરંતુ તેવા થાવું નહિ. ને રુચિવાળા ને ધર્મવાળા હોય તેમણે ભેગા થઈને ભગવાન ભજવા ને ભગવાન ભજાવવા, તેમાં મહારાજ રાજી થાય છે. ને માયા છે તે અંધકારરૂપ છે, તેથી જીવ આંધળા થાય છે. અને ઈંદ્રિયો-અંતઃકરણ સર્વે લૂંટારા છે તેનું કહ્યું કરે તો દુઃખ થાય. જેમ ચાર પાડાને ખવડાવીને પુષ્ટ કરી ખાટલાને પાયે બાંધીને સૂએ, તો સુખ ક્યાંથી આવે ? તેમ ઈંદ્રિયો-અંતઃકરણને મોકળાં મેલે તો મોક્ષના માર્ગથી પાડી નાખે; તેને નિયમમાં રાખે તો જ સુખ થાય. અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે પણ હિંસા કહેવાય. તે અત્યારે તો દ્રોહની નદીઓ ચાલે છે, દ્રોહમાંથી તો જીવનો નાશ થઈ જાય ને તેમાંથી જીવનું બહુ બગડે તે આપણે જાળવવું."

પછી સાધુ કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'મધ્યના ૫૧ના વચનામૃતમાં 'અધિક ન વર્તવું.'-એમ કહ્યું છે તે શું સમજવું ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ગૃહસ્થને ત્યાગીનો ધર્મ જે સ્ત્રીદ્રવ્યનો ત્યાગ રાખવો ને સ્ત્રીદ્રવ્યને અડવું પણ નહિ તે. અને ત્યાગીને સૌની સાથે રાંધેલ અન્ન ન ખાવું ને લોટ પીને રહેવું તે અધિક વર્ત્યું કહેવાય, તેમ ન વર્તવું.' ઇતિ વિશ્રામ ૪૩

બાપાશ્રીને બે પત્રો, સદ્‌ગુરુનું કચ્છગમન ને ગુજરાતમાં આવવા વિનંતી, રામપુર-કથાયજ્ઞ, બ્રહ્મચારીની વિનંતી ને તેમની પ્રશંસા ને કલ્યાણસિંહજીને મૂર્તિનો સાક્ષાત્કાર વગેરે

એવી રીતે અનાદિ મુક્તરાજશ્રી દિવસ દિવસ પ્રત્યે શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત તેમનું સ્વરૂપ સમજવાની રહસ્યરૂપ વાતો કરીને સર્વે સંતને બહુ સુખ આપતા હતા. તેવા સમયમાં અસલાલીના પટેલ શામળભાઈના બહેન કંકુબા હતાં, તે નાનપણમાંથી સાંખ્યયોગી થયાં હતાં ને સ્વધર્મનિષ્ઠ ને પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની સર્વોપરી ઉપાસનાની નિષ્ઠાવાળાં હતાં, તે કંકુબા આજ્ઞામાં રહીને શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરતાં ને બીજી બાઈઓને કરાવતાં. એ કંકુબાએ જયતલપુરમાં મહોલથી ઉગમણી બાજુમાં તુલસીક્યારો હતો ને જ્યાં શ્રીજીમહારાજ દાતણ કરવા બેસતા, તે ઠેકાણે છત્રી કરાવી હતી. તેમાં અનાદિમુક્તના હાથે ચરણારવિંદ પધરાવવા અને 'સત્સંગિજીવન'નું પારાયણ બેસાડવું, તે પ્રસંગે અનાદિમુક્તશ્રીને તેડાવવાનો પત્ર પ્રાણશંકરભાઈની પાસે લખાવ્યો જે, 'છત્રીએ ચરણારવિંદ પધરાવવાં છે ને

પારાયણ કરાવવું છે માટે વસંતે પધારશો.' તે વાત જાણીને સ્વામી ઈશ્વરચરણદાસજીએ પણ બાપાશ્રીને પત્ર લખ્યો જે, ' આપ વસંત ઉપર આવવાનું મુલતવી રાખશો ને અમો તેડવા આવીએ ત્યારે પધારશો; કેમ જે મૂળીના મહંત સ્વામી હરિનારાયણદાસજી ને અમદાવાદના પુ. નંદકિશોરદાસજી તથા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી તેમણે છપૈયામાં શ્રીઘનશ્યામ મહારાજનું જન્મસ્થાન કરાવ્યું છે, –તેમાં બાળસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાની છે, તેથી ઘણાક સંત-હરિભક્ત સહિત ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી છપૈયે પધારવાના છે માટે તે પ્રસંગે આપશ્રી પણ પધારવાનું રાખશો; કેમ જે શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા સંતો તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા આપશ્રીના હાથે થાય તો શ્રીજીમહારાજના હાથે જ પ્રતિષ્ઠા થયા જેવો સૌને આનંદ થાય. તે જુઓનેઃ– મૂળીમંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા, તોપણ મહા સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી પોતે ગઢપુર જઈ ગોપાળાનંદસ્વામીને ઘણી વિનંતી કરીને મૂર્તિ પધરાવવા સારુ તેડી લાવ્યા ને શ્રીજીમહારાજની મૂર્તિ ધ.ધુ.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ને અનાદિમુક્ત ગોપાળાનંદસ્વામી તેમણે પ્રથમ મૂળીમાં પધરાવી, તો શ્રીજીમહારાજે પોતે પધરાવી હોય તેવો આનંદ સર્વેને થયો. તેમ આંહીં પણ સર્વેને આનંદ થાય ને વળી અમદાવાદ ને વડતાલ એ બે દેશના સાધુ-હરિભક્ત સર્વેને એમ છે જે, ચૈત્રમાસના શ્રીહરિજયંતીના સમૈયામાં અનાદિમુક્તશ્રી પધારશે તો નાના મોટા આપણ સર્વેને દર્શનનો લાભ મળશે. એવા સૌના અભિપ્રાયથી મેં આપને આ પત્ર લખ્યો છે.' –આવી રીતે પત્ર લખીને બાપાશ્રીને મોકલાવ્યો.

ત્યાર પછી સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતો બાપાશ્રીને છપૈયે પધારવાનું આમંત્રણ આપવા સારુ વૃષપુર આવ્યા હતા ને બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા હતા. તેમાં એક દિવસ સ્વામીએ બાપાશ્રીને કહ્યું જે, 'છપૈયે જન્મસ્થાનમાં મૂર્તિ પધરાવવાની છે, તેથી અમે આપશ્રીને તેડવા આવ્યા છીએ,' ત્યારે મુક્તરાજ બાપાશ્રીએ કહ્યું જે, 'અમારું શરીર ખમે તેમ નથી માટે તમે જાઓ ને અમારા વિના ચલાવો તો ઘણું સારું ; અમે દિવ્યસ્વરૂપે તમારા ભેળા આવશું,'-એમ કહ્યું, પણ બાપાશ્રીને સર્વેના મનોરથ પૂરા કરવાની ઈચ્છા છે તેને સદ્‌ગુરુ જાણે છે; કેમ જે મૂળીના સંત-હરિભક્તને બાપાશ્રીનાં દર્શન-સમાગમની ઘણી ઈચ્છા છે. તેમ જ ગુજરાત, ખાખરિયા, નળકંઠો આદિ દેશના ઘણા હરિભક્ત બાપાશ્રીનાં દર્શનની રાહ જોઈ રહ્યા છે ને કેટલાક તો બાપાશ્રી પધારે ત્યારે પારાયણો કરાવવાં ને કેટલાકે નવાં મંદિર કરાવ્યાં છે તેમાં બાપાશ્રી પધારે ત્યારે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવવી. એવી રીતે સર્વે નાના પ્રકારના મનોરથ કરીને બાપાશ્રીના પધારવાની વાટ જોઈ રહ્યા છે ને બાપાશ્રીને પણ તે સર્વેના

મનોરથ પૂરા કરવાની ઈચ્છા છે, તેથી સદ્‌ગુરુ સ્વામી બંને બાપાશ્રીને કહેવા લાગ્યા જે, 'હે કૃપાળુ ! આપને જરૂર પધારવું જોઈએ તેવું છે, પણ ચાલે તેવું નથી. પછી આપની મરજી હોય તેમ કરો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તે દેશમાં આવીએ તો મૂળીવાળા કહેશે જે આંહીં રહો ને ગામડાનાં કહેશે જે અમારે ત્યાં આવો. ને નળકંઠાવાળા કહેશે જે અમારે ત્યાં આવો. વળી તમે કહેશો જે ખાખરિયામાં આવો અને અમદાવાદવાળા કહેશે જે અમારે અહીં તો આટલું રહેવું જોઈશે અને અમારે શરીરે તો ખમાય એવું રહ્યું નહિ, ત્યારે કેમ કરવું ?' ત્યારે બીજા સંતોએ કહ્યું જે, 'બાપા ! ગુજરાત પ્રેમી કહી છે, તે ત્યાંના હરિભક્ત તો બહુ પ્રેમ કરે ને આપને હેરાન કરે માટે ત્યાં જાવું નહિ તે ઉત્તમ છે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'એનું તો કાંઈ નહિ ; કેમ જે આ દેહ તો ગુજરાતના હરિભક્તો સારુ જ ધારણ કર્યો છે, એમને તો સર્વેને સુખી કરવા છે અને સર્વેના મનોરથ પૂરા કરી રાજી કરવા છે, પરંતુ જે ભક્ત મરજી જાણે નહિ ને પોતાનું ધાર્યું કરવા સારુ ખેંચતાણ કરે ને અમારી મરજી પ્રમાણે કરે નહિ તે અમને ગમે નહિ ; ને જે મરજી પ્રમાણે જ કરે પણ પોતાનું ધાર્યું કરવાનો સંકલ્પ પણ રાખે નહિ તે ગમે અને તેના ઉપર અમારો ખરો રાજીપો થાય.' –એમ બાપાશ્રીએ કહ્યું . ત્યારે સદ્‌ગુરુ સ્વામી બોલ્યા જે, 'બાપા ! અમારે કાંઈ સંકલ્પ નથી પણ હરિભક્તના વતી આપને તેડવા આવ્યા છીએ.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'રામપુરની કથા સાંભળીને સંઘ સોંઢાડશું.'

તે સમે ગામ રામપુરમાં મુક્ત ધનુબાએ 'વચનામૃત' ને 'ભક્તચિંતામણિ' એ બે પુસ્તકનું તેર દિવસનું પારાયણ કરવાનો પ્રારંભ કર્યો હતો, તેથી સંત સહિત બાપાશ્રીને તે કથામાં પધારવાનું આમંત્રણ આવ્યું હતું. પછી બાપાશ્રી સર્વે સંતને સાથે લઈને રામપુર પધાર્યા ને ત્યાં ભૂજના સર્વે સંત પણ આવ્યા હતા ને ચોકમાં ચંદની બાંધી કથામંડપ શોભાવ્યો હતો ને બ્રહ્મચારી સ્વામી 'ભક્તચિંતામણિ'ની ને સાધુ ભક્તિપ્રિયદાસજી 'વચનામૃત'ની કથા વાંચતા હતા અને સંત-હરિભક્તની મોટી મોટી સભાઓ થતી ને બાપાશ્રી તે સભામાં આસન ઉપર બેસીને કથા સાંભળતા ને વાતો કરતા ને કથામાં ન સમજી શકાય તેવી વાત આવે તેનું વિવેચન કરીને સર્વેને સમજાવતા ને કથાની સમાપ્તિ થયા પછી વેકરાના મંદિરમાં પધારતા. તે વખતે સ્વામી આદિ સંતોનો ઉતારો વેકરાના મંદિરમાં રાખ્યો હતો ને બાપાશ્રી પણ રાત્રીએ ત્યાં પોઢતા ને સંત તથા બાપાશ્રી રાત્રીના ત્રણ વાગે સ્નાન, પૂજા આદિ કરીને કથાવાર્તા કરતા ને સર્વે સંત સાંભળતા અને કોઈક વખત સંતમંડળ વચનામૃત ને કીર્તન વગેરે કંઠે બોલતા.

એક દિવસ બ્ર. નિર્ગુણાનંદજી 'અધમ ઉધારણ અવિનાશી, તારા બિરદ તણી બલિહારી રે,' –એ પ્રભાતિયું બોલ્યા ત્યારે બાપાશ્રી અતિ રાજી થકા બોલ્યા જે, 'બ્રહ્મચારી ! તમે તો

શ્રીજીમહારાજને બહુ રાજી કર્યા.' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'હે કૃપાળુ ! આપે કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા છે તે નક્કી નિશ્ચય છે અને મૂર્તિ ભુલાતી પણ નથી ને મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવાય છે, પણ જેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવે છે તેમ સુખ ભોગવાતું નથી.'ત્યારે બાપાશ્રીએ બ્રહ્મચારીનો હાથ ઝાલીને કહ્યું જે,'તમને શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ જોડી દીધા છે અને તમારા તો સંકલ્પ ચાલે છે પણ તમને તમારા બળની ખબર નથી, ને તમારું બળ તો શ્રીજીમહારાજે ને અમોએ રોકી રાખ્યું છે તે તમારા સુખને સારુ, પણ તમે તો સદાય મૂર્તિના સુખમાં જ રમો છો ને અનાદિમુક્ત છો.'

એક દિવસ બાપાશ્રીએ કલ્યાણસિંહજી ભક્તને કહ્યું જે, 'તમે અહીં બેઠા ભજન કરો છો, પણ તમારે કથામાં આવવું જોઈએ. અને જો કથામાં આવો તો શ્રીજીમહારાજની મૂર્તિ સાક્ષાત્ દેખાડીએ.' ત્યારે તે ભક્તે કહ્યું જે, 'જરૂર દેખાડશો ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'જરૂર દેખાડશું.' પછી તે ભક્ત અતિશય રાજી થયા અને બીજે દિવસ વહેલા સ્નાન-પૂજા કરી બાપાશ્રી પાસે આવીને બેઠા ને કહ્યું જે, 'હવે મૂર્તિ દેખાડો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'કથામાં દેખાડશું.' પછી અજવાળું થયું ત્યારે બાપાશ્રી સંતમંડળ અને તે ભક્તને સાથે લઈને કથામાં પધાર્યા ને કથા ચાલુ થઈ હતી. તે વખતે બાપાશ્રી સભામાં દર્શન કરી આસન ઉપર બિરાજમાન થયા અને તે ભક્ત પણ પાસે બેઠા. ત્યારે તે ભક્તે બાપાશ્રીને કહ્યું જે, 'હવે મૂર્તિ દેખાડો.' ત્યારે બાપાશ્રીએ લાંબો હાથ કરીને ખુરસીમાં પધરાવેલી શ્રીજીમહારાજની મૂર્તિ દેખાડી ને કહ્યું જે, 'જુઓ, આ કોણ છે ?' ત્યારે તે ભક્તને પ્રતિમાભાવ ટળીને દિવ્યભાવ આવી ગયો ને પોતાના હૃદયમાં તે મૂર્તિ ધારી, ત્યાં તો તેજમાં તેજોમય મૂર્તિ દેખાઈ ને પરમ આનંદને પામ્યા. પછી બાપાશ્રી સામું જોયું, ત્યાં તો બાપાશ્રીને પણ અતિ તેજોમય સ્વરૂપ દેખ્યા. પછી અંતર્વૃત્તિ કરીને મૂર્તિમાં જોડાઈ ગયા અને શ્રીજીમહારાજ જેવા અક્ષરધામમાં દિવ્યમૂર્તિ છે તેવા જ પ્રતિમા સ્વરૂપે સત્સંગમાં પ્રત્યક્ષ છે અને અનાદિમુક્ત દ્વારે સુખ આપે છે, એમ તેમને સાક્ષાત્કાર થઈ ગયો ને અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ દેખાવા લાગી. અને મુક્તરાજ બાપાશ્રીએ તે કથામાં સંત-હરિભક્તને બહુજ સુખિયા કર્યા ને કથાની સમાપ્તિને દિવસે સંતનાં મંડળ ને હરિભક્તના સમૂહે સહિત ગંગાએ સ્નાન કરવા પધાર્યા. ત્યાં બાપાશ્રી ગંગાની ધારાએ બેસીને સ્નાન કરવા લાગ્યા અને સંત-હરિભક્ત તે પ્રસાદીના જળમાં સ્નાન કરવા લાગ્યા ને સ્નાન કરી રહ્યા, એટલે સર્વે મંદિરમાં આવ્યા. પછી બાપાશ્રી જમીને ચાલવા તૈયાર થયા ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને કહ્યું જે, 'તમે સર્વે ભૂજ જાઓ અને અમે ઘેર જઈ તૈયાર થઈને પછી ભૂજ આવશું, પછી ત્યાંથી અમદાવાદ સમૈયે ચાલશું.' એમ કહી સંતમંડળ સહિત ગાડામાં બેસીને ચાલ્યા અને સ્વામી ઈશ્વરચરણદાસજી

તથા સ્વામી વૃંદાવનદાસજી બાપાશ્રીની જોડે ગાડામાં બેઠા હતા અને બીજા સંતો બાપાશ્રીને છાંયો કરવા ગાડા ઉપર લૂગડાના ચાર છેડા ઝાલીને ચાલતા હતા, તેથી રસ્તામાં પથરા અને ઝાંખરાંથી સંતને અથડાતા જોઈને સ્વામીએ કહ્યું જે ,'સાચવીને ચાલજો ; વાગે નહિ' ત્યારે સંતે કહ્યું જે, 'વાગે તો ભલે, પણ બાપાશ્રીનાં દર્શન તો થાય છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ દર્શન ક્યાં મળે એવાં છે; બહુ દુર્લભ છે પણ તમને તો સુલભ થયાં છે.'-એમ વાતો કરતા રસ્તામાં જ્યાં માર્ગ બદલાય છે ત્યાંથી પોતે વૃષપુર ગયા ને સર્વે સંત ભૂજ આવ્યા. ઈતિ વિશ્રામ ૪૪

છપૈયે જતાં મૂળી-નિવાસ, મેઘાભાઈનો સંકલ્પ સત્ય કર્યો, ચમત્કારી વાતો, પાટડીમાં મૂર્તિપ્રતિષ્ઠા, અદ્‌ભુત ચમત્કાર, મોક્ષના વર ને સરસપુર-ગમન

સવંત ૧૯૭૨ની સાલમાં, ક્ષર અક્ષરથી પર અક્ષરધામના નિવાસી ને અનંત મુક્તના સ્વામી એવા પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, તેમના સંકલ્પથી જીવના મોક્ષ કરવા સારુ મનુષ્યરૂપે સર્વને દૃષ્ટિગોચર થયેલા એવા, અને જેમને અનંત જીવના મોક્ષ કરવાનું જ તાન છે એવા મુક્તરાજશ્રી તે તૈયાર થઈ દેવરાજભાઈને, તથા ધનજીભાઈ, ખીમજીભાઈ, આદિ દસ હરિભક્તને સાથે લઈને છપૈયે જવા નીસર્યા, તે પ્રથમ ભૂજ પધાર્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી ભૂજના સંત-હરિભક્તોને મળી અમદાવાદ તથા છપૈયે જવાની વાત કરી, ત્યારે તે પણ સર્વે રાજી થયા. પછી બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને સાથે લઈ ગાડીમાં બેસીને સ્ટેશને પધાર્યા, ત્યાં ઘણા સંત-હરિભક્ત સ્ટેશને આવ્યા હતા તેમને પાછા વાળી સંત-હરિભક્ત સહિત પોતે રેલ્વેમાં બેઠા તે તૂણા બંદરથી આગબોટમાં બેસી રોજી બંદર ઊતર્યા. ત્યાં જામનગરના સોની ડાહ્યાભાઈ આદિ ઘણા હરિભક્તો સામા આવ્યા હતા, તેમણે મુક્તરાજશ્રીને તથા સદ્‌ગુરુ સ્વામીને ઘોડાગાડીમાં બેસાર્યા ને બીજા સંત-હરિભક્ત ચાલ્યા તે જામનગર મંદિરમાં આવ્યા. ત્યાં બીજે દિવસ મુક્તરાજશ્રી પ્રાતઃકાળમાં નિત્યવિધિ કરીને જમ્યા. પછી સંત-હરિભક્તે સહિત સ્ટેશને પધાર્યા. તે સમે જામનગરનાં હજારો હરિભક્ત મુક્તરાજશ્રીનાં દર્શન કરવા સારુ આવ્યા. તેમને સર્વેને દર્શન દઈ બાપાશ્રી સંત-હરિભક્તની સાથે રેલગાડીના એક ડબ્બામાં બધા ભેગા બેઠા. તે વખતે બાપાશ્રીની સાથે હરિભક્ત હતા તે અખંડ કીર્તન બોલતા ને બાપાશ્રી વાતો કરતા ને સર્વે સંત-હરિભક્તને રેલગાડીમાં પણ બાપાશ્રીના સમાગમથી અક્ષરધામના જેવું સુખ આવતું હતું ને ડબ્બો પણ અક્ષરધામ તુલ્ય થઈ ગયો હતો. પછી મુક્તરાજશ્રી ત્યાંથી રાજકોટ આવ્યા, ત્યાં બાપાશ્રીનાં દર્શન કરવા મોરબીના શેઠ હીરજીભાઈના ભાઈ ગોવિંદભાઈ ને કાળુભાઈ આદિ હરિભક્ત આવ્યા હતા, તે સર્વેને દર્શન દઈને બાપાશ્રીએ સ્ટેશન ઉપર નદીમાં સ્નાન કર્યું ને ત્યાંથી

વાંકાનેર આવ્યા. ત્યાં પણ ઘણા હરિભક્ત આવ્યા હતા, તે સર્વેને દર્શન દઈને બાપાશ્રી મૂળી સ્ટેશને ઊતર્યા. ત્યાં ઘણા સંત-હરિભક્ત સામા આવ્યા હતા, તેમણે બાપાશ્રી તથા સદ્‌ગુરુને શિગરામમાં બેસાર્યા ને સર્વે મંદિરમાં આવ્યા. તે વખતે બાપાશ્રીનો ઉતારો નવી જગ્યાના મેડા ઉપર રાખ્યો હતો ને બાપાશ્રીની સાથે આવેલા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત ને દેવરાજભાઈ આદિ હરિભક્ત તે પણ બાપાશ્રીના ભેળા ત્યાં જ ઊતર્યા હતા. હવે બાપાશ્રી મૂળી પધાર્યા છે, એવું સાંભળીને ગામડામાં રહેલા સંત-હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા સારુ જેમ સમુદ્રની સન્મુખ નદીઓ આવે, તેમ તત્કાળ આવવા લાગ્યા ને મૂળી મંદિરના મહંત સ્વામી હરિનારાયણદાસજી ને તેમના સાધુ ગુણાતીતદાસજી, ગોપીવલ્લભદાસજી આદિ તથા પુ. ધર્મકિશોરદાસજી આદિ નાનામોટા સર્વે સંત તથા હરિભક્ત તે અતિ હેતે કરીને બાપાશ્રીનાં દર્શન સેવા-સમાગમ કરવા લાગ્યા. તે વખતે મૂળીમાં સંત-હરિભક્તનો સમુદાય સમૈયા જેવો થયો હતો ને બાપાશ્રી નિત્યે ચાર વાગે જાગી ધ્યાનમાં બેસતા ને પાંચ વાગે કૂવા ઉપર સ્નાન કરતા. પછી નિત્યવિધિ કરી મંગળા-આરતીમાં ઠાકોરજીનાં દર્શન કરીને સભામાં બેસતા ને સભા ઠસોઠસ ભરાઈ જતી ને સ્વામી વૃંદાવનદાસજી વાતો કરતા. એમ નવ વાગ્યા સુધી કથાવાર્તા થાતી ને બે વાગ્યા પછી બાપાશ્રીના આસને સભા થાતી.

એક દિવસ બાપાશ્રી પાસે સ્વામી હરિનારાયણદાસજી આદિ મૂળીના ઘણા સંત બેઠા હતા ને સ્વામી વૃંદાવનદાસજી આદિ અમદાવાદના સંત પણ હતા ને લીંબડી સ્ટેટના દિવાન ઝવેરભાઈ તથા કારભારી રાણાશ્રી મેઘાભાઈ એ બન્ને આ મુક્તરાજશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા, તેઓ પણ તે સભામાં બાપાશ્રી પાસે બેઠા હતા. તે વખતે એક સંતે ઠાકોરજીની પ્રસાદીનો મોટો હાર લાવી બાપાશ્રીને પહેરાવ્યો, ત્યારે મેઘાભાઈના મનમાં એમ થયું જે, 'આ બાપાશ્રી અનાદિમુક્ત છે ને તે સર્વેના અંતરનું જાણે છે એમ ઘણા સંત-હરિભક્ત કહે છે, પણ મારો સંકલ્પ જાણી પોતે પહેરેલો હાર જો મને પહેરાવે તો બાપાશ્રી અંતર્યામી ખરા, પણ દિવાન સાહેબ સાથે છે એટલે લોકવ્યવહારે કદાચ એમને આપવો જોઈએ પણ મને જ આપે તો અનાદિમુક્ત ખરા.' -એમ સંકલ્પ કરતા હતા, ત્યાં તો બાપાશ્રીએ પહેરેલો હાર પોતાના હાથમાં લીધો. તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'ઝવેરભાઈને હાર પહેરાવો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સ્વામી ! મેઘાભાઈનો સંકલ્પ છે.' -એમ કહી એ હાર મેઘાભાઈને પહેરાવ્યો.એ વખતે સ્વામી હરિનારાયણદાસજીએ કહ્યું જે, 'ભાઈ ! તમે થોડી વાત કરો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'જેવા સ્વામિનારાયણ ભગવાન છે તેવા સાક્ષાત્ જણાય તો એ મૂર્તિ ક્ષણવાર ભુલાય નહિ; જીવમાં મહિમા સમજાય તો મૂર્તિમાં રસબસ થઈ રહેવાય. અને મૂર્તિનું સુખ આવે તો મૂર્તિ વિના સર્વે ખારું

ઝેર થઈ જાય ને આવા જોગમાંથી મહિમા સમજાય; આ જોગ બહુ દુર્લભ છે.'-એમ બાપાશ્રીએ ઘણીક વાતો કરી, તેને સાંભળીને સર્વે બહુ રાજી થયા. પછી સભા વિસર્જન થઈ ત્યારે મેઘાભાઈએ બાપાશ્રીએ પોતાનો સંકલ્પ જાણી હાર આપ્યો તે વાત કરી. આવી રીતે બાપાશ્રી મૂળીમાં પાંચ દિવસ રહી ઐશ્વર્ય-પ્રતાપ જણાવી ત્યાંથી ફાગણ વદ દશમને દિવસ લીલાપુર પધાર્યા. તે વખતે મૂળીના ઘણાક સંત બાપાશ્રીનાં દર્શન-સમાગમની ઇચ્છાથી ભેળા આવ્યા ને ગામડાના હરિભક્તો પણ ઘણા આવ્યા હતા. ને બાપાશ્રી ત્યાં રાત રહી એકાદશીને દિવસ ફળાહાર કરીને ચાલ્યા, –તે સર્વે સંત-હરિભક્ત સહિત ગામ સેડલે તથા બજાણે થઈને બારસની[૧] સવારમાં ગામ પાટડી પધાર્યા.

હવે પાટડીમાં બાપાશ્રીનો ઉતારો કાળિદાસભાઈને ઘેર રાખ્યો હતો ને તે દિવસ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાની હતી. તેથી બાપાશ્રી તથા સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતમંડળ મંદિરમાં આવ્યા. તે સમે નાગજીભાઈ આદિ હરિભક્ત મંડપમાં મૂર્તિઓ પધરાવીને હોમ-હવન કરતા હતા. પછી પૂજાવિધિની સમાપ્તિ કરીને મૂર્તિઓ સિંહાસન પાસે લાવ્યા, ત્યારે બાપાશ્રી ને બન્ને સદ્‌ગુરુ ત્યાં આવ્યા ને અનાદિ મુક્તશ્રીએ શ્રીજીમહારાજની મોટી મૂર્તિને પોતાને હાથે સિંહાસનમાં પધરાવી ને સદ્‌ગુરુઓએ બીજી મૂર્તિ બીજા સિંહાસનમાં પધરાવી. પછી બાપાશ્રીએ આવાહનમંત્ર બોલીને સર્વે મૂર્તિઓ ઉપર પોતાનો હાથ ફેરવ્યો. પછી બાપાશ્રી મોટી મૂર્તિ સામું જોઈ રહ્યા. તે સમે મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટવા માંડ્યું અને તેજનો સમૂહ થઈ ગયો અને તે તેજમાં તેજોમય મૂર્તિ એવા શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દિવ્યરૂપે બન્ને સદ્‌ગુરુ ને નાગજીભાઈ આદિ કેટલાકને સાક્ષાત્ દર્શન થયાં તે જ્યાં સુધી બાપાશ્રીએ અને બેય સ્વામીએ આરતી ઉતારી ત્યાં સુધી તેવાં દર્શન થયાં, પછી શ્રીજીમહારાજ પ્રતિમારૂપે દેખાયા. ત્યાર પછી કાળિદાસભાઈ તથા નાગજીભાઈએ આરતી કરી. પછી બાપાશ્રી મંદિરમાં બિરાજમાન થયા ને બાપાશ્રી પાસે હજારો સંત-હરિભક્તની સભા બેઠી ને સ્વામી વૃંદાવનદાસજીએ વાતો કરી. પછી સમાપ્તિ કરીને અનાદિ મુક્તરાજશ્રી પોતાની સાથે આવેલા હરિભક્તને લઈને બાઈઓના મંદિરમાં જમવા પધાર્યા અને સંત તથા સર્વે હરિભક્ત ધર્મશાળામાં જમવા ગયા. તે સમૈયામાં કાળિદાસભાઈ ને નાગજીભાઈ તેમણે ધર્મશાળામાં સંત-હરિભક્તને જમાડવા સારુ બ્રાહ્મણ પાસે દાળ, ભાત, લાડુ વગેરેની ઘણી રસોઈ કરાવી હતી, પણ બાપાશ્રીને પધારવાના સાંભળીને હરિભક્ત ઘણા આવ્યા હતા. તેથી પંક્તિ જમવા બેઠી ત્યાં પહેલી પંક્તિમાં જ લાડુ ઘણા વરી ગયા ને થોડા જ રહ્યા, તેથી ખૂટવાની બીકે શેઠ કાળિદાસભાઈ બાપાશ્રીને કહેવા લાગ્યા જે, 'લાડુ તો

૧. બારસવાહિની એકાદશી હોવાથી (ફાગણ વદ) તેરસના પધાર્યા હતા સં. ૧૯૭૨.

થઈ રહેવા આવ્યા ને જમનારા મનુષ્ય ઘણા બાકી છે ને આ ગામમાં લોટ પણ તૈયાર મળશે નહિ તે લાજ જશે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે કાંઈ ફિકર રાખશો નહિ; સ્વામિનારાયણ ભગવાન ને અનાદિમુક્ત તમારા યજ્ઞમાં આવ્યા છે, તે લાડુ ખૂટવા દેશે નહિ ને વધી પડશે.' પછી તો સૌ જમ્યા, તોપણ લાડુ ઘણા વધ્યા ને બીજે દિવસ જે રહ્યા હતા તેમને પણ જમાડ્યા હતા, તેથી કાળિદાસભાઈ આદિ સર્વેને બાપાશ્રીનો પ્રતાપ જણાયો. પછી અનાદિમુક્તશ્રી ને સદ્‌ગુરુ આદિ સંતમંડળ -તે ઉતારે આવ્યા અને શાંતિથી વિશ્રાંતિ કરી. ત્યાર પછી પાછલા પહોરે મંદિરમાં પધાર્યા ને સર્વે હરિભક્તોએ બાપાશ્રીની ને સંતોની પૂજા કરી. પછી બાપાશ્રીએ નાગજીભાઈને કહ્યું જે, 'તમારે સૌને અમને પાંચ દિવસ રાખવાની ઈચ્છા હતી તે પૂરી થઈ ; કેમ જે આત્યંતિક મોક્ષનું કામ અનંત વર્ષે કરીને ન થાય. તે કામ મોટા મુક્ત રાજી થાય તો એક મિનિટમાં કરી દે, તે થયું. અને અમે સદ્‌ગુરુ આદિ સંત સહિત તમારે ઘેર આવ્યા ને જમ્યા-રમ્યા ને મંદિરમાં શ્રીજીમહારાજને પધરાવ્યા ને તમારી સેવા અંગીકાર કરીને તમારા મનોરથ પૂરા કર્યા ; હવે અમને રજા આપો.' ત્યારે નાગજીભાઈએ કહ્યું જે, 'બાપા ! અમને કૃપા કરીને પોતાના કરી રાખ્યા છે ને સેવા-સમાગમનો ઘણો લાભ આપ્યો છે ને વળી કેવળ કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા છે, હવે શ્રીજીમહારાજની મૂર્તિનું અખંડ સુખ આવે એવા સદાય રાજી રહેશો ને ભેળા રાખશો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમને ભેળા રાખશું ને અમે તમારા ભેળા રહેશું અને મંદિરમાં મૂર્તિ પધરાવી છે તેમાં પણ મહારાજ પ્રગટ રહેશ.' પછી કાળિદાસભાઈએ બાપાશ્રીને કહ્યું જે,"બાપા ! તમે તો સમર્થ છો અને તમારો પ્રતાપ તો અમે નજરે દેખ્યો જે, લાંડુ પહેલી પંક્તિમાં જ ખૂટી રહેવા આવ્યા હતા પણ આપે કહ્યું જે,' ખૂટશે નહિ.' તેથી જ ખૂટ્યા નહિ ને થોડાકમાંથી જ સર્વે માણસ જમ્યા ને ગરીબોને આપ્યા, તોપણ વધી પડ્યા ને હજી પડ્યા છે માટે તે આપનો પ્રતાપ છે ને આપ તો અનાદિમુક્ત છો, તે મારો મોક્ષ કરજો." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'કુટુંબે સહિત તમારો મોક્ષ કરશું અને અમે તમારા ઘરમાં રહ્યા તે ઘર પણ પ્રસાદીનાં થયાં ને આ ઘરમાં જે રહેશે ને આ બારણામાંથી જે નીકળશે તેનો પણ મોક્ષ થશે.' પછી શેઠ કાળિદાસભાઈના દીકરા ગોપાળજી મોહનભાઈ, કાંતિલાલ તથા રામભાઈ પંડ્યા, મેરાઈ રણછોડ, નાથાલાલ, અંબારામ આદિ સર્વેને બાપાશ્રીએ આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપ્યા ને કથાવાર્તા કરવા-સાંભળવાની ને મહારાજની આજ્ઞામાં –રહેવાની ભલામણ કરીને રાત્રી રહીને પછી બીજે દિવસ સંત સહિત બાપાશ્રી વિરમગામ પધાર્યા. ત્યાં એક દિવસ રહીને સરસપુર આવ્યા, ત્યાંથી મોટા મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને ને પૂજય આચાર્ય મહારાજશ્રીને તથા સંતોને મળીને પાછા સરસપુર મંદિરમાં આવીને રહ્યા. ઈતિ વિશ્રામ ૪૫

જેતલપુરમાં લીલા, અલૌકિક વાતો, દેવસરોવર પર છત્રીએ ચરણારવિંદ પ્રતિષ્ઠા, છપૈયે ગમન–ત્યાં શ્રીઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા ને મૂળીમાં હરિનારાયણદાસજીની પ્રશંસા વગેરે

ત્યાર પછી બાપાશ્રી સરસપુરથી જયતલપુર પધાર્યા. ત્યાં બાપાશ્રીનો ઉતારો સભામંડપને મેડે ધ.ધુ. આચાર્યશ્રીને રહેવાના હોલમાં રાખ્યો હતો ને સદ્‌ગુરુ આદિ સંત પણ સાથે જ હતા ને 'સત્સંગિજીવન'નું પારાયણ ચાલુ થયું હતું ને બાપાશ્રી નિત્યે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને સભામાં બેસતા. તે સમે અમદાવાદથી મહંત સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સુરતના મુનસબ સાહેબ મનસુખભાઈ-તે મોટરમાં બેસીને બાપાશ્રીનાં દર્શન કરવા નિત્યે આવતા ને બીજા પણ ઘણાક સંત-હરિભક્ત દર્શન કરવા આવતા, તેથી જયતલપુરમાં સમૈયો હોય ને શું! એમ લાગતું ને નિત્યે સવારમાં નવ વાગે કથાની સમાપ્તિ થતી. ત્યાં બાપાશ્રી ને સદ્‌ગુરુ આદિ સંત-હરિભક્ત નિત્યે દેવસરોવરમાં સ્નાન કરવા જતા ને સ્નાન કરી મહોલમાં દર્શન કરી આસોપાલવ નીચે ઓટા ઉપર બેસીને વાતો કરતા ને ક્યારેક બોરસડી નીચે ચોતરામાં બેસતા ને સંત-હરિભક્ત પણ પાસે બેસતા ને બાપાશ્રી અલૌકિક વાતો કરતા.

એક દિવસ બાપાશ્રીએ બોરસડી નીચે વાત કરી જે, 'અક્ષરધામના પતિ સ્વામિનારાયણ ભગવાન ને તેમના મુક્ત તે આ સ્થાનમાં રહેતા ને તેમને જોગે અનંત જીવના આત્યંતિક મોક્ષ થયાં. અત્યારે પણ મહારાજ ને મુક્ત પ્રગટ છે ને તેમનાં જોગ-દર્શન તેવાં જ છે, તેવું સમજાય તો તેનું કામ પૂરું થઈ જાય. આવો જોગ સદાય રહે નહિ, અત્યારે તો તેવું જ ટાણું આવ્યું છે અને શ્રીજીમહારાજે અત્યારે પોતાનું સર્વોપરીપણું સમજાવવાની ઈચ્છા આ મુક્ત દ્વારે કરી છે, તેથી જ આ મુક્ત શ્રીજીમહારાજને સર્વોપરી સમજાવે છે. તે જે શ્રીજીમહારાજને સર્વોપરી સમજે તેના ઉપર બહુ રાજી થાય છે; કેમ જે ઉપાસના સમજવી ને આજ્ઞા પાળવી તે તેમનો સિદ્ધાંત છે. શ્રીજીમહારાજની ઉપાસના તે શું, તો અક્ષરથી પર એકાંતિક છે, તેથી પર પરમએકાંતિક ને તેથી પર અનાદિમુક્ત છે ને અનાદિમુક્તના સ્વામી સુખદાતા ને નિયંતા શ્રીજીમહારાજ છે. તે અત્યારે પ્રત્યક્ષ છે, માટે તે મૂર્તિમાં ધ્યાન કરીને જોડાવું પણ બીજા ડોળે ચઢી જાવું નહિ ને શ્રીજીમહારાજની આજ્ઞામાં સદાય સાવધાન થઈને રહેવું, ને આ મળ્યા છે, તે પણ મૂકશે નહિ એવો દૃઢ નિશ્ચય રાખવો.'–એમ વાત કરીને મંદિરમાં પધાર્યા.

એક દિવસ મહોલમાં બેસીને વાત કરી જે, 'આ બોરસડી નીચે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ મોટા સંત રહેતા. તેમાં એક સમે રાત્રીએ કથાવાર્તા

કરીને ધ્યાન કરતા હતા ને કેટલાક સંત લીલા-ચરિત્ર સંભારતા હતા. તે સમે આકાશમાં તેજનો ગોળો દેખાયો. પછી તેજથી તળાવ ને મહોલ તથા સર્વે વૃક્ષ ઢંકાઈ ગયાં ને તે તેજમાં મોટા મોટા દેવ દેખાયા ને તે સર્વે દેવે મહોલમાં પ્રવેશ કર્યો, ત્યાં શ્રીજીમહારાજ પલંગમાં પોઢ્યા હતા તે બેઠા થયા ને તે દેવ દર્શન કરીને પાસે બેઠા. પછી શ્રીજીમહારાજે અમૃત દૃષ્ટિથી તેમના સામું જોયું, ત્યારે તેમને અતિશય આનંદ થયો ને શ્રીજીમહારાજનો અપાર મહિમા સમજાયો. પછી તે દેવ શ્રીહરિને બે હસ્ત જોડી નમસ્કાર કરીને સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે સ્વામિન્ ! હે પ્રભુ ! તમે અક્ષરાતીત મુક્તના સ્વામી છો, તમારી મૂર્તિનો પ્રકાશ અનંત અપાર છે ને તે તેજનાં કિરણે કરીને અમને સર્વેને પ્રકાશમાન કરો છો, એવું તમારું અતિ તેજોમય ધામ છે. તેમાં તમે સદા વિરાજમાન છો. ને તે ધામમાં તમારી સેવામાં જે મહામુક્ત રહ્યા છે તેમને જ તમારાં દર્શન છે પણ અમને તમારા ધામમાં દર્શન કરવા આવવાની ગતિ નથી, પરંતુ અત્યારે તમે કૃપા કરીને સર્વેને દર્શન દો છો. ને અમને પણ તમે કૃપા કરીને દર્શન દેવાની ઈચ્છા કરી ત્યારે તમારાં દર્શન થયાં. હે અનાદિ મુક્તાધિપતિ ! તમે નરનાટક ધારણ કરીને તમારા પ્રેમી ભક્તને લાડ લડાવો છો, તે તમે અમારા ઉપર કૃપા કરીને તમારા ભક્તને ઘેર જન્મ આપો, એટલે અમને પણ તમારાં ને તમારા મુક્તનાં દર્શન-સેવાસમાગમનો લાભ મળે.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે,'તમને અમારાં ને અમારા મુક્તનાં દર્શન થયાં; હવે તમે તમારા સ્થાનમાં રહીને અમારું ધ્યાન-ભજન કરજો, ને વળી કોઈક સમે આવા જોગમાં લાવીશું.' પછી તે સર્વે દેવ મહારાજની મરજી જાણીને ગયા. આ દેવને વચનામૃત આદિ શાસ્ત્રમાં બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ દેવ કહ્યા છે પણ તે દેવ તો મોટા અક્ષરપુરુષ, મહાપુરુષ આદિ અવતારો આવ્યા હતા પણ જેમ છે તેમ લખવામાં આવે નહિ; કેમ જે ઉપાસનાની વાત સમજવી અટપટી છે. તે તો મહારાજ ને મોટા મુક્તના મુખથી જ સમજાય છે.' –એમ વાત કરી. પછી મંદિરમાં આવ્યા ને દેવરાજભાઈ આદિ પોતાની સાથે આવેલા હરિભક્ત તેને સાથે લઈને હવેલીમાં જમવા પધાર્યા ને જમીને આસને આવીને બે ઘડી વિશ્રાંતિ કરી –ત્યાં કથાનો સમય થયો એટલે ઠાકોરજીનાં દર્શન કરી કથામાં બેઠા. આવી રીતે અનાદિ મુક્તરાજ જયતલપુરમાં સર્વેને સુખ આપતા હતા. પછી કથાની સપ્તાહ પૂરી કરીને છત્રીએ ચરણારવિંદ પધરાવ્યાં. ત્યાર પછી જયતલપુરથી ગામ અસલાલી આવ્યા ને ત્યાં મંદિરમાં ઊતર્યા, ત્યાં કંકુબાના ભાઈ શંકરભાઈને ઘેર થાળ જમીને મંદિરમાં રાત્રી રહ્યા ને સર્વેને રાજી કરી અમદાવાદ સમૈયામાં પધાર્યા.

હવે ત્યાંથી બાપાશ્રી છપૈયે જવાના છે એ વાત જાણીને કચ્છદેશનાં હરિભક્ત બાઈઓ-ભાઈઓ બે હજાર આવ્યાં હતાં ને નરનારાયણ તથા લક્ષ્મીનારાયણ દેશના હરિભક્ત પણ બાપાશ્રીને સગૈયામાં પધાર્યા જાણીને હજારો આવ્યાં હતાં, તેથી સમૈયામાં પણ ઘણી ભીડ

થઈ હતી ને અમદાવાદમાં સાંખ્યયોગી નર્બદાબાએ 'સત્સંગિજીવન' ના ત્રીજા પ્રકરણનું પારાયણ બેસાડ્યું હતું તેની સમાપ્તિ ચૈત્ર સુદ નોમની કરાવી. આવી રીતે બાપાશ્રી તે સમૈયામાં સર્વેને સુખ આપીને ત્રયોદશીને દિવસ ત્યાંથી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને સાથે લઈને રનોડે, ધોળકે ગયા અને ત્યાંથી અસલાલી, ગામડી, બારેજડી થઈને સરસપુર આવ્યા. ત્યાંથી આશાભાઈના હેતથી કણભે જઈ પાછા સરસપુર આવ્યા ને છપૈયા જવા રેલગાડીના ડબ્બા રિઝર્વ્ડ કરાવ્યા. પછી શ્રીહરિની આજ્ઞા-ઉપાસનાએ જુક્ત એવા ઘણા સંત-હરિભક્તને સાથે લઈને બાપાશ્રી રેલમાં બેસી છપૈયા તરફ ચાલ્યા, તે જયપુર ઊતર્યા ને ત્યાંથી છપૈયા પધાર્યા. ત્યાં ગુજરાત આદિ દેશના ઘણા હરિભક્ત બાપાશ્રી સાથે તથા કેડેથી છપૈયે આવ્યા હતા અને ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ તે પણ પધાર્યા હતા ને જન્મસ્થાનમાં બાળસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની સર્વે સામગ્રી તૈયાર કરી હતી ને 'સત્સંગિજીવન'નું પારાયણ બેસાડ્યું હતું ને અનાદિ મુક્તરાજશ્રી પધાર્યા, તેથી હજારેહજાર સાધુ-હરિભક્ત આવ્યા હતા. પછી સપ્તાહની પૂર્ણાહુતિ કરી ને પ્રતિષ્ઠાવિધિ પણ વિદ્વાન બ્રાહ્મણો પાસે શાસ્ત્રવિધિ પ્રમાણે ચાલુ કર્યો હતો ને બાપાશ્રી નારાયણ સરોવરમાં સ્નાન કરીને મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી સંત-હરિભક્તને સાથે લઈને ખાંપાતળાવડી ને ગૌઘાટ આદિ તીર્થમાં જઈ આવ્યા. પછી ચૈત્ર વદ નોમને દિવસ ભારે ધામધૂમથી સર્વે સંત-હરિભક્ત, અનાદિમુક્ત બાપાશ્રી ને ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમણે શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ સિંહાસનમાં પધરાવી. પછી આચાર્ય મહારાજશ્રીએ ને બાપાશ્રીએ શ્રીઘનશ્યામ મહારાજની આરતી કરીને હરિભક્તોએ પણ વારાફરતી આરતીઓ ઉતારી, તે સમે સ્વામી વૃંદાવનદાસજી આદિને શ્રીઘનશ્યામ મહારાજનાં દિવ્યરૂપે દર્શન થયાં. પછી સર્વે હરિભક્તોએ શ્રીઘનશ્યામ મહારાજને ભેટ કરી. તેની સેવા શ્રીઘનશ્યામ મહારાજને ઘણી થઈ હતી ને સમૈયો પણ બહુ મોટો થયો હતો ને બાપાશ્રી પણ છપૈયામાં દસ દિવસ રહ્યા ને સર્વેને સુખ આપી ચૈત્ર વદ એકાદશીને રોજ છપૈયેથી રેલમાં બેસીને અયોધ્યે આવ્યા. ત્યાંથી આગ્રા, જયપુર, ખારચી, સિદ્ધપુર થઈને ભંકોડે ઊતર્યા ને ત્યાંથી દેવપરે ગયા, ત્યાંથી મણિપુરા, જોશીપુરા, વિરમગામ થઈને મૂળી આવ્યા ને પચાસ માણસોને કૉલેરા થયો હતો તેમને સદ્. સ્વામી હરિનારાયણદાસજીએ ત્યાં બાર મણ દહીં ને આઠ મણ ખાંડ પિવડાવીને બધાયને ઠંડા કર્યા ને તેમને ઊલટીઓ ને ફેરા બંધ થઈ ગયા ને સાજા થયા. વળી વાંટાવદરના શેઠ ભૂરાભાઈની પાસે બે ગાડાં તડબૂચ મંગાવીને ને કાંપમાંથી આઠ મણ દાડમ મંગાવીને સર્વેને જમાડ્યા. પછી બાપાશ્રીએ કહ્યું જે,' સ્વામી ! ખર્ચ બહુ કર્યું.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ સર્વે શ્રીજીમહારાજનું ને તમારું છે.' પછી ત્યાંથી ચાલ્યા ને

બાપાશ્રીની કૃપાદૃષ્ટિથી કોઈને પણ રોગ પરાભવ કરી શક્યો નહિ ને સર્વેને સારું થઈ ગયું અને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત બાપાશ્રીને મોરબી સુધી મૂકવા ગયા હતા. ત્યાંથી બાપાશ્રી નવલખી આવી આગબોટમાં બેસી ભૂજ આવ્યા, ત્યારે ભૂજના ને ગામડાના સંત તથા હરિભક્ત બાપાશ્રીને સન્મુખ આવ્યા ને સ્ટેશન ઉપર મોટી સભા થઈ ને બ્ર. નિર્ગુણાનંદજી ને ભોગીલાલભાઈ આદિ હરિભક્ત તેમણે ચંદનપુષ્પના હારથી બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રીને સગરામમાં બેસાડીને સૌ મંદિરમાં આવ્યા, ત્યાં બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને સભામંડપમાં બેઠા ને સંત-હરિભક્તની મોટી સભા ભરાઈ. પછી બાપાશ્રી વાત કરવા લાગ્યા જે, 'સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ અમને બહુ સાચવ્યા ને બહુ જ સેવા કરી ને સંત-હરિભક્તનાં હેત પણ બહુ. આખો દિવસ ને રાત પાસે બેઠા જ હોય. ને છપૈયામાં હરિભક્તોએ શ્રીઘનશ્યામ મહારાજની સેવા બહુ સારી કરી. બાર હજાર રૂપિયા તો ભેટના થયા ને બીજી સેવા પણ ઘણી કરી ને સમૈયો પણ બહુ ભારે થયો. ' –એમ વાતો કરીને સર્વેને રાજી કર્યા ને બીજે દિવસ વૃષપુર આવ્યા. ઈતિ વિશ્રામ ૪૬

સદ્‌ગુરુનું કચ્છગમન, કુંભારિયે યજ્ઞમાં વરસાદના વિઘ્ન થકી રક્ષા, ડાહ્યાભાઈને આયુષ્ય વિના ત્રણ વર્ષ રાખ્યા કેરી–નિમિત્તે ઉપદેશ ને ચરણારવિંદ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા વગેરે

સંવત ૧૯૭૩ના વૈશાખ માસમાં સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતનાં મંડળ વૃષપુર આવીને બાપાશ્રીને મળ્યાં ને બાપાશ્રી પણ સર્વે સંતને જોઈ બહુ રાજીપો જણાવીને બોલાવે, મળે ને વાતો કરે, એમ બહુ સુખ આપવા લાગ્યા. ને વળી તે સમે બાપાશ્રીએ ડાબા ઢીંચણમાં વાને ગ્રહણ કર્યો હતો ને શરીરમાં કિંચિત ગરમી ને થોડો તાવ તે રૂપી મંદવાડ ગ્રહણ કરીને અંતર્ધાન થવાની ઈચ્છા પણ જણાવતા હતા. તેમાં કોઈક દિવસ મોટા મોટા સંતમંડળની સભા બેઠી હતી તેમાં બાપાશ્રી વાતો કરતા થકા બોલ્યા જે, "સંતો ! હવે અમે ક્યાં સુધી રહેશું; હવે અમારા દેહનો તો કાંઈ નિર્ધાર નથી જણાતો ને આગળ મોટા મોટા મુક્ત ને શ્રીજીમહારાજ તે પણ વખત ઉપર ચાલ્યા ગયા છે, તેમ અમે પણ હવે મહેમાન છીએ; માટે તમે મહારાજની આજ્ઞામાં બરાબર રહેજો ને પરસ્પર હેત રાખીને ભગવાનનું ભજન કરજો તો શ્રીજીમહારાજ ને અમે તમારા ભેળા રહીશું ને મહારાજને તથા મોટાને તો ક્યાંય જવું-આવવું છે જ નહિ, એ તો એમની લીલા છે. ને મોટાને વિષે અતિશય સ્નેહ હોય ને મરજી પ્રમાણે વર્તે તો મહારાજ ને મોટા ભેળા જ છે; ભેળા હોય તેવું જ કામ કરે છે ને જો નાસ્તિકભાવ હોય, તો 'ગુરુ ગયા ગોકળ, ને ચેલાને થઈ મોકળ' એવું થાય."–એમ આવતા વર્ષમાં અંતર્ધાન થવાની ઈચ્છા

જણાવી, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી તેમણે કહ્યું જે, 'હે કૃપાળુ ! આપને આ લોકમાં પોણોસો વર્ષ રહેવાનો સંકલ્પ છે તે પણ હજી પૂરાં થયાં નથી.' ત્યારે મુક્તરાજશ્રી બોલ્યા જે , 'તોંતેર વર્ષના અધિક માસ ગણો –એટલે પૂરાં થઈ રહેશે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'અધિક માસ તો ગણાય નહિ.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મહારાજ સારું કરશે.' –એમ આવતા વર્ષમાં અંતર્ધાન થવાનો ભાવ જણાવ્યો ને નિત્ય પ્રત્યે સંતમંડળને રહસ્યસિદ્ધાંતની વાતો કરતા ને સમાગમનું સુખ આપતા.

ત્યાર પછી ગામ કુંભારિયામાં મિસ્ત્રી ગોવાભાઈએ 'શિક્ષાપત્રીભાષ્ય'નું પારાયણ કરવાનો પ્રારંભ કર્યો હતો. તેમાં સંતમંડળને લઈને પધારવાની બાપાશ્રીને કંકોત્રી મોકલી, ત્યારે બાપાશ્રીએ તે કંકોત્રી સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે વંચાવીને સર્વેને સંભળાવી. પછી બાપાશ્રીએ સ્વામી આદિ સર્વે સંતને કહ્યું જે, 'આપણે કુંભારિયે યજ્ઞમાં જવું જોઈશે પણ તમે દહીંસરામાં કેસરાભાઈ મુક્ત છે ને રામપુર-ગંગાનું તીર્થ છે ત્યાં આ ફેરે ગયા નથી, તો ત્યાં જાઓ ને દર્શન ને તીર્થ કરીને સર્વેને દર્શન-સમાગમનું સુખ આપજો, ત્યાંથી ભૂજમાં ઠાકોરજી ને સંતના દર્શન કરવા જાજો ને ત્યાંથી કુંભારિયે આવજો અને અમે અહીંથી પાધરા આવશું.' પછી સંતમંડળ સર્વે બાપાશ્રીની આજ્ઞા માથે ચડાવીને તુરત ચાલ્યા, તે ગામ દહીંસરા, રામપુર થઈને ભૂજ આવ્યા ને ભૂજમાં ઠાકોરજી ને સંત-બ્રહ્મચારી એ સર્વેનાં દર્શન કરી ભેળા થઈ કુંભારિયે ગયા, ને બાપાશ્રી પણ તે દિવસે મિસ્ત્રીના સગરામમાં બેસીને કુંભારિયે આવ્યા ને સર્વેને દર્શન દીધાં. ત્યાં બાપાશ્રીનો ઉતારો દરવાજાની મેડી ઉપર રાખ્યો હતો ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત પણ ત્યાં જ ઊતર્યા હતા ને બાપાશ્રીને જમવાની રસોઈ મુક્તસ્વરૂપ ધનુબા આદિ બાઈઓના ઉતારે થતી, તેથી બાપાશ્રી ત્યાં જમવા પધારતા ને સંત-હરિભક્તને બહુ સુખ આપતા ને કથાનો મંડપ મંદિર પાસે જે વાડો છે તેમાં કર્યો હતો. તે મંડપને જોઈને બાપાશ્રીએ ભૂજના સંત ને કુંભારિયાના હરિભક્ત-તેમને કહ્યું જે, 'ઇંદ્ર અતિશય ઘેલો થયો છે, તે વિઘ્ન કરે તેવું છે માટે કથા વાંચવાનું મંદિરની ઓસરીમાં રાખો.' ત્યારે સંત-હરિભક્તોએ કહ્યું જે, 'બાપા ! મંદિરમાં સંકડાસ પડે તેમ છે, માટે તમે મહારાજને કહેજો જે વિઘ્ન થવા દે નહિ.' પછી બાપાશ્રી આસને આવીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહેવા લાગ્યા જે, 'સાધુને તથા હરિભક્તને મંદિરમાં કથામંડપ રાખવાનું કહ્યું પણ મંદિરમાં સંકડાસ પડે –એમ જાણીને ત્યાં જ કથા કરવાનું રાખ્યું પણ ઇંદ્ર વિઘ્ન કરે તેવું છે.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'બાપા ! ઇંદ્રને ના પાડો, જે આવે નહિ.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'હવે તો ઇંદ્રને જ કહેવું જોઈશે; કેમ જે આપણે યજ્ઞમાં આવ્યા ને જો ઇંદ્ર વરસાદથી વિઘ્ન કરે તો થોડી સમજણવાળા હોય તે મહારાજ ને મોટાનો અવગુણ લે.' પછી

બાપાશ્રીએ ઈંદ્રને કહ્યું જે, 'આ ગામની અંદર વરસીશ નહિ ને આ ગામના ફરતો બીજે બધે વરસાદ કરજે.' પછી ગામ ફરતો વરસાદ થાય ને બીજે બધે ય થાય ને નદીએ પૂર આવ્યું ને ફરતા ગામડામાં વરસાદ બહુ થયો; તળાવ ભરાઈ ગયાં, નદીઓમાં પૂર આવ્યાં ને વરસાદનું તોફાન ઘણું થયું પણ કુંભારિયામાં ન વરસ્યો, એમ બાપાશ્રીએ કથામાં વરસાદનું વિઘ્ન આવવા દીધું નહિ.

અને વળી રાત્રીએ તે મેડા ઉપર બાપાશ્રી ને સ્વામી ઈશ્વરચરણદાસજી સૂતા હતા ને રાત્રીના બે વાગે બાપાશ્રીએ સ્વામીને વાત કરી જે, 'માનકૂવાના ગાંગજી પટેલનો દીકરો માંદો હતો તેણે આ ટાણે દેહ મેલ્યો, તેને અમે ધામમાં મૂકી દીધો. તે છોકરો સારો ભગવદી હતો પણ તેના બાપે તમારાં (સંતનાં) દર્શન કરાવ્યાં નહિ, પણ માંદાને તો સંતનાં દર્શન અવશ્ય કરાવવા જોઈએ.' –એમ વાત કરી સૂઈ રહ્યા ને બીજે દિવસે ભારાસરના માવજી પટેલ, ગાંગજી પટેલ ને તેજો ભક્ત તે આવ્યા. તેમણે બાપાશ્રીને કહ્યું જે, 'જાદવો ધામમાં ગયો.' ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'રાત્રીના બે વાગે અમે આ બાવાને વાત કરી હતી જે, 'અમે ગાંગજી પટેલના જાદવાને આ ટાણે ધામમાં મૂકી આવ્યા.' ત્યારે સ્વામીએ પણ તેમને કહ્યું જે, 'બાપાશ્રીએ રાત્રીના બે વાગે વાત કરી હતી.'

વળી બીજે દિવસ સવારમાં સીનોગ્રાના મિસ્ત્રી ડાહ્યાભાઈ મેડા ઉપર દર્શન કરવા આવ્યા, તેમને બાપાશ્રીએ કહ્યું જે, 'તમારી આયુષ્ય આવી રહી છે તેથી તમને ધામમાં તેડી જવા છે.' ત્યારે ડાહ્યાભાઈ બોલ્યા જે, 'બાપા ! મારે ત્રણ વર્ષ રહેવાની ઈચ્છા છે, માટે રાખો તો બહુ સારું.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ત્રણ વર્ષે પરવારી રહેજો પછી કહેશો તોપણ નહિ રાખીએ; આજથી ત્રણ વર્ષે તમને તેડી જઈશું.' ત્યારે તે બોલ્યા જે, 'ત્રણ વર્ષે હું પરવારી રહીશ; પછી ભલે તેડી જજો.' –એમ આયુષ્ય વિના ત્રણ વર્ષ રાખીને બાપાશ્રી તેમને તેડી ગયા, એમ કુંભારિયામાં બાપાશ્રીએ ચમત્કાર જણાવ્યા હતા. પછી કથા કરવાનું તે જ મંડપમાં રાખ્યું હતું અને પુ. ધર્મકિશોરદાસજી ને કેશવપ્રિયદાસ તે બન્ને કથા વાંચતા જે સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સદ્‌ગુરુ અને ભૂજના સર્વે સંત તથા બીજા ઘણા સંત આવ્યા હતા તેની મોટી સભાઓ થતી ને હરિભક્તની સભા પણ મોટી થતી. અને મુક્તરાજ બાપાશ્રી પણ તે સભામાં આસન ઉપર બિરાજતા અને હરિભક્ત ચંદન ચર્ચી ને હાર પહેરાવતા ને સદ્‌ગુરુઓ સભામાં વાતો કરતા ને નવ વાગે 'શ્રીપતિમ્' બોલી કીર્તન બોલતા. પછી બાપાશ્રી આસને આવીને વાતો કરતા ને સંત-બ્રહ્મચારી સાંભળતા ને રાત્રીએ ક્યારેક બાર વાગી જતા ને સંત ને બ્રહ્મચારી -તે બાપાશ્રીના સમાગમની આતુરતાથી ખાવું, પીવું, સૂવું તે પણ ભૂલી જતા ને અખંડ સમાગમનું સુખ લેતા. વળી બ્રહ્મચારી તો જમવા રસોઈ પણ કર્યા વિના ફળફૂલ કે ગસિયો જમીને રહેતા. એમ આળસ,નિદ્રા ઈત્યાદિકનો ત્યાગ કરીને બાપાશ્રીનો સમાગમ અહોનિશ કરતા ને બાપાશ્રી પણ ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, આજ્ઞા ને મૂર્તિમાં

જોડાવાની ભારે ભારે વાતો કરતા ને બાપાશ્રીની વાતો સાંભળીને સર્વે સંત મૂર્તિ વિના સર્વેમાંથી લૂખા થઈને મૂર્તિમાં રસબસ જોડાઈ જતા ને મૂર્તિનું સુખ આવતું.

કોઈક દિવસ રાત્રીએ બાપાશ્રી પોતાને આસને બેસીને સ્વામી આદિ સંતને બ્રહ્મચારીને વાતો કરતા હતા. તે સમે ભૂજના સાધુ ઉત્તમપ્રિયદાસજી પાકાં આમ્રફળ સુધારી ઠાકોરજીને જમાડીને બાપાશ્રીને જમવા ને સંતને પ્રસાદી આપવા સારુ લાવ્યા, ત્યારે બાપાશ્રીએ પોતાના હાથે સ્પર્શ કરી પ્રસાદી કરીને પાછી આપી, પણ જમ્યા નહિ. ત્યારે સ્વામી તથા બ્રહ્મચારીએ તે કેરીઓની થાળી હાથમાં લઈને બાપાશ્રીને કહ્યું જે, 'હે કૃપાળુ ! આમાંથી થોડું જમો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આમાં તે શું જમીએ ! આ તો રસના આદિ ઇંદ્રિયોને રાજી કરવાનું છે ને આ જમીએ, એટલી વખત મહારાજની વાતો કરીએ તો કેટલું કામ થાય ? એ તો અક્ષરધામ સુધી પહોંચાય ને આ તો ક્ષણિક છે.' -એમ કહીને જમ્યા નહિ ને પાછી આપી દીધી. ત્યારે સ્વામી ને બ્રહ્મચારી તેમણે જાણ્યું જે, 'બાપાશ્રીને તો મહારાજની મૂર્તિનું સુખ જ આપવું છે માટે આપણે પણ મૂર્તિ પામવાની જ ત્વરા રાખવી, પણ બીજામાં ખોટી થાવું નહિ ને મૂર્તિ જેવું પ્રસાદીમાં પણ હેત રાખવું નહિ; એમ જાણી ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિમાં જ નિમગ્ન રહેતા ને બાપાશ્રી પણ નિત્ય પ્રત્યે મૂર્તિનું નવું નવું સુખ આપતા. પછી કથાની પૂર્ણાહુતિ થઈ, તે દિવસે મિસ્ત્રી ગોવાભાઈ ને તેમના દીકરા તેમણે મુક્તરાજ બાપાશ્રી ને સંત આદિ સર્વેની પૂજા કરી, ને તળાવની પાળે છત્રી કરાવી છે તેમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ ને નીચે હનુમાનજી પધરાવવાનો પ્રતિષ્ઠાવિધિ કરીને બાપાશ્રીને હાથે ચરણારવિંદ ને હનુમાનજી પધરાવ્યા. પછી ગામમાં આવ્યા ને સંત-હરિભક્તની પંક્તિ થઈ અને બાપાશ્રી પંક્તિઓનાં દર્શન કરીને મોટાં ડોશીને ઉતારે જમવા પધાર્યા ને બાપાશ્રી જમ્યા.

એવી રીતે સર્વેને સુખ આપી બીજે દિવસ બાપાશ્રી ગોવામલભાઈના શગરામમાં બેસીને ચાલ્યા અને સર્વે સંત વળાવવા ચાલ્યા. પછી ગામ બહાર આથમણા ખેતરમાં આવીને બાપાશ્રી ગાડીમાંથી નીચે ઊતરીને ઊભા રહ્યા ને સર્વે સંત ચંદન ચર્ચી હાર પહેરાવી દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી સર્વેને મળ્યા. તે સમે બાપાશ્રીએ સંતોને કહ્યું જે, 'મહારાજની આજ્ઞામાં રહેજો ને તમને મૂર્તિમાં રાખ્યા છે માટે મૂર્તિમાં રસબસ રહીને કથાવાર્તા-કીર્તન કરજો. હવે અમારા શરીરનો કાંઈ નિર્ધાર નથી માટે તમે ખટકો રાખજો.' ત્યારે સંત બોલ્યા જે, 'બાપા ! તમે અમારા ઉપર સદાય આવા ને આવા રાજી રહેજો ને અખંડ આપનાં આવાં ને આવાં દર્શન દેજો.' -એમ કહી નમસ્કાર કરવા લાગ્યા ને બાપાશ્રી સંતને આશીર્વાદ આપી ગાડીમાં બેઠા ને ગાડીને હંકાવીને

ચાલ્યા, ત્યારે સર્વે સંત કેડે કેડે દૂર સુધી ચાલ્યા. પછી બાપાશ્રીએ ગાડી ઊભી રખાવીને સર્વે સંતને ઊભા રહેવાનું કહ્યું ને બળદિયાને એકદમ દોડાવીને ચાલ્યા, ત્યારે સર્વે સંત ઊભા થઈ રહ્યા ને વિયોગે કરીને અતિ દુઃખી થતા મંદિરમાં આવ્યા. તે સમે બાપાશ્રીને વિષે અતિ સ્નેહે કરીને કેટલાક સંત ને બ્રહ્મચારીની છાતીઓ ભરાઈ આવી ને નેત્ર સજળ થઈ ગયાં ને દેહનું ભાન ભૂલી ઉપશમ અવસ્થા પામીને મૂર્તિમાં રસબસ જોડાઈ ગયા. પછી દેહની સ્મૃતિ પામીને પોતપોતાના દેશ પ્રત્યે જવા તૈયાર થયા. તેમાં પુ. ધર્મકિશોરદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી આદિ મૂળીના ને પુ. હરિપ્રસાદદાસજી આદિ સંત સામે કાંઠે દેશમાં ગયા ને બ્ર. નિર્ગુણાનંદજી ને પુ. કેશવપ્રિયદાસજી –તે ભૂજના સ્વામી મહાપુરુપદાસજી સાથે ભૂજ આવ્યા ને સ્વામી ઘનશ્યામજીવનદાસજી ને સ્વામી ઈશ્વરચરણદાસજી તે ભૂજ-ઠાકોરજીનાં દર્શન કરીને વૃષપુર ગયા ને થોડા દિવસ બાપાશ્રીનો સમાગમ કરી પાછા અમદાવાદ આવ્યા. ઈતિ વિશ્રામ ૪૭

શ્રીજીનું વર્ણન, બાપાશ્રીની પ્રેરણાથી મુનિસ્વામીનો ભૂજનિવાસ, હિંડોળામાં ભૂજગમન, ઘોડીનું ચરિત્ર, રામપુર-કથાયજ્ઞ ને મુનિને બે મહિના સમાગમનું સુખ

સર્વથી પર એવો જે ભગવાનના અંગના તેજનો સમૂહ છે તેમાં પોતે નિવાસ કરીને રહ્યા છે ને તે ધામમાં પોતાની પાસે પરમએકાંતિક મુક્તને રાખ્યા છે ને અનાદિમુક્તને પોતાના સ્વરૂપમાં રાખ્યા છે એવા, ને સર્વે મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા અને સર્વ કારણના કારણ અને સર્વમાં અન્વય થકા વ્યતિરેક છે, તે જ પોતે જીવોના આત્યંતિક મોક્ષ કરવા ધર્મભક્તિ થકી પ્રગટ થયા છે –એવા સ્વામિનારાયણ શ્રીજીમહારાજ છે. અને જેમનું હસવું તે ભક્તના શોકસમુદ્રને સમાવે છે ને જેમની ચલની તે ભક્તના ચિત્તને ચોરી લે છે ને જેમની બોલની તે ભક્તને વશ કરી રાખે છે, જેમને જોતાં જગતની આસક્તિ જીવમાંથી જતી રહે છે ને જેમના જ્ઞાન-ધ્યાનથી જીવાત્મા પુરુષોત્તમરૂપ થાય છે, આવા પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે એક જ છે ને તેમના અનાદિમુક્ત અનંત છે એવા શ્રીજીમહારાજ તે અત્યારે પણ આ મુક્ત દ્વારે મોક્ષ કરે છે. તે કહીએ છીએ :–

ત્યાર પછી અનાદિ મુક્તરાજ એવા બાપાશ્રી તે વૃષપુરમાં પોતાના ભુવનને વિષે સુખે કરીને રહ્યા છે. તે સમે પોતાના પુત્ર જે કાનજીભાઈ આદિ બીજા હેતવાળા હરિભક્ત તથા બીજા ગામના હરિભક્ત તે સર્વે બાપાશ્રીની સેવા-સમાગમનો લાભ લેતા હતા. તેવા સમયમાં સંવત ૧૮૭૩ની સાલમાં મુનિ કેશવપ્રિયદાસ બાપાશ્રીનાં દર્શન-સમાગમનું સુખ લેવા સારું કચ્છમાં

નિવાસ કરીને રહેવા માટે આવ્યા હતા. તેમાં પ્રથમ ભૂજના સ્વામી વિજ્ઞાનદાસજી અમદાવાદ આવ્યા હતા. તેમણે સાધુ કેશવપ્રિયદાસને કહ્યું જે, 'તમારા ગુરુ ધામમાં ગયા છે માટે તમે ભૂજમંદિરમાં આવો, ત્યાં કથાવાર્તા કરજો ને ભણનારા સાધુને ભાગવત, ગીતા, સત્સંગિજીવન વગેરે પુસ્તક વંચાવજો ને બાપાશ્રીનો સમાગમ કરવા બાપાશ્રી પાસે જજો.' –એમ કહ્યું, ત્યારે તે વાત કેશવપ્રિયદાસને સારી લાગી, પણ બાપાશ્રીને પૂછ્યા વિના જવાય નહિ; બાપાશ્રી કહે તો જવું. એવો વિચાર કરી રાત્રીએ સૂતા હતા ને સ્વપ્નમાં બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, 'સુખેથી આવો; બે મહિના ભૂજમાં કથાવાર્તા કરજો ને બે મહિના વૃષપુર અમારી પાસે રાખશું.' –એમ કહી બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા. પછી સાધુ કેશવપ્રિયદાસે સ્વામી વિજ્ઞાનદાસજીને ભૂજ આવવાની હા કહી ને તેમની સાથે ભૂજ આવ્યા. ત્યાં ચાતુર્માસમાં ભૂજમંદિરમાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા વાંચતા હતા ને શ્રાવણ માસમાં હિંડોળામાં બાપાશ્રી ધનજી પટેલની ઘોડી ઉપર બેસીને ભૂજ આવ્યા, તેથી બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ તથા સર્વે સંત-હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને બહુ રાજી થયા. તે વખતે બાપાશ્રીનું આસન સભામંડપના મેડા ઉપર ઉગમણા બારણાને પડખે રાખ્યુ હતું ત્યાં બાપાશ્રી આસને બેઠા હતા, ને સર્વે સંત-હરિભક્ત પણ પાસે બેઠા હતા. તે સમે બ્રહ્મચારી મહારાજે બાપાશ્રીને સુખસમાચાર પૂછ્યા તેથી બાપાશ્રીએ પોતાના સમાચાર કહ્યા; તે શું, તો રસ્તામાં ઘોડી માખીઓ વળગવાથી રેતીમાં આળોટી પડી ને બાપાશ્રીનો એક પગ ઘોડીના નીચે આવી ગયો, પણ વાગ્યું નહિ અને ઘોડી બીજે પડખે ફરીને ઊભી થઈ ગઈ ને બાપાશ્રી પાસે આવીને ઊભી રહી ને પોતે ઘોડી ઉપર બેસી ગયા –તે વાત બાપાશ્રીએ કરી. તે સમે બાપાશ્રીના પગે ગૂમડું થયું હતું તેનો પાટો સાધુ કેશવપ્રિયદાસ બાંધતા હતા. વળી તે સમે શહેરના ને ગામડાના ઘણા હરિભક્ત આવ્યા હતા તેથી બાપાશ્રી પાસે અહોનિશ સભા ભરાઈ રહેતી ને બાપાશ્રી દિવસ ને રાત્રીએ સભામાં બેસીને કથાવાર્તા સાંભળતા ને પોતે પણ વાતો કરતા ને રાત્રે મેડા ઉપર શયન કરતા. વળી ચાર વાગે સ્નાન કરવા ઊઠતા ને મંદિરના કૂવે સ્નાન કરી મેડા ઉપર આવીને પૂજા કરતા ને સોની મોતીભાઈ સ્નાન કરાવવું, ધોતિયું ધોવું વગેરે સેવા કરતા ને સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રીને તિલક-ચાંદલો કરાવવો વગેરે સેવા કરતા ને બાપાશ્રી નિત્યનિયમ કરીને વસ્ત્ર પહેરી ઠાકોરજી ને સંતનાં દર્શન કરવા પધારતા. પછી સભાનાં દર્શન કરીને ચંદનપુષ્પના હારથી પુસ્તક ને પુરાણીની પૂજા કરતા ને સભામાં આસન ઉપર બેસીને કથા સાંભળતા ને વાતો કરીને સર્વેને રાજી કરતા ને કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રી વાડીએ પધારતા ને તળાવમાં સ્નાન કરીને છત્રીએ બેસતા અને ઘણા સંત-હરિભક્ત પાસે આવીને બેસતા ને બાપાશ્રી વાતો કરીને સુખ આપતા. પછી મંદિરમાં આવે, ત્યારે બ્ર. નિર્ગુણાનંદજી

બાપાશ્રીને જમવા બોલાવીને ઠાકોરજીના થાળની પ્રસાદી જમાડતા ને સાધુ કેશવપ્રિયદાસ ટાઢા જળનો લોટો ભરીને બાપાશ્રીને જળપાન કરવા આપતા. એવી રીતે બાપાશ્રી નિત્યે સર્વેને સુખી કરતા.

કોઈક દિવસ સાધુ ભક્તિપ્રિયદાસજી ને કેશવપ્રિયદાસ ને કોટવાળ ધનજીભાઈ -તે બાપાશ્રી પાસે બેઠા હતા, ત્યારે બાપાશ્રીએ સ્વામી ભક્તિપ્રિયદાસજીને તથા કોટવાળને કહ્યું જે, 'આ સાધુ કેશવપ્રિયદાસને બે મહિના ભૂજ રહેવું ને બે મહિના અમે વૃષપુર રાખશું એવો ઠરાવ કરીને અમે લાવ્યા છીએ. તે અહીં બે મહિના થયા, હવે તેમને વૃષપુર લઈ જઈશું.' વળી કોઈક દિવસ બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રી પાસે બેઠા હતા. તે સમે બાપાશ્રીએ અતિ પ્રસન્ન થઈને બેયના માથા ઉપર હાથ ફેરવીને કહ્યું જે, 'તમે બેય સરખા લાગો છો ને આજથી અમે તમારી બેયની જોડ કરી ને તમે બેય જોડ રાખીને ભગવાન ભજજો ને ભજાવજો.' –એમ કહીને બેયને અતિશય આનંદ આપ્યો ને પાંચ દિવસ રહી પાછા વૃષપુર પધાર્યા.

ત્યાર પછી રામપુરનાં મુક્ત ધનુબાએ 'વચનામૃત'ની કથા કરાવી હતી ને તે પ્રસંગે ભૂજથી સંત રામપુર ગયા હતા ને બાપાશ્રીને પણ તેડાવ્યા હતા, તેથી બાપાશ્રીએ પણ તે કથામાં પધારી સર્વેને બહુ સુખ આપ્યું હતું. પછી શ્રાવણ મહિનાની પૂનમના દિવસે કથાની સમાપ્તિ કરી, અને બાપાશ્રી ને સર્વે સંત-હરિભક્ત ગંગાએ સ્નાન કરવા ગયા. પછી બાપાશ્રી રામપુરથી સાધુ કેશવપ્રિયદાસ આદિ સંતને સાથે લઈ ગાડામાં બેસીને એકમના દિવસે વૃષપુર આવ્યા ને સાધુ ઉત્તમપ્રિયદાસ આદિ ભણનારા સંત પણ ભેળા હતા. અને તે વર્ષમાં બે ભાદરવા માસ હતા ને વૃષ્ટિ પણ ઘણી થઈ હતી ને બાપાશ્રી દિવસના ઓસરીમાં બેસતા ને ઘણા હરિભક્ત પણ પાસે આવીને બેસતા ને વરસાદ આખો દિવસ વરસ્યા કરતો. અને તે સમે બાપાશ્રી વાતો કરીને સર્વેને આનંદ ઉપજાવતા ને ક્યારેક સાધુ પાસે પણ વાતો કરાવતા ને રાત્રીએ મંદિરમાં કથા બેસતી ને બાપાના કાનજીભાઈ તથા મનજીભાઈ આદિ હરિભક્ત કીર્તન બોલતા અને તે સમે સાધુ કેશવપ્રિયદાસ 'સત્સંગિભૂષણ'ની કથા વાંચતા હતા ને બાપાશ્રી સભામાં બિરાજીને સર્વેને દર્શન આપતા. વળી ગામડામાંથી નિત્યે દસ કે પંદર હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા આવતા, તે સર્વેને બાપાશ્રી પોતાને ઘેર તેડી જઈને રોટલા, ખીચડી આદિ જમાડતા અને બાપાશ્રીને ઘેર તેટલા હરિભક્તને સારુ તેટલું દળવું, રોટલા ઘડવા એ આદિ સેવા સાંખ્યયોગી બાઈઓ કરતાં, ને સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રીને સવારમાં સ્નાન કરાવીને તિલક-ચાંદલો કરતા. અને તે સમે પુ. નંદકિશોરદાસજી શ્રીજીમહારાજના જન્મસ્થાનકનો ખરડો કરવા આવ્યા હતા ને બાપાશ્રી પાછલા પહોરમાં તે સંતને સાથે લઈને કાળુ તલાવડીએ સ્નાન કરવા પધારતા. એવી રીતે

બાપાશ્રીએ બે મહિના સુખ આપ્યું. પછી મુનિ કેશવપ્રિયદાસ ને ભણનારા સંત બાપાશ્રીની આજ્ઞાએ કરી બીજા ગામડામાં ફરીને ભૂજ આવ્યા ને બાપાશ્રી પણ અન્નકૂટ ઉપર ભૂજ પધાર્યા ને સર્વેને સુખ આપી પાછા ઘેલાભાઈની ઘોડાગાડીમાં બેસીને વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૪૮

ધનુબાની કથામાં ભૂજગમન, મુનિને આશીર્વાદ, રમૂજી વચનો, ભગવત્-સ્વરૂપદાસજીનો પત્ર ને તેનો પ્રત્યુત્તર, ને સામત્રા-કથાયજ્ઞ વગેરે

ત્યાર પછી રામપુરનાં ધનુબાએ ભૂજમંદિરમાં 'સત્સંગિભૂષણ'ના બીજા અંશનું પારાયણ કરાવ્યું હતું, તે પ્રસંગે બાપાશ્રી ભૂજ પધાર્યા હતા ને બે દિવસ સુખ આપી ઘેલાભાઈની ઘોડાગાડીમાં બેસીને વૃષપુર પધાર્યા હતા. પછી પોષ માસમાં સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ બાપાશ્રીનાં દર્શન-સમાગમ સારુ વૃષપુર ગયા હતા ને બાપાશ્રીની રહસ્યવાતો સાંભળવી, ને ગરમ જળથી બાપાશ્રીને સ્નાન કરાવવું, ને ચંદન ઘસી તિલક-ચાંદલો કરવો એ આદિ બાપાશ્રીની સેવા-સમાગમનો લાંભ સંતને મળતો હતો. તેવા સમયમાં બ્ર. નિર્ગુણાનંદજી બાપાશ્રીના દર્શન-સમાગમ સારુ આવ્યા હતા. તેમને બાપાશ્રી રહસ્યની વાતો કરીને રાજી કરતા. તેમાં એકાદશીને દિવસ ચાર વાગે બાપાશ્રીને ઊના જળે કરીને ઘણા જળથી સારી પેઠે સ્નાન કરાવ્યું. પછી બાપાશ્રી ઓરડીમાં ધોતિયું પહેરી તથા એક ઓઢી સગડીએ તાપીને પછી પૂજા કરવા બેઠા ને બ્ર. નિર્ગુણાનંદજી બાપાશ્રીને તિલક-ચાંદલો કરતા હતા. તે સમે સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રીનું ધોતિયું ધોઈને ઓરડામાં આવ્યા. ત્યારે બાપાશ્રી બ્ર. નિર્ગુણાનંદજીને કહેવા લાગ્યા જે, 'આ પુરાણીએ અમારી બહુ સેવા કરી છે ને અમને બહુ રાજી કર્યા છે.' –એમ બ્રહ્મચારી મહારાજને કહીને સાધુ કેશવપ્રિયદાસજીને કહ્યું જે, 'આવો આવો' -એમ પાસે બોલાવીને પોતે તિલક-ચાંદલો કરતા હતા તે પ્રસાદીના ચંદનથી કેશવપ્રિયદાસને ચાંદલો કરીને કહ્યું જે, 'આ તમને મૂર્તિ આપી ને ભેળા રાખશું ને ભેળા રહેશું. –એમ મુનિસંતને આશીર્વાદ આપ્યો. તે દિવસથી દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ ને બાપાશ્રી તેમના ભેળા અખંડ રહ્યા છે ને તેમને મૂર્તિમાં રાખ્યા છે –એમ તેમના જીવમાં થઈ ગયું.

વળી કોઈક દિવસ અનાદિ મુક્તરાજ બાપાશ્રી પૂજા કરીને ઘેર પધાર્યા, પછી જમ્યા વિના જ મંદિરમાં આવ્યા અને ઠાકોરજીનાં દર્શન કરી આસને બેઠા ને ઊંચે સાદે 'હરે' –એમ બોલીને સર્વેને કથા સાંભળવા બોલાવ્યા. ત્યારે સર્વે સંત સભામાં બાપાશ્રી પાસે આવીને બેઠા ને સાધુ કેશવપ્રિયદાસ વચનામૃતની કથા વાંચવા લાગ્યા ને બાપાશ્રી વચનામૃતના રહસ્ય અર્થ સર્વેને સમજાવતા હતા. પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને પૂછ્યું જે,

'બાપા ! આપ જમ્યા છો કે નથી જમ્યા ?' ત્યારે બાપાશ્રી હસીને બોલ્યા જે, 'ઘણું જમ્યા છીએ; કેમ જે સંત ને હરિભક્ત પૂજામાં સાકરનો એક એક કાંકરો ધરે તોપણ કેટલું થાય ? તેટલું જમ્યા છીએ ને મહારાજ ભેળા મુક્ત નહિ જમતા હોય ! મોટા મુક્ત પણ મહારાજ ભેળા જ જમે છે.' –એમ વાત કરી.

વળી એક સમે બાપાશ્રી મંદિરની ઓસરીમાં બેઠા હતા, તે વખતે સંતના 'હરે' થયા ત્યારે બાપાશ્રીને સાધુ કેશવપ્રિયદાસે કહ્યું જે, 'બાપા ! આપ જમવા પધારશો ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હા આવશું.' ત્યારે વળી પુરાણીએ કહ્યું જે, 'આપ જમશો ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હા તમારા ભેળા જમશું.' વળી ભૂજના સંતને કહ્યું જે, 'તમારા ભેળા જમશું તો તમે વટલાશો નહિ ?' ત્યારે તે સંત કહે જે, 'ના બાપા, આપ તો દિવ્યમૂર્તિ છો તે અમારા ભેળા જમો તેથી-ત્તો અમે પવિત્ર થઈએ.'

વળી કોઈક દિવસ પુ. હરિપ્રસાદદાસજી ને સ્વામી ગોપીવલ્લભદાસજી બાપાશ્રી પાસે બેઠા હતા. તે સમે સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીના ચરણમાં માથું મેલીને નમસ્કાર કર્યો. પછી બાપાશ્રી બોલ્યા જે, 'આ મુનિબાવો આમ ને આમ રાત્રિ-દિવસ અમારી પાસે બેસી રહે છે તેથી અમને એમ થાય છે જે, 'આ સાધુને શું આપીએ ! શું આપીએ ! પણ અમારી પાસે જે વહાલી વસ્તુ છે તે આપશું ને તેમને મૂર્તિ આપી છે ને મૂર્તિમાં રાખ્યા છે' –એમ અતિ પ્રસન્ન થઈને બોલ્યા. ત્યાર પછી બ્ર. નિર્ગુણાનંદજી ભૂજ પધાર્યા. તેવા સમયમાં મૂળીમંદિરમાં ભગવત્સ્વરૂપદાસજીને મંદવાડ હતો, તેથી તેમના મંદવાડના સમાચારનો પત્ર બાપાશ્રીને આવ્યો. તે પત્ર બાપાશ્રીએ સાધુ કેશવપ્રિયદાસની પાસે વંચાવ્યો તે લખીએ છીએ :–

'સ્વસ્તિશ્રી અક્ષરધામ તુલ્ય શ્રીવૃષપુરમાં બિરાજમાન સ્વતઃસિદ્ધ અનાદિ મુક્તરાજ શ્રી અબજીભાઈ પાંચાભાઈની દિવ્ય સેવામાં મૂળીથી લિ. સાધુ ભગવત્સ્વરૂપદાસજીના ઘણા સ્નેહથી અનંત દંડવત્ સહિત જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું વિનંતી સાથ લખવાનું કે શ્રીજીમહારાજ ને આપની દયાથી કુશળ વર્તે છે ને આપની કુશળતાનો પત્ર મુનિસ્વામીનો લખેલો આવ્યો હતો, તે વાંચી આપનાં દર્શન તુલ્ય આનંદ થયો છે. વળી તેમ જ લખવા કૃપા કરશો. ને આપને એ વિનતિ છે જે, કર્યું તો એક શ્રીજીમહારાજ ને આપ જેવા મુક્તનું જ થાય છે ને મને મંદવાડમાંથી સુવાણ આવતાં ગૂમડું નીકળ્યું તે તો હજી તેમ જ છે ને વળી કંઠના પડખાના ભાગે તેવું જ બીજું ગૂમડું નીકળ્યું છે, તે તો જેમ શ્રીજીમહારાજ ને આપની મરજી હશે તેમ જ થશે, તેનું તો આપને કાંઈ કહેવાનું નથી. પણ એક શ્રીજીમહારાજ ને

આપના વિના હાલમાં મારે બીજે ક્યાંય વૃત્તિ નથી; નિરંતર શ્રીજીમહારાજ ને આપના સામી જ મારી વૃત્તિ છે, તેમ જ શ્રીજીમહારાજની મરજીથી આ દેહનું જેમ થશે તેમ હું રાજી છું. ને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ને આપના વિના બીજે ક્યાંય મારે વાસના રહે નહિ ને નિરંતર અનાદિમુક્તને પોતાનું રૂપ માનતા થકા જેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તેમ જ હું પણ રહ્યો છું, પણ રહેવું છે-એમ નહિ; મૂર્તિમાં જ છું, છું ને છું જ, -એમ નિરંતર રહેવાય પણ રહેવું છે -એમ થાય જ નહિ. ને જેમ સમુદ્ર મધ્યે રહેલા વહાણના કાગને વહાણના સ્તંભનો જ આધાર છે, તેમ અખંડ અનાદિ અને મૂર્તિ જ આધાર મનાય પણ તે સિવાય બીજો આધાર ભૂલે પણ મનાય નહિ-એ જ વિનંતી છે.

બીજું, આ લોકના સુખની મારે ઇચ્છા નથી, તે તો જે દિવસથી શ્રીજીમહારાજ ને આપ મળ્યા છો તે દિવસથી જ ટળી ગઈ છે અને આપે જે સુખ આપ્યું છે ને અમોને જે સુખ ભોગવાવ્યું છે, તે તો આપની ને શ્રીહરિની પ્રાપ્તિ થવાથી જ પ્રાપ્ત થાય છે અને આપ જો મળ્યા ન હોત તો બહુ ખામી રહી જાત ને આપનો બદલો મારાથી વળે તેમ નથી. તો તે સુખ આપને જેમ ભોગવાવું છે, તેમ જ આપ દયા કરીને નિરંતર ભોગવાવશો એવી દાસની અરજ છે અને નિરંતર શ્રીજીમહારાજ ને આપના ભેળા રાખશોજી.

બીજું અમો સાધનિક છીએ, તેથી કોઈ વખતે આપની મરજી સચવાણી ન હોય તોપણ તે સામું નહિ જોતાં નિરંતર આપના ભેળા શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખશો ને આ લોક, ભોગ. દેહ તેમાંથી વાસના તોડાવીને જેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે, તે અનાદિમુક્તને પોતાનું રૂપ મનાય ને તેમની પેઠે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવાય એ જ દાસની વિનંતી છે, તે પૂરી કરશો. ત્યાં મુનિસ્વામી ને શ્રીરંગદાસજી ને ભણનારા સંતને તથા આપના સેવક કાનજીભાઈ તથા મનજીભાઈ, ઠાકોરજીના સેવક રામજીભાઈ, પટેલ ઝીણા આદિ સર્વેને અમારા જય શ્રી સ્વામિનારાયણ કહેશો. અત્રથી પુ. ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી આદિના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. લેખક સાધુ ગોપીવલ્લભદાસના ઘણા જ હેતથી જય સ્વામિનારાયણ વાંચશો.'

આ પત્ર બાપાશ્રીએ સભામાં વંચાવ્યો ને તેનો પ્રત્યુત્તર સાધુ કેશવપ્રિયદાસ પાસે લખાવ્યો તેની વિગત :--

'સ્વસ્તાનશ્રી મૂળી મહાશુભસ્થાને બિરાજમાન શ્રીજીમહારાજકૃત મર્યાદાપાલક, પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ઉપાસક, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક શુભ ગુણસંપન્ન, શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેલા, શ્રીજીમહારાજ ને અનાદિમુક્તના લાડીલા ને સાધુના

લક્ષણે જુક્ત એવા સાધુ ભગવત્સ્વરૂપદાસજી આદિ સંતમંડળ પ્રત્યે શ્રીવૃષપુરથી લિ. મુક્તરાજ અબજીભાઈ પાંચાભાઈના ઘણા સ્નેહથી આશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું તમારો પત્ર પહોંચ્યો છે; વાંચી સર્વે વિગત જાણી છે. બીજું મહારાજના આશ્રિતને દૈહિક દુઃખ આવે તેને શ્રીજીમહારાજ મટાડે ત્યારે મટે. ને સાધુને દૈહિક દુઃખમાં રાજી રહેવું, પણ તેને મટાડવાની ઈચ્છા ન રાખવી ને શાંતિ ને સુખ, તે તો પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિ ને સભામાં જ છે પણી બીજે ક્યાંય નથી માટે પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિ ને શ્રીજીમહારાજની પ્રત્યક્ષ સભા તેને અહોનિશ અખંડ સંભારજો, તે જ શાંતિનો ઉપાય છે ને તમને મૂર્તિમાં રાખ્યા છે તેનો આનંદ રાખજો ને મહારાજ ને મોટાને તો પોતાનું સર્વ સુખ પોતાના અનન્ય આશ્રિતને આપવું છે, તે જરૂર આપશે અને આપણે તેમના ખરેખરા થઈ રહેવું, તે તમો તો તેવા જ થયા છો. એ જ.

ત્યાં સ્વામી અક્ષરજીવનદાસજી, સ્વામી ગુણાતીતદાસજી, પુ. ધર્મકિશોરદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામી ગોપીવલ્લભદાસજી આદિ સંતમંડળને તથા હરિભક્ત સર્વેને જય શ્રી સ્વામિનારાયણ કહેશો. અત્રથી સર્વેના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.'

આવી રીતે બાપાશ્રીએ પત્ર લખાવીને મૂળી મોકલ્યો. પછી બાપાશ્રીએ સાધુ હરિપ્રસાદદાસજી ને કેશવપ્રિયદાસજી આદિ સર્વેને સમાગમનું બહુ સુખ આપ્યું. ત્યાર પછી ફાગણ સુદ ૧૫નો ગામના મંદિરમાં ફૂલદોલનો ઉત્સવ કરાવ્યો ને પછી સંતમંડળને ભૂજ જવાની આજ્ઞા કરી, ત્યારે સર્વે સંત ભૂજ આવ્યા. પછી વૈશાખ માસમાં ગામ સામત્રામાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા કરાવી હતી, તેમાં પુ. હરિપ્રસાદદાસજી ને મૂળીથી સાધુ ગોપીવલ્લભદાસજી આદિ સામત્રે કથામાં આવ્યા હતા ને બાપાશ્રી વૃષપુરથી પગપાળા ચાલીને તે કથામાં પધાર્યા હતા ને સર્વેને સુખ આપી કથાની સમાપ્તિ થયા પછી મહેતા ભોગીલાલભાઈની ગાડીમાં બેસીને ભૂજ પધાર્યા હતા. ત્યાં ભોગીલાલભાઈએ મંદિરના સર્વે સંતને તથા બાપાશ્રીને પોતાને ઘેર બોલાવી રસોઈ કરાવીને જમાડ્યા ને બાપાશ્રી પાંચ દિવસ મંદિરમાં રહી પાછા વૃષપુર પધાર્યા. તે સમે સાધુ હરિપ્રસાદદાસજી, કેશવપ્રિયદાસ, ગોપીવલ્લભદાસ આદિ સર્વે સંત પણ બાપાશ્રીનો સમાગમ કરવા સારુ વૃષપુર ગયા હતા ને કરાંચીના લાલુમલ તથા મહાદેવભાઈ તે પણ આવ્યા હતા ને બાપાશ્રી તે સર્વેને સમાગમનું બહુ સુખ આપતા હતા. ઈતિ વિશ્રામ ૪૯

ધર્મ સંબંધી વાતો, ૫૦૦ પરમહંસની રસોઈ ૪ સદ્‌ગુરુ જમ્યા, કેરીની રસોઈ, પૂજાવિધિ ને આશીર્વાદ, નવીવાડીના ડેલામાં લીલા ને અલૌકિક વાતો વગેરે

સંવત ૧૯૪૪ના જેઠ માસના શુક્લપક્ષમાં એકાદશીને દિવસ મુક્તરાજશ્રી વૃષપુરના

મંદિરની ઓસરીમાં પોતાને આસને ચાકળા ઉપર બિરાજમાન હતા ને લલાટને વિષે ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું હતું ને હસ્તકમળમાં તુલસીની માળા લઈને ફેરવતા હતા ને બાપાશ્રી પાસે સંત-હરિભક્તની સભા બેઠી હતી ને સાધુ કેશવપ્રિયદાસજી વચનામૃતની કથા વાંચતા હતા. પછી અનાદિ મુક્તરાજશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજના આશ્રિત જે ત્યાગી, સાધુ, બ્રહ્મચારી, પાળા, ગૃહસ્થ તે સર્વેને શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેવું ને જેને જેટલો મહારાજના વચનમાં વર્તવાનો ફેર પડે તેને તેટલું દુઃખ થાય છે. તેમાં કેટલાકને અત્યારે થાય ને કેટલાકને પાછળથી થાય, પણ થાય ખરું અને ત્યાગી માત્રને સ્ત્રીધનનો ત્યાગ રાખવો. તે સ્વામી નિર્ગુણદાસજી કહેતા જે, 'સાધુ-બ્રહ્મચારી આદિને દ્રવ્ય રાખવું નહિ ને જે રાખે-રખાવે તેનો મોક્ષ થાય નહિ.' માટે ત્યાગીને તો સ્ત્રીદ્રવ્યનો ત્યાગ તે મુખ્ય રાખવો અને તેમાં લગાર ફેર પડવા દેવો નહિ ને આગળ સંતોને રહેવાની જગ્યા પણ નહોતી, માન-સન્માન નહોતું તોપણ સુખી હતા; કેમ જે સ્ત્રીદ્રવ્યથી છેટે રહેતા ને હવે જે સ્ત્રીધનનો પ્રસંગ રાખે છે તેને તેટલું દુઃખ થાય છે. તેને પ્રસંગે કરીને બીજાને પણ દુઃખ થાય છે. માટે એવાનો પ્રસંગ પણ રાખવો નહિ ને સ્ત્રીદ્રવ્યના ત્યાગી ને પ્રત્યક્ષ શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત ને સર્વોપરી આજ્ઞા-ઉપાસના તેણે જુક્ત એવા પરમએકાંતિક ધર્મને ધારણ કરનારા જે સંત હોય તે સંતની સેવા કરવી અને તેવા સંતની સેવા કર્યાનું દિવ્યફળ થાય છે. માટે પૈસા મળ્યા હોય તો તેવા સંતની સેવા કરવી, પોતાના ગામના મંદિરમાં ઠાકોરજીની સેવા કરવી ને ધર્માદો પણ પૂરેપૂરો કાઢવો. અને જેમ લીલા વૃક્ષને પાણી પાય તો ડાળે-પાંદડે બધે રસ ચડે ને સારાં ફળ થાય, તેમ જ એવા સંતને જમાડવા આદિ સેવા કરવાથી શ્રીજીમહારાજની ને અનંત મુક્તની સેવા થાય છે ને તેનું દિવ્યફળ થાય છે. તે ઉપર વાત કરી જે, 'ગઢપુરમાં શ્રીજીમહારાજને કહીને એક ડોશીએ પાંચસો પરમહંસને જમાડવા માટે પકવાનની રસોઈ કરાવી ને શ્રીજીમહારાજે સંતના મંડળને જમવાના દિવસે સવારમાં ગામડે ફરવા મોકલી દીધા ને ચાર સદ્‌ગુરુને રાખ્યા. ત્યારે ડોશીએ કહ્યું જે, ' હે મહારાજ ! મારી રસોઈ કરાવીને તમે સંતને ગામડે મોકલી દીધા, તે હવે આ રસોઈ કોણ જમશે ?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'આ ચાર સદ્‌ગુરુ જે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી છે તેમને જમાડો.' પછી ચાર સદ્‌ગુરુઓને ઓસરીમાં બેસાડીને શ્રીજીમહારાજ પોતે પીરસવા રહ્યા. પછી ડોશી દેતાં આવે ને શ્રીજીમહારાજ પીરસે. તે જેટલું આપે તેટલું ચાર સંતને પીરસીને જમાડી દે, એમ જમાડતાં જમાડતાં પાંચસો પરમહંસને જમવાની રસોઈ હતી તે ચાર સદ્‌ગુરુ જમી ગયા ને રસોઈ થઈ રહી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'કાંઈ હોય તો લાવો; હજી સદ્‌ગુરુ ભૂખ્યા છે.' પછી ડોશીએ કહ્યું જે, 'મહારાજ ! હવે કાંઈ નથી.' પછી શ્રીજીમહારાજે સદ્‌ગુરુને કહ્યું જે, 'તમે

કેટલુ જમ્યા ?' ત્યારે સદ્‌ગુરુ કહે જે, 'મહારાજ ! અમને તો પૈસા પૈસાભાર અન્ન મળ્યું છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'આ અન્ન કોને જમાડ્યું ?' ત્યારે સદ્‌ગુરુઓએ કહ્યું જે, 'એ તો બદરિકાશ્રમના, શ્વેતદ્વીપના, ને ભરતખંડના મુક્તને જમાડ્યું.' પછી મહારાજે ડોશીને કહ્યું જે, 'તમે કહેતાં હતાં કે, 'આ રસોઈ કોણ જમશે પણ આ ચાર સદ્‌ગુરુ દ્વારે અમે તથા અનંત મુક્ત જમ્યા અને સદ્‌ગુરુ તો ભૂખ્યા રહ્યા છે' તેમ એવા એકાંતિક સંત હોય તેમના ભેળા અનંતકોટિ મુક્તે સહિત શ્રીજીમહારાજ જમે છે ને બીજા મુક્તને પણ જમાડે છે ને એવા સંતને જમાડવાથી અનંતકોટિ મુક્તને જમાડવાનું ફળ થાય છે." –એ આદિ ઘણીક વાતો કરી. પછી આઠ વાગે કથાની સમાપ્તિ કરી ને દેશાંતરથી આવેલા જે સંત-હરિભક્તના પત્ર તેને વંચાવીને પોતે સાંભળ્યા ને તેના ઉત્તર લખાવીને મોકલ્યા. પછી ઘેર જમવા પધાર્યા. તે દિવસે કરાંચીના લાલુમલભાઈ ને મહાદેવભાઈએ કેરીની રસોઈ કરાવી હતી તેથી બાપાશ્રીએ સંત-હરિભક્તને રસ પીરસ્યો ને રોટલી આદિ સંત પાસે પિરસાવ્યું, ને સંત-હરિભક્ત જમી રહ્યા ત્યાં સુધી બાપાશ્રીએ બેસીને પિરસાવ્યું. પછી બાપાશ્રી પોતાના આસને બેઠા અને સંત-હરિભક્ત પણ જમી આવીને સભામાં બેઠા ને વચનામૃતની કથા વાંચવા માંડી ને પૂજા કરવા સારુ ચંદનપુષ્પના હાર લાવ્યા. પછી સંત તથા હરિભક્ત બાપાશ્રીની પૂજા કરવા લાગ્યા. તે સમે મુક્તશ્રી આસન ઉપર ઓઠીંગણ દઈને ધ્યાનમુદ્રાએ જુક્ત થકા વિરાજમાન હતા. પછી સર્વે સંત-હરિભક્તોએ બાપાશ્રીના ભાલમાં ચંદન ચર્ચીને હાર પહેરાવ્યા, તેથી બાપાશ્રીનું વક્ષઃસ્થળ ને ખભા –તે હજારીપુષ્પના હારથી ભરાઈ રહ્યાં હતાં ને લલાટમાં ભ્રૂકુટિથી શિખા સુધી ઘણુંક ચંદન ચર્ચ્યું હતું. એવી શોભાને ધરતા થકા દર્શન દેતા હતા. પછી બાપાશ્રીએ ધ્યાનમાંથી જાગ્રત થઈ પોતાના કંઠમાંથી પુષ્પના હાર કાઢીને સર્વે સંત-હરિભક્તને એક એક હાર પહેરાવ્યો ને સર્વેને હાર પહોંચી રહ્યા ને તે સમે સર્વના અંતરમાં પરમ શાંતિ વર્તતી હતી.

પછી બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજની મૂર્તિ ને આ સભા દિવ્ય છે, માટે મહારાજની મૂર્તિ અને આ સભાને સંભારશે તેના ઘાટ ટળી જશે ને શ્રીજીમહારાજની મૂર્તિમાં તેના ચિત્તનો નિરોધ થશે અને શ્રીજીમહારાજ ને અમે તેના ઉપર કૃપા કરીને તેને મૂર્તિમાં રાખશું.' એમ વાતો કરીને વચનામૃતની કથાની સમાપ્તિ કરી ને બે ઘડી શયન કર્યું. પછી સંત-હરિભક્તોએ સહિત વાડીએ સ્નાન કરવા ચાલ્યા તે નવીવાડી પાસેથી સંતને કાકરવાડીએ સ્નાન કરવા મોકલ્યા ને પોતે હરિભક્તને સાથે લઈ નવીવાડીએ આવ્યા ને તે વાડીમાં જાંબુડાના વૃક્ષ નીચે ઢોલિયામાં બેઠા, ત્યાં તો સંત-મંડળ સર્વે કાકરવાડીએ સ્નાન કરીને તુરત નવીવાડીએ બાપાશ્રી પાસે આવ્યા, ત્યારે મુક્તરાજશ્રી અતિશય રાજી થયા ને નવા ડેલામાં સંત-હરિભક્તની સભા કરીને બેઠા ને બાપાશ્રીએ

સર્વેને પ્રસાદી આપી. પછી વાતો કરતા થકા બોલ્યા જે, 'આ સભામાં આ મુક્તને વિષે પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે, તેજોમય છે, મૂર્તિમાંથી તેજ છૂટે છે, મંદ મંદ હસે છે ને મંદ મંદ જુએ છે.' –એમ પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત તેમના સ્વરૂપની વાતો કરી, તેથી સર્વને અતિશય આનંદ થયો ને તે ડેલામાં નિત્યે સભા કરીને બેસતા ને સંત સારુ જાંબુડાં ઉતરાવીને ટોપલો ભરી રાખતા ને સંતને ખોબા ભરી ભરીને જમવા આપતા. એક દિવસ સર્વે સંત પુષ્પના હાર તથા ચંદન ઘસીને લાવ્યા હતા, તેથી બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રીએ સર્વે સંતની પૂજા કરી ને સર્વેને મળ્યા. પછી સંત સહિત મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ઓસરીમાં પોતાને આસને ફેંટો તથા અંગરખું ઉતારીને આસનમાં ઓઠીંગણ દઈને બેઠા.

તે સમે સાધુ કેશવપ્રિયદાસે મુક્તરાજશ્રીને પૂછ્યું જે, 'શ્રીજીમહારાજ અનાદિમુક્ત દ્વારે અત્યારે સુખ આપે છે –એમ કેટલાક સંત કહે છે તે કેમ સમજવું ?' ત્યારે મુક્તરાજ બાપાશ્રી બોલ્યા જે, 'અનાદિમુક્ત તો શ્રીજીમહારાજનું શરીર છે ને દ્વાર તો બીજા સાધનિકને સમજાવવા સારુ કહેવાય છે ને અનાદિમુક્ત તો મૂર્તિસ્વરૂપ છે પણ મૂર્તિથી જુદા નથી. તેમની સાથે ભાષણ કરીએ છીએ ને તેમની સભામાં બેઠા છીએ એ કેવી મોટી પ્રાપ્તિ કહેવાય ! એ તો અતિ મોટી છે. અને અક્ષર છે તેમની સભા જુદી છે ને તેમના મુક્ત પણ જુદા છે. અને આ સુખ તો બહુ જબરું છે, સુખના ઢગલેઢગલા છે. તે સુખ અત્યારે જીરવાય નહિ, એ તો એવો પાત્ર થાય ત્યારે જ તે સુખ ભોગવાય છે. તે સુખ અત્યારે જ્ઞાને કરીને ઓળખાય તોપણ અહો ! અહો ! થાય ને દીવાના-મસ્તાના થઈ જવાય. અને તે સુખ મહારાજને કહીને તમને સર્વેને અપાવશું અને મહારાજ અમારું નહિ માને તેમ નથી, એ તો માનશે, માનશે ને જરૂર માનશે જ.' એમ વાત કરી. પછી આરતી-ધૂન કરીને ઘેર ભોજન કરવા ગયા. પછી બાપાશ્રી જમી જલપાન કરીને મંદિરમાં આવી સભામાં બેઠા ને સંત પાસે વાતો કરાવીને સાંભળતા હતા. પછી પહેલી કથાની સમાપ્તિ થઈ ત્યારે સાધુ કેશવપ્રિયદાસે શ્રીજીમહારાજની મૂર્તિને જળ ધર્યું. પછી બાપાશ્રીને જળપાન કરાવ્યું ને સર્વે સંત બાપાશ્રી પાસે આવીને બેઠા. પછી બાપાશ્રીએ બીજી કથા કરવાની ને કીર્તન બોલવાની આજ્ઞા કરી ત્યારે સર્વે સંત-હરિભક્ત કીર્તન બોલવા લાગ્યા. પછી વચનામૃતની કથા કરી ને બાપાશ્રી સાંભળતા હતા. પછી લીલા-કીર્તન આદિ નિત્યનિયમ કર્યો. ત્યાર પછી બાપાશ્રીએ ઓસરીમાં આસન પાથરેલું હતું તેમાં શયન કર્યું ને સંત-હરિભક્ત સર્વે પાસે આવીને બેઠા ને બાપાશ્રી સૂતા સૂતા વાતો કરતા હતા. પછી બાપાશ્રીએ યોગનિદ્રા અંગીકાર કરી. ઈતિ વિશ્રામ ૫૦

નિત્યનિયમ, રસનાનો નિષેધ, છત્રીએ સમૂહપારાયણ ને રસોઈ તથા નારાયણપુર-ગમન ને સંતની વિદાયગીરી

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી ત્રણ વાગે જાગીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા બેઠા ને ચાર વાગે સ્નાન કરવા ઊઠ્યા, ત્યારે સાધુ કેશવપ્રિયદાસે જળનો લોટો તથા દાતણ આપ્યું, એટલે બાપાશ્રીએ દાતણ કર્યું. પછી બહિર્ભૂમિ જઈ આવીને કૂવા ઉપર સ્નાન કરવા આવ્યા, ત્યારે સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને ઘણા જળથી સ્નાન કરાવ્યું. પછી ધોયેલું ધોતિયું પહેરીને બીજું ઓઢી આસન ઉપર માનસીપૂજા કરવા બેઠા. પછી ચંદને કરીને લલાટ, હૃદય ને બે બાહુના મૂળને વિષે ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યાં ને ભાલમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી મૂર્તિઓ પધરાવીને માળા ફેરવવા બેઠા. પછી દંડવત્-પ્રદક્ષિણા કરીને પૂજાની સમાપ્તિ કરી. ત્યાર પછી સર્વે સંત બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી સર્વે સંતને મળ્યા. પછી મંદિરમાં ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કર્યાં ને વસ્ત્ર પહેરીને ઘેર પધાર્યા. પછી પોતાના પુત્રાદિકને ઘર સંબંધી કામ બતાવીને પાછા મંદિરમાં આવી સભામાં બેઠા ને કથાવાર્તા કરી. પછી દસ વાગે પોતાના ઘેર જમીને વાડીએ પધાર્યા ને સાંજના મંદિરમાં આવી આસને બેઠા હતા ને સંત પાસે કથા વંચાવીને સાંભળતા હતા. તે સમે કાનજીભાઈના દીકરા માવજીભાઈ બાપાશ્રીને ખીચડી જમવા સારુ બોલાવવા આવ્યા ત્યારે બાપાશ્રી તેમની સાથે વાળુ કરવા પધાર્યા ને ખીચડી, છાસ, અથાણું, પાપડ આદિ ભોજન જમીને તુરત મંદિરમાં આવ્યા. ત્યારે સાધુ કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'આપ જમીને તરત આવ્યા પણ જમતાં વાર ન લાગી.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મઠની ખીચડી અને છાસ તે પી લીધું.' ત્યારે સાધુ કેશવપ્રિયદાસે કહ્યું જે, 'આપ દૂધ ને ખીચડી જમવાનું રાખો તો સારું.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'કામદુધા દોવા દેતી નથી.' ત્યારે સાધુ ગોપીવલ્લભદાસે કહ્યું જે,'બીજી ગાય રાખીએ.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આપણે તો આ દેહને કોઠી જેવો કરી રાખવો; તે કોઠીમાં બાજરો ભરે કે ઘઉં ભરે તોપણ કોઠીને સરખો આનંદ ને કોઠીમાં ગોળ ભરે કે ઘી ભરે, પણ કોઠીને તેનો કાંઈ આનંદ નથી, તેમ આપણે પણ આ દેહને કોઠી જેવો કરી રાખવો. તે દેહમાં સારું ભોજન ભરો કે જેવુંતેવું ભરો, પણ તેમાં સરખો આનંદ રહે અને રસ વિનાનું નબળું મળે તેમાં ખેદ નહિ. મહારાજની આજ્ઞા પ્રમાણે ને મહારાજની ઇચ્છાથી જેવું મળે તેવું દેહમાં નાખવું, તો શ્રીજીમહારાજ ને મોટા મુક્ત રાજી થાય. સારાં ભોજન જમવાં ને સારી પથારી કરીને સૂઈ રહેવું, તે તો દેહને રાજી કરવાનું છે પરંતુ તેમાં શ્રીજીમહારાજ રાજી થાય નહિ. માટે ખટકો રાખીને મહારાજ વિના બીજે ક્યાંય વૃત્તિ રાખવી નહિ.'–એમ વાતો કરી. પછી ગોડી, આરતી, ધૂન, કથાવાર્તા આદિ કરીને શયન કર્યું. એમ નિત્યે સમાગમનું સુખ આપતા. પછી કરાંચીના

હરિભક્ત ગયા. ને બાપાશ્રીએ સંતમંડળને કહ્યું જે, 'તમે પણ અમાસના જવાનું કરજો.' –એમ કહીને ઘેર પધાર્યા. પછી બાપાશ્રીએ અમાસને દિવસે નિત્યવિધિ કરીને સંતમંડળને કહ્યું જે, 'આજે તમે છત્રીએ રસોઈ કરો ને 'વચનામૃત'નું પારાયણ કરો. અને તે પારાયણ છત્રીને ઓટે બેસીને કરજો અને બે સંત રસોઈ કરે ને બીજા સંત સર્વે વાંચવા બેસે તેમાં નોખાં નોખાં વચનામૃત લઈને વાંચવાં ને પ્રત પૂરી કરી દેવી.' –એમ આજ્ઞા કરી. પછી પોતે ઘેર પધાર્યા ને સર્વે સંત બાપાંશ્રીના કહેવા પ્રમાણે ચંદનપુષ્પના હાર, પુસ્તક તથા ઠાકોરજી આદિ લઈને છત્રીએ ગયા ને છત્રીને ફરતા ઓટા ઉપર વાંચવા બેઠા. અને મુક્તરાજશ્રીએ પોતાના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તેમની પાસે રસોઈનો સર્વે સામાન છત્રીએ મોકલાવ્યો ને પોતે ગામના મોટા મોટા હરિભક્તને પોતાની સાથે લઈને છત્રીએ પધાર્યા અને ત્યાં ચરણારવિંદનાં ને સંતનાં દર્શન કર્યાં. પછી બાપાશ્રીએ બે સંતની પાસે અગાસી નીચે રસોઈ કરવાનું કામ ચાલતું કરાવ્યું ને પોતે ઓટા ઉપર કથા સાંભળવા બેંઠા અને પુ. હરિપ્રસાદદાસજી, ગોપીવલ્લભદાસજી, કેશવપ્રિયદાસ એ આદિ સંત પારાયણ વાંચતા હતા ને શ્રીરંગદાસજી ને હરિવલ્લભદાસજી તે બંને સંત રસોઈ કરતા હતા. એવી રીતે કથા તથા રસોઈ અગિયાર વાગે થઈ રહ્યાં, ત્યારે બાપાશ્રીએ હરિભક્તને પ્રસાદી વહેંચવા સારુ સુખડી કરાવી. પછી ઠાકોરજીને થાળ ધર્યો ને બાપાશ્રીએ પુસ્તક ને સંતમંડળની ચંદનપુષ્પથી પૂજા કરી, ને હરિભક્તને પણ ચંદન ચર્ચી હાર પહેરાવ્યા ને સુખડીની પ્રસાદી આપી. પછી સંતને જમવાની આજ્ઞા કરી, ત્યારે સર્વે સંત જમવા બેઠા ને જમીને બાપાશ્રીને જમવા બેસવાનું કહ્યું. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમે મંદિરમાં જમશું.' ત્યારે સંત શીરો, પૂરી, શાક વગેરે લઈને મંદિરમાં આવ્યા ને બાપાશ્રી પોતાના પુત્ર આદિ પાસે સુખડી તથા વધેલો સામાન તથા વાસણ આદિ લેવડાવીને મંદિરમાં આવ્યા ને કૂવા પાસે ઓરડીમાં જમવા બેઠા, ને પુ. હરિપ્રસાદદાસજી તથા કેશવપ્રિયદાસ તેમણે બાપાશ્રીને પીરસીને જમાડ્યા. પછી કથાવાર્તા કરી બે ઘડીવાર શયન કર્યું. ત્યાર પછી સર્વે સંત નારાયણપુર જવા તૈયાર થયા. ત્યારે પોતે પણ સંત સાથે છત્રીએ આવ્યા ને ત્યાં સભા કરીને બેઠા ને સંતમંડળ સર્વેએ બાપાશ્રીને ચંદનપુષ્પથી પૂજા કરીને દંડવત્ કર્યા, ને બાપાશ્રી સર્વે સંતને મળ્યા ને આશીર્વાદ આપ્યા. પછી સંત નારાયણપુર ગયા ને બાપાશ્રી ઘેર પધાર્યા.

પછી બીજે દિવસે બાપાશ્રી નારાયણપુર પધાર્યા ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી સર્વે સંતને મળીને ઓસરીમાં બેઠા ને સંતે બાપાશ્રીને જળપાન કરાવ્યું ને બાપાશ્રી વાડીએ પધાર્યા અને સર્વે સંત ધનજીભાઈને ઘેર રસોઈ કરવા ગયા ને ઠાકોરજીના થાળ થયા, ત્યારે બાપાશ્રી ધનજીભાઈને ઘેર આવ્યા. પછી ધનજીભાઈએ તથા સંતોએ બાપાશ્રીને જમવાનું ઘણું કહ્યું, પણ

બાપાશ્રીને શરીરમાં તાવ હતો તેથી જમવા બેઠા નહિ ને ત્યાં જ સૂઈ રહ્યા ને સર્વે સંત જમીને મંદિરમાં આવ્યા. પછી બાપાશ્રી સાંજ વખતે મંદિરમાં આવ્યા, ત્યારે સંતે આસન પાથરીને સુવાડ્યા ને બાપાશ્રીને તાવ બહુ જ આવેલો જોઈને સર્વે સંત ઉદાસ થઈ ગયા. પછી સવારે તાવ ઊતરી ગયો, ત્યારે સંતોએ બાપાશ્રીને ઊના જળથી સ્નાન કરાવ્યું ને પૂજા કરાવી. પછી વસ્ત્ર પહેરીને આસને બેઠા ત્યારે સંતે કહ્યું જે, 'બાપા ! આપને શરીરે કસર થઈ છે, માટે અમે આપની સેવા કરવા વૃષપુર આવીએ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મારે શરીરે સારું છે, પછી મહારાજની ઇચ્છા થાય તો આવજો, પણ અત્યારે તો જાઓ.' ત્યારે સર્વે સંત બાપાશ્રીને મળી ભૂજ ગયા ને બાપાશ્રી વૃષપુર પધાર્યા. ઇતિ વિશ્રામ ૫૧

સર્વેને સેવાનું સુખ દેવા બાપાશ્રીએ ગ્રહણ કરેલો મોટો મંદવાડ ને ઘણા સંત-હરિભક્તનું આગમન

સંવત ૧૯૭૪ના અસાઢ માસમાં બાપાશ્રીને મોટો મંદવાડ ગ્રહણ કરવાની ઇચ્છા થઈ હતી, તેથી સ્વામી ઈશ્વરચરણદાસજી ને વૃંદાવનદાસજી આદિ સંતને પોતાની સેવામાં તેડાવવા સારુ તેમના અંતરમાં પ્રેરણા કરી અને સ્વામી ઈશ્વરચરણદાસજીને આવવાનો પત્ર પણ લખ્યો હતો, તેથી સર્વે સંત રેલે બેસી ભૂજ આવ્યા અને બાપાશ્રી પણ સંતની રાહ જોઈ રહ્યા હતા. પછી તે સર્વે સંત ભૂજથી અસાઢ સુદ બીજને દિવસ પાંચ વાગે વૃષપુર આવ્યા. તે સમે બાપાશ્રી મંદિરની ઓસરીમાં બેઠા હતા અને સર્વે સંતોએ પ્રથમ તો ઠાકોરજીને દંડવત્ કરી દર્શન કર્યાં. પછી બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી સર્વે સંતને મળ્યા ને સંત બાપાશ્રીનાં દર્શન કરીને પાસે બેઠા. તેમાં સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી, પુ. હરિપ્રસાદદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, ગોપીવલ્લભદાસજી, દેવજીવનદાસજી આદિ સંત પચીસ મૂર્તિ હતા. અને વળી અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ એમ પણ વિચાર કર્યો જે, 'મારે વિષે હેતવાળા સંત-હરિભક્ત છે તેમને મારી સેવાનું તથા દર્શન-સમાગમનું સુખ દેવું છે, તે જો હું મંદવાડ ગ્રહણ કરું તો સર્વેને મારી સેવાનો લાભ મળે.' –એમ સંકલ્પ કરીને મંદવાડ ગ્રહણ કર્યો. હવે તે મંદવાડની વાત કહીએ છીએ.

હવે જે દિવસે સંતમંડળ આવ્યાં તે દિવસે જ સાયંકાળે બાપાશ્રીને તાવ આવ્યો, ત્યારે સંતોએ બાપાશ્રીને ઓસરીમાં આસન પાથરીને સુવાડ્યા ને સર્વે સંત ચારેકોર બેસીને કથાવાર્તા કરવા લાગ્યા. પછી સવારે બાપાશ્રીને તાવ ઓછો થયો ત્યારે સંતોએ સ્નાન કરાવ્યું ને પૂજા કરાવી. પછી જમવાનું પૂછ્યું ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ગોળનું પાણી ગાળીને લાવો.' પછી

ગોળનું પાણી કરી સવાસો વાર ગાળીને બાપાશ્રીને પાયું. તેનો રેચ લાગવાથી દિશાએ જવાનું થતું ને તાવ પણ અતિશય જ આવ્યો હતો , તેથી બાપાશ્રી તો શરીરે શિથિલ થઈ ગયા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ ચોકમાં એક પડખે ખાડો ખોદી ફરતાં ડાંડર બાંધીને દિશાએ જવાનું કર્યું હતું અને સ્વામી ને પુ. હરિપ્રસાદદાસજી આદિ સંત બાપાશ્રીને માંચીમાં બેસાડીને ખાડે તેડી જતા અને પાછા માંચીમાં બેસાડીને સ્નાન કરાવતા ને વસ્ત્ર પહેરાવીને ઢોલિયામાં સુવાડતા અને દિવસ ને રાત્રીમાં સર્વે સંત સેવામાં તત્પર રહેતા.

હવે બાપાશ્રીના મંદવાડની ભૂજમંદિરમાં તથા રામપુર આદિ ગામડામાં સર્વેને ખબર પડી, તેથી બ્ર. નિર્ગુણાનંદજી ને કેશવપ્રિયદાસ આદિ બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા. તે સમે બાપાશ્રીનો પલંગ મંદિરની ઓસરીમાં આથમણા ખૂણામાં રાખ્યો હતો. તેમાં બાપાશ્રી ઉઘાડું મુખ રાખીને સૂતા હતા ને શરીર ઉપર વસ્ત્ર ઓઢ્યું હતું અને ચારે પાસ સંત બેઠા હતા, એવાં બાપાશ્રીનાં દર્શન કરીને દંડવત્ કર્યા ને બાપાની સેવામાં રહ્યા. ને બાપાશ્રી તો દિવસે દિવસે વિશેષ મંદવાડને ગ્રહણ કરવા લાગ્યા અને બાપાશ્રીને તાવ અતિશય જ આવતો ને ખાટલામાં સૂતા સૂતા મૂર્તિમાં ઊંડા ઊતરી જતા ને કોઈ બોલાવે તો બોલે પણ નહિ ને સ્વામી ઈશ્વરચરણદાસજી મસ્તકને હલાવીને બહુ બોલાવે ત્યારે નેત્રને ઉઘાડી સામું જોઈને પાછા મૂર્તિમાં ઊતરી જાય ને પ્રાતઃકાળ થાય ત્યારે કહેશે જે, 'મને સ્નાન કરાવો, ત્યારે સ્વામી આદિ સંત ને કાનજીભાઈ આદિ બાપાના સેવક -તે બાપાશ્રીને માંચીમાં બેસાડીને દૈહિક ક્રિયા કરાવતા. પછી ઊના જળથી સ્નાન કરાવતા ને કોરાં વસ્ત્ર પહેરાવી તથા ઓઢાડીને ખાટલામાં સુવાડતા ને ચાંદલે સહિત તિલક કરાવી પૂજાની મૂર્તિઓનાં દર્શન કરાવતાં. પછી સ્વામી બાપાશ્રીને જમવાનું પૂછે, ત્યારે પોતે ઊંડા ઊતરી જતા. એક દિવસ બ્રહ્મચારી કાંજીચોખાની રાબ કરીને લાવ્યા, ત્યારે સ્વામી બાપાશ્રીના મસ્તકે હાથ અડાડીને કહેવા લાગ્યા જે, 'બાપા ! આ બ્રહ્મચારી જમવાનું લાવ્યા છે તે દયા કરીને જમો.' ત્યારે બાપાશ્રી નેત્રને ઉઘાડીને વળી મીંચી જતા. ત્યારે વળી સ્વામી ને બ્રહ્મચારી તે બેય બાપાશ્રીને જગાડતા એટલે નેત્ર ઉઘાડીને જાગ્રત થાતા, ત્યારે બાપાશ્રીને બેઠા કરીને રાબ પાતા ને બાપાશ્રી લગાર પીને પછી ના કહેતા, ત્યારે સ્વામી બાપાશ્રીનાં હસ્ત-મુખ ધોઈને સુવાડી દેતા, ત્યારે વળી બાપાશ્રી ઊંડા ઊતરી જતા.એવી રીતે મંદવાડને નવ દિવસ વીતી ગયા.

પછી નોમને દિવસ ભૂજના સાધુ ભક્તિપ્રિયદાસજી, જોગેશ્વરદાસજી, હરિચરણદાસજી આદિ સંત-પાર્ષદ ત્રીસ મૂર્તિ બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા. તે સર્વેએ બાપાશ્રીને દંડવત્ કરીને દર્શન કર્યાં ને બાપાશ્રી મંદવાડથી અશક્ત થયેલા છે તેથી બીજા હરિભક્તનો હાથ ઝાલી

ઊભા થઈને સર્વ સંતને મળ્યા ને માથે હાથ મેલીને રાજી કર્યા ને બાપાશ્રીને તે દિવસે શરીરે સારું જણાતું હતું ને સંધ્યા-આરતી પછી બ્ર. નિર્ગુણાનંદજી બાપાશ્રીને જમવા સારુ શીરો, શાક, ખીચડી આદિ કરીને લાવ્યા ને બાપાશ્રી ખાટલાથી નીચે બેસીને થોડું જમ્યા. પછી જળપાન કરી ખાટલામાં ઓઠીંગણ દઈને બેઠા ને બાપાશ્રીએ ખાટલામાં બેઠા બેઠા ભૂજના સર્વે સંતને વસ્ત્ર ઓઢાડ્યાં ને તે ભૂજના સંત કથાવાર્તા-કીર્તન કરી બાપાશ્રીનાં દર્શન કરીને બે વાગે પાછા ભૂજ ગયા. પછી બાપાશ્રી અધિક તાવને ગ્રહણ કર્યો ને મૂર્તિમાં ઊંડા ઊતરી ગયા અને સંત બાપાશ્રીને જાગ્રત કરીને ચમચા વતી પાણી પાતા ને દશમના દિવસે પ્રાતઃકાળ થયો, ત્યારે સ્વામીએ બાપાશ્રીને સ્નાન કરવાનું પૂછ્યું. એટલે બાપાશ્રીએ નેત્ર ઉઘાડી મુખ હલાવીને હા કહી. ત્યારે સંતે બાપાશ્રીને દૈહિક ક્રિયા તથા દાતણ કરાવીને ઉષ્ણોદકથી સ્નાન કરાવ્યું. પછી કોરાં વસ્ત્રથી શરીર લૂછી ધોયેલું ધોતિયું પહેરાવીને બીજું એક વસ્ત્ર ઓઢાડ્યું ને ખાટલામાં સુવાડી દીધા ને ચાંદલે સહિત તિલક કરાવ્યું ને પૂજા કરાવી. પછી સ્વામીએ બાપાશ્રીને જમવાનું પૂછયું, ત્યારે મૂર્તિમાં ઊંડા ઊતરી ગયા તે બોલાવ્યા પણ બોલ્યા નહિ. અને તાવ ને ગરમી શરીરમાં અધિક જણાતી હતી તેથી સંતોએ ચંદન ઘસી આખા શરીરે ચંદનનું લેપન કર્યું અને તે ચંદન સુકાઈ ગયું, ત્યારે ભીના કપડાથી પાછું લૂછી લીધું ને સાંજ-વખત થઈ, તોપણ તાવ ઊતર્યો નહિ, તેથી સર્વે ઘણા ઉદાસ થઈ ગયા. અને ગામડાના હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા ઘણા જ આવ્યા હતા તે પણ બાપાશ્રીનો મંદવાડ જોઈને ઘણા જ ઉદાસ થઈ ગયા અને બાપાશ્રીના ઢોલિયાની ચારે બાજુ બેસી કથાવાર્તા, કીર્તન કરતા હતા. એમ કરતાં રાત્રીના એક વાગ્યાનો સમય થયો ત્યારે બાપાશ્રીને મંદવાડ વધારે જણાયો અને બાપાશ્રી કોઈના બોલાવ્યા પણ બોલે નહિ, ત્યારે બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ આદિ સંત તથા બાપાશ્રીના કાનજીભાઈ, મનજીભાઈ આદિ સર્વે અતિશય જ દિલગીર થઈ ગયા ને આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં ને ધીરજ રહી નહિ, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી -તે સર્વેને ધીરજ આપતા હતા ને મંદિર બહાર સર્વે બાઈઓ બાપાશ્રીના મંદવાડને સાંભળીને દર્શન કરવા આવ્યાં હતાં. તેથી બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ, મનજીભાઈ, મોતીભાઈ આદિ સર્વે મળી બાપાશ્રીનો પલંગ ઉપાડીને મંદિરને દરવાજે લઈ ગયા ત્યાં ઘણાંક બાઈઓ આવ્યાં હતાં, તેમણે બાપાશ્રીનાં દર્શન કર્યાંને પૂજા કરીને નમસ્કાર કર્યા ને ઘણીક સ્તુતિ-પ્રાર્થના કરી, તોપણ બાપાશ્રી તો યોગનિદ્રામાં એમ ને એમ સૂઈ રહ્યા. પછી બાઈઓ સર્વે દર્શન કરીને ગયાં, ત્યારે હરિભક્ત બાપાશ્રીના પલંગને ઉપાડીને પાછો મંદિરની ઓસરીમાં લાવ્યા. પછી એકાદશીને દિવસે અજવાળું થયું પણ બાપાશ્રી તો જાગ્રત થયા નહિ. પછી સ્વામીએ બાપાશ્રીને પૂછ્યું જે,'સ્નાન કરશો ?' ત્યારે બાપાશ્રી નેત્રકમળને ઉઘાડી

ધીરા રહીને જાગ્રત થયા ને જરાક મસ્તક હલાવીને હા કહી. ત્યારે સર્વે સંત ને હરિભક્તોએ મળીને બાપાશ્રીને માંચીમાં બેસાર્યા ને દાતણ કરાવ્યું, પછી ગરમ જળથી સ્નાન કરાવ્યું ને વસ્ત્ર પહેરાવીને ઢોલિયામાં સુવાડ્યા ને સ્વામીએ બાપાશ્રીને ફળાહાર કરવાનું પૂછ્યું, પણ બાપાશ્રી તો કાંઈ બોલ્યા જ નહિ ને મૂર્તિમાં ઊંડા ઊતરી ગયા ને સર્વે સંત પાસે બેસીને કથાવાર્તા કરતા હતા. એમ કરતાં દસ વાગ્યાનો સમય થયો ત્યારે નારાયણપુરના પટેલ ધનજીભાઈ આવ્યા ને બાપાશ્રીનાં દર્શન કરીને બાપાશ્રીને પૂછ્યું જે, 'બાપા ! તમે મને મારી સાથે વાત કરવાનું કહ્યું હતું, તે અહીં કરશો કે ઘેર કરશો ? ' ત્યારે બાપાશ્રીએ ધીરા રહી ધનજીભાઈના સામું જોઈને કહ્યું જે, 'આપણે ઘેર જઈએ.' પછી તે દિવસે નિયમની એકાદશી હતી તેથી સર્વે સંત-હરિભક્તોએ બાપાશ્રીની પાસે વિશેષ નિયમ લીધા. પછી બાપાશ્રીએ ઘેર જવા ઇચ્છા કરી, ત્યારે હરિભક્ત બાપાશ્રીનો ખાટલો ઉપાડીને ઘેર તેડી ગયા ને સર્વે સંત મંદિરની ખડકીથી પાછા વળી આવ્યા ને મંદિરમાં ઉદાસ થઈને બેઠા ને બાપાશ્રીનો મંદવાડ જોઈને અને બાપાશ્રી ધામમાં પધારશે –એમ જાણીને અતિ ઉદાસ થઈ ગયા ને હેતવાળા સર્વે હરિભક્તને બાપાશ્રીના મંદવાડના સમાચાર પત્રથી લખી મોકલાવ્યા. ઇતિ વિશ્રામ પર

મિલકતની વ્યવસ્થા ને છેલ્લી ભલામણ, ધનુબા ને કેસરાભાઈની સ્તુતિ, વિરહવચનો ને સંતોની દિલગીરી, સ્તુતિપ્રાર્થના ને ૧૦ વર્ષની અવધિ તથા દિવ્યદર્શન વગેરે

હવે મુક્તરાજ બાપાશ્રીએ ઘેર જઈ પોતાના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તેમને પાસે રાખીને અને ધનજીભાઈ તથા દેવરાજભાઈના હસ્તે પોતાની સ્થાવર-જંગમ સર્વે મિલકતની વ્યવસ્થા પોતે કરાવી; તે કેવી રીતે તો બેય દેશના મોટા મોટા મંદિરમાં રસોઈઓ આપવી, ભૂજ-ઠાકોરજીની આટલી સેવા કરવી, મારી પાછળ એક મોટું પારાયણ બેસાડવું ને સાંખ્યયોગી વાલબા ને રાધાબાને આટલી કોરીઓ આપવાની તે બધી મળી ૨૮૦૦૦ હજાર કોરીઓ થઈ. તે ઉપરાંત બાકી રહેલી સર્વે કોરીઓ તથા ઘર તથા વાડીઓ આદિ સ્થાવર-જંગમ સર્વે મિલકત બે ભાઈને સરખા ભાગે વહેંચી આપી ને તેનું પાકું લખત કરાવ્યું ને તેમાં સાક્ષીઓની સહી નાખી. પછી પોતે સર્વેને કહેવા લાગ્યા કે, 'હવે મારા શરીરનો નિર્ધાર નથી; હું તો અક્ષરધામમાં જઈને બેસીશ ને તમે સર્વે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહીને શ્રીજીમહારાજનું ભજન કરજો ને કથાવાર્તા-કીર્તન કરજો.'-એમ કહ્યું ત્યારે સર્વેનાં હૃદય ભરાઈ આવ્યાં અને નેત્ર સજળ થઈ ગયાં ને રુદન કરવા લાગ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે દિલગીર ન થાઓ. હું કાંઈ મરી જાઉં તેવો

નથી; હું તો અહીં છું, તોપણ અક્ષરધામમાં છું ને અક્ષરધામમાં જઈને બેસીશ, તોપણ તમારા ભેગો રહીશ ને તમારી રક્ષા કરીશ ને તમને સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખ્યા છે, માટે તમે કાંઈ ચિંતા કરશો નહિ.'-એમ બાપાશ્રીએ કહ્યું. તે સમે જ સર્વેને શ્રીજીમહારાજનાં અને બાપાશ્રીનાં દિવ્યરૂપે દર્શન થયાં તેથી સર્વેને શાંતિ થઈ ગઈ. પછી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા ને બાપાશ્રી જેવા હતા તેવા જ પાછા દેખાયા.

વળી બાપાશ્રીએ ફરી પોતાના શરીરમાં મંદવાડ જણાવ્યો; તે એક તો તાવ આવતો હતો ને વળી મરડો થયો, તેથી દિવસમાં ને રાત્રીમાં પંદર પંદર વખત દિશાએ જવાનું થતું ને વળી લઘુ બંધ થયાની પીડા પણ જણાવતા. તે મંદવાડને સાંભળીને ભૂજના મહંત સ્વામી મહાપુરુષદાસજી, ભક્તિપ્રિયદાસજી આદિ સંત આવ્યા હતા અને મહેતા ભોગીલાલભાઈ, જેઠી ઘેલાભાઈ આદિ ભૂજના હરિભક્ત તે પણ સર્વે આવ્યા હતા અને મુક્તસ્વરૂપ મોટાં ડોશી ધનુબા ને તેમનાં સેવક કાનબા આદિ સાંખ્યયોગી બાઈઓ પણ ગાડામાં બેસીને આવ્યાં હતાં અને દેવરાજભાઈ, નારાયણપુરના ધનજીભાઈ ને સોની મોતીભાઈ તે તો પ્રથમથી જ સેવામાં હતા ને દહીંસરાના કેસરાભાઈ, તેમના પુત્ર ખીમજીભાઈ, દેવજીભાઈ, તથા રત્નાભાઈ આદિ સર્વે આવ્યા હતા. તેમ જ ગુજરાત, ઝાલાવાડ આદિ દેશના હેતવાળા સર્વે હરિભક્ત આવ્યા હતા. અને તે આવેલા સર્વે હરિભક્ત મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન કરી ને બાપાશ્રીનો મંદવાડ જોઈને અતિશય જ ઉદાસ થઈ ગયા હતા અને આ લોક, ભોગ, દેહ તેને ભૂલી જવારૂપી ઉપશમ અવસ્થાને પામીને અખંડ મહારાજની મૂર્તિમાં રસબસ થઈ કથાવાર્તા, કીર્તન ને ધ્યાન-ભજન કરતા હતા. ને આ મંદવાડમાં બાપાશ્રી પ્રથમ દસ દિવસ મંદિરમાં રહ્યા, ત્યારે બાપાશ્રીની સેવા સંત-હરિભક્ત કરતા હતા ને બાપાશ્રીની રુચિ અનુસાર કાંજી વગેરે જમવાનું બ્રહ્મચારી કરતા. પછી બાપાશ્રી ઘેર જઈને રહ્યા ત્યારે બાપાશ્રીને સ્નાન કરાવવું, જળપાન કરાવવું આદિ સેવા બાપાના પુત્ર કાનજીભાઈ આદિ કરતા અને બાપાશ્રીને રુચે તેવી રાબ, ખીચડી, શાક, ભજિયાં આદિ ભોજન કરીને જમાડવા તે સેવા બાપાશ્રીનાં સેવક વાલબા, કાનબા વગેરે કરતાં હતાં. એવી રીતે બાપાશ્રીને મંદવાડની લીલા કરતાં ઘેર દસ દિવસ વીત્યા. ત્યારે કોઈક દિવસ મોટાં ડોશી ધનુબા તથા મુક્તસ્વરૂપ કેસરાભાઈ તે બેય અનાદિ મુક્તરાજ બાપાશ્રી પાસે આવીને બેઠાં અને બાપાશ્રીના ચરણે અને શરીરે હાથ ફેરવીને કહેવા લાગ્યાં જે, 'કૃપાળુ ! તમે તો સ્વતંત્ર ને સમર્થ છો માટે તમે અમને અહીં મેલીને ધામમાં જવા યોગ્ય નથી. પ્રથમ અમને ધામમાં મેલીને પછી જેમ આપની મરજી હોય તેમ કરશો. અને જો તમારે ધામમાં જવું હોય તો અમને સાથે લઈ જશો.' ત્યારે મુક્તશ્રી ઘડીવાર તો નેત્ર મીંચી શ્રીજીમહારાજના સ્વરૂપમાં ઊંડા ઊતરી ગયા. પછી નેત્ર ઉઘાડીને કહ્યું જે, 'તમે કાંઈ

ચિંતા કરશો નહિ; તમારો સંકલ્પ મહારાજ પૂરો કરશે.' ત્યારે તે કેસરાભાઈ તથા ધનુબા રાજી થયાં ને પોતાને ગામ ગયાં.

ત્યાર પછી બીજે દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, બ્ર. નિર્ગુણાનંદજી, સાધુ કેશવપ્રિયદાસ, પૂ. સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી આદિ સંતમંડળ ને ભૂજના સ્વામી મહાપુરુષદાસજી આદિ સર્વે સંત મંદિરમાંથી બાપાશ્રીને ઘેર આવી બાપાશ્રીનાં દર્શન કરીને પાસે બેઠા ને બાપાના કાનજીભાઈ તથા બીજા હરિભક્ત પણ પાસે બેઠા હતા. તે સમે બાપાશ્રી પોતાને જે અંતર્ધાન થવાની ઈચ્છા છે તે વાત સર્વેને કહેવા લાગ્યા જે, 'તમે સર્વે સંત તથા સર્વે હરિભક્ત પરસ્પર હેત રાખજો ને મહારાજની આજ્ઞામાં રહીને મહારાજનું ભજન કરજો અને સ્વામી ઈશ્વરચરણદાસજીની ને બ્ર. નિર્ગુણાનંદજીની આજ્ઞામાં રહેજો.' -એમ સર્વેને કહીને મોટા સ્વામી ઘનશ્યામજીવનદાસજીને તથા મહાપુરુષદાસજીને કહેવા લાગ્યા જે, 'તમે મોટેરા છો માટે સર્વેને સત્સંગ દૃઢ રખાવજો ને મહારાજની આજ્ઞા-ઉપાસના પણ દૃઢ રખાવજો ને કથાવાર્તા કરજો-કરાવજો. હવે આ દેહે મારાં દર્શન નહિ થાય પણ દિવ્યરૂપે શ્રીજીમહારાજ ભેગા સદાય રહેશું, માટે અમારો શોક કરશો નહિ અને અમારી પાછળ 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર'ની કથા કરાવજો.' -એમ પોતાને અંતર્ધાન થવાનું કહ્યું, ત્યારે સર્વે સંત-હરિભક્ત અતિશય ઉદાસ થઈ ગયા ને સર્વેનાં નેત્રમાંથી જળ પડવા લાગ્યાં ને બાપાના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈ તથા બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ આદિ કેટલાકને તો અતિશય શોક થયો ને નેત્રમાંથી અશ્રુની ધારાઓ ચાલી અને રુદન કરતા થકા બાપાશ્રીને કહેવા લાગ્યા જે, 'હે કૃપાળુ ! આપ અમને મેલીને જશો તો અમારા દેહ રહેશે નહિ; કેમ જે તમે તો અમારા જીવનપ્રાણ છો, માટે દયા કરીને હમણાં અમને દર્શન દો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે શ્રીજીમહારાજની પ્રાર્થના કરો; મહારાજ સારું કરશે. તેમની મરજી થશે તો અમને રાખશે.' ત્યારે સર્વે સંત-હરિભક્ત શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યા જે, ' હે સ્વામિન્ ! હે સ્વતંત્ર ! હે સર્વ કારણના કારણ ! હે શ્રીજીમહારાજ ! અમે આપની મરજી પ્રમાણે વર્તીશું; આપની લગાર પણ મરજી નહિ લોપીએ, પણ તમે દયા કરીને અમને આ તમારા મુક્તનાં દર્શન થાય તેવી કૃપા કરો અને તમે તો અક્ષરાધિપતિ અને સર્વ પરમએકાંતિક તથા અનાદિમુક્તના સ્વામી એવા સ્વામિનારાયણ ભગવાન છો, તે તમારા સંકલ્પથી આ મુક્ત આ લોકમાં અમને સુખ દેવા આવ્યા છે, તે અમને સુખ પમાડો. કેમ જે અનાદિમુક્ત પણ આપની મરજીને આધીન છે એવા આપ સમર્થ છો.' -એમ શ્રીજીમહારાજની પ્રાર્થના સર્વેએ કરી તે સાંભળીને મહારાજે પ્રેરણા કરી.

ત્યાર પછી સર્વે સંત-હરિભક્ત અનાદિમુક્ત બાપાશ્રીની પ્રાર્થના કરવા લાગ્યા જે, "હે

બાપા ! આપ અમારા ઉપર દયા કરીને અમને થોડા દિવસ આપનાં આવાં ને આવાં પ્રત્યક્ષ સ્વરૂપે દર્શન દેવા દયા કરશો અને આપ કહો છો જે, 'કેડે કથા કરજો.' પણ કથામાં જેમ આપ પ્રત્યક્ષ બિરાજતા હો અને જેવું સુખ આવે તેવું પછીથી કેમ આવે ? માટે હે બાપ ! આટલી અમારી અરજી ઝીલવા કૃપાવંત થશોજી." ત્યારે પરમ કૃપાળુ બાપાશ્રી સર્વે સંત-હરિભક્તોના અતિ હેતથી પ્રસન્ન થઈને બોલ્યા જે, 'તમારી પ્રાર્થના શ્રીજીમહારાજે સાંભળી અને 'હેત જોઈ હરિજનનાં, વાલો પોતે થયા પ્રસન્ન.' એ ટૂક કહીને બોલ્યા જે, 'તમારાં હેત જોઈને મહારાજે અમને રાખ્યા; હવે અમે દસ વર્ષ રહેશું અને હવે તમે પુસ્તક મગાવીને કથા વાંચવાનું કરો, અમે પણ કથામાં આવશું ને સૂતા સૂતા સાંભળશું' એમ બાપાશ્રી દયા કરીને રહ્યા. પછી સર્વે સંત-હરિભક્ત આનંદ પામી મંદિરમાં આવ્યા.

અને વળી બાપાશ્રીએ એક ભક્તને દર્શન દઈ પોતે સાજા થયા તે વાત જણાવી; તે શું, તો એક સમે ભૂજના મહેતા ભોગીલાલભાઈ બાપાશ્રીનાં દર્શન કરી અને બાપાશ્રીનો મંદવાડ જોઈ પોતે ઉદાસ થઈ ગયા પછી મંદિરની ઓસરીમાં આવી મહારાજની મૂર્તિ ધારીને ધ્યાન કરવા બેઠા. તે સમયે જ તેમને ઉપશમ થઈ ગયું ને હૃદયમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પછી બહાર જોયું ત્યાં તો બાપાશ્રીનાં દર્શન થયાં ; તે કેવાં, તો યુવાન અવસ્થા અને શરીરમાં સર્વે અવયવ પુષ્ટ અને ઘણાંક પુષ્પના હાર પહેર્યા છે ને મંદ હાસ્યે મુખ શોભી રહ્યું છે એવા બાપાશ્રીને જોઈને પગમાં પડ્યા. ત્યારે બાપાશ્રી હસતા થકા બોલ્યા જે, 'ભોગીલાલ ! અમે તો આવા ને આવા દિવ્ય સ્વરૂપ છીએ ને આ મંદવાડ તો અનેક જીવના સુખને અર્થે ગ્રહણ કર્યો છે પણ અંતર્ધાન થવા ગ્રહણ કર્યો નથી; અમે તો સત્સંગમાં સદાય રહેશું અને આ સમયે અંતર્ધાન પણ નહિ થઈએ.'-એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ત્યારે ભોગીલાલભાઈ હર્ષ પામી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે સંત પાસે આવીને, પોતાને શ્રીજીમહારાજે ને બાપાશ્રીએ દર્શન દીધાં ને અંતર્ધાન નહિ થઈએ એ વાત કરી. એ વાત જ્યારે સ્વામી આદિ સંતે સાંભળી ત્યારે નક્કી થયું જે, 'બાપાશ્રીએ આપણા ઉપર દયા કરી માટે હમણાં આપણને સુખ દેશે.' -એમ જાણીને સર્વેને અતિશય આનંદ થયો. ઈતિ વિશ્રામ ૫૩

નવીન ચરિત્ર, બાપાશ્રીના હસ્તે પુસ્તક-પુરાણીની પૂજા, છાતીમાં દુખાવાનું ચરિત્ર, કથાવાર્તામાં અખંડ લગની ને તે વખતની સ્વાભાવિક સ્થિતિ

ત્યાર પછી સંતમંડળ ઠાકોરજી જમાડીને કથા કરી રહ્યા. પછી સ્વામી ને બ્રહ્મચારી આદિ

સર્વે સંત મળીને વિચાર કર્યો જે, 'બાપાશ્રી આપણા ઉપર દયા કરી આપણને સુખ દેવા સારુ રહ્યા, અને બાપાશ્રીએ 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર'ની કથા વાંચવાનું કહ્યું છે માટે આપણે કથા ચાલુ કરીએ.' પછી પુસ્તક મગાવીને બીજે દિવસે કથા વાંચવાનું નક્કી કર્યું. અને વળી તે રાત્રીએ બાપાશ્રીએ પોતાનો મંદવાડ ગયો ને પોતે સાજા થયા, એ વાત સર્વેને જણાવવા સારુ બાપાશ્રીએ એક નવીન ચરિત્ર કર્યું તે કહું છું -તે સાંભળો :-

હવે બાપાશ્રી રાત્રીએ ઘેર ખાટલામાં સૂતા છે અને સેવકો સર્વે પાસે સૂતા છે ને રાત્રીના બાર વાગ્યા, ત્યારે બાપાશ્રી જાગ્યા અને કાનજીભાઈ, મનજીભાઈ, મોતીભાઈ, આશાભાઈ તેમને બાપાશ્રીએ જગાડીને કહ્યું જે, 'મારે દિશાએ જાવું છે.' ત્યારે તે સેવકે બાપાશ્રીને દિશાએ જવા બેસાર્યા ને પછી સ્નાન કરાવ્યું ને કોરાં વસ્ત્ર પહેરાવીને ખાટલામાં સુવાડ્યા. ત્યારે મુક્તરાજ બાપાશ્રી સોની મોતીભાઈ આદિ સેવકને વાત કરવા લાગ્યા જે, "બ્ર. નિર્ગુણાનંદજી ને પુ. કેશવપ્રિયદાસ તેમણે મને સાજો કર્યો અને મારો મંદવાડ મટાડી દીધો માટે તેમને રાજી કરવા જોઈશે, તેથી મંદિરમાંથી સ્વામી ઈશ્વરચરણદાસજી, બ્ર.નિર્ગુણાનંદજી ને કેશવપ્રિયદાસ આદિ સંતને બોલાવી લાવો.' ત્યારે તે સેવકમાંથી મોતીભાઈ મંદિરમાં આવ્યા ને સર્વે સંત સૂતા હતા તેમને જગાડ્યા અને સ્વામીને કહ્યું જે, 'બાપાશ્રી તમને તથા સ્વામી વૃંદાવનદાસજી તથા બ્ર. નિર્ગુણાનંદજી તથા કેશવપ્રિયદાસજી આદિ સંતને બોલાવે છે.' ત્યારે સ્વામી આદિ સર્વે સંત બાપાશ્રી પાસે જઈ નમસ્કાર કરીને પાસે બેઠા. ત્યારે મુક્તશ્રી વાત કરવા લાગ્યા જે, 'અમને બ્રહ્મચારી ને પુરાણીએ ન્યાલ કર્યા; તે શું, તો અમને આજ સ્વપ્નમાં એમ જણાયું જે, 'અમે બહિર્ભૂમિ જવા બેઠા હતા અને બ્ર. નિર્ગુણાનંદજી ને કેશવપ્રિયદાસ ને ઘેલાભાઈ એ ત્રણ અમારી પાસે આવીને ઊભા રહ્યા. ત્યારે અમે કહ્યું જે, ' તમે અહીં કેમ આવ્યા છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'તમારો રોગ લેવા સારુ આવ્યા છીએ.' પછી તેમણે મને દેહક્રિયા કરાવી અને બહુ સારી રીતે નવરાવવા લાગ્યા. તે સર્વે અંગ ચોળી ઘણુંક પાણી રેડીને મને નવરાવ્યો અને મને સાજો કર્યો ને મારો રોગ લઈ લીધો. પછી મને એમ જણાયું જે, 'હવે મને સારું થઈ ગયું.' પછી તો હું જાગ્યો ને દેહક્રિયા કરવા ગયો ત્યારે દિશાનો ખુલાસો થયો અને લઘુનો પણ ખુલાસો થયો અને શાંતિ થઈ ગઈ, માટે આજ અમને બ્રહ્મચારીએ અને મુનિએ ન્યાલ કર્યા; એટલે સાજા કર્યા." –એમ મુક્તરાજ બાપાશ્રીએ પોતાને સાજા થવાનું જણાવ્યું અને તે ભેળો પોતાના સંતનો મહિમા પણ જણાવ્યો. પછી સદ્‌ગુરુ આદિ સંત બાપાશ્રીને નમસ્કાર કરીને મંદિરમાં આવ્યા ને મહારાજનું ધ્યાન-ભજન કરીને પછી પોતાનો નિત્યવિધિ કર્યો.

હવે મુક્તરાજ બાપાશ્રીએ શું કર્યું તો ઘડીવાર શયન કરીને પછી સ્નાન કર્યું અને

મંદવાડની રીતે મૂર્તિની પૂજા કરી. પછી હરિભક્ત પાસે પોતાના ખાટલાને ઉપડાવીને મંદિરમાં આવ્યા, ત્યારે સર્વે સંતો પાસે આવીને બાપાશ્રીનાં દર્શન કરવા લાગ્યા અને બાપાશ્રીએ ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કર્યાં. ને બાપાશ્રીનો ખાટલો મંદિરની ઓસરીમાં આથમણે પડખે રાખ્યો હતો અને બાપાશ્રી ખાટલામાં સૂતા સૂતા સર્વેને દર્શન દેતા હતા ને સંતની સભા બેઠી હતી. તે સમે અસાડ વદ સાતમના દિવસે 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર'ની કથા વાંચવાનો પ્રારંભ કર્યો ને બાપાશ્રીની આજ્ઞાથી બ્ર. નિર્ગુણાનંદજી કથા વાંચવા બેઠા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આમ વિધિ વિના કથા કેમ કરો છો; વિધિ કરવી જોઈએ. પ્રથમ ચંદનપુષ્પથી પુસ્તકની ને પુરાણીની પૂજા કરવી જોઈએ, પછી સર્વે સંત-હરિભક્તની પૂજા કરવી જોઈએ, માટે તેમ કરો.' ત્યારે સંત ચંદન ઘસીને લાવ્યા ને પુષ્પના હાર કરીને લાવ્યા, ત્યારે બાપાશ્રીએ પુસ્તક ને પુરાણીની પૂજા કરી. પછી બાપાશ્રી સંતની પૂજા કરવા આવ્યા ત્યારે સર્વે સંતોએ પહેલી બાપાશ્રીની પૂજા કરી અને બાપાશ્રીએ સંત-હરિભક્તની પૂજા કરી. પછી બાપાશ્રી પલંગમાં બેસીને કથા સાંભળવા લાગ્યા ને કથાની સમાપ્તિ થઈ, એટલે બ્રહ્મચારીએ બાપા સારુ જમવાનું કરીને બાપાશ્રીને જમાડ્યા ને બાપાશ્રી મંદિરમાં રહ્યા.

પછી સાંજના સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતમંડળને પાસે બોલાવીને બાપાશ્રીએ વાત કરી જે, 'તમે સર્વે સંત છત્રીએ જઈને ત્યાં કથા કરો અને રસોઈ પણ ત્યાં કરો. અને હરિભક્ત પાસે રસોઈ કરવા માટે છાપરાં કરાવો ને અમે પણ એક પર્ણકુટિમાં આવીને રહેશું.' -એમ કહ્યું. પણ સ્વામી આદિ સંતને એમ જણાયું જે, 'બાપાશ્રીને મંદવાડ છે તેથી બહાર તેડી જવા તે ઠીક નહિ અને બાપાશ્રી વિના આપણે ત્યાં એકલા શી રીતે રહેવું ?' એમ વિચાર કરીને સ્વામી આદિ સર્વે સંતને છત્રીએ કથા કરવાની રુચિ ન થઈ. તેથી છત્રીએ કથા કરવાની બંધ રાખી ને બાપાશ્રીને છત્રીએ કથા કરવાની રુચિ હતી, પણ બાપાશ્રીની મરજી જાણી શક્યા નહિ. તેથી બાપાશ્રીએ જાણ્યું જે, 'અમે દયા કરીને રહ્યા પણ અમારી મરજી જાણતા નથી.' તેથી બાપાશ્રીએ છાતીમાં અતિશય જ દુખાવો જણાવ્યો ને ખાટલો ઉપડાવીને ઘેર જતા રહ્યા. પછી સંતમંડળ ગોડી આરતી કરીને બાપાશ્રીને ઘેર દર્શન કરવા ગયા, ત્યારે બાપાશ્રીને છાતીમાં દુખવાનું અને ઊલટી તે અતિશય થવા લાગ્યું. તેને જોઈને સૌ સંત તથા હરિભક્ત ઉદાસ થઈ ગયા અને બાપાશ્રીએ સંત-હરિભક્તની પાસે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન કરાવી. પછી ઊલટી બંધ થઈ ગઈ, ત્યારે બાપાશ્રી જળના કોગળા કરીને સૂઈ રહ્યા ને સર્વે સંત મંદિરમાં આવ્યા.

હવે મુક્તરાજ બાપાશ્રી એક દિવસ ઘેર રહ્યા ને બીજે દિવસ સાંજના મંદિરમાં આવ્યા. તે શાથી, તો બાપાશ્રીને એમ જણાયું જે, 'મારા વિના સંત દુઃખી થતા હશે.' -એમ જાણીને સંતના

હેતથી મંદિરમાં આવ્યા અને સંતમંડળને નિત્યે સેવાનું સુખ દેવા લાગ્યા ને સ્વામી ઈશ્વરચરણદાસજી, બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ તેમની પાસે 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર'ની કથા વંચાવીને અખંડ સાંભળતા હતા. ને બાપાશ્રી માટે જમવાનું બ્ર. નિર્ગુણા-નંદજી કરતા ને બાપાશ્રી જમતા અને જમતી વખતે પણ કથા ચાલુ રખાવતા, અને કથા સાંભળતા થકા ને જમતા ને જમીને પણ કથા સાંભળતા. ને પ્રથમનો મરડો થોડો થોડો રહ્યો હતો, તેથી દિવસમાં ચાર-પાંચ વખત ને રાત્રીમાં ચાર-પાંચ વખત દિશાએ જવાનું થતું. તે દિશાએ જવાનું થાય ત્યારે પણ કથા ચાલુ રખાવતા ને બીજા સેવકો પાસે ખાટલાને ઉપડાવીને ચોકમાં ખાડે જતા. પછી સંત-હરિભક્ત સ્નાન કરાવીને કોરાં વસ્ત્ર પહેરાવતા ને ખાટલામાં સુવાડી ખાટલો ઉપાડીને પાછો સભામાં લાવતા, અને સંત-હરિભક્ત અખંડ સેવાનું સુખ લેતા. વળી તે સમે બાપાશ્રીને ગરમી બહુ જણાતી હતી તેથી ઠંડી હવા કરવા સારુ હરિભક્તોએ જવાસાની ટટ્ટીઓ કરીને બાપાશ્રીના ખાટલા આગળ ઓસરીની ઝેરે તે ટટ્ટીઓ બાંધી હતી ને તે ઉપર અખંડ પાણી છાંટતા. અને બાપાશ્રીને ચરણના તળિયામાં ગરમી જણાતી તેથી સાધુ કેશવપ્રિયદાસ થાળીમાં અરીઠાં પલાળી તે પાણીમાં લૂગડાં બોળીને બાપાશ્રીના પગનાં તળિયાંમાં ફેરવતા હતા ને કેટલાક તો મોટા પંખેથી વાયરો નાખતા. અને બાપાશ્રી બાર વાગે કથાની સમાપ્તિ કરાવી પોતાના ખાટલાને ઓસરીના વચલા બારણામાં રખાવીને સૂતા, ને રાત્રીએ મંદિરના ચોકમાં કૂવા પાસે ખાટલાને રખાવીને સૂતા ને સંત-હરિભક્ત બાપાશ્રી પાસે બેસીને વાયરો નાખવો, જળપાન કરાવવું, નાવાનું થાય ત્યારે દિશાએ જવડાવીને સ્નાન કરાવવું એ આદિ સેવા કરતા. ને મુક્તરાજશ્રી તે મંદવાડમાં રાત્રીએ પણ અતિ વાયરામાં એક વસ્ત્ર પહેરેલું હોય ને ઉઘાડે શરીરે શયન કરતા ને વળી વાયરો નખાવતા ને રાત્રી-દિવસમાં પાંચ-છ વખત દિશાએ જવાનું થતું ત્યારે સ્નાન પણ કરતા. અને બાપાશ્રીને જમવાનું તો કોઈક દિવસ પાંચ રૂપિયાભાર ને કોઈક દિવસ બે રૂપિયાભાર ને કોઈક દિવસ દસ રૂપિયાભાર -એમ જમતા. આવો બાપાશ્રીનો મંદવાડ જોઈને સર્વેને આશ્ચર્ય થતું. ઈતિ વિશ્રામ ૫૪

લીલી દ્રાક્ષ જમ્યા, માધુભાને મોક્ષનો વર, છત્રીનાં દર્શનની ઈચ્છા ને ચમત્કારી વાતો, કંકોત્રીઓ લખવાની ને યજ્ઞનો સામાન ભેળો કરવાની ભલામણ તથા માનસીપૂજાની આજ્ઞા ને તેની વિક્તિ

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી દિવ્યમૂર્તિ છે, તોપણ મનુષ્યલીલા કરવા લાગ્યા; તે શું, તો સ્વામી ઈશ્વરચરણદાસજી, બ્ર. નિર્ગુણાનંદજી, સ્વામી વૃંદાવનદાસજી ને સાધુ કેશવપ્રિયદાસ આદિ સંતને પાસે બોલાવીને કહ્યું જે, 'અમને ગરમી બહુ થાય છે અને ગરમીથી લઘુનો પણ

ખુલાસો થતો નથી ને તેની પીડા પણ બહુ થાય છે માટે તેની શાંતિનો કાંઈક ઉપાય કરો.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તેનો શું ઉપાય કરીએ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'લીલી દ્રાક્ષ લાવો; તો તે જમીએ ને તેથી લઘુનો પણ ખુલાસો થાય.' પછી હરિભક્તને ભૂજ મોકલીને બજારમાં ને વાડીઓમાં લીલી દ્રાક્ષની તપાસ કરાવી પણ ક્યાંય મળી નહિ. ત્યારે સ્વામી ને બ્રહ્મચારી તેમણે કહ્યું જે, 'બાપા ! લીલી દ્રાક્ષ તો મળતી નથી.' ત્યારે મુક્તરાજશ્રી કહેવા લાગ્યા જે, ' આ બ્રહ્માંડમાં લીલી દ્રાક્ષ તો ગાડાં ભરીએ તેટલી પડી છે. અને એક સમયે અમે અમદાવાદ ગયા હતા, ત્યારે હરિભક્ત લીલી દ્રાક્ષ લાવી લાવીને ઢગલા કરતા અને અમે જમતા, અને તે જમવાથી અમને લઘુએ ગરમીનો રોગ હતો તે મટીને સારું થયું. અને તમને તો અમારા સારુ એક પાશેર દ્રાક્ષ પણ મળતી નથી અને અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ મહાપુરુષાદિક દેવ જેમ શ્રીજીમહારાજને સારુ અનંત પ્રકારની ભેટો લાવે છે, તેમ તેમના મુક્તને સારુ પણ લાવે છે, પરંતુ મહારાજ ને મુક્ત તેના સામું જોતા નથી પણ પ્રેમી ભક્તના મનોરથ પૂરા કરવા સારુ તેમની સેવા અંગીકાર કરે છે. તેમ અમને પણ એક મૂર્તિ વિના બીજું કાંઈ ગમતું નથી; એક મૂર્તિના સુખમાં જ અખંડ નિમગ્ન રહીએ છીએ અને જે કાંઈ ખાઈએ પીએ છીએ, તે તો જીવને સુખિયા કરવા સારુ છે.' ત્યારે સ્વામી અને બ્રહ્મચારીએ હાથ જોડીને કહ્યું જે, 'હે બાપ ! આપ સત્ય કહો છો ને આ લીલા તો અમારા સુખને અર્થે છે ને અમારે આપની સેવા તો કરવી જ જોઈએ.' તે સમે ભૂજના રાજાના હજૂરી જેઠી ઘેલાભાઈ પાસે બેઠા હતા, તેમણે સ્વામીને તથા બાપાશ્રીને કહ્યું જે, 'હું હજૂર સાહેબ પાસે જઈને લીલી દ્રાક્ષ લઈ આવું.' -એમ કહી તુરત પોતાની ઘોડાગાડીમાં બેસીને ભૂજ ગયા ને તે જ સમયે લીલી દ્રાક્ષનો કંડિયો દેશાંતરથી હજૂર સાહેબ સારુ આવ્યો હતો, તેને જોઈને ઘેલાભાઈએ હજૂર સાહેબને કહ્યું જે, 'હે રાજન્ ! અમારા ગુરુ મુક્તરાજ અબજીબાપાને ગરમી છે તેથી તેમને લીલી દ્રાક્ષ જોઈએ છીએ, પણ ક્યાંય મળતી નથી.' ત્યારે રાજાએ કહ્યું જે, 'આ દ્રાક્ષ આપણા સારુ આવી છે તે લઈ જાઓ ને મુક્તરાજને જમાડો.' ત્યારે જેઠી ઘેલાભાઈ લીલી દ્રાક્ષનો કંડિયો લઈ ઘોડાગાડીમાં બેસીને તુરત વૃષપુર આવ્યા અને બાપાશ્રીને નમસ્કાર કરીને લીલી દ્રાક્ષનો જે કંડિયો તે બાપાશ્રી પાસે મેલ્યો, ત્યારે બાપાશ્રી તથા સ્વામી ને બ્રહ્મચારી આદિ રાજી થયા. પછી સ્વામી શ્વેતવૈકુંઠદાસજીએ કંડિયામાંથી દ્રાક્ષ કાઢી, અને ધોઈને ઠાકોરજીને ધરાવી. પછી બાપાશ્રીને જમાડવા લાગ્યા અને બાપાશ્રી તે દ્રાક્ષ જમીને રાજી થયા ને ઘેલાભાઈને મળ્યા અને રાજી થઈને રાજા માધુભા સાહેબને મોક્ષ થવાનો આશીર્વાદ આપ્યો.

વળી બીજે દિવસે બાર વાગ્યા પછી બાપાશ્રી મંદિરની ઓસરીમાં પલંગ રખાવીને સૂતા હતા ને આગળ પગથિયાની ઝેરે ટટ્ટીઓ બાંધી હતી અને હરિભક્તો પાણી છાંટતા હતા. તે સમયે

સાધુ કેશવપ્રિયદાસે તે વધેલી દ્રાક્ષ હતી તેને ધોઈને ઠાકોરજીને ધરાવી. પછી બાપાશ્રીના મુખમાં મેલીને જમાડવા માંડી. ત્યારે બાપાશ્રી સૂતા સૂતા દ્રાક્ષ જમવા લાગ્યા ને ફોતરાંને મુખમાંથી કાઢી નાખીને જમતા હતા. એવી રીતે બાપાશ્રી તે મંદવાડમાં લીલા કરતા અને સર્વેને સેવાનું સુખ આપતા.

ત્યાર પછી અસાડ માસની બીજી એકાદશી આવી અને બાપાશ્રીને છત્રીએ ચરણારવિંદ પધરાવ્યાં તે દિવસથી દર એકાદશીએ છત્રીએ દર્શન કરવા જવાનો નિયમ છે, એ હેતુ માટે મંદવાડમાંથી પોતાને કાંઈક સારું પણ થયું છે તેથી એકાદશીને દિવસે છત્રીએ દર્શન કરવા જવાની ઇચ્છા કરી અને પોતે ચાર વાગે સ્નાન કરવા ઊઠ્યા ને સેવકે સ્નાન કરાવીને પૂજા કરાવી. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને છત્રીએ જવાની વાત કરી. ત્યારે બાપાશ્રી તથા સ્વામીના કહેવાથી સાધુ ગોપીવલ્લભદાસજી ને સેવક જાદવજીભાઈ તેમણે બાપાશ્રીના પલંગની ઉપર કેતકીની વળીઓ બાંધી ને બે જણા આગળ ને બે જણા પાછળ-એમ પાલખીની માફક બાપાશ્રીના પલંગને ઉપાડીને ચાલ્યા ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ કેટલાક સંત બાપાશ્રીના પલંગ સાથે ચાલ્યા,અને બીજા સદ્‌ગુરુ આદિ સંતમંડળ પૂજાઓ કરીને કેડેથી છત્રીએ આવ્યા અને બાપાશ્રીનાં તથા છત્રીનાં દર્શન કર્યાં.

ત્યાર પછી મુક્તરાજશ્રીએ ઘડીક વાર છત્રીએ બેસીને વાતો કરી જે, 'જેમ શરદઋતુમાં સ્વાંત નક્ષત્ર આવે છે તેમાં વરસાદ થાય છે, તેને સમુદ્રમાં છીપો રહી છે તે અધર ઊછળી ઝીલે છે તેનાં સાચાં મોતી થાય છે, પણ જે છીપો પડી પડી ઝીલે તો તેનાં ફટકિયાં મોતી થાય છે; તેમ આજ અમે તમને મળ્યા છીએ તે શરદઋતુ બેઠી છે, માટે અમારાં વચન અધરથી ઝીલવાં અને અમારો સમાગમ બાર મહિનામાં એક વાર ન થાય તો કાળ પડ્યા જેવું જાણવું. જેમ ચોમાસામાં વરસાદ ન થાય તો અન્ન પાકે નહિ ને દુઃખી થવાય તેમ સમાગમ વિના જ્ઞાન થાય નહિ ને મૂર્તિથી ઓરું રહેવાય માટે સમાગમ કરી લેવો.' પછી હરિભક્ત પાસે પલંગને ઉપડાવીને મંદિરમાં આવ્યા ને કથાવાર્તા કરીને પોતે ફળાહાર કર્યો અને મંદિરના ચોકમાં મોટી જામફળી નીચે પલંગમાં બેઠા હતા. તે સમે મુક્તરાજ બાપાશ્રીએ પટેલ ધનજી તથા પટેલ ઝીણા આદિ મોટેરા હરિભક્તને પાસે બોલાવ્યા અને તેમને કહ્યું જે, 'આવતી અમાસને દિવસે કથાની સમાપ્તિ છે તેનો આપણે છત્રીએ યજ્ઞ કરવો છે તેને માટે ઘી, ગોળ, ઘઉં, ચોખા આદિ સામાન -તે ગાડાં જોડીને માંડવી બંદરથી લઈ આવો ને છત્રીએ પાકશાળા કરો. તેમાં વાસણ, ઈંધણાં આદિ જે જોઈએ તે તૈયાર કરો અને સર્વે ગામડાંમાં અને ભૂજમંદિરમાં સંતમંડળને અને હરિભક્તને કંકોત્રીઓ લખી મોકલો.' -એમ કહ્યું. ત્યારે તે હરિભક્તોએ બાપાશ્રીના કહેવા પ્રમાણે તે સર્વે સામગ્રી તૈયાર કરી અને કંકોત્રીઓ પણ લખીને મોકલાવી.

હવે બાપાશ્રી બારશના દિવસે પાંચ વાગે સ્નાન કરીને માનસીપૂજા કરવા સારુ ઢોલિયામાં બેઠા હતા. તે સમે બ્ર. નિર્ગુણાનંદજીએ બાપાશ્રી સારુ જમવાની રસોઈ તૈયાર કરી બાપાશ્રી પાસે આવીને જમવા પધારવા માટે વિનંતી કરી, પણ બાપાશ્રી તો માનસીપૂજા કરતા હતા તેથી જાગ્યા નહિ. પછી માનસીપૂજા કરીને સ્વામી ઈશ્વરચરણદાસજીને તથા બ્રહ્મચારીને કહેવા લાગ્યા જે, 'અમે માનસીપૂજા કરતા હતા તેથી બોલ્યા નહિ, માટે એકાગ્ર મન વડે કરીને માનસીપૂજા કરવી. અને જે ભગવાનના ભક્ત નિત્યે પોતાના ઈષ્ટદેવ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની માનસીપૂજા કરે છે તે ભક્ત આ લોક-પરલોકમાં સુખી થાય છે અને તેનાં પાપ સર્વે નાશ પામી જાય છે. અને માનસીપૂજા કરવાથી સ્ત્રી, પુત્ર અને ધનની તત્કાળ પ્રાપ્તિ થાય છે, એવી શ્રીજીમહારાજની માનસીપૂજા છે. તેને ભગવાનના ભક્ત એવાં જે સ્ત્રીઓ ને પુરુષો પાંચ વખત કરે છે તેમને શ્રીજીમહારાજની મૂર્તિમાં નિત્ય પ્રત્યે સ્નેહની વૃદ્ધિ થાય છે; અને જે શ્રીજીમહારાજના આશ્રિત પુરુષ હોય તથા સ્ત્રી હોય, પણ તે જો માનસીપૂજા કર્યા વિના અન્ન ખાય છે અને પાણી પીએ છે તો તેમને માંસભક્ષણ કર્યા જેટલો અને મદિરાપાન કર્યા જેટલો દોષ લાગે છે, માટે શ્રીહરિના આશ્રિત જે સ્ત્રીઓ ને પુરુષો હોય તેમણે પ્રથમ માનસીપૂજા કરીને પછી અન્નજળ ખાવું'. હવે તે માનસીપૂજા કરવાની પાંચ વખતની નોખી નોખી વિક્તિ કહીએ છીએ :–

(૧. ૨.) પ્રથમ પોતાના આત્માને ત્રણ દેહથી પૃથક્ માની, ને શ્રીજીમહારાજના પ્રકાશ સાથે આત્માની એકતા કરી તેજમાં મૂર્તિ ધારીને ધ્યાન કરવું. પછી શ્રીજીમહારાજ સૂતા હતા તે જાગ્યા અને શૌચવિધિ ને દાતણ કર્યું. પછી સુગંધીમાન ને સારા જળની ધારાથી ભગવાનના અંગેઅંગનું મર્દન કરીને હું સ્નાન કરાવું છું –એમ શ્રીજીમહારાજને ધારવા. પછી ઋતુ પ્રમાણે વસ્ત્ર, આભૂષણ, અત્તર, ચંદન-પુષ્પાદિક ધારણ કરાવવાં ને ધૂપદીપ કરી સાકર–એલાયચી નાખીને કઢેલું દૂધ તથા જલેબી, મોતૈયા વગેરે જમવાનું ભગવાનને ધરવું અને ભગવાન જમે છે, પછી જળપાન કર્યું -એમ શ્રીહરિને ધારવા. પછી પ્રસાદીથી ભક્તની પૂજા કરવી. આમાં મંગળા ને શણગાર-આરતી સમયની બે માનસીપૂજાઓ થઈ. (૩) પછી અગિયાર વાગ્યાના સમયે પોતાના હૃદયાકાશરૂપ ચિદાકાશમાં બિરાજમાન એવા શ્રીજીમહારાજ તેમનું ધ્યાન કરવું. પછી પોષાંગ ઉતારીને બે વસ્ત્ર ધાર્યા છે અને પાટલા ઉપર બિરાજમાન એવા શ્રીહરિને આગળ અનેક પ્રકારના દિવ્ય પાત્રમાં દિવ્યભોજન ધર્યા છે, તેને શ્રીજીમહારાજ જમે છે અને અનંત મુક્ત દર્શન કરે છે. પછી જમીને જળપાન કર્યું અને મુખવાસ જમે છે એવા શ્રીજીમહારાજને ધારવા. પછી પ્રસાદીથી ભક્તને ભોજન કરાવવું અને શ્રીહરિને પોતાનો આત્મા તે રૂપ ધામમાં ધારવા. આ ત્રીજી

માનસીપૂજા કહેવાણી. (૪) અને પાછલા પહોરમાં શ્રીજીમહારાજ પોઢ્યા હતા તે જાગ્યા-એમ ધારીને દિવ્યજળ ને દિવ્યમેવા અર્પણ કરવા. અને કોઈ વખત માણકીઘોડી ઉપર અસવાર થઈને સંત-હરિભક્ત સહિત ઘેલા નદીએ સ્નાન કરવા પધાર્યા છે ને જળમાં સંત-પાર્ષદની સાથે ઘણીવાર જળક્રીડા કરી. પછી વસ્ત્ર પહેરીને દરબારમાં આવી લીંબતરુ નીચે ઢોલિયામાં બિરાજમાન થયા ને સંત-હરિભક્તની સભા બેઠી છે-એમ ધારવા. આ ચોથી માનસી પૂજા જાણવી. (૫) પછી આરતી સમયે અનંત મુક્તે સહિત ભારે શોભાએ જુક્ત આરતી કરવી, ને મુક્તની સભામાં બિરાજમાન એવા શ્રીહરિનું ધ્યાન કરવું. પછી વસ્ત્ર-આભૂષણ ઉતારીને બે વસ્ત્ર ને ઉપવીતને કંઠી તેથી શોભતા એવા શ્રીજીમહારાજનું ધ્યાન કરવું. પછી દિવ્ય ખીચડી, કઢી, પૂરી, શાક આદિ ભોજન જમાડીને જળપાન કરાવવું. પછી ધ્યાન કરવું. ત્યાર પછી દૂધપાન કરાવીને શયન કરાવવું એમ પાંચ પ્રકારે માનસીપૂજા કરવી.'-એમ વાત કરીને બાપાશ્રી મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરવા ગયા. પછી આવીને જમવા બેઠા ને બ્રહ્મચારીએ બાપાશ્રીને શીરો, પૂરી, શાક આદિ ભોજન પીરસીને જમાડ્યા ને જમીને મંદિરમાં ઢોલિયામાં સૂતા. ઈતિ વિશ્રામ ૫૫

છત્રીએ યજ્ઞ-પરિયાણ, વૃષપુરની મહારાજની લીલા ને બાપાશ્રી પ્રગટ થયાનો પરચો, અલૌકિક વાતો, પરસ્પર પૂજા, મોક્ષના વર ને સંતને છત્રીએ જમવાની આજ્ઞા વગેરે

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રીએ તેરશના દિવસ મોટા મોટા સંત અને બ્રહ્મચારીને પાસે બોલાવીને કહ્યું જે, 'તમે સર્વે સંતમંડળ કાળીતલાવડી ઉપર છત્રીએ જાઓ, ત્યાં કથાની પાટ ને ઠાકોરજીનું સિંહાસન તેનું સ્થાપન કરીને કથાયજ્ઞ ચાલુ કરો અને અમે પણ ત્યાં આવશું.' પછી સ્વામી વૃંદાવનદાસજી સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, આદિ ઘણા સંત-પાર્ષદ ને હરિભક્ત છત્રીએ ગયા ને અગાશી નીચે પાટ નાખી, ને પાટના આથમણા પડખે સિંહાસનમાં મહારાજની મૂર્તિ પધરાવી ને પડખે બાપાશ્રીના પલંગનો માર્ગ રાખ્યો, ને કથાની પાટ ઉપર ગાદીતકિયો નાખી બાજઠ ઉપર પુસ્તક પધરાવ્યું અને બ્ર. નિર્ગુણાનંદજી 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર'ની કથા વાંચવા બેઠા. પછી બાપાશ્રીના માવજીભાઈએ પુસ્તક ને પુરાણીની પૂજા-આરતી કરી ને સંતમંડળની પૂજા કરી અને સર્વે સંત કથા સાંભળવા બેઠા હતા. તે સમયે અનાદિ મુક્તરાજ બાપાશ્રી પાલખીમાં બેસી ઘણા સંત-હરિભક્તને સાથે લઈને છત્રીએ પધાર્યા ને બાપાશ્રી છત્રીએ દર્શન કરીને અગાશી નીચે કથાની પાટ જોડે બાપાશ્રીનો પલંગ બિછાવ્યો હતો તે ઉપર બેઠા અને બ્રહ્મચારી કથા વાંચતા હતા,

ને તે સમયે સભાએ સહિત બાપાશ્રીનાં અલૌકિક દર્શન થતાં હતાં. પછી તે કથામાં મહારાજના મળેલા ગંગદાસ આદિ હરિભક્તની વાત આવી જે, "શ્રીજીમહારાજ ગંગદાસને ઘેર થાળ જમ્યા હતા ને બીજાં પણ રત્નો ભક્ત ને કરસન, મેઘો, ગોવો આદિ શ્રીજીમહારાજનાં ભક્ત હતા અને બાઈઓમાં દેવબા, વીરૂબા, હીરાબા, ભાનુબા એ આદિ શ્રીજીમહારાજનાં આશ્રિત હતાં, તે સર્વે શ્રીજીમહારાજની સેવા કરતાં ને શ્રીજીમહારાજ તે ભક્તને ઘેર જમતા ને આ કાળીતલાવડીમાં સ્નાન કરતા ને આ છત્રી છે ત્યાં બેસતા ને ભક્તજનોને વાતો કરીને સુખ આપતા ને અહીંથી રામપુર પધારતા -એમ મહારાજ લીલા કરતા.

ત્યાર પછી તે રૂડા ભક્તના પાંચાભાઈ નામે પુત્ર થયા અને તેમનાં પત્ની દેવબા નામે હતાં તેમને શ્રીજીમહારાજે દિવ્યસ્વરૂપે દર્શન દઈને વર આપ્યો હતો જે, 'મારા અનાદિમુક્ત તમારે ઘેર પ્રગટ થશે અને તમને ને બીજા સર્વે ભક્તને લાડ લડાવશે ને મૂર્તિમાં રાખશે ને શ્રીજીમહારાજની મૂર્તિને સુખે સુખિયા કરશે.' પછી પાંચાભાઈ ને દેવબા તેમનાથી અનાદિ મુક્તરાજ પ્રગટ થયા અને વૃષપુરમાં મોટા મહોત્સવ કરીને સંત-હરિભક્તને બહુ સુખ આપ્યાં અને તે મુક્તરાજશ્રીના નિવાસે કરીને આ બળદિયા ગામ ગઢપુર જેવું તીર્થરૂપ થયું ને કાળુસરમાં મુક્તરાજશ્રીએ સંત-હરિભક્તો સહિત ઘણીવાર સ્નાન કર્યાં છે. તેથી તે તલાવડી હરિતીર્થમાં ગોમતી તલાવ છે તથા નારાયણતીર્થમાં દેવસરોવર છે તેવું જ તીર્થરૂપ થયું." -એવી કથામાં વાત આવી. તેને સાંભળીને બાપાશ્રી બોલ્યા જે, 'ઝીણા ! ગાંગજી ! આ તમારા ગામની વાત કથામાં આવી તેને સાંભળો.'-એમ કહીને તે વાત ફરીથી વંચાવી અને કહ્યું જે, 'અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રહ્યા છે તે અનાદિમુક્ત તમારા કુળમાં ને તમારા ગામમાં પ્રગટ થયા છે. તે જો અમને તેવા જાણશો તો તમને સર્વેને અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખશું ને સળંગ મૂર્તિનું રોમરોમનું નવીન નવીન સુખ તેના ભોક્તા એવા અનાદિમુક્ત કરશું. અને અમારે તો અમારા જોગમાં જે જે આવ્યા છે અને આવશે, અને અમને અનાદિમુક્ત જાણે છે ને જાણશે, તે સર્વેનું આત્યંતિક કલ્યાણ કરવું છે. અને અમે તો જીવને મહારાજની મૂર્તિનું સુખ આપવા સારુ જ આવ્યા છીએ અને આ ગામમાં જે કોઈ અધમ પાપી જીવ હશે કે પશુ હશે, તે પણ મરીને જમપુરીમાં જાશે નહિ, છતાં પણ શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત તેમનો મહિમા સમજ્યા વિના મૂર્તિનું ખરું સુખ મળે નહિ, માટે પ્રાપ્તિ તો બહુ જબરી થઈ છે પણ જેવા શ્રીજીમહારાજ છે ને અનાદિમુક્ત છે, તેવા માહાત્મ્યજ્ઞાને સહિત ઓળખવા જોઈએ; તો મહારાજ ને મોટા મોક્ષ કરે.'-એમ ઘણીક વાતો કરીને દસ વાગે કથાની સમાપ્તિ કરી.

પછી સંતચંદન ઘસીને લાવ્યા હતા, તેણે કરીને બાપાશ્રીએ પુસ્તક ને પુરાણીની પૂજા કરી. ત્યાર પછી સંત-બ્રહ્મચારીએ બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રીએ સદ્‌ગુરુ આદિ સંતની પૂજા કરી. પછી વળી ચંદનના તાંસળામાં પાણી રેડીને સર્વે હરિભક્તને તે પાણી છાંટ્યું ને વર આપ્યો જે, 'આ પાણીનો છાંટો જેના ઉપર પડશે તેનો મોક્ષ થશે.' -એમ આશીર્વાદ આપ્યા. પછી હરિભક્તો સર્વે પોતપોતાને સ્થાનકે ગયા અને સર્વે સંત મંદિરમાં જઈ ઠાકોરજીના થાળ કરીને જમ્યા અને બ્રહ્મચારીએ બાપાશ્રી સારુ રસોઈ કરી ને બાપાશ્રીને છત્રીએ થાળ લાવીને જમાડ્યા ને બાપાશ્રી જમીને સૂઈ રહ્યા ને સાંજના ખુરશીમાં બેસીને મંદિરમાં પધાર્યા,-અને પાછલા પહોરમાં પણ એવી રીતે છત્રીએ કથા થઈ. અને તે દિવસે સાંજના ભૂજથી ઘણાક સંતનાં મંડળ આવ્યાં. પછી ચૌદશને દિવસે મુક્તરાજ બાપાશ્રીએ સંતને છત્રીએ રસોઈ કરીને ત્યાં જ જમવાની આજ્ઞા કરી. ત્યારે સંતમંડળે છત્રીએ જઈને છત્રીના પડખે પાકશાળા કરી અને લોટ, દાળ વગેરે સર્વે સામગ્રી બાપાશ્રીના ઘેરથી તૈયાર કરીને હરિભક્ત લાવ્યા. પછી પ્રથમ તો સર્વે કથામાં બેઠા અને બ્રહ્મચારી કથા વાંચતા હતા ને બાપાશ્રી પણ કથામાં પધાર્યા હતા. પછી નવ વાગે કથાની સમાપ્તિ કરી અને ભૂજના ને અમદાવાદના સર્વે સંત મળીને રસોઈ કરવા લાગ્યા. પછી છત્રીએ મહારાજની મૂર્તિઓ પધરાવી ને થાળ જમાડ્યો. પછી 'હરે' કર્યા અને છત્રી ફરતા પંક્તિઓ કરીને સંત જમવા બેઠા. અને બાપાશ્રીને જમવા સારુ બ્રહ્મચારીએ થાળ કર્યો હતો, તેથી બાપાશ્રીને પણ ત્યાં જ જમાડ્યા. પછી સર્વે સંત જમીને મંદિરમાં ગયા ને બાપાશ્રી છત્રીથી ઈશાન ખૂણામાં ક્ષેત્ર છે ત્યાં હરિભક્તોની પાકશાળા કરી હતી ને હરિભક્ત પાસે સુખડી, શીરો, ખીચડી, શાક આદિ ભોજન કરાવ્યાં હતાં, તેને જોવા સારુ ત્યાં પધાર્યા ને બાપાશ્રી સાથે સ્વામી ઈશ્વરચરણદાસજી ને ગોપીવલ્લભદાસજી આદિ સંત-હરિભક્ત પણ હતા. પછી બાપાશ્રીએ સર્વે ભોજન જોયાં અને પ્રસાદી કરી આપી અને રસોઈ કરનારા હરિભક્તને જમવાની આજ્ઞા કરી ને ત્યાંથી મંદિરમાં પધાર્યા. ઈતિ વિશ્રામ ૫૬

સં. ૧૯૭૪માં બાપાશ્રીએ સાજા થઈને છત્રીએ મોટો યજ્ઞ કર્યો તેની સમાપ્તિ તથા શ્રીજીનું સ્વરૂપ, મંદવાડ પછીની ચેષ્ટા ને મંદવાડની પ્રવૃત્તિ વગેરે

ત્યાર પછી અસાડ વદ અમાસને દિવસ કથાની સમાપ્તિ કરવાની છે અને સર્વે સંત-હરિભક્તને મહાયજ્ઞમાં જમાડી મૂર્તિનું સુખ આપવું છે, તે સારુ અનાદિ મુક્તરાજશ્રીએ બ્રાહ્મમુહૂર્તમાં જાગીને પોતાનો નિત્યવિધિ કર્યો અને સર્વે સંત ને હરિભક્ત તે પણ નિત્યનિયમ

કરી છત્રીએ જઈ સભામાં બેસીને કથારૂપી અમૃતનું પાન કરવા લાગ્યા. અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી કથામૃતનું પાન સર્વેને કરાવવા લાગ્યા. અને બાપાશ્રી પણ પાલખીમાં બેસી ને કેટલાક સંત-હરિભક્તને સાથે લઈને છત્રીએ પધાર્યા, ત્યાં ચરણારવિંદનાં દર્શન કરી સભામાં સર્વેને દર્શન દઈને ઢોલિયામાં બિરાજ્યા. અને સંત-હરિભક્ત મુક્તરાજશ્રીનાં દર્શનથી આનંદ પામી કથા સાંભળતા હતા. તે સમે રામપુર, દહીંસરા, નારાયણપુર, કેરા, ભારાસર, સામત્રા, માનકૂવા, સુખપુર, માધાપુર આદિ ગામના હજારો હરિભક્ત આવવા લાગ્યા અને ભૂજથી મહેતા ભોગીલાલભાઈ, માસ્તર માવજીભાઈ, લાલશંકરભાઈ, જેઠી ઘેલાભાઈ, કોટવાળ ધનજીભાઈ, નાનાલાલભાઈ આદિ ભૂજના હરિભક્ત આવ્યા હતા, અને ગુજરાત આદિ દેશના હરિભક્ત તો બાપાશ્રીને માંદા સાંભળીને આવ્યા હતા. અને ભૂરાભાઈ, નાગજીભાઈ આદિ સર્વે પહેલેથી જ આવેલા હતા અને હવે બાપાશ્રી સાજા થયા તે નિમિત્તે બાપાશ્રીએ યજ્ઞ કર્યો, તેમાં સર્વે સંત-હરિભક્ત બાકી હતા તે પણ આવ્યા હતા અને મહા મોટો સમૈયો ભરાયો હતો. ને તે દિવસે યજ્ઞની સમાપ્તિ હતી, તેથી બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈ તથા પૌત્ર માવજીભાઈ, જાદવજીભાઈ, હરજીભાઈ તે સર્વે પૂજા કરવા સારુ આવ્યા. તેમણે ચંદન-પુષ્પના હારથી પુસ્તક તથા પુરાણીની પૂજા કરી અને ભૂજ-ઠાકોરજીની ભેટ મૂકીને આરતી કરવા લાગ્યા અને સંતમંડળ કીર્તન ગાવા લાગ્યા. પછી તેઓએ સભામાં સર્વે સંતની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી સંતમંડળે બાપાશ્રીની પૂજા કરી. ત્યાર પછી મુક્તરાજશ્રી પલંગમાં બેઠા થકા સંતને પાસે બોલાવીને પૂજા કરવા લાગ્યા. પછી હરિભક્તોની પૂજા કરતાં અતિશય જ ભીડ થઈ ત્યારે બાપાશ્રી ચંદનના તાંસળામાં પાણી રેડાવી પોતાના હસ્તકમળે કરીને સર્વે હરિભક્તને ચંદન છાંટવા લાગ્યા ને બોલ્યા જે, 'આ પાણી જેને અડશે તેનું આત્યંતિક કલ્યાણ થશે.' -એમ સર્વેને આશીર્વાદ આપ્યા. પછી સર્વે સંત બાપાશ્રીની આજ્ઞાથી મંદિરમાં જઈ ઠાકોરજીના થાળ કરીને જમ્યા અને મુક્તરાજશ્રી તો હજારો બાઈઓ-ભાઈઓ છત્રીએ આવ્યા હતા, તે સર્વેને દર્શન દેવા સારુ ત્યાં જ રહ્યા અને સર્વેને દર્શન દઈને પાકશાળામાં પધાર્યા. ત્યાં પાકશાળામાં રહેલા જે વૃષપુરના હરિભક્ત તેમને કહ્યું જે, 'સમૈયામાં આવેલા સર્વે હરિભક્તને જમાડજો' એમ આજ્ઞા કરી. ત્યારે તે પાકશાળામાં રહેલા હરિભક્તો ગામડેથી આવેલા સર્વે હરિભક્તોની પંક્તિઓ કરાવીને શીરો, સુખડી, શાક, દાળ, ખીચડી, ઘી વગેરે પીરસીને સારી રીતે જમાડવા લાગ્યા ને ઘણા હરિભક્ત આવ્યા હતા તેથી દસ વાગ્યાથી પંક્તિ થઈ તે દિવસના પાંચ વાગ્યા સુધી સર્વેને જમાડ્યા. એવી રીતે સર્વેને જમાડીને બાપાશ્રી મંદિરમાં આવ્યા અને બ્રહ્મચારીએ બાપા સારુ રસોઈ કરી હતી તે જમ્યા. પછી ઓસરીમાં ઢોલિયામાં બેઠા ને ફરતાં ગામડાંના હરિભક્ત

બાપાશ્રીનાં દર્શન કરી રજા લઈને ચાલતા થયા. અને ભૂજના સંત તથા હરિભક્ત તે પણ બાપાશ્રીનાં દર્શન કરીને ગયા. ને સ્વામી વૃંદાવનદાસજી ને પુ. હરિપ્રસાદદાસજી એ આદિ સંત તથા ભૂરાભાઈ, નાગજીભાઈ, આશાભાઈ આદિ હરિભક્ત તે પણ બાપાશ્રીને સારું થયું જાણી બીજે દિવસ જવાનો વિચાર કરીને તે દિવસ રહ્યા, અને સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત ને કેટલાક હરિભક્ત –તે બાપાશ્રીની મરજી જોઈને સેવામાં રહ્યા.

ત્યાર પછી બીજે દિવસ ઓસરીમાં સંત–હરિભક્તની સભા બેઠી હતી ને બાપાશ્રી પણ સભામાં બેઠા હતા ને વચનામૃતની કથા વંચાતી હતી, તે સમે ભૂરાભાઈ, નાગજીભાઈ આદિ બાપાશ્રીનાં દર્શન કરીને પાસે બેઠા. તે સમે બાપાશ્રીની કૃપાથી તેમને શ્રીજીમહારાજે દિવ્યસ્વરૂપે દર્શન આપ્યાં; તે કેવાં, તો શ્રીજીમહારાજના સ્વરૂપમાંથી તેજનાં કિરણો છૂટવા લાગ્યાં તે અતિ શ્વેત, શીતળ, શાંત એવાં તેજનાં કિરણોથી મંદિર ભરાઈ રહ્યું અને તે તેજમાં તેજોમય મૂર્તિ એવા શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે ને પાછું મૂર્તિમાં લીન થઈ જાય છે એવાં શ્રીજીમહારાજનાં દર્શન થવા લાગ્યાં. અને બાપાશ્રી તથા બાપાશ્રી પાસે બેઠા હતા જે મોટા મોટા સંત ને હરિભક્ત તે સર્વે દિવ્ય તેજોમય દેખાયા અને મંદિર ને ચોક તે પણ સર્વે તેજોમય દેખાયું. અને અતિશય તેજોમય અને અતિશય આનંદઘન-સ્વરૂપ એવા શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તેમનાં દર્શન થયાં ને પોતાના દેહનું ભાન ભૂલી શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા ને મૂર્તિનાં સુખનો અનુભવ થયો ને કથાનું ' શ્રીપતિમ્' થયું ત્યાં સુધી એવાં દર્શન થયાં. પછી બાપાશ્રીની ઈચ્છાથી દેહનું ભાન આવ્યું અને શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા ને બાપાશ્રી પણ મનુષ્યરૂપે દેખાવા લાગ્યા, ને બાપાશ્રીના વિજોગની ચિંતા થતી હતી તે પણ ટળી ગઈ. પછી બાપાશ્રીની આજ્ઞાથી દેશમાં જવા તૈયાર થયા. અને સ્વામી વૃંદાવનદાસજી ને પુ. હરિપ્રસાદદાસજી તે પણ જમીને જવા તૈયાર થયા ને બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે બાપાશ્રી તેમને મળીને બોલ્યા જે, 'અમે સદાય તમારા ભેગા છીએ ને તમને શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રાખ્યા છે, માટે તમે શ્રીજીમહારાજ-સ્વરૂપ છો ને અનેક જીવના મોક્ષને અર્થે તમને આ લોકમાં રાખ્યા છે.'-એમ આશીર્વાદ આપીને જવાની રજા આપી. ત્યારે સ્વામી વૃંદાવનદાસજી, પુ. હરિપ્રસાદદાસજી, નાગજીભાઈ, ભૂરાભાઈ, આશાભાઈ તેઓ સર્વે દેશમાં ગયા.

ત્યાર પછી બાપાશ્રીએ શું લીલા કરી તે કહીએ છીએ : તેમાં પ્રથમ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ કહીએ છીએ જે, સર્વથી પર શ્રીજીમહારાજનું અક્ષરધામ છે; તે કેવું છે, તો અતિ શ્વેત, શીતળ, શાંત, ઘાટું અને નિરુપમેય ને અધોઊર્ધ્વ ચારે કોરે પ્રમાણે રહિત એવો શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે. તે તેજના સમૂહને જ વચનામૃતમાં અક્ષરધામ કહ્યું છે.

તે ધામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન સદાય રહ્યા છે; તે કેવા છે, તો સર્વ કારણના કારણ છે અને મુક્ત તથા અનાદિમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે. એવા સ્વામિનારાયણ ભગવાન –તે પોતાના અનાદિમુક્તને પોતાના સ્વરૂપમાં રાખે છે ને પોતાના પરમએકાંતિક મુક્તને પોતાની સમીપે રાખે છે. એવા સ્વતંત્ર, સ્વયંપ્રકાશ અને ભક્તિધર્માત્મજ ને રામપ્રતાપાનુજ, ઇચ્છારામાગ્રજ, છપૈયાપુરવાસી ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિ અનંત અનાદિમુક્ત જેમના ગુણ ગાય છે ને ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી આદિ અનંત અનાદિમુક્ત જેમનું માહાત્મ્ય અતિ અપાર અપાર કહે છે અને મુકુંદવર્ણી ભગુજી, ઉત્તમનૃપ આદિ અનંત પાર્ષદ જેમની સેવામાં નિરંતર રહ્યા છે અને જયા, લલિતા આદિ અનંત શક્તિઓ જેમનાં ચરણ સેવે છે, એવા સર્વોપરી સર્વ અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાન એક જ છે ને તેમના બીજા સર્વે મુક્ત ને અવતાર તે સર્વે અનેક છે. તે જ ભગવાન પોતે જીવોના મોક્ષ કરવા નરનાટક ધારણ કરે છે ને ક્યારેક તેમના અવતાર પૃથ્વી ઉપર પ્રગટ થાય છે, અને ક્યારેક મોક્ષ કરવા પોતાના મુક્તને મોકલે છે. એવા અનાદિમુક્ત બાપાશ્રી તે પોતાના શરીરમાં થોડો તાવ ને ગરમી તે રૂપી કસર જણાવતા હતા અને અહોનિશ કથા–કીર્તન કરાવીને સાંભળતા હતા, ને સંધ્યા–આરતી થયા પછી મંદિરમાં ઠાકોરજી ને સંત–હરિભક્ત, તેમનાં દર્શન કરીને સંત પાસે કીર્તન બોલાવીને સાંભળતા. ને પહેલી કથા થઈ રહ્યા પછી ચોકમાં સૂતા ને હરિભક્ત બાપાશ્રી પાસે બેસીને કીર્તન બોલતા, ને કીર્તન સાંભળીને પછી કથા કરાવતા ને કથા તથા નિત્યનિયમ થઈ રહ્યા પછી સંતમંડળ ચોકમાં બાપાશ્રીના ખાટલા ફરતા બેસીને કીર્તન બોલતા. તેમાં કોઈક દિવસ સર્વે સંત રાત્રીના ચાર વાગ્યા સુધી કીર્તન બોલીને બાપાશ્રીને રાજી કરતા ને મુક્તરાજ બાપાશ્રી પણ દિવસના ઓસરીમાં બેસીને 'ભક્તચિંતામણિ'ની કથા અખંડ સાંભળતા. અને કોઈક દિવસ સંતમંડળે સહિત પાછલા પહોરમાં માંચીમાં બેસીને વાડીએ પધારતા ને કોઈક દિવસ છત્રીએ પધારતા ને ત્યાં ઓટે બેસીને વાતો કરતા ને સર્વે સંત બાપાશ્રીની ચંદનપુષ્પથી પૂજા કરતા. પછી સંતમંડળ સહિત મંદિરમાં પધારતા –એમ કેટલાક દિવસ સર્વેને સુખ આપ્યું.

પછી શ્રાવણ વદ છઠને દિવસ બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ તેમને બાપાશ્રીએ ભૂજ જવાની આજ્ઞા કરી, ત્યારે તે બંને તથા શ્રીરંગદાસજી આદિ સંત ભૂજ જવા તૈયાર થઈ બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે બાપાશ્રી તેમને મળીને બોલ્યા જે, 'અમે તમારા ભેગા છીએ ને તમને મૂર્તિમાં રાખ્યા છે માટે આનંદમાં રહેજો અને કથાવાર્તા કરી સર્વેને મૂર્તિના સુખમાં જોડજો.' -એમ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા ને ભૂજ મોકલ્યા. પછી સ્વામી ધર્મકિશોરદાસજી ને ભગવત્સ્વરૂપદાસજી આદિ સંત, તે પણ બાપાશ્રીની આજ્ઞાથી મૂળી જવા

તૈયાર થઈને બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે બાપાશ્રીએ તેમને મળીને આશીર્વાદ આપ્યા જે, 'અમે સદાય તમારા ભેળા રહીશું ને તમે સર્વેને સુખિયા કરજો.' –એમ કહ્યું. પછી તે સંત મૂળીએ ગયા ને સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, ગોપીવલ્લભદાસજી, દેવજીવનદાસજી આદિ કેટલાક સંત બાપાશ્રીની મરજીથી ત્યાં જ રહ્યા. અને લાલુમલભાઈ, મહાદેવભાઈ ને સોમચંદભાઈ તેમને બાપાશ્રી ચાલી શકે તેવા સાજા થાય ત્યારે આપણે જવું એવો સંકલ્પ હતો. પછી બાપાશ્રીને સાજા થયા જાણી તે પણ ગયા ને બાપાશ્રીને પણ ચાલીને વાડીએ જઈ શકે તેવું સારું થઈ ગયું હતું ને તે વર્ષમાં બાપાશ્રીની મરજીથી સત્સંગમાં તથા સર્વે જગતમાં તાવના રોગની પ્રવૃત્તિ ઘણી થઈ હતી; કેમ જે, પોતે તાવ ગ્રહણ કર્યો તેથી સર્વે સત્સંગમાં ને જગતમાં મંદવાડની પ્રવૃત્તિ થઈ હતી. તેમાં બળદિયા ગામમાં સર્વે સંતને તથા હરિભક્તને તાવ આવવા મંડ્યો. ત્યારે બાપાશ્રી વાડીએ જઈને રહ્યા ને મંદિરમાં સંત હતા, તેમને પણ નારાયણપુર મોકલ્યા ને ત્યાં સર્વે સંતને વિશેષ તાવ આવવા લાગ્યો ને કોઈ કોઈને પાણી પાય તેમ રહ્યું નહિ, અને તે ગામના હરિભક્ત સંતની સેવા કરતા.ને તે મંદવાડમાં કેટલાક ભક્તજનો પણ દેહ મેલી ભગવાનના ધામમાં ગયા હતા અને તે વર્ષમાં વૃષ્ટિ નહોતી થઈ તેથી દુષ્કાળનું વર્ષ હતું. એવી રીતે બાપાશ્રીના મંદવાડની પ્રસાદી સર્વત્ર વહેંચાઈ હતી. હવે સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંત આસો માસમાં સાજા થયા. પછી નારાયણપુરથી બાપાશ્રીનાં દર્શન કરવા વાડીએ બાપાશ્રીની પાસે આવ્યા ને દર્શન કરી દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી સર્વે સંતને મળ્યા ને રાજી થઈને તેમને કહ્યું જે, 'અમે સદાય તમારા ભેગા છીએ ને તમે મૂર્તિને સુખે સુખિયા છો માટે સર્વેને સુખિયા કરજો. હવે તમે ભૂજ-ઠાકોરજીનાં દર્શન કરીને તમારા દેશમાં જાઓ.'-એમ આજ્ઞા કરી. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત ભૂજ આવી ઠાકોરજી ને સંતનાં દર્શન કરી આસો સુદ એકાદશીને દિવસે મૂળી-અમદાવાદ વગેરે પોતાના સ્થાનકે ગયા. ઇતિ વિશ્રામ ૫૭

વૃષપુરમાં સંત-હરિભક્તનો સમુદાય, ટીકાવાળા વચનામૃતની કથા, અલૌકિક વાતો, છત્રીએ સભા ને સંતોની વિદાયગીરી

સંવત ૧૯૭૬ના વૈશાખ સુદ પૂનમને દિવસ સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી ને વૃંદાવનદાસજી આદિ પચીસ સંત તથા આશાભાઈ આદિ હરિભક્ત તે સર્વે મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન–સમાગમ કરવા વૃષપુર આવ્યા હતા. અને તે સર્વે રાત્રીના ત્રણ વાગે જાગી સ્નાન કરી માનસીપૂજા ને મૂર્તિપૂજા આદિ નિત્યવિધિ કરીને મંદિરની ઓસરીમાં સભા કરીને બેસતા ને બાપાશ્રી પણ સ્નાન–પૂજા કરીને સભામાં આવી આસન ઉપર બેસતા અને સંત કંઠે કરેલાં

વચનામૃત, હરિસ્મૃતિ, ભક્તચિંતામણિનાં પ્રકરણ તેને બોલતા ને બાપાશ્રી સાંભળતા, ને બાપાશ્રી વાતો કરીને સર્વેને મૂર્તિમાં રસબસ જોડી દેતા. પછી અજવાળું થાય ત્યારે પુ. ધર્મકિશોરદાસજી રહસ્યાર્થ-પ્રદીપિકા ટીકાએ સહિત પ્રથમ ભાગના 'વચનામૃત'ની કથા વાંચતા ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત બાપાશ્રીને 'વચનામૃત'ના પ્રશ્ન પૂછતા ને તેનો ઉત્તર કરીને બાપાશ્રી સમજાવતા તેને સ્વામી લખી લેતા. એવી રીતે બાપાશ્રી દિવસના આઠ વાગ્યા સુધી કથાવાર્તા કરાવીને ઘેર જમવા પધારતા અને જમી આવીને ઓરડીમાં ઢોલિયામાં બેસતા ને સદ્‌ગુરુ આદિ સંત બાપાશ્રી પાસે આવીને બેસતા ને બાપાશ્રી વાતો કરીને સુખ આપતા. પછી અગિયાર વાગે 'હરે' થાય ત્યારે સંત બાપાશ્રી પાસે આવીને પત્તર ધરતા, એટલે બાપાશ્રી આંબાના રસના વાટકા ભરી ભરીને સંતના પત્તરમાં આપતા અને સંત પાછા પંક્તિમાં બેસતા. અને બીજા સંત રોટલી, શાક વગેરે પીરસતા ને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા. પછી ' જય' બોલાય, ત્યારે બાપાશ્રીનાં દર્શન કરતા થકા મૂર્તિમાં રહીને જમતા ને જમીને પછી 'વચનામૃત'ની કથા વાંચતા ને સર્વે સાંભળતા. એમ બાપાશ્રી અહોનિશ સમાગમનું સુખ આપતા હતા.

એક દિવસ બ્ર. નિર્ગુણાનંદજી છેલ્લા પ્રકરણનું ૧૭મું વચનામૃત મુખપાઠે બોલ્યા. તેમાં એમ વાત આવી જે, 'ભરતજીને મૃગનો અવતાર આવ્યો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ભરતજી તો રાજ્ય મેલીને સાધુ થયા હતા તોપણ મૃગના બચ્ચામાં સ્નેહે કરીને બંધન થયું, તો તમે સાધુ થયા છો પણ બહુ વિચાર રાખવો જોઈએ; મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય હેત રાખવું નહિ ને મહારાજની આજ્ઞા અમર પાળવી, પણ આ લોકના પદાર્થ સારુ મહારાજની આજ્ઞા લોપવી નહિ. અને સત્સંગમાં પદાર્થના તો ઢગલેઢગલા થાય છે, તે પોતાનું કરી રાખવા માંડે તો આજ્ઞા ન રહે. તે સદ્. સ્વામી નિર્ગુણદાસજી દેશમાં ફરીને મંદિરમાં આવે, ત્યારે ધોતિયાનું ગાડું ભરીને લાવે અને મંદિરમાં સ્વામી હોય તોપણ હરિભક્તો ધોતિયાં, ઘી, ગોળ, સાકર, ફળફૂલ, મેવા આદિ વસ્તુ લાવી લાવીને ઢગલા કરે, પણ સ્વામી તેમાંથી પોતાને જોઈએ તેટલું જ ગ્રહણ કરતા ને પોતાના સાધુને પણ અવશ્ય જોઈએ તેટલું જ આપતા અને બીજું મંદિરમાં જે સાજા-માંદા સાધુ હોય, તેને જેમ ઘટે તેમ આપતા ને બાકી કોઠારમાં આપી દેતા, તેમ આપણે વર્તવું. અને હરિભક્ત સંતની સેવા-પૂજા કરે ને ધોતિયાં આદિ વસ્તુ આપે, તે પણ શ્રીજીમહારાજને આપે છે અને પૂજા પણ શ્રીજીમહારાજની થાય છે, માટે સંતે તે બધું પોતાનું માનવું નહિ અને પોતાને તો તેમાંથી યોગ્ય હોય તેટલું જ ગ્રહણ કરવું. વળી સંતમંડળને રાત્રીએ સૂવું ત્યારે પણ દીવો રાખવો અને ગુરુ-શિષ્ય આદિ સર્વેને આસન પાસે પાસે રાખવાં, પણ શિષ્ય ક્યાંય સૂએ ને ગુરુ ક્યાંય સૂએ એમ ન રાખવું ને કથાવાર્તામાં પણ સર્વેને ભેગા થઈ જવું ને કથાવાર્તા-લીલાકીર્તન કરવાં.'

વળી મુક્તરાજ બાપાશ્રીએ વાત કરી જે, "અમને એક મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ગમતું નથી પણ તમે કહેશો જે, 'બાપા ! આ જમો; આ લો.' ત્યારે લગાર ગ્રહણ કરવું પડે પણ આ લોકના કોઈ પદાર્થમાં ભાવ નથી. અમે તો એક મહારાજની મૂર્તિને સુખે સુખિયા છીએ ને મૂર્તિના સુખને જ ભોગવીએ છીએ ને મૂર્તિમાં જ રહ્યા છીએ, અને શ્રીજીમહારાજના સંકલ્પથી દેખાઈએ છીએ ને અમે તો આનંદઘન મૂર્તિ છીએ, પણ પિંડ-બ્રહ્માંડ આદિનું કાંઈ આવરણ નથી." વળી બોલ્યા જે, 'સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.' તે આપણને મહારાજ કેવડા મળ્યા છે ! જેમ સાકરનું નાળિયેર હોય તેમાં ત્યાગ-ભાગ શું ? તેમ મહારાજની મૂર્તિ દિવ્ય તેજોમય છે. તેમાંથી ઝળઝળાટ તેજ છૂટે છે ને કિશોર મૂર્તિ છે, તેમાં રસબસ જોડાઈ જાવું. પણ મન એવું છે જે, એવી મૂર્તિમાંથી પુસ્તક, પૂજા આદિમાં ક્યાંય જાતું રહે પણ વિચાર કરીને મનને પાછું વાળવું. તે વિચાર એમ કરવો જે, 'અહો ! અહો ! આવા મહારાજ, આવા અનાદિમુક્ત ને આવું મૂર્તિનું સુખ તેને મેલીને અરે પાપિયા, વિષ્ટા ખાવા ક્યાં જાય છે ?' તે મહાકાળ સુધી પ્રકૃતિનું કાર્ય સર્વે ઝેરનું ઝાડવું છે, તેમાંથી આપણે જે જોઈએ તે માલ ક્યાંય મળે નહિ. વૈરાજપુરુષ, તેથી પર પ્રધાનપરુષ, તેથી પર પ્રકૃતિપુરુષ, તેથી પર મહાકાળ, તેથી પર વાસુદેવ, તેથી પર અક્ષર, તે સર્વેમાંથી મહારાજનું સુખ મળે નહિ, પણ સત્સંગમાં અક્ષર તો કેટલાકના જીવમાં પેસી ગયા છે, પરંતુ અક્ષરથી પર અક્ષરધામ છે ને તે ધામ શ્રીજીમહારાજ ને અનાદિમુક્તનું તેજ છે ને શ્રીજીમહારાજ તે ધામમાં મુક્તે સહિત રહ્યા છે. અને અનાદિમુક્ત છે, તે પણ તેજરૂપ અક્ષરધામથી પર છે ને તે મુક્ત મૂર્તિમાં જ રહે છે તેથી મહારાજની મૂર્તિને પણ ધામ કહેવાય છે, આવો મહિમા સમજાય ત્યારે ઉપાસના થઈ કહેવાય. જો ઉપાસના ન સમજાણી હોય ને કોઈ આવી વાત કરે તોપણ મનાય નહિ પણ મહારાજને ને મોટાને જેવા જાણશું તેવા થઈશું. તે આ સંત-હરિભક્ત અક્ષરધામની સભા છે, તેમાં આપણ સર્વે બેઠા છીએ. આવો મહિમા હોય તો ત્રિવિધ તાપમાં પણ શ્રીજીમહારાજની મૂર્તિ ને અનાદિમુક્ત તેમાંથી લગાર પણ ડગે નહિ. તે કહ્યું છે જે, 'ત્રિવિધ તાપે રે કે દી અંતર ડોલે નાહિ' તે ત્રિવિધ તાપ તે શું , તો દેહમાં ઘાસણીનો રોગ થાય ને શરીરમાંથી રોગ વહ્યા જ કરે તે અધ્યાત્મ, ને રાજાનો ઉપદ્રવ થાય, ચોર દુઃખ દે એ આદિ અધિભૂત, ને સો કાળ સામટા પડે; અન્ન ખાવા ન મળે એ આદિ અધિદૈવ, એવા ત્રિવિધ તાપમાં પણ મહારાજની મૂર્તિમાંથી ચળાયમાન થાય નહિ ત્યારે મહિમા સમજાયો કહેવાય.'-એમ વાત કરી. આવી રીતે બાપાશ્રી બળદિયાના મંદિરમાં યોગયજ્ઞ ને જ્ઞાનયજ્ઞ તે રૂપી કથાવાર્તાનો અખાડો અખંડ ચાલુ રખાવતા ને કોઈક દિવસ તો પોતે બે વાગે મોટા મોટા સદ્‌ગુરુ આદિ સંત સહિત વાડીએ પધારતા, ને તે વખતે બાપાશ્રીને શરીરમાં તાવ ને ગરમી જણાતી હતી ને નવીવાડીએ કૂવા પાસે

જાંબુડાના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર બિરાજમાન થતા ને સદ્‌ગુરુ આદિ સંત પાસે બેસતા ને બાપાશ્રી વાતો કરતા. એક દિવસ બાપાશ્રી વાડીએ બેઠા હતા તે વખતે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, –'આવો ને આવો આનંદ સદાય કેમ રહે ?' ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે, 'આવા અનાદિમુક્તને વિષે આત્મબુદ્ધિ થાય તો સદાય આનંદ રહે.' -એમ વાત કરીને મંદિરમાં આવ્યા.

કોઈક દિવસ મુક્તરાજ બાપાશ્રી સંત સહિત લખાઈવાડીમાં આંબાના વૃક્ષ નીચે વિરાજમાન હતા ને આગળ સર્વે સંત બેઠા હતા. ત્યારે સાધુ કેશવપ્રિયદાસે પૂછ્યું જે, 'આ જીવનો આત્યંતિક મોક્ષ કેમ થાય ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ જીવને મોક્ષનાં સાધન કરતાં કરતાં જ્યારે પ્રગટ શ્રીજીમહારાજ, કે તેમના અનાદિમુક્ત મળે ને તેમને ઓળખીને શરણે થાય ત્યારે જ તે જીવનો મોક્ષ થાય. તે ઉપર બાપાશ્રીએ વાત કરી જે, 'કોયલ પક્ષી છે તેનો કંઠ બેસી ગયેલો હોય તેથી બોલાય નહિ. પણ જ્યારે વસંતઋતુમાં આંબા મો'રે ને તે આંબાનો મો'ર ખાય ત્યારે તેનો કંઠ ઊઘડે ને તેનાથી બોલાય, પણ જો આંબાનો મો'ર હોય ને તેની ચાંચ પાકી હોય તો તેનાથી મો'ર ખવાય નહિ ને તેનો કંઠ પણ ઊઘડે નહિ ને જ્યારે પાછા બાર મહિને આંબા મો'રે ત્યારે મો'ર ખાય તો કંઠ ઊઘડે.' તેમ આ જીવનો મોક્ષ મહારાજ કે મુક્ત મળે ત્યારે થાય પણ તે વિના થાય નહિ. અને મોટા પ્રગટ હોય ને ઓળખે નહિ ને પંચવિષયને વિષે આસક્તિના લીધે જોગ કરે નહિ, તો તેનો મોક્ષ ન થાય; પછી જે દિવસ તેવો જોગ આવે ત્યારે થાય. માટે આપણે તો જેવો જોઈએ તેવો જોગ આવ્યો છે, તે જોગ કરી જીવમાંથી રાગમાત્ર કાઢીને મૂર્તિમાં રસબસ જોડાવું." –એમ વાત કરીને સંતને કીર્તન બોલવાનું કહ્યું. ત્યારે સંત 'પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ' તથા 'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ.' એ બે ચોસર કીર્તન બોલ્યા. પછી બાપાશ્રીએ કૂવા ઉપર સંત સહિત સ્નાન કર્યું ને કોરાં વસ્ત્ર પહેરી સર્વે સંતમંડળને મળ્યા. પછી સંતને ચોળાફળીની પ્રસાદી વહેંચી આપી ને મંદિરમાં આવ્યા. તે સમે દહીંસરામાં મુક્તરાજ કેસરાભાઈ માંદા હતા, તેમનાં દર્શન કરવા સારુ બાપાશ્રીએ કેટલાક સંતને મોકલ્યા. પછી એકાદશીને દિવસે બાપાશ્રી નિત્યવિધિ કરીને માંચીમાં બેસી સર્વે સંત-હરિભક્ત સહિત છત્રીએ પધાર્યા, ત્યાં ચરણારવિંદનાં દર્શન કરીને અગાશી નીચે માંચીમાં બેઠા ને આગળ સંત-હરિભક્તની સભા બેઠી હતી ને વચનામૃતની કથા વંચાવીને સાંભળતા હતા. તે સમે દહીંસરાથી બ્ર. નિર્ગુણાનંદજી તથા કેટલાક સાધુ આવ્યા ને બાપાશ્રીનાં દર્શન કરીને બેઠા. ત્યારે બાપાશ્રીએ બ્રહ્મચારીને કહ્યું જે, 'વાત કરો.' ત્યારે બ્રહ્મચારીએ આજ્ઞા-ઉપાસનાની વાતો કરી. પછી બાપાશ્રી સર્વે સંતમંડળ સહિત મંદિરમાં પધાર્યા અને ચાર વાગે વચનામૃતની કથા વંચાવીને સાંભળતા હતા. એમ અહોનિશ કથાવાર્તા ને દર્શન-સમાગમ કરતાં કેટલાક દિવસ વીતી ગયા. પછી બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજી

આદિ સર્વે સંતમંડળને ગુજરાત દેશમાં જવાની રજા આપી, ત્યારે સર્વે સંત તૈયાર થઈને ચાલ્યા ને બાપાશ્રી પણ સર્વે સંતમંડળને નારાયણપુર સુધી મેલવા ગયા, ત્યાંથી સંતમંડળને ભૂજ મોકલ્યું ને પોતે વૃષપુર આવ્યા ને સર્વે સંત ભૂજમાં ઠાકોરજીનાં દર્શન કરી સંતોને મળીને ગુજરાતમાં ગયા. ઈતિ વિશ્રામ ૫૮

હિંડોળામાં ભૂજગમન, મહાસભા નિમિત્તે મૂળી-આગમન, ભોગવતી નદીમાં પૂર, બાપાશ્રીનો ઉપદેશ, ભૂજગમન-ત્યાં સભામાં મૂળીની બીનાની વાતો, વૃષપુર-પ્રવેશ ને પૂરનું વર્ણન

સંવત ૧૯૭૬ના પ્રથમ શ્રાવણ સુદ ત્રીજને દિવસ પરમ દયાળુ મુક્તરાજશ્રી હિંડોળામાં ઠાકોરજીનાં દર્શન કરવા ભૂજ આવ્યા ને ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કરીને ચાર દિવસ રહ્યા ને સર્વેને સુખ આપીને પાછા વૃષપુર પધાર્યા.

ત્યાર પછી કોઈક સમયે મૂળી મંદિરમાં મોટા મોટા સંત તથા હરિભક્તો ભેગા થયા હતા, તેમણે એવો વિચાર કર્યો જે, 'મોટાં મોટાં મંદિરોમાં દેવની મિલકત સચવાય ને સાધુ, બ્રહ્મચારી ને પાર્ષદ તેમના દૈહિક વ્યવહારની સગવડ સારી રીતે થાય તે સારુ મહાસભા કરવી, –તેમાં અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીને બોલાવવા ને તેમનો અભિપ્રાય લેવો, તે મહારાજના સિદ્ધાંત પ્રમાણે રસ્તો બતાવશે ને બાપાશ્રી પધારશે એટલે તેમનાં દર્શન-સમાગમનો સર્વેને લાભ મળશે; માટે અહીં તેમને તેડાવવા.' એવો વિચાર કરીને સ્વામીને તેડવા મોકલ્યા, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ને ગોપીવલ્લભદાસજી આદિ સંત બાપાશ્રીને તેડવા આવ્યા. પછી બાપાશ્રીએ ધનજીભાઈ ને દેવરાજભાઈ આદિ હરિભક્તને મૂળીએ જવાની વાત કરી ત્યારે તે સર્વે તૈયાર થઈને બાપાશ્રી સાથે શ્રાવણ વદ પાંચમે ભૂજ આવ્યા ને ભૂજના તથા ગામડાંના હરિભક્ત મળીને પચીસ-ત્રીસ બાપાશ્રી સાથે ચાલવા તૈયાર થયા, ત્યારે બાપાશ્રી તે હરિભક્તને તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને સાથે લઈને ભૂજથી રેલે બેસી તૂણા બંદર આવ્યા, ત્યાંથી આગબોટમાં બેસી જામનગર આવ્યા ને બીજે દિવસે રેલગાડીમાં બેસીને મૂળી સ્ટેશને ઊતર્યા. તે વખતે ઘણા સંત-હરિભક્તો સામા આવ્યા હતા, તેમણે બાપાશ્રીનાં દર્શન કર્યાં ને બાપાશ્રીને સગરામમાં બેસારીને સર્વે સંત-હરિભક્તો મંદિરમાં આવ્યા, ને હરિભક્તોએ સહિત બાપાશ્રીનો ઉતારો કોઠારના મેડા ઉપર રાખ્યો હતો ત્યાં ઊતર્યા. પછી બાપાશ્રી વસ્ત્રે સહિત સ્નાન કરી બીજાં ધોયેલા વસ્ત્ર પહેરી ઠાકોરજીનાં દર્શન કરવા ગયા ને પછી સભામાં પધાર્યા. તે વખતે ઘણા સંત-હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા, તેમને સર્વેને મળીને બાપાશ્રી આસને આવીને બેઠા.

હવે અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી મૂળીએ પધાર્યા છે, તે વાત સાંભળીને

ઝાલાવાડના તથા ગુજરાત આદિ દેશના હજારો હરિભક્ત આવ્યા હતા, તે સર્વે બાપાશ્રીનાં દર્શન કરીને પરમ આનંદને પામ્યા. આવી રીતે મૂળીમાં હરિભક્તની અતિશય જ ભીડ થઈ તેથી ઉતારાનો પણ માર્ગ મળતો નહિ, ને નદીમાં પાણી પણ હતું નહિ તેથી સ્નાન કરવાની ઘણી અડચણ થતી. પછી સંતોએ બાપાશ્રીને વિનંતી કરી, ત્યારે બાપાશ્રીએ દયા કરી એટલે વરસાદ વિના પણ નદીમાં પૂર આવ્યું, તેથી સર્વે મનુષ્યને સુખ થયું. પછી સંત તથા હરિભક્ત સર્વે મળીને સભા કરી ને બાપાશ્રી પણ તે સભામાં આવીને બેઠા. તે સમે સંત-હરિભક્ત માંહોમાંહી સંત્સંગનો વ્યવહાર સુધારવાની વાતો કરતા હતા. પછી બાપાશ્રીને પૂછ્યું જે, 'આ સત્સંગનો વ્યવહાર કેવી રીતે કરવો ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' ને' શિક્ષાપત્રી'માં ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ને સાધુ-બ્રહ્મચારી ને ગૃહસ્થ-સત્સંગી તથા પાર્ષદ, તે સર્વેના ધર્મ કહ્યા છે તે પ્રમાણે સર્વેને વર્તવું. અને સત્સંગનો વ્યવહાર પણ તેમાં કહ્યો છે તે પ્રમાણે કરવો તો મતભેદ ન થાય, ને સર્વેને સંપ-શાંતિ રહે.' બાપાશ્રીની આવી વાત સાંભળીને સર્વે સંત-હરિભક્તોએ શ્રીજીમહારાજનો આ સિદ્ધાંત છે એમ જાણ્યું ને એમ વર્તવા સારુ મહાસભા કરી ને બાપાશ્રીને રાજી કર્યા. અને મુક્તરાજ બાપાશ્રી મૂળીમાં નિત્યે સંત-હરિભક્તની સભામાં બેસી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞામાં યથાર્થ વર્તવાની વાતો કરતા ને સર્વે સંત-હરિભક્ત શ્રીજીમહારાજ ને બાપાશ્રીના સિદ્ધાંત પ્રમાણે રહેવું, તે જ મોક્ષનું સાધન છે એમ જાણીને તે પ્રમાણે વર્તવા લાગ્યા. એવી રીતે બાપાશ્રી બાર દિવસ સુધી મૂળીમાં રહ્યા, પછી સંત-હરિભક્તની રજા લઈ ત્યાંથી રેલગાડીમાં બેસીને રાજકોટમાં એક રાત રહ્યા, ત્યાંથી જામનગર બે દિવસ રહ્યા ને ત્યાંથી ભૂજનગર આવ્યા. હવે બાપાશ્રી ભૂજ-સ્ટેશને ઊતર્યા, તે સમે ઘણાક હરિભક્ત બાપાશ્રીની સન્મુખ આવ્યા હતા ને બાપાશ્રી મંદિરની વાડીએ આવી હરિભક્તોએ સહિત સ્નાન કરી રેલગાડીનાં વસ્ત્ર ધોઈ-સૂકવીને મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને સર્વે સંતને મળ્યા, પછી મેડા ઉપર આસને આવીને બેઠા. તે સમે શહેરના સર્વે સત્સંગિઓ અનાદિમુક્તશ્રી ભૂજમંદિરમાં આવ્યા છે –એમ જાણીને બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા. પછી સર્વે સંત-હરિભક્તની સભા થઈ ને બાપાશ્રી પણ સભામાં આવીને બેઠા. તે સમે બાપાશ્રીએ વાત કરી જે, 'મૂળીમાં દસબાર હજાર સત્સંગી ભેળા થયા હતા, સંત પણ ઘણા આવ્યા હતા ને નિત્યે સભાઓ થતી ને કથાવાર્તા કરતા. તેમાં એક દિવસ સત્સંગના વ્યવહાર કરવાની વાત સર્વેએ અમને પૂછી, ત્યારે અમે સર્વેને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું ને સત્સંગનો વ્યવહાર પણ શિક્ષાપત્રી પ્રમાણે કરવો. અને જે શિક્ષાપત્રી પ્રમાણે ન વર્તે તે શ્રીજીમહારાજના આશ્રિત ન કહેવાય.' એ આદિ ભૂજના સંત-હરિભક્તોને વાત કહી સંભળાવી પછી સભા વિસર્જન થઈ, ને

સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રી સારુ ખીચડી ને શાક કરી રાખ્યું હતું-તે બાપાશ્રી જમ્યા. પછી બીજે દિવસે ઠાકોરજીના થાળની આરતી થઈ, ત્યારે બ્ર. નિર્ગુણાનંદજીએ બાપાશ્રીને જમાડ્યા ને બાપાશ્રી જમીને વાડીએ પધાર્યા ને સર્વે હરિભક્તને ચાલતા કરી પોતે સ્નાન કરીને બે કલાક સૂઈ રહ્યા. પછી ધનજીભાઈની ઘોડાગાડીમાં બેસીને ચાલ્યા તે ભારાપરની સમીપે આવ્યા. ત્યાં વૃષપુરથી કેટલાક હરિભક્ત સામા આવ્યા હતા તેમને મળી દર્શન દઈને વૃષપુર આવ્યા.

હવે તે વૃષપુર કેવું છે તો, જે પુરને વિષે પ્રત્યક્ષ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત ઘણાક રહેલા છે ને જે પુરને વિષે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનાં મંદિર બાઈઓનાં તથા ભાઈઓનાં -એમ જુદાં જુદાં છે, જે પુરમાં અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીનું ભુવન અક્ષરધામ જેવું શોભી રહ્યું છે, જે પુરને વિષે ભક્તજનો અહોનિશ કથા-વાર્તા, કીર્તન વગેરે કરે છે તેણે કરીને ગાજી રહ્યુ છે, જે પુરને વિષે મુક્તરાજશ્રીનાં દર્શન-સમાગમ કરવા સારુ મોટા મોટા સંતનાં મંડળ આવીને અહોનિશ વસે છે અને હજારો હરિભક્ત પણ આવે છે ને જાય છે, જે પુરને વિષે અહોનિશ જ્ઞાનયજ્ઞ ને બ્રહ્મયજ્ઞ થયા કરે છે, જે પુરને સમીપે વિશ્વામિત્રી નામે નદી છે ને નદીના કાંઠે નાના પ્રકારનાં વૃક્ષનું વન છે ને તેથી ઉત્તરમાં સમીપે કાળીતલાવડી છે ને તેના કાંઠાને વિષે શ્રીજીમહારાજનું બેઠકરૂપ મોટું તીર્થ રહેલું છે, જે પુરને ફરતી મિષ્ટ જળના કૂપે સહિત છએ ઋતુમાં સુખદાયી વાડીઓ રહેલી છે. તેમાં મુક્તરાજની નવીવાડી, લખાઈવાડી ને કાકરવાડી તે તો મોટાં તીર્થો છે એવું, ને મુક્તરાજ બાપાશ્રીના યોગે અક્ષરધામ તુલ્ય થયેલું, એવું પ્રસિદ્ધ જે પુર તે પ્રત્યે બાપાશ્રીએ હરિભક્તના સમૂહે સહિત પ્રવેશ કર્યો ને તે પુરમાં મંદિરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરીને પછી પોતાના ભુવન પ્રત્યે આવ્યા, ને પોતાનાં પત્ની ને બે પુત્રો તથા બે પુત્રીઓ એ આદિ પોતાના સ્વજન તથા બીજા પણ સ્નેહવાળા ઘણા હરિભક્તોએ સેવ્યા થકા તે પુરને વિષે પોતાના મંદિરને વિષે નિવાસ કરીને રહ્યા. ઈતિ વિશ્રામ ૫૯

હીરાકુંવરબાઈની કથામાં ભૂજગમન, સભામાં અલૌકિક વાતો, હમીરસરમાં સ્નાન ને ત્યાં છત્રીના પરથાર પર વાર્તાલાપ

ત્યાર પછી બાપાશ્રી વૃષપુરને વિષે નિવાસ કરીને રહ્યા છે. તે સમે ભૂજમાં બાઈઓના મંદિરમાં નાગરજ્ઞાતિ સાંખ્યયોગી હીરાકુંવરબાઈ રહેતાં, તે દેહ મેલી શ્રીજીમહારાજના ધામમાં મૂર્તિના સુખભોક્તા થયાં. તેમની વાંસે કાર્તિક માસમાં કથા બેસાડી હતી ને તેની સમાપ્તિ કાર્તિક સુદ એકાદશીની હતી. તેમાં મુક્તરાજ બાપાશ્રીને તેડવા સારુ સોની મોતીભાઈને મંદિરની ગાડી લઈને મોકલ્યા, ત્યારે મોતીભાઈ વૃષપુર આવી બાપાશ્રીની વાડીએ ગયા. તે સમે બાપાશ્રી

નવીવાડીએ કૂવા પાસે જાંબુડાના વૃક્ષ નીચે બેઠા હતા ને રામપુર આદિ ગામના હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા –તેમની જોડે વાતો કરતા હતા. તે સમે મોતીભાઈ બાપાશ્રીનાં દર્શન કરીને પાસે બેઠા, ત્યારે મુક્તરાજશ્રીએ તે ભક્તને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે મોતીભાઈએ કહ્યું જે, "કાલે બાઈઓના મંદિરમાં કથાની સમાપ્તિ છે, તેથી બાઈઓએ મહંત સ્વામી મહાપુરુષદાસજીને કહેવરાવ્યું જે, 'અનાદિ મુક્તરાજશ્રીને તેડાવો.' ત્યારે મહંત સ્વામી મહાપુરુષદાસજીએ આપને તેડવા માટે મને ગાડી લઈને મોકલ્યો છે ને સર્વે સંત, બ્રહ્મચારી ને હરિભક્ત તેમને આપનાં દર્શનની ઘણી ઈચ્છા છે. તે જો આપ કૃપા કરીને પધારો તો આપના પધારવાથી સર્વેને ઘણો આનંદ થશે."ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સર્વે વાટ જોતા હશે માટે ચાલો આવીએ.' –એમ કહીને પૂજાનો ખડિયો મંગાવી લીધો. પછી હરિભક્તને રજા આપી ને પોતે ઊભા થઈ મોતીભાઈને સાથે લઈને મંદિરની ગાડીમાં બેઠા તે પાંચ વાગે ભૂજ આવ્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી સંત-હરિભક્તને મળીને સભામાં બેઠા. હવે બાપાશ્રીને પધાર્યા જાણીને સર્વે રાજી થયા ને બાઈઓના મંદિરમાં પણ ખબર પડી જે, 'બાપાશ્રી પધાર્યા છે તેથી ઘણાં રાજી થયાં.' પછી બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસે મુક્તરાજશ્રીને જમવા સારુ ખીચડી, શાક વગેરે કરીને રાખ્યાં હતાં, તેથી સંધ્યા-આરતી કર્યા પછી બ્રહ્મચારીની જગ્યામાં મુક્તરાજશ્રીને સાદડીના ચાકળા ઉપર જમવા બેસાર્યા ને બાપાશ્રી ખીચડી, ઘી, શાક, અથાણું, પાપડ, મગજ-પૂરી, દૂધ એ આદિ ભોજન જમ્યા ને ચળુ કરી મેડા ઉપર આસનમાં સૂતા. તે વખતે ચાર-પાંચ હરિભક્ત બાપાશ્રી પાસે બેઠા હતા. પછી બ્રહ્મચારી ને પુરાણી બાપાશ્રીનાં દર્શન કરીને કથામાં જઈને બેઠા ને કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રી પાસે આવીને ધ્યાન કરવા બેઠા ને પોણાબારનો સમય થયો ત્યારે બાપાશ્રીએ જાગીને મુનિ સ્વામીને પૂછ્યું જે, 'કેટલા વાગ્યા છે ?' ત્યારે મુનિએ કહ્યું જે, 'પોણાબાર વાગ્યા છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'પાણી લાવો.' ત્યારે મુનિ કેશવપ્રિયદાસે પાણી પાયું. પછી બાપાશ્રીએ કહ્યું જે, 'બાર વાગ્યા પછી પાણી પિવાય નહિ.' તે સમે બ્ર. મહારાજ ધ્યાનમાંથી જાગીને બાપાશ્રીને પગે લાગ્યા. ત્યારે બાપાશ્રીએ બ્રહ્મચારીને કહ્યું જે, 'અત્યારે પાણી પીવું પડ્યું એનું કારણ તમે જાણો છો ?' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'ના બાપા !' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આજ સવારમાં જમ્યા વિના જ વાડીએ ગયા હતા ત્યાં હરિભક્તને વાતો કરવા બેઠા અને ઘેરથી ભાત આવ્યું, પણ વાતો કરતા હતા તેથી જમવા ઊઠ્યા નહિ. તે બે વાગ્યા, ત્યાં આંહીંથી ગાડી લઈને મોતીભાઈ અમને તેડવા આવ્યા તેથી જમ્યા વિનાં જ ગાડીમાં બેસીને અહીં આવ્યા. તે આખા દિવસના ભૂખ્યા હતા તેથી વધારે જમાયું ને તેથી જ અત્યારે પાણી પણ પીવું પડ્યું.'

પછી બ્રહ્મચારીએ બાપાશ્રીને પૂછ્યું જે, 'કાર્ય તે શું ? ને કારણ તે શું ?' ત્યારે મુક્તરાજશ્રી

બોલ્યા જે, "કારણ એટલે મહારાજની મૂર્તિ અને અનાદિમુક્ત, ને કાર્ય એટલે અક્ષરધામ ને અનંત ઐશ્વર્ય તથા મંદિર, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી, ઉત્સવ, સમૈયા તે સર્વે કાર્ય કહેવાય. તે કાર્ય જોઈને નિશ્ચય કર્યો હોય તો રહે નહિ; ડગી જાય અને કારણ જે શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત તેમને ઓળખીને નિશ્ચય કર્યો હોય તો તે ડગે નહિ. નિશ્ચયની વાત અટપટી છે. તે આવા મહારાજ ને મુક્ત સત્સંગમાં બિરાજે છે ને આવી ઉપાસના પ્રવર્તાવી તોપણ કહેશે જે, 'મહારાજ સત્સંગમાં પ્રત્યક્ષ હોય તો આમ કેમ થતું હશે ?' –એમ સંકલ્પ થાય તો નિશ્ચયમાંથી ડગ્યો કહેવાય, પરંતુ જે કાંઈ અવળું થાય તે તો ક્રિયમાણમાંથી થાય છે પણ શ્રીજીમહારાજ તો આ સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે અને મોટા એકાંતિક સાધુ-સત્સંગી છે તે તો મહારાજ ને મુક્તને પ્રત્યક્ષ દેખે છે. ને જો નિશ્ચયમાંથી ડગ્યો, તો પછી સાધને કરીને પૂરું ન થાય; માટે કારણ મૂર્તિનો નિશ્ચય કરવો."

ત્યારે વળી બ્રહ્મચારીએ પૂછ્યું જે, "હે બાપા ! 'સર્વે કારણના કારણ જીવન જાણું છું.' એમ કહ્યું છે. માટે બે કારણ થયાં તે ક્યાં સમજવાં ?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'બે કારણ છે; તે સર્વે સત્સંગના કારણ અનાદિમુક્ત છે ને અનાદિમુક્તના કારણ શ્રીજીમહારાજ છે તે બેય કારણ છે, પણ દાતા-ભોક્તાપણું છે; સ્વામી-સેવકભાવ છે. અત્યારે તો સત્સંગમાં બહુ મોટી પ્રાપ્તિ છે, તે મહારાજ ને મોટા મુક્તને જેવા સમજશો તેવી પ્રાપ્તિ થશે.' –એમ વાતો કરીને યોગનિદ્રાને અંગીકાર કરી. પછી એકાદશીના દિવસે બ્રાહ્મમુહૂર્તમાં સાડા ત્રણ વાગે જાગીને મહારાજનું ધ્યાન કરવા બેઠા ને ચાર વાગે સ્નાન કરી માનસીપૂજા-મૂર્તિપૂજા કરીને ઠાકોરજીનાં ને સંતનાં દર્શન કર્યાં. પછી બાપાશ્રી છ વાગે સભા થઈ ત્યારે સભામાં બેઠા, ને સભામાં વચનામૃતની કથા વંચાતી હતી, તેમાં કારિયાણીના ૧૦મા વચનામૃતમાં એમ આવ્યું જે, 'ભગવાનના ભક્ત હોય તે ભગવાનના પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય.'

ત્યારે ભૂજના સ્વામી ભક્તિપ્રિયદાસજીએ પૂછ્યું જે, 'બાપા ! આ વચનામૃતમાં બ્રહ્મ તથા અક્ષર જેવા થાય તે બ્રહ્મ તથા અક્ષર કોને જાણવા ?' ત્યારે મુક્તરાજશ્રી બોલ્યા જે, ' મહામાયાના પતિ મૂળપુરુષ તેમને પ્રકૃતિપુરુષ કહ્યા છે, તેથી પર મહાકાળ, તેથી પર જે નરનારાયણ, તેથી પર જે વાસુદેવ તેમને અહીયાં બ્રહ્મ કહ્યા છે ને તેથી પર સૃષ્ટિકર્તા અક્ષર છે તેમને અક્ષર કહ્યા છે. તે જો ઉપાસના પરિપૂર્ણ સમજાણી ન હોય ને મહારાજને અક્ષર જેવા જાણે તો અક્ષરની સભામાં રહી જાય, ને બ્રહ્મ જેવા મહારાજને જાણે તો બ્રહ્મની સભામાં રહી જાય, પણ અક્ષર પર પુરુષોત્તમની સભામાં ન પહોંચાય.' એમ ઘણીક વાર વાતો કરી. પછી બોલ્યા જે, 'અમે ન્યાય-કાયદા કાંઈ જાણતા નથી; અમે તો જંગલી છીએ પણ મૂર્તિમાં રહેવું હશે તે સર્વેને અમારું કામ પડશે.' –એમ

મોટી સભામાં વાત કરી. તેને સાંભળીને સર્વે સંત-હરિભક્તને ઘણો આનંદ થયો. પછી કથાની સમાપ્તિ થઈ એટલે બાપાશ્રી સંત-હરિભક્તને સાથે લઈને હમીરસરમાં સ્નાન કરવા પધાર્યા ને મંદિરની વાડીમાં બારીએથી સરોવરમાં સ્નાન કર્યું. પછી છત્રીએ દર્શન કરીને પરથાર ઉપર બેઠા ને બ્ર. નિર્ગુણાનંદજી ને કેશવપ્રિયદાસ આદિ સંત તથા ભોગીલાલભાઈ ને ઘેલાભાઈ આદિ હરિભક્તો પાસે બેઠા હતા, તેમના પ્રત્યે બાપાશ્રી બોલ્યા જે,'અમદાવાદમાં મહાસભાના હરિભક્તો ભેગા થયા છે માટે આપણા સંકલ્પ ત્યાં મેલો.'-એમ કહીને પછી પ્રબોધિની એકાદશી-તિથિનો ને હમીરસરનો મહિમા કહ્યો. એ આદિ ઘણીક વાતો કરીને મંદિરમાં પધાર્યા ને બ્ર. નિર્ગુણાનંદજીએ બાપાશ્રીને ફળાહાર કરાવ્યો ને બાપાશ્રી બીજે દિવસ જમીને વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૬૦

છત્રીની જાગીર ને હનુમાનજી તૈયાર થયા, યજ્ઞનો સંકલ્પ, ઘડાણીએ કથામાં ગમન, યજ્ઞ કરવાનું પ્રયોજન ને પંચવર્તમાનનાં લક્ષણ, ગામોગામ કંકોત્રી ને યજ્ઞની ધામધૂમ વગેરે

સંવત ૧૯૭૮ના ફાગણ માસમાં દિવ્ય ગુણના ભંડાર ને કરુણાના સાગર એવા અનાદિમુક્તશ્રી વૃષપુરમાં નિવાસ કરીને રહ્યા છે. તે સમે પોતે છત્રીની આથમણી જગ્યાનો લેખ કરાવીને તે જાગીરનું કામ કરાવતા હતા ને ઘણા હરિભક્તો તે કામ કરતા હતા. ને તે કામ પૂરું થવા આવ્યું ત્યારે પાષાણની એક હનુમાનજીની પ્રતિમા તથા તેમની દેરી તે પણ કરાવી. પછી મુક્તરાજ બાપાશ્રીએ તે જગ્યાનું વાસ્તુ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા કરવા નિમિત્ત યજ્ઞ કરીને સર્વે સંત-હરિભક્તને દર્શન-સેવા ને સમાગમનું સુખ આપવાનો, તથા જે યજ્ઞમાં આવી માહાત્મ્ય સમજીને સેવા-સમાગમ કરે તેનો આ જન્મે જ આત્યંતિક મોક્ષ કરવો એવો સંકલ્પ કર્યો. પછી એ વાત બ્ર. નિર્ગુણાનંદજી, સાધુ કેશવપ્રિયદાસ ને ધનજી, જાદવજી આદિને જણાવી. ત્યારે તે સર્વે રાજી થઈને બોલ્યા જે, 'બાપા ! જેમ આપની મરજી હોય તેમ કરો. આપ તો સ્વતંત્ર છો અને અતિ મોટા છો, તે જેમ ધારો તેમ કરવા સમર્થ છો માટે યજ્ઞ કરો તે ઘણું જ સારું છે; કેમ જે તેમાં અનેક જીવોના ઉદ્ધાર થશે ને આપ અનેક જીવોના મોક્ષ કરવા પધાર્યા છો, માટે આપે યજ્ઞ કરવાનો ધાર્યો છે તે સારું જ છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી તેમને આ વાત જણાવવી જોઈએ માટે તેમને પત્ર લખો.' પછી પત્ર લખાવીને સ્વામીને મોકલ્યો. ત્યાર પછી ધનજી પટેલ પાસે માંડવી બંદરથી એક હજાર મણ સારો ગોળ લેવરાવ્યો ને તે યજ્ઞ સારુ ઘી, ખાંડ, સાકર, ઘઉં, ચોખા, મગ, મઠ આદિ હજારે હજાર મણ સામાન લેવરાવીને મોટા મોટા ઓરડા ભરાવી રાખ્યા હતા.

ત્યાર પછી ગામ ઘડાણીથી સોની નારાયણભાઈની કંકોતરી આવી, ત્યારે બાપાશ્રી શામજી પટેલની ઊંટગાડીમાં બેસી ધનજી પટેલ ને ખીમજીભાઈ આદિને સાથે લઈને ઘડાણી પધાર્યા. હવે બાપાશ્રીને આવતા સાંભળીને તે ગામના ને સમૈયે આવેલા તે દેશના સર્વે હરિભક્ત નાળિયેર લઈ લઈને મુક્તરાજશ્રીને સન્મુખ આવ્યા ને હજારો હરિભક્તોથી એક ગાઉ સુધી સીમમાં સર્વત્ર હરિભક્તો જ દેખાતા હતા. તે સર્વે બાપાશ્રી પાસે આવીને દંડવત્ કરવા લાગ્યા. પછી હસ્ત જોડી દર્શન કર્યાં ને તે ભક્તજનોએ મુક્તરાજશ્રીના ચરણે નાળિયેર મેલ્યાં તેનો મોટો ઢગલો થઈ રહ્યો હતો ને તે સર્વે હરિભક્ત મુક્તશ્રીનાં દર્શન કરીને અતિ રાજી થયા. અને બાપાશ્રીએ પણ જીવા પટેલ ને સોની નારાયણ આદિ સર્વેને મધુર વચને બોલાવીને રાજી કર્યા પછી તેમની સાથે મંદિરમાં આવ્યા, ત્યારે સ્વામી ભક્તિપ્રિયદાસજી, પુ.કેશવપ્રિયદાસજી, શ્રીરંગદાસજી આદિ સર્વે સંત બાપાશ્રીનાં દર્શન કરીને અતિ રાજી થયા ને બાપાશ્રી મંદિરમાં આસન ઉપર બેઠા ને હજારો હરિભક્ત દર્શન કરવા લાગ્યા. ત્યાં ધનજી પટેલ આદિ હરિભક્તોએ સહિત બાપાશ્રીનો ઉતારો ગામમાં રાખ્યો હતો ને મંદિરમાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા વંચાતી ને સંત-હરિભક્તની મોટી સભા બેસતી, ને બાપાશ્રી બે વખત સભામાં પધારતા ને વાતો કરતા. પછી ફાગણ વદ અમાસને દિવસ સવારમાં કથાની સમાપ્તિ થઈ, ત્યારે સોની નારાયણભાઈએ પુસ્તક અને પુરાણીની પૂજા કરીને આરતી ઉતારી, પછી બાપાશ્રીની પૂજા કરીને પાઘ બંધાવી. તે સમે બાપાશ્રી મોટી સભામાં બેઠા હતા ને ઘણાક પુષ્પના હાર કંઠને વિષે પહેર્યા હતા ને ચંદન ચર્ચ્યું હતું ને માથે મોટી પાઘ બાંધી હતી. તેવાં મુક્તશ્રીનાં દર્શનથી સર્વે હરિભક્તને અતિશય આનંદ થયો હતો. એમ બાપાશ્રી સર્વેને સુખ આપી બીજે દિવસ રવાના થયા તે ગામ રવાપુર ને નેતરા થઈને વૃષપુર પધાર્યા.

ત્યાર પછી બાપાશ્રી ચૈત્ર સુદ હરિનવમીને દિવસે ભૂજ આવ્યા, ત્યાં બાપાશ્રીએ સ્વામી મહાપુરુષદાસજી ને બ્ર. નિર્ગુણાનંદજી આદિ સંતમંડળને તથા ભોગીલાલભાઈ, ઘેલાભાઈ આદિ હરિભક્તને બોલાવીને સભા કરી. પછી બાપાશ્રીએ યજ્ઞપ્રારંભનું મુહૂર્ત જોવાની વાત કરી. ત્યારે હિંમતરામ જોશીએ મુહૂર્ત જોઈને કહ્યું જે, 'સંવત ૧૯૭૮ના ચૈત્ર વદ એકાદશીને દિવસે કથાનો પ્રારંભ કરવો ને વૈશાખ સુદ ત્રીજની સમાપ્તિ કરવી.' તિથિ વધવાથી નવ દિવસનો યજ્ઞ કરવાનો નિર્ધાર થયો ને સમાપ્તિને આગલે દિવસે હનુમાનજીની પ્રતિષ્ઠા કરવી. આવી રીતે નિર્ણય કરીને સર્વે ઊઠ્યા પછી બાપાશ્રી બીજે દિવસ જમીને વૃષપુર પધાર્યા.

પછી મુક્તરાજશ્રીએ ચોવીસ ગામના મોટા મોટા હરિભક્તને વૃષપુર તેડાવીને મંદિરમાં સભા કરી અને પોતે પણ સભામાં આસન ઉપર વિરાજમાન થયા ને પાસે દેવરાજભાઈ, ધનજીભાઈ, ઝીણા પટેલ ને ખીમજીભાઈ આદિ બેઠા હતા. પછી મુક્તરાજશ્રી બોલ્યા જે, 'તમે સર્વે

હરિભક્ત મારી એક વાત સાંભળો : અમારે આ યજ્ઞ કરવો છે તેમાં સર્વે આવજો ને સેવા કરજો ને પ્રસાદી જમજો, પણ જે કોઈ હરિભક્ત પંચવર્તમાનમાંથી પડી ગયો હોય તેને યજ્ઞમાં લાવશો નહિ ને જે કોઈ લાવશે તેને પંક્તિમાં બેસવા દેશું નહિ, ને જો તે પ્રાયશ્ચિત્ત કરવાની હા કહે, તો સંતને પૂછીને ધર્મશાસ્ત્ર પ્રમાણે જે પ્રાયશ્ચિત્ત સંત બતાવે તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરાવવું ને વ્રત કર્યા પછી સુખેથી યજ્ઞમાં આવે તેને ના નથી. તે પંચવર્તમાન કિયાં ? તો (૧) સ્વપરની હિંસા ન કરવી, (૨) માંસ-મદિરાનો સર્વ પ્રકારે ત્યાગ રાખવો, (૩) કોઈની ચોરી ન કરવી, (૪) પરસ્ત્રી સામી ખોટી દૃષ્ટિ પણ ન કરવી, ને (૫) પોતાથી જે જાતિએ કરીને નીચ હોય કે ધર્મમાંથી પડ્યો હોય તેનું અન્ન-જળ ખાવાપીવાથી ભ્રષ્ટ થવાય છે માટે તેનું ખાવુંપીવું નહિ. એ પાંચ વર્તમાન સત્સંગી માત્રને મુખ્ય પાળવાનાં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કહ્યાં છે, તેમાં એક વર્તમાનમાંથી જે કોઈ પડ્યો હોય તો તેને સત્સંગમાંથી બહાર કરવો. અને અમે તમારી નાતના નથી; કોઈના બાપ-દીકરા નથી; અમે તો સ્વામિનારાયણ ભગવાનના અનાદિ મુક્તાવતાર છીએ. ને યજ્ઞ કરીએ છીએ તે કાંઈ મોટા થવા સારુ નથી કરતા; મોટા તો અમને.સત્સંગમાં સર્વે માને છે માટે મોટા થવાની કાંઈ ઈચ્છા નથી, પણ અનેક જીવનો મોક્ષ કરવા સારુ આ યજ્ઞ કરીએ છીએ. અને અમે શ્રીજીમહારાજની ઈચ્છાથી જીવોના મોક્ષ કરવા આવ્યા છીએ ને આ યજ્ઞ કરીને સર્વેને મૂર્તિનું સુખ આપવું છે, ને જે મહારાજને શરણે આવે તે સર્વેનો મોક્ષ કરવો છે.'

ત્યારે તે સભામાં બેઠેલા સર્વે હરિભક્ત બાપાશ્રીનાં આવાં વચન સાંભળી અતિશય રાજી થઈને મુક્તરાજશ્રી પ્રત્યે બોલ્યા જે, 'હે ગુરુવર્ય ! આપ તો અનાદિમુક્ત છો ને શ્રીજીમહારાજના સંકલ્પથી અમને સુખ દેવા આ વૃષપુરને વિષે પ્રગટ થયા છો, તે અમને સુખ આપો છો ને અનંત જીવના મોક્ષ કરો છો ને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખો છો ને સળંગ મૂર્તિનું સુખ ભોગવાવો છો, અને આપ તો આકાશ જેવા નિર્લેપ ને નિર્ગુણ છો, તે તમે અમને યજ્ઞની સેવામાં પ્રેરો છો –એ જ અમારા ઉપર મોટી દયા છે ને આપે અમારા કુળમાં પ્રગટ થઈને અમને કૃતાર્થ કર્યા છે, માટે આપ જેમ કહેશો તેમ યજ્ઞમાં સેવા કરવા અમે તૈયાર છીએ.' પછી મુક્તરાજશ્રીએ સર્વે હરિભક્તને યજ્ઞની જે જે સેવા કરવાની હતી તે તે બતાવી ને સભા વિસર્જન કરી. પછી સોનાના વરખથી કંકોતરીઓ છપાવીને ગુજરાત ને સૌરાષ્ટ્ર આદિ દેશ-દેશાંતરમાં મોકલાવી.

અને તે યજ્ઞનું કામ કરવા સારુ ભૂજથી સાધુ બાળકૃષ્ણદાસજી આદિ સંત આવ્યા હતા. તેમણે મંદિરમાં કોઠાર તથા ભંડાર વગેરેની સગવડ હરિભક્ત પાસે કરાવી, તેમ જ બાપાશ્રીના વંડામાં પાકશાળા અને શીરો ભરવાના મોટા હોજ કરાવ્યા હતા અને મંદિરના ચોકમાં ચંદની

બંધાવીને સભામંડપ કરાવ્યો હતો ને કથાની પાટ ને ઠાકોરજીનું સિંહાસન, તે તોરણ તથા જરીનાં વસ્ત્ર તેણે કરીને અતિશય શોભાયમાન કર્યાં હતાં.

હવે દશમને દિવસે ભૂજમંદિરના સર્વે સંત-પાર્ષદ આવ્યા ને ચૈત્ર વદ એકાદશીને દિવસે પ્રભાત સમયે માંગળિક વાજિંત્ર વાગવા લાગ્યાં ને હજારો સંત-હરિભક્ત સભામાં આવ્યા ને અનાદિ મુક્તરાજશ્રી પોતાના પુત્ર-પૌત્ર તેમણે સહિત સભામંડપમાં પૂજા કરવા આવ્યા. તે કેવા, તો જેમણે લલાટમાં ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું છે, એવા મુક્તરાજશ્રી મંડપમાં ઠાકોરજીને સન્મુખ શ્રીજીમહારાજની પૂજા કરવા આસન ઉપર બેઠા. તે સમે બ્રહ્માનુભવી વર્ણીરાજ નિર્ગુણાનંદજી તથા સાધુ કેશવપ્રિયદાસ ને ઉત્તમપ્રિયદાસ તેમણે મહામંત્ર બોલી વેદોક્ત વિધિપૂર્વક પુત્ર-પૌત્ર તેમણે સહિત મુક્તરાજ બાપાશ્રીને યજ્ઞદીક્ષા આપવા માંડી, તેમાં પ્રથમ શ્રીજીમહારાજની પ્રતિમાનું પંચામૃત સ્નાનપૂર્વક ષોડશોપચારથી બાપાશ્રી પાસે પૂજન કરાવ્યું અને માતૃકાને સ્થાને શ્રીહરિના મુક્ત એવાં ભક્તિમાતા, સુવાસની, વસુમતી, સુનંદા, વીર્યા, જયા, લલિતા, રમા, સૂર્યા, કર્ણિકા, મીણા, ગંગા, રેવા, યતના, રતના અને અમૂલા આદિ સોળ શક્તિઓનું સ્થાપન કરી પૂજન કરાવ્યું. પછી નવ ગ્રહના સ્થાનકે ધર્મદેવ, રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈ, શ્રીઅયોધ્યાપ્રસાદજી, શ્રીરઘુવીરજી, ઉત્તમનૃપ, હિંમતસિંહ ને સોમ-સુર એ સર્વે મુક્ત તેમનું સ્થાપન કરી પૂજન કરાવ્યું. પછી મહામંત્ર ભણીને મુક્તરાજ બાપાશ્રીનું પૂજન કર્યું ને તેમના કાંડાને વિષે મંગળસૂત્ર બાંધ્યું. તેમ જ બાપાશ્રીના પુત્ર વગેરે સર્વે કુટુંબનું પૂજન કરીને કાંડે મંગળસૂત્ર બાંધ્યાં, પછી તેમની પાસે પુસ્તક ને પુરાણીની પૂજા કરાવી ને મુક્તરાજશ્રી પોતાના પરિવારે સહિત આરતી કરવા લાગ્યા. તે સમે ઘણાક સંત-હરિભક્તથી સભામંડપ ઊભરાતો હતો અને નાના પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં ને સર્વે સંત-હરિભક્તનાં હૃદય આનંદથી પ્રફુલ્લિત થયાં હતાં ને 'જય સદ્‌ગુરુ સ્વામી પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;' એ આરતી બોલવા લાગ્યા ને આરતી થઈ રહ્યા પછી સાધુ કેશવપ્રિયદાસ મંગળાચરણ કરીને કથા કરવા લાગ્યા ને બાપાશ્રી ચંદનનો વાટકો લઈને સંતની સભામાં પૂજા કરતા હતા. ત્યારે બાપાશ્રીના પૌત્ર માવજીએ કહ્યું જે, 'બાપા! તમે બેસો ને મને પૂજા કરવા દો.' ત્યારે બાપાશ્રી તેમને વાટકો આપી કથાની પાટ સન્મુખ ને સંતની સભા પાસે ગાદીતકિયે બેઠા ને માવજીભાઈ સંત-હરિભક્તની સભામાં ચંદન ચર્ચવા લાગ્યા અને જાદવજી ને હરજી, તેઓ હાર પહેરાવવા લાગ્યા.

તે સમે જેમ દુર્ગપુરમાં શ્રીજીમહારાજે અન્નકૂટોત્સવ કર્યો હતો ને તે વાતને સાંભળીને તે સમે જેમ સંત-હરિભક્તની મનોવૃત્તિ દુર્ગપુરમાં શ્રીજીમહારાજની મૂર્તિ સન્મુખ થઈ ગઈ હતી ને અતિશય સ્નેહથી આ લોક ને દેહનું ભાન ભૂલી જઈ પોતાનાં કામ મેલીને તથા લોક-લાજ,

માન-અપમાન ને સુખ-દુઃખ આદિ સર્વેને નહિ ગણીને દુર્ગપુરમાં આવીને અક્ષરધામના અધિપતિ એવા શ્રીજીમહારાજને મળ્યા હતા, તેમ જ શ્રીજીમહારાજના અનાદિમુક્ત બાપાશ્રીએ વૃષપુરમાં યજ્ઞ આદર્યો છે તેની કંકોતરીઓ વાયુવેગે દેશ-દેશાંતરમાં સર્વત્ર પહોંચી તેથી સંત-હરિભક્તને યજ્ઞનુ જાણ થઈ ગયું. ત્યારે સર્વની મનોવૃત્તિ અતિશય હર્ષથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનાદિમુક્ત ને શ્રીજીમહારાજ તેમને સન્મુખ થઈ ગઈ. પછી તે સંતો ને હરિભક્તો અતિ ત્વરાપૂર્વક તત્કાળ પોતપોતાનાં કામ પડતાં મૂકીને અને દેહનાં સુખ-દુઃખ, લોક-લાજ ને હાણ-વૃદ્ધિ તેને પણ નહિ ગણીને જેમ મહા નદીઓ કોઈથી નહિ રોકાતાં સમુદ્રને મળે છે તેમ વૃષપુરમાં આવીને મુક્તરાજશ્રીને મળ્યા. ઈતિ વિશ્રામ ૬૧

સાંખ્યયોગી બાઈઓ, હરિભક્તો તથા સંતોનાં લક્ષણ, કથા તથા સભાપ્રસંગનું વિવેચન, મૂર્તિમાં સંલગ્ન કરે તેવી ભારેભારે વાતો ને સંત-હરિભક્તને આનંદોત્સવ

હવે તે બાપાશ્રીના યજ્ઞમાં સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, વૃંદાવનદાસજી ને ઘનશ્યામજીવનદાસજી આદિ સંતનાં મંડળ તથા મૂળીપુરથી સ્વામી ધર્મકિશોરદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, શ્વેતવૈકુંઠદાસજી આદિ ઘણાક સંતનાં મંડળ આવ્યાં, તે અનાદિ મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન કરીને અતિ આનંદથી પૂર્ણ થયાં ને બાપાશ્રીએ સર્વેને મળીને સત્કાર કર્યો. તેમ જ દેશદેશના ઘણાક હરિભક્તોના સંઘ પણ આવ્યા હતા. તેમ જ સાંખ્યયોગી બાઈઓના મંડળ પણ આવ્યાં હતાં ને તે સર્વે બાઈઓનાં મંડળ બાઈઓના મંદિરમાં તથા ઉતારાની જગ્યામાં ઊતર્યાં હતાં.

હવે તે બાઈઓ કેવાં છે તો શ્રીજીમહારાજ ને અનાદિમુક્તને રાજી કરવા સારુ આ લોકના વિષય-સુખ, તેને ઝેર જેવાં જાણીને સાંખ્યયોગીનાં વર્તમાનને દૃઢ પાળતાં અને લોષ્ટની પેઠે દેહનો અનાદર કરીને અહોનિશ ભગવાનની કથાવાર્તા ક રવા-સાંભળવામાં શ્રદ્ધાવાળાં ને ઊંઘ-આળસ ત્યાગ કરીને પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખતાં અને જેમણે વ્રત-તપ કરીને દેહને કાષ્ઠની પેઠે સૂકવી નાખ્યાં છે ને જેમને શ્રીજીમહારાજ ને મુક્તશ્રીને રાજી કરવાનું એક જ તાન છે-એવાં તે સર્વે બાઈઓ હતાં. અને મુક્તરાજશ્રી પણ આશાભાઈ, મોતીભાઈ આદિ હરિભક્તને સાથે લઈ હાથને વિષે લાકડી ઝાલીને ધીમે ધીમે ચાલતા થકા તે બાઈઓને દર્શન દેવા પધારતા ને સર્વેને દર્શન દઈ આનંદ પમાડી પાછા મંદિરમાં આવતા. અને તે સાંખ્યયોગી બાઈઓ કચ્છ, ઝાલાવાડ, ગુજરાત, કાઠિયાવાડ આદિ દેશનાં મળીને આશરે ત્રણસો હતાં.

અને તે યજ્ઞમાં હરિભક્તનો સમુદાય તો ઘણો જ હતો. તે કેવા, તો શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનાએ જુક્ત અને સત્સંગને અર્થે માથું દે તેવા, ને પ્રત્યક્ષ મહારાજ ને અનાદિમુક્ત એમને તન, મન ને ધન અર્પણ કરીને પરોણાની પેઠે ઘરમાં રહેલા અને જળમાં કમળ રહે તેમ વ્યવહારમાં અસંગી રહેલા ને શિક્ષાપત્રી, વચનામૃત ને ભક્તચિંતામણિ તેમાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ ગુણ કહ્યા છે તેણે જુક્ત એવા હરિભક્ત, તે તો હજારે હજાર આવ્યા હતા અને તેમની સંખ્યા સાઠ-સિત્તેર હજાર જણાતી હતી. અને જે હરિભક્ત યજ્ઞની સેવા કરવામાં રહ્યા હતા, તે તો મુક્તરાજ બાપાશ્રીને રાજી કરવા ઊંઘ-આળસનો ત્યાગ કરીને થાક, ભૂખ, તરસ આદિને નહિ ગણીને રાત્રી-દિવસ સેવામાં તત્પર રહેતા તેનાં નામ લખે પાર આવે તેમ નથી. અને તે બાપાશ્રીના યજ્ઞમાં આવેલાં સંતનાં મંડળ તે આશરે સવાસો જણાતાં હતાં.

તે સંત કેવા છે તો શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિમાં જે સાધુના એકાંતિક ધર્મ કહ્યા છે તેમાં દેઢપણે વર્તતા ને શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત તેમને વિષે દેઢ આત્મબુદ્ધિને પામેલા, અને અનાદિમુક્તને વિષે આત્માની એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહીને મૂર્તિના સુખભોક્તા એવા હતા. તેઓ -સર્વે યજ્ઞમાં બાપાશ્રીનાં દર્શન-સમાગમનું તથા કથાવાર્તાનું સુખ લેતા હતા. અને નિત્યે સવારમાં છ વાગે કથા શરૂ થતી ને નવ વાગે સમાપ્તિ થતી. પછી દિવસના અઢી વાગે કથા બેસતી ને છ વાગે સમાપ્તિ થતી ને પુ.કેશવપ્રિયદાસ ને હરિનારાયણદાસજી 'સત્સંગિજીવન'ની કથામૃતનું સર્વેને પાન કરાવતા. અને મુક્તરાજ બાપાશ્રી બેય વખત સભામાં પધારતા ને પુસ્તકની પૂજા-આરતી ક્યારેક પોતે કરતા ને ક્યારેક પોતાના સેવક પાસે કરાવતા ને પોતે સભામાં વિરાજતા ને સર્વેને દર્શનદાને આનંદ પમાડતા ને પોતાના વચનરૂપી અમૃતનું પાન કરાવતા, તેણે કરીને સર્વે સંત-હરિભક્તને અક્ષરધામ તુલ્ય સુખ-શાંતિ થતી. અને જેમ ઉત્તમ નૃપતિના આંગણામાં સંત-હરિભક્તની સભામાં અનંત મુક્તના સ્વામી એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન થતા ને તે સભાનો જેમ સર્વેને દિવ્યભાવ છે, તેમ જ આ સંત-હરિભક્તની સભા દિવ્ય છે એવું કેટલાક સંત-હરિભક્તને દિવ્ય દૃષ્ટિથી દેખાતું, ને કેટલાકને તો તેવી જ દિવ્ય સભા છે ને આ સભામાં શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત બિરાજે છે એવી જ્ઞાનની સમજણે કરીને સમજાતું હતું.

અને તે સભામાં સ્વામી ઘનશ્યામજીવનદાસજી શ્રોતાજનને કથારસ જીવમાં ઉતારવા સારુ વાતો કરતા. તેમના સદ્ઉપદેશથી સંત-હરિભક્તોના હૃદયમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની ઊંડી છાપ પડતી. ને કોઈ સમે સ્વામી વૃંદાવનદાસજી વાતો કરતા જે, 'અનાદિમુક્ત છે તે

શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈને સળંગ મૂર્તિના રોમરોમનું નવીન નવીન સુખ લે છે, માટે આપણે તે મૂર્તિના સુખભોક્તા થવું.' એવું તેમની વાતોનું રહસ્ય હતું.

અને કોઈક વખત બાપાશ્રીની આજ્ઞાએ કરીને સ્વામી ઈશ્વરચરણદાસજી વાતો કરતા જે, 'સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ એક જ ભગવાન છે. તેમના તેજનો પુંજ છે, તે જ અક્ષરધામ છે. તે અક્ષરધામના એક કિરણમાં અનંતકોટિ અક્ષર ઊડતાં ફરે છે, અક્ષરના એક કિરણમાં અનંતકોટિ વાસુદેવબ્રહ્મરૂપી બ્રહ્માંડ ઊડતાં ફરે છે, વાસુદેવબ્રહ્મનાં એક કિરણમાં અનંતકોટિ મહામાયા ને મહાપુરુષરૂપી બ્રહ્માંડ રહ્યાં છે, તે સર્વે અક્ષરપર્યંત શ્રીજીમહારાજના એક કિરણે કરીને પ્રકાશમાન છે-એવા અક્ષરધામના પતિ શ્રીજીમહારાજ છે. અને અનંતકોટિ પરમએકાંતિક મુક્ત તે શ્રીજીમહારાજને સન્મુખ રહ્યા છે ને અનંતકોટિ અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજના સ્વરૂપમાં રહ્યા છે, તે સર્વે મુક્તના સ્વામી સ્વામિનારાયણ ભગવાન છે તે આપણને પ્રત્યક્ષ મળ્યા છે, ને તેમણે કેવળ કૃપા કરીને આપણને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા છે માટે હું અનાદિમુક્ત છું; સળંગ મૂર્તિના રોમરોમનું નવીન નવીન સુખ અખંડ અનુભવું છું, એવી સ્થિતિનું જાણપણું રાખવું, પણ દેહ પડશે ને ધામમાં જવું છે ને મૂર્તિ પામવી છે એમ ન સમજવું. દેહ પડી ગયો ને સર્વે પ્રાપ્તિ થઈ રહી છે.'–આવી શ્રીહરિના ગુહ્ય જ્ઞાનની વાતો કરતા. તેને સાંભળીને શ્રોતાજનો આશ્ચર્ય પામીને આનંદિત થતા ને તેમની વાતથી અનાદિમુક્તની સ્થિતિનું ભાન થતું.

અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી નિર્ગુણમૂર્તિ ને વૈરાગ્યમૂર્તિ છે, તેમનો ઉપદેશ સંત–હરિભક્ત બેયને એકસરખો અસરકારક નીવડતો. અને તેમની વાતોમાં એ રહસ્ય આવતું જે, 'સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન ને તેમના અનાદિમુક્ત પ્રગટ છે, તેમને શરણે આવે તેને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખે છે અને શ્રીજીમહારાજની મૂર્તિ ને તેમના મુક્ત તથા તેમની આજ્ઞા–એ જ આત્યંતિક મોક્ષ છે.' ને તેમના ઉપદેશથી સર્વેને પ્રત્યક્ષ મુક્ત અને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો અનુભવ થતો અને એમના ઉપદેશમાં એવું આકર્ષણ હતું જે, 'બ્રહ્મચારી પોતે શરીરની શુદ્ધ પણ ભૂલી જતા, તે જાણે તેમના દ્વારા પ્રત્યક્ષ શ્રીજીમહારાજ બોલતા હોય તેમ ભાસ થતો.' આવી રીતે સભામાં સદ્‌ગુરુઓ શાસ્ત્રનું દોહન કરીને સ્વાનુભવગમ્ય કથારસનું સર્વેને પાન કરાવતા. અને સાયંકાળની આરતી થયા પછી સભામાં કોઈક દિવસ પુ.ધર્મકિશોરદાસજી, કોઈક દિવસ પુ.હરિપ્રસાદદાસજી ને કોઈક દિવસ ભૂજના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી પ્રત્યક્ષના શાસ્ત્રમાંથી પ્રત્યક્ષ શ્રીજીમહારાજ ને તેમના સંત–હરિભક્તોનાં આખ્યાનોથી પ્રગટ મહારાજ ને મુક્તનો મહિમા કહેવા પૂર્વક એકાંતિક ધર્મનું વ્યાખ્યાન કરીને શ્રોતાજનોને આનંદ પમાડતા.

એવી રીતે વૃષપુરમાં મહાયજ્ઞરૂપ મહાસાગરમાં સર્વે સંત-હરિભક્તો અહોનિશ આનંદમાં કિલ્લોલ કરતા હતા ને નિત્યે નવ વાગે કથાની સમાપ્તિ કરીને સંત કીર્તન બોલતા ને પ્રસાદી વહેંચાતી. ઈતિ વિશ્રામ ૬૨

યજ્ઞ-અવશેષ કથા,-તેમાં હનુમાનજીની પ્રતિષ્ઠા, આશીર્વાદ તથા સર્વેને આપેલાં અનહદ સુખ ને દિવ્યદર્શન વગેરે

હવે સર્વ સુખના નિધિ ને અતિ સમર્થ ને સર્વના સ્વામી ને સર્વના સુખદાતા ને એક ને અદ્વિતીય મૂર્તિ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તેમની ઈચ્છાએ કરીને જીવોના મોક્ષ કરવા મનુષ્યરૂપે દર્શન દેતા, એવા અનાદિમુક્તશ્રી તે મહાયજ્ઞને વિષે સર્વે સંત-હરિભક્તને દર્શન-સમાગમનું સુખ આપતા હતા, અને સર્વે સંતમંડળને લાડુ, પૂરી આદિની નિત્યે તરેહતરેહની રસોઈઓ કરાવીને જમાડતા. અને તે યજ્ઞમાં આવેલા સર્વે હરિભક્તને જમવા સારુ મોટું રસોડું કરાવ્યું હતું. તેમાં સાંખ્યયોગી બાઈઓ રસોઈ કરતાં ને હરિભક્ત પિરસતા ને સર્વે હરિભક્ત જમતા.અને તે યજ્ઞમાં કેરેથી આવનાર જે કચ્છના હરિભક્તો તેમને જમાડવા સારુ પોતાના વંડામાં પાકશાળા કરી હતી. તેમાં આશરે ચાર-પાંચ હજાર હરિભક્તો શીરો, સુખડી, શાક, ખીચડી આદિ ભોજન તૈયાર કરતા હતા. અને શીરો ભરવા માટે પથ્થર તથા ચૂનાથી પાકા હોજ કર્યા હતા ને તેમાં શીરો કરાવીને ભરાવ્યો હતો અને સુખડી કરાવીને બે મોટા ઓરડા ભર્યા હતા.

હવે કથાની સમાપ્તિને આગલે દિવસે સવારમાં સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી ને બ્ર. નિર્ગુણાનંદજી આદિ સર્વે સંત ને હજારે હજાર હરિભક્તો તેમણે સહિંત અનાદિ મુક્તરાજ બાપાશ્રી કાળીતલાવડીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરવા સારુ આવ્યા ને સંવત ૧૯૭૮ના વૈશાખ સુદ બીજને દિવસ નવ વાગ્યાના સમયે પ્રતિષ્ઠા કરીને હનુમાનજીને પધરાવ્યા. તે સમે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જેઃ 'આ હનુમાનજીનું નામ શું ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આમનું નામ ભીડભંજન હનુમાન.' વળી સ્વામીએ કહ્યું જે, 'અહીં દર્શન કરવા આવનારને વર આપો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે ને આ હનુમાનજીની માનગત, પૂજા વગેરે કરશે તેનાં દુઃખ, દરિદ્ર, ભય, શોક, રોગ આદિ સર્વે નાશ પામશે ને સ્ત્રી, પુત્ર, ધન આદિ જે ઈચ્છશે તેની પ્રાપ્તિ થશે. અને જે નિષ્કામભાવે અહીં દર્શન કરવા આવશે તેને અમે અક્ષરધામમાં તેડી જઈશું.'-એમ વર આપ્યો. એવી રીતે હનુમાનજીની પ્રતિષ્ઠા કરીને બાપાશ્રી આદિ સર્વે મંદિરમાં પધાર્યા.

પછી તે દિવસ સાંજની કથાના પ્રારંભ પહેલાં બે વાગે અનાદિ મુક્તરાજ બાપાશ્રી સંતમંડળ તથા હરિભક્તને સાથે લઈ મંદિરમાંથી ઠાકોરજીને તેડીને પાકશાળામાં જમાડવા ગયા. ત્યાં સંતમંડળે શીરાના હોજ પાસે ઠાકોરજીને બાજઠ ઉપર પધરાવ્યા, પછી થાળનાં પદ બોલીને મહારાજને જમાડવા લાગ્યા. તે સમે કેટલાક સંત-હરિભક્તને શ્રીજીમહારાજનાં દિવ્યસ્વરૂપે દર્શન થયાં તે થાળનાં કીર્તન બોલ્યા ત્યાં સુધી દર્શન દઈ પછી અદૃશ્ય થયા. ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી સર્વે સંત-હરિભક્તને સાથે લઈને ત્યાંથી સુખડીઓ જ્યાં રાખી હતી તે ઘેર આવ્યા ને સુખડીના જે ઓરડા, તેમાં મોટા મોટા તાંબાના પતરાંમાં ભરેલી જે સુખડી તેના ઉપર ઠાકોરજીને પધરાવ્યા ને થાળનાં પદ બોલી ઠાકોરજીને જમાડ્યા. પછી સર્વે મંદિરમાં આવ્યા ને બાપાશ્રી મંદિરમાં આવીને ઓરડીમાં ઢોલિયે વિરાજમાન થયા ને સંત-હરિભક્તો અનાદિ મુક્તરાજશ્રીની પાસે બેઠા હતા. તે સમે કણબીના ચોવીસ ગામના હરિભક્ત નાના, વૃદ્ધ ને યુવાન એવાં બાઈઓ-ભાઈઓ સર્વે આવવા લાગ્યાં અને ગામેગામના ઉત્સવિયાની મંડળીઓ પણ આવી. આવી રીતે તે ગામ ને સીમ, તે સર્વે હરિભક્તમય થઈ રહ્યું હતું. પછી હરિભક્તને જમવાના 'હરે' થયા ને કુંવરજીભાઈની ઘનશ્યામ વાડીમાં પંક્તિઓ થઈ ને પીરસનારા હરિભક્ત શીરો, સુખડી આદિ ભોજન પીરસવા લાગ્યા ને બાપાશ્રી પંક્તિઓમાં ફરીને દર્શન દેતા હતા. એવી રીતે સર્વેને જમાડીને તૃપ્ત કર્યા.

ત્યાર પછી બીજે દિવસ એટલે અક્ષયત્રીજને દિવસે કથાયજ્ઞની સમાપ્તિ હતી, તેથી સર્વે વહેલા નિત્યવિધિ કરીને પરવાર્યા હતા ને ચોઘડિયાં તથા નાના પ્રકારનાં વાજિંત્રો વાજતાં હતાં ને ઉત્સવિયાની મંડળીઓ ઉત્સવની ઝીક મચાવી રહી હતી. હવે અનાદિ મુક્તરાજશ્રી ઠાકોરજીને અર્પણ કરવાના રૂપિયાની છાબો તથા ઠાકોરજીના વસ્ત્રની છાબો તેને પોતાના સેવક પાસે ઉપડાવીને ચાલ્યા. તે આગળ ઉત્સવિયા હરિભક્ત ઉત્સવ કરે છે એવા થકા સભામંડપમાં આવી ઠાકોરજીની આગળ ભેટની છાબો મેલી, ને ચંદનપુષ્પના હારથી પુસ્તક ને પુરાણીની પૂજા કરીને બાપાશ્રી પરિવારે સહિત આરતી કરવા લાગ્યા. તે સમે નાના પ્રકારનાં વાજિંત્ર વાજી રહ્યાં હતાં ને ચંદનપુષ્પની વૃષ્ટિઓ થતી હતી, પછી આરતી થઈ રહી ત્યારે સંતમંડળ ઝિલણિયાં કીર્તન ગાવા લાગ્યાં. ને કેટલાક ભક્તજન પરમ આનંદમાં મહારાજ ને મુક્તની સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે બાપા ! તમે તો સ્વામિનારાયણ ભગવાનના અનાદિમુક્ત છો ને તમારાં કોઈ માતપિતા નથી; તમે તો સર્વે સત્સંગીનાં માતપિતા છો અને સત્યસંકલ્પ છો, તે તમે દયા કરીને તમારાં દર્શન, સેવા, સમાગમ આદિનું સુખ અમને આપ્યું ને શ્રીજીમહારાજની મૂર્તિના સુખના અધિકારી કર્યા, એ કેવળ આપની દયા માનીએ છીએ ને તમે સદાય અમારી ઉપર રાજી રહેશો.' પછી

મુક્તરાજશ્રીના પુત્ર આદિ તેમણે સંતની ચંદનપુષ્પથી પૂજા કરીને ધોતિયાં ઓઢાડ્યાં. પછી મહંત સ્વામી મહાપુરુષદાસજી તેમણે ભૂજમંદિર તરફથી બાપાશ્રીને ચંદન ચર્ચી પુષ્પના હાર પહેરાવીને મસ્તકે શ્વેત ફેંટો બંધાવ્યો ને ખેસ ઓઢાડ્યો ને બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક તેમને પણ હાર પહેરાવીને છેડાવાળી ધોતલીઓ બંધાવી અને પછેડીઓ આપી. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ બાપાશ્રીની ચંદનપુષ્પથી પૂજા કરવા લાગ્યા અને સર્વે હરિભક્ત બાપાશ્રીને પાઘડીઓ બંધાવવા લાગ્યા. એવી રીતે પૂજાવિધિ સમાપ્ત થયો.

ત્યાર પછી હરિભક્તોને જમવાના 'હરે' થયા ત્યારે સર્વે હરિભક્ત વાડીમાં જમવા ગયા ને સર્વે સંતમંડળ મંદિરમાં રસોઈ કરીને જમ્યા. પછી કેટલાક સંતો હરિભક્તની પંક્તિમાં દર્શન કરવા ગયા ને બાપાશ્રી પંક્તિમાં ફરી સર્વેને પિરસાવીને જમાડતા હતા ને ભક્તજનો બાપાશ્રીનાં દર્શન કરી આનંદમાં જમતા હતા. આવી રીતે યજ્ઞમાં સર્વે હરિભક્તને તથા અંત્યજ વર્ણ આદિ સર્વેને જમાડ્યા તોપણ સુખડીઓના મોટા ઢગલા પડ્યા રહ્યા હતા તેને જોઈને, તથા મુક્તરાજ બાપાશ્રી અનંતરૂપે હજારો હરિભક્તને દર્શન દેતા હતા, તેવું બાપાશ્રીનું ઐશ્વર્ય જોઈને સર્વેને આશ્ચર્યપૂર્વક આનંદ ઊભરાતો હતો. હવે બાપાશ્રી કેવી રીતે દર્શન આપતા હતા, તો કોઈક સમે રાત્રીએ પોતે મંદિરના ઓરડામાં પોઢ્યા હોય અને કોઈક હરિભક્તને બીજે રૂપે દર્શન દઈને કહે જે, 'કેટલી સુખડી થઈ ને કેટલી બાકી છે ?' –એમ પૂછે. એવાં બાપાશ્રીનાં દર્શન પાકશાળામાં કરી તે હરિભક્ત મંદિરમાં આવે, ત્યાં તો બાપાશ્રીને ઢોલિયામાં સૂતા દેખીને આશ્ચર્ય પામે. અને વળી બાપાશ્રી કોઈકને કહેશે જે, 'કેટલું ઘી, ગોળ વગેરે સીધાનો પાક થયો તેનો હિસાબ કરો.' ને બીજે સ્વરૂપે તો પોતાને ઘેર બેઠા હોય એવાં દર્શન થતાં અને કેટલાક તો મંદિરમાં બાપાશ્રીનાં દર્શન કરીને છત્રીએ દર્શન કરવા જાય, ત્યારે ત્યાં પણ બાપાશ્રી બેઠા હોય, ને પાસે હરિભક્ત પણ બેઠા હોય ને વાતો કરતા હોય–એવાં દર્શન થતાં, ને વળી મંદિરમાં આવે ત્યારે બાપાશ્રી બેઠા હોય ને પાસે સંત–હરિભક્ત પણ બેઠા હોય, એવાં દર્શન કરીને આશ્ચર્ય પામે. ને કેટલાક હરિભક્ત આવતા હોય, તેમને રસ્તામાં પણ દર્શન દેતા. કેટલાકને તો અતિ તેજોમય એવા શ્રીજીમહારાજની જોડે દેખાતા. કેટલાકને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થતા દેખાતા. કેટલાકને અતિ વૃદ્ધ–સ્વરૂપ અને પરાણે ઊઠી બેસી શકે એવા અશક્ત દેખાતા ને કેટલાકને તો યુવાન અવસ્થાવાળા ને અંગે અંગને વિષે અતિ હૃષ્ટપુષ્ટ એવાં દર્શન થતાં. આવી રીતે બાપાશ્રીનાં ભિન્ન ભિન્ન દર્શન થતાં તેણે કરીને સર્વે હરિભક્તને અતિ આશ્ચર્ય થતું ને અતિશય આનંદ પામી શ્રીજીમહારાજની જોડે બાપાશ્રીને પણ સંભારતા.

હવે યજ્ઞની સમાપ્તિને અંતે ફરતા ગામડાના હરિભક્ત બાપાશ્રીનાં દર્શન–પૂજા કરી ને

પોતપોતાનાં ગાડાં જોડી પોતપોતાને ગામ ગયા. પછી બીજે દિવસ ગુજરાત આદિ દેશના હરિભક્ત પણ બાપાશ્રીનાં દર્શન કરી, તથા ચંદનપુષ્પથી સેવા-પૂજા કરીને અને મુક્તે સહિત શ્રીજીમહારાજની મૂર્તિ હૃદયમાં ધારીને પોતપોતાના દેશમાં ગયા. અને તે સંત-હરિભક્ત અંતઃકરણમાં અહોનિશ શ્રીજીમહારાજ ને બાપાશ્રી તથા યજ્ઞની લીલા સંભારતા હતા ને તેમને રાત્રીએ સ્વપ્નમાં પણ મુક્તરાજ બાપાશ્રી ને શ્રીજીમહારાજ તે દેખાતા હતા. તેમાં કોઈકને એવાં દર્શન થતાં જે, 'બાપાશ્રી સંતની સભામાં બેઠા છે ને મેં દર્શન કર્યાં ને મને પુષ્પનો હાર આપ્યો.' અને કોઈક સંતને સ્વપ્નમાં શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દર્શન થયાં, તેમાં શ્રીજીમહારાજે સર્વે સોનેરી વસ્ત્ર પહેર્યાં છે અને દિવ્ય તેજોમય મૂર્તિ એવા, ને તેમના ભેળા બાપાશ્રી છે ને તેમણે શ્વેત ને જાડાં વસ્ત્ર પહેર્યાં છે, એવા બાપાશ્રીએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં. તેણે કરીને સર્વે પરમ આનંદને પામી અનાદિમુક્તે સહિત પ્રત્યક્ષ શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. ઈતિ વિશ્રામ ૬૩

પાટોત્સવ કરવાની આજ્ઞા, કેસરાભાઈની દિવ્યગતિ, ધનુબા ને કાનબાને સાજાં કર્યાં, છત્રી ને છત્રીના હનુમાનનો મહિમા, મૂળીમંદિરનો પત્ર ને પ્રત્યુત્તર તથા રામપુર-કથાયજ્ઞ

હવે શ્રીજીમહારાજના સંકલ્પે કરીને મનુષ્યરૂપે સર્વેને દર્શન આપતા એવા અનાદિમુક્ત બાપાશ્રી યજ્ઞની સમાપ્તિ કરીને મંદિરમાં બેઠા હતા. તે સમે સ્વામી ઈશ્વરચરણદાસજી તથા ગુણાતીતદાસજી આદિ સર્વેએ મળીને બાપાશ્રીને પૂછ્યું જે, 'મૂળીમાં શ્રીરાધાકૃષ્ણ મહારાજનો શતવાર્ષિક-પાટોત્સવ કરવો કે નહિ ? કેમ જે અત્યારના દેશકાળ સારાં નથી.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હિંમત રાખીને કરો; દાખડો તો બહુ પડશે પણ મહારાજ પૂરું કરશે ને અમે પણ યજ્ઞમાં આવશું.' -એમ કહીને બાપાશ્રીએ વાત કરી જે, 'સર્વ કર્તા ને અક્ષર પર આનંદઘન-સ્વરૂપ ને અનાદિમુક્તના સ્વામી, સર્વ કારણના કારણ, સત્સંગીના સુખધામ, સંત-હરિભક્તને ઠરવાનું ઠામ, અનેક નામના નામી, અનેક સ્વરૂપના એક સ્વરૂપી -એવા એક શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ છે તેમને ભેળા રાખીને કરશો.' -એમ કહીને સર્વે સંતને દેશમાં જવાની રજા આપી. પછી બીજે દિવસે સર્વે સંત બાપાશ્રીને મળીને દેશમાં ગયા.

ત્યાર પછી દહીંસરામાં અનાદિમુક્ત કેસરાભાઈ માંદા હતા તેમને બાપાશ્રી આદિ અનંત મુક્તોએ સહિત તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજે દર્શન દીધું , ને કેસરાભાઈ સંવત ૧૯૭૮ના

જ્યેષ્ઠ સુદિ સપ્તમી ને બુધવારના દિવસ દેહ મેલીને મહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા ને ધામમાં ગયા. પછી અસાડ માસમાં અમાસને દિવસ બાપાશ્રીએ છત્રીએ ગામનાં સર્વે છોકરાંને તથા સાંખ્યયોગી બાઈઓ સર્વેને જમાડ્યાં.

ત્યાર પછી મોટાં મુક્ત ધનુબાને મંદવાડ થયો હતો તેથી તેમણે મુક્તરાજશ્રીને તેડાવ્યા હતા, તેથી બાપાશ્રી રામપુર ગયા ને દેવરાજભાઈ આદિ હરિભક્તને સાથે લઈ બાઈઓના મંદિરમાં પધાર્યા ને સર્વેને દર્શન દઈને બેઠા. ત્યારે મોટાં મુક્ત ધનુબા તેમણે મુક્તરાજશ્રીને કહ્યું જે, 'મને દેહ મેલાવીને અક્ષરધામમાં મૂર્તિમાં રાખો ; કેમ જે, મારે હવે આ લોકમાં રહેવું નથી ને આ દેહે કરીને કાંઈ ક્રિયા થાય તેવું પણ રહ્યું નથી, માટે ધામમાં તેડી જાઓ.' ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે, 'પાંચ દિવસ ખમો; પછી તેડી જઈશું.' ત્યારે ધનુબા રાજી થયાં ને કહ્યું જે, ' જોજો વળી ફરી જતા નહિ; જરૂર તેડી જજો.' ત્યારે અનાદિમુક્તશ્રીએ કહ્યું જે, 'પાંચ દિવસ શ્રીજીમહારાજના છે માટે શ્રીજીમહારાજે આ લોકમાં જેટલું રાખવું ધાર્યું હશે તેટલું રહેવું પડશે, પણ તેમાં કાંઈ ઓછું નહિ થાય માટે ધીરજ રાખવી.' –એમ કહી સાજાં કરીને રાખ્યાં ને બાપાશ્રી પાંછા બળદિયે પધાર્યા.

ત્યાર પછી વળી ધનુબાનાં સેવક કાનબા માંદાં થયાં ને દેહની સ્મૃતિ પણ ન રહી : જાણે જે દેહ પડી જશે તેવું થયું. તેને જાણીને ધનુબાને એમ થયું જે, 'મારી સેવા કરનાર જશે તો મારા દેહની ક્રિયા કોણ કરાવશે.' –એમ જાણીને મુક્તશ્રીને તેડાવીને કહ્યું જે, 'હે કૃપાળુ ! આપ જેમ ધારો તેમ કરવા સમર્થ છો; કેમ જે શ્રીજીમહારાજ તમારું સાંભળે છે માટે આ કાનબાઈને હમણાં રાખો, ને જો આમને ધામમાં તેડી જવાં હોય તો પ્રથમ મને તેડી જાઓ ને પછી તેમને તેડી જજો; નહિતર તેમને સાજાં કરો.' ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે, ' તેમને દેહ નહિ પડે ને તમે કાંઈ ચિંતા કરશો નહિ. ' –એમ કહીને કાનબાઈને પાસે આવીને બોલાવ્યાં ને સાજાં કર્યા. પછી તે કાનબાઈએ તે જ દિવસે મુક્તરાજ બાપાશ્રી સારુ ને ધનુબા સારુ રસોઈ કરીને તેમને જમાડ્યાં અને તે કાનબાઈ સાજાં થયાં ને ધનુબાની સેવા કરવા લાગ્યાં. આવી રીતે શ્રીજીમહારાજ ને અનાદિમુક્તનાં અલૌકિક દિવ્ય ચરિત્ર પ્રત્યક્ષ જોઈને સર્વેને આનંદ થતો હતો. પછી બાપાશ્રી વૃષપુર પધાર્યા ને એકાદશીની સવારમાં પૂજા કરીને છત્રીએ પધાર્યા અને ત્યાં ચરણારવિંદ તથા હનુમાનજીનાં દર્શન કરીને છત્રીને ઓટે બેઠા. ત્યારે તે એકાદશીનો દિવસ હતો માટે બીજા ગામના ને તે ગામના, ઘણાક હરિભક્ત દર્શન કરવા આવ્યા. તે સર્વે છત્રી ને હનુમાનજીનાં દર્શન કરીને બાપાશ્રીનાં દર્શન કરવા લાગ્યા. પછી બાપાશ્રી પાસે બેઠા.

પછી બાપાશ્રી વાત કરવા લાગ્યા જે, 'પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તેમણે અહીં પ્રગટ થઈને અમારી માતુશ્રીને દર્શન આપ્યાં હતાં ને અમે પણ અહીંયા કેટલીકવાર યજ્ઞ કરીને સંત-હરિભક્તને જમાડ્યા છે, માટે આ સ્થાન સર્વોત્તમ છે. આ સ્થાનમાં આવીને જે કોઈ દર્શન કરશે, તેને સર્વે પ્રસાદીના સ્થાનનાં દર્શન કર્યાંનું ફળ થશે. ને જે કોઈ આ સ્થાનમાં બેસીને વચનામૃત વાંચશે, પારાયણ કરશે-કરાવશે તેને અક્ષરધામની પ્રાપ્તિ થશે અને તેને મૂર્તિના સુખમાં રાખશું. અને જે કોઈ આ છત્રી અને હનુમાનજીને સંભારશે અથવા દર્શન કરશે, અથવા કોઈ દૂર દેશમાં રહ્યા થકા આ ભીડભંજન દેવની તથા છત્રીની સંકલ્પ કરીને માનગત કરશે તેનાં દુઃખ, દરિદ્ર, રોગ, ભય, શોક આદિ નાશ પામશે અને સ્ત્રી, પુત્ર, ધન, સુખ, સંપત્તિ તે પ્રાપ્ત થશે ને તેના સર્વે દોષ નાશ પામશે. અને કોઈકને ભૂત,પ્રેત, ગ્રહ વગેરેનો વળગાડ હશે ને દુઃખ દેતા હશે, અને તે જો આ સ્થાનમાં આવીને મહારાજ તથા મોટાને સંભારીને દર્શન કરશે ને આ તલાવડીમાં સ્નાન કરશે, તો તે ભૂત-પ્રેત થકી મુકાઈ જશે. અને જે કોઈ પિતૃ અસદ્ગતિને પામ્યા હશે તેનો તીર્થવિધિ અહીં કરશે, તો તે પણ મોક્ષગતિને પામશે.' આવી રીતે બાપાશ્રીએ વાતો કરી, તેને સાંભળીને સર્વે હરિભક્ત રાજી થઈને ગયા ને બાપાશ્રી મંદિરમાં પધાર્યા. આવી રીતે આ સ્થાનનો મહિમા બાપાશ્રીએ કહ્યો છે માટે આ સ્થાન સર્વોપરી તીર્થ છે. ને આ સ્થાનમાં બાપાશ્રીએ કેટલાક યજ્ઞ કર્યા છે, કેટલીકવાર સંત-હરિભક્તની સભાઓ કરી છે, કથાવાર્તાઓ કરી છે, કીર્તન ગવરાવ્યાં છે, રાસ રમાડ્યા છે, આ કૂવે ને આ તલાવડીમાં ઘણીવાર સંત-હરિભક્ત સહિત નાહ્યા છે, સંત-હરિભકતને જમાડ્યા છે ને પૂજાઓ કરી છે માટે આ સ્થાન અત્યંત પ્રસાદીનું છે અને આ સ્થાનમાં જે કોઈ સ્નાન, પૂજા, જપ, ધ્યાન વગેરે કરશે તથા સાધુ-સત્સંગીને જમાડશે તેઓ સર્વે અક્ષરધામમાં દિવ્ય મૂર્તિનું સુખ પામશે ને આ લોક-પરલોકમાં પરમ સુખી રહેશે. તેમ જ આ ગામનાં બે મંદિર તથા બાપાશ્રીનાં ઘર ને વાડીઓ તે પણ તેવાં જ તીર્થ છે. અને આ ગામ ને સીમ, તે સર્વે ગઢપુર ને છપૈયા તુલ્ય છે -આવી વાતો બાપાશ્રીએ ઘણીવાર કરી છે, માટે આવો મહિમા આપણે સમજવો ને સર્વેને સમજાવવો.

હવે તે વૃષપુરમાં બાપાશ્રી ઉપર મૂળી મંદિરથી સાધુ-સત્સંગીનો પત્ર આવ્યો તેની વિગત :-

સ્વસ્તિશ્રી અક્ષરધામ તુલ્ય શ્રીવૃષપુરમાં નિવાસ કરીને રહ્યા અને અનાદિ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી મનુષ્યસ્વરૂપ ને શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા ને પોતાના શિષ્યને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખી મૂર્તિનું સુખ પમાડનારા ને અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાનપ્રવર્તક ને પરમએકાંતિક ધર્મના ધારક એવા ને એકાંતિક ધર્મને વિષે નિષ્ઠાને પામેલા, એવા હજારે હજાર સાધુ અને સત્સંગી તે જેમની સેવા-સમાગમ શ્રદ્ધા-માહાત્મ્યથી કરે છે

ને પરમએકાંતિક ધર્મનું સ્થાપન કરનારા, આત્મારામ અને પૂર્ણકામ –એવા મુક્તરાજ અબજીબાપાશ્રીની દિવ્ય સેવામાં મૂળી મંદિરથી લિ. દીનદાસ સાધુ ઈશ્વરચરણદાસજી, ઘનશ્યામજીવનદાસજી, ગુણાતીતદાસજી, ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી આદિ આપના સ્નેહી સંતમંડળના તથા શેઠ બળદેવભાઈ, ચતુરભાઈ, નાગરદાસભાઈ, જીવા પટેલ આદિ સર્વે સત્સંગીના ઘણા સ્નેહથી 'જય સ્વામિનારાયણ' આપની દિવ્ય સેવામાં અંગીકાર કરશો.

બીજું 'મૂળી મંદિરનો પાટોત્સવ કરવામાં જો આપની મરજી હોય ને આપ પ્રેરણા કરો ને તે સમે આપ પધારીને સર્વેને દર્શન દો ને કૃતાર્થ કરો, તો પાટોત્સવ કરીએ ને પાટોત્સવ કરવાના રૂપિયા ગામેગામના હરિભક્ત પાસેથી ઉઘરાવીને ભેગા કરવાના છે; કેમ જે મૂળી મંદિરમાં રિસીવર છે, તે પાટોત્સવનું ખર્ચ આપે નહિ. માટે સર્વે સત્સંગી મળીને પાટોત્સવનું ખર્ચ ઉપાડી લેશે ને સંત દેહે કરીને સેવા કરશે, માટે આપ પધારો તો જ સમૈયો કરવો છે ને સત્સંગીઓ પણ સર્વે એમ કહે છે જે, 'બાપાશ્રી પાટોત્સવમાં જરૂર પધારે તો પાટોત્સવના ખર્ચમાં રૂપિયા આપીએ; પણ બાપાશ્રી પધારે નહિ તો રૂપિયા આપીએ નહિ.' તો હવે જેમ આપની મરજી હોય તેમ દયા કરીને પત્રમાં લખી મોકલાવશો. અને અમને પણ એક શ્રીજીમહારાજ ને આપને જ રાજી કરવાની ઈચ્છા છે પણ બીજી કાંઈ ઈચ્છા નથી; પાટોત્સવ કરીને ને બીજા સાધન કરીને, આપને ને શ્રીજીમહારાજને રાજી કરવા છે ને આપને રાજી કરવા સત્સંગની સેવા કરવી છે માટે શ્રીજીમહારાજ ને તમે અમારા સર્વના ઉપર રાજી થઈને અખંડ મૂર્તિમાં રાખશો જ, ને સળંગ મૂર્તિનું રોમરોમનું નવીન નવીન સુખ આપશો એ અમારી વિનંતી છે –એ જ.

ત્યાં સ્વામી મહાપુરુષદાસજી, ભક્તિપ્રિયદાસજી, બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવ-પ્રિયદાસજી આદિ સંતમંડળ તથા સેવક કાનજી, મનજી આદિ તથા પટેલ ઝીણા,પટેલ ધનજી ને દેવરાજભાઈ, મહેતા ભોગીલાલ, જેઠી ધનજીભાઈ, ઘેલાભાઈ, સોની મોતીભાઈ આદિ સર્વે સત્સંગીને અમારા 'જય સ્વામિનારાયણ' કહેશો.

દ : સાધુ ઈશ્વરચરણદાસ

હવે મુક્તરાજ બાપાશ્રીએ આ પત્રનો પ્રત્યુત્તર લખાવ્યો તેની વિગત :–

સ્વસ્તિશ્રી મૂળી મંદિરમાં સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ગુણાતીતદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ સંત તથા શેઠ બળદેવભાઈ, પટેલ જીવાભાઈ આદિ પ્રત્યે શ્રીવૃષપુરથી લિ. અનાદિ મુક્તરાજ અબજીભાઈ પાંચાભાઈના 'જય સ્વામિનારાયણ' વાંચશો.

લખવાનું જે તમારો પત્ર પહોંચ્યો છે; વાંચી વિગત જાણી છે. તમોએ રાધાકૃષ્ણ–હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ કરવા ધાર્યો છે તે કરશો. તેમાં મહારાજ રાજી થશે પણ તેમાં વિઘ્ન આવશે, ધીરજ રાખજો; મહારાજ પૂરું કરશે ને વિઘ્ન નડશે નહિ. અને અમારે શરીરે મહારાજ સારું રાખશે તો અમે જરૂર આવશું ને દિવ્ય સ્વરૂપે તો તમારા ભેળા જ છીએ ને ભેળા ભળશું, માટે મહારાજને રાજી કરવા કરશો. ને મહારાજની આજ્ઞામાં રહી કથાવાર્તા ધ્યાનભજન કરવું ને કરાવવું તે સાધુનો ધર્મ છે માટે સાધુને તો સર્વે ઈષણા મેલી પુરુષોત્તમરૂપ થઈ મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન , ઉપાસના, ભક્તિ વગેરે કરવાં, અને એકાંતિક ધર્મે યુક્ત પુરુષોત્તમરૂપ મૂર્તિના સુખભોક્તા એવા જે સંત છે, તેમને જ કલ્યાણકારી માનવા ને તે જ સદ્‌ગુરુ ને સાધુ જાણવા. એવા સંત દેવની પ્રતિષ્ઠા કરે તેમાં દૈવાતન આવે. એવા સંત હોય તે સાધુ કરે તેમાં સાધુતા આવે. એવા સંતના જોગે કરીને નિષ્કામ ધર્મ પળે. એવા સંત છે તે જ એકાંતિક ધર્મના ધારક છે; મોક્ષના કર્તા છે; મુમુક્ષુને શરણ પામવા યોગ્ય છે. માટે એવા સાધુ થાવું ને એવા સાધુ થવું હોય તેને તેવા સાધુનો જોગ કરવો ને ભગવાન ભજવા ને ભજાવવા –એ જ.

ત્યાં સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, ભગવત્સ્વરૂપદાસજી આદિ સર્વે સંત તથા નાગરદાસભાઈ, ભૂરાભાઈ આદિ સર્વને અમારા ઘણા સ્નેહથી 'જય સ્વામિનારાયણ' કહેશો. આવી રીતે પત્રનો પ્રત્યુત્તર લખી મોકલ્યો.

ત્યાર પછી ધનુબા રામપુરમાં 'વચનામૃત' ને 'ભક્તચિંતામણિ'નું દસ દિવસનું પારાયણ કરાવતાં હતાં, તેમાં બાપાશ્રી બીજે દિવસે રામપુર પધાર્યા ને બાપાશ્રી નિત્યે સભામાં આવીને બિરાજતા ને વાતો કરીને સર્વેને સુખ આપતા. પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે ધનુબાએ સર્વે સંતને ચાદરો અપાવી અને સાંખ્યયોગી બાઈઓ સર્વેને થાળીઓ આપી ને સર્વેને જમાડ્યા. પછી બાપાશ્રી સંતમંડળ સહિત હરિભક્તને ઘેર પધરામણીએ જતા. એવી રીતે બાપાશ્રી રામપુરમાં પાંચ દિવસ રહીને પાછા વૃષપુર આવ્યા. પછી ભૂજનગર ગયા ત્યાં બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રીને જમાડવા, જળપાન કરાવવું વગેરે સેવા કરતા. એવી રીતે બાપાશ્રી સંત–સત્સંગીને શાંતિ પમાડી પાછા વૃષપુર જઈને રહ્યા. ઈતિ વિશ્રામ ૬૪

મૂળીપાટોત્સવ–પરિયાણ, સ્વામી બાપાશ્રીને તેડવા ગયા, દેશદેશમાં કંકોત્રી ને તાર, બાપાશ્રીનું મૂળી–આગમન, સર્વેને બ્રહ્મભોજન, યજ્ઞસમાપ્તિ, ને શ્રીનગર થઈ ગામેગામ વિચરણ વગેરે

સંવત ૧૯૭૯ની સાલમાં સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ ને જીવા પટેલ

આદિ હરિભક્ત તેમણે મૂળીનો પાટોત્સવ કરવાનું નક્કી કર્યું પછી સંતોએ પાટોત્સવનો ખરડો કરવા ગામેગામ જઈને હરિભક્તોને વાત જણાવી. ત્યારે હરિભક્તોએ પાટોત્સવ થાય તેટલા રૂપિયા કરી આપ્યા ને મૂળીમાં પાટોત્સવનું કામ ચાલુ કરવા માંડ્યું ને હજારો મણ ઘી, ખાંડ, લોટ વગેરે સામાન આવી ગયો ને વાડીમાં ઉતારા વગેરેની સગવડ પણ કરી દીધી, ત્યારે કોઈકે રાજકોટ –સાહેબને અરજી કરીને પાટોત્સવ બંધ રખાવ્યો. તેથી સ્વામી ઈશ્વરચરણદાસજી બાપાશ્રી પાસે આવ્યા ને બાપાશ્રીને તે વાત જણાવી. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મૂળીએ જાઓ ને સાહેબને અરજી કરાવો.' પછી સ્વામીએ મૂળીએ આવીને શેઠ બળદેવભાઈ તથા મૂળી–દરબારને મળીને સાહેબને અરજી કરી. ત્યારે સાહેબે પાટોત્સવ કરવાની રજા આપી અને કોઈ વિઘ્ન ન કરી શકે તે સારુ પોલીસપાર્ટી પણ આપી. પછી યજ્ઞનું કામ ચાલુ કરવા માંડ્યું ને યજ્ઞમંડપ બહુ શોભાયમાન કર્યો. તેમાં હોમ કરવાનો કુંડ કર્યો ને પાકશાળા, શીરાના હોજ ને વાસણ આદિ સર્વે સામગ્રી તૈયાર થઈ, પછી સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજીને અને આશાભાઈને સાથે લઈને બાપાશ્રીને તેડવા ગયા ને બાપાશ્રીને મળ્યા. ત્યારે બાપાશ્રીએ પૂછ્યું જે, ' યજ્ઞ થાશે કે નહિ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'એ તો આપ જાણો ; જો યજ્ઞ થાય તેમ હોય તો પધારો, નહિતર હું પણ આપની સેવામાં અહીં જ રહીશ.'

તેવાં વચન સાંભળીને બાપાશ્રી બોલ્યા જે, 'આ યજ્ઞ શ્રીજીમહારાજનો છે ને અમારે કરવો છે તેને કોણ બંધ કરનાર છે ? ' પછી સ્વામીએ કહ્યું જે, 'આપ વા જણાવો છો તેનું શું કરશો ? ત્યારે કહ્યું જે, 'તેને તો રજા આપીશું.' પછી સ્વામી કંકોતરીઓ સાથે લાવ્યા હતા –તે બાપાશ્રીને આપી ને કચ્છનાં ગામડાંઓમાં તથા બીજા દેશમાં પણ મોકલાવી દીધી. ને કચ્છની કંકોતરીઓમાં બાપાશ્રીએ સાથે સાથે એમ પણ લખાવ્યું જે, 'અમારે અહીંથી કાલે ત્રીજને દિવસ નીકળવાનું છે ને તમે સર્વે ધનજીભાઈની સાથે ચોથના મૂળીએ આવશો.' પછી બાપાશ્રી ને સ્વામી ઈશ્વરચરણદાસજી ઠાકોરજી જમાડીને ભૂજ આવ્યા ને સ્વામીશ્રી તાર–ઑફિસમાં ગયા ને બાપાશ્રી મૂળીએ યજ્ઞમાં પધારે છે, એવા સમાચાર જે જે ઠેકાણે આપવાના હતા ત્યાં ત્યાં તાર કરાવીને મંદિરમાં આવ્યા, ને બાપાશ્રી તો મોતીભાઈને ઘેર મગનલાલને દર્શન દેવા ગયા હતા તે તેમને દર્શન દઈ ત્યાંથી મંદિરમાં આવ્યા. પછી સ્વામીએ સર્વે સંત–હરિભક્તને કહ્યું જે, 'પાટોત્સવનું નક્કી થયું છે, ને તમે સર્વે ચાલો; અમે જઈએ છીએ.' –એમ વાત કરી. પછી બ્ર. નિર્ગુણાનંદજીએ ખીચડી કરી હતી–તે બાપાશ્રી તથા સ્વામીને જમાડી, ને બીજે દિવસ બાપાશ્રી તથા સ્વામી નિત્યવિધિ કરી ઠાકોરજી જમાડી સ્ટેશને આવીને રેલગાડીમાં બેઠા. તે સમે ઘણા સંત તથા હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા સ્ટેશને આવ્યા હતા તેમને દર્શન દઈને બાપાશ્રી તૂણે થઈ

ને જામનગર આવ્યા ને ત્યાંથી રેલે બેસી રાજકોટ થઈ મૂળી-સ્ટેશને ઊતર્યા. ત્યાં મૂળીના સંતો તથા હજારો હરિભક્તો બાપાશ્રી સામા આગળથી આવ્યા હતા, તેમણે બાપાશ્રીનાં દર્શન કર્યાં ને ઘણા રાજી થયા ને બાપાશ્રીને સગરામમાં બેસાર્યા અને સ્વામી તથા શેઠ બળદેવભાઈ અને નાગરદાસભાઈ બાપાશ્રીની સાથે બેઠા ને મંદિરને દરવાજે આવ્યા. તે સમે ત્યાં ઘણા માણસની ભીડ હતી ને ચાલવાનો માર્ગ પણ નહોતો, તેથી પોલીસો આવીને આગળ માર્ગ કરવા લાગ્યા ને ચોકમાં શગરામ આવ્યો. પછી બાપાશ્રી હેઠા ઊતરીને મંદિરમાં દર્શન કરવા પધાર્યા. તે સમે સ્વામી ઈશ્વરચરણદાસજી તથા શેઠ બળદેવભાઈ આદિ હરિભક્ત સાથે હતા. તેઓ મંદિરમાં સુખ-સજ્યાનાં દર્શન કરી રાધાકૃષ્ણ-હરિકૃષ્ણ મહારાજ આગળ આવી ઊભા રહીને દર્શન કરતા હતા. તે સમયે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિનાં અતિ તેજોમય એવાં દર્શન બાપાશ્રી પાસે ઊભા રહેલા હરિભક્તને થયાં તેથી તેમણે બીજા હરિભક્તને વાત કરી, તે વાત સાંભળીને સર્વેને અતિશય આનંદ આવી ગયો ને વિઘ્નની શંકા ટળી ગઈ. વળી બાપાશ્રી યજ્ઞમંડપમાં પધાર્યા ત્યારે સર્વે બ્રાહ્મણો ઊભા થયા ને બાપાશ્રીના હાથે નાળિયેર તથા ઘી યજ્ઞ-કુંડમાં હોમાવ્યું. તે સમે સર્વે બ્રાહ્મણોએ મળીને આરતી કરી ત્યારે તે યજ્ઞમંડપમાં દિવ્યસ્વરૂપે શ્રીજીમહારાજનાં ને બાપાશ્રીનાં જોડાજોડ દર્શન થયાં. તે જોઈ સર્વે બ્રાહ્મણ ને સર્વે સત્સંગી અતિ આશ્ચર્ય પામ્યા ને જેમ અસાડ માસમાં વરસાદ વરસે ને લૂક મટીને ઠંડી હવા થઈ જાય, તેમ સર્વનાં હૃદયમાં ઉદ્વેગ મટીને શાંતિ પ્રસરી ગઈ. પછી બાપાશ્રી સભામંડપમાં પધાર્યા ને ત્યાં ઘણીવાર બેઠા. તે સમે સર્વે સાધુ-સત્સંગી દર્શન કરવા આવ્યા ને દર્શન કરીને સભામાં બેઠા ને બાપાશ્રીએ પણ ઘણીવાર સભામાં વિરાજીને દર્શન દીધાં. પછી બાપાશ્રી તથા સ્વામી મેડા ઉપર ઉતારે પધાર્યા ને બાપાશ્રીએ નાહી ધોઈ તથા ઠાકોરજી જમાડીને રાત્રીએ ઘડીવાર વિશ્રાંતિ કરી.

પછી બીજે દિવસ સવારમાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી ને ગુણાતીતદાસજી તેમને બોલાવીને કહ્યું જે, 'આ પાટોત્સવમાં શીરો ખૂટવા દેવો નથી માટે હવે શીરો કરાવવો બંધ રખાવો; આ કર્યો છે તેમાંથી અર્ધો પણ નહિ વરે ને યજ્ઞ થઈ રહ્યા પછી ગાડામાં લઈ જઈને ગામેગામ વહેંચાશે તોય ખૂટવાની વાત જ નથી.' -એમ કહીને શીરો કરવો બંધ રખાવ્યો. પછી બાપાશ્રી સંતોએ સહિત પાકશાળામાં જોવા પેધાર્યા ને ત્યાં શીરાના મોટા મોટા ત્રણ હોજ ભર્યા હતા, તેની પાસે શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી ને મહારાજને થાળ જમાડ્યો. પછી બાપાશ્રીએ હોજમાં સાકરની પ્રસાદી નાખી, ને સ્વામી ગુણાતીતદાસજી ને પુ. ધર્મકિશોરદાસજી વગેરે સંતને કહ્યું જે, 'હરિભક્તને ગમે તેમ જમાડશો ને ગાડાં ભરી ભરીને આપશો તોપણ શીરો ખૂટવાનો નથી. અને ધનજીભાઈ કચ્છનો મોટો સંઘ લઈને આવ્યા હતા

તેમને તો શીરાનો એક હોજ સોંપ્યો ને કહ્યું જે, 'આમાંથી તમારે સૌને જમાડવા, –એમ કહીને બાપાશ્રી મંદિરમાં પધાર્યા. પછી લાખો મનુષ્ય બે દિવસ સુધી જમ્યાં ને બળદ, ગાયો, ભેંસો વગેરે પશુઓને પણ શીરો ખવરાવ્યો ને વાસણો ભરી ભરીને લઈ જવાની છૂટ આપી તોપણ શીરાના હોજમાં શીરો એમ ને એમ જણાતો હતો. આવો અલૌકિક પ્રતાપ જોઈ સર્વેને એમ થયું જે,'આ યજ્ઞમાં શ્રીજીમહારાજ ને મોટા મુક્ત આવ્યા છે, તેમના પ્રતાપથી આ યજ્ઞ થયો.'

અને પાટોત્સવને દિવસે કેટલાક મોટા મોટા દરબારો મોટરોમાં બેસીને દર્શન કરવા આવ્યા હતા ને ઘણી જ ધામધૂમ થઈ હતી. આવી રીતે આનંદમય એવો શતવાર્ષિક-પાટોત્સવ સંપૂર્ણ થયો પણ તેમાં વિઘ્ન આવતાં છતાં કોઈ વિઘ્ન નડ્યું નહિ, તે પ્રતાપ શ્રીજીમહારાજ તથા અનાદિમુક્ત બાપાશ્રીનો છે –એમ સર્વેને જણાયું. બીજે દિવસે બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને વાડીમાં પ્રસાદીના સ્થાને દર્શન કરવા ગયા. ત્યાં સૌ નાના–મોટા બાઈ–ભાઈ સર્વેને દર્શન દીધાં ને કચ્છના ધનજીભાઈ આદિ હરિભક્ત પાસે આવીને વાત કરી જે, 'આ યજ્ઞનું કામ પૂરું થઈ ગયું; હવે અહીંથી જેને પાછું વળવું હોય તે ભલે વળે ને કોઈને અમદાવાદ કે વડતાલ દર્શન કરવા જવું હોય તો તે સુખેથી જાઓ, પણ મારે તો અમદાવાદ રોકાવું પડશે; કેમ જે જાદવજીની આંખો ડૉ. નાગરદાસ પાસે બતાવવાની છે ને તે અમદાવાદ લઈ જવાનો આગ્રહ કરે છે.' –એમ વાતો કરીને મંદિરમાં પધાર્યા.

હવે તે વખતે સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી ને સદ્. સ્વામી વૃંદાવનદાસજીને આસને હરિભક્તોની સભામાં એમ વાત થઈ હતી જે, 'તમે બાપાશ્રીને સાથે લઈને આ દેશમાં ગામેગામ પધારો તો સારું. ' ત્યાં તો બાપાશ્રી ત્યાં આવ્યા ને 'જય સ્વામિનારાયણ' કરીને બેઠા એટલે સ્વામીએ હરિભક્તોની વતી બાપાશ્રીને કહ્યું જે, 'આ હરિભક્તો આપને ગામેગામ પધારી દર્શન દેવા વિનંતી કરે છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તો અમારો એકેય ઠરાવ રાખ્યો નથી. જેમ સંત–હરિભક્ત રાજી થાય તેમ કરીએ છીએ.' –એ વાત સાંભળીને સ્વામી ઈશ્વરચરણદાસજીએ શેઠ બળદેવભાઈ આદિ હરિભક્તને કહ્યું જે, 'પ્રથમ તો બાપાશ્રીને અમદાવાદ આવવાનું નક્કી કર્યું છે; કેમ જે જાદવજીની આંખોની દવા કરાવવી છે તેથી ત્યાં જવું, ને ત્યાં ગયા પછી જેમ સહુ રાજી થશે તેમ કરશું.' આવી રીતે વાત થતી હતી ત્યાં ઠાકોરજીના થાળ થયા. પછી ઠાકોરજી જમાડી તૈયાર થઈ સંતોએ સહિત બાપાશ્રી સ્ટેશન પધાર્યા. તે વખતે બાપાશ્રી સાથે સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી ને પુ. ધર્મકિશોરદાસજી આદિ સંતો હતા તે બધા ગાડીમાં બેસીને વઢવાણ આવ્યા. ત્યાં બાપાશ્રી મણિલાલભાઈ ને નાગરદાસભાઈના હેતથી તેમને ઘેર જમી બીજે દિવસ રેલમાં બેસીને અમદાવાદ સ્ટેશને ઊતર્યા ત્યાં પણ શેઠ બળદેવભાઈ વગેરે

ઘણા હરિભક્ત સામા આવ્યા હતા, તેમણે બાપાશ્રીને દંડવત્ પ્રણામ કરીને ફૂલના હાર પહેરાવ્યા અને બળદેવભાઈ મોટર લાવ્યા હતા, -તેમાં બેસીને તેમની સાથે તેમની અસારવા મિલમાં પધાર્યા ને સર્વે સંત સરસપુર -મંદિરમાં ગયા.

પછી ગુજરાત આદિ દેશના ઘણા હરિભક્ત આવી ને બાપાશ્રીને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! અમારે ગામ પધારવા દયા કરો.' ત્યારે બાપાશ્રી મોટા મંદિરમાં દર્શન કરી ને આચાર્યશ્રી તથા સર્વે સંતને મળી સદ્‌ગુરુ આદિ સંત સહિત રેલગાડીમાં બેઠા, તે છારોડી સ્ટેશને ઊતરી ગાડામાં બેસી ખંડેરપરા થઈને ગામ મેડે પધાર્યા. ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી થોડીવાર બેઠા ને સર્વે હરિભક્તોએ બાપાશ્રીની પૂજા કરી. પછી બાપાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી.પછી મોહનભાઈને ઘેર જમ્યા ને સર્વેને દર્શન દઈ બીજે દિવસે મણિપુરા પધાર્યા ને બાઈઓના મંદિરમાં મૂર્તિઓ પધરાવી, ને ત્યાંના પટેલ જીવાભાઈ તથા ઝવેરભાઈ આદિ સર્વેને રાજી કરીને તથા જમીને બીજે દિવસ જોશીપરે પધાર્યા. ત્યાં હરિભક્તને દર્શન દઈ ત્યાંથી કલ્યાણપરે આવ્યા, ત્યાંથી દેવપરા આવ્યા, ત્યાં ઠાકોરજી જમાડીને ધર્મપુર પધાર્યા. ત્યાં એકાદશીનું ફળાહાર કરી ત્યાંથી ઘોઘામઠ ને પુંડરપુરમાં ઠાકોરજીનાં દર્શન કરી ગામ વિશોદપરે આવ્યા. ત્યાં ખીચડી જમાડી ગાડામાં બેસીને કડી પધાર્યા. ત્યાં ઠાકોરજી જમાડી હરિભક્તોના આગ્રહથી ઘેર ઘેર જઈને દર્શન આપ્યાં ને કડીથી કુંડાળના હરિભક્તને દર્શન દઈને મંદિરમાં દર્શન કરી પાછા કડી આવ્યા, ત્યાંથી ઉનાવાના હરિભક્તની પ્રાર્થના સાંભળી ઉનાવે ગયા. ત્યાં મંદિરમાં દર્શન કરી થોડીવાર કથાવાર્તા કરી. પછી ગામના સર્વે હરિભક્ત દર્શન કરવા આવ્યા, તે સર્વેને બાપાશ્રીએ દર્શન દીધાં. પછી ત્યાંથી વાસણે પધાર્યા. ત્યાં મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન કરીને આરતી ઉતારી ને હરિભક્તના ઘેર પગલાં કરી ઠાકોરજી જમાડી રાત રહ્યા, ત્યાંથી કલોલ થઈ આદરેજ તથા ધમાસણાના હરિભક્તને દર્શન દઈ પાછા અમદાવાદ શેઠ બળદેવભાઈની મિલમાં પધાર્યા. ત્યાં જાદવજીની આંખની દવા ચાલતી હતી ને કરાંચીના હરિભક્તોએ બાપાશ્રીને કરાંચી આવવા વિષે તાર-કાગળો લખ્યા હતા. પછી તેઓ બાપાશ્રીને તેડવા અમદાવાદ આવ્યા ને બાપાશ્રીને ઘણી પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'તમે ભેગા ચાલો તો આપણે કરાંચી જઈ આવીએ ને ત્યાં સુધી અહીં જાદવજીની દવા પણ થાય.' ત્યારે સ્વામીએ હા પાડી ને કહ્યું જે, 'બેત્રણ દિવસ પછી જઈએ તો ઠીક.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ત્યાં સુધી હું જેતલપુર ઠાકોરજીનાં દર્શન કરી આવું.' -એમ કહી પોતે એક દિવસ જેતલપુર ને અસલાલીમાં દર્શન કરી આવ્યા ને ફરતા ગામડાના હરિભક્તો તાણ કરતા હતા, તેથી રાયપુર, સરસપુર વગેરે સ્થળે જઈને સહુને દર્શન દઈ રાજી કરતા, સાંજ-સવાર

મંદિરમાં દર્શન કરવા જતા, ત્યાં સભામાં બેસતા અને ક્યારેક પોતે વાતો કરતા –એમ સર્વેને રાજી કર્યા. પછી અમદાવાદથી સંત–હરિભક્તને સાથે લઈને કરાંચી જવાનું નક્કી કર્યું. ઇતિ વિશ્રામ ૬૫

કરાંચીગમન, સામૈયાની શોભા, ઘેરઘેર પધરામણી, ડૉ. નાગરદાસને દિવ્યદર્શન, ભક્તોની સ્તુતિ, સ્ટેશન પર ચમત્કાર, હૈદરાબાદ–રાણીબાગમાં લીલા ને શ્રીનગર–અસારવા મિલમાં નિવાસ

ત્યાર પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રી કરાંચી જવા નીકળ્યા ત્યારે તેમની સાથે સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંત તથા આશાભાઈ, સોમચંદભાઈ આદિ હરિભક્ત ભેગા ગયા હતા. તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કરાંચી તાર કર્યો જે, 'બાપાશ્રી કરાંચી પધારે છે.' તેથી ગાડી પહોંચ્યાના સમયે સર્વે હરિભક્ત મોટરો હાજર રાખી ફૂલના હાર લઈ લઈ સ્ટેશને રાહ જોઈને ઊભા હતા. ત્યાં ગાડીમાં બાપાશ્રી તથા સર્વે સંતોને દેખ્યા, એટલે 'શ્રી સહજાનંદસ્વામી મહારાજ'ની જય બોલતાં સૌને હર્ષનો પાર રહ્યો નહિ. પછી ગાડીથી નીચે ઊતર્યા, ત્યારે સૌએ દંડવત્ કરી બાપાશ્રી તથા સંતોને ચંદન ચર્ચી ફૂલના હાર પહેરાવવા માંડ્યા.તે વખતે આખું સ્ટેશન હરિભક્તથી ઊભરાતું હતું ને સૌ અનાદિ મુક્તરાજ બાપાશ્રી સામું જોઈ રહ્યા હતા. તે સમે બાપાશ્રીનું સ્વરૂપ અતિશય અદ્‌ભુત ને અલૌકિક ભાસતું હતું અને કંઠને વિષે ઘણાંક પુષ્પના હાર પહેરેલા ને ભાલને વિષે ચંદન ચર્ચેલું ને ચારે કોર મોટા સંતોએ સહિત શોભતા, એવા બાપાશ્રીનાં દર્શનથી જ સર્વેને દિવ્યભાવનો આનંદ વર્તતો હતો. આમ ઘણા સમૂહે વીંટાયેલા બાપાશ્રી તથા સંતો ધીરે ધીરે ચાલતા સ્ટેશન બહાર આવીને મોટરમાં બેઠા. ત્યાં તો નાના નાના સત્સંગીઓનું મંડળ પ્રથમથી જ મોટરની આગળ ગોઠવાઈ ગયું હતું. તેમાં આગળ બે મોટા યુવાન પુરુષોએ 'હે પ્રભુ ! ધર્મની રક્ષા કરો.' એવા કપડામાં લખેલા સોનેરી શબ્દોનો વાવટો ઝાલ્યો હતો. તેની આગળ ઉત્સવિયા હરિભક્તની મંડળીઓ હતી, તેમણે પણ ઉત્સવનાં કીર્તન બોલવાં શરૂ કર્યાં ને મોટા મોટા ગૃહસ્થ હરિભક્ત તો તેનાથી આગળ ચાલ્યા. વચમાં બાપાશ્રી તથા સંતોની બે મોટરો, તેની પાછળ પણ હજારો મુમુક્ષુજનો ચાલ્યા આવે. આ પ્રકારે બાપાશ્રીને શહેરમાં લઈ જવા સૌએ ધીરે ધીરે ચાલવા માંડ્યું. કરાંચીના હરિભક્તનું આવું હેત જોઈને બાપાશ્રી પ્રેમને આધીન થઈ જે કોઈ માર્ગમાં આવી હાર પહેરાવી જાય, કે છૂટાં ફૂલ માથે ઉછાળે, કે કોઈ ભાલે કુંકુમના ચાંદલા કરી જાય તે સર્વે સેવા અંગીકાર કરતા ને સૌને માથે હાથ મૂકી સુખ આપતા. એવી રીતે તેમની સેવા અંગીકાર કરી સર્વેના મનોરથ પૂરા કરીને ચાલ્યા, ત્યારે શેઠ લાલુમલ, મહાદેવભાઈ, સોમચંદભાઈ, ગોરધનભાઈ, હીરાભાઈ, પ્રભાશંકરભાઈ,

ગોવિંદભાઈ, ઠાકરસીભાઈ આદિ ઘણાક ઉત્સવિયા હરિભક્ત બાપાશ્રીની મોટર આગળ ઉત્સવ કરતા થકા ચાલ્યા ને તેની આગળ વાજિંત્રને વગાડનારા વાજિંત્ર વજાડતા થકા ચાલતા હતા.

હવે તે સમયે કચ્છમાંથી સ્વામિનારાયણ સંપ્રદાયના અનાદિમુક્ત અબજીબાપાશ્રી પધાર્યા છે, એવું સાંભળીને શહેરના લાખો માણસો દર્શન કરવા આવ્યા હતા ને મોટા મોટા શેઠિયા શાહુકારો પણ હજારે હજાર આવ્યા હતા ને બજારને બન્ને પડખે મુક્તરાજનાં દર્શન કરવા ઊભા રહ્યા હતા. તે સમે બાપાશ્રીનું દર્શન અતિ અલૌકિક દિવ્યભાવે સર્વેને થતું હતું; તે કેવા, તો સર્વે શ્વેતવસ્ત્રને ધારણ કરતા ને વિશાળ એવું ઉરઃસ્થળ તેમાં મોગરા, ગુલાબ આદિ પુષ્પના ઘણાક હારને ધારણ કરી રહેલા ને જેમના વિશાળ ભાલમાં કેસર–ચંદનનું લેપન કર્યું છે ને જેમનું મુખકમળ શરદઋતુના પૂનમનો ચંદ્રમા હોય ને શું ! એવું શોભે છે. ને પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ મહારાજની ઇચ્છાથી મનુષ્યરૂપે દર્શન આપતા, એવા પરમ અનાદિ મહા મુક્તરાજ બાપાશ્રી તેમનાં દર્શન સર્વેને દિવ્યભાવે થતાં હતાં. અને તે સમયે મેઘાડંબરથી આકાશ અતિશય શોભતું હતું ને પૃથ્વીનું તળ પણ ભક્તજનોથી અતિશય શોભતું હતું, અને સર્વેનાં અંતરમાં અક્ષરધામનું સુખ વર્તતું હતું ને મુક્તરાજશ્રીએ પણ તે સર્વનાં અંતઃકરણની વૃત્તિઓને શ્રીજીમહારાજની મૂર્તિમાં આકર્ષણ કરી હતી. એવી રીતે શહેરમાં સૌને દર્શન દઈને મંદિરમાં આવ્યા, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી વગેરે સંતોની મોટર આગળ કરી, તેથી તે સર્વે સંતો મંદિરમાં ગયા ને બાપાશ્રીની મોટર દરવાજા પાસે ઊભી રાખી. ત્યાં મોટા ચોગાનમાં સાંખ્યયોગી વગેરે બાઈઓનો સમૂહ બાપાશ્રીનાં દર્શન કરવા તલપી રહ્યો હતો, તેથી બાપાશ્રી મોટરથી નીચે ઊતર્યા એટલે સર્વે બાઈઓએ છેટેથી 'જય સ્વામિનારાયણ' કહી દર્શન કર્યાં. પછી મંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને મંદિરની જગ્યામાં મેડા ઉપર સાધુમંડળ ભેગા ઊતર્યા. અને રેલગાડીમાં આવ્યા હતા તેથી વસ્ત્ર સહિત સ્નાન કર્યું ને બાઈઓના મંદિરમાં સાંખ્યયોગી બાઈઓએ બાપાશ્રી સારુ થાળ તૈયાર કર્યા હતા, તેથી પોતાના ભેગા આવેલા સેવકોએ સહિત ત્યાં જમવા પધાર્યા ને જમી આવીને વિશ્રામ કર્યો. ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ તે દિવસે જમ્યા નહિ ; કેમ કે રેલગાડીમાં આવ્યા હતા. પછી બીજે દિવસ પોતાને હાથે રસોઈ કરી ઠાકોરજીને થાળ ધરીને સૌ સંત જમ્યા.

હવે તે દિવસ મુક્તરાજ બાપાશ્રી નિત્યવિધિ કરીને સંતો સહિત ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા ને ઘણાક હરિભક્તો પણ આવ્યા હતા. વળી તે વખતે શ્રીજીમહારાજની સર્વે મૂર્તિઓનાં તેજોમય ને 'મંદ મંદ' હાસ્ય જુક્ત એવાં દર્શન સૌને થતાં હતાં. આવો બાપાશ્રીનો પ્રતાપ જોઈને

સર્વેને આનંદ થતો હતો ને બ્ર. પુરુષાનંદજીએ ઠાકોરજીને પહેરાવેલો ગુલાબના પુષ્પનો હાર લઈને બાપાશ્રીને પહેરાવ્યો, તેથી બાપાશ્રી પણ તેમના ઉપર ઘણા રાજી થયા. પછી બાપાશ્રી બ્રહ્મચારીને તથા પાર્ષદ અને હરિભક્તને ' જય સ્વામિનારાયણ' કરી સભામાં આસન ઉપર બેઠા ને સર્વે સંત-હરિભક્તની સભા પણ બેઠી ને બાપાશ્રીએ સર્વેને દર્શન દઈ વાતો કરી સુખિયા કર્યા. પછી દસ વાગે કથાની સમાપ્તિ કરીને થાળની આરતી થઈ, ત્યારે ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી જમવા પધાર્યા ને જમી આવીને આસને બિરાજમાન થયા. તે સમે લાલુમલ આદિ સત્સંગી તેમણે સાધુ-હરિભક્ત સહિત બાપાશ્રીને પોતાને ઘેર પધારવા પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી તે સર્વે હરિભક્તના ઘેર વારાફરતી નિત્યે પધારતા ને સૌના મનોરથ પૂરા કરતા ને બાપાશ્રી મંદિરમાં સભા કરીને સવારમાં તથા સાંજે વિરાજમાન થતા ને સિંધિયા, મોટા તથા બીજા કેટલાક જનો આવીને બાપાશ્રીનાં દર્શન કરીને રાજી થતા ને બાપાશ્રીની પ્રાર્થના કરી વર્તમાન લઈને સત્સંગી પણ થયા. તે સમે વિરમગામમાં ડૉ. નાગરદાસ માંદા હતા. તેમને બાપાશ્રીનાં દર્શન કરવાની ઇચ્છાથી બાપાશ્રીને તાર કરાવ્યો હતો, તેથી બાપાશ્રીએ તેમને કરાંચીમાં રહ્યા થકા દર્શન આપીને તેમનો મનોરથ પૂરો કર્યો. આવી રીતે અનાદિ મુક્તરાજ બાપાશ્રી કરાંચીમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ હરિભક્તને ક્ષણની પેઠે વીતી ગયા હતા ને સર્વે હરિભક્તો ખાવું-પીવું પણ ભૂલી જતા ને ઊંઘ-આળસ પણ જણાય નહિ, ને રાત્રી-દિવસ બાપાશ્રી પાસે બેઠા જ હોય -એમ અહોનિશ આનંદમાં જતા.

એવી રીતે દસ દિવસ સુખ આપીને બાપાશ્રી સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ સહિત ચાલવા તૈયાર થયા. ત્યારે સર્વે હરિભક્ત આવીને મેવાની ભેટો મેલી દંડવત્ કરવા લાગ્યા. પછી હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે અનાદિમુક્ત ! આવા ને આવા અમારા ઉપર રાજી રહેજો ને તમારા ભેગા શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખજો ને સળંગ મૂર્તિનું સુખ ભોગવાવજો ને તમારે વિષે મનુષ્યભાવ ન આવે ને પંચવિષય તે કાકવિષ્ટા જેવાં થઈ જાય ને ઐશ્વર્યમાં પણ સારપ્ય ન મનાય ને એક મૂર્તિમાં જ રસબસ જોડાઈને મૂર્તિને સુખે સુખી થવાય ને ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિની સ્મૃતિ રહે; હે દયાળુ ! અમારા ઉપર આવી દયા કરો.' ત્યારે બાપાશ્રી રાજી થઈને બોલ્યા જે, 'તમે આવું ને આવું હેત રાખજો ને આજ્ઞા યથાર્થ પાળજો, તો અમે તમારું પૂરું કરશું.'-એમ કહી મોટરમાં બેસીને ચાલ્યા ને સર્વે ભક્તજન બાપાશ્રીને મેલવા સ્ટેશન પર આવ્યા ને સંતમંડળ સહિત બાપાશ્રીને રેલગાડીમાં બેસારીને બાપાશ્રીના સામું જોઈ રહ્યા. તે વખતે ગાડી ઊપડવાની થોડીવાર હતી તેથી મોટી ઝોળીમાં મેવાનાં બધાં પડીકાં છોડી નાખીને

બાપાશ્રીને ઝોળી આપી ને બાપાશ્રીએ સર્વે હરિભક્તને તેમાંથી ખોબે ખોબે પ્રસાદી વહેંચવા માંડી, તે ગાડી ઊપડવાની સીટી થઈ ત્યાં સુધી સર્વેને મેવો આપ્યો, તોપણ ઘણો વધી પડ્યો. આવો અદ્‌ભુત ચમત્કાર સર્વેએ જોયો ને સર્વેનાં નેત્રમાં પ્રેમનાં અશ્રુ આવી ગયાં ને હાથ જોડીને રાજી રહેવાની માગણી કરતા ઊભા રહ્યા, ને કેટલાક હૈદરાબાદ સુધી વળાવવા જનારા હરિભક્તો ગાડીમાં ભેળા બેઠા. પછી ત્યાંથી રાત્રીએ ગાડી ચાલી, એટલે વળાવવા આવેલા સૌ હરિભક્તો આવી લીલાનું સ્મરણ કરતા થકા પાછા વળ્યા.

હવે બાપાશ્રી ને સંતમંડળ ને સાથે ગયેલા હરિભક્ત તે સર્વે સવારમાં હૈદરાબાદ પહોંચ્યા ને ત્યાં સ્ટેશન પાસે રાણીબાગ નામનો બગીચો છે તેમાં ઊતર્યા. ત્યાં સૌએ નાહીને પૂજા કરી લીધી ને બાપાશ્રી પણ નાહ્યા ને પૂજા કરી. પછી હરિભક્તો મગજના લાડુનો ડબ્બો સાથે લાવેલા તે બાપાશ્રી પાસે મૂકીને પ્રાર્થના કરી જે, 'આપ ને સંત પ્રથમ ઠાકોરજીને જમાડો, પછી અમને પ્રસાદી આપો.' –એમ કહેવાથી બાપાશ્રી ને સંત મહારાજને જમાડીને પછી જમ્યા. ત્યાર પછી હરિભક્તની પંક્તિ કરીને બાપાશ્રીએ પોતાને હાથે પીરસ્યું, તેથી હરિભક્ત પોતાનાં અહોભાગ્ય માની ઉમંગભર્યા જમવા લાગ્યા ને બાપાશ્રી પણ ઘણા રાજી થયા ને બાપાશ્રીએ હરિભક્તોની પ્રશંસા કરીને કહ્યું જે, 'આમને કાંઈ પ્રસાદી હોય તો આપીએ.' ત્યારે સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિઓ ને પ્રસાદીનાં વસ્ત્ર બાપાશ્રીને આપ્યાં, –તેમાંથી એક એક મૂર્તિ ને વસ્ત્રનો એક એક કકડો પચાસ જેટલા હરિભક્ત હતા તેમને આપ્યા. પછી હરિભક્તોએ ઉઘાડે શરીરે બેઠેલા, એવા બાપાશ્રીની પ્રાર્થના કરીને ફૂલ પાથરીને તે ઉપર બેસાર્યા ને ભાલમાં ચંદન ચર્ચી ચાંદલા કર્યા ને વધેલાં ફૂલ બાપાશ્રી તથા સંતો ઉપર નાખ્યાં. એમ પૂજા કરી ત્યાં સુધી બાપાશ્રી નેત્ર મીંચી ધ્યાનયુક્ત બેઠા રહ્યા. પછી જાગ્રત થઈને સૌને ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કર્યા ને સંતો પાસે નારંગી વગેરે ફળ હતાં, તેમાંથી એક એક ફળ બધાયને આપ્યાં ને માથે હાથ મૂક્યા ને કહ્યું જે, 'તમને મૂર્તિ આપી ને અક્ષરધામમાં મૂર્તિના સુખમાં રાખશું. તમે અમને ઘણા રાજી કર્યા છે; હવે આવા ને આવા સંભારજો.' પછી ગાડીએ જવાનો સમય થયો એટલે સર્વે સ્ટેશન ઉપર આવ્યા ને ગાડી તૈયાર ઊભી હતી તેમાં બેઠા ને ગાડી ઊપડવાનો સમય થયો. ત્યારે સર્વેએ પ્રાર્થના કરી એટલામાં ગાડી ઊપડી ત્યારે સૌ હાથ જોડી ઊભા રહ્યા ને પછી સાંજની ગાડીમાં બેસી કરાંચી ગયા. આવી રીતે કરાંચી–નિવાસી હરિભક્તને સુખ આપ્યાં ને બાપાશ્રી સંતમંડળ સહિત હૈદરાબાદથી બપોરે ચાલ્યા તે બીજે દિવસ મારવાડ જંકશન પહોંચ્યા, ત્યાં ધર્મશાળામાં નાહી–ધોઈ પૂજાઓ કરી. પછી ટીમણ કરીને ગાડીએ બેઠા તે અમદાવાદ સ્ટેશને આવ્યા, ત્યાં તો શેઠ બળદેવભાઈ મોટર લઈને ઊભા હતા. તેમ બીજા પણ ઘણા હરિભક્ત સામા આવ્યા હતા તે

સર્વેને મળી મોટરમાં બેસી મંદિરમાં આવીને ઠાકોરજીનાં દર્શન કર્યાં. ત્યાં હેતવાળા સંત-હરિભક્તોએ સમાચાર પૂછ્યા, તેમને કરાંચીના સમાચાર કહી શેઠ બળદેવભાઈની સાથે અસારવા મિલમાં પધાર્યા. ઈતિ વિશ્રામ ૬૬

મિલમાં કથાવાર્તા, ગામેગામ ફરી વાંસવામાં મૂર્તિપ્રતિષ્ઠા, વિરમગામ-ભોજન, પાટડીમાં નાગજીભાઈની પ્રશંસા, ને ઝાલાવાડના તથા ગુજરાતના ભક્તની સ્તુતિનો સ્વીકાર

હવે બાપાશ્રી અમદાવાદ આવ્યા પછી પોતાના પૌત્ર જાદવજીની આંખે ને હરજીભાઈના શરીરે ઠીક થતું આવતું હતું અને બાપાશ્રી પણ તેમને રાજી કરવા ત્રણ દિવસ ત્યાં રહ્યા. તે સમે નિત્યે શેઠ બળદેવભાઈની મોટરમાં બેસીને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા જતા ને સંતનાં દર્શન કરીને સભામાં બેસતા ને ઘણા સંત-હરિભક્ત બાપાશ્રી પાસે આવી આવીને દર્શન કરતા ને બાપાશ્રી પણ તેમને માથે હાથ મૂકી આશીર્વાદ આપે, બોલાવે, મહારાજની આજ્ઞા-ઉપાસનાની વાતો કરે -એમ અનેક પ્રકારે સુખ આપતા. પછી મંદિરમાંથી મિલમાં પધારે ત્યારે સંત પણ ઠાકોરજી જમાડીને મિલમાં આવે. ત્યાં બાપા પાસે સભા ભરાય ને 'વચનામૃત'ની કથા વંચાય ને સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ ઘણા મોટા સંત તથા હરિભક્ત સભામાં બેઠા હોય ને બાપાશ્રી પરભાવની વાત કરતા ને વળી સંત પ્રશ્ન પૂછે તેના ઉત્તર સમજાવીને સર્વેને આનંદ પમાડતા હતા ને સર્વેને અક્ષરધામના જેવું મૂર્તિનું સુખ આવતું હતું. આવી રીતે નિત્ય પ્રત્યે કથાવાર્તા થતી. તેમાં એક દિવસ શેઠ બળદેવભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'હરિભક્તને આપની સ્મૃતિ રહે તે માટે સભાએ સહિત આપના ફોટોગ્રાફ લેવા છે.' ત્યારે બાપાશ્રીએ હા કહી. પછી ફોટોગ્રાફવાળાને બોલાવીને ત્રણ-ચાર વખત છબીઓ પડાવી લીધી.

ત્યાર પછી એક દિવસ સભામાં બાપાશ્રી વાતો કરતા હતા જે,'આ સભા અક્ષરધામની છે ને શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત જેવા અક્ષરધામમાં છે તેવા જ મનુષ્યરૂપ છે, તોપણ દિવ્ય છે.' -આવી રીતે પ્રસંગોપાત્ત બાપાશ્રી અલૌકિક વાતો કરતા ને સંત-હરિભક્તને અત્યંત આનંદ થતો. ને શેઠ બળદેવભાઈ તો જાણે આમ ને આમ ઝાઝા દિવસ રોકાશે તેથી સૌની ઘણા દિવસની તાણ પુરી થશે, ત્યાં તો નળકંઠાના શામજીભાઈ, વેલસીભાઈ આદિ હરિભક્તોએ આવીને પ્રાર્થના કરવા માંડી જે, 'બાપા ! દયા કરીને અમારાં ગામોમાં દર્શન દેવા પધારો ને ઘણા હરિભક્તો વાટ જોઈ રહ્યા છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ' અમે તો તમારા જેવા હરિભક્તોના મનોરથ પૂરા કરવા શ્રીજીમહારાજની ઈચ્છાથી અક્ષરધામમાંથી આવ્યા છીએ ને સર્વેને મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ આપવું '-એવી શ્રીજીમહારાજે અમને આજ્ઞા કરી છે, તેથી તમે જ્યાં કહેશો ત્યાં આવીશું ને તમને

મૂર્તિનું સુખ આપીશું, ને તમે પણ એક મહારાજની મૂર્તિ રાખશો ને મહારાજના વચનમાં વર્તશો.' –આવાં બાપાશ્રીનાં વચન સાંભળીને હરિભક્ત ઘણા રાજી થયા ને બાપાશ્રીને પોતાના ગામ લઈ જવા સારુ મોટર ભાડે કરીને લાવ્યા, એટલે બાપાશ્રી પોતે તૈયાર થયા ને બાપાશ્રીની સાથે આશાભાઈ, દલસુખભાઈ વગેરે હરિભક્ત પણ ચાલવા તૈયાર થયા ને સર્વે મોટરમાં બેઠા તે ગામ કુંડળ, નાનોદરા, દેવધોલેરા, કેસરડી, ઝાંપ, વનાળિયા, ઉપરદળ, મેટાળ, રેથળ વગેરે ગામોનાં હેતવાળા હરિભક્તોને દર્શન દઈ ઘેર ઘેર પધારી સર્વેને મોક્ષના આશીર્વાદ આપ્યા ને હરિભક્તોએ ચંદનપુષ્પથી પૂજાઓ કરી. આવી રીતે સર્વે હરિભક્તની સેવા અંગીકાર કરીને બાપાશ્રી વાંસવા પધાર્યા.

હવે વાંસવાના શામજીભાઈ તથા લાલજી આદિ હરિભક્તો સામા આવી વાજતેગાજતે ધામધૂમથી બાપાશ્રીને મંદિરમાં તેડી ગયા ને પ્રાર્થના કરી જે, 'બાપા ! અમારે આંહીં બાઈઓના મંદિરમાં મૂર્તિ પધરાવવાની છે, તેથી અમો સૌ આપની વાટ જોઈ રહ્યા છીએ, માટે દયા કરીને ત્યાં પધારો.' –આવી પ્રાર્થનાથી હરિભક્તોએ સહિત પોતે મંદિરમાં આવીને મૂર્તિ પધરાવી ને આરતી ઉતારી તથા થાળ જમાડ્યો. પછી સૌને પ્રસાદી વહેંચી ને શામજીભાઈને ઘેર થાળ કરાવ્યો હતો ત્યાં બાપાશ્રી જમ્યા. પછી ચાલવાની ઈચ્છા જણાવી પણ હરિભક્તોની તાણે ત્યાં જ રાત રહી સર્વેને રાજી કર્યા, ત્યાં વિરમગામથી ડૉ.મણિલાલ બાપાશ્રીને તેડવા આવ્યા. તેમની સાથે બાપાશ્રી સેવકોએ સહિત વિરમગામ પધાર્યા. ત્યાં પણ હરિભક્ત સામા આવી બાપાશ્રીને ધામધૂમથી મંદિરમાં તેડી ગયા. પછી ડૉ. નાગરદાસભાઈને ઘેર થાળ કરાવ્યો હતો તેથી તેમને ઘેર જમ્યા ને ઘરનાં સૌને રાજી કરી મંદિરમાં આવીને આસન કર્યું. પછી સાંજના આરતીધૂન–કથાવાર્તા તથા નિત્યનિયમ કરીને હરિભક્તોને રાજી કર્યા. પછી ત્યાંથી પાટડી પધાર્યા.

ત્યાં દિવ્ય દૃષ્ટિવાળા મુક્તરાજ નાગજીભાઈ રહેતા તે ઘણા હરિભક્તોને સાથે લઈ તથા દરબારી ઘોડાગાડી ને વાજિંત્ર વગાડનારાઓએ સહિત સ્ટેશન સામા આવ્યા ને સૌ હરિભક્તોએ બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવીને ઘોડાગાડીમાં બેસાર્યા. પછી વાજતેગાજતે બાપાશ્રીને શહેરમાં પધરાવી મંદિરમાં તેડી લાવ્યા ને બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને નાગજીભાઈને ઘેર થાળ તૈયાર કરાવેલ હોવાથી તેમને ઘેર જમવા પધાર્યા. ત્યાંથી પાછા મંદિરમાં આવી થોડીવાર આસન કર્યું ત્યાં તો નાગજીભાઈ, મેરાઈ નાથાલાલભાઈ આદિ હરિભક્તોએ આવીને બાપાશ્રીને ઘેર પધારવા વિનંતી કરી, ત્યારે બાપાશ્રીએ ઘરોઘર પધારીને સર્વના મનોરથ પૂરા કર્યા. પછી મંદિરમાં પધાર્યા ને હરિભક્તો સર્વે બાપાશ્રી પાસે આવીને બેઠા. ત્યારે બાપાશ્રી હરિભક્તને કહેવા લાગ્યા જે, 'તમારા ગામમાં નાગજીભાઈ જેવા મુક્ત દર્શન દે છે માટે સૌ જોગ કરી લેજો.'

–આમ કહીને નાગજીભાઈને કહ્યું જે, 'તમે સર્વેને વાતો કરીને સુખિયા કરજો.' પછી રાત્રીએ કથાવાર્તા કરીને દર્શન–સેવાનો લાભ આપ્યો. ત્યાર પછી રેલે બેસી બાપાશ્રી અમદાવાદ પધાર્યા. આવી રીતે જ્યાં જ્યાં હરિભક્ત તેડાવે ત્યાં ત્યાં દર્શન દઈ આવીને પાછા શેઠ બળદેવભાઈની મિલમાં આવે. –એમ કરતાં અડખેપડખેનાં ગામડાંઓ વહેલાળ, કુજાડ, કણભા વગેરે ગામોમાં દર્શન દેવા ગયા ને અમદાવાદમાં પણ પોતાના પૌત્ર જાદવજીની આંખે દવા કરવાથી ઘણો જ ફાયદો જણાવા લાગ્યો અને એ આંખોના નિમિત્તે હજારો હરિભક્તો તથા મુમુક્ષુઓને પણ બાપાશ્રીનાં દર્શન ને પ્રસન્નતાનો મોટો લાભ મળ્યો, તેથી સદ્. સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઈશ્વરચરણદાસજી તથા શેઠ બળદેવભાઈ આદિ હરિભક્તો ઘણા રાજી થયા ને શેઠ બળદેવભાઈએ પણ બાપાશ્રીની સેવા–સમાગમનો બહુ જ લાભ લીધો ને બાપાશ્રી પણ તેમની ઉપર પ્રસન્ન થયા.

તે સમે ઝાલાવાડ દેશના હરિભક્તો બાપાશ્રીને પોતાના દેશમાં લઈ જવાની ઇચ્છાથી અમદાવાદ આવ્યા હતા. તેમણે બાપાશ્રીની પ્રાર્થના કરવા માંડી જે, 'હે કૃપાળુ ! અમારા ઉપર કૃપા કરી અમારાં ગામોમાં પધારી નાનાંમોટાં સર્વેને દર્શન દઈને અમને કૃતાર્થ કરો અને તમારા પધારવાથી ને આપનાં દર્શનથી અનંત જીવોનો મોક્ષ થશે.' આવી રીતની તે ભક્તોની પ્રાર્થના સાંભળીને બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછ્યું જે, 'સ્વામી ! હવે મારે કેમ કરવું ? આજ દિવસ સુધી જેમ સૌ રાજી થાય તેમ કર્યું. વળી આ હરિભક્ત ઝાલાવાડમાં તેડી જવાની તાણ કરે છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'એ હરિભક્તને પણ ભેળા ભેળા રાજી કરો; તમારે બીજું શું કામ ખોટી થાય છે !' –આવો ઉત્તર મળતાં બાપાશ્રીએ કહ્યું જે, 'અમારે ગઢડે દર્શન કરવા જવાનો વિચાર છે; કેમ જે ત્યાં શ્રીજીમહારાજ બહુ રહ્યા છે ને અમે પણ ભેગા હતા તેથી ગઢપુરનાં દર્શનની ઇચ્છા રહે છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'પહેલાં તો ઝાલાવાડના હરિભક્તને રાજી કરો તો સારું; કેમ કે એ ઘણા દિવસથી આપને ઇચ્છે છે, ને જો આપને ગઢડે દર્શન કરવાની ઇચ્છા હશે તો કચ્છમાં જતી વખતે એ બાજુથી જવાનું કરશું.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સારું.' –એમ એ હરિભક્તની અરજી સ્વીકારી. પછી શેઠ બળદેવભાઈ ઉપર ઘણી પ્રસન્નતા જણાવી ને તેમને તથા અમદાવાદના સર્વે હરિભક્તને રાજી કરી બાપાશ્રી ચાલવા તૈયાર થયા ને તેમની સાથે જનારા સંત-હરિભક્ત પણ તૈયાર થયા.

હવે તે વખતે શ્રીનગર આદિ ગુજરાતના સર્વે હરિભક્ત હાથ જોડીને બાપાશ્રીની પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે અનાદિ મુક્તરાજ ! શ્રીજીમહારાજ ને તમે અખંડ અમારા ઉરમાં રહેજો ને અમે એક શ્રીજીમહારાજ ને આપના ચરણકમળના દાસ છીએ, માટે અમારા ઉપર દયા કરીને આ

લોક-પરલોકના વિષયની વાસના દૂર કરીને અને મહાપુરુષ ને મહામાયા અને મહાકાળ ને અક્ષર એ સર્વેના ઐશ્વર્ય-સુખમાં સારપ્યનો રાગ હોય તે નાશ કરીને દિવ્યમૂર્તિ એવા શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત તેમના ભેળા રાખશો નેં મૂર્તિનું રોમરોમનું સમગ્ર સુખ આપશો. અને આ દેહે કરીને મહારાજની ને મુક્તની આજ્ઞા ક્યારેય લોપાય નહિ અને કોઈ ભક્તનો અવગુણ આવે નહિ, અને સંતનો સમાગમ દેજો ને કુસંગથી છેટે રાખજો અને અખંડ મહારાજ ને મુક્ત સાંભરે ને કામ, ક્રોધ, માન, લોભ, રસાસ્વાદ આદિ સર્વે દોષ નાશ પામી જાય ને કથાવાર્તા, કીર્તન ને ધ્યાનભજન કરવામાં દિવસ ને રાત્રી વીતે-તેવી શ્રદ્ધા આપશો ને તેવી દયાદૃષ્ટિ સદાય રાખશો.'

આવી રીતની તેમની સ્તુતિ સાંભળીને અનાદિ મુક્તરાજ બાપાશ્રી રાજી થઈને સર્વે ભક્તજનોને મળ્યા ને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા જે, 'તમે શ્રીજીમહારાજની આજ્ઞામાં દૃઢ રહેજો; માયાના ગુણને મેલી મૂર્તિમાં રહીને મહારાજનું ભજન કરજો ને મહારાજની સર્વોપરી ઉપાસના સમજીને મહારાજનો આશરો રાખશો, તો અમે તમને સર્વેને મહારાજની મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ ભોગવાવશું ને આ લોકમાં પણ સદાય ભેગા રહેશું ને સર્વ વિઘ્ન થકી રક્ષા કરશું.' -એમ બાપાશ્રી સર્વેને રાજી કરી આશીર્વાદ આપી સંત-હરિભક્ત સહિત સ્ટેશન આવ્યા ને રેલગાડીમાં બેઠા ને સર્વે હરિભક્ત ઉપર દયાદૃષ્ટિ કરીને સર્વેને પાછા જવાનું કહ્યું ને રેલગાડી ઊપડી ને બાપાશ્રી સંત સહિત વિરમગામ આવ્યા. ઈતિ વિશ્રામ ૬૭

લીલાપુર-રંગોત્સવ, ધ્રાંગધ્રામાં પધરામણી ને સભાપ્રસંગે વાતો, હળવદમાં પણ પધરામણી, વાંટાવદરમાં ચમત્કારી વાતો ને પ્રતાપગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી ત્યાંથી સંત-હરિભક્ત સહિત માંડલ, ત્રેંટ, કાળિયાણા, રામગ્રી, શેડલા આદિ ગામોમાં હરિભક્તને દર્શન દઈ લીલાપુર આવ્યા ને તે દિવસ હુતાશની હતી, તેથી સર્વે હરિભક્તને આનંદ થઈ ગયો. પછી બાપાશ્રીએ જીવા પટેલના કહેવાથી કેશ ઉતરાવીને સ્નાન કરી વસ્ત્ર પહેર્યાં. પછી થાળ તૈયાર થયા હતા એટલે બાપાશ્રી તથા સંતો ઠાકોરજીને જમાડવા બેઠા, ત્યાં પણ સૌ દર્શન કરતા હતા. પછી બાપાશ્રીએ સર્વે હરિભક્તની ઈચ્છા જાણીને સર્વેના ઉપર રંગ નાખ્યો, એવી રીતે ત્યા રંગ-ઉત્સવ કર્યો. પછી બાપાશ્રી નાહી વસ્ત્ર પહેરીને સંત સહિત ત્યાંથી રેલે બેસી ગામ ધ્રાંગધ્રા આવ્યા ને સર્વે હરિભક્તો સ્ટેશન ઉપર સામા આવેલા તેમણે બાપાશ્રી તથા સંતોને ગાડીમાં જોયા, એટલે હેતભર્યા સહુ 'શ્રી સહજાનંદ-સ્વામી મહારાજ'ની જય બોલતા દંડવત્ કરવા લાગ્યા. પછી બાપાશ્રી તથા સંતો ગાડીમાંથી ઊતર્યા ત્યારે ફૂલના હાર પહેરાવ્યા અને 'જય સ્વામિનારાયણ' કરીને મળ્યા. પછી ત્યાંથી

બાપાશ્રી ઘોડાગાડીમાં બેસી સંઘ સહિત મંદિરમાં પધાર્યા. ત્યાં તે ગામના શુક્લ ચતુર્ભુજ આદિ વિપ્ર ને ગાંધી કાનજીભાઈ, પાનાચંદભાઈ, મણિયાર મોહનભાઈ આદિ હજારો ભક્તજનો બાપાશ્રીની સેવા કરવા લાગ્યા ને સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજીએ સભામાં વાતો કરી સર્વેને રાજી કર્યા ને બાપાશ્રી માટે થાળ તૈયાર થયો હતો, તેથી બાપાશ્રીએ ઠાકોરજીને જમાડ્યા ને સર્વે સંત પણ જમ્યા. પછી ગામના હરિભક્તને પોતપોતાને ઘેર પધરાવવાની બહુ તાણ હતી તેથી બાપાશ્રીએ સંતમંડળ સહિત હરિભક્તના ઘેર જઈને તેમના મનોરથ પૂરા કર્યા. અને સાંજ-સવાર મંદિરમાં કથાવાર્તા વખતે સભા તો ભરી ને ભરી જ રહેતી ને જ્યારે બાપાશ્રી વાતો કરવા માંડે ત્યારે તો સૌને અતિશય આનંદ થાય.

એક દિવસ રાત્રીએ સભા પ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, "અનાદિ મુક્તરાજ પર્વતભાઈએ સમ ખાધા જે, 'અમે મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ દેખ્યું કે સાંભળ્યું હોય અથવા કાંઈ ભોગવ્યું હોય, તો પાંચસે પરમહંસના સમ છે.' ત્યારે કોઈએ મહારાજને રાવ કરી જે, 'મહારાજ ! પર્વતભાઈએ આ રીતે પરમહંસના સમ ખાધા.' ત્યારે મહારાજે તેમને ઠપકો આપ્યો જે,' તમે જાણ્યા વિના બોલો છો ને અમથા નિર્ણય કરો છો, પણ પર્વતભાઈ જેવા મોટા મુક્તનો મહિમા તમે શું જાણો ? એમને તો અમારી મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ.' -આમ મોટાની વાત જાણ્યા વિના કેટલાક કહે છે કે, 'મૂર્તિમાં મુક્ત કેમ રહેતા હશે ?' પણ એ વાત મૂર્તિરૂપ થયેલા મુક્તની છે તે દેહધારીને ક્યાંથી સમજાય ? એ તો મોટા મુક્તને દિવ્ય જાણી તેમનો સમાગમ કરે ને કૃપા મેળવે તો સમજાય, આ તો બહુ ભારે વાત છે. આ સમે મહારાજ સૌને પળમાં ન્યાલ કરે છે, કેમ કે એ ન્યાલકરણ મૂર્તિ છે. એમને જેવા છે તેવા જાણે ને અખંડ જોગ રાખે તો કામ થઈ જાય; તે વિના બીજા સાધને કલ્પેકલ્પ વીતી જાય તોપણ કામ ન થાય.' -એમ વાત કરી.

એક દિવસ બાપાશ્રીએ સભામાં સ્વામી ભગવત્સ્વરૂપદાસજીની પ્રશંસા કરી જે, 'આવા સંતનાં દર્શને મહારાજનાં દર્શનનું ફળ મળે; સદ્. સ્વામી હરિનારાયણદાસજીના ગુણ આપણે રાખ્યા છે. જે સંતો ધર્મામૃત પ્રમાણે વર્તે ને અખંડ કથાવાર્તા-ધ્યાનભજન કરે તે શ્રીજીમહારાજને બહુ ગમે, તેવા આ સંત છે.' પછી પુ.ધર્મકિશોરદાસજી સામું જોઈને બોલ્યા જે, ' આ પુરાણી પણ ખરેખરા છે; મહારાજનો ને મોટાનો અભિપ્રાય તથા મહિમા તેમણે જાણ્યો છે ને તેમના વચનમાં ખબરદાર થઈને વર્તે છે.' એમ કહી તેમના ઉપર બહુ પ્રસન્નતા જણાવી. એવી રીતે ત્રણ દિવસ ધ્રાંગધ્રામાં રહી સર્વેને સુખિયા કર્યા. પછી બીજે દિવસ સંતોએ સહિત હળવદ પધાર્યા ને હળવદના હરિભક્ત બાપાશ્રી પધારે છે, એવા સમાચારથી સ્ટેશન ઉપર સર્વે વાટ જોઈને ઊભા હતા ત્યાં ગાડી આવી, એટલે સંતોએ સહિત બાપાશ્રીનાં દર્શન કરી દંડવત્ કરવા લાગ્યા. પછી

સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી મંદિરમાં આવ્યા, ત્યાં નાહી થાળ કરી સૌએ ઠાકોરજીને જમાડ્યા. ત્યાર પછી સભા ભરાણી ને તે સભામાં બાપાશ્રીએ ઘણી વાતો કરી. તદનન્તરમ્ હરિભક્તોએ બાપાશ્રીનાં પગલાં પોતાને ઘેર કરાવાની પ્રાર્થના કરી, તેથી સંતોએ સહિત બાપાશ્રીએ ઘેર ઘેર જઈને સર્વેને રાજી કર્યા. પછી ત્યાંથી મોટરમાં બેસી વાંટાવદર પધાર્યા, ત્યાં પણ હરિભક્તો બાપાશ્રીને આવતા જાણી સામા જઈ દંડવત્ કરીને મળ્યા. ને ઢોલ વગડાવી કીર્તન બોલતા બોલતા મંદિરમાં પધાર્યા. ત્યાં સૌએ ઠાકોરજીનાં દર્શન કર્યાં. અને એ ગામના મુક્તરાજ ભૂરાભાઈની સ્થિતિ મોટી હતી, તેમ બાપાશ્રીને વિષે તેમને અત્યંત હેત હોવાથી તેમણે તો આગળથી જ થાળ કરાવી રાખેલ હતો, એટલે બાપાશ્રી તથા સાથે આવેલા હરિભક્તને હેતે સહિત જમાડ્યા ને સંતો માટે મગજના લાડુ કરાવી રાખ્યા હતા, તે બાપાશ્રીના હાથે જમાડ્યા અને અડખેપડખેનાં ગામોમાંથી હરિભક્તો પણ આવી ગયા ને ત્યાં પણ મોટી સભા ભરાતી, જેથી સ્વામીશ્રી સભામાં ઘણીવાર વાતો કરતા.

પછી મુ. ભૂરાભાઈએ બાપાશ્રીને કહ્યું કે, 'બાપા ! આ ફેરે આપે ઝાલાવાડના હરિભક્ત ઉપર ઘણી દયા કરી; આપને પરિશ્રમ તો બહુ પડ્યો હશે પણ કંઈકનાં કામ થઈ જશે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'શ્રીજીમહારાજ સર્વના સ્વામી છે; મુક્ત ગમે તેવા મોટા હોય ને ભગવાન જેવા કહેવાતા હોય, તોપણ મહારાજ પાસે એ સેવક; કોઈ ભગવાન નહિ. ભગવાન તો એક સ્વામિનારાયણ પોતે જ છે. -એ સમજણ દૃઢ કરી રાખવી. કેમ કે આ ભગવાનની કોઈ જોડ નથી.' -આવી રીતે ચમત્કારી વાતો કરતાં સમય થયો, ત્યારે સમાપ્તિ કરી ચેષ્ટા આદિ નિયમ કરીને સર્વે સૂઈ રહ્યા. પછી સવારમાં વહેલા ઊઠી નાહી નિત્યવિધિ કરીને રાસંગપુર ગયા, ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી જે જે હરિભક્તોએ પ્રાર્થના કરી તેને ઘેર જઈ સેવા અંગીકાર કરી પાછા વાંટાવદર આવ્યા, ત્યાં પણ ઠાકોરજી જમાડી ઘેર ઘેર ફર્યા. પછી ધનાળા ગામથી હરિભક્ત તેડવા આવ્યા હતા તેથી ત્યાં જઈ સર્વેને દર્શન દઈ રાજી કર્યા. ત્યાંથી પ્રતાપગઢમાં હરિભક્તોને બાપાશ્રીના હાથથી મૂર્તિ પધરાવવાની ઈચ્છા હતી તેથી ત્યાં જઈ પ્રતિષ્ઠાવિધિ કરીને સર્વેને રાજી કર્યા. ઇતિ વિશ્રામ ૬૮

ઘાંટીલા, માલણિયાદ થઈ ગઢપુર-ગમન, ભાવનગર-દીવાનજીની સ્તુતિ ને આશીર્વાદ, તૂણે સ્નાનપૂજા ને અંતર્યામીપણું, ભૂજમાં સન્માન ને વૃષપુર-નિવાસ

ત્યાર પછી સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે સંતમંડળ સહિત અનાદિ મુક્તરાજશ્રીને તેડવા માટે ઘાંટીલાના હરિભક્ત ગાડાં લઈને આવ્યા, તેથી બાપાશ્રી ગામ ઘાંટીલે પધાર્યા ને ત્યાં મંદિરમાં ઊતર્યા. અને બીજે દિવસ સવારમાં નિત્યવિધિ કરી. ત્યાં તો સર્વે

હરિભક્ત આવીને બાપાશ્રીની પ્રાર્થના કરવા લાગ્યા જે, 'આપ દયા કરીને અમારા ઘેર પધારો.' ત્યારે બાપાશ્રીએ ઘરોઘર પધારી સર્વેનાં ઘર તીર્થરૂપ કર્યાં ને ગામના તળાવમાં પાણી રહેતું નહોતું, તેથી બાપાશ્રીની પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, 'શ્રીજીમહારાજ હવે તમારા ગામમાં પાણીનું દુઃખ નહિ રહેવા દે.' ત્યારથી તળાવમાં પાણી પણ બારે માસ રહેવા લાગ્યું. –એમ સર્વેને રાજી કરી આનંદ પમાડ્યા ને ત્યાંથી માલણિયાદ આવ્યા. ત્યાંના ગાંધી અમીચંદભાઈ, છગનભાઈ, મોતીચંદભાઈ, વેલસીભાઈ, ચતુરભાઈ, જેઠાલાલ આદિ હરિભક્ત તેમણે પ્રેમે કરીને બાપાશ્રીની સેવા કરી ને ઘણા દિવસના જે પોતાના મનોરથ તે પૂરા કર્યા. ત્યાંથી બાપાશ્રી બીજે દિવસ ધ્રાંગધ્રા, બોટાદ ને પાળિયાદ થઈ તુરખે રાત્રી રહ્યા. ત્યાં મિસ્ત્રી પુરુષોત્તમભાઈ આદિ હરિભક્તો દૂધનાં બોઘરણાં ભરીને લાવ્યા તેથી તેમની સેવા અંગીકાર કરી. વળી તે વખતે આખું ગામ બાપાશ્રીનાં દર્શન કરવા આવેલું હતું તે સર્વેએ મોક્ષના આશીર્વાદ માગ્યા તેથી બાપાશ્રી તે સર્વે ઉપર પાણી છાંટતા થકા બોલ્યા જે, 'આ પાણીનો છાંટો જેના ઉપર પડશે તેનો આત્યંતિક મોક્ષ થશે,' એવો પોતાનો અદ્‌ભુત પ્રતાપ જણાવીને પછી ત્યાંથી એકાદશીને દિવસ સવારમાં ગઢપુર પહોંચ્યા. ત્યાં મંદિરમાં ગોપીનાથ–હરિકૃષ્ણ મહારાજ, ધર્મભક્તિ–વાસુદેવનારાયણ ને કૃષ્ણબળદેવ–રેવતીજી આદિ મૂર્તિઓનાં દર્શન કરીને ત્યાંથી દાદાખાચરના દરબારમાં ઓરડા, લીંબતરુ, અક્ષરઓરડી ને ગંગાજળિયો કૂવો આદિનાં દર્શન કર્યાં. પછી ત્યાંના કોઠારી સાધુએ સત્કાર કર્યા થકા બાપાશ્રી સંતોએ સહિત મંદિરમાં સભામંડપની જગ્યામાં ઊતર્યા ને બાપાશ્રીએ ઠાકોરજી, સંત, બ્રહ્મચારી, પાર્ષદ વગેરે સર્વેને સુંદર ભોજન કરાવીને જમાડ્યા ને ઘેલા નદીમાં નિત્યે સ્નાન કરતા ને લક્ષ્મીવાડીએ પણ નિત્યે ઠાકોરજીનાં દર્શન કરવા જતા, ને ભક્તિબાગે ને રાધાવાવે સ્નાન–દર્શન કરતા. એવી રીતે ત્યાંના સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ ને હરિભક્તોને દર્શન દઈ તથા કથાવાર્તાઓ કરીને રાજી કરતા હતા.

ત્યાં વળી ભાવનગરના દીવાનસાહેબ ત્રિભુવનદાસભાઈએ મુક્તરાજશ્રીને પોતાના પુરમાં પધરાવવા સારુ પોતાના નાના ભાઈ હરગોવિંદદાસને દુર્ગપુર મોકલ્યા હતા. તેમણે મુક્તરાજ પાસે આવીને ભાવનગર પધારવા પ્રાર્થના કરી, ત્યારે મુક્તરાજશ્રી સંતમંડળ સહિત ભાવનગર પધાર્યા. ત્યાં દીવાનસાહેબ ઘોડાગાડીમાં બેસીને મુક્તરાજશ્રી સામા આવ્યા ને ચરણમાં પડીને મુક્તરાજનાં દર્શન કર્યાં ને હાથ જોડીને પ્રાર્થના કરી. પછી બાપાશ્રીને પોતાની ઘોડાગાડીમાં બેસાર્યા ને સંતનાં દર્શન કરીને તેમને બીજી ગાડીઓમાં બેસાર્યા અને સંતમંડળે સહિત બાપાશ્રીને મંદિરમાં નિવાસ કરાવ્યો. પછી બીજે દિવસ સ્વામી આદિ સંતોએ સહિત અનાદિમુક્ત બાપાશ્રીને પોતાના ભુવનમાં પધરાવ્યા ને ચંદન તથા પુષ્પના હાર ને નવીન વસ્ત્ર તેણે

કરીને મુક્તરાજશ્રીની પૂજા કરી, ત્યાર પછી સંતની પૂજા કરી. પછી મુક્તરાજની આગળ મેવાથી ભરેલાં પાત્ર મેલી દંડવત્ કરી હાથ જોડીને કહેવા લાગ્યા જે,'હે દયાળુ ! આપ અમારા ઉપર કૃપાદૃષ્ટિ કરીને અમારો આત્યંતિક મોક્ષ કરજો ને અમારું પૂરું કરજો; તમે અમને મળ્યા ત્યારથી જ અમારું તો પૂરું થઈ ગયું છે, પણ આટલા દિવસ આપને ઓળખ્યા વિના અલેખે ગયા ને હવે આપે દયા કરીને હાથ ગ્રહ્યો છે તે મૂકશો નહિ.'

ત્યારે બાપાશ્રીએ રાજી થઈને તે દીવાનસાહેબ તથા તેમના ભાઈ ને તેમના પુત્ર આદિ સર્વેના ઉપર દયાદૃષ્ટિ કરીને માથે હાથ મેલ્યા ને તેમણે મેવાનાં ભરેલાં પાત્ર મેલ્યાં હતાં તેમાંથી પ્રસાદી આપી ને 'તમારો સર્વેનો આત્યંતિક મોક્ષ કરશું' એમ આશીર્વાદ આપીને મંદિરમાં પધાર્યા ને ત્રીજે દિવસ દીવાન આદિ ભક્તોએ પૂજ્યા થકા ત્યાંથી રેલમાં બેસીને મૂળી સ્ટેશન આવ્યા. ત્યારે મૂળીના સ્વામી ગોપીવલ્લભદાસજી તથા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી આદિ સંતમંડળ અનાદિ મુક્તરાજશ્રીને આવવાના જાણીને આગળથી સ્ટેશને આવ્યા હતા. પછી રેલગાડી આવી ત્યારે તેમણે બાપાશ્રીને મૂળીએ ફરીથી પધારીને સુખ દેવાની વિનંતી કરી, ત્યારે બાપાશ્રી મૂળીએ પધાર્યા ને ઠાકોરજી તથા સંતનાં દર્શન કરી બે દિવસ રોકાયા, તેથી સર્વે સંત-હરિભક્ત રાજી થયા. પછી ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, ત્યારે બીજા સંતો ત્યાં રહ્યા ને સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી ને આશાભાઈ બાપાશ્રી ભેગા કચ્છમાં જવા ગાડીમાં બેઠા ને તેમણે સહિત બાપાશ્રી વાંકાનેર ને રાજકોટ થઈને જામનગર આવ્યા. ત્યાં સ્વામી રાધામનોહરદાસજી મહંત હતા તેમણે તથા તે ગામના સર્વે હરિભક્તે બાપાશ્રીને તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને સેવાએ કરીને રાજી કર્યા. પછી બીજે દિવસ પોતે વહેલા તૈયાર થયા ને ઘણા સંત-હરિભક્ત વળાવવા આવ્યા તે સર્વેને રાજી કરીને બાપાશ્રી આગબોટમાં બેસી તૂણે ઊતર્યા, ત્યાં ધનજીભાઈ આદિ ઘણા હરિભક્ત સામા આવેલા, તે સૌ હાર પહેરાવી દંડવત્ કરીને મળ્યા. પછી સંતો તથા બાપાશ્રી આદિ સર્વેએ નાહીને કોરાં વસ્ત્ર પહેર્યાં, ત્યારે ધનજીભાઈને યાદ આવ્યું તેથી બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! તમે નાહ્યા ત્યારે હું કહેવું ભૂલી ગયો પણ આપને નાહ્યા જેવું છે. તે જો અહીં નહિ નાહો તો આગળ જ્યારે ખબર પડશે, ત્યારે બધાંય લૂગડાં પલાળવાં પડશે.'

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હું તો જામનગરમાં એક વાર નાહ્યો છું; બીજી વાર નવરાવવો હોય તો રેડો પાણી; મારી ના નથી. અમારા મનજીની દીકરી દુઃખાણી છે એ વાત છે કે બીજું ? તમને નાહ્યાનું ન મનાતું હોય તો આ આશાભાઈને પૂછો.' આ વાતથી ધનજીભાઈ પણ વિસ્મિત

થયા. પછી બાપાશ્રી ને સંતોએ પૂજા કરી લીધી, ત્યાં રેલ આવી એટલે સૌ ગાડીમાં બેઠા. આગળ જતાં અંજાર આવ્યું ત્યાં પણ હરિભક્તો દર્શન કરવા ઊભા હતા. ત્યાંથી ભૂજ સ્ટેશન આવ્યા, ત્યાં તો સ્ટેશને બાપાશ્રીના પધારવાના સમાચાર આગળથી મળ્યા હોવાથી ભૂજના તથા ગામડાંના ઘણા હરિભક્તો સામા આવ્યા હતા ને ભૂજના ભોગીલાલભાઈ બાપા સારુ સ્ટેશને ગાડી લાવ્યા હતા. પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રી તે સર્વેને દર્શન દઈને ભોગીલાલભાઈની ગાડીમાં બેઠા ને ભોગીલાલભાઈ તથા દેવરાજભાઈ તે પણ બાપાશ્રીની સાથે ગાડીમાં બેઠા. અને સ્વામી ઈશ્વરચરણદાસજી ને મુક્તવલ્લભદાસજી તે બીજી ગાડીમાં બેઠા અને બાપાશ્રીની ગાડી આગળ હજારો હરિભક્તો ઝાંઝ-મૃદંગ બજાવી કીર્તન બોલીને ઉત્સવ કરતા થકા આગળ ચાલવા લાગ્યા ને બાપાશ્રીની ગાડીની કેડે હજારો હરિભક્ત ચાલતા હતા. હવે અનાદિ મુક્તરાજ બાપાશ્રી તે પુરમાં આવ્યા સાંભળીને પુરના હજારો લોકો દર્શન કરવા આવ્યા હતા, તે સર્વે મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન કરીને કૃતાર્થ થયા અને બાપાશ્રી સર્વેને દર્શન દઈને મંદિરમાં પધાર્યા ને ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને સભામંડપમાં આવ્યા. તે વખતે સર્વે સંતમંડળ બાપાશ્રીને મળવા આવ્યા, તેમને મળીને બાપાશ્રી સભામાં આસન ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત-હરિભક્તની સભા થઈ. પછી બાપાશ્રીએ તે સભામાં મૂળીમાં પાટોત્સવ થયો તેની તથા ઝાલાવાડ ને ગુજરાતના હરિભક્ત તેમનાં અતિ હેત ને શ્રદ્ધા તેની વાતો કરીને સર્વેને રાજી કર્યા. પછી સભા વિસર્જન કરી ને પોતે મેડા ઉપર આસને પધાર્યા. ત્યાં રાત્રીએ બ્ર. નિર્ગુણાનંદજીએ બાપાશ્રી સારુ ખીચડી વગેરે થાળ કર્યા હતા તે જમ્યા ને ઠાકોરજીની શયન-આરતીનાં દર્શન કરીને યોગનિદ્રા અંગીકાર કરી સૂઈ રહ્યા. પછી બીજે દિવસ જમીને ઠાકોરજીનાં દર્શન કરી તથા સર્વે સંતોને મળીને ચાલવા તૈયાર થયા ને મંદિરની વાડીમાં આવ્યા. ત્યાં પણ ઘણા સંત-હરિભક્ત આવ્યા હતા, તેમને મળીને સગરામમાં બેઠા અને સંતમંડળે પુષ્પના હાર પહેરાવ્યા. પછી બાપાશ્રી ભૂજના સર્વે સંતોને તથા સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી ને આશાભાઈ-તેમને પણ ઊભા રહેવાનું કહી ગાડીને હંકાવીને ભારાપર પહોંચ્યા, ત્યારે ત્યાં વૃષપુરના ઘણા હરિભક્ત કીર્તન બોલતા બોલતા સન્મુખ આવ્યા ને બાપાશ્રીનાં દર્શન કરીને દંડવત્ કરવા લાગ્યા ને બાપાશ્રીએ તે સર્વે હરિભક્તોએ સહિત વૃષપુરમાં પ્રવેશ કરી મંદિરમાં આવીને પ્રથમ ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી પોતાના મંદિરમાં નિવાસ કર્યો ને ત્યાંના સ્નેહી હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને પરમ આનંદ પામ્યા. ઈતિ વિશ્રામ ૬૯

વૃષપુર-સુખપુરમાં પારાયણ, શુદ્ધોપાસના, ધર્મમાં રહેવાની ભલામણ ને પ્રાયશ્ચિત્તવિધિ, બાપાશ્રીના હાથે ભક્તજનોને નિયમ ને અદેવના પૂતળાનો હમીરસરમાં નિવાસ

ત્યાર પછી એકાંતિક ધર્મનું પોષણ કરવા શ્રીજીમહારાજના સંકલ્પે કરીને મનુષ્યાકૃતિને ધારણ કરતા એવા અનાદિ મુક્તરાજશ્રી, -તે એકાંતિક ભક્તને સમાગમનું સુખ આપતા થકા ને એકાંતિક ધર્મની પ્રવૃત્તિ કરતા થકા શ્રીવૃષપુરમાં નિવાસ કરીને રહ્યા છે. પછી બાપાશ્રીએ બ્રહ્મચારી તથા સંત-હરિભક્તને સમાગમનું સુખ દેવા સારુ વૃષપુરમાં પાંચ દિવસનું 'વચનામૃત'નું પારાયણ ચાલુ કરાવ્યું ને તે પ્રસંગે ભૂજ તથા ગામડાંમાંથી સંત તથા હરિભક્તોને તેડાવ્યા. હવે બાપાશ્રી તે સંત-હરિભક્તની સભામાં બેસીને કથા સાંભળતા હતા. તેમાં એક દિવસ બાપાશ્રીએ વાત કરી જે, 'શ્રીજીમહારાજને સર્વોપરી સમજવા ને તેમની આજ્ઞા યથાર્થ પાળવી, તે જ શ્રીજીમહારાજની પ્રસન્નતાનું કારણ છે.' -એમ સર્વેને સુખ આપી પાંચમે દિવસ કથાની સમાપ્તિ કરાવીને સર્વે હરિભક્તને મંદિરના ચોકમાં જમાડ્યા. પછી બ્ર. નિર્ગુણાનંદજી તથા સાધુ કેશવપ્રિયદાસ આદિ સંત-પાર્ષદ બાપાશ્રીનાં દર્શન કરીને ને બાપાશ્રીની વાતો સાંભળીને પાછા ભૂજ આવ્યા. પછી તુરત જ ગામ સુખપુરમાં આઠ દિવસની 'વચનામૃત'ની કથા ચાલુ થઈ ને તેમાં સર્વે સાધુ-સત્સંગી આવ્યા હતા અને મુક્તરાજશ્રીની આવવાની વાટ જોઈ રહ્યા હતા, ત્યાં જ બાપાશ્રી ઘોડી ઉપર બેસી પોતાના પુત્ર મનજીભાઈને સાથે લઈને દિવસના નવ વાગ્યે પધાર્યા. ત્યારે સર્વે હરિભક્તને બાપાશ્રીનાં દર્શન કરીને આનંદ થયો ને કથાનું ફળ મળ્યું, એમ જાણીને બાપાશ્રીના સમાગમનું સુખ લેવા લાગ્યા. ત્યાં બાપાશ્રી સાંખ્યયોગી બાઈઓને રસોડે જમતા ને મંદિરમાં શયન કરતા ને નિત્યે સભામાં બેસીને વાતો કરતા.

હવે અધર્મનું ઉચ્છેદન કરી ધર્મનું સ્થાપન કરવામાં તત્પર એવા અનાદિ મુક્તશ્રીએ સત્સંગમાં કુસંગ ગુપ્તપણે રહ્યો હતો તેને કાઢવા સારુ એક દિવસ કથા બંધ રખાવી ને વાતો કરવા લાગ્યા જે, "શ્રીજીમહારાજની આજ્ઞામાં યથાર્થ રહેવું ને શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજવી ને શ્રીજીમહારાજને વિષે પતિવ્રતાની ભક્તિ કરવી; તે શું, તો એક શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના કોઈને વિષે આસ્થા રાખવી નહિ ને કોઈને કર્તા જાણવા નહિ ને બીજા અવતાર તથા શિવ, ગણેશ, હનુમાન, સૂર્ય, અગ્નિ, વાયુ, વરસાદ આદિ કોઈ દેવને પણ કર્તા જાણવા નહિ ને સુખ-દુઃખ આવે તેમાં કોઈની માનગત ન કરવી અને કાળિકાદેવી, કાળભૈરવ, જક્ષ, પીર, પિતૃ આદિ જે અદેવ છે તેને તો નમસ્કાર પણ ન કરવો ને તેની પ્રસાદી પણ ન લેવી. ને જો અજાણમાં

તેની પ્રસાદી ખાય, કે નમસ્કાર કરે, કે પ્રતીતિ કરે તો તેનું પ્રાયશ્ચિત્ત એક પાદકૃચ્છ્ર વ્રત કરવું અથવા એક ઉપવાસ કરવો. અને અદેવ જે શક્તિ કહેતાં માતા તેના મંત્ર-સ્તોત્રનો પાઠ, કે હોમ કરે-કરાવે અથવા તેનું વ્રત કરે તો તે ચાંદ્રાયણ વ્રત કરે ત્યારે શુદ્ધ થાય -એમ 'સત્સંગિજીવન'માં કહ્યું છે. અને ભગવાન વિના બીજા દેવને કર્ત્તા જાણે તે તો પંચમહાપાપીથી પણ વધુ પાપી છે -એમ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે. અને જે અક્ષર, મહાકાળ, મહાપુરુષ, મહામાયા અને ચોવીસ તત્ત્વ એ સર્વે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે શ્રીજીમહારાજની સત્તાએ કરીને કરે છે, પણ તે વિના સ્વતંત્રપણે કોઈ કરતા નથી; સ્વતંત્ર કર્તા ને સર્વોપરી ને સદાય દિવ્ય સાકાર મૂર્તિ એવા એક શ્રીજીમહારાજ છે અને તેમના અનાદિમુક્ત છે, તે પણ મહારાજને લઈને કારણ મૂર્તિ છે ને મહારાજના જેવું જ કામ કરે છે પણ સ્વામી-સેવકભાવ છે. મહારાજ સ્વામી છે; મુક્ત સેવક છે. -એમ સમજીને શ્રીજીમહારાજનો ને મુક્તનો દૃઢ આશરો રાખવો તે પતિવ્રતાની ભક્તિ કહેવાય અને ઉપાસના પણ તે જ કહેવાય, માટે તેવી ભક્તિ કરવી.

વળી શ્રીજીમહારાજનાં આશ્રિત જે સ્ત્રીઓ ને પુરુષો તેમણે 'શિક્ષાપત્રી' પ્રમાણે ધર્મમાં દૃઢ રહેવું. તે ધર્મ સંબંધી સાધનમાં નિષ્કામ વ્રત મુખ્ય છે માટે નિષ્કામ વ્રત પોતાના વર્ણાશ્રમ પ્રમાણે દૃઢ પાળવું ને ભગવાનના ગૃહસ્થાશ્રમી ભક્તને અજાણમાં એક વાર જો પરસ્ત્રીનો સંગ થાય, તો તે ચાંદ્રાયણ વ્રત કરે, કે બે મહિના ધારણાં-પારણાં કરે ત્યારે તેની શુદ્ધિ થાય. તે પણ ધર્મશાસ્ત્રને જાણનારા એવા સાધુને પૂછીને તે બતાવે તેવી રીતે ભગવાનની ભક્તિએ સહિત પ્રાયશ્ચિત્ત કરવું. અને અજાણમાં માંસનું ભક્ષણ થાય, તોપણ આગળ કહ્યું તે જ પ્રાયશ્ચિત્ત કરવું. અને ત્રણ પ્રકારની સુરા તેનું જો અજાણમાં પાન થાય, તો તેનું પ્રાયશ્ચિત્ત 'શિક્ષાપત્રીભાષ્ય'માં અતિ મોટું કહ્યું છે પણ સત્પુરુષને વચને કરીને તેનું પ્રાયશ્ચિત્ત એક, કે બે ચાંદ્રાયણ વ્રતે કરીને થાય. અને અજાણમાં અગિયાર પ્રકારનું મદ્ય -તે જો પીવામાં આવ્યું હોય, તો તેનું પ્રાયશ્ચિત્ત પણ એક, કે બે પાદકૃચ્છ્ર વ્રત કરે. અને દારૂ-માંસના સંસર્ગવાળું ઔષધ ખાવાપીવામાં આવ્યું હોય તેનું પ્રાયશ્ચિત્ત પણ પાદકૃચ્છ્ર વ્રત કરે. અને દારૂ-માંસે મિશ્રિત એવું ઔષધ હોય તે ખાવું નહિ. અને પાણી તથા દૂધ તે કપડાથી ગાળવું અને અન્ન શોધીને રાંધવું. અને જે પોતાથી જાતિએ કરીને નીચ હોય તથા જાતિએ ઉત્તમ હોય પણ વર્તમાનમાંથી પડી ગયો હોય -એવાએ રાંધેલું-અડેલું અન્નજળ તે ખાવું-પીવું નહિ ને લસણ, ડુંગળી આદિ અભક્ષ્ય કહ્યાં છે તે ન ખાવાં તથા અફીણ ને ખાવાની, પીવાની ને સૂંઘવાની જે તમાકુ તે ખાવી-પીવી કે સૂંઘવી નહિ. અને જો લસણ-ડુંગળી અજાણમાં ખવાયું હોય તો પાદકૃચ્છ્ર વ્રત કરે. ને અજાણમાં અફીણ કે તમાકુ ખાય-પીએ તો એક ઉપવાસ કરે ને જાણીને ખાય-પીએ તો પાદકૃચ્છ્ર વ્રત કરે. અને જો બીડી-હોકો પીએ તો એક ઉપવાસ કરે. ને

નાનીમોટી ચોરીઓ ન કરવી, ને નાનામોટા જીવ અજાણમાં મરાય તો તેનું પ્રાયશ્ચિત્ત સાધુને પૂછીને ધર્મશાસ્ત્ર પ્રમાણે કરવું. જે કોઈ મનુષ્યને મારે કે મરાવી નાખે તો તે બાર વર્ષનું મહાવ્રત કરે, તોપણ સત્સંગીની પંક્તિમાં લીધા જેવો ન થાય ને જો અજાણમાં થયું હોય તો પ્રાયશ્ચિત્તે કરીને શુદ્ધ થાય. ને વર્તમાન બહાર ગાળ પણ બોલવી નહિ ને જો બોલાય તો એક ઉપવાસ કરવો ને ગરીબને પીડવા નહિ, એકબીજાનો દ્રોહ ન કરવો એ આદિ શ્રીજીમહારાજની આજ્ઞા, નિયમ, ધર્મ વગેરે શિક્ષાપત્રી ને વચનામૃતમાં કહ્યાં છે તે પ્રમાણે દૃઢ વર્તવું, એ આજ્ઞા પાળી કહેવાય ને શ્રીજીમહારાજની પતિવ્રતાની ભક્તિ કરવી.એમ વર્તવાનો દૃઢ નિશ્ચય કર્યો હોય, તો સર્વે ભક્તજનો તમે વારાફરતી એક એક ઊભા થઈ મહારાજ ને સભાને હાથ જોડી નમસ્કાર કરીને નિયમ લો, તો આથી આગળ કાંઈ અવળું થયું હશે તે સર્વે માફ છે પણ હવેથી ધર્મમાં ફેર આવવા દેશો નહિ." પછી ભક્તજનોએ ઊભા થઈ શ્રીજીમહારાજની મૂર્તિને ને બાપાશ્રીને તથા સંત-સભાને નમસ્કાર કરીને બાપાશ્રીના હસ્તમાં હાથ આપી જળ લઈ પોતાના દોષ કહીને માફ કરાવ્યા ને 'હવેથી આજ્ઞા પ્રમાણે વર્તીશું' –એવી રીતે સર્વેએ બાપાશ્રીના હાથે નિયમ લીધા. એવી રીતે ધર્મપ્રિય મુક્તરાજશ્રીએ ત્રણ કલાક સુધી સર્વેને નિયમ આપ્યા પછી કથાની સમાપ્તિ કરી.

ત્યાર પછી બીજે દિવસ બાપાશ્રી દેવરાજભાઈ, ખીમજીભાઈ આદિ ભક્તને સાથે લઈને બાઈઓના મંદિરમાં પધાર્યા, ત્યારે સર્વે બાઈઓ બાપાશ્રીનાં દર્શન કરીને આનંદ પામ્યાં. પછી હાથ જોડીને કહેવા લાગ્યાં જે, 'હે બાપ ! અમારા ઉપર દયા કરીને અમને પણ નિયમ આપો; અમે સર્વે આપ જેમ કહેશો તેમ વર્તીશું. અને જો કોઈ થોડી સમજણવાળા હશે તેને કાંઈ ભૂલ થઈ હોય તો માફ કરશો; હવેથી તે સર્વે બરાબર વર્તશે.' ત્યારે બાપાશ્રી આસને વિરાજમાન થયા ને પાસે દેવરાજભાઈ, ખીમજીભાઈ, વાલજી ભક્ત આદિ બેઠા. પછી સર્વે બાઈઓએ છેટે બેસી અનાદિ મુક્તરાજશ્રીને નમસ્કાર કરીને શ્રીજીમહારાજની પતિવ્રતાની ભક્તિ કરવી ને યથાર્થ આજ્ઞા પાળવી એવા નિયમ લીધા.

ત્યાર પછી વળી સર્વે ભક્તજનો બાપાશ્રીને પોતપોતાને ઘેર પધારવાની પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે દયાળુ બાપાશ્રી તે ભક્તજનને ઘેર પધાર્યા. તે વાલજી, દેવજી, લધા પટેલ, સુતાર જયરામભાઈ, શામજીભાઈ–એ આદિ ભક્તજન તેમણે અનાદિ મુક્તરાજ બાપાશ્રીને પોતાને ઘેર પધરાવીને ચંદન, કુંકુમ ને પુષ્પના હારથી પૂજાઓ કરી ને નવીન વસ્ત્ર આદિ અર્પણ કરી પોતાના જન્મ સુફળ કર્યા ને બાપાશ્રીએ પણ ઘેર ઘેર પધારીને સર્વનાં ઘર તીર્થરૂપ કર્યાં. ને તે ભક્તનાં પણ ધન્યભાગ્ય છે; કેમ જે જેને ઘેર બાપાશ્રી પધાર્યા તો એમના ભેગા શ્રીજીમહારાજ પણ પધાર્યા, તેથી તે ભક્તને ધન્ય છે. અને તે ગામમાં બાપાશ્રી ઘરોઘર પધાર્યા, ત્યારે કેટલાક થોડી

સમજણવાળા ભક્તના ઘરમાં પરંપરાના અદેવ રાખેલા હતા. તેમાં કેટલાકના ઘરમાં પિતૃ ને શુર્ધન હતા, ને કેટલાકના ઘરમાં માતાઓ, જક્ષ આદિનાં પૂતળાં હતાં. તે બીજા ભક્ત પાસે લેવરાવી ભેળાં કરી ગાંસડી બાંધીને મંદિરમાં લાવ્યા ને સાધુને દેખાડ્યાં ને કહ્યું જે, 'સત્સંગીઓના ઘરમાં અદેવના પૂતળાં રખાય નહિ, તોપણ કેટલાક રાખી રહ્યા હતા તેને અમે કઢાવ્યાં. અને તમે સંતો સત્સંગીઓને શો ઉપદેશ કરો છો ? જે આવા અદેવને કઢાવતા નથી.' ત્યારે સંતોએ કહ્યું જે, 'આપ તો સમર્થ છો, તે તમારાથી થાય તે અમારાથી ન થાય; અમે કહીએ પણ તમારું મનાય એવું અમારું ન મનાય.' પછી તે બધાં પૂતળાંને હમીરસરમાં નખાવી દીધાં. એવી રીતે અનાદિ મુક્તશ્રીએ અધર્મનો ઉચ્છેદ કરી એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. એમ ગામ સુખપુરમાં બાપાશ્રીએ સાત દિવસ રહીને સર્વેને સુખિયા કર્યા ને ત્યાંથી ભવાનીપુર ને સામત્રા થઈને વૃષપુર પધાર્યા. ઇતિ વિશ્રામ ૭૦

શ્રીજીનો મહિમા, ભૂજ-ધર્મામૃતની કથા ને બાપાશ્રીની પૂજા, ધનુબાની દિવ્યગતિ, હરિસરોવર પર છત્રીએ ચરણારવિંદ-પ્રતિષ્ઠા ને ધનુબા નિમિત્તે પારાયણ

હવે જે ભગવાનના સ્વરૂપમાં ત્રણ વાનાં નથીઃ તેમાં એક તો માયામય આકૃતિ, બીજું અજ્ઞાન ને ત્રીજી વિષય-વાસના, તે ભગવાનને નથી અને જે ભગવાનના સ્વરૂપમાં ત્રણ વાનાં છે : એક તો દિવ્યાકૃતિ, બીજું સર્વજ્ઞપણું ને ત્રીજું ભક્તના મોક્ષ કરવા એવી શુભ વાસના જે દયા તે છે. માટે જેમને જીવોના મોક્ષ કરવા એ જ એક તાન છે ને અજન્મા થકા ભક્તના સુખ સારુ જન્મ ગ્રહણ કરવાની લીલા કરે છે ને દિવ્યસ્વરૂપ થકા મનુષ્યાકૃતિ દર્શન દે છે ને અક્ષરધામમાં રહ્યા થકાં બ્રહ્માંડમાં વિચરે છે -એવા, અને સ્વપ્રકાશ-નિવાસી, અનાદિમુક્તના સુખરાશી અનાદિમુક્તને પોતાના સ્વરૂપમાં નિવાસ કરાવનારા, પરમએકાંતિક મુક્તને પોતાના પ્રકાશમાં રાખનારા, સર્વાધાર ને સર્વના સ્વામી એવા એક શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તેમના જ સંકલ્પથી મનુષ્યરૂપે તેમના મુક્ત પણ પ્રગટ થાય છે.

હવે એવા દયાળુ મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનાદિમુક્ત અબજીબાપાશ્રી છે, તે વૃષપુરમાં નિવાસ કરીને રહ્યા છે. અને પોતાનો સમાગમ કરનારા એવા જે શ્રીજીમહારાજના અનન્ય ભક્ત તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ તેણે કરીને પાલન-પોષણ કરવામાં તત્પર એવા અનાદિમુક્ત અબજીબાપાશ્રી-તે જેઠ માસમાં ભૂજનગર આવ્યા. તે સમે ભૂજમંદિરમાં ધર્મામૃતની કથા વંચાતી હતી ને બાપાશ્રી તેમાં બેસીને સાધુના નિર્લોભી, નિષ્કામી,

નિઃસ્વાદી, નિઃસ્નેહી ને નિર્માની એ પંચવર્તમાનની વાતો કરીને સંતમંડળને સમજાવતા ને સંત પણ વાતો સાંભળીને તેનું મનન-નિદિધ્યાસ કરીને જીવમાં ઉતારતા. એવી રીતે અનાદિ મુક્તરાજ કથાવાર્તાનું સુખ આપતા ને સંતમંડળમાંથી બબ્બે સંત વારાફરતી ચંદન ઘસી પુષ્પના હાર કરીને સભામાં મુક્તરાજ બાપાશ્રીની તથા સંતની પૂજા કરતા ને બાપાશ્રીને ભૂજનગર આવ્યા સાંભળીને ગામડાંના હરિભક્ત પણ સમાગમ કરવા આવ્યા હતા ને નિત્યે કથાવાર્તા થતી.

એક દિવસ અનાદિમુક્તશ્રી સવારની કથા થઈ રહ્યા પછી મેડા ઉપર આસને બેઠા હતા ને પાસે બ્ર. નિર્ગુણાનંદજી તથા કેશવપ્રિયદાસ આદિ સંત ને ભોગીલાલભાઈ, ઘેલાભાઈ આદિ હરિભક્ત તે પણ બેઠા હતા. તે સમે સાધુ તદ્રૂપદાસજી ચંદનનો વાડકો તથા મગફળી ને ખારેકો આદિનો મોટો હાર તથા કંઠીઓ ને જનોઈઓ -તે પ્રસાદી કરવા સારુ લાવીને બાપાશ્રીની પૂજા કરવા આવ્યા ને બાપાશ્રીના ભાલમાં તથા વક્ષસ્થળમાં ચંદન ચર્ચીને કંઠમાં હાર તથા કંઠીઓ ને જનોઈઓ પહેરાવી. તે વખતે ત્યાં બેઠેલા જે સાધુ હતા તે પણ સર્વે ઊઠીને પોતપોતાને આસનેથી નવી કંઠીઓ ને જનોઈઓ -તે પ્રસાદીની કરવા લાવીને બાપાશ્રીની પૂજા કરવા લાગ્યા, ને બાપાશ્રીને ચંદન ચર્ચીને તે કંઠીઓ તથા જનોઈઓ પહેરાવવા લાગ્યા અને અનાદિમુક્તરાજ બાપાશ્રીનો કંઠ ને વક્ષસ્થળ-તે કંઠીઓ ને જનોઈઓથી ભરાઈ રહ્યાં હતાં. તે સમે એવી શોભાએ યુક્ત બાપાશ્રીનાં દર્શન કરીને સર્વેને આનંદ થયો. પછી બાપાશ્રીએ તે કંઠીઓ ને જનોઈઓ સર્વેને પાછી આપી ને સર્વે પ્રત્યે બોલ્યા જે, 'સંતો ! દેશમાં, કે વિદેશમાં ફરવા જાઓ તોપણ મહારાજની મૂર્તિ, મુક્ત ને આ સભાને સંભારજો.' તેને સાંભળીને સર્વે સંત રાજી થયા. પછી રાજભોગની આરતી થઈ ને બાપાશ્રી દર્શન કરવા ગયા. પછી બ્ર. નિર્ગુણાનંદજીએ બાપાશ્રીને જમવા બેસાર્યા ને શાક, પાક વગેરે નાના પ્રકારનાં ભોજન થાળમાં પીરસીને જમાડવા લાગ્યા ને બાપાશ્રી જમતા જાય ને જળપાન કરતા જાય, એમ સારી પેઠે જમીને આચમન કર્યું ને પછી પાનબીડીનો મુખવાસ લીધો. પછી સભામાં બેઠા ને કથા સાંભળીને આસને પધાર્યા. એવી રીતે આઠ દિવસ સુધી આનંદ આપીને પછી ચાલવાનું કર્યું ત્યારે સર્વે સાધુમંડળને મળી લાલશંકરભાઈના સગરામમાં બેસીને વૃષપુર પધાર્યા.

ત્યાર પછી રામપુરમાં મુક્ત ધનુબા માંદાં હતાં તેથી તેમનાં દર્શન-સમાગમ કરવા બીજા ગામનાં સાંખ્યયોગી બાઈઓ આવ્યાં હતાં. તે સમે મોટાં મુક્ત ધનુબાને સો વર્ષની અવસ્થા થઈ હતી ને સર્વે બાઈઓમાં મોટેરાં ને શ્રીજીમહારાજ ને મોટાના કૃપાપાત્ર હતાં ને ત્યાગ-વૈરાગ્યની મૂર્તિ હતાં ને સર્વે સાંખ્યયોગી બાઈઓને નિયમમાં વર્તાવતાં. તેમને મંદવાડ હતો તેથી તેમનાં સેવક કાનબા તથા વાલબા આદિ સાંખ્યયોગી બાઈઓ સેવા કરતાં, પણ ધનુબાને અનાદિ

મુક્તશ્રીનાં દર્શન કરવાની ઘણી જ ત્વરા રહેતી તેથી દેવરાજભાઈ ને મુક્તરાજશ્રીને તેડવા વૃષપુર મોકલ્યા, ત્યારે બાપાશ્રી રામપુર પધાર્યા ને તે ધનુબાને તથા સર્વે બાઈઓને દર્શન દીધાં. ત્યારે તે ધનુબાએ મુક્તરાજશ્રીને કહ્યું જે, 'હું આટલા દિવસ આપને આવા મોટા જાણતી નહોતી પણ આપ તો આપ જ છો; આપનો મહિમા જેવો છે તેવો જાણવાને હું સમર્થ નથી માટે દયા કરીને આપનો મહિમા સમજાવો ને જાણેઅજાણે આપની અનુવૃત્તિ બહાર કાંઈ થયું હોય તો ક્ષમા કરો ને મારું પૂરું કરો, ને મને આ દેહ મેલાવીને આપના ભેગા શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખો.'

ત્યારે પરમ કૃપાળુ મુક્તરાજશ્રી બોલ્યા જે, 'સારું; મૂર્તિમાં રાખશું, તમે મૂર્તિ સંભારો. –એમ કહ્યું. ત્યારે ફઈબાએ અંતર્વૃત્તિ કરીને શ્રીજીમહારાજને સંભાર્યા, ત્યાં જ અંતરમાં તેજના સમૂહમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને મુક્તરાજશ્રી પણ તેજોમય દેખાયા. પછી તેમને જોઈને પરમ આનંદ પામ્યાં. પછી બાપાશ્રીએ કહ્યું જે, 'તમારું મહારાજે પૂરું કર્યું ને તમને બે દિવસમાં તેડી જશે ને અમે પણ આવશું.' –એમ કહીને બાપાશ્રી વૃષપુર પધાર્યા ને ધનુબાફુઈ તો મૂર્તિમાં જોડાઈ ગયાં. પછી બાપાશ્રીના કહેવા પ્રમાણે સંવત ૧૯૮૧ના કાર્તિક સુદ છઠ ને મંગળવારની રાત્રીના બાર વાગે દેહ મેલ્યો ને દિવ્યરૂપે શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા થયાં ને બાઈઓ સર્વે શોકાતુર થઈ ગયાં ને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એમ ધૂન કરવા લાગ્યાં.

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી ઘોડીએ બેસીને રામપુર આવ્યા ને સર્વે બાઈઓને ધીરજ આપી ને બાપાશ્રીની આજ્ઞાએ કરીને તે સર્વે બાઈઓ મોટાં મુક્ત ધનુબાના દેહને વિમાનમાં બેસારીને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતાં થકાં ગંગાજીએ આવ્યાં ને સર્વે હરિભક્ત પણ ઉત્સવ કરતા થકા ગંગાજીએ આવ્યા, અને અનાદિમુક્ત બાપાશ્રી પણ સર્વે ભક્તજનોની સાથે ગંગાજી આવ્યા. તે સમે હજારો મનુષ્યથી ગામથી ગંગાજી સુધી રસ્તામાં ચાલવાનો માર્ગ રહ્યો નહોતો. પછી બાપાશ્રી હજારો ભક્તજનોથી વીંટાયા થકા ગંગાજીને કાંઠે બેઠા ને સર્વે બાઈઓ મળીને ધનુબાફુઈનો અગ્નિસંસ્કાર કરવા લાગ્યાં. ને અગ્નિસંસ્કાર થઈ રહ્યા પછી બાપાશ્રીએ ભક્તજનોએ સહિત તે ગંગાજીમાં સ્નાન કર્યું ને તેમણે સહિત મંદિરમાં આવ્યા, અને સર્વે બાઈઓ પણ સ્નાન કરીને બાઈઓના મંદિરમાં ગયાં. અને તે સુદ સાતમના દિવસે ગામ દહીંસરામાં સર્વે સંતનાં મંડળ આવ્યાં હતાં ને કથાનો પ્રારંભ કર્યો હતો. પછી પાંચ દિવસ થયા ત્યારે અનાદિમુક્તશ્રી પણ વસ્ત્રે સહિત સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરીને રામપુરથી દહીંસરે કથામાં આવ્યા. ત્યારે હજારો હરિભક્ત બાપાશ્રીના સન્મુખ દર્શન કરવા આવ્યા. તેમને દર્શન દેતા દેતા બાપાશ્રી બે કલાકે મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરવા લાગ્યા. ત્યારે સર્વે સાધુ ઊભા થઈને બાપાશ્રીને મળવા આવ્યા, એટલે બાપાશ્રી સર્વેને મળ્યા તેથી સૌને ઘણો આનંદ થયો ને

બાપાશ્રી મુક્તરાજ કેસરાભાઈના સુત ખીમજીભાઈ ને ઘેર ઊતર્યા. પછી પૂનમને દિવસે કથાની સમાપ્તિ થઈ ને બાપાશ્રીએ તથા સંતોએ હરિસરોવર પર છત્રીએ ચરણારવિંદ પધરાવ્યાં. ત્યાર પછી હરિભક્તો જમીને બાપાશ્રીનાં દર્શન કરી પોતપોતાને ગામ જવા ચાલ્યા ને બાપાશ્રી બ્ર. નિર્ગુણાનંદજીને તથા સાધુ કેશવપ્રિયદાસને સાથે લઈ કેસરાભાઈના પૌત્ર નારાયણભાઈની ગાડીમાં બેસીને રામપુર આવ્યા. ત્યાં બાપાશ્રી મંદિરની ઓરડીમાં ઊતર્યા ને તેમાં ઓછાડે સહિત ગાદલું પાથરેલો ઢોલિયો હતો તેના ઉપર વિરાજમાન થયા. હવે બાપાશ્રીએ રામપુરમાં શું કર્યું તો, ધનુબાફુઈનાં સેવક કાનબા આદિ બાઈઓ, તથા તે ગામના શામજીભાઈ, દેવરાજભાઈ આદિ હરિભક્ત તેમની પાસે ધનુબાનું કાર્ય કરાવ્યું. તેમાં ભૂજના સર્વે સંતને તેડાવીને 'સત્સંગિજીવન' નું પારાયણ બેસાડ્યું હતું ને નાત-તેડું કર્યું હતું ને તેમાં નાનામોટા સર્વે હરિભક્ત આવ્યા હતા. તે સર્વેને બાપાશ્રીએ દર્શન-સમાગમનું સુખ આપ્યું ને તે કાર્ય પૂરું થયા પછી સર્વે સંત-હરિભક્તને મળીને વૃષપુર પધાર્યા. ઇતિ વિશ્રામ ૭૧

બ્રહ્મચારી ને મુનિનું વૃષપુર-આગમન, ભારાસર-યજ્ઞ ને હરિભક્તકૃત સ્તુતિ, સદ્‌ગુરુનું આગમન ને સાદર સન્માન, ને ભૂજ-મૂર્તિપ્રતિષ્ઠા વગેરે

ત્યાર પછી અનાદિ મુક્તરાજશ્રી ધર્મનું સ્થાપન કરતા થકા વૃષપુરમાં નિવાસ કરીને રહ્યા છે. તે સમે બ્ર. નિર્ગુણાનંદજી તથા પુ. કેશવપ્રિયદાસજી ભૂજથી બાપાશ્રીનાં દર્શન કરવા સારુ વૃષપુર આવ્યા. તે વખતે બાપાશ્રી મંદિરના ચોકમાં તડકે બેઠા હતા ને ચારે કોર હરિભક્ત બેઠા હતા ને પોતે 'વચનામૃત'ની કથા વંચાવીને સાંભળતા હતા. તે સમે બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્ર ને દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી બેઠા થઈને તેમને મળ્યા. પછી પાસે બેસાડીને ભૂજમંદિરના સર્વે સમાચાર પૂછ્યા. ત્યાર પછી પોતે સ્નાન કરવા ઊઠ્યા ને જાજરૂ જઈ આવીને કૂવા ઉપર આવ્યા, ત્યારે મુનિસંતે બાપાશ્રીને સ્નાન કરાવ્યું. પછી બ્રહ્મચારી તથા મુનિને ફરીવાર અતિ સ્નેહે મળ્યા. તે સમે ગુજરાતમાંથી સાંખ્યયોગી બાઈઓનાં મંડળ બાપાશ્રીનાં દર્શન કરવા સારુ આવ્યાં હતાં ને તેમણે બાપાશ્રી સારુ અનેક પ્રકારનાં પકવાનના થાળ કર્યા હતા, તેથી બાપાશ્રીએ તેમને ઉતારે જઈ મગજ આદિ પકવાન લાવીને મંદિરમાં સંત-બ્રહ્મચારીને આપ્યું ને જમવાની આજ્ઞા કરી. પછી પોતે આશાભાઈ આદિ હરિભક્તોને સાથે લઈને બાઈઓના ઉતારે જમવા પધાર્યા ને પછી મંદિરમાં આવીને બ્રહ્મચારી ને સંતને જવાની રજા આપી, ને પોતે પણ તેમની સાથે ગાડીમાં બેસીને સૂરજપુર આવ્યા. ત્યાં સ્વામી મહાપુરુષદાસજી પાણીબદલો કરવા આવ્યા હતા તેમને મળીને બાપાશ્રી ત્યાંથી પાછા વૃષપુર આવ્યા ને બ્રહ્મચારી

ને પુરાણી ભૂજ ગયા. ત્યાર પછી મૂળીના સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી આદિ સંતમંડળ બાપાશ્રીનો સમાગમ કરવા વૃષપુર આવ્યા હતા. તેમને પણ ઘણા દિવસ બાપાશ્રીએ સમાગમનું સુખ આપ્યું. પછી મૂળી જવાની રજા આપી.

ત્યાર બાદ ગામ ભારાસરમાં કેસરાજભાઈ તથા રામજીભાઈ તેમણે શ્રીજીમહારાજ ને અનાદિ મુક્તરાજશ્રીને તથા સંત-હરિભક્તને રાજી કરવા ને પોતાના મોક્ષને અર્થે મોટો કથાયજ્ઞ પ્રારંભ્યો હતો. હવે તે ભક્તજનો યજ્ઞમાં વિઘ્ન ન થાય તેવી બાપાશ્રીને પ્રાર્થના કરવા ને યજ્ઞમાં આવવાનું આમંત્રણ દેવા વૃષપુર આવ્યા ને બાપાશ્રીને દંડવત્ કરીને પાસે બેઠા. પછી બાપાશ્રીએ તેમને મધુર વચને બોલાવીને સત્કાર કર્યો. ત્યારે તે ભક્ત બોલ્યા જે, 'હે દયાળુ ! આપ દયા કરીને અમોએ કરવા માંડેલ જે યજ્ઞ તે નિર્વિઘ્ન કરશો ને યજ્ઞમાં પધારીને અમારા મનોરથ પૂરા કરાવશો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમારા યજ્ઞમાં કાંઈ પણ વિઘ્ન નહિ થાય ને અમે સૌથી પહેલાં આવશું.' ત્યારે તે ભક્ત રાજી થઈ બાપાશ્રીની આજ્ઞા લઈને પોતાને ગામ ગયા ને ચૈત્ર સુદ તેરસ ને ગુરુવારે 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા બેઠી ને સાધુ કેશવપ્રિયદાસ કથા વાંચતા હતા, અને ભૂજના સંતમંડળ સર્વે આવ્યા હતા ને ફરતા ગામડાના હરિભક્ત દર્શન કરવા ને કથા સાંભળવા આવતા ને પાછા જતા. પછી અનાદિ મુક્તરાજશ્રી વૃષપુરથી પોતાના પુત્ર મનજીભાઈ ને માવજીભાઈ તેમની પાસે ઘોડાગાડી જોડાવી તેમાં બેસી તેમને સાથે લઈને પૂનમને દિવસ દસ વાગે ભારાસર પધાર્યા અને સંત-હરિભક્તને દર્શનદાને કરીને નવલા નેહ વધાર્યા. ત્યાં મુક્તરાજશ્રી કેસરાજભાઈના નવા ઘરમાં ઊતર્યા હતા ને સર્વે સંતનો જમવાનો ભંડાર પણ ત્યાં જ કર્યો હતો ને સંતમંડળ અહોનિશ બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા ને બાપાશ્રી પણ પાંચ વખત સભામાં આવીને બિરાજતા ને દર્શન દઈ વાતો કરીને આનંદ પમાડતા.

હવે તે યજ્ઞમાં અમદાવાદથી સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી ને પૂ. હરિપ્રસાદદાસજી આદિ સંતો પોતપોતાના મંડળે સહિત આવવાની અતિ ત્વરા કરતા હતા, પરંતુ સત્સંગના વ્યવહારના કામમાં રોકાયા હતા. પછી શ્રીજીમહારાજની ઈચ્છાથી તે કામની નિવૃત્તિ આવી ત્યારે તે સદ્‌ગુરુ આદિ સંતમંડળ તુરત જ તૈયાર થઈને રેલમાં બેસી જેમ નદીઓ સમુદ્રને મળે, તેમ રસ્તામાં ભૂખ-તરસ, ઊંઘ-આળસ આદિનું દુઃખ નહિ ગણીને ભારાસર આવ્યા. તે સમે મંદિરના ચોકમાં સાધુ-હરિભક્તની સભામાં આસન ઉપર વિરાજમાન એવા બાપાશ્રીને જોઈને સદ્‌ગુરુ આદિ સંતમંડળ દંડવત્ કરવા મંડ્યા, ત્યારે બાપાશ્રી ઊભા થઈ સન્મુખ જઈ હાથ ઝાલીને અતિ હેતથી સર્વેને મળ્યા ને સત્સંગના સ્તંભરૂપ ને વૃદ્ધ અવસ્થાવાળા એવા સદ્‌ગુરુને આસન ઉપર બેસાડીને પોતે આસન

ઉપર વિરાજમાન થયા. પછી એ યજ્ઞ કરાવનાર કેસરાજભાઈ તથા રામજીભાઈ તેમની પાસે સદ્‌ગુરુ આદિ સંતમંડળની પૂજા કરાવી. પછી કથાની સમાપ્તિ થઈ એટલે બાપાશ્રી સંતમંડળને સાથે લઈને ઉતારે આવ્યા ને ભૂજના સાધુની પાસે મોતૈયા લાડુ, પૂરી, શાક આદિ ભોજન કરાવ્યાં હતાં –તે સંતને જમાડ્યાં. પછી જમીને સદ્‌ગુરુ આદિ સંત બાપાશ્રી પાસે ઓરડામાં બેઠા ને બાપાશ્રીએ તેમને ગુજરાતના હરિભક્તના સમાચાર પૂછ્યા, ત્યારે સ્વામીએ બાપાશ્રીને સર્વે સમાચાર કહ્યા. પછી કથાવાર્તા કરીને સૂઈ રહ્યા –એમ નિત્યે સુખ આપતા. પછી તે કથાયજ્ઞ પૂરો થયો ત્યારે કેસરાજભાઈ તથા રામજીભાઈએ પુસ્તક ને પુરાણીની પૂજા કરીને આરતી ઉતારી. પછી બાપાશ્રીની તથા સર્વે સંતમંડળની પૂજા કરી ને વસ્ત્ર ઓઢાડ્યાં ને સર્વે સંત ને બાપાશ્રી જમ્યા.પછી સર્વે સંત તથા બાપાશ્રી ગામ બહાર હરિભક્તની પંક્તિઓ જમવા બેઠી હતી ત્યાં દર્શન દેવા પધાર્યા અને સર્વેને દર્શન દઈને સંત સહિત પાછા ઉતારે આવ્યા. પછી બીજે દિવસ સંત સહિત ભૂજ પધાર્યા, ત્યાં ભારાસરના કેસરાજભાઈ ને રામજીભાઈએ ચાંદીના ઉપાડની શ્રીજીમહારાજની મૂર્તિ ભૂજ મંદિરની સજજામાં[૧] બાપાશ્રીના હાથે પધરાવી ને ચાંદીના થાળ ને ચાંદીના બાજઠ કરાવીને અર્પણ કર્યા. પછી બાપાશ્રી સદ્‌ગુરુ આદિ સંતમંડળને સુખપુર ને નારાયણપુર એ બે ગામોમાં હરિભક્તને દર્શન દઈને વૃષપુર આવજો–એમ કહી પોતે ઘોડાગાડીમાં બેસીને વૃષપુર પધાર્યા ને સંત તે તે ગામોમાં ગયા. ઈતિ વિશ્રામ ૭૨

સંતને સમાગમનું સુખ ને અજબ વર્ણન, આથમણા સુખપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા, કેરીનો યજ્ઞ, સદ્‌ગુરુને નારાયણપુર થઈ દેશમાં જવાની આજ્ઞા ને પોતાનું પણ નારાયણપુર–ગમન

ત્યાર પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ તે બેય ગામમાં બબ્બે દિવસ રહીને વૃષપુર આવ્યા અને બાપાશ્રીનાં દર્શન કરીને આનંદ પામ્યા. હવે અનાદિ મુક્તરાજ નિત્યે રાત્રીના પાછલા પહોરમાં જાગી સંતને દર્શન દઈને સ્નાન કરવા ઊઠતા અને સ્નાન કરી ધોયેલું એક વસ્ત્ર પહેરી તથા બીજું ઓઢીને માનસીપૂજા ને બાહ્યપૂજા કરીને સંત–હરિભક્તને મળતા. પછી વસ્ત્ર પહેરીને ઠાકોરજીનાં દર્શન કરતા ને પછી ઘેર પધારી ત્યાં ભક્તજનને દર્શન દઈને પાછા મંદિરમાં આવી સંતની સભામાં વિરાજમાન થતા, ને મધુરે સ્વરે વાતો કરીને સંત–હરિભક્તોને આનંદ પમાડતા ને આઠ વાગે કથાની સમાપ્તિ કરી ઘડીવાર બેસીને પછી ઘેર જમવા પધારતા, જમીને પાછા મંદિરમાં આવી દર્શન દેતા ને સંતની પંક્તિનાં દર્શન કરીને ઓરડીમાં ઢોલિયા ઉપર

૧. હાલમાં તે મૂર્તિ બ્રહ્મચારીની જાયગામાં પધરાવેલી છે.

બેસતા ને સંત જમીને બાપા પાસે વચનામૃતની કથા વાંચતા. પછી બાપાશ્રી થોડીવાર શયન કરીને જાગતા એટલે હરજીભાઈ ઘોડી તૈયાર કરીને લાવતા, તે ઉપર બેસીને વાડીએ પધારતા. ત્યાં જાંબુડાના વૃક્ષ નીચે ખાટલા ઉપર બેસતા ને રામપુર, નારાયણપુર આદિ ગામોથી પ્રેમી ભક્તજન દર્શન કરવા આવતા. પછી સદ્‌ગુરુ આદિ સંત તે પણ ઊંઘ, આળસ, તડકો તેને નહિ ગણીને બે વાગે વાડીએ જતા. ત્યાં જાંબુડાના વૃક્ષ નીચે ખાટલામાં સૂતેલા પરમ પ્રિય મુક્તરાજશ્રીનાં દર્શન કરી નમસ્કાર કરીને પાસે બેસતા ને બાપાશ્રી પણ બેઠા થઈને સંતમંડળને 'જય સ્વામિનારાયણ' કહીને જેમણે એક ધોતિયું પહેર્યું છે એવા થકા ઉઘાડે શરીરે ખાટલામાં બેસતા ને હરિભક્ત પણ તે સમે પાકાં તરબૂચ ને નદીનાં ચીભડાં ને આમ્રફળ જે કેરીઓ આદિ લાવી બાપાશ્રીને અર્પણ કરી દર્શન કરીને પાસે બેસતા ને બાપાશ્રી તે ફળ સર્વે સંતને સુધારવા આપતા; સંતો તે ફળને સુધારી ઠાકોરજીને જમાડી બાપાશ્રીને જમાડતા ને બાપાશ્રી જમીને સર્વે સંત-હરિભક્તને પ્રસાદી વહેંચી આપતા. પછી સંતમંડળ બાપાશ્રીની પૂજા કરતા. તેમાં મોટા સદ્‌ગુરુ પ્રથમ બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવે, પછી તે ચંદન કપડા વતી લૂછીને બીજા સંત ચંદન ચર્ચી હાર પહેરાવે, એમ વારાફરતી સંત પૂજા કરી રહે, પછી પાર્ષદ પૂજા કરે, ત્યાર પછી હરિભક્તો પૂજા કરે. તે સમે અનાદિમુક્તરાજશ્રી અતિશય શોભાયમાન જણાતા હતા; તે કેવા, તો વિશાળ ભાલમાં ઘણું ચંદન ચર્ચેલું ને વક્ષસ્થળમાં પુષ્પના હાર શોભી રહ્યા છે ને ઊપડતું ઉદર શોભે છે ને પુષ્ટ બે ભુજાઓ ને બધે શરીરે ચંદનના છાંટા પડેલા ને કોમળ બે ચરણ શોભે છે, એવા મુક્તશ્રીનાં દર્શન કરતા જાય ને પૂજા કરે. એવી રીતે સંત-હરિભક્ત પૂજા કરી રહે, એટલે બાપાશ્રી પણ સર્વે સંત-હરિભક્તોને ચંદનની અર્ચા કરી પ્રસાદીના હાર પહેરાવે, પછી સંત પાસે કીર્તન બોલાવે. તે 'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ' તથા 'પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ' એ આદિ કીર્તન બોલતા, ત્યારે બાપાશ્રી ધ્યાનમુદ્રાએ બેસીને સાંભળતા ને વાતો કરતા. પછી સંતને મંદિરમાં જવાની આજ્ઞા કરે ત્યારે સર્વે સંત કાકરવાડીએ સ્નાન કરીને મંદિરમાં આવે ને પોતે ઘોડી ઉપર બેસીને મંદિરમાં પધારે. તે સમે અનાદિ મુક્તરાજશ્રીને એંશી વર્ષની અવસ્થા થઈ હતી ને શરીરમાં કોઈ દિવસ દિશાનો બંધકોશ જણાતો ને કોઈ દિવસ શરીરમાં ગરમી જણાતી તેથી ઝાઝું બેસાતું નહિ ને બાપાશ્રી મંદિરમાં આવીને દર્શન કરતા, પછી ઘેર વાળુ કરી આવીને મંદિરના ચોકમાં આસન ઉપર સૂતા ને સંત-હરિભક્ત દર્શન કરી મંદિરમાં કથાવાર્તા ને નિત્યનિયમ કરીને પછી બાપાશ્રી પાસે આવીને બેસતા ને બાપાશ્રી ઓરડામાં ઢોલિયા ઉપર પોઢતા, એમ નિત્યે સર્વેને સુખ આપતા.

તે સમયે આથમણા સુખપુરમાં નવું મંદિર કર્યું હતું તેમાં મૂર્તિ-પ્રતિષ્ઠાનો સમૈયો આદર્યો હતો. તે મૂર્તિ નારાયણપુરના ધનજી પટેલનાં બહેન અમરબાઈએ ત્યાંના મંદિરમાં અર્પણ કરી હતી ને ત્યાંના ભક્ત ભીમજી, લક્ષ્મણ ને કચરા -તેઓ પાંચ દિવસ આગળથી આવીને બાપાશ્રીની પ્રાર્થના કરીને ગયા હતા. પછી તે સમૈયામાં ભૂજના સાધુનાં મંડળ ગયાં ને બાપાશ્રીને પણ કંકોતરી આવી પરંતુ સદ્‌ગુરુ આદિ સંતમંડળને મેલીને બાપાશ્રીથી જવાય તેમ હતું નહિ; કેમ જે સદ્‌ગુરુને બાપાશ્રીનાં દર્શન વિના એક ક્ષણ તે યુગ જેવો થાય તેમ હતું તેથી બાપાશ્રી તે દિવસ સવારની કથામાં આવીને બેઠા, પણ કંકોતરી આવી છે ને જાવું જોઈશે તે કાંઈ વાત કરી નહિ ને કથા ઊઠ્યા પછી ઘેર જઈ ઠાકોરજી જમાડી પોતાના પુત્ર મનજીભાઈ તથા માવજીભાઈને સાથે લઈ પોતાની ઘોડાગાડીમાં બેસીને સાંજના પાંચ વાગે સુખપુર પહોંચ્યા. તે સમે અનાદિ મુક્તરાજશ્રીના આવવાથી સર્વે સંત-હરિભક્તને આનંદ થયો ને સર્વે સાધુ બાપાશ્રીને મળ્યા, પછી મંદિરમાં આસન ઉપર બિરાજમાન થયા ને સદ્‌ગુરુ આદિ સંતના ' જય સ્વામિનારાયણ' કહ્યા ને ત્યાંના ભક્તોએ બાપાશ્રીને જમાડ્યા. પછી બીજે દિવસે મૂર્તિની પ્રતિષ્ઠા કરી ને સંત-હરિભક્ત જમી રહ્યા, ત્યારે બાપાશ્રી પણ જમી સર્વેને મળી મનજીભાઈ ને માવજીભાઈ પાસે ગાડી જોડાવીને તેમાં બેસીને ચાલ્યા ને મનજીભાઈએ ઘોડી દોડાવી તે એક કલાકમાં સામત્રે આવ્યા, ત્યાંથી ઘોડી જે ચાલી તે સાંજે વૃષપુર આવ્યા ને સદ્‌ગુરુ આદિ સર્વે સંત બાપાશ્રીનાં દર્શન કરીને રાજી થયા. પછી બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ ભૂજથી સદ્‌ગુરુ તથા બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા ને દર્શન કરીને આનંદ પામ્યા.

ત્યાર પછી બાપાશ્રી કોઈક દિવસ ત્રીજા પહોરમાં વાડીએ જાંબુડાના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર બેઠા હતા ને સંત તથા હરિભક્ત પણ બેઠા હતા. પછી સ્વામી વૃંદાવનદાસજીએ એક મોટું આંબાનું ફળ હતું તેને ધોઈ તેનું ડીટિયું કાઢી બાપાશ્રીને ચૂસવા આપ્યું, ત્યારે બાપાશ્રી તે ફળ હસ્તમાં લઈ તેને ચૂસીને રસ જમ્યા. પછી બીજાં આમ્રફળ લઈ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી ઘનશ્યામજીવનદાસજીને ચૂસવા આપ્યાં ને બીજાં આંબાનાં ફળ હતાં તેમાંથી એક પાત્રમાં રસ કઢાવીને ઠાકોરજીને ધર્યો ને વડના પત્રના દડિયામાં તે રસ સર્વે સંત-હરિભક્તને વહેંચી આપ્યો. પછી સર્વે સંત-હરિભક્ત સહિત બાપાશ્રી માનસીપૂજા કરવા ધ્યાનમાં બેઠા તે એક કલાક સુધી માનસીપૂજા તથા ધ્યાન કરીને પછી સ્વામી વૃંદાવનદાસજી પાસે એક કલાક વાતો કરાવી. પછી જવાની આજ્ઞા કરી ત્યારે સર્વે સંત બાપાશ્રીને મળી દંડવત્ કરીને મંદિરમાં આવ્યા, ને બાપાશ્રી ઘોડી ઉપર બેસીને પછીથી મંદિરમાં આવ્યા -એમ નિત્યે સુખ આપતા. પછી બ્રહ્મચારી ને પુરાણી તે થોડા દિવસ રહીને ભૂજ ગયા. ત્યાર પછી નારાયણપુરથી

ધનજીભાઈ સંતમંડળ સહિત બાપાશ્રીને તેડવા આવ્યા, ત્યારે બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામીને નારાયણપુર થઈને દેશમાં જવાની આજ્ઞા કરી અને પોતે પણ ઘોડી ઉપર બેસીને સંત ભેળા નારાયણપુર આવ્યા. ત્યાં ધનજીભાઈની રસોઈ સંતોને જમાડી સદ્‌ગુરુને ગાડામાં બેસાડીને ભૂજ મોકલ્યા ને પોતે વૃષપુર આવ્યા ને સંત ભૂજમાં બે દિવસ રહીને દેશમાં ગયા. ઈતિ વિશ્રામ ૭૩

શ્રીજીનો મહિમા, નારાયણપુર-કથાયજ્ઞ ને તેમાં આપેલાં સુખ તથા હનુમાનજી-ગણપતિની પ્રતિષ્ઠા ને બાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા

અક્ષરાતીત મુક્તના સ્વામી, અક્ષરધામના ધામી, અનંત મુક્તના સ્વામી, સર્વે અવતારના અવતારી, મુક્તના સુખકારી, અનાદિમુક્તના આરામ, સર્વ સ્વરૂપના સ્વરૂપી, સર્વ સંકલ્પના સંકલ્પી ને ધર્મભક્તિના પુત્ર પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ એવા એક શ્રી સહજાનંદસ્વામી સ્વામિનારાયણ ભગવાન છે ને તેમના પરમ એકાંતિક ને અનાદિમુક્ત અનંત છે. એવા મહારાજ ને મુક્ત તેમના સ્વરૂપ , સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને ચારિત્ર્ય તે સર્વે દિવ્ય છે ને ગાન કરવા ને ધ્યાન કરવા યોગ્ય છે. તે ગાવા-સાંભળવાથી તેમના સ્વરૂપનું જ્ઞાન-ધ્યાન થાય છે અને મહિમા સમજાય છે ને પોતાના ઈષ્ટદેવની સર્વોપરી ઉપાસના ને આજ્ઞાની દૃઢતા થાય છે, ને મહારાજ ને તેમના મુક્ત વિના બીજામાં વૈરાગ્ય થાય છે અને પોતાનો જીવાત્મા અનાદિમુક્તરૂપ થાય છે ને પોતાને અનાદિમુક્તરૂપ મનાય છે, ને મુક્તે સહિત શ્રીજીમહારાજને વિષે માહાત્મ્યે સહિત સ્નેહરૂપી ભક્તિ થાય છે , માટે તે મહારાજ ને મુક્તને સંભારવા ને તેમના ગુણ ગાવા.

ત્યાર પછી જેઠ માસમાં નારાયણપુરમાં ધનજીભાઈ આદિ હરિભક્ત પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત બાપાશ્રી તથા સાધુ-હરિભક્ત તેમને સેવા કરીને રાજી કરવા ને પોતાના દેહ, ધન, ધામ આદિને સુફળ કરવા સારુ યજ્ઞ કરવાનો વિચાર કરીને પટેલ ધનજી જાદવજી મુક્તરાજ બાપાશ્રીને તેડવા આવ્યા, ત્યારે બાપાશ્રી ઘોડી ઉપર બેસીને નારાયણપુર આવ્યા ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને મંદિરની ઓસરીમાં આસન ઉપર બેઠા. ત્યારે ધનજીભાઈ ને તેમના પુત્ર રામજી, લાલજી ને હરજી તથા ભક્ત ખીમજી, તત્‌ સુત રામજી ને વશરામ તથા ભંડારી લાલજી, તત્‌ સુત કરસન તથા લક્ષ્મણ તથા શામજી કરમણ આદિ સર્વે હરિભક્ત મુક્તરાજ પાસે આવીને દંડવત્‌ નમસ્કાર કરીને બેઠા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમારે શું વિચાર છે ?' ત્યારે સર્વે ભક્તે કહ્યું જે, 'હે બાપા ! અમારે તો શ્રીજીમહારાજ ને આપને તથા સાધુ-હરિભક્તને રાજી કરવા છે. તે જો આપની મરજી હોય તો 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણ કરાવીએ, તેમાં બાઈઓના મંદિરમાં નવું સિંહાસન કરાવ્યું છે ને તેમાં મહારાજની મૂર્તિ

પધરાવવાની છે. તે સિંહાસન ધનજીભાઈનાં બહેન અમરબાઈએ આપની પ્રસન્નતાને અર્થે કરાવેલ છે ને મૂર્તિ પણ તેમણે જ કરાવી છે. વળી આ (ભાઈઓના)મંદિરમાં હનુમાનજી–ગણપતિ પધરાવવાના છે ને તેનો સમૈયો કરવાનો છે, તે જો આપ રાજી હો તો કરીએ; તેનું જે ખર્ચ થશે તે અમે ભેળા થઈને આપીશું. તે બધું આપને રાજી કરવા કરવું છે, પણ આ લોકની કીર્તિ કે માન-મોટપ સારુ કરવું નથી. ત્યારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, 'યજ્ઞ કરો; મહારાજ ને મુક્ત બહુ રાજી થશે.' પછી કથાયજ્ઞ કરવાનો ઠરાવ નક્કી કર્યો ને ધનજીભાઈ ને યજ્ઞના મુહૂર્તનો નિર્ધાર કરવા ભૂજ સાધુ–બ્રહ્મચારી પાસે મોકલ્યા ને બાપાશ્રી વૃષપુર પધાર્યા.

હવે ધનજીભાઈએ ભૂજ આવી મહંત સ્વામી મહાપુરુષદાસજીને તથા બીજા મોટેરા સંતોને 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણ કરાવાની વાત કરી, ત્યારે તેમણે જોશીને મુહૂર્ત જોવાનું કહ્યું. ત્યારે જેઠ સુદિ સાતમની પારાયણ બેસાડવી ને તેરસની પૂર્ણાહુતિ કરવી, ને મહારાજની મૂર્તિ તથા હનુમાનજી-ગણપતિ પધરાવવાનું મુહૂર્ત પણ તે દિવસ હતું. પછી ધનજીભાઈ સર્વે સંતમંડળને નારાયણપુર–પારાયણમાં આવવાનું આમંત્રણ આપીને પાછા નારાયણપુર આવ્યા ને સંતોએ પણ નારાયણપુર આવીને સર્વે સામગ્રી ભેગી કરાવી ને મંદિરના ચોકમાં ચંદની બંધાવીને મંડપ શોભાવ્યો. પછી જેઠ સુદ સાતમના દિવસે પ્રાતઃકાળમાં વિધિપૂર્વક પારાયણ ચાલુ કરી ને સર્વે સંત-હરિભક્ત સભામાં બેઠા ને મહારાજની મૂર્તિ ધારીને કથાનું શ્રવણ કરવા લાગ્યા ને બીજે દિવસ અનાદિ મુક્તરાજ ઘોડાગાડીમાં બેસી જાદવજીને સાથે લઈને દસ વાગે નારાયણપુરના મંદિરમાં આવ્યા.ત્યાં સંત–હરિભક્તને દર્શન દઈ ધનજીભાઈને ઘેર ઉતારો કર્યો. પછી વાડીએ નાહવા ગયા ને દસમને દિવસ સવારની કથા થઈ રહ્યા પછી બાપાશ્રી ચોકમાં છત્રીના પરથારે આસન ઉપર સૂતા. તે વખતે બાપાશ્રીને પેટમાં થોડો થોડો દુખાવો હતો તેથી દિશાએ જઈને કૂવા પાસે આવ્યા, ત્યારે સાધુ કેશવપ્રિયદાસ ને બીજા હરિભક્ત તેમણે બાપાશ્રીને ઘણા જળથી સ્નાન કરાવ્યું. પછી બાપાશ્રી વસ્ત્ર પહેરીને ધનજીભાઈને ઘેર જમવા ગયા ને જમીને ધનજી પટેલની પાદરવાડીએ પધાર્યા ને ગરમીના દિવસ હતા તેથી કૂવા ઉપર વડ આદિ વૃક્ષની છાયા છે ત્યાં ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર સૂતા ને પ્રેમી ભક્ત દર્શન કરવા લાગ્યા. પછી ત્રીજા પહોરમાં સ્નાન કરીને સભામાં પધાર્યા –એમ લીલા કરતા હતા.

ત્યાર પછી બારશના દિવસે ભૂજથી બ્ર. નિર્ગુણાનંદજી ને સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ આવ્યા ને બાપાશ્રી સવારની કથા ઊઠ્યા પછી મંડપમાં આસને બેઠા હતા, ત્યાં આવીને તેમણે બાપાશ્રીને દંડવત્ કરીને દર્શન કર્યાં ને બાપાશ્રી ઊભા થઈને બ્રહ્મચારી તથા સંતને મળ્યા. પછી તેઓ બાપાશ્રીને હાર પહેરાવીને પાસે બેઠા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આવા બ્રહ્મચારી ને આવા

સાધુ સત્સંગમાં ખોળ્યા ન જડે; તે દેખવામાં તો નાના જણાય છે, પણ માંહી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ આદિ ગુણે કરીને બહુ જ મોટા છે; સર્વેને સુખિયા કરે, ધર્મમાં વર્તે ને વર્તાવે એવા છે.' –એમ બીજા સંત–હરિભક્તને વાત કરી. પછી ધનજીભાઈના દીકરા લાલજી ને હરજી બાપાશ્રીને જમવા સારુ તેડવા આવ્યા, ત્યારે તેમની સાથે જમવા પધાર્યા –એમ ભક્તજનને સુખ દેતા હતા.

પછી બારશને દિવસે બાપાશ્રી દિવસના ત્રણ વાગે કથામાં આવીને બેઠા ને છ વાગે કથાની સમાપ્તિ થઈ તોપણ બાપાશ્રી બેસી રહ્યા, તે ગોડી–આરતી કરીને પાછા બેઠા, તે છેલ્લી કથા ને ચેષ્ટાનાં કીર્તન થઈ રહ્યાં ત્યાં સુધી બેઠા, આમ કથાવાર્તામાં અખંડ પ્રીતિ જણાવતા હતા. પછી ત્યાં જ આસન લાંબું કરીને સૂતા ને બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ ને બીજા હરિભક્ત પાસે બેસીને સેવા કરતા હતા. પછી ધનજીભાઈના દીકરા લાલજીભાઈ તથા હરજીભાઈ બાપાશ્રીને જમવા સારુ બોલાવવા આવ્યા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મોડેથી આવશું' –એમ જમવાની અરુચિ જણાવીને સૂઈ રહ્યા. ત્યારે તે લાલજીભાઈ તથા ધનજીભાઈ ઘણીવાર બેસી રહ્યા, એટલામાં ખીમજી ભક્ત આવ્યા.તેમને બ્ર. નિર્ગુણાનંદજીએ કહ્યું જે, 'બાપાશ્રી જમવા ઊઠતા નથી ને ધનજીભાઈને ઘેર સૌ રાહ જોઈ રહ્યા છે માટે તમે એવું કીર્તન બોલોઃ જેથી બાપાશ્રી સાંભળીને રાજી થઈને જમવા પધારે.' ત્યારે તે ભક્ત 'અરજ કરે છે અબળા રે' એ કીર્તન બોલ્યા ત્યારે બાપાશ્રી હસતા થકા જમવા પધાર્યા ને જમીને સર્વેને રાજી કર્યા, પછી શયન કર્યું.

હવે આવતે દિવસે કથાની પૂર્ણાહુતિ છે તેથી બાપાશ્રી ચાર વાગે જાગી સ્નાન-પૂજા વગેરે નિત્યનિયમ કરીને મંદિરમાં પધાર્યા ને ઠાકોરજી ને સંતનાં દર્શન કરીને સભામાં આસન ઉપર વિરાજમાન થયા ને કથા વાંચવા માંડી ને આઠ વાગે પારાયણ પૂરી થઈ,.ત્યારે ધનજીભાઈ આદિ પૂજા કરવા આવ્યા ને બાપાશ્રીને કહ્યું જે, 'પ્રથમ તમે આરતી ઉતારો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આપણે બધા ભેગા ઉતારીએ.' –એમ કહીને પુસ્તક ને પુરાણીની પૂજા કરી ને હરિભક્તોની સાથે પોતે આરતી ઉતારવા લાગ્યા. પછી આસન ઉપર બેઠા અને હરિભક્તોએ પુસ્તકની ને પુ. કેશવપ્રિયદાસ ને બાપાશ્રી તથા સંતમંડળ તેમની પૂજા કરી અને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી સાધુ કેશવપ્રિયદાસે અનાદિમુક્તની પૂજા કરી ને બાપાશ્રીએ પણ તેમના હાથમાંથી ચંદનનો વાડકો લઈને સર્વે સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ ને હરિભક્તની પૂજા કરી. પછી હનુમાનજી ને ગણપતિની પ્રતિષ્ઠાવિધિ કરી.

ત્યાર પછી બાપાશ્રી સંતમંડળે સહિત બાઈઓના મંદિરમાં મૂર્તિ પધરાવવા સારુ પધાર્યા ને પ્રતિષ્ઠાવિધિ કરીને મૂર્તિ સિંહાસનમાં પધરાવી. પછી સર્વે સંત-બ્રહ્મચારી ને હરિભક્ત જમ્યા

ને બાપાશ્રી પણ ધનજીભાઈને ઘેર જમ્યા. પછી બાપાશ્રી પાછલા પહોરમાં મંદિરમાં આવીને ઓસરીમાં બારણાને પડખે આસન ઉપર બેઠા ને સાધુ કેશવપ્રિયદાસ આદિ સંત દર્શન કરીને પાસે બેઠા. પછી સર્વે સાધુ-હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને ચાલ્યા ને પોતે પણ ઘોડી ઉપર બેસીને વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૭૪

અલૌકિક વાતો, સર્પથકી રક્ષા ને ઘોડીએથી પતન, લાડુપૂરીનો યજ્ઞ, બ્રહ્મચારીની જોડે વાર્તાવિનોદ, હિંડોળામાં ભૂજગમન, પુસ્તકની પૂજા ને કાન ધોયા બદલ ડૉ. દુલેરાયનો મોક્ષ

અક્ષરબ્રહ્મના કારણ, પરમ એકાંતિક-અનાદિમુક્તના અધિરાજ ને રામકૃષ્ણાદિક અવતારને ઐશ્વર્ય આપનારા, એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને ને તેમના અનાદિમુક્તોએ તથા તેમના અવતારોએ આ પૃથ્વીમાં પ્રગટ થઈને જે જે લીલા-ચરિત્ર કર્યાં છે તે સર્વે ગાવા યોગ્ય છે. અને શ્રી સ્વામિનારાયણ ભગવાન ને તેમના અનાદિમુક્તનાં ચરિત્ર ભેગાં હોય છે માટે તેમના ચરિત્રનું શ્રવણ-કીર્તન કરવું; કેમ જે શ્રોત્રે કરીને ભગવાન ને ભગવાનના ભક્તના ગુણ સાંભળવા -એ જ તેનું ફળ છે, ને નેત્રે કરીને ભગવાન ને ભગવાનના ભક્તનાં દર્શન કરવાં તે તેનું ફળ છે, ને વાણીએ કરીને તેમનાં ગુણગાન કરવા-એ જ વાણીનું સુફળપણું છે, મને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને સંભારવા ને બુદ્ધિએ કરીને તેમનો નિશ્ચય કરવો -તે જ તેમની ચતુરાઈ છે. અને ભગવાનના સંબંધ વિના તો ભગવાન ને ભગવાનના ભક્ત જે પૃથ્વીમાં વિચર્યા હોય એવી પવિત્ર પૃથ્વીમાં જન્મ પામ્યા હોય ને બુદ્ધિ આદિ ઇંદ્રિયોના રૂડા ગુણે યુક્ત હોય, તોપણ તે મનુષ્યને શાસ્ત્રમાં મૂર્ખ, અંધ ને બધિર કહ્યા છે, માટે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે,'મારા આશ્રિત તેમણે રામકૃષ્ણાદિક અવતારના અવતારી, સંતના પતિ ને ભક્તિધર્મના પુત્ર એવા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણભગવાન જે અમે, તે અમારી ભક્તિ કરવી-તે જ આત્યંતિક મોક્ષનું સાધન છે પણ તે ભક્તિ વિના બીજું કલ્યાણકારી સાધન કોઈ નથી.' અને પ્રત્યક્ષ ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય કરીને તે મૂર્તિમાં પ્રીતિ કરવી ને ભગવાનને ભગવાનના ભક્તનાં દિવ્ય ચરિત્ર ને મનુષ્યચરિત્ર તેને દિવ્ય જાણીને ગાવવાં-સાંભળવાં, તેને જ ભક્તિ કહી છે. અને ભગવાનની આજ્ઞા દૃઢ પાળવી ને જ્ઞાન, વૈરાગ્ય આદિ સદ્‌ગુણે જુક્ત માહાત્મ્યે સહિત એવી ભક્તિ કરવી અને તે ભક્તિએ કરીને જ મૂર્તિનું સુખ પમાય છે; ને જો પ્રત્યક્ષ ભગવાનમાં ભક્તિ ન થઈ હોય તો ઉત્તમ કુળમાં જન્મ પામ્યો ને ઉપવીત-સંસ્કાર ને યજ્ઞદીક્ષાને પામ્યો, વેદ ભણ્યો, વેદોક્ત કર્મ કર્યાં, દેવતા જેટલું લાંબું આયુષ્ય

પામ્યો, શાસ્ત્ર સાંભળ્યાં, તપ કર્યું, સારી વાણી ને સારી બુદ્ધિ હોય, ઇંદ્રિયોનું ડહાપણ હોય, પણ જો તેણે કરીને ભગવાન ન પમાય તો તે સર્વે નકારાં છે. અને અષ્ટાંગયોગ સાધ્યો, ચિત્તની વૃત્તિ એકાગ્ર કરી, બીજાં પણ મોક્ષનાં સર્વે સાધન કર્યાં હોય, તોપણ જો પ્રત્યક્ષ ભગવાનની એકાંતિક ભક્તિ ન થઈ તો તેણે કરીને શું ફળ થયું ? કાંઈ ન થયું. માટે એવી ભક્તિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિ સિદ્ધ કરવી, તે ખરું રહસ્ય છે. તે પણ શિક્ષાપત્રીમાં કહ્યું છે જે :–

'गुणीनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्संङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥

'વિદ્યાદિક ગુણવાળા પુરુષના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કિયું તો ભગવાન શ્રીહરિમાં ભક્તિ ને સત્સંગ, તે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે' –એટલે શ્રીહરિની મૂર્તિના સુખની પ્રાપ્તિથી ઓરા રહે છે. માટે શ્રીહરિજીની મૂર્તિને પમાડનારી ભક્તિ થવાનું કારણ કહું છું તે સાંભળો :–

અનાદિમુક્તના સ્વામી સ્વામિનારાયણ ભગવાન છે. તેમના અનાદિમુક્ત બાપાશ્રી તે નિત્યવિધિ કરતા. પછી જમી ઘોડી ઉપર બેસીને વાડીએ પધારતા. ત્યાં જાંબુડાના વૃક્ષ નીચે બિછાવેલ જે ઢોલિયો તે ઉપર વિરાજમાન થતા ને ઘણા ભક્તજન આવીને પાસે બેસતા ને બાપાશ્રી તેમને વાતો કરીને મૂર્તિમાં જોડતા. પછી અસાડી અમાસનો સમૈયો સમીપે આવ્યો ને છત્રીએ કૂવામાં પાણી હતું નહિ, કેમ જે ગયા વર્ષમાં અલ્પ વૃષ્ટિ થઈ હતી ને બીજા વર્ષના અસાડ સુદમાં વરસાદ વરસ્યો નહોતો તેથી અસાડ સુદ બારસના દિવસે બાપાશ્રીના કાનજીભાઈ ને હીરજી તથા જાદવજી તેમને બાપાશ્રીએ છત્રીનો કૂવો ગાળવાનું કહ્યું, ત્યારે તે સર્વે છત્રીએ કૂવો ગાળવા ગયા. ત્યાર પછી બાપાશ્રી જમી ઘોડી ઉપર બેસીને છત્રીએ કૂવો જોવા ગયા હતા, પછી કૂવો જોઈ બાપાશ્રી ઘોડીએ બેસીને ત્યાંથી પોતાની વાડીએ ચાલ્યા ને છત્રીએ કાનજીભાઈને હીરજીભાઈ કૂવામાં ઊતરીને કૂવો ગાળતા હતા ને ઉપરથી મોટો કાળો નાગ કૂવામાં પડ્યો તે હીરજીભાઈના બરડા સાથે અથડાઈને કાનજીભાઈના પગમાં આવીને પડ્યો; પણ શ્રીજીમહારાજે રક્ષા કરી ને દોરડું ઝાલીને બેય જણા વારાફરતી બહાર નીકળ્યા. પછી તે સાપને પણ બહાર કાઢી ને કૂવો ગાળવા લાગ્યા. એમ ભક્તજનની સર્પ થકી રક્ષા કરી ને પોતે તે ભક્તના નિમિત્તે ઘોડીએથી પડી ગયા; તે કેવી રીતે, તો વાડીની ઉત્તરાદી પડખે વોકળો છે, તે વોકળામાંથી વાડીમાં જવાની સાંકડી વાટ હતી તેમાં ઘોડી હાંકી તે ઊંચાણમાં ઘોડી પાછળ નમી, તેથી બાપાશ્રી મનુષ્યલીલા કરતા થકા ઘોડીના પડખેથી નીચે પડી ગયા ને ત્યાં પૃથ્વીમાં રેત હતી તેથી વાગ્યું નહિ, પણ રેતમાં ડૂબેલો નાનો પથ્થર હતો તે ડાબા પડખા નીચે આવ્યો ને ઉપરથી શરીરનો ભાર

આવ્યો, તેથી પડખામાં વાગ્યું ને થોડો દુખાવો થયો. તે સમે બાપાશ્રી પાસે ઘોડી વિના કોઈ હતું નહિ ને ઘોડી તો બાપાશ્રીને પડી ગયા જાણીને ત્યાં ને ત્યાં જ ઊભી રહી ને બાપાશ્રીને સૂંઘવા લાગી, એટલે બાપાશ્રી તે ઘોડીનો પગ ઝાલીને ઊભા થયા ને ઘોડીને લઈને પડામાં[૧] આવ્યા, ત્યારે ત્યાં કેટલાક ભક્તજન હતા તેમણે દેખ્યા ને બાપાશ્રીને પડી ગયા જાણી દોડીને આવ્યા ને બાપાશ્રીની ભુજાઓ ઝાલીને વાડીમાં જાંબુડા નીચે લાવ્યા અને આસન પાથરેલ ઢોલિયા ઉપર શયન કરાવ્યું. પછી બાપાશ્રીના કાનજીભાઈ, મનજીભાઈ, માવજી, જાદવજી તે સર્વે આવ્યા ને બાપાશ્રીની સેવા કરવા લાગ્યા, ને અનાદિ મુક્તરાજશ્રી શાંતિ પામીને સૂઈ રહ્યા. પછી પડખામાં કાંઈક દુખવા માંડ્યું તેથી મનજીભાઈ ને માવજીભાઈ બાપાશ્રીને ઘોડાગાડીમાં બેસાડીને મંદિરમાં તેડી લાવ્યા ને ગામના હરિભક્ત સર્વે બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા ને મંદિરમાં સાધુ પણ હતા, તેમણે સર્વેએ દર્શન કરીને બાપાશ્રીને ગરમ પાણીથી શેક કર્યો. પછી સાંજે ખીચડી ને દૂધ જમીને ઓરડીને વિષે જે ઢોલિયો તેમાં શયન કર્યું. તે સમે પણ અગિયાર વાગ્યા સુધી થોડો થોડો શેક કર્યો, પછી ગરમી થયાથી બંધ રાખ્યો ને બાપાશ્રી પોઢી ગયા.

ત્યાર પછી બીજે દિવસ સવારમાં ભૂજ મંદિરમાં ખબર પડી જે,'અનાદિમુક્તશ્રી ઘોડી-એથી પડી ગયા છે.' ત્યારે બ્ર. નિર્ગુણાનંદજી, સાધુ કેશવપ્રિયદાસ, મહેતા ભોગીલાલ, કોટવાળ ધનજીભાઈ ને સોની મોતીભાઈ -તે સર્વે તુરત જ બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા ને મંદિરમાં દર્શન કરીને વાડીએ ગયા, ત્યાં જાંબુડાના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર બિરાજમાન ને પાસે દસ-બાર હરિભક્ત બેઠા છે ને કરુણાદૃષ્ટિથી ભક્તજન સામું જોતા -એવા અનાદિ મુક્તશ્રીને દંડવત્ કર્યા અને દર્શન કરીને મળ્યા ને બાપાશ્રીને ઘોડીએથી પડી ગયાના સમાચાર પૂછ્યા -ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમને કાંઈ વાગ્યું નથી.' ત્યારે સર્વે રાજી થયા. પછી બ્ર. નિર્ગુણાનંદજી દૂધમાં કરેલા લાડુ-પૂરીનો પાંચ શેર ભાર ડબ્બામાં ભરીને લાવ્યા હતા ને એક પાકું.તરબૂચ લાવ્યા હતા તે સુધારીને બાપાશ્રીને લાડુ, પૂરી ને તરબૂચ જમાડ્યાં ને સાધુ કેશવપ્રિયદાસે જળપાન કરાવ્યું. પછી બાપાશ્રીએ તે ડબ્બામાંથી લાડુ,પૂરીઓ ને તરબૂચ લઈને મહેતા ભોગીલાલભાઈ, કોટવાળ ધનજીભાઈ ને સોની મોતીભાઈ આદિને સારી પેઠે જમાડ્યા, તોપણ તે લાડુ, પૂરી ને તરબૂચ વધ્યાં. ત્યારે બીજા હરિભક્ત દર્શન કરવા આવ્યા હતા તે સર્વેને તથા વાડીમાં હતા તે સર્વેને બાપાશ્રીએ તેમાંથી એકેક લાડુ ને બબ્બે પૂરીઓ પ્રસાદી આપી તોપણ તે વધ્યું, ત્યારે -તે બ્રહ્મચારી તથા પુરાણીને આપ્યું. આવી રીતે બાપાશ્રીએ થોડાક લાડુમાંથી ઘણાને પ્રસાદી આપી ને કેટલાકને જમાડ્યા -એવો મહા અદ્‌ભુત ચમત્કાર જોઈને સર્વે જનો આશ્ચર્ય પામ્યા. પછી

૧. વાડીનો એક વિભાગ (કચ્છની ભાષા છે.)

ભોગીલાલભાઈ આદિ હરિભક્ત બાપાશ્રીને દંડવત્ કરીને મળ્યા ને રજા લઈને ભૂજ ગયા. પછી બ્ર. નિર્ગુણાનંદજી ને પુ. કેશવપ્રિયદાસ તે બેયને બાપાશ્રીએ કહ્યું જે, 'તમે આ ડેલામાં જઈને પ્રસાદી જમી લો.' ત્યારે તે બેય ત્યાં જઈને જમ્યા. પછી બાપાશ્રી પાસે આવીને બેઠા અને મોતીભાઈ ને માવજી પટેલ તે પણ ત્યાં બેઠા હતા. પછી બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળના સમાચાર પૂછ્યા અને પોતે પણ તેમની વાત કરી. ને વળી બોલ્યા જે, 'સત્સંગમાં કુસંગી જેવા હોય તેને ઓળખીને તેથી છેટે રહેવું ને ધર્મવાળા ને હેતવાળા સાધુ-હરિભક્ત હોય તે સાથે હેત રાખવું ને તેમનો પક્ષ રાખવો.' –એમ કહીને વળી કહ્યું જે, 'અમે મૂળીના યજ્ઞમાં ગયા હતા, વળી ત્યાંથી હરિભક્તોના હેતથી ગામડાંમાં પણ ગયા હતા. તેમાં કેટલાક સમજ્યા વિના અવળું પણ બોલતા, પરંતુ અમે તો જે કરીએ છીએ તે સાધુ–હરિભક્તને સુખ થાય તે સારુ ને મહારાજને રાજી કરવા સારુ કરીએ છીએ.' –એમ વાતો કરીને બ્રહ્મચારી તથા પુરાણીને કહ્યું જે, 'તમારે નાહવું હોય તો લખાઈવાડીએ નાહી આવો ને અમે હિંડોળા સમે ભૂજ દર્શન કરવા આવશું; તમે ઠાકોરજીને હિંડોળામાં બેસાડીને ઝુલાવજો.' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે,'સારું બાપા ! જરૂર દયા કરીને દર્શન દેવા પધારજો; અમે આપ જેમ કહેશો તેમ કરશું.' પછી બ્રહ્મચારી ને પુરાણી લખાઈવાડીએ નાહીને પાછા આવ્યા ને બાપાશ્રી વસ્ત્ર પહેરી મસ્તકે ફેંટો બાંધીને બેઠા હતા ત્યાં જાદવજીએ ઘોડી તૈયાર કરી, એટલે બાપાશ્રી ઢોલિયેથી ઊઠી વડ નીચે પૈયામાં[૧] આવીને ઘોડી ઉપર બેઠા. પછી ચાલ્યા ને તેમની સાથે બ્રહ્મચારી અને સંત પણ ચાલ્યા અને મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી ઘડીક ઓસરીમાં આસન ઉપર બેસીને કથા સાંભળી. પછી બાપાશ્રી ઘેર વાળુ કરવા ગયા ને વાળુ કરી આવી આરતી–ધૂન કરીને ચોકમાં વાયરે સૂતા થકા દર્શન દેતા હતા, પછી છેલ્લી કથા ને ચેષ્ટાનાં પદ થઈ રહ્યાં ત્યારે ઓરડીમાં જઈને ઢોલિયામાં શયન કર્યું. પછી બાપાશ્રીએ બ્ર.નિર્ગુણાનંદજી ને મુનિને સવારમાં વહેલા ભૂજ જવાની આજ્ઞા કરી અને પોતે યોગનિદ્રા અંગીકાર કરી. હવે બ્રહ્મચારી ને સાધુ સવારમાં વહેલા ઊઠીને ભૂજ ગયા ને બીજે દિવસે વરસાદ થયો, તેથી કાળીતલાવડીમાં પાણી આવ્યું ને કૂવામાં પણ પાણી થયું ને અસાડી અમાસનો સમૈયો પણ કર્યો. તેમાં ભૂજના ને ગામડાંના હરિભક્તોએ આવીને બાપાશ્રીનાં દર્શનનો લાભ લીધો.

પછી શ્રાવણ માસમાં બાપાશ્રીએ હિંડોળામાં ભૂજઠાકોરજીનાં દર્શન કરવા આવવાનું કહ્યું હતું પણ દશમ લગી ન આવ્યા, ત્યારે અતિ સ્નેહી બ્ર. નિર્ગુણાનંદજી ને મુનિ તથા બીજા કેટલાક સંતો તે કહેવા લાગ્યા જે, 'અનાદિમુક્તશ્રીએ હિંડોળામાં આવવાનું કહ્યું હતું પણ હજુ સુધી ન

૧. કોસના બળદને ચાલવાની જગ્યા.

આવ્યા ને આવતી પૂનમનું ગ્રહણ છે માટે એકાદશી પછી આવવાનો જોગ નથી માટે આવે તો આજ જ આવવા જોઈએ. વરસાદ વરસ્યો, ઠંડી હવાના દિવસ પણ થયા છે, ઠાકોરજી હિંડોળામાં ઝૂલે છે, ઉત્સવ થાય છે. સંત-હરિભક્તો પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિને સંભારીને ચાતુર્માસનાં વિશેષ નિયમ વ્રત કરે છે ને શાંતિ-સુખેથી સર્વે મહારાજનું ભજન કરે છે, પણ મુક્તરાજશ્રી પધારે તો સર્વેને સમાગમનો લાભ મળે.' -એમ તે ભક્તજનો વરસાદની પેઠે વાટ જોતા હતા, ત્યાં તો મુક્તશ્રીની વધામણી આવી; તે શું તો મોતીભાઈના મગનભાઈએ આવીને કહ્યું જે, 'બાપાશ્રી વૃષપુરથી પોતાની ઘોડાગાડીમાં બેસીને આવે છે ને બાપાશ્રીની આજ્ઞાથી હું તમને સમાચાર દેવા સાઇકલથી આવ્યો.' -એમ કહ્યું. ત્યારે તે ભક્તનાં વચન સાંભળીને સર્વે આનંદ પામ્યા ને અનાદિ મુક્તરાજનાં દર્શન-સેવા કરવામાં તત્પર થયા ને બાપાશ્રી સારુ આસન પાથરીને તૈયાર કર્યું, ત્યાં તો મુક્તરાજશ્રી પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને સભામંડપમાં આવ્યા, એટલે સર્વે ભક્તજનો સામા જઈ દંડની પેઠે પડતાં મૂકી નમસ્કાર કરીને અનાદિમુક્ત બાપાશ્રીને મળ્યા ને સુંદર આસન ઉપર બાપાશ્રી બેઠા ને સર્વે ભક્તજનો તેમના સામું જોઈને બેઠા.

પછી સંધ્યા-આરતી થઈ ત્યારે બાપાશ્રીએ આરતી-ધૂન કરીને ઠાકોરજી ને સંતમંડળનાં દર્શન કર્યાં, પછી જમવા પધાર્યા ને બ્રહ્મચારીએ બાપાશ્રીને ખીચડી, શાક, દૂધ, પૂરી વગેરે પીરસીને સારી રીતે જમાડ્યા. ત્યાર પછી મેડા ઉપર જઈને આસને સૂતા ને છેલ્લી કથા થઈ રહ્યા પછી યોગનિદ્રા ગ્રહણ કરી. પછી ત્રણ વાગે જાગીને ધ્યાન કર્યું ને નિત્યવિધિ કરીને સભામાં પધાર્યા ને સભા ઊઠ્યા પછી મેડા ઉપર આસને બેઠા હતા ને સંત-હરિભક્ત પણ બેઠા હતા. તે સમે સાધુ કેશવપ્રિયદાસજીએ **'બાપાશ્રીનું જીવનવૃત્તાંત'** નામનું આ પુસ્તક લાવીને બાપાશ્રીના હસ્તમાં આપ્યું ને બાપાશ્રીની પાસે પ્રમાણ ને પ્રસન્નતા તથા આશીર્વાદ માગ્યા.ત્યારે બાપાશ્રીએ થોડું વંચાવીને અતિ પ્રસન્નતા જણાવી ને પોતાની સહી કરી આપી ને ચંદનથી પૂજા કરી અને આશીર્વાદ આપ્યો જે, 'આ જીવનવૃત્તાંત વાંચશે ને સાંભળશે તેનાં દુઃખ, દારિદ્ર્ય ને રોગ જશે અને સુખ, શાંતિ ને સમૃદ્ધિને પામશે અને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થાશે ને શ્રીજીમહારાજની કૃપાથી એકાંતિક, પરમએકાંતિક ને અનાદિમુક્તની પદવીને પામીને શ્રીજીની મૂર્તિનું સુખ ભોગવશે.' -એમ કહીને તે પુસ્તક કેશવપ્રિયદાસને પાછું આપ્યું. પછી જમીને ઘડીક પોઢી રહ્યા ને પછી જાગ્યા.

તે સમે બાપાશ્રીને ડાબા કાને સંભળાતું નહિ ને દુખાવો પણ રહેતો, તેથી મહેતા ભોગીલાલભાઈ દુલેરાય ડૉક્ટરને બોલાવી લાવ્યા હતા તેને બાપાશ્રીએ કાન બતાવ્યો, ત્યારે તે ડૉકટરે કાન જોઈને પિચકારીથી ધોયો. તે સમે ડૉકટરને બાપાશ્રીએ દિવ્ય અતિ અદ્‌ભુત સ્વરૂપ

–એવાં દર્શન આપ્યાં, એટલે તે ડૉકટરે આશ્ચર્ય પામી હાથ જોડીને મોક્ષ માગ્યો. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'બીજે જન્મે કરશું.' ત્યારે તેણે કહ્યું જે, 'હે સમર્થ! તમે મળ્યા ને હવે જન્મ લેવાનો ન રહેવો જોઈએ.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ' આવું હેત રાખીને શ્રીજીમહારાજ તથા અમને સંભારશો, તો આ જન્મે જ મોક્ષ થશે.' પછી તે ડૉકટર રાજી થઈ નમસ્કાર કરીને ગયા ને બાપાશ્રી તૈયાર થઈને સર્વે સંત–હરિભક્તને મળી ગાડીમાં બેસીને વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૭૫

રામપુર ને સુખપુર–કથા, મહાપુરુષદાસજીની દિવ્યગતિ, પ્રાસંગિક વાતો, ભૂજ – ઠાકોરજીની સેવામાં સાધુને રાખવાની આજ્ઞા, બ્રહ્મચારીની દિવ્યગતિ ને કેસરાજભાઈની કથામાં તથા અન્નકૂટ પર ભૂજગમન

ત્યાર પછી રામપુરમાં ફઈબાનાં સેવક કાનબાઈએ ધનુબાની વરશીમાં 'સત્સંગિજીવન'નું પારાયણ બેસાડ્યું હતું ને અનાદિમુક્તશ્રી ત્યાં પધાર્યા હતા ને ભૂજના સર્વે સંત આવ્યા હતા ને ચોવીસ ગામની મંડળીઓ તેડી હતી ને સર્વે સાંખ્યયોગી બાઈઓને પણ તેડાવ્યાં હતાં. તે સમૈયામાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ કોઈ સંત આવ્યા નહોતા ને બ્ર. નિર્ગુણાનંદજી આવ્યા હતા.

એક દિવસ બાપાશ્રીએ બ્રહ્મચારીને કહ્યું જે, તમે તો મૂર્તિરૂપ છો ને મૂર્તિમાં રસબસ રહીને મૂર્તિનું સુખ ભોગવો છો, પણ તમારી સામર્થી અમે ઢાંકી રાખી છે તેથી તમને દેહભાવ દેખવા માત્ર જણાય છે, તેને ભુલવાડીને અનાદિમુક્તની સ્થિતિનો અનુભવ કરાવશું. પછી તમને આ દેહ, લોક, ભોગ એ આદિ કાંઈ નહિ દેખાય ને શ્રીજીમહારાજના સ્વરૂપમાં જ થીજી રહેવાશે; તમે અત્યારે પણ એવા જ છો પરંતુ શ્રીજીમહારાજને અમારી ઈચ્છાથી દેહભાવ દેખાય છે, ને મંદવાડ પણ જણાશે ને બેભાન અવસ્થા પણ થઈ જશે. તેમાં મહારાજની લીલા સમજીને સેવા કરશે તેને મહારાજ દેહભાવથી મુક્ત કરીને પોતાનું સુખ આપશે; જે અવગુણ લેશે તેને જન્મ–મરણનાં દુઃખ ભોગવવાં પડશે અને તમે તો અમે જેમ રાખીએ તેમ આનંદમાં રહેશો. પછી બ્રહ્મચારીને બાપાશ્રીએ મોતૈયા લાડુ જમાડ્યા, ત્યાર પછી બીજે દિવસે પારાયણ પૂરી થઈ, ને હરિભક્તે પુસ્તક ને પુરાણી ને બીજા સર્વે સંતની પૂજા કરી, ને બાપાશ્રીને પાઘ બંધાવી. પછી પંક્તિઓ કરીને સર્વેને જમાડ્યા ને બાપાશ્રી તે પંક્તિઓમાં ચારે કોર ફરીને દર્શનદાન દેતા હતા ને સર્વે હરિભક્તો જમી રહ્યા એટલે બાપાશ્રીના પુત્ર ઘોડાગાડી જોડીને લાવ્યા તેમાં બેસીને બાપાશ્રી વૃષપુર પધાર્યા.

ત્યાર બાદ સુખપુરમાં 'સત્સંગિભૂષણ'ની કથા કરાવી હતી ને બાપાશ્રી ત્યાં પણ પધાર્યા હતા ને ભૂજથી સર્વે સંત-બ્રહ્મચારી પણ આવ્યા હતા. પછી તે કથા થઈ રહી ત્યારે સંતો ભૂજ જવા ચાલ્યા. તે વખતે બ્રહ્મચારીને હેડકી બહુ આવતી હતી ને શરીરે પણ માંદા હતા તેથી આ લોકથી ઉદાસી થઈને દિવ્ય દેહે મૂર્તિમાં રહેવા તૈયાર થયા હતા. પછી બાપાશ્રીએ કહ્યું જે, 'હમણાં બાર મહિના ખમો; પછી તેડી જઈશું'. -એમ કહીને બાપાશ્રી વૃષપુર પધાર્યા ને બ્ર. નિર્ગુણાનંદજી ને સાધુ કેશવપ્રિયદાસ ભૂજ આવ્યા ને બ્રહ્મચારીને સારું થઈ ગયું ને ઠાકોરજીની સેવા પોતે એકલા જ કરતા. તેવા સમયમાં માગશર માસમાં મહંત સ્વામી મહાપુરુષદાસજી વધારે માંદા થયા તેથી બાપાશ્રી તેમને દર્શન દેવા ભૂજ પધાર્યા ને પાસે બેસીને વાતો કરી જે, 'આ દેહ ખોટો છે પણ ખોટો મનાતો નથી, તેથી દુઃખ લાગે છે; અને જો દેહ ખોટો મનાય તો જીવને કાંઈ દુઃખ નથી.' -એ આદિ વાતો કરી શાંતિ પમાડીને બ્રહ્મચારીને આસને આવીને બેઠા ને સર્વે સંત-હરિભક્તોએ દર્શન કર્યાં. પછી સાંજના વૃષપુર પધાર્યા ને બીજે દિવસે સવારે સ્વામીએ દેહ મેલ્યો ને શ્રીજીમહારાજના ધામમાં ગયા.

ત્યાર પછી બ્ર. નિર્ગુણાનંદજી, સાધુ કેશવપ્રિયદાસ ને સોની મોતીભાઈ -તેઓ બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર ગયા હતા. તે સમે બાપાશ્રી નવીવાડીએ વડના ઉગમણા પડખે કાલર (ગંજી) પાસે ઢોલિયા ઉપર બિરાજમાન હતા, ત્યાં જઈ બ્રહ્મચારીએ બાપાશ્રીને દંડવત્ કરીને દર્શન કર્યાં. ત્યારે પોતે ઊભા થઈને અતિ રાજીપો જણાવીને મળ્યા. પછી ઢોલિયા ઉપર આથમણે મુખે બેઠા ને બ્ર. નિર્ગુણાનંદજી આદિ સાદડી ઉપર સન્મુખ બેઠા. પછી બાપાશ્રીએ બ્રહ્મચારીને વાતો કરી જે, 'અમે તો આકાશ જેવા નિર્લેપ-અસંગી છીએ, ને અમને રૂપવાન ને યૌવનવાન એવી જે સ્ત્રીઓ અને કાંટાવાળા થોર તથા કચરો ને કંચન-તે સરખું છે. માયાનું કાર્ય તો અમને શું મોહ પમાડે, પણ મહારાજની મૂર્તિ વિના અક્ષરપર્યંત અમને કોઈ મોહ પમાડવાને સમર્થ નથી; અમે તો એક શ્રીજીમહારાજને સુખે સુખિયા છીએ પરંતુ તે વિના બીજા કોઈ પદાર્થે, કે ખાનપાને સુખી નથી. ને કોઈ ભાવે કરી અન્ન-જળ, વસ્ત્રાદિક પદાર્થે કરીને સેવા કરે તેને અંગીકાર કરીએ છીએ, તે તો તેના સુખને અર્થે કરીએ છીએ, પણ અમારા સુખ સારુ નથી કરતા. પરંતુ જેને મહારાજ ને અનાદિમુક્તનું સ્વરૂપ સમજવામાં નથી આવ્યું, તે આવા મોટા પુરુષને વિષે દોષ પરઠે છે ને અવગુણ લે છે, તેણે તો સત્સંગમાં સેવા કરી હોય, નિયમ-ધર્મ પાળ્યાં હોય, વ્રત, જપ વગેરે કર્યાં હોય તે સર્વે નિષ્ફળ થઈ જાય છે ને તેને શ્રીજીમહારાજનાં કોઈ દિવસ દર્શન થાતાં નથી. અને અમે તો સાધુ-સત્સંગીને જેમ સુખ થાય તેમ કરીએ છીએ ને મંદિરનું કાંઈ બગડતું હોય તો બગડવા ન દઈએ.' -એમ વાતો કરીને બ્રહ્મચારીને કહ્યું જે, 'જુઓ, તમે ઠાકોરજીની સેવા કરો છો તેથી

શરીરમાં સારા થઈ રહ્યા છો.' વળી સાધુ કેશવપ્રિયદાસ સામું જોઈને કહ્યું કે, 'જુઓ તો, બ્રહ્મચારીમાંથી તેજ છૂટે છે.' તે સમે બાપાશ્રી અતિ પ્રસન્ન હતા ને મુખકમળમાંથી શ્વેત-શીતળ તેજનાં કિરણો પ્રસરતાં હતાં ને 'મંદ મંદ' હસતા હતા. પછી બ્રહ્મચારી ને મોતીભાઈ બાપાશ્રી સારુ મેસૂર, મોહનથાળ ને ગાંઠિયા આદિ પકવાન લાવ્યા હતા તેથી બાપાશ્રીને જમવા વિનંતી કરી, ત્યારે જમવા બેઠા ને વર્ણીએ પકવાન ધર્યાં ને બાપાશ્રી જમવા લાગ્યા, તે સારી રીતે જમીને જળપાન કર્યું. પછી બ્રહ્મચારી ને મુનિને કહ્યું જે, 'તમે ડેલામાં જમવા બેસો.' ત્યારે બેય ડેલામાં જમવા બેઠા ને બાપાશ્રીએ પાસે બેસી પીરસીને સારી પેઠે જમાડ્યા. પછી બાપાશ્રીએ બ્રહ્મચારી આદિને મંદિરમાં જવાની આજ્ઞા કરી, ત્યારે તેઓ મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કરીને ભૂજ ગયા.

પછી વળી ફાગણ વદમાં અનાદિમુક્તશ્રી ભૂજ પધાર્યા, ત્યાં વાતો કરીને સર્વેને સુખિયા કરતા ને બ્રહ્મચારી ઠાકોરજીના થાળની પ્રસાદીનાં ભોજન બાપાશ્રીને જમાડતા, ને બાપાશ્રી મેડા ઉપર પોઢતા ને ઠાકોરજીને કૂવે સ્નાન કરતા. પછી બાપાશ્રી બારશને દિવસે સવારમાં કથાવાર્તા કરીને મેડા ઉપર આસને બેઠા હતા ને પાસે સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ ચાર-પાંચ સાધુ ને ભોગીલાલભાઈ આદિ દસ-બાર હરિભક્ત બેઠા હતા. તે સમે બ્રહ્મચારીજી બાપાશ્રી પાસે આવીને બેઠા, ત્યારે બાપાશ્રી તેમના સામું જોઈને સંત-હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, 'આ બ્રહ્મચારી હવેથી તમારા નથી; તેમને ધામમાં તેડી જઈશું ને ઠાકોરજીની સેવામાં બીજા બ્રહ્મચારીને તેડાવવા હોય તો તેડાવો, આમનાથી હવે સેવા નહિ થાય.'

ત્યારે સર્વે સંત-હરિભક્ત બોલ્યા જે, 'કિયા બ્રહ્મચારીને બોલાવવા ?' ત્યારે સ્વામી ભક્તિપ્રિયદાસજી બોલ્યા જે, 'હું અમદાવાદ ગયો હતો ને મુનીશ્વરાનંદ તથા દામોદરાનંદ આદિ બ્રહ્મચારીને અહીંયાં આવવાનું કહ્યું. ત્યારે તેમણે કહ્યું જે, 'હાલ અમારાથી ભૂજ-ઠાકોરજીની સેવા કરવા આવી શકાય તેમ નથી.' એમ કહ્યું હતું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'બ્રહ્મચારી આવશે તેમાં કોઈ આપણી મરજી પ્રમાણે નહિ કરે ને પોતાનું ધાર્યું કરશે ને ધર્મમૂર્તિ, નિર્દોષ ને નિર્ગુણ તો આ નિર્ગુણાનંદ છે, તે દોઢ કે બે પૂરી જમીને બે મંદિરમાં છ મૂર્તિની સેવા એકલાએ આજ દિવસ સુધી કરી; આવા બ્રહ્મચારી ખોળ્યા પણ જડશે નહિ, આમણે તો એક મહારાજની મૂર્તિ રાખી છે. બીજા બ્રહ્મચારી અહીં મળતા આવે તેવા નહિ જડે માટે તમે સાધુ ઠાકોરજીની સેવા કરો ને જે કોઈ ના કહેશે તેને અમે કહેશું, કે અમે આજ્ઞા કરી છે.' પછી ઠાકોરજીના થાળની આરતી થઈને બ્રહ્મચારીએ બાપાશ્રીને થાળનાં ભોજન જમાડ્યાં.

પછી ચાર વાગે મુક્તશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સંતમંડળને મળી ગાડીમાં બેસીને વાડીએ પધાર્યા ને બ્રહ્મચારી ને સાધુ કેશવપ્રિયદાસ તથા બીજા સંત-હરિભક્ત બાપાશ્રીને વળાવવા વાડીએ આવ્યા ને બાપાશ્રી સ્નાન કરી સર્વેને મળીને વૃષપુર પધાર્યા ને બ્રહ્મચારી આદિ સર્વે મંદિરમાં આવ્યા. તે વખતે બ્ર. નિર્ગુણાનંદજીનું શરીર શિથિલ થઈ ગયું, તેથી તેમને સાધુ કેશવપ્રિયદાસે નવરાવ્યા ને બ્રહ્મચારી મહારાજે શોળે થઈને ઠાકોરજીની સંધ્યા-આરતી તથા શયન-આરતી કરીને ઠાકોરજીને પોઢાડ્યા ને આસને આવીને સૂતા, ત્યાં જ તાવ આવ્યો ને રાત્રીના બાર વાગે નાભિ નીચે ગાંઠ ઊપડી, તેણે કરીને પીડા બહુ જ થવા લાગી, પછી માંદા સાધુની જગ્યામાં આસન રાખ્યું. પછી તો બીજે દિવસે ઘણો જ મંદવાડ થયો ને ઠાકોરજીની સેવામાં સાધુ રહ્યા, પણ તેમાં કેટલાક હરિભક્તની રુચિ હતી નહિ; તે શું, તો સાધુને દેવની સેવામાં રહેવાય નહિ માટે અમદાવાદથી બ્રહ્મચારીને બોલાવવા એવો મત હતો, પરંતુ બાપાશ્રીના વચનને ઉલ્લંઘીને કોઈ કાંઈ પણ કરવા સમર્થ થયા નહિ.

પછી સર્વેને સુખકારી જ જેમનો સ્વભાવ છે, એવા બાપાશ્રી બ્રહ્મચારીને માંદા જાણીને દર્શન દેવા આવ્યા ને પાસે બેસી દર્શન દઈને કહ્યું જે, 'બ્રહ્મચારી ! તમને શરીરમાં કેમ છે ?' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'હે કૃપાળુ ! મારા શરીરમાં પીડા ઘણી છે પણ તેનું કાંઈ નહિ; દેહનાં દુઃખ ટાળવાનું આપને મેં કોઈ દિવસ કહ્યું નથી ને કહેવું પણ નથી. આ દેહનું તો જેમ આપની મરજી હોય તેમ કરો, પણ જે ખરું મૂર્તિનું સુખ છે તે આપો અને તમારા ભેગા મૂર્તિમાં રાખો.' પછી બાપાશ્રીએ બ્રહ્મચારીને દૂધ પાયું ને મૂર્તિના સુખમાં જોડી દીધા, તેથી તેમને શાંતિ થઈ ને ઊંડા ઊતરી ગયા. પછી બાપાશ્રી સ્નાન કરવા ઊઠ્યા ને સ્નાન કરીને સભામંડપમાં બ્રહ્મચારીને આસને બેસીને વાત કરી જે, 'હવે બ્રહ્મચારીનો દેહ રહેશે નહિ; તેમને મૂર્તિમાં જોડી દીધા છે ને દેહની ચેષ્ટા તો મહારાજની ઇચ્છાથી થાય છે ને બ્રહ્મચારીની કેરે અમે અહીં રસોઈ આપશું.' પછી સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને જમાડ્યા ને જમીને પછી પોઢી ગયા ને જાગીને સ્નાન કર્યું તે સમે બાપાશ્રીનાં સર્વેએ દર્શન કર્યાં. પછી બાપાશ્રી બ્રહ્મચારીને દર્શન દઈ ઠાકોરજીનાં દર્શન કરીને સર્વે સંતને મળ્યા ને ગાડીમાં બેસીને સાંજના વૃષપુર પધાર્યા.

હવે બ્રહ્મચારી તો મૂર્તિના સુખમાં જોડાઈ ગયા હતા. તે વાત બ્રહ્મચારીએ રાત્રે સાધુ કેશવપ્રિયદાસને કરી જે, 'બાપાશ્રીએ દૂધ પાયું ત્યારથી દુઃખ માત્ર નથી રહ્યું ને શાંતિ શાંતિ થઈ ગઈ છે ને તેજના સમૂહને વિષે તેજોમય દિવ્ય સાકારમૂર્તિ એવા શ્રીજીમહારાજ અને બાપાશ્રીનાં દર્શન થાય છે ને ચારે કોર દિવ્ય મુક્ત બેઠા છે ને સ્વામી ઘનશ્યામજીવનદાસજી, વૃંદાવનદાસજી, ઈશ્વરચરણદાસજી આદિ અનંત મુક્ત દિવ્ય તેજોમય મૂર્તિ એવા દેખાય છે ને સુખ સુખ થઈ રહ્યું

છેઃ –એમ કહીને ઊંડા ઊતરી ગયા. પછી સવારે જાગ્રત થયા ને સ્નાન કરાવ્યું. પછી શ્રીજીમહારાજની ઇચ્છાએ દેહની સ્મૃતિ વિના વાતો કરવા લાગ્યા જે, 'સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન છે. બાપાશ્રી અનાદિમુક્ત છે ને શ્રીજીમહારાજ–સ્વરૂપ છે અને સ્વામી નિર્ગુણદાસજી પણ અનાદિમુક્ત છે ને સ્વામિનારાયણ એક જ ભગવાન છે, તે તમે સમજો; નહિ સમજો તો બહુ જ ખોટ આવશે. મારી ભૂલ હોય, અમારાથી કાંઈ અજાણમાં અપરાધ થયો હોય તો તે માફ કરશો પણ તમારી ભૂલ સુધારો ને અનાદિની સ્થિતિમાં રહી મૂર્તિમાં જોડાવું જોઈએ; આત્યંતિક પ્રલયનું ઉપશમ કરી મૂર્તિમાં રહેવું. આ વાત નાનામોટા સર્વેને કરવાની છે.' –એમ ચાર–પાંચ દિવસ બોલ્યા કરતા ને શરીરમાં પણ સાજાસારા દેખાતા ને દૂધ પીતા. પછી પ્રથમની ગાંઠ ફરી ઊપડી આવી ને શરીરમાં બહુ જ વ્યાધિ જેવું દેખાયું ને પોતે ઊંડા ઊતરી ગયા. પછી સંવત ૧૯૮૧ના ચૈત્ર સુદ પૂનમના દેહ મેલીને ધામમાં ગયા ને મૂર્તિમાં રહી મૂર્તિના સુખભોક્તા થયા.

પછી બીજે દિવસે અનાદિ મુક્તરાજશ્રી ભૂજ પધાર્યા અને સંત–હરિભક્ત દર્શન કરીને બાપાશ્રી પાસે બેઠા ને મોટી સભા ભરાઈ. પછી બાપાશ્રી તે સભામાં વાત કરવા લાગ્યા જે, 'બ્રહ્મચારી ધામમાં ગયા તેમની આપણે બહુ ખોટ આવી; એમના જેવા તો એ એક જ હતા ને સર્વેને મૂર્તિમાં જોડાવીને સુખિયા કરતા ને ધ્યાન–ભજન, ત્યાગ–વૈરાગ્ય ને સ્વધર્મ આદિ સર્વે અંગે સર્વોપરી હતા ને સર્વેને પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખતા ને જ્ઞાનદાન દેતા, તે હવે સર્વેને બહુ સાંભરશે; એ તો મૂર્તિના સુખમાં જઈને બેઠા. –એમ વાતો કરીને સર્વેને શાંતિ પમાડ્યા. પછી ઠાકોરજીની આરતી થઈ એટલે બાપાશ્રી દર્શન કરવા ગયા ને દર્શન કરીને આવ્યા, ત્યારે સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને જમવાની પ્રાર્થના કરી તેથી બાપાશ્રી જમવા પધાર્યા ને લાડુ, પૂરી, શાક આદિ ભોજન બાપાશ્રીને પીરસ્યાં. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'બ્રહ્મચારી ધામમાં ગયા છે તેથી ગળ્યું જમતા નથી.' –એમ કહીને પૂરી, શાક, ભજિયાં, દાળ, ભાત આદિ ભોજન જમ્યા પણ લાડુ જમ્યા નહિ. પછી બાપાશ્રીને પાનબીડીનો મુખવાસ દીધો, તે સર્વે ભક્તને વહેંચીને પોતે જમ્યા ને સાંજના વૃષપુર પધાર્યા.

ત્યાર પછી ભારાસરના કેસરાજભાઈની વરશીમાં તેમના પુત્ર વશરામ ને તેમના ભત્રીજા રામજીભાઈ તેમણે ભૂજમંદિરમાં 'વચનામૃત'ની પારાયણ કરાવી હતી, તેથી મુક્તરાજ બાપાશ્રીને તેડવા મંદિરની ગાડી મોકલી. તેમાં બેસીને બાપાશ્રી ભૂજ પધાર્યા ને સર્વેને દર્શન–દાને ન્યાલ કર્યા ને પારાયણ પૂરી થઈ, ત્યારે વશરામભાઈ ને રામજીભાઈએ કથાની ને સર્વે સંતની તથા બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રીને મસ્તકે ફેંટો બંધાવ્યો. ત્યાર પછી સાધુ કેશવપ્રિયદાસ ઠાકોરજીની સેવામાં હતા તેથી બાપાશ્રીને જમવા બોલાવ્યા ને બાપાશ્રી બ્રહ્મચારીના મેડા ઉપર

જમવા બેઠા. પછી ઠાકોરજીના થાળની પ્રસાદીના લાડુ, પૂરી, શાક, ભજિયાં, દાળ-ભાત આદિ ભોજન બાપાશ્રીને પીરસ્યાં ને બાપાશ્રી તેમાંથી થોડું જમીને દહીં ને પૂડલા સારી પેઠે જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લીધો ને મેડા ઉપર આસને પોઢ્યા ને ઠાકોરજી જાગ્યા, ત્યારે દર્શન કરી સર્વે સંતને મળી પોતાની ગાડીમાં બેસીને વૃષપુર પધાર્યા.

ત્યાર પછી વળી અન્નકૂટ ઉપર અનાદિ મુક્તરાજશ્રી પોતાના પુત્ર કાનજી ને મનજી તથા પૌત્ર માવજી, જાદવજી ને હરજી તેમણે સહિત પોતાની ગાડીમાં બેસીને ભૂજ પધાર્યા ને સર્વેને દર્શન-દાને સુખી કર્યા, ને અન્નકૂટ પૂર્યો ત્યારે ઠાકોરજીનાં ને અન્નકૂટનાં દર્શન કર્યાં. પછી એક વાગે સાધુ કેશવપ્રિયદાસ અને કૃષ્ણારામે બાપાશ્રીને સેવકોએ સહિત જમવા બોલાવ્યા ને બ્રહ્મચારીના મેડા ઉપર પંક્તિ કરી, ને ઠાકોરજીની પ્રસાદીનાં અનેક પ્રકારનાં પકવાન તથા શાક, પાક આદિ ભોજન -તે બાપાશ્રીને તથા બાપાશ્રીના સર્વે સેવકને પીરસીને જમાડ્યા ને બીજે દિવસે મુક્તરાજશ્રી પોતાના સેવકોએ સહિત વૃષપુર પધાર્યા. ઇતિ વિશ્રામ ૭૬

કુંભારીએ કથાયજ્ઞમાં સટીક વચનામૃતની પ્રશંસા, કાનજીભાઈની આંખોના નિમિત્તે શ્રીનગર-આગમન, દેવુબાની દિવ્યગતિ ને બ્યાસીના યજ્ઞનો પ્રારંભ

સંવત ૧૯૮૨ની સાલમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી, તે અનેક પ્રકારે પોતાના સેવકને સમાગમનું સુખ આપતા થકા પોતાના ઘરને વિષે રહ્યા છે. તે સમે ગામ કુંભારિયાના મિસ્ત્રી મનજીભાઈ તથા અમરસીભાઈએ પોતાના પિતા ગોવામલભાઈ ધામમાં ગયા. તેમની વાંસે કાર્તિક માસમાં દસ દિવસની પારાયણ પોતાના ગામમાં કરાવી હતી. તે પારાયણમાં અનાદિ મુક્તરાજશ્રીને તેડવા પોતાનો સગરામ મોકલ્યો હતો, તેમાં બેસીને બાપાશ્રી કુંભારિયે પધાર્યા ને મંદિર પાસેના ઘરનાં બારણા મંદિરમાં કરીને તેમાં બાપાશ્રીનો ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળનો ઉતારો કર્યો હતો, અને ભૂજના સર્વે સંત તથા હરિભક્ત આવ્યા હતા ને મંદિર પાસે વંડામાં સભામંડપ કર્યો હતો ત્યાં સભા બેસતી, ને અનાદિ મુક્તરાજશ્રી મહાસભામાં આવીને આસન ઉપર બેસતા ને તે સમૈયામાં સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ બાપાશ્રીએ વચનામૃતની ટીકા જે 'રહસ્યાર્થપ્રદીપિકા' નામે કરી છે તે ટીકાએ સહિત વચનામૃતના ગુટકા નવા છપાવીને સર્વેને આપવા લાગ્યા હતા ને સંત-હરિભક્તને આપતા હતા. ત્યારે સંત-હરિભક્તમાં કોઈકને શંકા થઈ જે, 'વચનામૃત ગુજરાતી ભાષામાં છે તેમાં ટીકા શું કરવાની હશે ? ને ટીકાના કર્તા અનાદિમુકત બાપાશ્રીને લખ્યા છે, તે શું તેમણે ટીકા કરી હશે ?' ત્યારે એ વાત બાપાશ્રીના જાણવામાં આવી. એટલે સંત-હરિભક્તની સભામાં બાપાશ્રીએ વાત કરી જે,

'વચનામૃત છે તે અક્ષરાતીત મુક્તના સ્વામી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના મુખકમળની વાણી છે, તે પરોક્ષાર્થ ને પ્રત્યક્ષાર્થ એમ દ્વિઅર્થી છે ને તેનો રહસ્યાર્થ સમજવો અતિ ગુહ્યમાં ગુહ્ય ને ગહન છે તેથી પોતાની મેળે તે રહસ્યાર્થ સમજવામાં આવે નહિ. એ તો અખંડ મૂર્તિમાં રહેતા હોય ને શ્રીજીમહારાજની મરજી જાણતા હોય એવા અનાદિમુક્ત સમજાવે ત્યારે સમજાય, માટે સર્વેને સમજાય તે સારુ વચનામૃતની ટીકા અમે કરી છે ને સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે લખાવી છે. આ ટીકા પ્રમાણે વચનામૃતમાંથી શ્રીજીમહારાજનો મહિમા સમજશે તે સર્વેને અમે શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખશું; ને મૂર્તિમાં રહેવું –તે જ આત્યંતિક મોક્ષ છે.' –એવી બાપાશ્રીની વાતો સાંભળીને તે સર્વે સત્સંગીઓએ ટીકાવાળા 'વચનામૃત'ના ચોપડા લીધા ને સાધુએ પણ લીધા. પછી તો વચનામૃતની સાધુમાં ને સત્સંગીમાં જણ જણ પ્રત્યે પ્રવૃત્તિ થઈ. પછી પારાયણ પૂરી થઈ, તે દિવસે મનજીભાઈ ને અમરસીભાઈએ પુરુષોત્તમરૂપ અનાદિ મુક્તશ્રીને પોતાને ઘેર પધરાવ્યા ને ભારે પૂજા કરી. અને મુક્તરાજશ્રીએ પણ તેમની ઉપર અતિ રાજી થઈને સહકુટુંબ સર્વેનો મોક્ષ કરવાનો વર આપ્યો. હવે કાનજીભાઈને આંખ દુખતી હતી, તેથી બાપાશ્રીએ આંખનું ઓપરેશન કરાવવા સારુ તેમને સ્વામી ઈશ્વરચરણદાસજી અને ડૉકટર નાગરદાસભાઈની સાથે અમદાવાદ મોકલ્યા ને બાપાશ્રી પોતે સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઘનશ્યામજીવનદાસજીને મંડળે સહિત પોતા ભેગા લઈને વૃષપુર પધાર્યા.

ત્યાર પછી અમદાવાદથી સ્વામી તથા બળદેવભાઈએ બાપાશ્રીને તાર કરીને તેડાવ્યા હતા, તેથી બાપાશ્રી તે સદ્‌ગુરુ આદિ સંતને તથા નારાયણપુરના હરજી ને ખીમજી એ બે સેવકને સાથે લઈને ભૂજ થઈને શ્રીનગર પધાર્યા. ત્યારે ત્યાંના હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને અતિ રાજી થયા ને સરસપુર મંદિરમાં ઊતર્યા. ત્યાંથી નિત્યે મોટરમાં બેસીને મોટા મંદિરમાં દર્શન કરવા જતા ને બાપાશ્રીના કાનજીભાઈ તથા પૌત્ર રામજીની એક એક આંખે ઓપરેશન કરાવ્યું ને તેમને દુઃખ મટીને શાંતિ થઈ. પછી ગુજરાત આદિ દેશના હરિભક્તોએ આવીને બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'હે દયાળુ મૂર્તિ ! આપ તો સ્વામિનારાયણ ભગવાનની ઇચ્છાથી વૃષપુરમાં દેવબા અને પાંચાભાઈથી પ્રગટ થયા છો, તે આપને આ પૃથ્વીને વિષે મનુષ્યરૂપે વિચરવું તે અનેક જીવોના આત્યંતિક મોક્ષને અર્થે છે ને આપ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવો છો ને શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો. તે તમે અમારાં ગામ ને ઘેર પધારીને અમને કૃતાર્થ કરો ને આપનાં દર્શન–સ્પર્શથી અનંત જીવોનો ઉદ્ધાર થશે.' –એવી ભક્તોની પ્રાર્થના સાંભળીને અનાદિ મુક્તરાજશ્રીએ તે તે ભક્તજનોના ગામ અને ઘર તે પ્રત્યે જઈને તે તે ભક્તજનોના મનોરથ પૂરા કર્યા.

ત્યાર પછી કાનજીભાઈ અને મનજીભાઈનાં માતુશ્રી દેવુબા –તે વૃષપુરમાં થોડા દિવસથી માંદાં હતાં. તેમને તેડવા દિવ્યસ્વરૂપે શ્રીજીમહારાજ ને બાપાશ્રી આવ્યા હતા ને તેમના ભેળા મોટા સદ્‌ગુરુ સંતો ઘણા હતા; તેણે કરીને મંદિર ને ઘરમાં જ્યાં જુએ ત્યાં સાધુ ને શ્રીજીમહારાજ તથા બાપાશ્રી દેખાય. આવાં કેટલાક ભક્તને દર્શન દઈ મુક્તસ્વરૂપ દેવુબાને દેહ મેલાવી દિવ્ય દેહે શ્રીજીમહારાજે પોતાના ભેળા મૂર્તિમાં રાખ્યાં. પછી તે દેવુબાના દેહ મેલ્યાનો તાર બાપાશ્રીને ગુજરાતમાં કર્યો. તે સમાચાર સાંભળીને બાપાશ્રી તે દેશના હરિભક્તને રાજી કરીને તુરત જ કચ્છ તરફ રવાના થયા અને બળદેવભાઈ ને નાગરદાસભાઈ આદિ હરિભક્ત જામનગર સુધી બાપાશ્રી ભેગા આવ્યા, તેમને સમુદ્રની ખાડીથી પાછા વાળીને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળને સાથે લઈને બાપાશ્રી આગબોટમાં બેઠા. અને કચ્છમાં વૃષપુર આદિ ગામના સર્વે હરિભક્તને બાપાશ્રીના આવવાના સમાચાર આગળથી મળ્યા હતા, તેથી તે હરિભક્તો બાપાશ્રીના સામા ભૂજ–સ્ટેશને આવ્યા હતા. તે સમે રેલગાડી આવી ને બાપાશ્રી ગાડીમાંથી નીચે ઊતર્યા, ત્યારે સર્વે હરિભક્તો બાપાશ્રીને દંડવત્ કરવા લાગ્યા. પછી સર્વે હરિભક્તે ચંદનપુષ્પના હારથી બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રી તે સર્વેને અમૃત દૃષ્ટિએ જોઈને ગાડીમાં બેસીને ચાલ્યા ને સર્વે હરિભક્ત પણ ઉત્સવ–કીર્તન કરતા ચાલ્યા. એવી રીતે ગાજતેવાજતે ભૂજમંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કર્યાં અને સર્વે સંત મળવા આવ્યા, તેમને પ્રથમ પોતે સ્નાન કરીને પછી મળ્યા. પછી આસન ઉપર બેઠા ને સર્વે સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી ને બાપાશ્રીએ ગુજરાતના સંત–હરિભક્તના હેતની વાતો કરી. પછી ઠાકોરજીને રસોડે જમ્યા ને રાત્રી રહી બીજે દિવસ જમીને વૃષપુર પધાર્યા. ત્યાં કાનજીભાઈ ને મનજીભાઈનાં માતુશ્રીનું કાર્ય કર્યું ને ગામના સર્વે મનુષ્યને તથા સાંખ્યયોગી બાઈઓ સર્વેને જમાડ્યાં ને સાંખ્યયોગી બાઈઓને સાડલા દીધા. પછી સ્વામીને મંડળે સહિત ગુજરાતમાં મોકલ્યા.

પછી વળી તે જ સાલમાં (૧૯૮૨માં) બાપાશ્રીએ મોટો યજ્ઞ કરવાનો નિર્ધાર કર્યો. તેનો સમારંભ પ્રથમ ચૈત્ર સુદ ચૌદશ ને પૂર્ણાહુતિ વદ આઠમ ને મંગળવારે હતી. હવે તે યજ્ઞમાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે સંતમંડળને તાર કરીને તેડાવ્યાં, ત્યારે તે સર્વે સંતમંડળ વૃષપુર આવ્યાં. અને ભૂજના સ્વામી યોગેશ્વરદાસજી મંડળે સહિત યજ્ઞનું કામ કરવા સારુ આગળથી વૃષપુર આવ્યા હતા. પછી મંદિરના ચોકમાં ચંદની બંધાવી ને સભામંડપની વચ્ચે કથાની પાટ ને ઠાકોરજીનું સિંહાસન તે સર્વે શોભાયમાન કર્યાં. તેમ જ હરિભક્તોને જમાડવાનું રસોડું તથા મોટી પાકશાળા તે સર્વે તૈયાર કર્યાં. પછી દેશદેશના હરિભક્તના સંઘ આવવા લાગ્યા અને મૂળી–અમદાવાદથી સંતનાં મંડળો પણ આવવા લાગ્યાં અને ભૂજના સર્વે સંત પણ આવ્યા ને

વડતાલ, ગઢડા અને જૂનાગઢના સંત પણ આવ્યા હતા ને મહા આનંદ-ઉત્સવ થઈ રહ્યો હતો. પછી ચૈત્ર સુદિ ચૌદશ ને રવિવારને દિવસે પ્રાતઃકાળમાં ચોઘડિયાં આદિ વાજિંત્રો વાગવા લાગ્યાં ને ચિત્રવિચિત્ર વસ્ત્ર-આભૂષણ, તોરણ ને પુષ્પના હાર તેણે કરીને ઠાકોરજીનું સિંહાસન ને કથાની ગોમટી અતિશય શોભી રહ્યાં હતાં.

વળી તે સમયે ઘણા સંત ને હરિભક્તના સમૂહથી સભામંડપ ઊભરાતો હતો. ત્યાં તો અનાદિ મુક્તરાજ બાપાશ્રી પોતાના સેવકોએ સહિત તે જ્ઞાનયજ્ઞમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું પૂજન કરવા સારુ મંડપમાં પધાર્યા ને મંડપ મધ્યે ઠાકોરજીના સિંહાસનને સન્મુખ આસન ઉપર વિરાજમાન થયા; તે કેવા, તો જેમણે સ્નાન કરીને એક વસ્ત્ર પહેર્યું છે ને એક વસ્ત્ર ઓઢ્યું છે અને જેમનું મુખ પ્રફુલ્લિત કમળ સરખું શોભે છે. અને ભાલને વિષે કુંકુમના ચાંદલે સહિત ઊભું તિલક શોભી રહ્યું છે. અને જેમનાં નેત્ર સુશોભિત છે ને કંઠને વિષે બેવડી કંઠી ધરી રહ્યા છે. ને જેમના બે અંશ પુષ્ટ છે, તેમાં ડાબા ખભાને વિષે શ્વેત યજ્ઞોપવીત ને ઉત્તરીય વસ્ત્રને ધરી રહ્યા છે, એવા અનાદિ મુક્તરાજશ્રીનાં દર્શન તે સમે હજારો સંત-હરિભક્ત કરતા હતા ને બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ આદિ બાપાશ્રીને ડાબે પડખે બેઠા હતા ને તે સમે માંગલિક વાજિંત્ર વાગી રહ્યાં હતાં ને ચંદનપુષ્પની વૃષ્ટિઓ થતી હતી. પછી પૂજાવિધિમાં પ્રવીણ એવા હળવદના વિપ્ર દેવશંકર તથા પુ. કેશવપ્રિયદાસ ને પુ. ઉત્તમપ્રિયદાસ તેમણે શ્રીજીમહારાજના નામમંત્ર તથા મહામંત્ર બોલીને બાપાશ્રીને યજ્ઞદીક્ષા આપવા માંડી. તેમાં પ્રથમ અનાદિ મુક્તશ્રીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી ને પરિવારે સહિત મુક્તરાજના હસ્તના કાંડે મંગળસૂત્ર બાંધ્યું. એવી રીતે બાપાશ્રીને યજ્ઞદીક્ષા આપી. પછી ષોડશોપચારે કરીને શ્રીહરિકૃષ્ણ મહારાજની પૂજા કરાવી ને માતૃકાને સ્થાને શ્રીજીમહારાજની સોળ શક્તિઓનું સ્થાપન કર્યું અને નવ ગ્રહને ઠેકાણે શ્રીજીમહારાજ-સ્વરૂપ એવા મહા મુક્તનું સ્થાપન કરીને તેમની પૂજા કરાવી. પછી બાપાશ્રી પાસે પુસ્તક ને પુરાણીની પૂજા કરાવીને આરતી ઉતરાવી. પછી સર્વે સંતમંડળ ને હરિભક્ત -તે સભામાં બેઠા ને બાપાશ્રી પણ સભામાં પોતાના આસને વિરાજમાન થયા ને બાપાશ્રીના સેવકો સભામાં સંત-હરિભક્તની પૂજા કરવા લાગ્યા ને પુ. કેશવપ્રિયદાસ મંગળાચરણ કરી મહારાજની મૂર્તિ ધારીને કથા કરવા લાગ્યા.

હવે તે કથામાં સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી ને કોઈ વખત સ્વામી વૃંદાવનદાસજી પ્રસંગોપાત્ત વાતો કરીને કથાનું રહસ્ય સમજાવતા ને બાપાશ્રી પણ ક્યારેક પોતાની દિવ્ય વાણીનું પાન કરાવતા ને નવ વાગ્યા પછી 'શ્રીપતિમ્' બોલીને સર્વે સભાજનો ઝિલણિયા કીર્તન બોલતા ને પ્રસાદી વહેંચાતી. પછી સર્વે સંતમંડળ રસોઈ કરી ઠાકોરજીને જમાડીને જમતાં ને હરિભક્ત

હરિભક્તોને રસોઈ જમતા ને બાપાશ્રી હરિભક્તોની પંક્તિમાં દર્શન દેવા પધારતા ને મંદિરમાં પણ સંતની પંક્તિનાં દર્શન કરીને પોતાને ઘેર જમતા ને બાપાશ્રીના સેવક થાળ કરીને જમાડતા ને જમીને મંદિરમાં આવી ઓરડીમાં ઢોલિયા ઉપર બેસતા ને સંત-હરિભક્તને ઘડીવાર દર્શન દઈને વિશ્રાંતિ કરતા. તેવી જ રીતે દેશદેશનાં હજારો સાંખ્યયોગી બાઈઓનાં મંડળ પણ આવ્યાં હતાં તે તેઓ બાઈઓના મંદિરમાં કથાવાર્તા કરતાં, ને પાછલા પહોરમાં પણ તેવી જ રીતે અઢી વાગે કથા ચાલુ થતી ને છ વાગે સમાપ્તિ થતી ને બાપાશ્રી રાત્રિ-દિવસ સંત-હરિભક્તના સેવા વગેરેના મનોરથ પૂરા કરવામાં જમવાનો તથા નિદ્રાનો સમય પણ પામતા નહિ; રાત્રે ક્યારેક બાર વાગે, ને ક્યારેક એક વાગે પોઢતા અને જમવાનું પણ દિવસે ક્યારેક બાર વાગે, ને ક્યારેક બેએક વાગે કરતા. એમ અહોનિશ હરિભક્તને સમાગમનું સુખ આપતા ને સંત-હરિભક્ત પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા ને તેઓ સર્વેને બાપાશ્રીના પ્રતાપે કરીને ધ્યાન-ભજનમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં ઉપશમ થઈ જતું ને અખંડ મૂર્તિનું સુખ આવતું, એવી રીતે નિત્યે મહા જ્ઞાનયજ્ઞ થતો. ઈતિ વિશ્રામ ૭૭

યજ્ઞ-અવશેષ કથા ને તેમાં સર્વેને આપેલાં અનહદ સુખ

હવે તે યજ્ઞમાં બાપાશ્રીના સમાગમથી ને બાપાશ્રીના મુખથી જ્ઞાનામૃતનું પાન કરીને કેટલાક હરિભક્ત દેહના ભાવ પણ ભૂલી ગયા હતા, તો સુખ-દુઃખ, ભૂખ-તરસ, માન-અપમાન તે ભૂલી જાય તેમાં શું કહેવું ! એવો બાપાશ્રીનાં દર્શન-સમાગમથી શ્રીજીમહારાજની મૂર્તિનો આનંદ આવતો હતો. એવી રીતે સર્વેને આનંદમાં કથાવાર્તા કરતા થકા સાત દિવસ વીત્યા. પછી કચ્છના રિવાજ પ્રમાણે તે દેશના કણબીનાં ચોવીસ ગામનાં બાઈઓ-ભાઈઓ નાના-મોટા સર્વે હરિભક્તો આવ્યા. તે સર્વેને જમાડવા સારુ અનાદિમુક્ત બાપાશ્રીએ પોતાના વંડામાં પાકશાળા કરાવી હતી, તેમાં હજારો હરિભક્ત પાસે સુખડીઓ કરાવીને ભોજાણી અરજણભાઈના ઘરના બે ઓરડા ભરાવ્યા હતા ને શીરો કરાવીને વંડામાં મોટો હોજ છે તે ભર્યો હતો અને બીજું ખીચડી, દાળ વગેરે કરાવ્યાં હતાં. તેમાં પ્રથમ અનાદિ મુક્તરાજશ્રી મંદિરમાંથી સાધુ પાસે ઠાકોરજી લેવરાવી સર્વે સંત-હરિભક્ત સહિત ઠાકોરજીને જમાડવા પાકશાળામાં પધાર્યા ને સુખડીના ઓરડામાં પોતે આવીને બેઠા ને સંતમંડળે ઠાકોરજીને સુખડીના ઢગલા પાસે પધરાવ્યા ને ધૂપદીપ કરી થાળ બોલીને ઠાકોરજીને જમાડ્યા. તે સમે શ્રીજીમહારાજ મૂર્તિરૂપે પ્રત્યક્ષ જમ્યા અને જળપાન કર્યું, તેને જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા અને બાપાશ્રીએ સુખડીમાં હસ્ત ફેરવીને પ્રસાદીની કરી. પછી વંડામાં શીરાના હોજ પાસે ઠાકોરજીને પધરાવીને શીરો, ખીચડી, શાક, દાળ વગેરે ભોજન જમાડ્યાં ને બાપાશ્રી શીરાના હોજના કાંઠા ઉપર બેઠા હતા, તે સમે કેટલાક ભક્તને

બાપાશ્રીનાં દિવ્યસ્વરૂપે દર્શન થયાં. પછી ઠાકોરજીને જમાડીને સંતમંડળ મંદિરમાં આવ્યું ને બાપાશ્રીએ સર્વે હરિભક્તને જમવાની આજ્ઞા કરી, ત્યારે કુંવરજી ભક્તની ઘનશ્યામવાડીમાં સર્વે હરિભક્તની મોટી મોટી પંક્તિઓ થઈ ને પીરસનારા ભક્તો શીરો, સુખડી આદિ ભોજન સર્વેને પીરસવા લાગ્યા ને સર્વે પંક્તિઓમાં પિરસાઈ રહ્યું ત્યારે જય બોલાણી અને સર્વે જમવા લાગ્યા. એવી રીતે સર્વે હરિભક્ત ત્રણ દિવસ સુધી જમ્યા.

પછી ચૈત્ર વદ આઠમને મંગળવારે અનાદિ મુક્તરાજ બાપાશ્રી ત્રણવાગી જાગ્યા ને અનાદિ શ્રીકૃષ્ણ શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવા બેઠા. પછી શૌચસ્નાનાદિક ક્રિયા કરીને માનસીપૂજા ને પાઠ-પૂજા આદિ નિત્યવિધિ કર્યો ને મંદિરમાં ઠાકોરજી, સંતો ને હરિભક્તમાં દર્શન કરી વસ્ત્ર પહેરીને પોતાને ઘેર ગયા, ત્યાં સર્વેને દર્શન દીધાં. પછી ભૂજના ઠાકોરજી સારુ કરાવેલ જે હેમનાં આભૂષણ તથા વાઘા, શેલાં ને ટોપીઓ તે છાબોમાં ભરાવ્યાં, ને ઠાકોરજીને ભેટમાં અર્પણ કરવા રૂપામહોરના થાળ ભરાવ્યા. પછી તે થાળ ને છાબો પોતાના પુત્ર કાનજીભાઈ, મનજીભાઈ, માવજી, હરજી ને પોતાના ભાણેજ અરજણ તેમની પાસે ઉપડાવીને તેમની સાથે બાપાશ્રી ઘેરથી ચાલ્યા ને ઉત્સવિયાની મંડળીઓ મૃદુ ઝાંઝ મૃદંગ બજાવતાં ને ઉત્સવ કરતાં આગળ ચાલી તે ભાઈઓના મંદિરવાસે આવીને આ (ભાઈઓના) મંદિરમાં આવ્યા ને ઠાકોરજી આગળ છાબો મેલી. પછી કથાની સમાપ્તિ કરાવી તે બાપાશ્રી પુસ્તક તથા પુરુષોત્તમની પૂજા કરીને આરતી કરવા લાગ્યા. પછી સંત હરિભક્તો આનંદ આપ્યો અતિ ઘણો રે' એવાં કીર્તન મોજથી બોલવા લાગ્યા ને બાપાશ્રી સભામાં આસને બેઠા, ને કાનજીભાઈ તથા મનજીભાઈ આદિ હેમને સભામાં સર્વે સંતને ચંદન અર્ચી હાર પહેરાવીને ધોતિયાં ઓઢાડ્યાં.

પછી ભૂજના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજીને કોઠારી વેલજીભાઈ તેમણે ભૂજ કોઠારમાં વર્તી અનાદિ મુક્તરાજ બાપાશ્રીને ચંદન અર્ચી હાર પહેરાવીને ચીધા બંધાવી મે પોતાને વિષે શેહી ધારવ્યું. તેવી રીતે તેમના પુત્ર પૌત્ર તેમને પણ ચંદન અર્ચી હાર પહેરાવીને ધોતલીઓ બંધાવી. પછી સદ્ગુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે સંતો ચંદનપુષ્પથી બાપાશ્રીની પૂજા કરવા લાગ્યા. ત્યાર પછી સર્વે હરિભક્તે પણ ચંદન પુષ્પહારથી પૂજા કરીને મસ્તકે પાઘડીઓ બંધાવા લાગ્યા. તે સમયે બાપાશ્રીની પૂજા કરતાં હરિભક્તની અતિશય જ ભીડ થઈ હતી ને સર્વે હરિભક્તની મનોવૃત્તિઓ શ્રીજીમહારાજ ને બાપાશ્રીમાં જ તદાકાર થઈ રહી હતી ને સર્વેને અતિ આનંદ ઊભરાતો હતો કોઈને શરીરની પણ સંભાળ ન હોતી રહી એવી રીતે સર્વે ભક્તજને બે કલાક પૂજા કરી પછી મુક્તરાજશ્રી પૂજાનો બંધ રખાવી ઘનશ્યામવાડીમાં હરિભક્તની જમવાની પંક્તિઓ બેઠી હતી ત્યાં દર્શન દેવા

પધાર્યા ને સર્વે પંક્તિઓમાં ફરીને દર્શન દીધાં. પછી આંબાના વૃક્ષ નીચે ખુરશીમાં બેઠા ને મોટા મોટા હરિભક્તોને બાપાશ્રીએ પાઘડીઓ બંધાવી ને હરિભક્તોએ પણ બાપાશ્રીને પાઘડીઓ બંધાવી. એવી રીતે લીલા કરીને સર્વેને જમાડીને પછી પોતાના ભુવનમાં આવ્યા ને પોતાના સેવકે થાળ કરી રાખ્યા હતા તે જમીને ઓસરીમાં આસન ઉપર બેઠા. તે સમે ચોવીસ ગામના કણબી હરિભક્ત બાપાશ્રીને ભેટ કરવા આવ્યા, તેઓ સર્વેએ મુક્તરાજનાં દર્શન કર્યાં ને પૂજા કરીને પોતપોતાના ગામની ભેટ મેલી. પછી બાપાશ્રીની આજ્ઞા લઈ તથા પોતપોતાનાં ગાડાં જોડાવીને ચાલ્યા ને બીજા પણ કચ્છદેશના તથા વાગડ-અબડાસાના હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને પોતપોતાને ગામ ગયા.

ત્યાર પછી બીજે દિવસ ભૂજના ને વડતાલ આદિ ધામના સંત ને પરદેશના હરિભક્ત તે પણ જવાની તૈયારી કરીને બાપાશ્રીનાં દર્શન કરીને ચાલ્યા ને અમદાવાદના સદ્. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, પુ. હરિપ્રસાદદાસજી તથા મૂળીના પુ. ધર્મકિશોરદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી, ગોપીવલ્લભદાસજી, ગુણાતીતદાસજી આદિ સંતમંડળ ને શેઠ બળદેવભાઈ, બાલુભાઈ, બહેચરભાઈ, લાલુમલભાઈ, સોમચંદભાઈ,ભોગીલાલભાઈ આદિ હરિભક્ત તે પણ સર્વે બાપાશ્રીનાં દર્શન-સમાગમનું સુખ લઈને ચાલવા તૈયાર થયા. તે સમે બાપાશ્રી મંદિરની ઓસરીમાં વિરાજમાન હતા, તેમને સર્વે દંડવત્ કરીને મળ્યા ને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે કૃપાળુ ! તમે અમારા ઉપર આવા ને આવા રાજી રહેશો ને સદાય ભેગા રાખશો અને મૂર્તિમાં રાખી મૂર્તિનું સુખ અપાવશો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તમારા ભેગા જ રહીએ છીએ ને હવે તમે સર્વે કાલે દેશમાં જવાનું કરો.' ત્યારે તેઓ બાપાશ્રીનું વચન માથે ચડાવી બીજે દિવસે તૈયાર થઈ બાપાશ્રીને મળીને ચાલ્યા ને બાપાશ્રી સર્વેને વળાવીને પાછા મંદિરમાં આવ્યા ને સંત-હરિભક્ત ભૂજ-ઠાકોરજીનાં દર્શન કરીને દેશમાં ગયા. અને તે સંતને પણ અખંડ મૂર્તિમાં રહ્યા છીએ, એમ સર્વે ક્રિયામાં મૂર્તિનો સાક્ષાત્કાર વર્તતો હતો અને જાગ્રત, સ્વપ્નમાં ને સુષુપ્તિમાં પણ મૂર્તિની અખંડ સ્મૃતિ રહેતી ને તે સંતોને કથાવાર્તા કરતા થકા જ રાત્રિદિવસ પસાર થતા અને તેમને સર્વ ક્રિયામાં શ્રીજીમહારાજ ને મુક્તરાજશ્રીનાં અખંડ દર્શન થતાં તે જાણીએ જે, 'મુક્તરાજ પલંગમાં પોઢ્યા છે ને હું પગ દાબું છું, ને ઓસરીમાં બેઠા છે ને આગળ કથા વંચાય છે.' અને ક્યારેક જાણીએ જે, 'વાડીમાં બેઠા છે ને સંત-હરિભક્ત પૂજા કરે છે.' -એમ દર્શન થતાં, તેથી આનંદમાં તે સંતો શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરતા થકા અનેક જીવોને પોતા જેવા સુખિયા કરતા હતા. ઈતિ વિશ્રામ ૭૮

શક્કરિયાં ને સાકર જમ્યા, ધનજીના ઘરની ને સટીક વચનામૃતની પ્રશંસા, સર્વેને સેવાનું સુખ દેવા ગ્રહણ કરેલો મંદવાડ તથા સાજા થવાનું સૂચન ને કથાવાર્તા વગેરે

ત્યાર પછી વૈશાખ વદમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ પોતાના શરીરમાં કિંચિત્ જ્વર ગ્રહણ કર્યો હતો, તેથી સાધુ કેશવપ્રિયદાસ ને વિજ્ઞાનદાસ –તેઓ બાપાશ્રીનાં દર્શન કરવા ગયા હતા ને બાપાશ્રીની સ્નાન, પૂજા વગેરે સેવા કરવાનો ને વાતો સાંભળવાનો લાભ લેતા હતા. તેમાં એક દિવસ અનાદિ મુક્તરાજ વાડીમાં જાંબુડાના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર સૂતા હતા ને તે બેય સંતે ત્યાં આવીને દર્શન કર્યાં ને બાપાશ્રીને બાફેલાં શક્કરિયાં ને ધોયેલી સાકર જમવા આપ્યાં –તે બાપાશ્રી સારી રીતે જમ્યા ને સંતને પ્રસાદી આપીને બહુ રાજી થયા.

પછી કોઈક દિવસ બાપાશ્રી નારાયણપુર-ધનજીભાઈને ઘેર પધાર્યા હતા, ત્યારે તેમણે બાપાશ્રીને જમવા બેસાર્યા, તેમાં શીરો, પૂરી, લાડુ, શાક, કઢી, અથાણાં, ચટણી,પાપડ વગેરે ખૂબ જમ્યા. પછી જમીને બોલ્યા જે, 'આ ઘર મારું જૂનું છે; આ ઘરે જાદવજીભાઈ રહેતા તેમણે અમારી સેવા કરીને પ્રસન્નતા મેળવી હતી ને પોતાનું ધન, કુટુંબ, પરિવાર તે સર્વે શ્રીજીમહારાજ ને અમારે તથા સત્સંગને અર્થે કરી રાખ્યું છે ને આ ઘરે અમે હજારો વાર જમ્યા છીએ અને આ ઘરમાં રહેનાર જાદવજીભાઈ ને તેમના વંશના સર્વેને ખૂબ સુખ આપ્યું છે ને તેમણે પણ અમારી બહુ જ સેવા કરી છે, ને જેવા જાદવજીભાઈ હતા તેવા જ આ ધનજીભાઈ પણ છે અને તેમના દીકરા પણ ત્રણેય એવા જ છે ને સત્સંગની સેવા પણ બહુ જ સારી કરી છે ને હવે પણ સદાય કરશે.' –એ આદિ પ્રસન્નતાની ઘણીક વાતો તે ગામના ઘણાક હરિભક્ત આવ્યા હતા તેમની આગળ કરી. પછી તે ઘરની ડેલીમાં મંદિરવાળુ[૧] ઘર છે તેમાં પલંગ ઉપર પોઢી ગયા, પછી જાગીને જળપાન કરીને પાછા વૃષપુર પધાર્યા.

વળી કોઈક દિવસ ધનજીભાઈના દીકરા રામજીભાઈ બાપાશ્રીને તેડવા આવ્યા, ત્યારે બાપાશ્રી બારશની સવારમાં સાધુ કેશવપ્રિયદાસ ને વિજ્ઞાનદાસને પોતાની ગાડીમાં ભેગા બેસારીને નારાયણપુર પધાર્યા ને મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી ઓસરીમાં બેસીને સાધુ કેશવપ્રિયદાસ પાસે પોતે કરેલી ટીકાએ સહિત 'વચનામૃત' વંચાવીને સાંભળતા હતા. તે સમે ધનજીભાઈ જમવા બોલાવવા આવ્યા ને બાપાશ્રીને કહ્યું જે, 'થાળ તૈયાર થયા છે માટે જમવા પધારો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'પ્રથમ વચનામૃતની કથા સાંભળ્યા વિના અમે કોઈ દિવસ

૧. જેમાં શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવેલી હતી અને જે ઘર પાઠ-પૂજા તરીકે જ ઉપયોગમાં લેવામાં આવતું.

જમતા નથી; તે પૂછો આ સાધુને, જે કલાક બે કલાક વચનામૃતની કથા નિત્યે પ્રથમ સાંભળીએ છીએ કે નહિ ?' ત્યારે સાધુ કેશવપ્રિયદાસે કહ્યું કે, 'હા બાપા ! એ આપનો નિયમ છે, તે જ્યારે અમે આપની પાસે હોઈએ ત્યારે દેખીએ છીએ.' પછી ધનજીભાઈએ કહ્યું જે, 'બાપા ! આજ બારશનાં પારણાં સર્વેને કરવાનાં છે, તેથી જો આપ જમો તો પછી સર્વે જમે. માટે ઘરના સૌ આપની વાટ જોઈને બેઠાં છે ને મને તો બહુ ભૂખ લાગી છે, માટે દયા કરીને જમવા પધારો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આ વચનામૃતની ટીકામાં કેટલાક ખોટ કાઢે છે, તે આમાં શું ખોટ છે ? એક અક્ષર કોઈ ખોટો બતાવે તો તેનો જવાબ હું દઉં. આ વચનામૃત શ્રીજીમહારાજનાં વચન છે; તેવી જ આ ટીકા પણ શ્રીમહારાજનાં વચન છે; કેમ જે શ્રીજીમહારાજે અમારા દ્વારે કરી છે ને શ્રીજીમહારાજનો ખરો સિદ્ધાંત આમાં છે. આ પ્રમાણે સમજશે તે શ્રીજીમહારાજને પામશે, અને આમાં જે ખોટ કાઢે છે તે શ્રીજીમહારાજનો દ્રોહ કરે છે; આ શ્રીજીમહારાજની વાણીની મૂર્તિ છે.' ત્યારે દેવરાજભાઈ અને ધનજીભાઈએ કહ્યું કે, 'હે કૃપાળુ ! અમે તો આપ જેમ કહો છો તેમ જ ટીકા ને આ વચનામૃતનો મહિમા સમજીએ છીએ પણ કેટલાક ન સમજે તેને શું કરીએ, તોપણ જે માનશે તેને સમજાવશું ને નહિ માને તો એ જાણે, પરંતુ અમે તેના ભેળા નહિ ભળીએ.' ત્યારે બાપાશ્રી રાજી થઈને બોલ્યા જે, 'આ સટીક વચનામૃતની કોઈ પારાયણ કરશે અથવા કરાવશે તેને અમે ધામમાં તેડી જઈશું.' -એમ વર આપ્યો. પછી જમવા પધાર્યા ને જમીને ધનજીભાઈના ઘરે ડેલીમાં જે મંદિરવાળું ઘર છે તેમાં ઢોલિયા ઉપર સુંદર આસન પાથરેલું તે ઉપર થોડીવાર પોઢ્યા, પછી જાગીને જળપાન કર્યું ને મંદિરમાં આવ્યા. ત્યાં થોડીવાર આસન ઉપર બેઠા ને સાંજના ઘોડાગાડીમાં બેસીને વૃષપુર પધાર્યા.

સંવત ૧૯૮૨ના ભાદરવા સુદ ૭ના દિવસ સ્વતંત્રપણે મનુષ્યલીલાને કરતા એવા દિવ્યસ્વરૂપ અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રી તેમણે શ્રીજીમહારાજની ઈચ્છાથી સર્વેને પોતાનાં દર્શન-સમાગમનું સુખ દેવા મંદવાડ ગ્રહણ કર્યો હતો. તેના સમાચાર ભૂજ ત્રીજે દિવસ -કહેતાં ભાદરવા સુદ દશમના મળ્યા. ત્યારે સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ ને સોની મોતીભાઈ બાપાશ્રી પાસે જવા તે જ દિવસે રવાના થયા ને રાત્રે નવ વાગે વૃષપુર પહોંચ્યા. તે સમે અનાદિ મુક્તરાજશ્રી ઓરડીમાં ઢોલિયા ઉપર સૂતા હતા; તેમને દંડવત્ કરીને બાપાશ્રીનાં દર્શન કર્યાં ત્યારે બાપાશ્રી સેવકનો હાથ ઝાલીને બેઠા થયા ને બેઠા થકા મળ્યા. પછી સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને મંદવાડના સમાચાર પૂછ્યા, ત્યારે કહ્યું જે, 'પ્રથમ બે દિવસ શરદીનો તાવ બહુ આવ્યો; હવે તાવ થોડો છે, પણ ગરમી બહુ જણાય છે ને લઘુ કરવાનું હરઘડી થાય છે ને કોઈક હાથ ઝાલે તો મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા તથા ઘેર જવાય છે, પણ હજી મંદવાડ વધશે ને અમદાવાદ,

મૂળી ને ભૂજથી સાધુને તેડાવશું.' –એમ બાપાશ્રી બોલ્યા. પછી પુ. કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ તથા સોની મોતીભાઈ ને બાપાના જાદવજીભાઈ –એ ચાર જણા બાપાશ્રીની સેવામાં રહ્યા ને અનાદિ મુક્તરાજશ્રી સવારમાં નિત્યવિધિ કરીને ઢોલિયામાં સૂતા સૂતા રહસ્યાર્થ–પ્રદીપિકાટીકાએ સહિત 'વચનામૃત' વંચાવીને સાંભળતા. પછી બીજે દિવસ ચોક વચ્ચે ચંદની બંધાવીને તે નીચે ઢોલિયામાં સૂતા. તે સમે બાપાશ્રીને વચનામૃતની કથા સંભળાવવી, સ્નાન કરાવવું, લઘુ કરાવવું, આસન પાથરવું, વાયરો નાખવો એ આદિ સેવા સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ કરતા ને બાપાશ્રીની રુચિ અનુસાર જમવાનું ઘેર બાઈઓ કરતાં ને મોતીભાઈ ને જાદવજીભાઈ ઘેરથી જમવાનું મંદિરમાં લાવીને બાપાશ્રીને જમાડતા.

તે માંદવાડમાં બાપાશ્રી પ્રથમ કેટલાક દિવસ તો કેવળ પાણી પીને રહેતા ને કાંજી જમવા લાવે તે ઘૂંટડો પીને રહેવા દે; કાંઈ જમે નહિ –એમ દસબાર દિવસ થયા. ત્યાર પછી કાંઈક કાંજી, કાળિંગાનું પાણી વગેરે લેવા માંડ્યું. ને ખીચડી વગેરે કાંઈક થોડું જમવા માંડ્યું. તેમાં એક દિવસ મુક્તરાજશ્રીએ કહ્યું જે, 'મોતૈયા લાડુ લાવો તો જમીએ.' ત્યારે મોતૈયા લાડુ કરી રાખ્યા હતા તે સાધુ કેશવપ્રિયદાસે લાવીને બાપાશ્રીને આપ્યા, તેમાંથી પોતે એક લાડુ જમ્યા.

વળી કોઈક દિવસ બાપાશ્રીએ કહ્યું જે, 'ખજૂર લાવો તો જમીએ.' ત્યારે મૂળજી પટેલની દુકાનેથી સારી ખજૂર લાવ્યા ને સાધુ કેશવપ્રિયદાસે તેને સુધારી ઘીમાં બોળીને બાપાશ્રીને જમાડવા માંડી. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ' આ ખજૂર શ્રીજીમહારાજ આ મુક્ત દ્વારે જમે છે એમ જાણજો.' –એમ કહીને સારી પેઠે ખજૂર જમ્યા ને બાપાશ્રીને ઉધરસ હતી તે પાકી ગઈ. વળી કોઈક વખત રાત્રિએ બાપાશ્રીને ઉધરસ બહુ આવવા માંડી ત્યારે મુનિએ ઘી–ગોળમાં સૂંઠ ઊની કરીને ચટાડી તેથી ઉધરસ બંધ થઈ ગઈ ને પોઢી ગયા. વળી તે સમે બાપાશ્રીને નિત્યે સવારમાં માંચીમાં બેસારીને કૂવા ઉપર સ્નાન કરાવતા ને બાપાશ્રીને ગરમી બહુ થતી, તેથી સાધુ કેશવપ્રિયદાસ તરબૂચને સુધારી તેનું પાણી કાઢી માંહી સાકર નાખીને બાપાશ્રીને પાતા.

એક દિવસ જાદવજીભાઈએ કાંજી, ખીચડી, કઢી, પૂડલા, શાક ને અથાણાં આદિ ભોજનનો થાળ લાવીને બાપાશ્રીની આગળ ધર્યો ને બાપાશ્રી ઢોલિયામાં બેઠા થઈને જમવા લાગ્યા, પણ કાંજીમાં સાકર ને ઘી કાંઈક ચડિયાતું હતું, તેથી બાપાશ્રીએ જાદવજીને કહ્યું જે, 'તમે જાણતા હશો જે, 'બાપાશ્રીને સારું સારું ખવરાવીને સાજા કરીએ.' તે અમે કાંઈ તમારા કર્યા સાજા થઈએ તેવા નથી; અમારે સાજા થવું હશે તો થઈશું.' –એમ કહીને થોડું જમ્યા. પછી કરાંચીથી સોમચંદભાઈ લીલવા દ્રાક્ષ ને દાડમ આદિ મેવો લાવ્યા હતા તેનું પાણી કાઢીને બાપાશ્રીને પાયું.

એક દિવસ જાદવજી બાપાશ્રીને વાયરો નાખતા હતા, ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'વાહ રે વાહ, જાદવા ! આ સેવક બહુ ખરેખરો છે, ક્યારેય થાકે નહિ; આમ સેવામાં મંડ્યો જ હોય. એને ગમે તેટલું વઢીએ તોય કાંઈ નહિ.'

એક વખત સાધુ કેશવપ્રિયદાસ બાપાશ્રીના સાથળ દાબતા હતા ત્યારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, 'વાહ રે વાહ, મુનિબાવા ! તમે અમારી સેવા કરો છો, તેથી અમે તમારી સેવા કરશું ને મૂર્તિનું સુખ ભોગવાવશું.'

વળી એક દિવસ સોમચંદભાઈ બાપાશ્રીને વાયરો નાખતા હતા ત્યારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, 'વાહ રે વાહ, સોમચંદ ! તમારું અમે પૂરું કરશું; –તમને શ્રીહરિની મૂર્તિમાં રાખ્યા છે.' –એમ રાજી થઈને આશીર્વાદ આપતા ને સેવકોને આનંદ પમાડતા.

એક દિવસ બાપાશ્રીએ પાણી પીવા માગ્યું, ત્યારે સાધુ કેશવપ્રિયદાસ પાણી લાવ્યા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સ્વામિનારાયણ ભગવાન છે, તે આ મુક્ત દ્વારે બોલે છે, જમે છે, જળપાન કરે છે, એમ આ મુક્તદ્વારે મહારાજ સર્વે ક્રિયા કરે છે.' –એમ કહીને જળપાન કર્યું.

એક દિવસ બપોરે બાપાશ્રીને સ્નાન કરાવીને ધોયેલું ધોતિયું પહેરાવ્યું ને ઢોલિયો–ગાદલું ખંખેરી આસન પાથરી ધોયેલો ઓછાડ બિછાવીને તે ઉપર બાપાશ્રીને સુવાડ્યા, એટલામાં લઘુ કરવાનું થયું ત્યારે લઘુ કરાવ્યું. વળી બીજીવાર થયું. –એમ ઘડીમાં બેત્રણ વાર લઘુ થયું ને શરીરમાં તાવ આવ્યો હતો ને ગરમી થતી હતી તેથી બાપાશ્રી અકળાઈ ગયા. પછી ભીંજાયેલા પંખાથી વાયરો નાખ્યો –એટલે શાંતિ થઈ, ને બોલ્યા જે, 'આ અમારો મંદવાડ જોઈને કોઈકનું ઠીકરું ફૂટી જશે; પણ આ મંદવાડને ને અમારે શો સંબંધ છે. અમે તો ક્રિયા દરજજામાં છીએ તો અનાદિમુક્ત છીએ ને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં રહ્યા છીએ ને તેમના સ્વરૂપનું સુખ ભોગવીએ છીએ, –એમ સમજશો તો આ લીલામાં લેશ માત્ર મોહ થાશે નહિ.'

તે સમે અનાદિમુક્તરાજ બાપાશ્રીને માંદા જાણીને રામપુર, નારાયણપુર, દહીંસરા, કેરા, ભારાસર, સુખપુર આદિ ગામોના હરિભક્તોના સમૂહેસમૂહ દર્શન કરવા આવતા ને અનાદિમુક્ત બાપાશ્રીનાં દર્શન કરી ઢોલિયાને ચારે કોરે બેસતા ને બાપાશ્રી ઢોલિયામાં સૂતા સૂતા વચનામૃત સાંભળતા ને કેશવપ્રિયદાસ પાસે હરિભક્તની આગળ વાતો કરાવતા. વળી બાપાશ્રીને માંદા જાણીને ભૂજથી સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ ને ગામડાંમાંથી શ્રીવલ્લભદાસજી આદિ સંત પણ બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા ને અહોનિશ સંત–હરિભક્તોના સમૂહથી સમૈયા જેવું રહેતું હતું.-એવી રીતે એકવીસ દિવસ થયા.

ત્યાર પછી અમદાવાદથી સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી આદિ ને મૂળીથી પુ. ધર્મકિશોરદાસજી ને સ્વામી શ્વેતવૈકુંઠદાસજી આદિ ઘણા સંત આવ્યા. તેમ જ દેશ-દેશના હરિભક્તો પણ ઘણા આવ્યા હતા. તે સર્વે સંત તથા હરિભક્ત બાપાશ્રીનો મંદવાડ જોઈને, તથા આ લોકમાંથી અદૃશ્ય થવાની લીલા જોઈને સર્વે અતિશય દિલગીર થઈને ઉદાસી થઈ ગયા. પછી બીજે દિવસે સવારમાં બાપાશ્રી નિત્યવિધિ કરીને ચોકમાં ઢોલિયામાં સૂતા હતા ને ચારે કોર સદ્‌ગુરુ આદિ સંત-હરિભક્તની સભા બેઠી હતી ને વચનામૃતની કથા વંચાતી હતી. પછી બાપાશ્રી તે સર્વેની ઉદાસીનતા ટાળવા માટે સદ્‌ગુરુઓ પ્રત્યે બોલ્યા જે, 'ઉદાસી થઈને કેમ બેસી રહ્યા છો વાતો કરો.' ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઈશ્વરચરણદાસજી તે ત્રણે સદ્‌ગુરુ બાપાશ્રીનો રાજીપો જોઈ હાથ જોડીને બોલ્યા જે, 'હે કૃપાળુ આપ તો સ્વતંત્ર છો ને શ્રીહરિની ઇચ્છાથી જ સર્વેને સુખ દેવા સારુ પ્રગટ થયા છો, તે આપે આ મંદવાડ ગ્રહણ કર્યો તેથી અમને અશાંતિ ને ઉદ્વેગનો પાર રહ્યો નથી, માટે આપ દયા કરીને આ મંદવાડને રજા આપો ને સાજા થઈને સત્સંગમાં બિરાજો ને અમને દર્શન દો, તો અમને આનંદ થાય.' ત્યારે પરમ દયાળુ ને વિનોદી છે સ્વભાવ જેમનો એવા બાપાશ્રી કરુણાએ ભીના થકા બોલ્યા જે, 'આ અમારો મંદવાડ છે તે અદૃશ્ય થઈએ તેવો નથી; આ તો તમને સર્વેને સેવા-સમાગમનું સુખ દેવા સારુ જ ગ્રહણ કર્યો છે. તે જુઓને, કેટલાકને એમ છે જે, 'બાપાશ્રી પાસે કોઈને ભેગા થવા દેવા નહિ' તોપણ અમે તમને મંદવાડનું નિમિત્ત કરીને ખેંચ્યા, તેથી તમે સર્વે જેમ નદીઓ સમુદ્રને મળે તેમ અમને મળ્યા ને સમાગમનું સુખ લો છો, ને આ મંદવાડ તો હમણાં મટી જશે ને સારું થઈ જશે.' -એવાં બાપાશ્રીનાં વચન સાંભળીને સર્વેને શાંતિ થઈ. પછી વચનામૃત વંચાવીને સ્વામીએ વાતો કરી ને પ્રશ્નોત્તર થયા ને આઠ વાગે કથાની સમાપ્તિ થઈ. ત્યાર પછી જાદવજી ને મોતીભાઈ બાપા સારુ થાળ લાવ્યા ને બાપાશ્રીને ઢોલિયામાં બેઠા કરીને વાંસે તકિયો મૂક્યો ને આગળ થાળ ધર્યો. તેમાં ઘઉંના લોટની કાંજી, શીરો, શાક, ખીચડી, દૂધ-દહીં આદિ ભોજન હતાં, તેમાંથી બાપાશ્રી થોડું જમ્યા ને કાંજી તથા દહીં પીધું ને કેશવપ્રિયદાસે બાપાશ્રીને ચળુ કરાવીને જળપાન કરાવ્યું, પછી પોઢી ગયા ને સેવકો વાયરો નાખવા લાગ્યા. પછી સાંજની સભા થઈ, -તેમાં વચનામૃતની કથા વંચાતી હતી ને બાપાશ્રી ઢોલિયામાં સૂતા સૂતા સાંભળતા હતા ને કંઠમાં હાર પહેર્યા હતા, તેમાંથી એક હાર હાથમાં લઈને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આ હાર ઝીણા પટેલને પહેરાવો ને કહો જે, બાપાશ્રીનો મંદવાડ ગયો ને સાજા થયા.' પછી સ્વામીએ તે હાર લઈને ઝીણા પટેલને પહેરાવ્યો ને બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે જ કહ્યું, ત્યારે તે રાજી થયા.

ત્યાર પછી બીજે દિવસ તે જ ચંદની હેઠે સાંજના મુક્તશ્રી ઢોલિયામાં સૂતા હતા ને વચનામૃતની ટીકાએ સહિત કથા વંચાવીને સાંભળતા હતા. તે સમે સારંગપુરનું ૧૫મું વચનામૃત વાંચ્યું, -તેમાં ગોપીઓના મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા એ ભેદ આવ્યા. ત્યારે મુક્તરાજશ્રીએ કહ્યું જે, 'આમાં ગોપીઓ કહી તે અત્યારે આપણે ગોપીઓ કોને જાણવી ? ને ગોકુળ ને મથુરા કોને જાણવાં ?' ત્યારે કોઈ બોલ્યું નહિ ને બાપાશ્રીના સામું સર્વે જોઈ રહ્યા. ત્યારે સ્વામીના તથા નાગજીભાઈના સામો હાથ કરીને બાપાશ્રીએ કહ્યું જે, 'કોઈક તો બોલો; કેમ બોલતા નથી.' એમ કહીને પોતે જ સંત-હરિભક્તની સભા સામો હસ્ત કરીને કહ્યું જે, 'જેનો સમાગમ કરવા તમે આવો છો તે સમાગમ કરવાથી જ્યારે જેને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેને શ્રીજીમહારાજની મૂર્તિ ભેળું જ અક્ષરધામ ને મુક્તની સભા ભાસે છે, માટે જ્યાં શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત બિરાજે છે ત્યાં સર્વે છે. અને મોટા સંતોએ ગોપીઓ આદિ પરોક્ષ નામે કરીને શ્રીહરિજીના સંત તથા હરિભક્તોને કહ્યા છે અને ગોકુળ, મથુરા આદિ પરોક્ષ નામે કરીને શ્રીજીમહારાજે જે સ્થાનમાં રહીને લીલા કરી છે એવાં ગઢપુર,શ્રીનગર આદિ, સ્થાનને કહ્યાં છે. આવાં બાપાશ્રીનાં વચનો સાંભળીને સર્વેને ઘણો આનંદ થયો. ઈતિ વિશ્રામ ૭૯

બાપાશ્રીની રસોઈ ને ભૂજ-પારાયણ, ધનજીના ઘરનું વાસ્તુ અન્નકૂટ પર ભૂજ-ગમન, છત્રીએ કરેલી ધર્મશાળા, કરાંચી-ગમન, રઘુવીરચરણદાસજીને વરદાન ને ભારાસર-કથાયજ્ઞ

ત્યાર પછી બીજે દિવસ બાપાશ્રીએ સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી આદિને કહ્યું જે, 'આજ આપણી રસોઈ ચોખા, ખાંડ ને ઘીની કરાવો.' પછી તે પ્રમાણે કરાવી ને ઠાકોરજીને થાળ ધર્યો. પછી બાપાશ્રી ભંડારમાં આવીને પાટ ઉપર બેઠા ને સંતની પંક્તિમાં ચોખામાં ઉપરધારે ઘી-ખાંડ પિરસાવીને સંતને જમાડ્યા. વળી સાંજના ચોકમાં ઢોલિયા ઉપર બેઠા હતા, તે સમે સદ્ગુરુ આદિ મોટા સંત ને પોતાના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ તેમને બોલાવીને કહ્યું જે, 'આપણે ભૂજમંદિરમાં વચનામૃતની કથા કરાવવી છે.' -એમ કહીને વળી સ્વામીને કહ્યું જે, ' આ કાનજી ને મનજીની મા ધામમાં ગયેલ છે તેની વરશી પણ વાળવાની છે. તેમાં ઠાકોરજીના થાળ ને સંતની રસોઈ કરાવવી છે ને મંડળ ભરવાનું છે ને અમારે શરીરે મંદવાડ હતો તે સાજા થયા, માટે આપણે પણ વચનામૃતની કથા કરાવવી છે, તે સર્વે ભેળું કરાવશું' -એમ કહ્યું. ત્યારે સદ્ગુરુએ ને કાનજીભાઈ તેમણે બાપાશ્રીને કહ્યું કે, 'આપ જે સંકલ્પ કરો છો તેમાં અનંત જીવનો મોક્ષ રહેલો છે માટે બહુ સારું; આપ જે કરો તેમાં અમે રાજી છીએ.' પછી નારાયણપુરથી ધનજીભાઈને તેડાવ્યા ને તેમને તથા પોતાના પૌત્ર માવજીભાઈને સાધુ પાસે કથાનો ઠરાવ કરવા ભૂજ મોકલ્યા. તે સમે

સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ તે બન્ને સંત પણ તેમની સાથે ભૂજ આવ્યા. ત્યાં સ્વામી ભક્તિપ્રિયદાસજી ને કોઠારી કરમસી ભક્તને મળીને કથાનો ઠરાવ કર્યો જે, 'આસો સુદ દશમનો પ્રારંભ ને બારશની સમાપ્તિ કરવી; તેવી રીતે ત્રણ દિવસમાં વચનામૃતની કથા પૂરી કરવી. –એમ નક્કી કરીને ધનજીભાઈ આદિ બળદિયે આવ્યા ને બાપાશ્રીને વાત કરી, ત્યારે સૌ રાજી થયા. પછી સદ્‌ગુરુ આદિ સંત તથા ગુજરાતના હરિભક્તને ભૂજ મોકલ્યા ને કચ્છનાં ગામડાંના હરિભક્તને ભૂજ-કથામાં આવવાની પત્રિકાઓ લખાવી મોકલી ને પોતે પણ મંદિરના શિગરામમાં સૂતા સૂતા દશમના સાંજે ભૂજ આવ્યા ને ચોકમાં ગાડી ઊભી રખાવી ને માંચીમાં બેસીને સભામંડપમાં પટારા પાસે ઢોલિયો ઢળાવ્યો હતો તેના ઉપર આવીને બેઠા. પછી માંચીમાં બેસીને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી સર્વે સંતને મળીને આસને સૂતા ને સાધુ કેશવપ્રિયદાસ ને પુ. હરિપ્રસાદદાસ તેમણે કાંજી કરીને બાપાશ્રીને પિવડાવી. પછી જળપાન કરીને બાપાશ્રી પોઢી ગયા અને સવારે સ્નાન-પૂજા કરી માંચીમાં બેસી ઠાકોરજીનાં દર્શન કરીને સભામાં પધાર્યા ને પુસ્તકની તથા કથા વાંચનાર પુ. કેશવપ્રિયદાસ ને પુ. ધર્મજીવનદાસજીની પૂજા કરી. પછી બધા સંત-હરિભક્તોએ બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રી માંચીમાંથી નીચે ઊતરીને સભાને દંડવત્ કરવા લાગ્યા, તેથી સંતોએ તેડી લઈને માંચીમાં બેસાડ્યા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આ અમે કરીએ છીએ તે અમારા સારુ નથી કરતા; આ તો સર્વે ભક્તને શીખવવા સારુ કરીએ છીએ' –એમ કહીને આસને આવી ગાદીતકિયે યુક્ત આસન ઉપર વિરાજ્યા.

પછી એકાદશીને દિવસ કથા વંચાણી ને નવ વાગે સમાપ્તિ કરી, ને સાંજનો બાપાશ્રીને તાવ બહુ આવ્યો, પણ બીજે દિવસ સવારમાં સારું થયું ને સ્નાન-પૂજા કરી માંચીમાં બેસીને ઠાકોરજીનાં દર્શન કર્યાં ને કથામાં પધાર્યા. ત્યાં પુસ્તક તથા પુરાણીની પૂજા કરીને આસન ઉપર બેઠા. પછી આઠ વાગે કથાની સમાપ્તિ થઈ, ત્યારે બાપાશ્રીની આજ્ઞાથી તેમના સુત કાનજીભાઈ તથા પૌત્ર માવજી, જાદવજી, હરજી ને રામજી તેમણે પુસ્તક ને પુરાણીની પૂજા કરીને આરતી ઉતારી, ને સભામાં સર્વે સંતની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. તે દિવસે બાપાશ્રીએ સર્વે સંત-હરિભક્તને લાડુ-પૂરીની રસોઈ કરાવીને જમાડ્યા ને બાઈઓના મંદિરમાં પણ કથા કરાવી હતી તેથી સાંખ્યયોગી બાઈઓને પણ જમાડીને સાડલા આપ્યા, ને બ્રાહ્મણોને જમાડીને દક્ષિણા આપી ને મંદિરની ગાયોને નીલો ચરો નખાવ્યો. પછી ગુજરાત આદિ દેશના હરિભક્તને તથા મૂળીના સ્વામી ભગવત્સ્વરૂપદાસજી આદિ સંતને પોતાના દેશમાં જવું હતું, તેથી બાપાશ્રીની આજ્ઞા લઈ બાપાશ્રી પાસે આશીર્વાદ માગીને તૈયાર થઈને ગયા.

ત્યાર પછી સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી

વૃંદાવનદાસજી ને પુ. ધર્મકિશોરદાસજી –તેમણે તથા બીજા કેટલાક હરિભક્તે બાપાશ્રીને કહ્યું જે, 'આપની આજ્ઞા હોય તો અમે રહીએ;' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સુખેથી રહો; બે માસ, ત્રણ માસ, જ્યાં સુધી તમારી મરજી હશે ત્યાં સુધી રાખીશું. આપણા ઘરમાં બાજરાનો તોટો નથી; બાજરીના રોટલા જમો ને ભગવાન ભજો.' પછી ધનજીભાઈએ બાપાશ્રીને તથા સંત–હરિભક્તને પોતાને ગામ નારાયણપુર લઈ જવાનો આગ્રહ કર્યો, તેથી બાપાશ્રી સંત–હરિભક્તોએ સહિત નારાયણપુર પધાર્યા. ત્યાં સર્વે સંત પરબાર્યા મંદિરમાં આવ્યા ને બાપાશ્રી તથા હરિભક્તો ધનજીભાઈના ઘેર ગયા. ત્યાં ધનજીભાઈએ બાપાશ્રીને થાળ જમવાની વિનંતી કરી, તેથી બાપાશ્રી થાળ જમવા બેઠા, તેમાં શીરો, પૂરી, શાક, ખીચડી, કઢી, અથાણાં, ચટણી આદિ ભોજન જમ્યા. પછી માંચીમાં બેસીને હરિભક્તોએ સહિત મંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ઢોલિયા ઉપર સૂતા અને ગુજરાત આદિ દેશના હરિભક્ત હતા તેમને ધનજીભાઈ પોતાને ઘેર વાળુ કરવા તેડી ગયા, તેમને જમાડીને પાછા મંદિરમાં આવ્યા ને સ્વામી આદિ સર્વે સંત તથા હરિભક્ત તેમણે મંદિરમાં કથાવાર્તા કરી. પછી નિયમ તથા ધ્યાન કરીને સર્વે પોઢી ગયા.

પછી બીજે દિવસ બાપાશ્રી તથા સંત-હરિભક્ત સ્નાન–પૂજા વગેરે નિયમ કરીને કથાવાર્તા કરવા બેઠા હતા, તે આઠ વાગ્યા સુધી કથાવાર્તા કરીને સમાપ્તિ કરી. પછી ધનજીભાઈના નવા ઘરનું વાસ્તુ લેવાનું હતું તેથી સર્વે સંત–હરિભક્ત તેમને ઘેર રસોઈ કરવા ગયા ને રસોઈ તૈયાર થઈ, ત્યારે ઠાકોરજીને જમાડીને સર્વે સંત–હરિભક્તો પંક્તિ કરીને જમ્યા, અને ધનજીભાઈએ બાપાશ્રીને જમાડ્યા. પછી બાપાશ્રી જમીને તેમને ઘેર બેઠા ને સંત–હરિભક્ત બાપાશ્રીની પાસે સભા કરીને બેઠા, ને સંત કીર્તન બોલ્યા. ત્યાર પછી ધનજીભાઈ ને તેમના દીકરા તેમણે પ્રથમ બાપાશ્રીની પૂજા કરીને પાઘ બંધાવી. પછી સર્વે સંતની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં, ત્યાર બાદ સર્વે સંત ને હરિભક્તોએ બાપાશ્રીની પૂજા કરી, અને બાપાશ્રીએ પણ સર્વે સંત–હરિભક્તની પૂજા કરી ને તે ઘરે મહા મોટો સમૈયો થયો. પછી સંત–હરિભક્ત બાપાશ્રીની આજ્ઞાએ કરીને મંદિરમાં ગયા ને બાપાશ્રી ત્યાં જ પોઢી રહ્યા, ને થોડીવાર પોઢીને જાગ્યા ને જળપાન કરી માંચીમાં બેસીને મંદિરમાં પધાર્યા ને સંતોએ સહિત વૃષપુર જવા તૈયાર થયા. ત્યારે હરિભક્ત સંતો સારુ ગાડાં લાવ્યા, એટલે સંતો બાપાશ્રીની આજ્ઞાએ કરીને ગાડામાં બેસીને વૃષપુર ગયા. ને હરિભક્તો પણ સાથે સાથે વૃષપુર ગયા. પછી બાપાશ્રી માંચીમાં બેસીને સર્વેને દર્શન દેતા થકા ગામને ઝાંપે આવ્યા ને હરિભક્ત ધનજીભાઈની ઘોડાગાડી લાવ્યા ને બાપાશ્રીને તેમાં બેસાર્યા, ને હરિભક્તો ઘોડાગાડીએ જુત્યા ને ઘોડાગાડી તાણીને વૃષપુર મૂકવા ગયા તે સાંજે છ વાગે વૃષપુર પહોંચ્યા. પછી હરિભક્તે બાપાશ્રીને ઘોડાગાડીમાંથી માંચીમાં બેસારીને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં

અને બાપાશ્રી સદ્‌ગુરુ સ્વામી આદિને મળી મંદિરના ઓરડામાં ઢોલિયામાં સૂતા. પછી બાપાશ્રી બે દિવસ વૃષપુરમાં રહી પાછા સર્વે સંતમંડળને સાથે લઈને રામપુર પધાર્યા ત્યાં પાંચ દિવસ રહીને પાછા વળ્યા, તે દહીંસરે એક રાત્રિ રહીને વૃષપુર આરતી વખતે આવ્યા. તે સમયે બાલુભાઈના પિતા જેઠાભાઈ ભૂજ આવ્યા હતા તેમની સાથે કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ એ બે સંત બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર આવ્યા ને ત્યાં ચાર દિવસ રહ્યા. તે સમે બાપાશ્રીએ પોતાના જન્મસ્થાનકને ઘેર સંતો પાસે શીરા-પૂરીની રસોઈ કરાવીને સર્વે સંત-હરિભક્તને જમાડ્યા.

ત્યાર પછી અન્નકૂટનો સમૈયો આવ્યો, ત્યારે બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામી વગેરે સંતમંડળને ભૂજ મોકલ્યા ને પોતે પણ બીજે દિવસ સવારમાં ભૂજ આવ્યા ને અન્નકૂટ પુરાઈ રહ્યો ને આરતી થઈ ત્યારે બાપાશ્રી ઠાકોરજીનાં તથા અન્નકૂટનાં દર્શન કરવા ગયા ને દર્શન કરીને આવ્યા, ત્યારે મુનિસ્વામીએ બાપાશ્રીને હાથ જોડીને કહ્યું જે, 'હે કૃપાળુ ! જમવા પધારો.' -એમ કહીને કાનજીભાઈ તથા મનજીભાઈને પણ જમવાનું કહ્યું. ત્યારે બાપાશ્રી પોતાના સેવક સહિત બ્રહ્મચારીના મેડા ઉપર જમવા પધાર્યા ને સાધુ કેશવપ્રિયદાસ તથા વિપ્ર કૃષ્ણારામ-તેમણે શીરો, પૂરી, લાડુ, શાક, ભજિયાં આદિ અનેક પ્રકારનાં ભોજન બાપાશ્રીને તથા સર્વે સેવકને પીરસ્યાં ને સર્વે સેવક તથા બાપાશ્રી સારી રીતે જમ્યા ને જમી તૃપ્ત થઈ ચળું કરીને પાનબીડીનો મુખવાસ લીધો ને મેડા ઉપર આસને વિરાજમાન થયા અને અન્નકૂટ ઊપડ્યા પછી બીજા સર્વે હરિભક્ત જમ્યા ને બાપાશ્રી બીજે દિવસ વૃષપુર પધાર્યા.

સંવત ૧૯૮૩ની સાલમાં બાપાશ્રીએ વૃષપુર ધામમાં રહ્યા થકા છત્રીએ ધર્મશાળા પડી ગઈ હતી તેને ફરીથી સારા પથ્થરથી ચૂનામાં ચણાવવાનું કામ ચાલુ કર્યું હતું અને ધર્મશાળાના ઉપર ધાબાનું કામ ચાલતું હતું. ત્યારે સાધુ કેશવપ્રિયદાસ આદિ પાંચ સંત વૃષપુર બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા ને બાપાશ્રી છત્રીએ કામ કરાવવા પધારતા ને બાપાશ્રીને રાજી કરવા ઘણા ભક્તજન કામ કરતા. એવી રીતે તે કામ ફાગણ સુદમાં પૂરું થઈ રહ્યું હતું. તે સમે વડતાલના સદ્‌. સ્વામી રઘુવીરચરણદાસજી મંડળે સહિત અનાદિ મુક્તરાજનાં દર્શન કરવા સારુ વૃષપુર આવ્યા, ને બાપાશ્રીનાં દર્શન કર્યાં અને તે દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજી ને શામળભાઈ પણ બાપાશ્રીને કરાંચી તેડી જવા આવ્યા હતા, તેથી બાપાશ્રી સ્વામી રઘુવીરચરણદાસજીને કરાંચીથી પાછા આવીએ ત્યાં સુધી રોકાવાનું કહીને પોતે સ્વામી ઈશ્વરચરણદાસજીની સાથે મોટરમાં બેસીને માંડવી ગયા. ત્યાંથી આગબોટમાં બેસીને કરાંચી પધાર્યા. ત્યાં ફૂલદોલનો સમૈયો કર્યો ને બાઈઓના મંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરી ને હરિભાઈ ને શામળભાઈએ સટીક 'વચનામૃત'ની પારાયણ કરાવી ને બાપાશ્રીએ સર્વેને બહુ સુખ આપ્યું. તે વખતે બાપાશ્રી સાથે ધનજીભાઈ તથા

ખીમજીભાઈ આદિ કેટલાક હરિભક્ત હતા ને સ્વામી વૃંદાવનદાસજી આદિ સંત પણ અમદાવાદથી રેલે બેસીને આવ્યા હતા. એવી રીતે બાપાશ્રી સંતમંડળ સહિત કરાંચીમાં વીસ દિવસ રહ્યા. પછી પાછા માંડવી થઈને વૃષપુર આવતા રસ્તામાં કંડેરાઈ ચોકીએ સાંજના ચાર વાગે પધાર્યા, ત્યાં નારાયણપુરના લાલજીભાઈએ બાપાશ્રી સારુ આગળથી થાળ કરી રાખ્યા હતા તેથી બાપાશ્રી ત્યાં ચોકીમાં થાળ જમ્યા ને રાત્રીના આઠ વાગે ગાડામાં બેસીને વૃષપુર તરફ રવાના થયા તે સવારે આઠ વાગે વૃષપુર આવ્યા.

હવે વૃષપુરના તથા બીજા ગામડાના હરિભક્ત બાપાશ્રીને આવ્યા સાંભળીને બાઈ-ભાઈ, બાળ-વૃદ્ધ ને યુવાન તે સર્વે દર્શન કરવા આવ્યા. તે સમે બાપાશ્રી મંદિરની ઓસરીમાં વિરાજમાન હતા, તેમને હાર પહેરાવ્યા ને કેસરચંદનની અર્ચા કરીને કુંકુમના ચાંદલા કર્યા. પછી દંડવત્ કરીને ચારે કોર બેઠા, તે સમે મુક્તરાજશ્રીનું સ્વરૂપ તેજોમય ને શાંતિકારક દેખાતું હતું, તેવા મુક્તરાજશ્રીનાં અલૌકિક દર્શન કરીને સર્વે ભક્તજનો બાપાશ્રી સામું જોઈ રહ્યા હતા ને સ્વામી રઘુવીરચરણદાસજી પણ અનાદિમુક્ત બાપાશ્રીનાં દર્શન કરીને આશ્ચર્યપૂર્વક અતિ આનંદ પામ્યા. પછી બાપાશ્રીએ તેમને વાત કરવાની આજ્ઞા કરી, ત્યારે તે સ્વામી વાતો કરતા થકા બોલ્યા જે, 'બાપાશ્રીનાં દર્શન કરીને મને પણ એમ જણાયું છે જે, 'બાપાશ્રી સ્વામિનારાયણ ભગવાનના અનાદિમુક્ત છે અને શ્રીજીમહારાજના સંકલ્પથી આવ્યા છે માટે શ્રીજીમહારાજના અનાદિ મુક્તાવતાર છે. ને શ્રીજીમહારાજ અનાદિમુક્ત દ્વારે સર્વેને સુખ આપે છે, એમાં કાંઈ સંશય નથી. -એમ કહીને બાપાશ્રીના ખોળામાં મસ્તક મૂકી બે હસ્ત જોડીને આત્યંતિક કલ્યાણનો વર માગ્યો. ત્યારે બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે, 'તમારો આત્યંતિક મોક્ષ થઈ ગયો; તમે આવું ને આવું હેત રાખશો.' પછી રઘુવીરચરણદાસજી આદિ સંત ઠાકોરજી જમાડી બાપાશ્રીની રજા લઈને મળ્યા ને ભૂજ આવી થોડા દિવસ રહીને વડતાલ ગયા.

ત્યાર પછી ભારાસરના રામજીભાઈ તથા વશરામભાઈએ પોતાના ગામમાં વૈશાખ માસમાં યજ્ઞ કરવો ને તેમાં અમદાવાદથી સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળને તેડાવવા -એમ બાપાશ્રીને પૂછીને નક્કી કર્યું. પછી યજ્ઞની સર્વે સામગ્રી તૈયાર કરી અને ભૂજથી સંતમંડળ આવ્યું. તેમણે સભામંડપ, કોઠાર. ભંડાર વગેરે તૈયાર કરીને 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથાનો પ્રારંભ કર્યો ને પુ. કેશવપ્રિયદાસ ને ઉત્તમપ્રિયદાસ સાંજ-સવાર કથા વાંચતા ને મુક્તરાજશ્રી કથા બેઠી તે જ દિવસ દસ વાગે ભારાસર આવ્યાનું દર્શન દઈને સર્વેને આનંદ પમાડ્યો. ત્યાં બાપાશ્રીનો ઉતારો ભાઈઓના મંદિર સામેના ઘરમાં રાખ્યો હતો. પછી રામજીભાઈએ ભૂજના સાધુને અમદાવાદથી સદ્‌ગુરુ આદિ સંતને તેડાવવાનું કહ્યું, ત્યારે તેમણે ના કહી તેથી સંતને તેડાવવાનું

બંધ રહ્યું. ત્યારે ધનજીભાઈ તથા તેમના દીકરા તથા ગાંગજી પટેલ તથા કથા કરાવનાર રામજીભાઈ આદિ સર્વે હરિભક્ત ઉદાસ થઈ ગયા ને બાપાશ્રી પાસે આવીને કહ્યું જે, 'સદ્‌ગુરુ આદિ સંતને ન આવવા દેવાનું પ્રથમથી અમે જાણ્યું હોત, તો આ યજ્ઞનો પ્રારંભ કરત નહિ ને આ તો મોટરનું નિમિત્ત[૧] કરીને વચમાં વિઘ્ન નાખ્યું, પણ હવે સદ્‌ગુરુ વિના યજ્ઞ અધૂરો રહેશે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હું તમારા યજ્ઞમાં પ્રથમથી જ આવ્યો છું તેથી મોટા મોટા સદ્‌ગુરુ ને અનંતકોટિ મુક્ત ને સર્વે દેવતા તેઓ સર્વે આ તમારા યજ્ઞમાં આવ્યા છે-એમ જાણશો અને તમારો યજ્ઞ સંપૂર્ણ પૂરો થયો ને સદ્‌ગુરુ આદિ સંત તો હું સંકલ્પ કરીશ તો આવીને ઊભા રહેશે; તેમને તેડાવવામાં કાંઈ વાર નથી; પરંતુ અમે જે દિલગીર થયા, તે તો જીવ ઉપર દયાથી ને આપણે તો તેમનું પણ શ્રીજીમહારાજ સારું કરે -એમ ઈચ્છીએ છીએ ને તમને તો શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત મળ્યા છે' -એમ કહ્યું. ત્યારે સર્વે હરિભક્ત રાજી થયા ને બાપાશ્રી તે યજ્ઞમાં નિત્યે બેય વખત કથામાં આવીને બિરાજતા અને રામજીભાઈ ને તેમના દીકરા મનજી તે બાપાશ્રીને ચંદન ચર્ચીને મોટા મોટા હજારી પુષ્પના હાર પહેરાવતા ને બાપાશ્રીના સ્વરૂપનાં દર્શન અલૌકિક થતાં હતાં. અને તે ગામના પટેલ ગાંગજી, રામજી રૂડા, કથા કરાવનાર રામજી વાલજી ને વશરામ કેસરા આદિ સર્વે ભક્તજન તેમણે તે કથા-યજ્ઞમાં સર્વે સંતમંડળ સહિત અનાદિમુક્તશ્રીને પોતાને ઘેર પધરાવી પૂજા-સેવા કરીને લાભ લીધો. પછી યજ્ઞની સમાપ્તિ કરીને સર્વે સંત-હરિભક્તને જમાડ્યા ને બાપાશ્રી પણ જમ્યા. પછી બાપાશ્રી સર્વેને દર્શન દઈ-મળીને વૃષપુર પધાર્યા ને સર્વે હરિભક્ત પોતપોતાને ગામ ગયા ને સંત ભૂજ ગયા. ઇતિ વિશ્રામ ૮૦

ધનજીભાઈની પીડા મટાડી, સીનોગ્રે કથાયજ્ઞ ને સદ્‌ગુરુનું આગમન તથા ભારાસર-અલૌકિક વાતો વગેરે

ત્યાર પછી નારાયણપુરના ધનજીભાઈને પગે ઝામરો થયાથી પીડા ઘણી થતી હતી, તેથી બાપાશ્રી બીજે-ત્રીજે દિવસે પોતાની ઘોડીએ ચડીને નારાયણપુર ધનજીભાઈને દર્શન દેવા જતા ને તેમને દર્શન દઈને શાંતિ પમાડતા. એક દિવસ બાપાશ્રી પોતાની ઘોડીએ બેસીને નારાયણપુર ધનજીભાઈને દર્શન દેવા ગયા ને દર્શન દઈ પાસે બેસીને પૂછ્યું જે, 'પીડા કેટલીક થાય છે?' ત્યારે ધનજીભાઈએ કહ્યું જે, 'હે કૃપાળુ! પીડા તો બહુ થાય છે; ખમાતી નથી.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હવે ત્રણ દિવસ પીડા થશે; પછી સારું થઈ જશે.' -એમ વર દઈ પોતે ઘોડી ઉપર બેસીને વૃષપુર પોતાની વાડીએ આવ્યા. ત્યાં વડ નીચે ગાડા પાસે ઘોડી ઊભી રાખી ને ગાડા ઉપર પોતે ઊતર્યા.

૧. હરિભક્તોએ સ્પેશિયલ મોટરમાં સદ્‌ગુરુને બેસાર્યા હતા ને તે મોટરમાં સંતો સિવાય બીજી કોઈ પણ વ્યક્તિ નહોતી, છતાં પણ મોટરમાં બેસવું જ નહિ એવું આક્રમણ.

પછી બાપાશ્રી ગાડેથી હેઠે ઊતરતા હતા. તે સમે જાદવજીએ ઘોડી હાંકી પણ ઘોડી ચાલી નહિ; કારણ કે ઘોડીના-પલાણનું પેગડું ગાડાની ઊપળીમાં અટકી રહ્યું હતું –તે કોઈના જોયામાં આવ્યું નહોતું, તેથી જાદવજીએ ફરીવાર જોરથી હાંકી એટલે ઘોડી જોરથી ચાલી ને ગાડું તણાયું. તે સમે બાપાશ્રી ગાડાને તણાવાથી પોતે પડી ગયા ને ડાબા ખભાને માંહી ને ગળાને પડખે હાંસડીમાં વાગ્યું. તે સમે કાનજીભાઈ ને મનજીભાઈ આદિ સર્વે દોડી આવ્યા ને બાપાશ્રીને તેડી લઈને ખાટલામાં સુવાડ્યા ને ઝીણા પટેલ ને અણદા કેરાઈ આદિ હરિભક્ત બાપાશ્રીને જોવા આવ્યા.

હવે તેઓએ કુંવારના પાઠામાં આંબાહળદર ને સાજીખાર નાખી બાફીને પછી તેનો પાટો બાંધ્યો ને ઉપર શેક કરવા માંડ્યો. પછી બાપાશ્રી માંચીમાં બેસીને મંદિરમાં પધાર્યા ને બાપાશ્રીને લાગ્યું, –તેવા સમાચાર બીજે દિવસે ભૂજમાં સર્વેને મળ્યા. ત્યારે સાધુ કેશવપ્રિયદાસ, શ્રીરંગદાસ ને મોતીભાઈ એ ત્રણ જણે તે જ દિવસે વૃષપુર આવીને બાપાશ્રીનાં દર્શન કર્યાં તે વખતે બાપાશ્રી ઓરડીમાં સૂતા હતા ને કુંવારના પાઠાનો પાટો બાંધ્યો હતો ને જાદવજી ને પ્રેમજી બેય સેવામાં હતા. પછી બાપાશ્રીને તેમણે બેઠા કર્યા ને સાધુ કેશવપ્રિયદાસ આદિને દર્શન દઈ રાજી થઈને સેવામાં રાખ્યા, ને તેઓ બાપાશ્રીને નિત્યે સ્નાન–પૂજા કરાવતા. પછી રબ્બરની કોથળીમાં ગરમ પાણી નાખીને દિવસના આઠ–નવ વાગ્યા સુધી શેક કરતા ને રાત્રીએ પણ બેત્રણ વાગ્યા સુધી શેક કરતા. અને ધનજીભાઈને બાપાશ્રીએ કહ્યું હતું જે, 'તમને ત્રણ દિવસમાં પીડા મટી જશે.' તે મટી ગઈ, તેથી ધનજીભાઈ પણ બાપાશ્રીને પડી ગયા સાંભળી ગાડામાં બેસીને દર્શન કરવા આવ્યા ને બાપાશ્રીને દુઃખે બહુ દુઃખી થયા. ત્યારે બાપાશ્રીએ ધનજીને હિંમત આપીને કહ્યું જે, 'અમારે કાંઈ દુઃખ નથી; અમે તો બીજાના સુખને અર્થે દુઃખ લીધું છે.' પછી ધનજીભાઈ દર્શન કરીને નારાયણપુર ગયા.

ત્યાર પછી ભૂજથી મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી, જોગેશ્વરદાસજી, નીલકંઠદાસજી આદિ પાંચ સંત ધનજીભાઈને જોવા નારાયણપુર ગયા હતા ને ત્યાંથી બાપાશ્રીનાં દર્શન કરવા સારુ વૃષપુર આવ્યા હતા. તે વખતે બાપાશ્રી મંદિરની ઓસરીમાં બિરાજમાન હતા અને સંતમંડળ દર્શન કરીને પાસે બેઠા ને સંતોએ બાપાશ્રીને દુખાવાની વાત પૂછી. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'દુખાવો તો એવો થાય છે : જે દેહમાં રહીએ તો ખમાય નહિ; પણ અમે તો દિવ્ય મૂર્તિમાં જ રહીએ છીએ તેથી કાંઈ જણાતું નથી.' પછી બાપાશ્રીએ તે સાધુના આગળ વાત કરી જે, 'અમદાવાદથી સદ્‌ગુરુને તેડાવો તો સારું, નહિતર કોઈક બીજા તેડાવશે ત્યારે તમારે પસ્તાવું પડશે; પણ તેના કરતાં તમે તેડાવો તો સારું.' તે સમે દેવરાજભાઈ પણ ત્યાં હતા. તેમણે ને કેશવપ્રિયદાસે પણ તે સંતોને કહ્યું જે, 'અનાદિમુક્તરાજ બાપાશ્રીને રાજી કરો ને સદ્‌ગુરુને

તેડાવો.' પણ તે વાતમાં સાધુએ ચિત્ત દીધું જ નહિ ને સાંજના ભૂજ રવાના થયા ને સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ –તે પણ બાપાશ્રીની આજ્ઞા લઈને ભૂજ ગયા. પછી થોડા દિવસમાં બાપાશ્રીને દુખાવો મટીને સારું થયું.

ત્યાર પછી જેઠ વદમાં સિનોગ્રાના મિસ્ત્રી ગાંગજી ડાહ્યાને કથા કરાવવી હતી, તેથી ભૂજ આવીને સાધુને વાત કરી. ત્યારે સ્વામી ભક્તિપ્રિયદાસજી ને જોગેશ્વરદાસજી તે મિસ્ત્રીની પારાયણ બેસારવાનો નિર્ધાર કરવા મિસ્ત્રી કાનજીભાઈને સાથે લઈને બાપાશ્રી પાસે વૃષપુર આવ્યા. તે સમે દેવરાજભાઈ ને ધનજીભાઈ પણ બાપાશ્રી પાસે બેઠા હતા ને સાધુએ પારાયણ કરવાની વાત પૂછી. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હાલમાં કામના દિવસ છે તેથી હરિભક્ત કથામાં પહોંચી શકશે નહિ; માટે હમણાં બંધ રાખો ને ભાદરવામાં પારાયણ કરાવવાનું રાખો, ને તમારે ભૂજ જવું હોય તો તુરત જાઓ; નહિતર વરસાદ તમને પલાળશે ને રાત્રી રહેવી હોય તો સુખેથી રહો.' પછી તે મિસ્ત્રી અને સાધુ મંદિરની ગાડી લઈને આવ્યા હતા તેમાં બેસીને ભૂજમંદિરમાં પહોંચ્યા ને વરસાદ આવ્યો. ત્યારે તે સાધુ કહેવા લાગ્યા જે, 'બાપાશ્રીએ કહ્યું હતું તેમ જ થયું; જો આપણે થોડીવાર ત્યાં રોકાયા હોત તો પલળત.' પછી સંવત ૧૯૮૩ના ભાદરવા સુદ છઠ ને સોમવારનું પારાયણ-પ્રારંભનું નક્કી કર્યું ને કંકોત્રીઓ છપાવીને હરિભક્તને ગામેગામ મોકલી. ત્યારે રામપુર, નારાયણપુર આદિ ગામના હરિભક્ત બાપાશ્રી પાસે આવ્યા ને દર્શન કરીને બાપાશ્રીને કહ્યું જે, ' આ સિનોગ્રાની કથામાં અમદાવાદથી સદ્‌ગુરુ સ્વામી આદિને તેડાવશે તો અમે સમૈયામાં જાશું; નહિતર નહિ જઈએ, પણ જો આપ પધારશો તો પછી અમારો નિયમ નહિ રહે; ને જો આપ નહિ પધારો તો અમે સૌ હરિભક્ત તથા સાંખ્યયોગી બાઈઓ તમારા વિના નહિ જઈએ.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સારું .' ત્યારે તે વાતની મિસ્ત્રી ગાંગજીને તથા ભૂજના સાધુને ખબર પડી તેથી તેમણે વિચાર કર્યો જે, 'અનાદિ મુક્તરાજ બાપાશ્રી નહિ પધારે તો મોટા મોટા હરિભક્ત અને સાંખ્યયોગી બાઈઓ તે પણ નહિ આવે ને યજ્ઞ ફીટશે, માટે ગમે તેમ કરીને બાપાશ્રીને તેડાવવા જોઈએ; બાપાશ્રી આવે તો જ યજ્ઞ પૂરો થયો કહેવાય.' પછી સાધુએ મિસ્ત્રી કાનજીભાઈને બાપાશ્રી પાસે મોકલ્યા. તેમણે આવીને બાપાશ્રીના ચરણમાં મસ્તક મૂકીને કહ્યું જે, 'બાપા ! આપ દયા કરીને અમારા યજ્ઞમાં પધારો ને અમે આપના દાસ છીએ ને આપ જેમ કહેશો તેમ કરશું.' ત્યારે અનાદિ મુક્તશ્રીએ કહ્યું જે, 'અમે તમારા યજ્ઞમાં આવવા તૈયાર થઈને બેઠા છીએ; માટે જરૂર આવશું જ, પણ તમે અમારું એટલું કામ કરજો : જે અમદાવાદથી સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજીને મંડળે સહિત જરૂર બોલાવજો.' ત્યારે મિસ્ત્રીએ કહ્યું જે, 'તે મારું કામ છે; તે હું જરૂર સદ્‌ગુરુ આદિ સંતને તેડાવીશ.' પછી બાપાશ્રીએ તેમને

જવાની રજા આપી તેથી તે ભૂજ ગયા ને ત્યાં સાધુને તે વાત કરી. પછી ભાદરવા સુદ છઠ ને સોમવારની સવારમાં પારાયણ બેઠી ને સત્યસંકલ્પ ને પૂર્ણકામ ને આત્મારામ એવા બાપાશ્રી આઠમના સિનોગ્રે પધાર્યા અને ભૂજના સર્વે સંત આગળથી આવ્યા હતા, ને સદ્‌ગુરુને પણ મિસ્ત્રી ગાંગજીભાઈના કહેવાથી ભૂજના સાધુએ તેડાવવાની હા કહી, તેથી મિસ્ત્રીએ સદ્‌ગુરુને તાર કરીને તેડાવ્યા, એટલે સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે સંત ભાદરવા સુદ એકાદશીને દિવસે આવ્યા ને દર્શન કરીને બાપાશ્રીને મળ્યા ને બાપાશ્રી નિત્યે બેય વખત સભામાં વિરાજતા ને મિસ્ત્રી પૂજા કરતા. પછી ભાદરવા સુદ પૂર્ણિમાને દિવસે પારાયણની પૂર્ણાહુતિ થઈ, તેથી મિસ્ત્રીએ કથાની ને સદ્‌ગુરુ આદિ સર્વે સંતમંડળની પૂજા કરીને આરતી ઉતારી ને સર્વે સંતને ધોતિયાં ઓઢાડ્યાં. પછી બાપાશ્રી મિસ્ત્રીના સગરામમાં સદ્‌ગુરુ સહિત બેસી અને બીજા સંતમંડળને બીજા ગાડામાં બેસાડીને અંજાર આવ્યા ને મંદિરમાં દર્શન કરી પછી રેલે બેસીને ભૂજ આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને મેડા ઉપર આસને બિરાજ્યા. પછી સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને દૂધ, ખીચડી, અથાણું આદિ ભોજન જમાડ્યાં.

ત્યાર પછી બીજે દિવસ બાપાશ્રી સ્નાન, પૂજા વગેરે કરીને સભામાં ગાદીતકિયે બેઠા ને કથાવાર્તા થઈ. પછી બાપાશ્રીએ સદ્‌ગુરુઓને કહ્યું જે, 'તમે અહીંના હરિભક્તો રાજી થાય ત્યાં સુધી રહેજો, પછી નારાયણપુર આવજો. ' –એમ વાત કરીને બાપાશ્રી વૃષપુર જવા તૈયાર થયા, પણ મિસ્ત્રી જયરામભાઈની રસોઈ હતી તેથી તેમણે તાણ કરીને રોક્યા ને બીજે દિવસે જમીને વૃષપુર પધાર્યા, ને સદ્‌ગુરુ પણ પાંચ દિવસ ભૂજમાં રહીને નારાયણપુર ગયા. પછી બાપાશ્રી પણ ભાદરવા વદિ દશમના નારાયણપુર પધાર્યા ને સંતને દર્શન દઈને પાછા વૃષપુર ગયા ને સદ્‌ગુરુ આદિ સંત ભારાસર ગયા. ત્યાર પછી બાપાશ્રી પણ વૃષપુરથી ઘોડી ઉપર બેસીને બારશના બે વાગે તડકામાં ભારાસર પધાર્યા ને સંતને મળીને આસને બેઠા. પછી બાપાશ્રી બોલ્યા જે, 'આજ અમે તમારા સારુ તપ કર્યું; કેમ જે તમે દરિયો ઉલ્લંઘી રસ્તાનાં દુઃખ નહિ ગણીને અમારા સારુ આવો છો, તે અમે પણ જાણીએ છીએ; અમે કાંઈ કૃતઘ્ની નથી. અમે પણ ટાઢ–તડકો વેઠીને તમારી કેડે કેડે ફરીએ છીએ.'

વળી બાપાશ્રી બોલ્યા જે, 'સુખ માત્ર એક મૂર્તિમાં જ છે, તે કલ્પે કલ્પ વીતી જાય તોપણ મૂર્તિના સુખમાંથી નીકળાય નહિ ને પૂર્ણ થવાય નહિ; મૂર્તિમાં જોડાયા વિના સુખી થવાય નહિ માટે મૂર્તિમાં જોડાવું. સદાય મૂર્તિમાં જ રહેવાય, એ ઉત્તમ સ્થિતિ છે.'

પછી બીજે દિવસ વદ તેરસના પાછલા પહોરના બે વાગે તે ગામના હરિભક્ત રામજીભાઈ તથા ગાંગજી પટેલ આદિ સર્વે હરિભક્તોએ હાથ જોડીને બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! દયા કરીને

અમારે ઘેર પધારો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમે તમારે ઘેર ઘણીવાર આવ્યા છીએ ને તમારાં ઘર અક્ષરધામરૂપ ને તીર્થરૂપ કર્યાં છે અને આ ગામમાં પણ ઘેર ઘેર સો વાર ફર્યા છીએ, અને ઘેર ઘેર ભોજન કર્યાં છે. અને આ તલાવડીમાં પણ સંત સહિત ઘણીવાર નાહ્યા છીએ ને આ ગામની સીમ ને ગામ તે અત્યંત પ્રસાદીનાં કર્યાં છે, ને તમે પણ અમારા જ છો.' ત્યારે હરિભક્તોએ બાપાશ્રીને કહ્યું જે, 'એક બે ઘરે ભૂત-પ્રેતનો ઉપદ્રવ છે તે કાઢવો છે, અને સર્વે હરિભક્તને ઘેર તેડી જવાની ઘણી ઈચ્છા છે.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'ભલે; આવશું.' પછી ઘરોઘર પધાર્યા ને હરિભક્તોએ પોતપોતાને ઘેર પધરાવીને સેવા-પૂજાનો ભારે લહાવ લીધો, અને જે ઘરમાં ભૂત-પ્રેતનો ઉપદ્રવ હતો તે ઘરમાં બાપાશ્રીએ પાણી છાંટ્યું ને સર્વે ભૂતનો મોક્ષ કર્યો, પછી મંદિરમાં પધાર્યા અને ત્યારથી ભૂત-પ્રેતનો ઉપદ્રવ બંધ થયો. આવી રીતે બાપાશ્રીને જેમણે રાજી કર્યા તેમનાં ભાગ્ય હું શું વખાણું! કેમ જે પ્રગટ પરબ્રહ્મ ને તેમના મુક્તની પ્રાપ્તિ તે સર્વથી દુર્લભ છે, તે તેમને થઈ. એવી રીતે સર્વે હરિભક્તને સુખ આપીને બાપાશ્રી સંત સહિત વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૮૧

વચનામૃતના રહસ્યની વાતો, પરસ્પર પૂજા ને સંત તથા બાપાશ્રીનું નારાયણપુર-ગમન

ત્યાર પછી ભાદરવા વદ અમાસને દિવસ અનાદિ મુક્તરાજ બાપાશ્રી વૃષપુરના મંદિરમાં સંત-હરિભક્તની સભામાં બેઠા હતા. તે વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી ને સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોએ બાપાશ્રીને કહ્યું જે, 'વાત કરો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે :-

(૧) " છેલ્લાં પ્રકરણના બીજા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું.' -એમ કહ્યું. તેમાં મહારાજને કહેવાનું એ છે જે, 'અમે શ્વેતદ્વીપના પતિ વાસુદેવ, ને ગોલોકાધિપતિ રાધાકૃષ્ણ, ને બદરિકાશ્રમવાસી નરનારાયણ -તે સર્વે અવતારથી અમે અધિક છીએ; કેમ જે તે સર્વે અવતારને સુખ, સામર્થી ને પ્રકાશના પ્રદાતા એવા અવતારી છીએ.'

વળી મધ્યના ૯માં કહ્યું છે જે, 'પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.'-આ વચનામૃતમાં પણ

શ્રીજીમહારાજ પોતાનો અભિપ્રાય એવો જણાવે છે જે, 'અમે શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ અવતારના કારણ, અવતારી ને તે અવતારને પોતાના પ્રકાશે કરીને પ્રકાશમાન કરનારા ને સદાય દિવ્ય સાકારમૂર્તિ ને સર્વોપરી છીએ.'

તથા પંચાળાના ૧માં પણ કહ્યું છે જે, 'બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.' –આમાં પણ શ્રીજીમહારાજે વૈકુંઠથી ગોલોકનું સુખ ને તેનાથી અક્ષરધામનું સુખ અતિ અધિક કહ્યું. તેણે કરીને ગોલોકવાસી શ્રીકૃષ્ણભગવાનથી અક્ષરધામના પતિ શ્રીજીમહારાજ ઘણા અધિક છે. –એમ શ્રીજીમહારાજ પોતે પોતાનું સ્વરૂપ જણાવે છે. એ આદિ ઘણાં વચનામૃતમાં શ્રીકૃષ્ણાદિક અવતારના અવતારી ને કારણ મૂર્તિ અમે છીએ –એમ શ્રીજીમહારાજ જણાવે છે.

(૨) હવે અક્ષરકોટિથી પર પોતાના પ્રકાશરૂપ અક્ષરધામમાં શ્રીજીમહારાજ રહ્યા છે એમ પણ ઘણાં વચનામૃતમાં કહ્યું છે. તે જુઓ : – લોયાના ૧૦માં 'પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે; એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.' –આમાં શ્રીજીમહારાજે પોતાને 'સર્વાત્માબ્રહ્મ' જે અનાદિમુક્ત તેના 'આત્મા' એટલે મૂર્તિમાન થકા આધાર કહ્યા છે –એટલે અનાદિમુક્તને મૂર્તિમાં રાખે છે, ને 'અક્ષર' એટલે પોતાની મૂર્તિનો પ્રકાશ તેના પણ 'આત્મા' એટલે મૂર્તિમાન થકા પોતે આધાર છે. અને 'અનંતકોટિ જે મુક્ત' એટલે અનંતકોટિ પરમએકાંતિક મુક્ત તેના પણ 'આત્મા' એટલે તેમને પોતાના તેજરૂપ ધામમાં ધરી રહ્યા છે.

અને પ્રથમના ૭૧માં 'નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રગટ મળ્યા.' –આમાં પણ નિરાકાર અક્ષરબ્રહ્મ કહ્યું તે પોતાની મૂર્તિના પ્રકાશને કહેલ છે અને તે અક્ષરબ્રહ્મમાં જ મુક્તે સહિત પોતે રહ્યા છે, તેમ જ મધ્યના ૧૩માં પણ કહ્યું છે જે, 'એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ; અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ.' –આમાં પણ શ્રીજીમહારાજે પોતાના અંગના પ્રકાશને જ અક્ષરધામ કહ્યું છે ને પ્રકાશરૂપ ધામમાં જ પોતે રહ્યા છે.

(૩) વળી શ્રીજીમહારાજ સર્વના આધાર છે પણ પોતાને કોઈનો આધાર નથી એમ લોયાના ૧૩માં કહ્યું છે તે જુઓ :– 'અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે, તે અક્ષરને પણ લીન

કરીને પોતે સ્વરાટ થકા એકલા જ વિરાજમાન રહે; અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.' –આમાં શ્રીજીમહારાજ એમ જણાવે છે જે, 'અમારે અક્ષરધામનો આધાર નથી પણ અમે જ અક્ષરધામ તથા મુક્તના આધાર છીએ.'

(૪) હવે મૂર્તિમાન મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે પણ વ્યતિરેક મૂર્તિનો સંબંધ તેમને નથી, એમ ઘણાંક વચનામૃતમાં કહ્યું છે તે જુઓ : સારંગપુરના પમાં 'અને બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેના હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમ જ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ થકી રહિત છે એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે અને જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ –એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું.' આમાં શ્રીજીમહારાજ અક્ષરમાં અન્વય સ્વરૂપે રહ્યા છે પણ અક્ષરમાં વ્યતિરેક સ્વરૂપે રહ્યા એવું કહ્યું નથી; અને વ્યતિરેક સ્વરૂપે તો પોતાના પ્રકાશરૂપ ધામમાં જ રહ્યા છે એમ કહ્યું છે. અને વળી પ્રથમના ૪૧માં 'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિસમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે. પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે.' આમાં પુરુષોત્તમ ભગવાન જે તે અક્ષર સામી દૃષ્ટિ કરે છે એમ કહ્યું તે અંતર્યામીપણે તેજ દ્વારે પ્રેરણા કરે છે એમ સમજવું. અને અક્ષરમાં પ્રવેશ કરે છે –એમ કહ્યું, તે જો અક્ષરમાં વ્યતિરેક સ્વરૂપે મહારાજ રહેતા હોય તો પ્રવેશ કરવાની શી જરૂર હોય ? માટે અક્ષરમાં મહારાજ અન્વય સ્વરૂપે જ રહે છે અને શ્રીજીમહારાજ સૃષ્ટિ કરવાની પ્રેરણા પ્રથમ અક્ષરને કરે છે માટે સૃષ્ટિકર્તા મૂળકારણ એ છે તેથી મૂળ અક્ષર કહેવાય છે.

અને મૂર્તિમાન અક્ષરમાં શ્રીજીમહારાજ પોતાની અંતર્યામી શક્તિએ કરીને રહ્યા છે એમ પ્રથમના ૭૨માં કહ્યું છે તે જુઓ :– 'અને એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમ જ પ્રકૃતિપુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે અને ક્ષર–અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે અને પોતે તો ક્ષર–અક્ષરથી ન્યારા છે.' –આમાં પણ શ્રીજીમહારાજે 'ક્ષર–અક્ષરના આત્મા' એટલે અંતર્યામી પોતાને જ કહ્યા છે ને 'પોતાની શક્તિ' જે પોતાના પ્રકાશનાં કિરણો તેણે કરીને ક્ષર–અક્ષરને ધરી રહ્યા છે એટલે અક્ષરમાં ભગવાન અન્વયપણે રહ્યા છે ને પોતાને 'ક્ષર–અક્ષરથી ન્યારા' કહ્યા એટલે અમે અમારા તેજરૂપ ધામમાં રહ્યા છીએ –એમ કહ્યું છે." (૪)

એટલી વાત કરીને બોલ્યા જે, 'મહારાજને બોલાવો.' ત્યારે સંતે વચનામૃત વાંચવા માંડ્યું.

તેમાં 'ભગવાનને મળેલા સંત મળે તો મોક્ષ કરે.' –એમ આવ્યું. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મૂર્તિમાં રહેતા હોય તે મળેલા છે, પણ કેટલાક ગૃહસ્થ ને ત્યાગી બાહ્યદૃષ્ટિએ એમ કહે છે જે, 'આજ તો મહારાજને મળેલા નથી.' પરંતુ આજ તો મળેલા ઘણા છે; કેમ જે સત્સંગમાં શ્રીજીમહારાજ ને મુક્ત સદાય પ્રત્યક્ષ છે. તે જો અંતર્દૃષ્ટિ કરીને વિચારીને જુએ ને વળી મહારાજ ને મોટાનો વિશ્વાસ હોય, તો તેને શ્રીજીમહારાજ પ્રત્યક્ષ જણાય ને તેનો છેલ્લો જન્મ થઈ જાય; એટલે મોક્ષનું કામ પૂરું થઈ જાય.'

પછી વચનામૃત વાંચ્યું. ત્યારે વળી બાપાશ્રી બોલ્યા જે, 'આજ પ્રગટના જે આહારી છે તેને પ્રગટ છે અને જે પ્રગટના આહારી નથી તેને પ્રગટ નથી; પરોક્ષ છે. ને મહિમા સમજાય તેને તો આ બદરિકાશ્રમ; આ શ્વેતદ્વીપ; આ અક્ષરધામ ને આ બધા અવતાર છે આમાં માયાનો અંશ નથી. શુકદેવજી પણ પ્રગટના જોગમાં આવ્યા ત્યારે શુકમુનિ થયા ને આજ કેટલાક ઈશ્વરકોટિમાંથી, કેટલાક બ્રહ્મકોટિમાંથી ને કેટલાક અક્ષરકોટિમાંથી આવ્યા છે, તે આ અક્ષરધામની સભામાં આવીને બેઠા છે. જે સ્વામિનારાયણના થાય તેની સ્વામિનારાયણ ખબર રાખે છે.' એમ વાત કરીને વળી બોલ્યા જે, 'આ વૃષપુરમાં કાળીતલાવડી ઉપર છત્રી કરાવી છે તે ઠેકાણે શ્રીજીમહારાજે એક મુસલમાનને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું હતું જે, આ ગામમાં અનાદિમુક્ત પ્રગટ થશે અને માતુશ્રી દેવબાને પણ એ જ ઠેકાણે દર્શન આપીને વર આપ્યો હતો જે, 'અમારા અનાદિમુક્ત તમારે ઘેર પ્રગટ થશે.' –એમ વાત કરી. પછી સંતોએ બાપાશ્રીની પૂજા કરવા માંડી ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, 'કારણ બગાડશો નહિ.' પછી બોલ્યા જે, 'સહુને વશ કરું રે, સહુનો કારણ હું ભગવાન.' એમ શ્રીજીમહારાજે કહ્યું છે. પછી સત્સંગીઓએ પૂજા કરવા માંડી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આવો; કોઈ પૂજા કર્યા વિના રહી જશો નહિ. આજ શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત રાજી છે.' –એમ પ્રસન્ન થઈને સર્વેને પૂજા કરવાની રજા આપી. પછી સર્વેએ પૂજા કરી. પછી બાપાશ્રી સર્વે સંતની પૂજા કરીને હરિભક્તની પૂજા કરવા મંડ્યા. તે વખતે બોલ્યા જે, 'આ અક્ષરધામમાં ચંદન ચર્ચાય છે એમ જાણજો. આ ચર્ચનારા અક્ષર પરના છે એટલે મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે –તે સર્વેને મૂર્તિમાં રાખે છે.' –એમ વાતો કરી. પછી નારાયણપુર અને કેરાના હરિભક્તો હાર અને ચંદન લાવ્યા હતા, તેથી તેઓએ બાપાશ્રીની ને સંતની પૂજા કરી, પછી સભામાં બેઠા. એમ નિત્યે રામપુર, દહીંસરા, સુખપુર ને ભારાસર આદિ ગામના હરિભક્તના સમૂહે સમૂહ અનાદિ મુક્તરાજશ્રીનાં ને સંતમંડળનાં દર્શન કરવા આવતા ને દર્શન-સમાગમ કરીને સર્વેના હૃદયમાં આનંદ ઊભરાતો હતો ને સંતની વાતો સાંભળીને 'અહો ! અહો ! આપણને જે જોઈએ તે મળ્યું ને કૃતાર્થ થયા' –એમ નિશ્ચય કરીને જાતા હતા. એવી રીતે

આસો માસમાં એકવીસ દિવસ સુધી સંત બાપાશ્રી પાસે રહ્યા. તે સમે બાપાશ્રીને કાનમાં દુખાવો જણાતો હતો ને સંતો સેવા કરતા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત એકવીસ મૂર્તિ હતા તેમને અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ નારાયણપુર જવાની આજ્ઞા કરી, ત્યારે તે સર્વે સંત નારાયણપુર ગયા ને બાપાશ્રી પણ બીજે દિવસ વૃષપુરથી ઘોડાગાડીમાં બેસી ખળખળિયે નાહીને નારાયણપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૮૨

મધ્યના ૧૩ના વચનામૃતનું વિવેચન, ધનજીના ઘરની પ્રશંસા, ખળખળિયે લીલા ને મોક્ષના વર વગેરે

એક સમયે અનાદિ મુક્તરાજશ્રી નારાયણપુરના મંદિરમાં વિરાજમાન હતા ને સર્વે સંત –હરિભક્તની સભા બાપાશ્રી પાસે બેઠી હતી. પછી અનાદિ મુક્તરાજ બોલ્યા જે, "વચનામૃતમાં શ્રીજીમહારાજે રહસ્ય વાતો કરી છે તે મધ્યના ૧૩માં કહ્યું છે જે, એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ; અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે.' –એમ શ્રીજીમહારાજે કહ્યું તેમાં 'આત્મા, બ્રહ્મ ને અક્ષર' એ ત્રણ નામ શ્રીજીમહારાજે પોતાના પ્રકાશનાં કહ્યાં છે; અને એ પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ, પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ –એમ શ્રીજીમહારાજે પોતે કહ્યું છે. તેમાં 'ભગવાનની મૂર્તિ' કહી તે ભગવાન પોતે છે માટે મૂર્તિ પોતાની કહી છે અને 'આત્માનું તત્ત્વ, પરબ્રહ્મ ને પુરુષોત્તમ' એ ત્રણ નામ પોતાનાં જ કહ્યાં છે. અને તે જ ભગવાન રામકૃષ્ણાદિકરૂપે કરીને યુગ યુગને વિષે પ્રગટ થાય છે, તે આમાં 'રામ' એટલે રમણ કરે કહેતાં એકાંતિક ધર્મનું પાલન–પોષણ કરે–કરાવે,–એવા પરમએકાંતિક મુક્તને રામ કહ્યા છે અને 'કૃષ્ણ' એટલે આકર્ષણ કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખે, એવા અનાદિમુક્તને કૃષ્ણ કહ્યા છે, ને તેઓ શ્રીજીમહારાજની ઈચ્છાથી મુક્તાવતાર તરીકે પ્રગટ થાય છે. તે આ વચનામૃતમાં કહ્યું છે જે, 'અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.' તે અવતાર અનાદિમુક્તને જ કહ્યા છે; કેમ જે અનાદિમુક્ત શ્રીજીમહારાજના સ્વરૂપમાં રહે છે ને શ્રીજીમહારાજના સંકલ્પથી પ્રગટ થાય છે ને અનંત જીવનો મોક્ષ કરીને પાછા શ્રીજીમહારાજમાં લીન થાય છે, માટે તેમને અહીં મુક્તાવતાર જાણવા. અને તે અવતારના અવતારી એવા એક

સ્વામિનારાયણ છે, તે શ્રી સ્વામિનારાયણ ભગવાન ને તેમના અનાદિમુક્ત મને પ્રગટ મળ્યા છે અને મને પણ અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે, એમ જીવમાંથી હા પડે ને શ્રીહરિજીની આજ્ઞામાં રહેવાય ને તેમની મૂર્તિ ભુલાય નહિ, –એ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કહેવાય." – એમ ઘણી વાર વાતો કરી.

ત્યાર પછી બાપાશ્રી ધનજીભાઈના ઘેર જમવા પધાર્યા ને જમી આવીને પાછા મંદિરમાં આવી ઘડીક વાર કથામાં બેસીને પોઢી ગયા ને બે વાગે જાગીને સંતને કહ્યું કે, 'આપણે આજ ખળખળિયે નાહીને આપણી છત્રીએ જઈએ, ત્યાં રાત રહીને સીધું મંગાવી લેશું ને રસોઈ કરી ઠાકોરજીને જમાડીને પછી વૃષપુર જઈશું.'

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'આજ ધનજીભાઈ ભૂજ ગયા છે તે સાંજે આવશે, પછી તેમને પૂછીને જઈશું.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'આ રામજી, લાલજી ને હરજી એ ત્રણેય ધનજી છે; તેમને પૂછો.' ત્યારે તેમણે કહ્યું જે, 'બાપા ! આપ દયા કરીને અહીંયાં બિરાજો, આ ઘર તમારું જ છે; અમે તમારા દીકરા છીએ માટે આપ દયા કરીને રહો ને આપ અહીં પધારવાથી આખું ગામ રાજી છે અને બબ્બે ચાર ચાર જણા ભેગા થઈને[૧] રસોઈ દે છે ને સર્વેને ભાવ છે.' ત્યારે અનાદિ મુક્તશ્રીએ કહ્યું જે, 'ભલે; બહુ સારું.' પછી બાપાશ્રીએ સર્વે સંત–હરિભક્તની આગળ વાત કરી જે, 'આ ધનજી તથા તેના પિતા જાદવજી તથા ધનજીના દીકરા સર્વેએ અમારી બહુ જ સેવા કરી છે ને અમારી અનુવૃત્તિ સાચવીને અમને રાજી કર્યા છે અને તેમણે પોતાનું ધન, ધામ, કુટુંબ સર્વે સત્સંગપરાયણ કરી મેલ્યું છે ને આ ગામના હરિભક્તોએ પણ અમારી સેવા કરીને બહુ જ પ્રસન્નતા મેળવી છે ને અમે પણ આ ગામમાં ઘરોઘર કેટલીક વાર ફર્યા છીએ.' –એમ ઘણીક વાતો કરી.

ત્યાર પછી બાપાશ્રી સંત-હરિભક્તોએ સહિત ગાડીઓ તથા ગાડામાં બેસીને ખળખળિયે નાહવા પધાર્યા. તે સમે ફરતાં ગામડાંના હરિભક્ત ખળખળિયે આવીને બાપાશ્રીની વાટ જોઈને બેઠા હતા, –ત્યાં જ બાપાશ્રી આવ્યા ને જળના ઘરામાં જઈને બેઠા અને સંત-હરિભક્ત પછવાડે સ્નાન કરવા લાગ્યા ને બાપાશ્રીએ આજ્ઞા કરી, તેથી હરિભક્ત કીર્તન ગાવા લાગ્યા ને રાસ રમવા લાગ્યા. પછી બાપાશ્રીએ જળથી બહાર નીકળી પોતે જળના લોટા ભરી સર્વે હરિભક્ત ઉપર જળ છાંટીને વર આપ્યો જે, 'આ સર્વેનો આત્યંતિક મોક્ષ આજ થઈ ગયો.' પછી બોલ્યા જે, 'આ ખળખળિયો અમે સ્નાન કરીને ઘણો જ પ્રસાદીનો કર્યો છે માટે આમાં જે કોઈ નહાશે, તેને અમે મૂર્તિના સુખમાં રાખશું.' પછી કોરાં વસ્ત્ર પહેરીને સર્વે સંત–હરિભક્તને મળ્યા. પછી ગાદીતકિયે

૧. એક જણાને જુદો જુદો વારો ન મળવાથી.

બેઠા ને સર્વે સંત બાપાશ્રી ફરતા બેઠા ને હરિભક્ત ફરતા ફરીને કીર્તન ગાતા થકા રાસ રમવા લાગ્યા ને ધનજીભાઈના લાલજી ને હરજી તલસાંકળી લાવ્યા હતા ને રામજી પોપૈયાં લાવ્યા હતા તેને સુધારીને સંતોએ ઠાકોરજીને ધર્યાં પછી બાપાશ્રીને આપ્યાં, તેમાંથી બાપાશ્રીએ લગીરેક જમીને સર્વેને પ્રસાદી આપી ને સર્વેએ બાપાશ્રીની પૂજા કરી. ત્યાર પછી બાપાશ્રી ગાડીમાં બેસીને સંત-હરિભક્તોએ સહિત મંદિરમાં પધાર્યા ને બીજા ગામડાના હરિભક્ત પોતપોતાને ઘેર ગયા. ઇતિ વિશ્રામ ૮૩

નારાયણપુર-લીલા ને અલૌકિક વાતો, નાગધરે સ્નાન ને મોક્ષના વર તથા સદ્‌ગુરુ સહિત કેરા-ગમન

ત્યાર પછી જેમનો સ્વભાવ સર્વને સુખકારી છે એવા અનાદિ મુક્તરાજ બાપાશ્રી કાર્તિક સુદ ૮ને રોજ નિત્યવિધિ કરીને સભામાં બેઠા અને ધનજીભાઈ ને તેમના દીકરા નિત્યની પેઠે ઊનું કરેલું દૂધ લાવ્યા, તે પીને સર્વેને પ્રસાદી આપી. પછી બાપાશ્રી ધનજીભાઈના ઘેર જમવા પધાર્યા ને જમી આવીને ઘડીક પોઢીને જાગ્યા. ત્યાર પછી બાપાશ્રી સંતોએ સહિત ધનજીભાઈના દીકરા રામજીને ઘેર પધાર્યા, ત્યાં તેમણે બાપાશ્રીની પૂજા કરીને પાઘ બંધાવી ને સંતોને પણ વસ્ત્ર ઓઢાડ્યાં. પછી ચાર વાગે ખળખળિયે પધાર્યા, ત્યાં નિત્યની પેઠે સ્નાન કરી કથાવાર્તા કરીને પ્રસાદી વહેંચી. પછી બાપાશ્રી સર્વે સંત સહિત મંદિરમાં પધાર્યા. ત્યાં સાંજની કથાવાર્તા કરીને જમવા ગયા ને જમીને મંદિરમાં પધાર્યા, પછી નિત્યનિયમ કરીને ચોક વચ્ચે ઢોલિયા ઉપર વિરાજ્યા ને હરિભક્તોએ રાસ લીધો. -એમ બાપાશ્રીની પ્રસન્તા મેળવીને પોતાનું જીવિતવ્ય સાર્થક કર્યું અને સુદ નોમને રોજ બાપાશ્રી વહેલા ઊઠી સ્નાન કરીને માનસીપૂજા કરવા બેઠા. પછી તિલક-ચાંદલો કરીને મૂર્તિઓ પધરાવી ને આવાહન, નમસ્કાર, સ્તુતિ-પ્રાર્થના, મંત્રજપ, પ્રદક્ષિણા, દંડવત્ આદિ કરીને પૂજાની સમાપ્તિ કરી. તે સમે સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી આદિ ઘણાક સંત બાપાશ્રીનાં દર્શન કરવા પાસે બેઠા હતા ને બાપાશ્રી શિક્ષાપત્રીનો પાઠ કરવા લાગ્યા. તેમાં નીચેનો શ્લોક આવ્યો : -

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।
क्वचितदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥ ११९ ॥

તેમાં એમ આવ્યું જે, 'એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણભગવાન એકલા જ હોય એમ જાણવા .' ત્યારે બાપાશ્રીએ સદ્‌ગુરુ આદિ સંતને પૂછ્યું જે,

'આમાં શ્રીકૃષ્ણભગવાન કહ્યા તે કોને કહ્યા ? ને રાધિકાદિક ભક્ત કિયા જાણવા ? અને અંગ તે શું જાણવું ? ને અંગમાં કેવી રીતે રહેતા હશે ?' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત બોલ્યા જે, "શ્રીજીમહારાજે સત્સંગિજીવન ગ્રંથ દ્વિઅર્થી કરાવ્યો છે, તેમાં પરોક્ષ અર્થ સર્વજન-હિતાવહ છે ને પ્રત્યક્ષ અર્થ પોતાના એકાંતિક ભક્તને સમજવા સારુ છે. તે આ શિક્ષાપત્રીમાં 'શ્રીકૃષ્ણ-ભગવાન' કહ્યા તે શ્રીજીમહારાજે પોતે પોતાને જ શ્રીકૃષ્ણભગવાન નામે કરીને કહ્યા છે, ને જે 'રાધાદિક ભક્ત' કહ્યા તે રાધિકાદિક નામે પોતાના મુક્ત જે જયા, લલિતા આદિને કહ્યા છે ને મુક્તાનંદ, બ્રહ્માનંદ આદિ સંતને પણ કહ્યા છે અને ઉદ્ધવ, અક્રૂર, અર્જુન, બળદેવજી આદિ નામે કરીને રામપ્રતાપભાઈ, શ્રીઅયોધ્યાપ્રસાદજી, શ્રીરઘુવીરજી, ઉત્તમનૃપ, સોમ-સૂરાદિક મુક્તને કહ્યા છે. અને 'ક્યારેક શ્રીકૃષ્ણભગવાનના પડખે હોય છે.' -એમ કહ્યું. તે પરમએકાંતિક મુક્ત શ્રીહરિજીની પાસે રહે છે તેમને કહ્યા છે, અને 'ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણભગવાનના અંગને વિષે રહે છે.' -એમ કહ્યું. તે અનાદિમુક્તને કહ્યા છે ને 'અંગ' મૂર્તિ તથા સ્વરૂપને કહ્યું છે પણ એક અવયવને કહેવું નથી; કેમ જે અનાદિમુક્તને શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપમાં રાખે છે તેથી 'અંગને વિષે રહે છે.' -એમ કહ્યું છે, ને 'ક્યારેક' કહ્યું તે સ્વામી-સેવકપણું જણાવવા કહ્યું છે પણ અનાદિમુક્ત તો સદા ભગવાનના સ્વરૂપમાં જ રહે છે." -એમ કહ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'યથાર્થ ઉત્તર કર્યો.'

વળી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી છે ને સર્વ મુક્તના સ્વામી છે ને પોતાના અક્ષરધામમાં સદાય રહ્યા છે. અને શ્રીજીમહારાજનું ગોલોક તથા અક્ષરધામ તે પણ શ્રીકૃષ્ણભગવાનના ગોલોકથી તથા અક્ષરથી પર છે, અને પોતાના સ્વરૂપના પ્રકાશનો સમૂહ તેને જ ગોલોક તથા અક્ષરધામ કહ્યું છે. અને તે ધામમાં અનંતકોટિ મહામુક્ત છે -તે શ્રીજીમહારાજની પાસે રહ્યા છે ને શ્રીજીમહારાજની મૂર્તિને જોઈને આનંદ પામે છે. અને અનંતકોટિ અનાદિમુક્ત છે -તે શ્રીજીમહારાજના સ્વરૂપમાં રહ્યા છે, ને તે મુક્ત શ્રીજીમહારાજના સ્વરૂપમાં ઐક્યપણું પામીને સળંગ સ્વરૂપનો આનંદ અનુભવે છે. એ સર્વે મુક્તના સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, -તેમના સંકલ્પથી અમે તમને અમારા સમાગમનું સુખ આપવા આવ્યા છીએ અને તમને પણ અમારા જેવા મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા છે ને અમારા સંકલ્પથી મુમુક્ષુ જીવોના મોક્ષ કરવા તમને અવરભાવમાં પણ રાખ્યા છે.' પછી બોલ્યા જે, 'જે છે-તે અક્ષરધામ, મૂર્તિ, મુક્ત સર્વે અહીં છે પણ અક્ષરધામ બીજે છે; કે મૂર્તિ બીજે છે; કે મુક્ત બીજે છે -એમ ન જાણવું.' પછી ઊભા થઈને સર્વેને મળ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને આસને બેઠા ને વચનામૃતની કથા વંચાવીને સૂતા સૂતા સાંભળતા હતા અને સંત પણ પાસે બેસીને કથા સાંભળવા લાગ્યા.

ત્યાર પછી બાપાશ્રી સંત-હરિભક્તને સાથે લઈને ધનજીભાઈની નવાણ નામની વાડીએ પધાર્યા, ત્યાં ખળામાં બેઠા ને સંત-હરિભક્તની સભા થઈ ને કીર્તન બોલ્યા, અને ધનજીભાઈએ બાપાશ્રી પાસે ગોળ-તલની પ્રસાદી અપાવી ને બાપાશ્રીએ તે વાડીનું 'ઘનશ્યામ વાડી' –એવું નામ પાડ્યું. પછી બાપાશ્રી સંતોએ સહિત તેમની ગામ પાસેની વાડીએ ગયા, ત્યાં બળદ, ગાયો, ઘોડી આદિ સર્વે પશુઓને વર્તમાન ધરાવ્યાં ને મોક્ષનો વર આપ્યો. પછી મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ઘેર જમવા ગયા ને જમી આવીને મંદિરના ચોક વચ્ચે ઢોલિયે વિરાજ્યા.

પછી સ્વામીએ બાપાશ્રીને પૂછ્યું જે, 'મૂર્તિનું સુખ નિત્યે વધતું જાય તેનો શો ઉપાય છે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મૂર્તિરૂપ થઈને મૂર્તિમાં નિમગ્ન રહેવું, તેણે કરીને શાંતિ ને સુખ વધતાં જાય છે.

પછી મુક્તરાજશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજીના હાથમાંથી કલમ ને બુક લઈ હાથનો લટકો કરીને એમ બોલ્યા જે, 'તમે મહારાજ ને મુક્તનો મહિમા લખો છો પણ આખી પૃથ્વીનો કાગળ કરો, વનસ્પતિ માત્રની કલમો કરો ને સાત સમુદ્રની શાહી કરો, તે લખતાં લખતાં કલમો ઘસાઈ જાય ને શાહી ખૂટી જાય તોપણ શ્રીજીમહારાજના મહિમાનો પાર આવે નહિ, –એવા શ્રીજીમહારાજ છે. અને આ મુક્તનો મહિમા પણ અપાર છે, તોપણ આ બાવો જાણે જે હું બધો મહિમા લખી નાખું પણ પાર પામી શકાય નહિ. –એમ પોતાની છાતીએ હાથ દઈને બોલ્યા. એમ શ્રીજીમહારાજનું ને મુક્તનુ અપારપણું ને સર્વોપરીપણું સમજાવ્યું. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'બાપા ! જો આપની મરજી હોય તો લખું.' ત્યારે બાપાશ્રી સ્વામીને માથે હાથ મૂકીને બોલ્યા જે, 'ભલે લખો; અમે રાજી છીએ.' પછી સર્વે સંત-હરિભક્તોએ કથાવાર્તા કરી. ત્યાર પછી બાપાશ્રી પોઢી ગયા.

હવે બાપાશ્રી બીજે દિવસ પણ પ્રથમની પેઠે સ્નાન-પૂજા કરી દૂધ પીને સભામાં બેઠા. ને સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી ને સ્વામીએ વચનામૃતની કથા વાંચીને ઘણીવાર વાતો કરી. અને બાપાશ્રીને છેલ્લી અવસ્થામાં અશક્ત શરીર હતું, તેથી સૂતા સૂતા સાંભળતા હતા. પછી કથાવાર્તાની સમાપ્તિ કરીને બાપાશ્રી ધનજીભાઈને ઘેર જમવા પધાર્યા. ત્યાં અમરબાઈ, કાનબાઈ, મોંઘીબાઈ, કેસરબાઈ આદિ બાઈઓએ બાપાશ્રી સારુ થાળ કર્યો હતો, –તે જમ્યા ને જળપાન કર્યું પછી સર્વેએ બાપાશ્રીની પૂજા કરી. પછી તે જ ઘરે ડેલીમાં જે ઓરડો છે ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને ઘણીવાર વાતો કરીને સર્વેને અભયદાન આપ્યું. ત્યાર પછી બાપાશ્રી મંદિરમાં પધાર્યા ને પોઢીને બે વાગે જાગ્યા ને જળપાન કર્યું.

ત્યાર બાદ કેરાના હરિભક્તો ગાડાં લઈને આવ્યા ને તેમણે સંતોએ સહિત બાપાશ્રીને કેરે

પધારવાની પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રીએ સ્વામી વગેરે સંતને કહ્યું જે, 'ચાલો કેરે.' ત્યારે સંત તૈયાર થયા ને સદ્‌ગુરુઓ ગાડે બેઠા ને બીજા સંતો ચાલ્યા અને બાપાશ્રી પણ ગાડીમાં બેઠા ને તેઓ સર્વેએ ખળખળિયો જે નાગધરો –ત્યાં આવીને જળમાં સ્નાન કર્યું. પછી વસ્ત્ર બદલીને સર્વેને મળ્યા અને સભા કરીને બિરાજ્યા ને સર્વેને પ્રસાદી વહેંચી. પછી સર્વે સંત-હરિભક્તોએ બાપાશ્રીને ચંદનપુષ્પના હારથી પૂજા કરી ને બાપાશ્રીના ચરણમાં પડીને નમસ્કાર કર્યા. ત્યારે બાપાશ્રી અતિશય રાજી થઈને બોલ્યા જે, 'આ સર્વે અમારી સાથે ધરામાં નાહ્યા તેનું આત્યંતિક કલ્યાણ થઈ રહ્યું છે ને અમે સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું, અને આ ખળખળિયામાં જે શ્રીહરિની સ્મૃતિએ સહિત નહાશે, કે જળ પીશે તે સર્વેને અક્ષરધામમાં તેડી જઈશું.' –એમ રાજી થઈને વર આપ્યો. તે સમે ધનજીભાઈ તથા તેમના દીકરા તેમને બાપાશ્રીનો વિયોગ થશે –એવા ભાવથી તેમનાં હૃદય ભરાઈ આવ્યાં ને નેત્રમાંથી જળ પડવા મંડ્યાં. ત્યારે બાપાશ્રીએ તેમને માથે હસ્ત મેલીને હિંમત આપી અને નારાયણપુર ફરીથી આવવાનો વર આપ્યો ને શાંતિ પમાડ્યા, –એમ નારાયણપુરમાં દસ દિવસ રહીને બાપાશ્રી સંતોએ સહિત કેરે પધાર્યા. ઇતિ વિશ્રામ ૮૪

કેરામાં પ્રબોધિની એકાદશી, અલૌકિક વાતો, મહારાજની લીલાનું આખ્યાન ને ઘરોઘર પધરામણી

સંવત ૧૯૮૪ના કાર્તિક સુદ ૧૦ને દિવસ બાપાશ્રી સદ્‌ગુરુ આદિ સંત સહિત કેરાના મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને ઓસરીમાં દક્ષિણાદે પડખે ઢોલિયામાં બિરાજ્યા ને કથાવાર્તા કરીને સંત–હરિભક્તને આનંદિત કર્યા. પછી રાત્રીએ બાપાશ્રી ખીચડી, વંતાકનું શાક ને દૂધ જમ્યા અને મંદિરના ચોકમાં ઢોલિયે બિરાજ્યા ને સંત–હરિભક્તની સભા થઈ અને પહેલી કથા કરીને બાપાશ્રી સૂતા, ત્યારે સર્વે હરિભક્ત ઢોલિયા ફરતા ફરીને ઝાંઝ–મૃદંગ વજાવી કીર્તન બોલતા થકા રાસ રમવા લાગ્યા ને સંતમંડળ મંદિરમાં બેસીને કથાવાર્તા કરવા લાગ્યા, –તે બાર વાગ્યા સુધી રાસ તથા કથાવાર્તા કરીને સૂઈ રહ્યા. હવે કાર્તિક સુદ એકાદશીને દિવસ અનાદિ મુક્તરાજશ્રીએ ત્રણ વાગે જાગીને ધ્યાન કર્યું. પછી બાપાશ્રીએ સ્નાન, પૂજા, મંત્રજપ ને પાઠ આદિ નિત્યનિયમ કરીને ઠાકોરજીનાં તથા સંત–હરિભક્તનાં દર્શન કર્યાં તે સમે સ્વામી વૃંદાવનદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, 'ભાઈ ! આજ નવા વર્ષની મોટી એકાદશી છે તેથી સર્વેને મળવું જોઈએ.' ત્યારે બાપાશ્રી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે સંતને મળ્યા. પછી મંદિરની ઓસરીમાં સાધુ તથા હરિભક્તની સભા બેઠી, ત્યારે અનાદિમુક્તશ્રી પણ સભામાં આવીને આસન ઉપર બેઠા. તે દિવસ કાર્તિક માસના શુકલપક્ષની પ્રબોધિની એકાદશીની તિથિ છે. વળી અનાદિ મુક્તશ્રીની જન્મતિથિ છે ને

ધર્મદેવની પણ જન્મતિથિ છે ને સદ્‌ગુરુ આદિ સંતમંડળ સહિત બાપાશ્રી કેરા ગામે પધાર્યા છે, –એમ જાણીને કેરા ગામના ને વૃષપુરના તથા નારાયણપુર, ગોડપુર, દહીંસરા, રામપુર, ભારાસર, માનકૂવા, માધાપુર આદિ ગામેગામના ઘણા હરિભક્તો આવ્યા હતા ને તે સર્વે હરિભક્ત ઠાકોરજીનાં ને સભાએ સહિત બાપાશ્રીનાં દર્શન કરીને સભામાં બેઠા હતા. તે સમે શ્રીજીમહારાજના આશ્રિતને અનાદિમુક્તની સ્થિતિ કરાવવા સારુ શ્રીજીમહારાજની ઇચ્છાથી મનુષ્યરૂપે દર્શન આપતા એવા અનાદિ મુક્તશ્રીએ અમૃત દૃષ્ટિથી સભા સામું જોઈને સર્વેને આત્યંતિક મોક્ષરૂપી અભયદાન આપ્યું.

પછી અમૃત સરખાં મધુર વચનથી બોલ્યા જે, 'હે ભક્તજનો ! જેમ સ્વાંત નક્ષત્રમાં વરસાદ વરસે ને છીપો ઊછળીને બિંદુ ઝીલે–તેનાં સાચાં મોતી થાય છે, તેમ અત્યારે અનાદિમુક્તના જોગે અનાદિમુક્ત થાય છે. વળી બીજું દૃષ્ટાંત : –એક સમે એવું નક્ષત્ર આવ્યું હતું જે, 'તે નક્ષત્રમાં પીપળાના જેટલાં પાન તોડીને શિવલિંગ ઉપર ચડાવે તે સર્વે સુવર્ણનાં થઈ જાય.–તેમ અત્યારે એવું ટાણું આવ્યું છે જે, જે કોઈ શ્રદ્ધા ને માહાત્મ્યથી શ્રીજીમહારાજ ને આ મુક્તને શરણે થાય તેને અનાદિમુક્ત કરે છે, પરંતુ તેમના જોગ વિના કોટી કલ્પ સુધી સાધન કરવાથી પણ અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય નહિ. તે એવી અનાદિમુક્તની સ્થિતિ આ જન્મે જ કરાવી આપે એવો જોગ આવ્યો છે માટે ચેતી લેજો.' –એમ વાત કરી. પછી બાર વાગે કથાની સમાપ્તિ થઈ. ત્યાર પછી બાપાશ્રી સર્વે સંત–હરિભક્તને સાથે લઈ ગાડીમાં બેસીને નારાયણધરે નાહવા પધાર્યા, ત્યાં વસ્ત્ર ઉતારીને નદીના જળપ્રવાહમાં બેઠા ને સર્વે સંત–હરિભક્તોએ મુક્તરાજશ્રીને લોટા ને તૂંબડા વતી પાણી રેડીને નવરાવ્યા અને મુક્તશ્રી પણ જળમાં સર્વેને મળ્યા ને આત્યંતિક કલ્યાણનો વર આપ્યો, ને બહાર આવી વસ્ત્ર પહેરીને જ્યાં સાત કુંડ છે –ત્યાં કુંડને પડખે આવી સભા કરીને બેઠા. તે સમે બાપાશ્રીના પ્રતાપે કરીને સર્વેની મનોવૃત્તિ શ્રીજીમહારાજ ને મુક્તશ્રીમાં આકર્ષણ થઈ ગઈ હતી. પછી સર્વે સંત–હરિભક્તોએ અતિ પ્રેમે કરીને બાપાશ્રીની ચંદન ચર્ચી હાર પહેરાવીને પૂજા કરી. પછી દંડવત્ કરીને પાસે બેઠા.

તદનંતરમ્ બાપાશ્રી વાત કરવા લાગ્યા જે, 'આ ગઢમાં સદાબા રહેતાં; તે મહા સમર્થ હતાં. તેમણે ને માનકૂવાના અદાભાઈએ સાત દિવસ સુધી કથા કરાવી હતી અને આ ઠેકાણે સદ્. સ્વામી નિર્ગુણદાસજી સંત–હરિભક્તોએ સહિત સ્નાન કરવા આવ્યા હતા ને સ્નાન કરીને અહીં બેઠા હતા ને ઘણી વાતો કરી હતી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, 'શ્રીજીમહારાજ સદાબા આદિને સુખ આપતા

તેવો વખત આજ છે કે નહિ ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ મુક્તનો ને શ્રીજીમહારાજની મૂર્તિનો મહિમા ને પ્રતાપ જાણે તેને એવો જ વખત છે.' પછી વળી બોલ્યા જે, "શ્રીજીમહારાજ આ કેરા ગઢમાં સદાબાને ઘેરથી કરલે (ઊંટે) બેસીને માનકૂવે જતા હતા ને ભગુજી ભેગા હતા, તે માર્ગમાં ચાલતાં એક કંડો (ખીજડો) આવે છે ત્યાં કરલાને બાંધીને પોતે કંડા તળે પોઢી ગયા ને ભગુજી પગ દાબવા લાગ્યા. પછી જાગીને માનકૂવે ગયા. ત્યારે અદાભાઈએ પૂછ્યું જે, 'હે મહારાજ ! તમે ક્યાંથી આવ્યા ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાન પોતાના પ્રકાશનાં કિરણે કરીને અનંત ધામ ને અનંત બ્રહ્માંડને ધરી રહ્યા છે અને અક્ષરાતીત મુક્તને તેજમાં ધરી રહ્યા છે. વળી જે ભગવાન અનાદિમુક્તના આધાર છે અને સર્વથી પર એવો પોતાના અંગના તેજનો સમૂહ તેમાં વાસ કરીને રહ્યા છે ને સર્વના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા શ્રીકૃષ્ણભગવાન –તે પોતે વૈકુંઠમાં વાસ કરી રહ્યા હતા. પછી ગોલોકમાં જવાની ઈચ્છા કરી ને ગરુડ ઉપર બેસીને ચાલ્યા, તે રસ્તામાં શતશૃંગ પર્વતનું ઉપવન આવ્યું, તેમાં કલ્પતરુની છાંયે ગરુડને બેસાર્યો ને પોતે પણ કલ્પતરુની છાંયે શયન કર્યું ને સેવામાં મુક્ત હતા તે પ્રભુની પગચંપી કરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણભગવાન જાગીને ગરુડ ઉપર બેસીને ગોલોકમાં આવ્યા.' –એમ શ્રીકૃષ્ણભગવાનના વિષે કરીને પોતાની વાત કરી. ત્યારે અદાભાઈએ કહ્યું જે, 'હે મહારાજ ! આપે વાત કરી તે સમજાણી નહિ.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'વૈકુંઠ તે કેરા ને ગોલોક તે માનકૂવા જાણવું, ગરુડ તે ઊંટ જાણવો, કલ્પતરુ તે ખીજડાનું વૃક્ષ ને મુક્ત ભગુજીને જાણવા અને શ્રીકૃષ્ણભગવાન કહ્યા તે અમે પોતે જ છીએ.' –એમ શ્રીજીમહારાજે વાત કરીને કહ્યું જે, 'શાસ્ત્રમાં આવા શબ્દછળ હોય ને અમારી વાતમાં પણ હોય, તે અમે અથવા અમારા મુક્ત સમજાવે ને શ્રદ્ધા, પ્રીતિ ને અનુવૃત્તિથી સમજે તો સમજાય અને પંચવિષયનો રાગ ને કામ, ક્રોધાદિક સ્વભાવ જીવમાંથી ટળી જાય ને આત્મા ભગવદ્‌ભાવને પામે. પછી તેને કેવળ કૃપા કરીને અમારી મૂર્તિમાં રાખીએ ને સળંગ મૂર્તિના સુખનો અનુભવ કરાવીએ, ત્યારે તે અનાદિમુક્ત કહેવાય. આવી પ્રાપ્તિ કરાવવા શ્રીજીમહારાજના સંકલ્પથી અમે આવ્યા છીએ." એમ વાત કરીને બાપાશ્રીએ સર્વેને ઊઠવાની રજા આપી ને બોલ્યા જે, 'આ સાત કુંડ મહારાજની પ્રસાદીના છે તેનાં સર્વે દર્શન કરો.' ત્યારે સર્વે સંત-હરિભક્તે દર્શન કર્યાં. પછી સર્વે સંત-હરિભક્ત સહિત મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ઓસરીમાં સભામાં બેસીને કથાવાર્તા કરી, પછી સંધ્યા–આરતી કરીને બાપાશ્રી ઢોલિયે બિરાજ્યા ને સંત–હરિભક્તોએ પાસે બેસીને કથાવાર્તા કરી. પછી હરિભક્તોએ બાપાશ્રીના ફરતા ફરી ઝાંઝ–મૃદંગ બજાવીને કીર્તન ગાયાં અને તે દિવસ પ્રબોધિની એકાદશીનું રાત્રીએ જાગરણ કર્યું ને સંતમંડળે મંદિરમાં કથાવાર્તા કરીને જાગરણ કર્યુંને બે વાગે સૂતા.

પછી બીજે દિવસ અનાદિમુક્ત બાપાશ્રી વહેલા જાગીને ધ્યાન કરવા બેઠા, પછી સ્નાન-પૂજા કરીને એમ બોલ્યા જે, 'લો સર્વેને મળીએ.' -એમ કહીને સર્વેને મળ્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને આસને વિરાજ્યા ને કથાવાર્તા કરી. પછી બોલ્યા જે, 'કૈવલ્ય દિવ્યમૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના સ્વરૂપમાં અમે રહીએ છીએ ને અનાદિમુક્ત છીએ.' -એમ વાત કરીને પછી કુંવરજી રામજીની વાડીએ નાહવા ગયા. ત્યાં બાપાશ્રી ઢોલિયામાં બેઠા અને સર્વે સંત ફરતા બેઠા ને હરિભક્ત કીર્તન ગાવા લાગ્યા. પછી બાપાશ્રીએ વાત કરી જે, 'આ વાડી મૂળજીભાઈની છે. તેના કૂવામાં અમે નાનપણમાં પડી ગયા હતા ને કૂવાના પખેરામાં પાણી ઉપર બેસી રહ્યા હતા. પછી કોસ જોડ્યા ત્યારે કોસમાં બેસીને બહાર નીકળ્યા. તે મૂળજીભાઈ અમારા નાના[૧] થતા. એમને ઘેર અમે નાનપણમાં રહ્યા હતા.' -એમ વાત કરીને મંદિરમાં પધાર્યા. પછી રાત્રીએ જમીને પોઢી ગયા. પછી તુરત જ હરિભક્તોએ આવીને પ્રાર્થના કરી જે, 'બાપા ! અમારાં ઘર પાવન કરવા ગામમાં પધારો.' ત્યારે બાપાશ્રીએ જરા રીસ કરીને કહ્યું જે, 'નહિ આવીએ; લગાર પણ સૂવા દેતા નથી.' પછી સ્વામીને વઢ્યા, ત્યારે સર્વે ઉદાસી થઈ ગયા. પછી દયા કરીને બોલ્યા જે, 'બેઠા કરો; ચાલો આવીએ.' ત્યારે બેઠા કર્યા ને પાલખીમાં બેસારીને ગામમાં પધરામણીએ તેડી ગયા. પછી સિત્તેર ઘરે પધરામણી કરાવી ને રાત્રીએ સવા વાગે મંદિરમાં આવ્યા ને ઢોલિયે બેઠા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે મસ્તકે અને કાને બોકાનીની પેઠે પાટો બંધાવ્યો; કેમ જે બાપાશ્રીને કાનમાં દુખાવો રહેતો હતો. પછી બોલ્યા જે,'અમે ગુણમાં આવી ગયા તેથી તમને વઢ્યા, તે માફ કરજો.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તે તો આપ લીલા કરો છો; આપ તો દિવ્યમૂર્તિ છો અને નિર્ગુણ ને દિવ્યગુણે યુક્ત છો, તે તમારામાં માયિક ગુણ કયાંથી હોય ? હોય જ નહિ. ને તમે તો અમારા સર્વેના માયિક ગુણ નાશ કરીને અમને પણ નિર્ગુણ ને દિવ્ય કર્યા છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ તો જેમ મૂળજી બ્રહ્મચારી ને આનંદસ્વામી લડતા એવું છે; એ બે લડે ને વળી પાછા બ્રહ્મચારી બોલે જે, 'સ્વામી ! સીધું કેટલું કરવું છે ?' -એમ પૂછે. તે જાણતા હોય તે જાણે પણ ન જાણતા હોય તેનું ઘર જાય; આ અમારું વઢવું એવું છે. અને આ આશાને વઢીએ છીએ પણ તેના ઉપર રાજી બહુ છીએ, તે જેને ખબર હોય તે જાણે, ને ન સમજે તે એમ જાણે જે, 'બાપા કચવાયા.' પણ અમે તો લીલા કરીએ છીએ, પરંતુ કચવાતા નથી.' -એમ વાતો કરીને હરિભક્તને આજ્ઞા કરી જે, 'દોઢ વાગ્યો છે માટે જાઓ; સૂઈ રહો, ને સંતો ! તમે પણ પોઢી જાઓ.' પછી હરિભક્ત ગયા ને બાપાશ્રી તથા સર્વે સંત સૂઈ રહ્યા. ઈતિ વિશ્રામ ૮૫

૧. પોતાની માતૃશ્રીના પિતા.

વૃષપુર-મંદિરની મેડી કરવામાં બાપાશ્રીની સલાહ, સદ્‌ગુરુને રાખવાનો આગ્રહ, કુંવરજીની વાડીએ પૂજા ને સદ્‌ગુરુને ભલામણ તથા વિરહવચનો વગેરે

પછી બીજે દિવસ સવારે બાપાશ્રી નિત્યવિધિ કરતા હતા, ને વૃષપુરથી બાપાશ્રીને તેડવા માટે એક હરિભક્ત આવ્યા. તેણે કહ્યું જે, 'ભૂજથી સ્વામી ભક્તિપ્રિયદાસજી ને સ્વામી શ્રીવલ્લભદાસજી આવ્યા છે અને ગામના હરિભક્ત ભેગા થયા છે ને આપને પૂછવાનું છે : જે મંદિર આગળ મેડી કરવી છે ને કૂવો ફેરવવો છે તે કેવી રીતે કરવાં ? આપ જેમ બતાવો તેમ કરીએ અને એટલા માટે જ આપને તેડાવ્યા છે.' પછી બાપાશ્રી ઘોડાગાડીમાં બેસીને વૃષપુર આવ્યા અને મંદિરની ઓસરીમાં આસને બિરાજ્યા ને સંત તથા ગામના મોટેરા હરિભક્ત આવીને બાપાશ્રીને પગે લાગીને બેઠા ને બાપાશ્રીને પૂછ્યું જે, 'આ કામ કેવું કરવું ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આ મંદિરનું કારખાનું કરવું છે, તેમાં સર્વે શ્રદ્ધા રાખીને દેહથી ને દ્રવ્યથી સેવા કરજો પણ મંદિરમાં પૈસા છે તે લાવો વાપરીએ ને ખજીનો ખાલી કરીએ –એમ ન કરશો; મંદિરનો મમત્વ રાખજો.' એમ કહીને પછી કૂવો કરવાની તથા મેડી કરવાની જગ્યા બતાવી, તે અત્યારે જેવી મેડી છે તેવી મેડી કરવાનું કહ્યું ને અત્યારે કૂવો છે ત્યાં કૂવો કરવાનું બતાવ્યું. પછી મંદિરના ચોક વચ્ચે સૂતા. ત્યાર પછી આશાભાઈને સાથે લઈને ઘેર જમીને વાડીએ પધાર્યા ને સાંજના ગાડીમાં બેસીને પાછા કેરે ગયા ને રાત્રીએ જમી કથાવાર્તા કરીને ગામમાં બાકી જે ઘર રહ્યાં હતાં તેમના ઘરોઘર પધારીને સર્વેનાં ઘર પ્રસાદીનાં કરી આપ્યાં. પછી મંદિરમાં આવ્યા ને સર્વે સંતને મળીને પછી પોઢી ગયા.

ત્યાર પછી પૂનમના દિવસે સ્નાન–પૂજા કરીને બાપાશ્રી આસને બેઠા ને કથાવાર્તા કરી. પછી સદ્‌ગુરુઓને કહ્યું જે, 'આજ આપણે વૃષપુર જઈશું.'-એમ કહીને જમવા પધાર્યા ને જમી આવીને મંદિરમાં ઢોલિયે બેઠા. અને સદ્‌ગુરુ સ્વામી ત્રણેયને બોલાવીને કહ્યું જે, 'હવે તમારી શી મરજી છે; અહીં રહેવાની, કે દેશમાં જવાની ?' ત્યારે કેટલાક સંતોને જવાની મરજી હતી ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ કેટલાકને રહેવાની મરજી હતી. પછી બાપાશ્રી તેમની મરજી જાણીને બોલ્યા જે, 'તમારામાં બે મત છે, તે તમારે રહેવું હોય તો બધાય રહો ને જવું હોય તો બધાય જાઓ ને અમારી સેવા તો વૃષપુરમાં પચાસ સેવક છે તે કરશે ને તમે જેટલા દિવસ સેવા કરી તેટલો તમને લાભ ને તમારે રહેવું હોય તો રહો; બાજરો ઘણોય છે, તે આપણે જમશું ને ભગવાન ભજશું ને જવું હોય તો તમારી મરજી. અને અમારી મરજી તો એમ છે જે, 'આજ વૃષપુર જઈએ ને ત્યાં ચાર–પાંચ દિવસ રહીએ, પછી માધાપુર થઈને જાજો.' એમ કહીને બાપાશ્રી કુંવરજી રામજીની

વાડીએ સર્વે સંતોએ સહિત નાહવા પધાર્યા ને નાહીને પાછા મંદિરમાં આવ્યા અને સર્વે હરિભક્ત પણ મંદિરમાં દર્શન કરવા સારુ આવ્યા. પછી સંતોને વાતો કરવાની આજ્ઞા કરી, ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ આજ્ઞા, ઉપાસના ને પ્રગટપણાની વાતો કરી. પછી હરિભક્તોએ બાપાશ્રી અને સંતની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. ત્યાર પછી બાપાશ્રીએ સર્વેની પૂજા કરી ને પ્રસાદી વહેંચી. ત્યાર બાદ હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'બાપા! આજ તો દયા કરીને રહો.' ત્યારે બાપાશ્રીએ સંતોને કહ્યું જે, 'હરિભક્તોના હેતથી જવાતું નથી.' –તે સાંભળીને સર્વે રાજી થયા ને રાત્રીએ કથાવાર્તા કરી. પછી બાપાશ્રી મંદિરના ચોકમાં ઢોલિયે વિરાજમાન થયા ને સંત–હરિભક્ત ઢોલિયા ફરતા રાસ રમ્યા ને બાર વાગે રાસ બંધ રખાવી સર્વેને પ્રસાદી વહેંચીને બાપાશ્રી પોઢી ગયા.

ત્યાર પછી કાર્તિક વદિ એકાદશીને દિવસ કથાવાર્તા કરી. પછી બાપાશ્રીએ સ્વામી ઘનશ્યામજીવનદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે, 'તમારી વૃત્તિ અમદાવાદ પહોંચી ગઈ છે પણ અમારે તો સર્વે સંતને ચાર મહિના વૃષપુરમાં રાખવા છે, પછી માધાપુર થઈને અમદાવાદ જઈશું' –એમ કહીને વળી કહ્યું જે, 'ભલે, જેમ તમારી મરજી હોય તેમ કરજો પણ આજ વૃષપુર ચાલો.' પછી સંતો જમીને તૈયાર થયા અને અનાદિમુક્તશ્રી પણ જમી આવી તૈયાર થઈને ગાડીમાં બેઠા ને કુંવરજીભાઈની વાડીએ આવ્યા ને ગામના સર્વે હરિભક્ત પણ આવ્યા. પછી ત્યાં સભા કરીને બાપાશ્રી પોતે ઢોલિયે બેઠા ને હરિભક્ત પુષ્પના હાર કરીને ઘણાક લાવ્યા હતા –તે સંતોને આપ્યા, તેથી સંતોએ બાપાશ્રીની પૂજા કરીને હાર પહેરાવ્યા. પછી હરિભક્તોએ બાપાશ્રીની ને સંતની પૂજા કરીને હાર પહેરાવ્યા ને વસ્ત્ર ઓઢાડ્યાં. તે સમે બાપાશ્રીના કંઠમાં ઘણા હાર પહેરેલા હતા ને સભાએ સહિત બાપાશ્રી અતિશય શોભતા હતા, તેથી સર્વે સંત-હરિભક્તને દિવ્યભાવની અતિ દૃઢતા થઈ હતી. પછી હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'અમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખજો ને અંતે દર્શન દઈને તેડી જજો ને ભેગા રાખજો.' પછી બાપાશ્રી બોલ્યા જે, 'અમે તમારા ઉપર બહુ રાજી છીએ ને તમારું પૂરું કરીને ભેગા રાખશું ને તમે આ સભા તથા આ પૂજા થઈ તેને સંભારજો; આ સભાને દિવ્ય સમજશે તે દિવ્ય થશે.' પછી બાપાશ્રી કેરાના હરિભક્તને પાછા વળવાની આજ્ઞા કરીને પોતે ગાડીમાં બેસીને સંતોએ સહિત ચાલ્યા અને નારાયણપુર ને ભારાસરના હરિભક્ત આવ્યા હતા, તે પણ બાપાશ્રી સાથે વૃષપુર આવ્યા ને ત્યાં બાપાશ્રી મંદિરની ઓસરીમાં સંત–હરિભક્તની સભામાં વિરાજમાન થયા.

પછી બાપાશ્રીએ સંતોને કહ્યું જે, 'તમે સર્વે અમારા સંત છો, તે અમારું મંડળ છે; તે સદાય ભેળા રહેશો; કોઈ દિવસ અમારું મંડળ વિખાય નહિ –એમ અમારી ખાસ ભલામણ છે. અને જો

તમારી મરજી હોય તો ચાર દિવસ અથવા દસ દિવસ રહો ને મરજી ન હોય તો ભલે આજ, કે કાલ જાઓ ને માધાપુર પણ આપની મરજી હોય, તો એક બે દિવસ રહેજો ને મરજી ન હોય તો પરબાર્યા સ્ટેશન થઈને નગર જાજો. પછી ત્રીજને દિવસે ચાલવાનો ઠરાવ થયો. ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું જે, 'મારે સ્વામી ઈશ્વરચરણદાસજી ભેળું અહીંયાં રહેવું છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'રહો તો તમે બધાય રહો ને જાઓ તો બધાય જાઓ' ને વળી બોલ્યા જે, 'રહો તો આંખ-માથા સમા અને ન રહો તો શ્રીહરિની મૂર્તિમાં રાખશું; તે મૂર્તિનો પાર આવે તેમ નથી.

પછી ત્રીજને દિવસ સંતને કહ્યું જે, 'કરો થાળ ને થાઓ તૈયાર.' પછી ઠાકોરજી જમાડીને સહુ સંત તૈયાર થયા ને ગાડાં આવ્યાં. તે દિવસ બળદિયા, કેરા, નારાયણપુર, ભારાસર, માનકૂવા, દહીંસરા, રામપુર આદિ ગામોના ઘણાક હરિભક્ત આવ્યા હતા તે સર્વે બાપાશ્રીની સાથે સાથે ગામ બહાર ભાગોળ સુધી વળાવવા આવ્યા. પછી બાપાશ્રીએ સર્વેને સુખડીની પ્રસાદી વહેંચી આપી. તે સમે સર્વે સંતો તથા સર્વે હરિભક્તોનાં નેત્ર સ્નેહથી સજળ થઈ ગયાં. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે કથાવાર્તા કરીને સુખ આપતા હતા તે સુખ બંધ કરીને ચાલ્યા.' –એમ બોલીને અતિશય ઉદાસી જણાવી ને બોલ્યા જે, 'અમારે તમને જવા દેવા નહોતા.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, 'આપની મરજી હોય તો અમે પાછા વળીએ; અમારે જવું નથી.' પછી બાપાશ્રી બોલ્યા જે, 'હવે તો સર્વે ભેળા જાઓ; અમે તમને તેડાવીએ ત્યારે આવજો.' પછી બાપાશ્રી પાલખીમાં બેસીને પાછા મંદિરમાં પધાર્યા ને સંતમંડળ મૂર્તિ સંભારતા થકા માધાપુર ગયા ને ત્યાંથી સાતમને દિવસ સવારે રેલે બેસવા સ્ટેશને આવ્યા. ત્યારે તે ગામના તથા ભૂજના ભોગીલાલભાઈ, ઘેલાભાઈ, ધનજીભાઈ, મોતીભાઈ, મગનભાઈ, વિઠ્ઠલજીભાઈ આદિ ઘણાક હરિભક્તો આવ્યા હતા ને નારાયણપુરના ધનજીભાઈ ને તેમના પુત્ર આદિ બીજા ગામના પણ ઘણાક હરિભક્ત આવ્યા હતા. પછી ત્યાં આસન પાથરીને સર્વે બેઠા ને સ્વામીએ શ્રીજીમહારાજ ને બાપાશ્રીના મહિમાની વાતો કરી, તેને સાંભળીને બધા રાજી થયા. પછી રેલગાડી આવી, ત્યારે સંતો તથા કેટલાક હરિભક્તો રેલમાં બેઠા ને બીજા સર્વે ઉદાસ થઈ ગયા ને આંખોમાંથી જળ વરસાવ્યાં. પછી તૂણેથી હરિભક્તને પાછા વાળી સંતો આગબોટમાં બેસીને નગર ગયા, ત્યાંથી વિરમગામ થઈને અમદાવાદ ગયા. ઇતિ વિશ્રામ ૮૬

બાપાશ્રીએ મંદિરની મેડી કરાવીને મુનિને જણાવેલો યજ્ઞનો સંકલ્પ ને તેમની પ્રશંસા તથા ધનજીભાઈની દિવ્યગતિ ને તેમનો નિવારણ કરેલો શોક

હવે સંતમંડળ ગયા પછી અનાદિમુક્તશ્રી વૃષપુરમાં રહ્યા થકા મંદિર આગળ મેડીનું કામ

કરાવતા હતા અને શ્રીજીમહારાજ ને બાપાશ્રીને રાજી કરવા સાધુ શ્રીવલ્લભદાસજી તથા શ્રીરંગદાસજી આદિ સંત તથા ગામના હરિભક્ત તે કામ કરતા હતા, અને અત્યારે મેડી નીચે ચાલીથી આથમણા ત્રણ ઓરડા છે ત્યાં કૂવો તથા બે ઓરડીઓ હતી તેમાં કૂવા પાસેની ઓરડીમાં બાપાશ્રીનો ઢોલિયો રહેતો ને તેમાં પોઢતા ને તેનાથી ઉગમણો ઓરડો છે ત્યાં કૂવો હતો, ત્યાં નિત્યે સ્નાન કરતા. અને આથમણો જે ઓરડો છે ત્યાં ઓરડી હતી. તે બ્રહ્મચારી-બ્રાહ્મણ આવે તેને રસોઈ કરવા માટે રાખેલ હતી ને અત્યારે દરવાજો છે ત્યાં જ દરવાજો, ચાલી ને ગણપતિ-હનુમાનજી હતા. અને દરવાજાની ચાલીથી ઉગમણો ઓરડો છે ત્યાં ઓરડી હતી, તેમાં પરદેશથી હરિભક્ત આવે તેને ઉતારો આપતા. તે બધું પાડી પાયો નાખીને મેડીનું કામ ચાલતું કર્યું ને મંદિરની ઓસરીમાં આથમણે ખૂણે મોદ બાંધીને બાપાશ્રી સારુ સંતોએ આસન કરી આપ્યું હતું, તેમાં બાપાશ્રી પોઢતા ને કારખાનું કરાવતા ને ફરતાં ગામડાંનાં બાઈઓ તથા ભાઈઓના સમૂહે સમૂહ દર્શન કરવા આવતા, અને બાપાશ્રી પણ તે સમે ઓસરીમાં તડકે બેસતા ને દર્શને આવે તેને સમાગમનું સુખ આપતા.

એવા સમયમાં મુનિ કેશવપ્રિયદાસ ને વિજ્ઞાનદાસ તે બેય સંત દિવ્યસ્વરૂપ બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા અને તેમની સાથે ભોગીલાલભાઈ તથા ધનજીભાઈ પણ આવ્યા હતા. તે સમે પુ. કેશવપ્રિયદાસને બાપાશ્રીએ કહ્યું કે, 'પુરાણી ! આ મેડી બહુ સારી થાય છે ને થઈ રહેશે તે પછી આપણે યજ્ઞ કરશું.' ત્યારે મુનિએ કહ્યું જે, 'હે કૃપાળુ ! હમણાં આ ગામના સત્સંગીમાં તથા કેટલાક સાધુમાં અંદરોઅંદર વિક્ષેપ જેવું છે, માટે હમણાં ન કરો તો સારું.' ત્યારે મુક્તશ્રીએ કહ્યું જે, 'અમારે તો આ છેલ્લો યજ્ઞ કરીને સર્વને સુખ દેવું છે. પછી અમે પરવારીને ધામમાં જઈને બેસશું.' -એમ બોલ્યા.

ત્યારે પુ. કેશવપ્રિયદાસજીએ કહ્યું જે, 'બાપા ! આપે સદ્‌ગુરુઓને રજા આપી, ત્યારે કેટલાંક મર્મવચનો કહ્યાં હતાં ને વળી 'આજ છેલ્લો યજ્ઞ કરીશું.' -એમ કહો છો તેથી આપની કેવી મરજી છે તે કાંઈ સમજણ પડતી નથી.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'પુરાણી ! છેલ્લો યજ્ઞ એટલે છેલ્લી અનાદિની સ્થિતિ કરવાનો બ્રહ્મયજ્ઞ. તેમાં તમામ હેતવાળા સંત-હરિભક્તોને તેડાવીને મૂર્તિના સુખની વાતો કરશું. સૌને મૂર્તિના સુખમાં રહેવાની છેલ્લી પ્રાપ્તિ કરાવશું, ઘેર ઘેર જઈશું,ઉતારે ઉતારે ફરશું, સૌને દિવ્ય ભોજન જમાડશું. સભામાં બેઠા હઈશું અને જે કોઈ સંભારશે તેના મનોરથ પૂરા કરશું, એમ સૌને રાજી કરવા છે. આ ફેરે કોઈને તાણ રહેવા દેવી નથી.' -એમ કહીને પછી ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને કહ્યું જે, 'આ પુરાણી શ્રીજીમહારાજને સુખે સુખિયા છે. અર્જુને મચ્છ વેંધવા એકવૃત્તિ કરી હતી -તેમ આમણે પણ મૂર્તિ આકારે વૃત્તિ કરી મેલી છે. જેને

મૂર્તિના સુખનો મહિમા સમજાય તેને બીજાં સુખ કચરા જેવાં થઈ જાય છે. આપણને તો મૂર્તિની પ્રાપ્તિનો લાભ જબરો મળ્યો છે, પણ જો સમજણ ન હોય તો અફસોસ મટે નહિ. આપણે હવે મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપ કરી રાખવા, કેમ કે તે થકી આપણું આત્યંતિક મોક્ષરૂપ કામ થાય છે.'

ત્યારે ભોગીલાલભાઈ તથા ધનજીભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'બાપા ! આપે અમને પોતાના જાણ્યા છે, તેમ સદાય કૃપાદૃષ્ટિ રાખજો.' ત્યારે બાપાશ્રી પુ. કેશવપ્રિયદાસજીને માથે હાથ મૂકીને બોલ્યા જે, 'આવા સાધુને સેવજો; આ સાધુ ખરા છે. કારણ મૂર્તિને વળગી પડ્યા છે અને બ્ર. નિર્ગુણાનંદજી જેવા નિર્ગુણ છે, તેમને મારું નથી, તારું નથી, હર્ષ-શોક નથી, તેમ કોઈ પ્રકારનો મમત્વ નથી. અમારા સારુ અમદાવાદથી અહીં આવીને બેઠા છે. અમે પણ આવા સાધુને અખંડ સંભારીએ છીએ અને તેઓ પણ જે આવે તેને મૂર્તિના સુખની વાતો કર્યા કરે છે.' -એમ કહીને ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને બાપાશ્રી મળ્યા ને કહ્યું જે, 'આ મેડીનું કામ પૂરું થયે હવે અમારે એક મોટો યજ્ઞ કરવો છે -એમ અમે સદ્‌ગુરુઓને કહ્યું છે; તે ચૈત્ર માસમાં જરૂર કરશું. ત્યારે ભોગીલાલભાઈએ કહ્યું જે, 'બાપા ! આપ તો સદાય એ જ કરો છો અને એવો સંકલ્પ કરશો તો તે પણ થશે.'-એમ કહી તે બંને ભૂજ ગયા, અને પુ. કેશવપ્રિયદાસજી પણ બે દિવસ રહીને પછી ભૂજ ગયા.

પછી મંદિરના દરવાજાની મેડીનું કામ પૂરું થઈ રહ્યું, ત્યારે સાધુ શ્રીરંગદાસજી ને ભગવત્સ્વરૂપદાસજી આદિ સંતોએ અને ઝીણા પટેલ ને ગાંગજી ભક્ત આદિ હરિભક્તોએ બાપાશ્રીને કહ્યું કે, હે બાપ ! આ મંદિર આપનું છે ને અમે આપના સેવક છીએ, તે આપનું આસન આપની મરજી હોય તે ઓરડામાં કરીએ.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આથમણા ઓરડામાં આસન રાખો.' ત્યારે તેમાં ગાદલાં-ઓશીકે સહિત બાપાશ્રીનો પલંગ બિછાવ્યો ને બાપાશ્રીની પૂજા આદિ સર્વે સામાન તે ઓરડીમાં રાખ્યો, ને બાપાશ્રી તેમાં પોઢતા ને પૂજા કરતા.

વળી એવા સમયમાં નારાયણપુરના ધનજીભાઈ માંદા થયા હતા, ત્યારે તેમના દીકરા ને ગામના હરિભક્ત તથા રામપુરના દેવરાજભાઈ -એ આદિ ઘણા હરિભક્ત ધનજીભાઈની સેવામાં રહ્યા હતા. તેઓ તેમની પાસે બેસીને રાત્રી-દિવસ કથાવાર્તા, કીર્તન વગેરે કરતા. એવી રીતે ધનજીભાઈના દીકરા હરજીભાઈએ 'વચનામૃત'નાં ત્રણ પારાયણો વાંચીને ધનજીભાઈને સંભળાવ્યાં તથા તેમના દીકરા લાલજીભાઈએ પણ 'ભક્તચિંતામણિ'નાં બે પારાયણ વાંચી સંભળાવ્યાં ને ધનજીભાઈ એકચિત્તે કથા સાંભળતા. પછી ધનજીભાઈએ બીજે બધેયથી વૃત્તિ પાછી વાળીને એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડી મેલી અને બાપાશ્રીની કૃપાથી તેમને અખંડ

મૂર્તિ દેખાવા લાગી. ને હું અનાદિમુક્ત જ છું ને મૂર્તિમાં રહ્યો છું તેવો સાક્ષાત્કાર થઈ ગયો, ને બીજું સર્વે ભૂલી ગયા. ત્યાર પછી અનાદિમુક્ત બાપાશ્રી ધનજીભાઈને દર્શન દેવા ગાડીમાં બેસીને નારાયણપુર પધાર્યા ને ધનજીભાઈને દર્શન દીધાં, ત્યારે ધનજીભાઈને બાપાશ્રી દિવ્ય તેજોમય દેખાયા ને અતિ આનંદમાં ડૂબી ગયા, ને બાપાશ્રી પાછા વૃષપુર –મંદિરમાં આવીને પલંગ ઉપર વિરાજમાન થયા.

હવે તે સમે બાપાશ્રીએ એમ ધાર્યું જે, 'શ્રીજીમહારાજને મારી પાસે જે કામ કરાવવાનું હતું તે કામ પૂરું થયું. માટે હવે હું આ લોકમાંથી અંતર્ધાન લીલા કરું, પણ તે પહેલાં સર્વ જીવને કલ્યાણકારી એવો એક છેલ્લો મોટો યજ્ઞ કરીને સર્વેને દર્શન, સ્પર્શ ને સેવા–સમાગમનું સુખ આપું ને ધનજીભાઈને પણ મારા પહેલાં મૂર્તિના સુખમાં મેલી દઉં.–'એમ વિચાર કર્યો. પછી નારાયણપુરના ધનજીભાઈને પણ શરીરે મંદવાડ વધવા માંડ્યો અને બાપાશ્રીએ પણ નારાયણપુર આવી એમના કુટુંબને વાતો કરીને ધીરજ આપી અને ધનજીભાઈને તો મૂર્તિના સુખમાં જોડી દીધા હતા.

એમ બાપાશ્રી ધનજીભાઈને દર્શન દઈ પાછા વૃષપુર આવ્યા ને ધનજીભાઈ મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી ગયા, તે કોઈ બોલાવે તોપણ બોલે નહિ ને ફાગણ વદ નોમના રોજ દેહ મેલવાની તૈયારી કરી. ત્યારે તેમના દીકરા હરજીભાઈએ કહ્યું જે, 'બાપાશ્રીને બોલાવીએ ?' ત્યારે ધનજીભાઈએ કહ્યું જે, 'શ્રીજીમહારાજ ને બાપાશ્રી દિવ્યસ્વરૂપે આવ્યા છે ને હું એમના ભેળો જાઉં છું.' –એમ કહીને દિવસના બાર વાગે દેહ મેલી દીધો ને શ્રીહરિની ને બાપાશ્રીની દિવ્ય સેવામાં રહ્યા. પછી તેમના દેહને અગ્નિસંસ્કાર કરવા લઈ જતા હતા ને રસ્તામાં બાપાશ્રી તથા ભારાસરના રામજીભાઈ તથા કુંભારિયાના મિસ્ત્રી ધનજીભાઈ–તે ભાગોળે ભેગા થયા. ત્યાં બાપાશ્રીએ ધનજીને એક ચાદર ઓઢાડી, તેમાંથી ગુલાલની ઝમરી ચડી તે સર્વત્ર સુગંધ સુગંધ થઈ રહ્યો. પછી ત્યાંથી ખળખળિયે આવ્યા, ત્યાં ધનજીભાઈના દીકરાએ પોતાના પિતાના દેહનો અગ્નિસંસ્કાર કરવા સુખડ, તુલસી આદિનાં કાષ્ઠથી ચિતા રચી ને તેમના દેહને માંહી પધરાવીને અગ્નિ પ્રકટાવ્યો. પછી બાપાશ્રી તથા તેમના દીકરાએ નાળિયેર ને ઘી હોમીને વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો. તે સમે નારાયણપુર, બળદિયા, કેરા, દહીંસરા, રામપુર, ભારાસર, માનકૂવા આદિ ગામના હરિભક્તો આશરે હજારેક આવ્યા હતા તે સર્વેએ ધનજીભાઈની ચિતાનાં દંડવત્-પ્રદક્ષિણા કરીને દર્શન કર્યાં પછી અનાદિ મુક્તરાજશ્રીની પાસે બેઠા. તે સમે મુક્તરાજશ્રી બોલ્યા જે, 'ધનજી ધામમાં જતાં નારાયણપુર આદિ ગામોમાં સત્સંગીઓને સત્સંગના હેત સંબંધથી કાળ પડ્યા જેવું દુઃખ થાય છે ને હવે અમે પણ થોડા દિવસમાં ધામમાં જઈને બેસશું,

ત્યારે આખા સત્સંગમાં સર્વે સંત-હરિભક્તને અપાર દુઃખ થશે ને અમે તો ધામમાં બેઠા થકા પણ સર્વેના ઉપર નજર રાખશું.' એમ પોતાને અંતર્ધાન થવાની વાત જણાવવા સાથે સર્વેને ધીરજ રાખવાની સૂચના કરી. અને બીજી પણ જ્ઞાનવાતો કરીને બાપાશ્રીએ ધનજીભાઈના દીકરા તથા સર્વે હરિભક્તને ધનજીભાઈનો શોક નિવારણ કરી શાંતિ પમાડ્યા ને દાહાદિક ક્રિયા થઈ રહી, એટલે સર્વે હરિભક્ત સ્નાન કરી તથા બાપાશ્રીનાં દર્શન કરીને પોતપોતાના ગામ ગયા ને બાપાશ્રી પણ વસ્ત્રે સહિત સ્નાન કરીને વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૮૭

છેલ્લા યજ્ઞનું પરિયાણ, ધનજીનો ખરખરો, વૃષપુર-મંદિરમાં સભા, સદ્‌ગુરુનું આગમન, દિવ્યોપદેશ ને ધનજીના કાર્યમાં ગમન

સંવત ૧૯૮૪ની સાલમાં બાપાશ્રીએ છેલ્લો યજ્ઞ કરવાનું નક્કી કર્યું અને તે યજ્ઞ સારુ ઘી, ગોળ, ઘઉં વગેરે સર્વે સામાન તૈયાર કરીને કોઠાર ભરી રાખ્યા હતા અને યજ્ઞની કંકોત્રીઓ પણ સર્વે દેશમાં ગામેગામ મોકલી દીધી હતી. તેવા સમયમાં ધનજીભાઈ ધામમાં ગયા હોવાથી તેમના ખરખરે બાપાશ્રી તથા કણબીની સાજી નાત તથા બીજા કેટલાક આવ્યા હતા અને મંદિરમાં તે સર્વેની સભા બેઠી હતી ને બાપાશ્રી પણ તે સભામાં વિરાજમાન હતા. તે સમે બાપાશ્રી સર્વે હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, 'ધનજી ગયા તે બહુ ખાલું પડ્યું ને ખોટું થયું ને અમે પણ મહેમાન છીએ; તે અમે જ્યાંથી આવ્યા છીએ ત્યાં જઈને બેસશું ત્યારે ઘણાંકને ઘણું જ ખાલું લાગશે. -એમ બોલ્યા. પછી બાપાશ્રી ધનજીભાઈને ઘેર પધાર્યા. ત્યાં સર્વે બાઈઓને પણ જ્ઞાન-ઉપદેશ આપીને ધનજીભાઈનો શોક નિવારણ કર્યો અને પોતે પ્રસન્ન થઈને કહ્યું જે,'ધનજીને મેં મારા ભેગા શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખ્યા છે ને તમને સર્વેને પણ મારા ભેગા મૂર્તિમાં રાખીશ.' -એમ ધનજીભાઈના કુટુંબ સર્વેને વર આપ્યો. પછી ધનજીભાઈના દીકરા ત્રણેએ બાપા પાસે આવીને કહ્યું જે, 'બાપા ! અમે અમારા પિતાશ્રીના તેરમાનું કાર્ય કેવું કરીએ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'નારાયણપુર ગામ ધૂંવાડાબંધ બે દિવસ જમાડવું ને સત્સંગી ને સગાંને તેડજો ને તેને બે દિવસ જમાડજો.' -એમ બોલ્યા. ત્યારે તે પ્રમાણે તેમના દીકરાએ કાર્ય કર્યું અને બાપાશ્રી સર્વેને દર્શન દઈને પાછા વૃષપુરમાં પધાર્યા.

ત્યાર પછી બાપાશ્રીએ ચોવીસ ગામના મોટા મોટા હરિભક્તને તેડાવીને વૃષપુર-મંદિરમાં સભા કરીને પોતે પણ સભામાં બેઠા હતા. તે વખતે બાપાશ્રીએ સર્વે સભાને કહ્યું જે, 'આ અમારો છેલ્લો યજ્ઞ છે, તે તમે સર્વે મળીને સુધારી દો ને સેવાનો લાભ લઈ લો; હવે મારું મોઢું તમે ત્રણ મહિના સુધી દેખશો પણ ઝાઝા દિવસ મારું મોઢું જોવાની આશા રાખશો નહિ.' -એમ પોતાને

અંતર્ધાન થવાનું સર્વેને જણાવ્યું. પછી યજ્ઞમાં સેવા કરવાની સર્વેને ભલામણ કરી અને યજ્ઞનું કામ ચાલતું કરાવ્યું.

હવે રાત્રીના નવ વાગે બાપાશ્રી મંદિરના ચોકમાં બેઠા હતા, –તે સમે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ પચીસ સંતમંડળ તે યજ્ઞમાં આવ્યા. તેમને જોઈને બાપાશ્રી બહુ રાજી થઈને મળ્યા. પછી સર્વે સંત આસન કરી બાપાશ્રી પાસે આવીને બેઠા. તે સમે બાપાશ્રી બહુ જ રાજી થઈને બોલ્યા જે, 'સંતો ! તમે આ યજ્ઞમાં આવ્યા તે અમને તમારો મેળાપ થયો ને અમારે તો સર્વેને સમાગમનું સુખ આપવું છે, તે સારુ આ યજ્ઞ કરીએ છીએ.' –એમ કહીને પોતે બહુ જ રાજી થયા. પછી પૂછ્યું જે, 'તમે કિયે રસ્તે આવ્યા ?' ત્યારે સંતોએ કહ્યું કે, 'નારાયણપુર થઈને આવ્યા, ત્યાં ધનજીભાઈના ત્રણેય દીકરા તથા સર્વે હરિભક્તોને મળીને આવ્યા છીએ ને સર્વેએ 'જય સ્વામિનારાયણ' કીધા છે.' પછી બાપાશ્રી બોલ્યા જે, 'ત્રણેય ભાઈ સમજુ ને જ્ઞાની છે, એથી ધનજીનો કાંઈ પણ શોક ન કર્યો, ને અમે ધનજીને મૂર્તિનું સુખ દેખાડ્યું ત્યારથી તે તો મૂર્તિમાં જોડાઈ ગયા હતા.'-એટલી વાત કરીને સંતને આજ્ઞા કરી જે, 'હવે સૂઈ રહો.' ત્યારે સર્વે સંત ધ્યાન કરીને સૂઈ રહ્યા.

પછી વળી બીજે દિવસ સવારમાં મંદિરની ઓસરીમાં સંત-હરિભક્તની સભા બેઠી હતી ને બાપાશ્રી પણ સભામાં બેઠા હતા. તે સમે સંતોએ બાપાશ્રીને પૂછ્યું જે, "પુરુષોત્તમપ્રકાશમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે,'આચાર્ય મહારાજશ્રી તથા સંત, –તે મારું સ્વરૂપ છે.' તે આચાર્ય ને સંત કેવા હોય તેને શ્રીજીમહારાજનું સ્વરૂપ કહેવાય ?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આદિ આચાર્ય જે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રીરઘુવીરજી મહારાજ તે જેવા હોય અને મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી જેવા ધર્મવાળા સંત હોય, તે શ્રીજીમહારાજનું સ્વરૂપ કહેવાય; તેમને પૂજે શ્રીજીમહારાજ પૂજાય છે, પણ જે શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તતા ન હોય ને શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજતા ન હોય –તે શ્રીજીમહારાજનું સ્વરૂપ ન કહેવાય, ને તેમની પૂજાએ શ્રીજીમહારાજ પૂજાય નહિ ને તેમના સમાગમથી આત્યંતિક મોક્ષ પણ ન થાય, માટે શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજવી જોઈએ ને આજ્ઞામાં તત્પર રહેવું જોઈએ અને સંતને મંદિરના અધિકારની ઈચ્છા પણ ન રાખવી ને શ્રી સ્વામિનારાયણ રાજી કેમ થાય તેવા વિચાર કરવા ને એવા ઉપાય લેવા ને મૂર્તિ સિદ્ધ કરવી; મૂર્તિ સિદ્ધ કરે તે સંત કહેવાય ને ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે તે પ્રમાણે વર્તે ને સાધુનાં બત્રીસ લક્ષણ કહ્યાં છે તેણે યુક્ત થાય ત્યારે તે સંત કહેવાય; અને કામ, ક્રોધ ને લોભ તથા પંચવિષયના રાગનો અંતરમાં સંકલ્પ થવા દે નહિ ને શ્રીજીમહારાજની મૂર્તિ ભૂલે નહિ તે સંત

કહેવાય; અને રૂપવાન ને યૌવનવાન એવી જે સ્ત્રીઓ અને કુરૂપ ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ, તેને વિષે ને માન-અપમાનને વિષે જેને સમભાવ હોય તે સંત કહેવાય; અને સારા-નરસા વિષય મળે તેમાં રાજી-કુરાજી ન થાય, -એવા ધર્મ,જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણે જુક્ત હોય તે સંત કહેવાય.એવા સંત તમે છો; તમ જેવા સંત છે તે મોક્ષનો દરવાજો કહ્યા છે. એવા સંત હોય, તે મૂર્તિની પ્રતિષ્ઠા કરે તો તે મૂર્તિમાં મહારાજ નિવાસ કરીને રહે છે. તેવા સંતના સમાગમે કરીને સાધુતા આવે ને એકાંતિક ધર્મ ને પ્રેમલક્ષણા ભક્તિ -તે પણ તેવા સંતના સમાગમથી જ ઉદય થાય છે, માટે એકાંતિક ધર્મના પ્રવર્તક શ્રીજીમહારાજ ને મુક્ત છે. એવા અનાદિમુક્તરૂપ સંત તમે છો ને મૂર્તિના સુખભોક્તા છો ને સર્વેને મૂર્તિને સુખે સુખી કરો છો.' -એમ સંતનો મહિમા કહ્યો.

વળી બોલ્યા જે, 'આ સત્સંગમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે, સર્વેને જુએ છે પણ જતા રહ્યા નથી, ને જતા રહ્યા એમ જાણે તેનાથી આજ્ઞા પળે નહિ ને પ્રગટ છે એમ જાણે છે તેનાથી જ આજ્ઞા પળે છે, ને જેને પ્રગટ મળે તેને તો મહારાજ વિના બીજી કોઈ પ્રકારની વાસના રહે જ નહિ; તેને તો જ્યાં દેખું ત્યાં રામજી એમ થઈ જાય, તે જ્યાં જુએ ત્યાં મહારાજ ને મુક્ત દેખાય.'

પછી બોલ્યા જે, 'તમે મારા સંત છો તે મહારાજ વિના બીજું કાંઈ ઈચ્છશો નહિ ને શાસ્ત્રમાં સંતને વ્યવહારમાં અમાંગલિક કહ્યા છે માટે સંતને વ્યાવહારિક ક્રિયા કરવી નહિ; સાધુતા રાખવી. અને અહિંસા ધર્મ રાખવો ને અમે આ અહિંસામય યજ્ઞ કરીએ છીએ તેમાં સર્વેને કહ્યું છે જે, 'કોઈને ગાડું જોડવાની અથવા બીજી કાંઈ ક્રિયા કરવાની શક્તિ ન હોય તેને પરાણે ન કરાવવી, ને પોતાની હોંશે કરીને કરે તેને કરાવવી. અને બળદ માંદો, ઘરડો કે દૂબળો હોય તેને જોડવો નહિ; કેમ જે તેનાથી ચલાય નહિ ત્યારે તે નિસાસા નાખે, એટલે તે પણ હિંસા કહેવાય માટે તેમ ન કરવું. -એમ ઘણીક વાતો કરીને સભાની સમાપ્તિ કરી.

વળી એક દિવસ અનાદિ મુક્તરાજશ્રી મંદિરના ચોકમાં ખુરસી ઉપર બેઠા હતા, તે સમયે ગુજરાત આદિ દેશના ઘણા ભક્તજન આવ્યા ને બાપાશ્રીને દંડવત્ કરીને પાસે બેઠા. તે સમે તે સર્વે હરિભક્તોને બાપાશ્રીનું સ્વરૂપ અતિ અલૌકિક,શાંત ને શીતળ એવું દેખાયું. એવાં બાપાશ્રીનાં દર્શન કરી સર્વેને અતિશય આનંદ થયો. પછી તે સર્વે હરિભક્ત બાપાશ્રીની આજ્ઞાએ કરીને પોતપોતાને ઉતારે ગયા.

ત્યાર પછી નારાયણપુરમાં ધનજીભાઈના કાર્યમાં ઘણા હરિભક્તો આવ્યા હતા, તેથી બાપાશ્રી કેટલાક હરિભક્તને સાથે લઈને નારાયણપુર પધાર્યા ને ત્યાં મંદિરમાં દર્શન કર્યાં. પછી બાપાશ્રી ઠાકોરજીને તેડીને તે સર્વે હરિભક્તોએ સહિત કીર્તન ગાતા થકા ધનજીભાઈના

લાલજીના નવા ઘેર ઠાકોરજી જમાડવા ગયા. ત્યાં સુખડી, શીરો, ખીચડી આદિ ભોજન ઠાકોરજીને જમાડીને આરતી ઉતારી. પછી બાપાશ્રી તે સર્વે ઉપર હાથ ફેરવી પ્રસાદી કરીને બોલ્યા જે, 'આ ધનજીના દીકરા ધનજીનું કાર્ય કરે છે, તે આ પ્રસાદી જે કોઈ જમશે તેને અમે અક્ષરધામમાં તેડી જઈશું. -એમ વર દઈને બાપાશ્રી ગાડામાં બેસીને વૃષપુર પધાર્યા. ઇતિ વિશ્રામ ૮૮

સં. ૧૯૮૪માં બાપાશ્રીએ છેલ્લો યજ્ઞ કરીને સર્વેને આપેલાં સુખ તથા તેની સમાપ્તિ ને સદ્‌ગુરુને છેલ્લીવાર થોડા દી સમાગમ માટે રાખ્યા

હવે ચૈત્ર સુદ ૧૩ને સોમવારે 'સત્સંગિજીવન'નું પારાયણ ચાલુ કરવાનું છે, તે સારુ અનાદિમુક્ત બાપાશ્રી ત્રણ વાગે જાગ્યા ને શ્રીજીમહારાજનું ધ્યાન કરીને શૌચવિધિ કરવા ઊઠ્યા. પછી દાતણ કરીને કૂવા ઉપર આવ્યા, ત્યારે મુનિ સાધુ કેશવપ્રિયદાસ તથા દેવજીવનદાસજી તથા મુક્તવલ્લભદાસજી -તે બાપાશ્રીને સ્નાન કરાવવા લાગ્યા ને ઘણા હરિભક્ત દર્શન કરવા તથા પ્રસાદીનું જળ મસ્તકે ચડાવવા ચારે કોર ઊભા હતા. પછી બાપાશ્રી વસ્ત્ર બદલાવીને ઓરડામાં પધાર્યા ને પૂજા કરવા આસને બેઠા, ત્યારે સ્વામી શ્વેતવૈકુંઠદાસજીએ બાપાશ્રીને તિલક ને ચાંદલો કર્યાં. પછી બાપાશ્રીએ માનસીપૂજા કરીને મહારાજની મૂર્તિઓ પધરાવી, ને આવાહન કરીને પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે મહારાજને અર્પણ કર્યાં. પછી મહામંત્રનો જપ કરવા લાગ્યા. ત્યાર પછી બાપાશ્રી દંડવત્-પ્રદક્ષિણા કરવા મંડ્યા, ત્યારે સર્વે સંત-હરિભક્ત બાપાશ્રીની સાથે પ્રદક્ષિણા ને દંડવત્ કરવા લાગ્યા. પછી સર્વે દર્શન કરીને પાસે બેઠા ને બાપાશ્રીએ પૂજા કરીને શિક્ષાપત્રીનો પાઠ કર્યો. પછી ઊભા થઈને સર્વેને મળ્યા. ત્યાર બાદ મંદિરમાં ઠાકોરજી ને સંતનાં દર્શન કરી તથા અંગરખું વગેરે પોતાનાં વસ્ત્ર પહેરીને ઘેર પધાર્યા, ત્યાં બાઈઓ આદિ સર્વેને દર્શન દઈને પાછા મંદિરના ચોકમાં આવ્યા. હવે તે દિવસ કથાનું પૂજન કરવાનું છે તેથી પૂજાની સર્વે સામગ્રી તૈયાર કરી હતી ને બાપાશ્રી પૂજા કરવા સારુ ઠાકોરજીને સન્મુખ આસન ઉપર બેઠા ને પોતાના પુત્રપરિવાર આદિ બાપાશ્રીના ડાબે પડખે બેઠા. તે સમે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં અને ચંદનપુષ્પની વૃષ્ટિઓ થવા લાગી ને હજારો સંત-હરિભક્ત આવીને બાપાશ્રીના મુખ સામું જોઈને દર્શન કરતા હતા. પછી તે સમે વિદ્વાન એવા વિપ્ર દેવશંકર ને પુ. કેશવપ્રિયદાસ તથા ઉત્તમપ્રિયદાસજી તેમણે બાપાશ્રીની પાસે મુક્તમંડળે સહિત પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ મહારાજની વિધિપૂર્વક પૂજા કરાવી. પછી તેઓએ પરિવારે સહિત બાપાશ્રીની પૂજા કરી, ને મંત્ર બોલીને મંગળસૂત્રથી બાપાશ્રીનું કાંડું બાંધવા લાગ્યા. તે વખતે બાપાશ્રી બોલ્યા જે, 'ગોર મહારાજ !

કાંડાને બરાબર બાંધજો; આ મૂર્તિ ઊડી જાય તેવી છે એટલે કોઈને કળ ન પડે ને અદૃશ્ય થઈ જાય એવી છે, પણ કાંડું બાંધે રહે તેવી નથી.' –આવું મર્મવચન બોલ્યા, તેને સાંભળીને મોટા મોટા સંત–હરિભક્તના મનમાં અનેક પ્રકારે વિચાર થવા લાગ્યો. એવી રીતે પૂજા કરીને શ્રીજીમહારાજને કથાની પાટ જોડે સિંહાસનમાં પધરાવ્યા.પછી બાપાશ્રી પુસ્તક ને પુરાણીની પૂજા કરીને આરતી કરવા લાગ્યા.તે સમયે આકાશ ચિદાકાશ જેવું શોભી રહ્યું હતું અને મુક્તનાં મંડળ ને દેવનાં વિમાન પણ આકાશમાં છાઈ રહ્યાં હતાં ને ચંદનપુષ્પની વૃષ્ટિઓ થવા માંડી ને અનેક પ્રકારનાં વાજિંત્ર વાજી રહ્યાં હતાં ને સર્વે સંત-હરિભક્ત આનંદમાં 'જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જ્ય સદ્‌ગુરુ સ્વામી' –એ આરતી બોલતા હતા. એવી રીતે આરતી થઈ રહી, ત્યારે સાધુ કેશવપ્રિયદાસ મુક્તે સહિત શ્રીહરિજીની મૂર્તિને અંતરમાં ધારી મંગળાચરણ કરીને કથા કરવા લાગ્યા.

હવે તે કથામાં બાપાશ્રીનું આસન સાધુની સભા પાસે ને કથાને સન્મુખ વચલી ચોબે[૧] રાખ્યું હતું, ત્યાં બાપાશ્રી નિત્યે વિરાજતા અને બાપાશ્રીના પૌત્ર માવજી તથા જાદવજી આદિ ચંદન તથા પુષ્પના હારથી સંત–હરિભક્તની પૂજાઓ કરતા ને સર્વે સંત-હરિભક્ત બાપાશ્રી અને સભાનાં દર્શન કરી સભામાં બેસીને કથામૃતનું પાન કરતા. વળી તે કથામાં રહસ્ય વાતો આવે, તેનું વિવેચન કરીને સદ્. સ્વામી વૃંદાવનદાસજી સર્વેને સમજાવતા. અને કોઈ સમે અનાદિમુક્ત બાપાશ્રી પણ પોતાના મુખની વાણીનો રસ સર્વેને પાન કરાવતા. એવી રીતે નવ વાગ્યા સુધી કથાપ્રસંગ ચાલતો. પછી 'શ્રીપતિમ્' થાય, ત્યારે સર્વે સંત–હરિભક્ત અતિ આનંદમાં ઝિલણિયા કીર્તન બોલતા ને પ્રસાદી વહેંચાતી. પછી સર્વે હરિભક્ત બાપાશ્રી તથા સંત–સભાનાં દર્શન કરી બાપાશ્રીની આજ્ઞાએ કરીને રસોડે જમવા જતા અને બાપાશ્રી મંદિરમાં સંતની પંક્તિનાં દર્શન કરી ઘેર જઈને જમતા. પછી મંદિરમાં આવી ઓરડામાં બિરાજતા ને ક્યારેક ચંદની નીચે ખુરસીમાં બેસતા, ને સંત–હરિભક્ત બાપાશ્રી પાસે આવીને દર્શન કરતા ને બાપાશ્રી વાતો કરીને સર્વેને આનંદ ઉપજાવતા. પછી ઓરડામાં પોઢી જતા ને પાછલા પહોરમાં ત્રણ વાગે કથા બેસતી ને સર્વે સંત–હરિભક્ત બાપાશ્રીની વાટ જોઈ રહેતા.તેવામાં ઉદયાચળ ઉપર જેમ સૂર્ય આવે તેમ અનાદિમુક્તરૂપ સૂર્ય સભામાં પધારતા, ત્યારે સર્વેને દર્શનથી આનંદ થતો ને બાપાશ્રી પુસ્તક ને પુરાણી તથા સદ્‌ગુરુ આદિની પૂજા કરતા ને સભામાં સર્વેનાં દર્શન કરીને આસને બેસતા, અને સર્વે સંત–હરિભક્ત પણ બાપાશ્રીનાં દર્શન કરીને રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ કંઠ થઈ જતા.અને દિવસના બે વાગે પુ. ઉત્તમપ્રિયદાસજી કથા વાંચતા ને સાંજના છ વાગે કથાની સમાપ્તિ કરતા ને કીર્તન બોલાતા. એવી રીતે નિત્યે મહા જ્ઞાનયજ્ઞ ચાલુ રહેતો ને સંત–હરિભક્ત બાપાશ્રીની

૧. ચંદરવાની નીચે જે લાકડાં ઊભાં કરવામાં આવે છે, તે.

અમૃતવાણીનું પાન કરીને તથા મોટા સદ્‌ગુરુ થકી શ્રીજીમહારાજ ને અનાદિમુક્તનું માહાત્મ્યજ્ઞાન તે રૂપી અમૃતનું પાન કરીને આનંદમાં કિલ્લોલ કરતા હતા ને દેહ સંબંધી ખાનપાન સર્વે ભૂલીને એક મૂર્તિના સુખમાં જ ગુલતાન રહેતા.

ત્યાર પછી ચૈત્ર વદ પાંચમ ને સોમવારને દિવસ કચ્છનાં ચોવીસ ગામનાં સર્વે બાળ, વૃદ્ધ, બાઈઓ, ભાઈઓ તમામ હરિભક્તો ઘર વાસી ગામમાં ચોકીઓ રાખીને આવ્યા હતા ને પરદેશના હરિભક્ત પણ આગળથી આવ્યા હતા. તે ભક્તના સમૂહથી તે વૃષપુર ગામ ને સીમ તથા વાડીઓ ઢંકાઈ ગયાં હતાં. અને બાપાશ્રીએ પણ તે સર્વે હરિભક્તોને જમાડવા સારુ પોતાના વંડામાં શીરો કરાવીને મોટા હોજ ભરાવ્યા હતા ને સુખડી કરાવીને અરજણભાઈના ઘરના બે ઓરડા ભર્યા હતા, ને હજારો મણ પાક કરાવ્યો હતો ને શાક, દાળ, ખીચડી આદિ ભોજન કરાવ્યાં હતાં. અને ગામેગામના સારા સારા અઢી હજાર હરિભક્ત સેવામાં રહ્યા હતા. હવે તે દિવસે બાપાશ્રી સંત-હરિભક્તને સાથે લઈને પાકશાળામાં ઠાકોરજી જમાડવા સારુ પધાર્યા ને જ્યારે ઠાકોરજીને જમવા બેસાર્યા, ત્યારે પ્રતિમારૂપે દેખાતા શ્રીજીમહારાજ પ્રત્યક્ષ થઈને થાળ જમ્યા. પછી તે દિવસ બાઈઓ તથા ભાઈઓ આદિ સર્વે હરિભક્તને જમાડ્યા અને બીજે દિવસે પારાયણની પૂર્ણાહુતિ કરીને બાપાશ્રીએ તે ગામના તથા પરગામના સર્વે હરિભક્તોને જમાડ્યા, તેમ જ રાંક તથા શૂદ્ર વર્ણને પણ જમાડ્યા.

અને જેમ ભાઈઓના મંદિરમાં પારાયણ હતું, તેમ જ બાઈઓના મંદિરમાં પણ પારાયણ બેસાર્યું હતું ને તે કચ્છદેશના તથા બીજા દેશના હજારે હજાર સાંખ્યયોગી તથા કર્મયોગી બાઈઓ આવ્યાં હતાં, તે સર્વે મળીને પારાયણ સાંભળતાં ને ધ્યાન-ભજન, કથા-કીર્તન તે રૂપ બ્રહ્મયજ્ઞ કરતાં ને બાપાશ્રી તે સર્વેને જમાડતાં ને દર્શનદાને કરીને સુખિયાં કરતાં, ને તે બાઈઓ પણ એકાંતિક ધર્મ તથા માહાત્મ્યે સહિત ભક્તિ તેણે જુક્ત હતાં.-એવી રીતે નિત્યે સુખ લેતાં.

એમ કરતાં કથાનો દસમો દિવસ આવ્યો, એટલે ચૈત્ર વદ સાતમ ને બુધવારે અનાદિમુક્ત બાપાશ્રી સ્નાન-પૂજા કરીને મંદિરમાં બેઠા હતા ને પાસે સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંત તથા ભોગીલાલભાઈ ને શેઠ બળદેવભાઈ આદિ કેટલાક હરિભક્ત પણ બેઠા હતા ને બાપાશ્રી વાતો કરતા હતા. તે સમે બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા ને દર્શન કરીને બાપાશ્રીને કહ્યું જે,'આજ છાબો ભરવાની છે માટે ઘેર પધારો.' ત્યારે બાપાશ્રી હરિભક્તને સાથે લઈને ઘેર પધાર્યા ને અઢી હજાર રૂપામહોરોના થાળ ભરાવ્યા ને હજાર રૂપિયાના ઠાકોરજીના

વાઘા, શેલા તથા ટોપીઓ કરાવ્યાં હતાં, તેની છાબો ભરાવી. પછી પોતાના પુત્ર ને પૌત્રની પાસે તે છાબો ઉપડાવીને હરિભક્ત સહિત પોતે ભેળા ચાલ્યા. તે વખતે મંડળીઓના ઉત્સવિયા હરિભક્ત ઝાંઝ-મૃદંગ વજાવી કીર્તન બોલીને ઉત્સવ કરતા થકા આગળ ચાલ્યા, ને બાપાશ્રી તથાં છાબો ઉપાડનારા પોતાના સેવક તથા બીજા હરિભક્ત તેઓ સર્વે કેડે ચાલ્યા, તે પ્રથમ બાઈઓના મંદિરમાં દર્શન દઈ બાઈઓને કથાની સમાપ્તિ કરવાનું કહ્યું ને સર્વે સાંખ્યયોગી બાઈઓને સાડલા દેવરાવ્યા. પછી ઉત્સવ કરતા કરતા આ મંદિરમાં આવ્યા ને ઠાકોરજી આગળ થાળ ને છાબો મેલી ને કથાની સમાપ્તિ કરાવી. પછી બાપાશ્રીએ તથા તેમના પુત્રોએ પુસ્તક ને પુરાણીની પૂજા કરીને આરતી ઉતારી. પછી બાપાશ્રીની આજ્ઞાએ કરીને તેમના પુત્રો સભામાં સંતોને ધોતિયાં ઓઢાડવા લાગ્યા ને પોતે આસને વિરાજ્યા અને સંતો ઝિલણિયા કીર્તન બોલવા લાગ્યા, ને સર્વે હરિભક્ત સભામાં 'જય ! જય !' શબ્દ બોલીને બાપાશ્રીના યશનાં ને મહિમાનાં વર્ણન કરેલાં, એવાં કાવ્ય-કીર્તન તથા છંદ-છપ્પય બોલવા લાગ્યા. પછી ભૂજના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા કોઠારી વેલજીભાઈ તેમણે ભૂજ-ઠાકોરજી તરફથી બાપાશ્રીની પૂજા કરીને મસ્તકે પાઘ બંધાવી અને બાપાશ્રીના પુત્ર તથા પૌત્ર તેમને પણ ચંદન ચર્ચી હાર પહેરાવીને ધોતલીઓ બંધાવી. ત્યાર પછી સર્વે હરિભક્ત બાપાશ્રીની પૂજા કરવા ને પાઘડીઓ બંધાવવા આવ્યા ને અતિશય ભીડ થઈ. એવી રીતે બે કલાક પૂજા અંગીકાર કરી. પછી બાકી રહેલાને બીજે દિવસે પૂજા કરવાની આજ્ઞા કરી ને પોતે પાલખીમાં બેસી વાડીઓમાં હરિભક્તની પંક્તિઓ જમવા બેઠી હતી ત્યાં દર્શન દેવા પધાર્યા. ત્યાં કચ્છદેશના તથા પરદેશના સર્વે હરિભક્ત જમવા બેઠા હતા ને પંક્તિઓમાં પિરસાઈ રહ્યું ત્યારે સર્વે હરિભક્ત 'સહજાનંદસ્વામી મહારાજ'ની જય બોલી પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં ધારીને જમવા મંડ્યા, ત્યારે બાપાશ્રીએ પાલખીમાં બેસી પંગતમાં ફરીને સર્વેને દર્શન દીધાં. પછી આંબા નીચે આવીને ખુરસીમાં બેઠા ને સર્વે હરિભક્ત જમી રહ્યા, ત્યારે મોટા મોટા હરિભક્ત બાપાશ્રી પાસે આવીને બેઠા. તેમને બાપાશ્રીએ પાઘડીઓ બંધાવી ને હરિભક્તોએ પણ બાપાશ્રીને પાઘડીઓ બંધાવી. એમ લીલા કરીને પાલખીમાં બેસી હરિભક્ત પાસે પાલખી ઉપડાવીને ઘેર પધાર્યા, ત્યારે બાપાશ્રીના સેવકોએ બાપા સારુ ભોજન કરી રાખ્યાં હતાં, -તે બાપાશ્રીને અતિ સ્નેહે કરીને જમાડ્યાં અને બાપાશ્રી જમીને પોતાના ઘરની ઓસરીમાં બેઠા હતા. તે સમે ગામેગામના કણબીની નાતના સર્વે મોટા મોટા હરિભક્ત બાપાશ્રી પાસે આવ્યા ને પોતપોતાના ગામની ભેટો કરવા લાગ્યા. પછી બાપાશ્રીની રજા લઈ તેમનાં દર્શન કરી પોતાનાં ગાડાં જોડીને ચાલ્યા અને ભૂજ, મૂળી ને વડતાલના સંતો પણ બાપાશ્રીનાં દર્શન કરી આશીર્વાદ લઈને ગયા ને પરદેશના સર્વે હરિભક્ત પણ બાપાશ્રીનાં દર્શન કરી આશીર્વાદ લઈને ગયા, ને

સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુ. ધર્મકિશોરદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી આદિ સંતને બાપાશ્રીએ પોતાના સમાગમનું સુખ દેવા સારુ રાખ્યા. ઈતિ વિશ્રામ ૮૯

છત્રીએ સમૂહપારાયણ, સંતસભાનો મહિમા, હરિભક્તની સ્તુતિ, સ્વામી ઘનશ્યામજીવનદાસજીનું પૂર્વાખ્યાન, છત્રીએ રાસ ને કળિયુગ કાઢ્યાના વર

ત્યાર પછી ચૈત્ર વદ આઠમની સવારમાં શ્રીજીમહારાજના અનાદિ મુક્તશ્રીએ સ્નાન, પૂજા વગેરે નિત્યનિયમ કરી સંતને છત્રીએ જઈ ને સમૂહપારાયણ કરવાની આજ્ઞા કરી ને પોતે પણ તૈયાર થયા ને સેવક શંખલાદિ પલાણ નાખીને ઘોડી લાવ્યા ને બાપાશ્રી તે ઉપર બેઠા ને સર્વે હરિભક્ત કીર્તન ગાતા ગાતા ભેગા ચાલ્યા, તે છત્રીએ આવીને હૉલમાં ગાદીતકિયે બેઠા ને માંહી અને બહાર સંત-હરિભક્તની સભા બેઠી ને ટીકાવાળાં વચનામૃતના નોખા નોખા ભાગ કરીને સંત-હરિભક્ત વાંચવા બેઠા, તે અડધી કલાકમાં પૂરી પ્રત વાંચીને સમાપ્તિ કરી. પછી સર્વે સંત-હરિભક્તે પુસ્તક ને બાપાશ્રીની પૂજા કરી. પછી બાપાશ્રી છત્રીને ઓટે આવીને આથમણે મુખે બેઠા ને સર્વે સંત-હરિભક્તની પોતે પૂજા કરી. ત્યાર પછી બાપાશ્રી ઘોડીએ બેસીને ચાલ્યા ને સર્વે સંત-હરિભક્ત પણ કીર્તન ગાતા ગાતા ભેગા ચાલ્યા, તે સૌ મંદિરમાં આવ્યા ને તે દિવસે આખા ગામને તથા પરદેશી હરિભક્તને જમાડવા હતા –તે સારુ બાપાશ્રીએ દાળ, ભાત, શાક આદિ ભોજન કરાવ્યાં હતાં ને શીરો વધેલો પડ્યો હતો, તેથી બાપાશ્રી ઘોડીએ બેસીને હજારો હરિભક્ત.સહિત કીર્તન ગવરાવતા થકા પાકશાળામાં પધાર્યા ને પોતે સ્નાન કરીને જમ્યા. પછી સર્વેને પોતે પીરસીને તથા પિરસાવીને જમાડ્યા પછી માંચીમાં બેસી મંદિરમાં આવીને પોઢી ગયા.

ત્યાર બાદ બીજે દિવસ મંદિરની ઓસરીમાં સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને બાપાશ્રી પણ તે સભામાં આસન ઉપર બેઠા હતા, ને પુ.ધર્મકિશોરદાસજી વચનામૃતની કથા વાંચતા હતા. તેમાં પ્રથમ પ્રકરણનું પ૪મું વચનામૃત વાંચ્યું –તેમાં સંતના સમાગમથી મોક્ષનો દરવાજો ઉઘાડો થાય છે ને ભાગવત ધર્મનું પોષણ થાય છે તે વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આવા સંતનો સમાગમ કરવો; આ સંત ચિંતામણિ ને કલ્પતરુ જેવા છે; આ સંત શ્રીજીમહારાજના મુક્ત છે; આ સંત સુખી તો શ્રીજીમહારાજ ને અમે સુખી; આ સંત દુઃખી તો શ્રીજીમહારાજ ને અમે દુઃખી, શ્રીજીમહારાજ ને અમે આ સંતમાં રહીએ છીએ. વળી સંત-હરિભક્તની સભા સામો હાથ કરીને બોલ્યા જે, 'આ સભા અક્ષરધામની છે; આ સભામાં દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત વિરાજમાન છે. –તેમાંથી ઝળસ ઝળસ તેજ છૂટે છે, સર્વે

જોઈને રાજી થાય છે; આ સભામાં સર્વે તેજોમય મુક્ત બેઠા છે ને અક્ષરધામથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત પણ છે, તમારા તો સંકલ્પ ચાલે છે. જેમ ગોપાળાનંદસ્વામીના સંકલ્પથી સો સંત થયા હતા તેમ તમે પણ સંકલ્પે કરી અનંતરૂપે થઈને અનંત જીવને અક્ષરધામમાં મેલી આવો છો, પણ તમને તમારા બળની ખબર નથી; તમારું બળ તમારા સુખને અર્થે શ્રીજીમહારાજે ને અમે રોકી રાખ્યું છે'. –એમ કેટલીક વાતો કરી.

ત્યાર પછી સર્વે હરિભક્તે બાપાશ્રીની પ્રાર્થના કરી જે, 'હે કૃપાળુ! તમે અનાદિમુક્ત છો ને શ્રીજીમહારાજની ઇચ્છાથી અમારા આત્યંતિક મોક્ષ કરવા તમારો આવિર્ભાવ છે. તે વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં કરી છે જે, 'સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે ને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.' તે તમે સ્વામિનારાયણ ભગવાનના અનાદિ મુક્તાવતાર છો ને સ્વામિનારાયણ ભગવાન તમારામાં રહ્યા છે ને તમે સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં રહ્યા છો અને મુમુક્ષુને મૂર્તિમાં રાખવા શ્રીજીમહારાજના સંકલ્પથી આવ્યા છો, તે અમને કૃપા કરીને તમારા ભેગા મૂર્તિમાં રાખશો. અને તમે અનાદિમુક્તની સ્થિતિ સમજાવવા ને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવવા સારુ વચનામૃતની ટીકા કરીને અનંત ભક્તને અનાદિમુક્ત કર્યા છે, ને અમને પણ આવાં સુખ આપો છો ને આપશો.' એવી રીતે સ્તુતિ–પ્રાર્થના કરી, પછી સાષ્ટાંગ દંડવત્–પ્રણામ કરીને દર્શન કર્યા. ત્યારે અનાદિમુક્તશ્રી સર્વે ભક્ત પ્રત્યે બોલ્યા જે, 'તમે અમારા છો ને તમને સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખ્યા છે ને મૂર્તિને સુખે સુખિયા કરીશું ને તમે પણ ખટકો રાખીને મુક્તે સહિત શ્રીજીમહારાજનું ભજન કરજો ને આજ્ઞામાં બરાબર વર્તજો. હવે અમારા દેહનો નિર્ધાર નથી પણ દિવ્ય દેહે સદાય તમારા ભેગા રહેશું.' –એમ કહીને સર્વેને મળ્યા ને કહ્યું જે, 'હવે તમે સર્વે તૈયાર થઈને જાઓ.' ત્યારે તે ભક્તજનો ઉતારે જઈ સર્વે સામાન બાંધી ગાડામાં નાખી ફેર બાપાશ્રીનાં દર્શન કરીને ભૂજ ગયા ને ત્યાં દર્શન-સેવા કરીને પોતપોતાના દેશમાં ગયા અને સદ્‌ગુરુ આદિ સંતમંડળ મુક્તશ્રીના સમાગમનું ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ લેતા હતા.

વળી તે સમયે ભૂજથી સાધુ કેશવપ્રિયદાસ ને વિજ્ઞાનદાસ તથા ભોગીલાલભાઈ ને મોતીભાઈ આદિ સર્વે દર્શન કરવા આવ્યા હતા ને અનાદિમુક્તશ્રી સવારની કથા થઈ રહ્યા પછી કૂવા ઉપર નાહ્યા ને પછી ચોકમાં ઉગમણે મુખે તડકે ખુરસીમાં બેઠા, ને સાધુ કેશવપ્રિયદાસે ભૂજથી લાવેલાં પાનબીડાં બાપાશ્રીને આપ્યાં. તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી તથા બીજા સંત-હરિભક્ત પાસે બેઠા હતા ને બાપાશ્રીએ પાનબીડાંની પ્રસાદી હરિભક્તને વહેંચી આપી. પછી બોલ્યા જે, 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ

ધર્મવંશીને દ્વાર'ને વળી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ અને અમે તો સર્વેનો મોક્ષ કરવા આવ્યા છીએ. વળી કહ્યું જે, 'પૂર્વે મહાનુભાવાનંદસ્વામીએ સાત લીંબડા પાડ્યા તેના સાત ભાઈ થયા, તેમાંથી ચાર સાધુ થયા. તેમાં એક મોટા થઈને અર્ધી અવસ્થાએ સાધુ થયા હતા ને ત્રણ નાનપણથી જ સાધુ થઈને ભણ્યા હતા, –તેમાંથી આ સ્વામી ઘનશ્યામજીવનદાસજી એક રહ્યા છે. પહેલાં તો આ ઈશ્વર બાવો ને સ્વામી વૃંદાવનદાસજી તથા તેમના નાના ભાઈ કૃષ્ણજીવનદાસજી અમારી પાસે સમાગમ કરવા આવતા, ત્યારે તેમને આ સ્વામી ઘનશ્યામજીવનદાસજી કહેતા જે, 'આમ દોડાદોડ શું કરો છો ? –એમ અહીં આવનારને ના પાડતા ને હવે તો તે પણ અમારો જોગ-સમાગમ કરે છે' –એમ વાત કરી.

ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજી બોલ્યા જે, 'બાપા ! મારો સ્વભાવ લીબડાનો રહ્યો છે તે કાઢી નાખો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ગયો, ગયો, ગયો.' –એમ બોલ્યા. ત્યારથી તે સ્વામીની વૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ રહેતી ને સ્વામીને જ્યારે દેહ મેલવાનો સમય આવ્યો, ત્યારે સ્વામીને અનંત મુક્ત ને બાપાશ્રીએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને શ્રીજીમહારાજનો અલૌકિક મહિમા કહીને દેહ મેલ્યો હતો.

હવે આવી રીતે બાપાશ્રી નિત્યે સુખ આપતા હતા. પછી સાંજના સંત-હરિભક્તને સાથે લઈને છત્રીએ પધાર્યા ને ત્યાં મહોલમાં ગાદીતકિયે બેઠા. ને સંત-હરિભક્તની સભા બેઠી ને ટીકાવાળાં વચનામૃતની કથા કરાવી. પછી સર્વેએ ચંદનપુષ્પના હારથી શ્રીજીમહારાજની ને બાપાશ્રીની પૂજા કરી અને બાપાશ્રીએ પણ સર્વેની પૂજા કરી, ને સર્વ સંત-હરિભક્તને છત્રી ફરતા રાસ રમવાની આજ્ઞા કરી. ત્યારે સંત-હરિભક્ત છત્રી ફરતા ફરીને કીર્તન ગાવા લાગ્યા ને બાપાશ્રી સદ્‌ગુરુએ સહિત છત્રીના ઓટા ઉપર તલાવડી સામું મુખ રાખીને બેઠા ને સંત-હરિભક્ત ઘણીવાર રાસ રમ્યા. પછી બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજે પંચાળામાં સંત-હરિભક્તને રાસ રમાડ્યા હતા, –તેવો જ આ રાસ છે ને તે દિવસ મહારાજે અડધો કળિયુગ કાઢી નાખ્યો હતો અને આજ પણ આ જોગમાં આવ્યા તે સર્વેનો કળિયુગ ગયો, ને પર્વતભાઈએ જેવો યજ્ઞ કર્યો હતો તેવો જ આ યજ્ઞ છે.' -એમ વાત કરી. પછી રાસ બંધ રખાવીને સર્વેને પ્રસાદી આપી, ત્યારે સર્વે હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને તથા વર પામીને પોતપોતાને ગામ ગયા ને બાપાશ્રી સંત-હરિભક્ત સહિત મંદિરમાં આવ્યા. ત્યાર પછી ગોડી-આરતી કરી ને સંત પાસે કથાવાર્તા કરાવીને સાંભળી. પછી શયન કર્યું. ઈતિ વિશ્રામ ૯૦

ચંદનથી વાતોની પૂજા, ત્યાગીના ધર્મની તથા બીજી આધ્યાત્મિક વાતો, નવીવાડીએ લીલા ને નારાયણપુર જવાની તૈયારી

ત્યાર પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રી બીજે દિવસ વૃષપુર-મંદિરના ચોકમાં ઓરડા આગળ ખુરસીમાં બેઠા હતા ને આગળ સદ્‌ગુરુ વગેરે સંત-હરિભક્તની સભા બેઠી હતી. તે સમે સાધુ કેશવપ્રિયદાસે મુક્તરાજશ્રીની વાતોનું પુસ્તક બાપાશ્રીના હસ્તમાં આપ્યું, ત્યારે બાપાશ્રીએ ચંદનથી પુસ્તકની પૂજા કરીને વંચાવ્યું અને રાજી થયા, ને પુસ્તકમાં પોતાની સહી કરી આપી ને કેશવપ્રિયદાસને પાછું આપ્યું.

વળી સાંજના બાપાશ્રી મંદિરના ચોકમાં ઓરડી આગળ ખુરસીમાં બેઠા હતા ને આગળ સંત-હરિભક્તની સભા બેઠી હતી. પછી બાપાશ્રીએ પૂછ્યું જે, 'વૈરાગ્ય શ્રેષ્ઠ કે ભક્તિ શ્રેષ્ઠ –તે કહો ?' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, 'ભક્તિ શ્રેષ્ઠ.' પછી બાપાશ્રી બોલ્યા જે, 'ભક્તિમાંથી વૈરાગ્ય આવે.' પછી સંતમંડળને કહ્યું જે, 'કેમ, વૈરાગ્ય રાખો છો ને ભક્તિ કરો છો ? જો વૈરાગ્ય રાખીને ભક્તિ કરશો તો મહારાજ રાજી થશે.' પછી બોલ્યા જે, 'મળે તેટલું જમવું નહિ; પત્તર ભરીને ખૂબ જમીએ તો કૂખો તણાય ને ભગવાનની સ્મૃતિ રહે નહિ; માટે યુક્ત આહાર કરવો, પાણી નાખી મેળાવીને જમવું' –એમ કહીને બોલ્યા જે, "અમને સારાં સારાં ભોજન જમવાની રુચિ નથી માટે નિઃસ્વાદી થઈને જમવું; પણ સ્વાદ કરીને જમવું નહિ ને સ્વાદ તો ઝેર છે. તે ખાવામાં ત્યાગ ન રાખીએ તો વૈરાગ્ય શાનો ? ને 'જ્ઞાન સમ વસ્ત્ર નહિ, ધીરજ સમ નહિ ઢાલ; શીલ સમ સિંહાસન નહિ.' ત્યાગી સાધુએ શીલ જે બ્રહ્મચર્ય વ્રત –તેને રાખવાનું ઘણુ યત્ન કરવું. તેમાં પ્રથમ આહાર નિયમમાં રાખવો, પછી દેહને નિયમમાં કરવો, રસના ઇંન્દ્રિયને જીતવી. પ્રાણને નિયમમાં કરીને મનની વૃત્તિ મૂર્તિમાં રાખવી. દેહદમન ને વિચાર સદાય રાખવાં અને નેત્ર ને શ્રોત્ર ઇંન્દ્રિયને નિયમમાં રાખવી. વાણી જીતવી. સારો સ્પર્શ ત્વચાએ કરીને તજવો. સારા સાધુનો સંગ રાખવો. બરોબરિયાનો તથા નાની અવસ્થાવાળાનો સંગ ન રાખવો; નિષ્કામશુદ્ધિમાં નિયમ કહ્યાં છે તે રાખવાં, તો જ બ્રહ્મચર્ય વ્રત પળે. અને પુરુષને સ્ત્રીનો રાગ ને સ્ત્રીને પુરુષનો રાગ જીવમાં રહ્યો છે, તે પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેમનું ધ્યાન કરે ને તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન થાય ત્યારે રાગ માત્ર ટળી જાય. પછી શ્રીજીમહારાજ તેને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખે છે. જો મોટાનો અતિશય રાજીપો થઈ જાય, તો મોટા પુરુષ તે જીવના રાગ માત્રને ટાળી મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ ભોગવાવે. અને બ્રહ્મચર્ય રાખવાનો ઉપાય લોયાના પહેલામાં કહ્યો છે જે, 'એક તો આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત રાખવું એ આદિક જે પંચ વર્તમાન તેને દૃઢ કરીને પાળે ને ભગવાનનો મહિમા અતિશય સમજે

–એ ઉપાયે કરીને કામનું મૂળ ઊખડી જાય છે, અને કામનું મૂળ ઊખડી જાય તોય પણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ અને અતિશય કામનું મૂળ ઊખડ્યાનો તો ઉપાય એ છેઃ જે ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો.' -એમ શિક્ષાનાં વચન કહીને કથાની સમાપ્તિ કરીને બોલ્યા જે, 'સંતો ! ગાઓ ગોડી, મહારાજ આવે દોડી.' –એમ કહીને ગોડી ગાવાની આજ્ઞા કરી.

વૈશાખ સુદ ચોથને દિવસ અનાદિમુક્તશ્રી સંત-હરિભક્તોએ સહિત લખાઈવાડીએ પધાર્યા હતા ને ત્યાં વડ નીચે પૈયામાં ગાદીતકિયે આથમણે મુખે બેઠા હતા ને સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી પ્રથમનું પડ્મું વચનામૃત વાંચ્યું. તેમાં આત્મા, અનાત્મા ને પરમાત્માની વાત આવી, ત્યારે બાપાશ્રીએ સ્વામી ઘનશ્યામજીવનદાસજીને પૂછ્યું જે, 'સ્વામી ! આ વચનામૃતમાં આત્મા, અનાત્મા ને પરમાત્મા કહ્યા તે કોને જાણવા ?' ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું જે, 'આ દેહમાં રહેનારો જીવ તે આત્મા ને દેહ તે અનાત્મા ને જીવને વિષે અંતર્યામીપણે રહ્યા –એવા જે પરમેશ્વર તે પરમાત્મા જાણવા.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે મોટા સદ્‌ગુરુ છો ને આવો ઉત્તર કેમ કરો છો ? યથાર્થ ઉત્તર કરો.' ત્યારે સ્વામીએ બાપાશ્રી સાથે આત્માની એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન ધર્યું ને બાપાશ્રીએ પણ દયા કરી, તેથી હૃદયમાં શ્રીજીમહારાજ દેખાયા ને શ્રીજીમહારાજનો સિદ્ધાંત સમજાયો. પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજી બોલ્યા જે, 'સર્વ કારણના કારણ ને સર્વ અવતારના અવતારી એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પરમાત્મા કહ્યા છે. અને એ મૂર્તિના પ્રકાશને આત્મા કહેવાય છે. અને તેથી ઓરા અક્ષરકોટિ, બ્રહ્મકોટિ ને માયાનું કાર્ય તે સર્વ અનાત્મા કહેવાય છે ને આપ તો શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના અનાદિમુક્ત છો ને શ્રીજીમહારાજની ઈચ્છાથી અમને સુખ આપવા મનુષ્યરૂપે દર્શન આપો છો.' ત્યારે અનાદિમુક્તશ્રી બોલ્યા જે, ' હવે બરાબર ઉત્તર આપ્યો.' પછી બોલ્યા જે, 'મેં હું આદિ અનાદિ.' પછી બ્ર. નિર્ગુણાનંદજીની અનાદિ મુક્તપણાની વાત કરી.

પછી વળી બોલ્યા જે, 'સ્વામી નિર્ગુણદાસજી અનાદિમુક્ત હતા ને બહુ સમર્થ હતા. તેમણે ભૂજમાં સભામંડપ કરાવી દીધો, પછી સ્વામીએ બે સાધુ માગ્યા તે અમે શ્રીકૃષ્ણદાસજી તથા યોગેશ્વરદાસજીને વૈરાગ્ય કરાવીને સ્વામીની પાસે સાધુ કરાવવા મોકલી દીધા ને તેમને ઉપાધિ ઘણી હતી તેથી અમે રક્ષા કરી. વળી ગોવિંદપ્રિયદાસજીને પણ ઘણી ઉપાધિ હતી તેમની પણ રક્ષા કરી ને સાધુ કર્યા.' વળી બોલ્યા જે, 'અમે તો જીવને માયામાંથી ઉખેડીને મૂર્તિમાં જોડીએ છીએ.' –એમ વાત કરીને સંતોએ સહિત કૂવા ઉપર સ્નાન કર્યું. પછી વસ્ત્ર બદલાવીને આસને બેઠા ને

સર્વેએ બાપાશ્રીની પૂજા કરી. પછી બાપાશ્રી મંદિરમાં આવ્યા –ત્યાં ચોકમાં ખુરસી ઉપર વિરાજમાન થયા ને સંત-હરિભક્તની સભા બેઠી, ને વચનામૃતની કથા કરાવીને ગોડી-આરતી બોલ્યા. પછી કથાવાર્તા કરીને ઓરડામાં બાપાશ્રી પલંગમાં પોઢી ગયા.

હવે વૈશાખ સુદ પાંચમના બાપાશ્રી નવીવાડીએ પધાર્યા, ત્યાં જાંબુડા નીચે સભા કરીને વાતો કરી. પછી સંત-હરિભક્તોએ બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવીને પૂજા કરી ને બાપાશ્રીએ પણ સંતોની પૂજા કરી. પછી ત્રણેય સદ્‌ગુરુને ગાડીમાં બેસારી અને પોતે પણ ગાડીમાં બેસીને મંદિરમાં આવ્યા.

ત્યાર પછી છઠને દિવસ અનાદિ મુક્તરાજશ્રી ઓરડીમાં ઢોલિયે વિરાજમાન હતા ને આગળ સદ્‌ગુરુ આદિ સંત-હરિભક્ત બેઠા હતા. તે સમે ધનજીભાઈના દીકરા રામજી, લાલજી ને હરજી –તે ગાડાં લઈને સંતમંડળે સહિત બાપાશ્રીને તેડવા આવ્યા ને નારાયણપુર આવવાની પ્રાર્થના કરી, ત્યારે અનાદિ મુક્તરાજશ્રી સદ્‌ગુરુ આદિ સંતમંડળને સાથે લઈને નારાયણપુર જવા તૈયાર થયા. ઈતિ વિશ્રામ ૯૧

નારાયણપુર જતાં ખળખળિયે સ્નાન, ધનજીભાઈના દીકરા આદિ સર્વેને આપેલાં સુખ ને સંતોનું ભૂજગમન

હવે અકળિત સ્વરૂપ અનાદિ મુક્તશ્રીએ અંતર્ધાન થવાનું નક્કી કર્યું છે પણ કોઈ કળી શકે નહિ, તે સારુ કોઈને મળવું, કોઈના ઉપર રાજી થવું, પ્રસાદી આપવી, એમ સર્વે સંત–હરિભક્તને અનેક પ્રકારે પોતાના સમાગમનું સુખ આપતા હતા. પછી સર્વે સંતને સાથે લઈ ગાડામાં બેસીને નારાયણપુર જવા ચાલ્યા, તે સમે બળદિયા, કેરા, દહીંસરા, નારાયણપુર ને સુખપુર આદિ ગામના ઘણા હરિભક્ત આવ્યા હતા તે પણ કીર્તન ગાતા ગાતા અનાદિમુક્ત સાથે ખળખળિયે આવ્યા. ત્યાં અનાદિ મુક્તરાજે સર્વે સંતમંડળ તથા સર્વે હરિભક્ત સહિત જળમાં સ્નાન કર્યું ને સર્વેને મળ્યા. પછી બહાર આવી વસ્ત્ર બદલાવીને ગાડીમાં બેઠા ને સંઘ સહિત નારાયણપુર મંદિરમાં પધાર્યા. ત્યાં આરતી-ગોડી કરીને હરજીભાઈને ઘેર બાપાશ્રી જમવા પધાર્યા, ત્યાં ઠાકોરજી જમાડીને જળપાન કર્યું. પછી ધનજીભાઈના ત્રણેય પુત્રે ને તેમના કુટુંબે બાપાશ્રીની ચંદન ને ફૂલના હારથી પૂજા કરી ને બાપાશ્રી પાસે પ્રસન્નતા માગી, ત્યારે બાપાશ્રીએ અતિ રાજી થઈને આત્યંતિક મોક્ષનો વર આપ્યો. પછી બાપાશ્રી મંદિરમાં પધાર્યા ને આસને પોઢી ગયા.

હવે વૈશાખ સુદ સાતમના દિવસે અનાદિ મુક્તરાજશ્રીએ વહેલા જાગી મૂર્તિનું ધ્યાન કર્યું. પછી સ્નાન-પૂજા કરીને આસને બેઠા હતા. તે સમે લાલજી ને હરજી –તે સાકર એલાયચી નાખી

ગરમ કરેલા દૂધનો લોટો ભરીને લાવ્યા અને બાપાશ્રીને પાન કરવા આપ્યું, ત્યારે બાપાશ્રીએ થોડું પીને સર્વેને પ્રસાદી આપી. ત્યાર પછી નોમના રોજ સવારમાં બાપાશ્રીએ નાહીને પૂજા કરી અને શિક્ષાપત્રીનો પાઠ કરવા લાગ્યા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીને સંકલ્પ થયો જે, 'આજ બાપાશ્રી શિક્ષાપત્રી વાંચીને પૂરી કરે તો સારું.' તે સંકલ્પ જાણીને બાપાશ્રીએ શિક્ષાપત્રી પૂરી વાંચી ને બોલ્યા જે, ' આજ શિક્ષાપત્રીની પારાયણ પૂરી થઈ.' પછી દ્રાક્ષ ને પતાસાંની પ્રસાદી વહેંચી. પછી ઊભા થઈને બોલ્યા જે, ' આવો મળીએ; આજ તો મહારાજ ને મુક્ત કૃપાસાધ્ય થયા છે,' ત્યારે સર્વે બાપાશ્રીને મળ્યા. પછી વળી કહ્યું જે, સંતો ! આજ તમારે ભૂજ જવાનું છે માટે લાલજીને કહો, જે ગાડાંની સગવડ કરે. અને ગાડાં કેટલાં જોઈશે?' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'બાવીસ મૂર્તિ સંત-પાર્ષદ છે, તે ગાડાં ચાર ખપશે.' ત્યારે બાપાશ્રીએ લાલજીને કહ્યું જે, 'સંતને ચાર ગાડાં જોઈશે.' ત્યારે લાલજીએ તે પ્રમાણે ગાડાંની સગવડ કરી. હવે બાપાશ્રી ઢોલિયે બેઠા હતા ને મંદિરના પૂજારી નારાયણભાઈ બાઈઓના મંદિરમાંથી સુખડીના લાડુ લાવ્યા, તે લાડુ બાપાશ્રીએ લઈને સર્વે સંતને એકેક લાડુ આપ્યો ને બોલ્યા જે, 'અમારે પારાયણ પણ થઈ ને આ રસોઈ પણ થઈ –તે આ મોટો યજ્ઞ થયો.' પછી બાપાશ્રી લાલજીભાઈના ઘેર જમવા પધાર્યા, અને જમીને ત્યાં જ પોઢી ગયા ને સંતમંડળ મંદિરમાં રસોઈ કરીને જમ્યા. પછી લાલજી તથા હરજી સંતને ઘેર તેડી લાવવા સારુ મંદિરમાં આવ્યા, એટલે સંતમંડળ એમની સાથે તેમના ઘેર ગયા ને સંતો બાપાશ્રીનાં દર્શન કરીને કીર્તન બોલ્યા ને બાપાશ્રીને ચંદન ચર્ચીને હાર પહેરાવ્યા. પછી રામજી, લાલજી ને હરજી –તેમણે બાપાશ્રીની પૂજા કરીને હાર પહેરાવ્યા ને મસ્તકે ભારે પાઘ બંધાવી. ત્યાર બાદ સંતમંડળની પૂજા કરીને હાર પહેરાવ્યા ને વસ્ત્ર ઓઢાડ્યાં, પછી દંડવત્ કરીને પગે લાગ્યા. ત્યારે મુક્તરાજશ્રીએ ત્રણેય ભાઈને ચંદન ચર્ચીને પ્રસાદીના હાર પહેરાવ્યા ને બોલ્યા જે, ' જેવા ધનજીભાઈ અમારા હતા તેવા જ તમે ત્રણેય ભાઈ અમારા છો ને સુપાત્ર છો અને ધનજીભાઈના જેવો જ તમારો વ્યવહાર ચાલશે ને સત્સંગની સેવા પણ એમના જેવી જ કરો છો, ને કરજો.' પછી સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ' આપ એમને આલોક-પરલોકમાં સુખી રાખશો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ' આ મારા દીકરા છે; તેમની ચિંતા મારે છે. –એમ રાજી થઈને વર આપ્યો. પછી સંત સહિત મંદિરમાં આવ્યા ને સંતોને કહ્યું જે, ' ગાડાં આવે ત્યારે સામાન ભરાવજો.' ત્યાં જ ગાડાં આવ્યાં, તેમાં સામાન ભરાવ્યો ને તે ગામના હરિભક્તો પણ સર્વે આવ્યા ને બાપાશ્રી પાલખીમાં બેઠા અને હરિભક્ત પાલખી ઉપાડીને સંતની સાથે વળાવવા ચાલ્યા, ને સડકે આવી પાલખીથી ઊતરીને સર્વે સંતોને મળ્યા અને ગોળ ને સુખડીની પ્રસાદી સર્વે હરિભક્તને વહેંચી આપી. પછી દયાળુ મૂર્તિ બાપાશ્રી બોલ્યા

જે, 'આ ઈશ્વર બાવો ગાડે બેસે, પછી અમે પાલખીએ બેસીએ.' –એમ કહી તેમને ગાડે બેસારીને પછી પોતે પાલખીએ બેઠા ને સંતોને કહ્યું જે, ' ભૂજમાં ચાર દિવસ રહેજો.' પછી ગાડાં ચાલ્યાં ને પોતે મંદિરમાં આવી ગાડી જોડાવીને ખળખળિયે સ્નાન કરવા પધાર્યા. ત્યાં સ્નાન કર્યું ને સર્વે સત્સંગીઓને મળ્યા ને પ્રસાદી વહેંચી આપી. પછી પોતે વૃષપુર પધાર્યા ને સંતો ભૂજ ગયા ને ત્યાં રહ્યા. ત્યાર પછી બાપાશ્રી વૈશાખ સુદ દશમના રામપુર ગયા ને એકાદશીના વૃષપુર આવ્યા. ઈતિ વિશ્રામ ૯૨

સદ્‌ગુરુને છેલ્લીવાર મેળાપ, સ્વકૃત યજ્ઞનો મહિમા, અલૌકિક વાતો, ધામમાં જવાનું કહેવાપૂર્વક સદ્‌ગુરુને રાખવાનો અતિ આગ્રહ ને જતી વખતે આશીર્વાદ–મળવું વગેરે

હવે સદ્‌ગુરુ આદિ સંતમંડળ ગયા પછી અનાદિ મુક્તરાજશ્રીએ એમ ધાર્યું જે, ' હવે મારે અંતર્ધાન લીલા કરવાની છે, માટે સંતને ભૂજથી તેડાવીને મારો છેલ્લો મેળાપ કરાવું : જે તેમને સંભારવા થાય.' –એમ સંકલ્પ કરીને બારસના દિવસે અરજણભાઈના દીકરા રામજીને સંતમંડળને તેડવા ભૂજ મોકલ્યા. તેણે ભૂજ આવીને સંતને વાત કરી જે, 'તમને બાપાશ્રીએ તેડાવ્યા છે.' પણ બીજે દિવસ વિઠ્ઠલજીભાઈની રસોઈ હતી તેથી સંતને રોક્યા ને તેરસની એમની રસોઈ જમીને સંતો વૃષપુર આવ્યા. તે સમે બાપાશ્રી ચોકમાં સૂતા હતા તે બોલ્યા જે, ' અમો વાટ જોઈને રહ્યા હતા ત્યાં તમે આવ્યા; તે બહુ સારું થયું' –એમ કહીને સર્વેને મળ્યા ને બોલ્યા જે, તમારા વિના સર્વે સૂનું ભાળીને અમને વિચાર થયો જે, ' અમારા સંતને બોલાવીએ, પછી તમને તેડાવ્યા ને તમે આવ્યા તે સારું થયું ને બહુ આનંદ થયો.' પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીને કહ્યું જે, ' તમારે જવું હતું પણ અમે પાછા વાળ્યા; અમે તમને સ્નેહરૂપી નેવળ બાંધીને રાખીએ તેવા છીએ તે આગળ ફરી વળ્યા ને પાછા વાળી લાવ્યા. હવે જવાનો સંકલ્પ કરતા નહિ.' પછી વાત કરી જે, "અહીં હાલ વિવાહ ચાલે છે તે લોકો ગાંડા થઈ ગયા છે અને તે સર્વે એક સાથે વિવાહ કરે છે એટલે ખર્ચ ઓછું થાય; કેમ જે એક ઘરના માણસો આવે એટલાં જ જમાડવા પડે, ને આપણે જે યજ્ઞરૂપ પુરુષોત્તમ વિવાહ કર્યો હતો, એમાં તો બહુ જ ખર્ચ થયું હતું. તે આપણે યજ્ઞ કર્યો એવો તો મોટા રાજાથી પણ બની શકે નહિ. ને આપણે તો 'હાજી કહેતા હજારું ઊઠતા, ચાલતા લશ્કર લારજી;' –એવું છે ને 'સાહેબ સરીખા શેઠિયા, વસે નગરકી માંહી; તાકે ધનકી કહા કમી, જાકી હૂંડી ચલે નવખંડ માંહી.' –એમ છે. તે રાજાને ત્યાં પણ સેવા કરનાર ન હોય એવા તો અહીં સેવક છે. આ સેવક તો મૂર્તિમાં રહીને સેવા કરે છે તે મૂર્તિ વિના બીજું દેખે જ નહિ, તો બીજું

અંતરમાં પેસે ક્યાંથી ? એવા સેવકો હતા. એવા ભક્તને આ પુરુષોત્તમની સાથે વિવાહ થાય છે પણ બીજાથી પુરુષોત્તમ વરાય નહિ, તે આ પુરુષોત્તમ વિવાહ કર્યો તેમાં અનંત ભક્ત પુરુષોત્તમને વર્યા." –એમ વાત કરીને ઓરડામાં પોઢવા પધાર્યા.

પછી બીજે દિવસ નિત્યવિધિ કરીને ઢોલિયે બેઠા ને વિઠ્ઠલજીની રસોઈનો થાળ જમ્યા ને સાંજના સંત-હરિભક્તોએ સહિત છત્રીએ પધાર્યા, ત્યાં ટીકાએ સહિત 'વચનામૃત'ની કથા વંચાવીને સાંભળતા હતા. તે સમે દેવરાજભાઈ તથા નારાયણપુરના હરજી તથા લાલજી –તેમણે બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો જે, 'શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહે છે તેઓ મૂર્તિ જેવા જ મૂર્તિમાન છે, માટે તે બધાય મુક્ત મૂર્તિમાં કેવી રીતે રહ્યા હશે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'જેમ બિલોરી કાચમાં સભા જણાય છે તેમ મૂર્તિમાં મુક્ત રહ્યા છે; તે મૂર્તિનું એવું અલૌકિક ઐશ્વર્ય જ છે. તે જેમ ચિંતામણિમાંથી બ્રહ્માંડ ભરાઈ જાય એટલાં પદાર્થ નીકળે છે તોપણ ચિંતામણિ દૂબળી થાતી નથી અને સર્વે તેમાં સમાઈ જાય તેને કરીને પુષ્ટ થતી નથી; જેવી હોય તેવીને તેવી જ રહે છે, એવું અદ્‌ભુત સામર્થ્ય તો જડ વસ્તુમાં પણ જેના પ્રતાપથી આવ્યું છે એવા દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ તેમાં સર્વે મુક્ત સમાઈ જાય તેમાં શું આશ્ચર્ય છે ? એ તો હોય જ.'

વળી તેમણે પૂછ્યું જે, 'મૂર્તિમાં મુક્ત રહ્યા છે તેમને સુખ સરખું આવતું હશે, કે અધિક ન્યુન આવતું હશે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સુખ તો જેટલો મહિમા સમજાય એટલું આવે ને જેમ જેમ મહિમા વધુ સમજાતો જાય છે તેમ તેમ સુખ પણ વધતું જાય છે, માટે પાત્રની તારતમ્યતા પ્રમાણે સુખ આવે છે.' –એમ વાતો કરીને બાપાશ્રી સર્વેને મળ્યા. પછી મંદિરમાં પધાર્યા.

ત્યાર પછી વૈશાખ સુદ પૂર્ણિમાને દિવસ સંત-હરિભક્ત સહિત બાપાશ્રી નવીવાડીએ પધાર્યા ને ત્યાં સભા કરીને વાતો કરી. પછી સંતને કહ્યું જે, 'હજુ આંબામાં કેરીઓ કાચી છે, તે પાકશે ત્યારે તમને જમાડશું માટે ત્યાં સુધી રહો ને ભૂજ ને માધાપર સમૈયામાં આપણે ભેગા ચાલશું. પછી ત્યાંથી જાઓ તોય તમારી મરજી ને પાછા આંહીં આવો તો ઘણું સારું; આપણે ઘેર રોટલા ઘણાય છે તે જમાડશું ને ભગવાન ભજશું, અસાડ માસ રહીને પછી જાજો. અમારી મરજી તો ત્યાં સુધી રાખવાની છે; કેમ જે આ જોગ ક્યાંથી મળે ? માટે રહો તો સારું; પછી તમારી મરજી. અને આ વખતે તો તમને જવા દેવાની મારી ઇચ્છા જ થતી નથી.' –એમ બાપાશ્રીએ પોતાને અસાડ માસમાં અંતર્ધાન લીલા કરવાની છે એ વાત મર્મમાં જણાવી પણ પોતાને જાણવા દેવી હતી નહિ, તેથી કોઈ જાણી શક્યા નહિ. તેથી જ કેટલાક સંતને દેશમાં જવાનો સંકલ્પ મટ્યો નહિ ને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ કેટલાક સંતને જવાનો સંકલ્પ હતો નહિ પણ બાપાશ્રીએ સર્વેને ભેગા જવાની આજ્ઞા કરી હતી, તેથી નોખું પડીને રહેવાય તેમ હતું નહિ.

પછી બીજે દિવસે સવારમાં કથાની સમાપ્તિ કરીને અનાદિ મુક્તરાજ બાપાશ્રી બોલ્યા જે, 'સંતો ! તમારે કેમ છે, જવાનો વિચાર છે; કે રહેશો ?' ત્યારે કેટલાક સંતે કહ્યું જે, 'બાપા ! અમારે ધર્માદો ઉઘરાવવાનું કામ છે તે જવું જોઈએ, પણ જો આપ કહો તો જઈએ.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમે તો રહો તોય રાજી ને જાઓ તોય પણ રાજી; જેમ તમારી મરજી હોય તેમ કરો.' ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતે કહ્યું જે, 'આપ રાજી છો માટે જઈશું.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આજ સંધ્યા-આરતી કરીને રવાના થાઓ; ગાડાં મેલવા આવશે ને સવારે ભૂજસ્ટેશન નાહી પૂજાઓ કરીને રેલમાં ચઢી જાજો.' ત્યારે સર્વે સંતમંડળ ઠાકોરજીના થાળ કરીને તથા જમીને ઓસરીમાં કથા કરવા બેઠા, ને અનાદિ મુક્તરાજ બાપાશ્રી સભામાં આસને આવીને વિરાજમાન થયા. પછી સદ્‌ગુરુ આદિ સંતમંડળ બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવીને આશીર્વાદ માગવા લાગ્યા. ત્યારે મુક્તરાજશ્રીએ રાજી થઈને કહ્યું જે, 'તમને સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખ્યા છે અને મૂર્તિના સુખે સુખિયા કર્યા છે ને કરશું.' -એમ કહી ઓરડામાં જઈને ઢોલિયામાં પોઢી ગયા. પછી ચાર વાગે જાગીને જળપાન કર્યું ને સંતમંડળ જવા તૈયાર થઈ બાપાશ્રી પાસે આવીને બેઠા. પછી સંધ્યા-આરતી કરી ઠાકોરજીને દંડવત્ કરીને દર્શન કર્યાં અને બાપાશ્રીને પણ દંડવત્ કરીને મળ્યા ને ગાડામાં સામાન નાખીને ચાલ્યા, ત્યારે ગામના હરિભક્તોએ સહિત બાપાશ્રી પાલખીમાં બેસી હરિભક્ત પાસે પાલખી ઉપડાવીને નદી સુધી સંતને વળાવવા આવ્યા ને ત્યાં ફેર સંતને મળીને જવાની આજ્ઞા કરી, એટલે સંત ચાલ્યા ને બાપાશ્રી હરિભક્તોએ સહિત મંદિરમાં પધાર્યા. ઇતિ વિશ્રામ ૯૩

નારાયણપુર થઈ ભૂજકથામાં ગમન, માધાપુર-મૂર્તિપ્રતિષ્ઠા, ભૂજમંદિરની વાડીમાં નિવાસ, પૂર્ણ કરેલા ભક્તજનના મનોરથ ને મુનિને અનુગ્રહ વગેરે

પછી તે સદ્‌ગુરુ આદિ સંતને બાપાશ્રીના આશીર્વાદથી ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિ દેખાતી હતી ને તેઓ મૂર્તિમાં રહીને કથાવાર્તા-ધ્યાનભજન કરતા ને અનંત જીવોને તેવા સુખિયા કરતા હતા. હવે સંત ગયા પછી અનાદિમુક્તશ્રી પોતાના માવજી, જાદવજી અને હરજીને સાથે લઈને છેલ્લીવાર નારાયણપુર હરજીભાઈને ઘેર પધાર્યા ને તેમને ઘેર થાળ જમ્યા. પછી હરજીભાઈના માવજીના લગ્નમંડપનું મુહૂર્ત (માણેકસ્થંભારોપણ વગેરે) કરીને પોતાના હાથે સર્વેને ખારેકો વહેંચી તે બાવીસ મણ ખારેકો વપરાણી. પછી લાલજીભાઈ તથા હરજીભાઈ આદિ સર્વેએ બાપાશ્રીની પૂજા કરી ને બાપાશ્રી સર્વેને રાજી કરીને વૃષપુર પધાર્યા.

ત્યાર પછી જ્યેષ્ઠ સુદ બીજને દિવસ ભૂજમંદિરમાં 'સત્સંગિજીવન'ની કથા બેઠી, તેમાં અનાદિ મુક્તરાજશ્રી સુદ પાંચમના નવ વાગે ભૂજ પધાર્યા ને ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી

સભામંડપમાં આવ્યા, એટલે સર્વે સંત બાપાશ્રી પાસે આવ્યા ને બાપાશ્રીએ સર્વેને મળી દર્શન દઈને રાજી કર્યા.

હવે તે દિવસ માધાપુરના બન્ને મંદિરમાં મૂર્તિઓ પધરાવવાની હતી અને સંત-હરિભક્ત બાપાશ્રીને આવવાની વાટ જોતા હતા, તેને બાપાશ્રી અંતર્યામીપણે જાણીને તેમના મનોરથ પૂરા કરવા સારુ પોતે પ્રથમ ભૂજ-બાઈઓના મંદિરમાં જમી પોતાની ગાડીમાં બેસીને માધાપુર પધાર્યા. ત્યાં સર્વે હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરીને અતિ આનંદ પામ્યા; કેમ જે બાપાશ્રીના હાથે ભાઈઓના મંદિરમાં મૂર્તિ પધરાવવાની ઇચ્છા હતી ને સંતો સિંહાસનમાં મૂર્તિ પધરાવતા હતા પણ બેસતી આવતી નહોતી, તે વાર બહુ લાગી એટલામાં બાપાશ્રી આવ્યા ને બાપાશ્રીએ સંતને કહ્યું જે, 'આ મૂર્તિ આ સિંહાસનમાં પધરાવો ને આ ખંડની ઓલા ખંડમાં પધરાવો.' – એમ કહીને પોતાને હાથે મૂર્તિઓ ફેરવીને પધરાવી ને બરાબર બેસતી થઈ ગઈ. તે ચમત્કાર જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા. પછી મૂર્તિઓની પૂજાવિધિ કરીને આરતી ઉતારી. આવી રીતે બાપાશ્રીના બિરદ હસ્તે મૂર્તિઓ પધરાવાણી તેથી સર્વે સંત-હરિભક્તના મનોરથ પૂરા થયા. પછી બાપાશ્રી બાઈઓના મંદિરમાં મૂર્તિઓ પધરાવવા પધાર્યા, ત્યાં પણ સંત-હરિભક્ત સહિત બાપાશ્રીએ મૂર્તિઓ પધરાવી. પછી બાપાશ્રી ત્યાંથી નારાયણભાઈની મેડી ઉપર પોઢ્યા અને સાંજના ભૂજ આવ્યા ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને સભામાં આવ્યા. ત્યાં દર્શન કરી પુસ્તક ને પુરાણીની પૂજા કરીને સભામાં ગાદીતકિયે બેઠા. પછી કથાના 'શ્રીપતિમ્' થયા, ત્યારે બાપાશ્રી બાઈઓના મંદિરમાં જમીને વાડીએ પધાર્યા ને ગરમીના દિવસ હતા તેથી સૂવા બેસવાનું આસન મંદિરની વાડીએ રાખ્યું હતું ને વાડીમાં રાત્રીએ વચલા ઓરડામાં પોઢતા. અને સવારમાં સ્નાન-પૂજા કરી છત્રીના ઓટા ઉપર બેસી વચનામૃત વંચાવીને સાંભળતા તથા વાતો કરતા ને આઠ વાગે મંદિરમાં કથામાં પધારતા, ને દિવસે બાર વાગ્યા પછી વાડીમાં જે બંગલો છે તેની ઓસરીમાં પોઢતા ને બહુધા તો દિવસના વાંસડાના થૂમડા નીચે પોઢતા ને સેવકો ચારે તરફ પાણી છાંટીને ઠંડી હવા કરતા. અને બાપાશ્રી સવારના સાત વાગે ગાડીમાં બેસીને મંદિરમાં પધારતા અને ઠાકોરજી ને સંતનાં દર્શન કરી કથાની પૂજા કરીને સભામાં ગાદીતકિયે બેસતા ને 'શ્રીપતિમ્' થયા પછી સભામંડપમાં બ્રહ્મચારીનું આસન જ્યાં રહેતું ત્યાં બાપાશ્રીનું આસન રાખ્યું હતું, ત્યાં આવીને ઘડીક આડે પડખે થતા ને હેતવાળા સર્વે સંત-હરિભક્ત પાસે આવીને બેસતા ને બાપાશ્રી રહસ્યની વાતો કરતા.

એક દિવસ કથા ઊઠી ત્યારે બાપાશ્રી આસને આવીને બેઠા ને સાધુ કેશવપ્રિયદાસ તથા દેવરાજભાઈ, ભોગીલાલભાઈ, મોતીભાઈ, વિઠ્ઠલજીભાઈ ને લાલશંકરભાઈ આદિ હરિભક્ત

પાસે બેઠા હતા. તેવખતે બાપાશ્રીએ સાધુ કેશવપ્રિયદાસને કહ્યું જે, 'પુરાણી ! તમે 'સત્સંગિજીવન'ની કથા વાંચો છો ને અમે વાડીમાં 'હરિવાક્યસુધાસિંધુ'ની કથા વંચાવીને સાંભળીએ છીએ. તે સુધાસિંધુ કારણ છે ને શ્રીજીમહારાજના મુખનાં વચન છે માટે આ કથા તેના તુલ્ય ન થાય, માટે વચનામૃતનું રહસ્ય જીવમાં ઉતારવું ને જીવમાં મૂર્તિ પધરાવવી; ત્યારે જ કારણ શરીર બળે.' ત્યારે મુનિ કેશવપ્રિયદાસે બાપાશ્રીને હાથ જોડીને કહ્યું જે, 'હે કૃપાળુ ! આપ દયા કરીને અમારા કારણ શરીરના ભાવ ટાળીને મૂર્તિમાં સાક્ષાત્ જોડી દો ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તમારે કારણ શરીર ક્યાં છે ? બળી ગયું છે; તમને તો અનાદિમુક્ત કર્યા છે ને મૂર્તિમાં રાખ્યા છે.' –એમ કહીને બોલ્યા જે, 'શ્રીજીમહારાજના સંત-હરિભક્ત છે તે તો મૂર્તિને સન્મુખ રમે છે. જેમ ભમરો પુષ્પ ઉપર ગુંજારવ કરે છે ને સુગંધ લે છે, તેમ મૂર્તિ સન્મુખ રમે તો કારણ શરીર બળી જાય, પણ કાર્યમાં અથમગથમ કર્યા કરે તેમાં કારણ શરીર બળે નહિ ને મૂર્તિનું સુખ પણ આવે નહિ માટે શ્રીહરિજીની મૂર્તિમાં વળગવું. અમે તો વનમાં હોઈએ, ડુંગરામાં બેઠા હોઈએ, ઝાડ હેઠે બેઠા હોઈએ પણ મૂર્તિ વિના લૂખા ન રહીએ; અમે તો સદા મૂર્તિમાં જ રહીએ છીએ. તે મૂર્તિ વિના એક અણુ માત્ર પણ ખાલી જગ્યા દેખતા નથી; એકરસ તેજને વિષે તેજોમય મૂર્તિમાં રહ્યા છીએ. ' વળી કહ્યું જે, 'પુરાણી મહારાજ ! તે મૂર્તિ વિના અણુ માત્ર પણ ક્યાંય ખાલી નથી, ત્યારે હવે દેહ મેલીને જાવું ક્યાં ?' ત્યારે કેશવપ્રિયદાસે કહ્યું જે, 'એવી સ્થિતિવાળાને તો જવું-આવવું ક્યાંય નથી.' પછી બાપાશ્રીએ ભોગીલાલભાઈને કહ્યું જે, 'તમારા દાદા માધવજી ને તમારા પિતા પુરુષોત્તમભાઈ –એ અમારા હતા; અમે તેમને અક્ષરધામમાં લઈ ગયા છીએ, તમે પણ અમારા જ છો; તમને પણ મૂર્તિમાં રાખ્યા છે. હવે અમે તો અક્ષરધામમાં જઈને બેસશું, પણ કેડે જે રહ્યા તેમનું શું થશે -એમ સમજશો નહિ; અમે તો અક્ષરધામમાં બેઠા થકા પણ કેડે રહ્યા જે ભક્તજન તેમની ખબર રાખશું.' ત્યારે દેવરાજભાઈએ કહ્યું જે, 'ખરું બાપા !' ત્યારે બાપાશ્રીએ તેમના (દેવરાજભાઈના) સામો હસ્ત કરીને કહ્યું જે, 'તમે તો પૂરું કરી લીધું છે ને ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચી ગયા છો.'

પછી સ્વામી ભક્તિપ્રિયદાસજી આવ્યા ને બાપાશ્રીને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'આ સત્સંગીઓને સાચવજો; અમે તો હવે પચીસ-ત્રીસ દિવસના મહેમાન છીએ.' –એમ કહીને કેટલીક ભલામણ કરી, ને પોતે જમવા પધાર્યા ને જમીને વાડીએ આવ્યા. પછી બાર વાગે સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ એ બે સંત વાડીએ આવ્યા ને બાપાશ્રીના ઢોલિયા પાસે વીરણવાળાની ટટ્ટીઓ બંધાવી ને પાણી છાંટીને ઠંડી હવા કરી, અને બાપાશ્રી જાગ્યા ત્યારે જળપાન કરાવ્યું ને પાકાં આમ્રફળ સુધારીને જમાડ્યાં. પછી

ભોગીલાલભાઈ, લાલશંકરભાઈ ને મોતીભાઈ આદિ સર્વે બાપાશ્રી પાસે આવ્યા અને દર્શન કરીને પાસે બેઠા ને બાપાશ્રીએ વાતો કરી. પછી સાંજના બાપાશ્રી ગાડીમાં બેસીને કથામાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પૂજા કરીને ઘડીક કથામાં બેઠા, ત્યાં કથા ઊઠી એટલે બાપાશ્રી સર્વેને દર્શન દઈ બાઈઓના મંદિરમાં વાળુ કરીને વાડીએ પધાર્યા, ને ત્યાં વાંસડા નીચે ઢોલિયામાં પોઢી ગયા. ઈતિ વિશ્રામ ૯૪

બાપાશ્રીએ ભૂજમાં છેલ્લીવાર સર્વેને આપેલાં અઢળક સુખ

ત્યાર પછી અનાદિમુક્તશ્રી કથાને છઠ્ઠે દિવસ સવારમાં સ્નાન-પૂજા વગેરે કરીને વાડીથી મંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને સભામાં આવ્યા, ત્યાં કથાની પૂજા કરીને સભાનાં દર્શન કર્યાં. પછી સભામાં ગાદીતકિયે બેઠા. ત્યાર પછી કથા ઊઠી એટલે બાપાશ્રી આસને આવીને સૂતા ને હરિભક્તો પાસે આવીને બેઠા. ત્યારે બાપાશ્રીએ ભોગીલાલભાઈને કહ્યું જે, 'હવે બેસાતું નથી; બેસવાથી પેટમાં દુખાવો થાય છે.' ત્યારે ભોગીલાલભાઈએ કહ્યું જે, 'બાપા ! હવે આપને અવસ્થાને લઈને બેસવું કઠણ પડે, માટે બેસવું નહિ.' પછી પુ. ધર્મજીવનદાસજીએ આવીને બાપાશ્રીનાં દર્શન કર્યાં ને તેમણે બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! હું તમારો ચેલો છું.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે તો ભક્તિપ્રિયદાસજીના ચેલા છો.' પછી સાધુ હરિચરણદાસજી આવ્યા ને બાપાશ્રીને હાર પહેરાવીને પૂજા કરી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ અમારા સાધુ છે માટે તેમને અમે અમારા ભેગા મૂર્તિમાં રાખશું.' –એમ સર્વેને અઢળક ઢળીને સુખ આપતા.

એક દિવસ સવારની કથા થઈ રહ્યા પછી સાધુ કેશવપ્રિયદાસ દહીં લાવ્યા ને બાપાશ્રીને પાન કરવાનું કહ્યું. ત્યારે બેઠા થઈને દહીં પીધું ને સર્વેને પ્રસાદી આપી, ને બાઈઓના મંદિરમાં જમીને વાડીએ પધાર્યા. ત્યાં વાંસડા નીચે ઢોલિયામાં પોઢ્યા ને ઉપર ઉલેચ બાંધ્યો હતો અને વાંસડામાં તથા ઉલેચના કપડામાં સારી પેઠે જળ છાંટીને ઠંડી હવા કરી હતી ને ઘણાક હરિભક્ત બાપાશ્રીના ઢોલિયાને ચારે કોર બેઠા હતા ને કેટલાક પાણી લાવીને છાંટતા. પછી બાપાશ્રી જાગ્રત થયા, ત્યારે સાધુ કેશવપ્રિયદાસે બાપાશ્રીને જળપાન કરાવીને આંબાનો રસપાન કરાવ્યો. પછી સર્વેને પ્રસાદી આપી ને માધાપુરની કથાની વાત કરી જે, 'પૂનમનું ગ્રહણ છે માટે કથાની વચ્ચે ગ્રહણ આવે, તેમ પારાયણ ન બેસારવી.' –એમ માધાપુરના હરિભક્તને કહ્યું.

હવે ભૂજમાં જ્યેષ્ઠ સુદ નોમ[૧] ને રવિવારે કથાની સમાપ્તિ છે, તેના આગલા દિવસે ભોગીલાલભાઈ તથા લાલશંકરભાઈએ બાપાશ્રીને પોતાને ઘેર તેડી જવાની પ્રાર્થના કરી અને

૧. તિથિ વધવાથી ૯ દિવસની કથા હતી.

તેમણે ભોગીલાલભાઈને ઘેર સેવકે સહિત બાપાશ્રીને જમાડવા સારુ સાંખ્યયોગી બાઈઓ પાસે થાળ પણ કરાવ્યો હતો, તેથી બાપાશ્રી દેવરાજભાઈ આદિ સર્વેને સાથે લઈ ભોગીલાલભાઈને ઘેર જમવા પધાર્યા. ત્યાં બાપાશ્રી મોતૈયા લાડુ, શીરો, પૂરી, શાક, પાક આદિ ભોજન જમ્યા, ને જમીને દેવરાજભાઈ, હરજીભાઈ, લાલજીભાઈ, ખીમજીભાઈ તથા મોતીભાઈ આદિ સર્વેને પોતે પીરસીને જમાડ્યા. પછી ભોગીલાલભાઈની બેઠકમાં ઢોલિયે પોઢ્યા. પછી જાગીને લાલશંકરભાઈને ઘેર પધાર્યા, ત્યાં લાલશંકરભાઈએ સાકર નાખીને તરબૂચનું પાણી પાયું. પછી હાથ જોડીને પ્રાર્થના કરી જે, 'હે કૃપાળુ ! અમે જેવા છીએ તેવા તમારા છીએ, માટે દયા કરીને અમારા સર્વે દોષ ટાળીને મૂર્તિમાં ભેગા રાખશો.' ત્યારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું કે, 'તમારું સર્વેનું આત્યંતિક કલ્યાણ કરશું.' –એમ સર્વેને વર આપ્યો. તે સમે સર્વે સાધુ વાડીમાં હરિભક્તને રસોડે ઠાકોરજી જમાડવા ગયા હતા ને બાપાશ્રીને પણ ત્યાં પધારવાનું કહ્યું હતું તેથી બાપાશ્રી ગાડીમાં બેસીને વાડીએ પધાર્યા, ત્યાં રસોડામાં સુખડી, મોતૈયા લાડુ આદિ પકવાન હતાં તેને બાપાશ્રીએ હાથ ફેરવીને પ્રસાદીનાં કરી આપ્યાં. પછી હરિભક્તો સર્વે જમવા બેઠા ને બાપાશ્રી હરિભક્તની પંક્તિમાં ફરી સર્વેને દર્શન દઈને છત્રીના ઓટે બેઠા ને સોની મોતીભાઈ પણ પાસે બેઠા હતા. તે સમે દવે વિઠ્ઠલજીભાઈએ આવીને બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'બાપા ! મારા ઉપર દયા કરીને મારે ઘેર જમવા પધારો; મેં રસોઈ તૈયાર કરીને રાખી છે.' ત્યારે બાપાશ્રી સાંજના મોતીભાઈને સાથે લઈને તેમને ઘેર જમવા પધાર્યા. ત્યારે વિઠ્ઠજીભાઈએ બાપાશ્રીને પાટલા ઉપર જમવા બેસાર્યા ને થાળમાં મેસૂર, મોહનથાળ, પાતરા, ઘારી, જલેબી, ગુલાબજાંબુ ને શીખંડ વગેરે ભોજન પીરસ્યાં, ત્યારે બાપાશ્રી જમવા લાગ્યા ને વિઠ્ઠલજીભાઈ તથા શંભુભાઈ વીંજણાથી વાયરો નાખવા લાગ્યા. એવી રીતે બાપાશ્રીને જમાડ્યા ને બાપાશ્રી જમી જળપાન કરીને વાડીએ પધાર્યા ને ઢોલિયામાં પોઢી ગયા.

ત્યાર પછી નોમને દિવસ બાપાશ્રી સવારમાં સ્નાન-પૂજા કરીને મંદિરમાં આવ્યા અને ઠાકોરજી ને સંતના દર્શન કરીને સભામાં આસને બેઠા. અને તે દિવસ કથાની પૂર્ણાહુતિ થઈ, ને કથા કરાવનાર મિસ્ત્રીએ કથાના પુસ્તકની, પુરાણીની, બાપાશ્રીની તથા સર્વે સંતસભાની પૂજા કરી. તે વખતે મંદિરમાં હરિભક્તની ઘણી જ ભીડ થઈ હતી, તેથી અનાદિ મુક્તરાજ બાપાશ્રી બાઈઓના મંદિરમાં જમી આવીને મેડા ઉપર પોઢી ગયા ને પછી ત્રણ વાગે જાગ્યા, ત્યારે મિસ્ત્રી મનજીભાઈ અને તેમના ભાઈ ઉમરસી તથા રણછોડ –તે બાપાશ્રી પાસે આવીને બેઠા ને બાપાશ્રીએ મનજીભાઈના દીકરાના દીકરાને વર્તમાન ધરાવ્યાં. પછી તે સર્વે પ્રત્યે બોલ્યા જે, 'તમારા દાદા જીવણભાઈ, તમારા પિતા ગોવામલભાઈ તથા હરજીભાઈ તે અમારો સમાગમ કરતા ને શ્રીજીમહારાજનું ભજન કરતા, તેમને અમે અક્ષરધામમાં તેડી ગયા છીએ ને તમે પણ

અમારા દીકરા છો માટે કહું છું : જે વ્યવહારમાંથી પાછી વૃત્તિ કરીને કથાવાર્તા-ધ્યાનભજન કરવાનો ખટકો રાખશો. હરજીભાઈ વૃષપુરમાં અમારી પાસે રહીને ધ્યાન કરતા ને તેજમાં મૂર્તિ દેખતા. તેમને અમે એવા સુખિયા કર્યા હતા ને અમે તો તમારું સર્વેનું તેમના જેવું જ પૂરું કરીશું પણ તમે ખબડદાર થઈને મહારાજની આજ્ઞામાં વર્તજો; મારા છો માટે તમને કહું છું.' –એમ ઘણીક વાતો કરી. પછી ઠાકોરજીનાં દર્શન કરી ગાડીમાં બેસીને વાડીએ પધાર્યા, ત્યાં હરિભક્તની પંક્તિઓ જમવા સારુ બેઠી હતી તેમને સર્વેને દર્શન દઈને આ વાડીએ આવ્યા અને ત્યાં ઢોલિયે વિરાજમાન થયા ને સર્વે હરિભક્ત જમીને બાપાશ્રીનાં દર્શન કરીને ચાલ્યા. ત્યાર પછી અનાદિમુક્ત બાપાશ્રી સ્નાન કરવા ઊઠ્યા ને બહિર્ભૂમિ જઈ આવીને કૂવા ઉપર આવ્યા ને સાધુ કેશવપ્રિયદાસે કૂવામાંથી જળના લોટા કાઢીને બાપાશ્રીને સ્નાન કરાવ્યું. પછી વસ્ત્ર બદલી મોતીભાઈ અને ખીમજીભાઈના હાથ ઝાલી ઢોલિયે આવીને બેઠા ને વસ્ત્ર પહેરીને તૈયાર થયા. પછી સર્વે સંત દર્શને આવ્યા તેમને મળીને બાપાશ્રી મંદિરના શિગરામમાં બેઠા. તે સમે સર્વે મિસ્ત્રીઓ દર્શન કરવા આવ્યા, એટલે ગાડી ઊભી રખાવીને દર્શન દીધાં ને સર્વેને રાજી કરીને પછી ચાલ્યા તે વૃષપુર પધાર્યા. ઈતિ વિશ્રામ ૯૫

માધાપુર-કથાયજ્ઞ, ધામમાં જવાનું સૂચન, તત્ત્વજ્ઞાનની વાતો, સંતોને છેલ્લીવાર મળ્યા ને પુરાણીના હાથે છેલ્લીવાર જળપાન

સંવત ૧૯૮૪ જેઠ વદ બીજ ને મંગળવારને દિવસ માધાપુરમાં કથા બેઠી ત્યારે અનાદિ મુક્તરાજશ્રીને ત્યાંના હરિભક્તના મનોરથ પૂરા કરવા, એવો પોતાને સંકલ્પ છે. તેથી દયાળુ મૂર્તિ દયા કરીને પોતાનાં દર્શન-સમાગમનું સુખ દેવા સારુ સવારમાં દસ વાગે માધાપુર પધાર્યા ને મંદિરના ચોકમાં મંડપ મધ્યે ગાદીતકિયે વિરાજમાન થયા અને સર્વે સાધુ-હરિભક્ત બાપાશ્રી પાસે આવીને દર્શન કરવા લાગ્યા ને બાપાશ્રી સર્વે સાધુને મળ્યા. પછી બાપાશ્રી બાઈઓને રસોડે જમીને નારાયણભાઈની મેડી ઉપર પોઢ્યા ને સાંજના મંદિરમાં પધારી ઠાકોરજી અને સંતનાં દર્શન કરીને સભામાં બેઠા, ને પુ. ધર્મજીવનદાસજી કથા વાંચતા હતા. પછી કથા ઊઠી ત્યારે કેટલાક સાધુ-હરિભક્ત બાપાશ્રી પાસે આવીને દર્શન કરવા બેઠા ને પુ. ધર્મજીવનદાસજી બાપાના ખોળામાં માથું મેલીને પગે લાગ્યા. ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, 'શું વાંચો છો ? મૂર્તિ ધારીને કથા કરજો પણ અમથા પુરાણી ન થાજો, ને અત્યારે જેવું હેત છે તેવું સદાય હેત રાખશો તો અમે ભેગા રહેશું.'

પછી બીજે દિવસ સવારની કથામાં બાપાશ્રી વિરાજમાન હતા ને પુ. હરિનારાયણદાસજી 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા વાંચતા હતા. પછી કથા થઈ રહી ત્યારે હરિનારાયણદાસજીએ

બાપાશ્રીને ચંદન ચર્ચીને હાર પહેરાવ્યો ને પગે લાગ્યા, ને બાપાશ્રી તેમને મળ્યા. પછી જમવા પધાર્યા ને બાઈઓને રસોડે થાળ કર્યા હતા તે જમ્યા ને ઉતારે જઈને પોઢી ગયા. પછી જાગ્યા, ત્યારે તે ગામના હરિભક્ત નારાયણભાઈ, જાદવજી, રામજી, માવજી, વેલજી, કલ્યાણ, મનજી, ધનજી આદિ સર્વેએ બાપાશ્રી પાસે આવીને કહ્યું જે, 'હે દયાળુ મૂર્તિ ! આપ દયા કરીને જેમ અમારા ગામમાં પધાર્યા છો તેમ દયા કરીને અમારે ઘેર પધારો; આપના ચરણકમળથી અમારાં ઘર તીર્થરૂપ થશે માટે ઘેર આવીને અમને કૃતાર્થ કરો.' ત્યારે બાપાશ્રીએ હા કહી. પછી તે હરિભક્તોએ બાપાશ્રીને પાલખીમાં બેસારી ઘેર ઘેર પધરાવ્યા અને અતિ પ્રેમથી ચંદન-પુષ્પાદિક વડે પૂજા કરીને પોતાના મનોરથ પૂરા કર્યા. –એમ ત્રણ દિવસ સુધી ગામમાં નિત્યે ફરીને સર્વનાં ઘર પાવન કર્યાં.

એક દિવસ બાપાશ્રી જાદવજી ભક્તને ઘેર પધાર્યા ને જાદવજી ભક્તે તથા તેમના પુત્ર માવજીએ બાપાશ્રીની ચંદનપુષ્પથી પૂજા કરી. પછી બાપાશ્રીએ પ્રસન્ન થઈને માવજીને કહ્યું જે, 'તમારા ઘરમાં દહીંનું ગોરસું છે તેમાંથી દહીં લાવો. પછી તે ભક્તે તાંસળીમાં લાવીને આપ્યું, તે દહીંનું બાપાશ્રીએ પાન કર્યું ને બાકી રહ્યું હતું તે પાછું આપીને કહ્યું જે, 'આ પ્રસાદી ગોરસમાં નાખો; જે જમશે તેનો મોક્ષ થશે.' –એમ વર આપ્યો.

વળી એક દિવસ બાપાશ્રી કલ્યાણ ભક્તને ઘેર પધાર્યા ત્યારે તેમણે બાપાશ્રીની પૂજા કરી. પછી તેમના ઘેર બાપાશ્રીની મૂર્તિ હતી તેને બાપાશ્રીએ હાથમાં લીધી ને બોલ્યા જે, 'હવે આ છબીનાં દર્શન કરજો; -અમે મૂર્તિમાં રહીને દર્શન દેશું, પણ આ અમારાં મનુષ્યસ્વરૂપનાં દર્શન હવેથી નહિ થાય.' –એમ ત્રણ વખત કહ્યું ને ચૌદ દિવસમાં પોતાને અંતર્ધાન થાવું છે તે જણાવ્યું, પણ કોઈને જણાવવા દેવું નહોતું તેથી તે વખતે કોઈ જાણી શક્યું નહિ. અને જ્યારે બાપાશ્રી ધામમાં ગયા ત્યારે સર્વેને ખબર પડી જે, 'બાપાશ્રીએ પોતાને અંતર્ધાન થવાની વાત આપણને અગાઉથી કરી હતી પણ આપણે જાણી શક્યા નહિ.' પછી બાપાશ્રી બાઈઓને રસોડે જમવા પધાર્યા ને ત્યાં કાનબાઈ તથા વાલબાઈ આદિ બાઈઓએ થાળ કર્યા હતા –તે બાપાશ્રીને જમાડ્યા ને બાપાશ્રી ઉતારે આવીને ઢોલિયામાં બેઠા.

તે સમે ધનજીભાઈના લાલજી તથા હરજી, ભારાસરના રામજી વાલજી ને માધાપુરના નારાયણભાઈ આદિ સર્વે દર્શન કરીને પાસે બેઠા હતા તેમને બાપાશ્રીએ વાત કરી જે, 'શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજવી; તે શ્રીજીમહારાજ કેવા છે : તો જેમનાં દર્શન પુરુષ, બ્રહ્મ ને અક્ષર આદિ અવતારને પણ દુર્લભ છે, જેમનાં દર્શન-સ્પર્શથી જીવ માયાના આવરણથી મુક્ત થઈને પુરુષ, બ્રહ્મ ને અક્ષર જેવા થાય છે ને જેમનાં જ્ઞાન-ધ્યાનથી જીવ માયાના આવરણથી

તથા અક્ષરાદિકના ઐશ્વર્યના આવરણથી મુક્ત થઈને પરમએકાંતિક ને અનાદિમુક્ત થાય છે. અને અનંત કોટિ પરમએકાંતિક મુક્ત છે તે જેમના તેજમાં રહ્યા છે ને એ શ્રીજીમહારાજના સ્વરૂપને જોઈને આનંદ પામે છે. અને જે શ્રીજીમહારાજના અનંત કોટિ અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજના સ્વરૂપમાં લીન રહીને શ્રીજીમહારાજના સ્વરૂપનો આનંદ અનુભવે છે. તે સર્વે મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા એક શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તે મને પ્રગટ મળ્યા છે એવો દૃઢ નિશ્ચય રાખવો. અને અમે પણ સ્વામિનારાયણ ભગવાનની ઇચ્છાથી આવ્યા છીએ ને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રહીએ છીએ ને તમને પણ અમારા ભેગા મૂર્તિમાં રાખશું હવે અમારો જોગ તમને ઝાઝા દિવસ રહેશે નહિ માટે વ્યવહારમાંથી પાછી વૃત્તિ વાળીને ભગવાનનું ભજન કરજો; અમે તમારો હાથ ઝાલ્યો છે તે મેલશું નહિ.' –એમ વાત કરીને પોઢી ગયા.

ત્યાર પછી બીજે દિવસ એટલે જયેષ્ઠ વદ આઠમની કથાની પૂર્ણાહુતિ છે તેથી બાપાશ્રી સવારે સ્નાન-પૂજા કરીને સભામાં આવ્યા ને ઠાકોરજી તથા સંત-સભાનાં દર્શન કરીને સભામાં વિરાજમાન થયા. પછી સમય થયો ત્યારે કથાની પૂર્ણાહુતિ કરી અને ગામના સર્વે હરિભક્તોએ કથાની ને સર્વે સંતની તથા બાપાશ્રીની પૂજા કરી. પછી બાપાશ્રી બાઈઓના ઉતારે જમવા પધાર્યા ને જમીને ઉતારે આવી પોઢી ગયા અને ચાર વાગે માંચીમાં બેસીને મંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ચોકમાં આવ્યા, ત્યાં માંચી રખાવી ઊભા થઈને કહ્યું જે, 'સંતો ! આવો છેલ્લીવારના મળીએ.' ત્યારે સર્વે સાધુ બાપાશ્રીની પાસે આવીને મળ્યા. પછી ગામના નારાયણભાઈ આદિ હરિભક્તે કહ્યું જે, 'હે બાપા ! અમારા ઉપર રાજી રહેજો ને પાછા ફરી પધારી દર્શન દેજો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તમારા સર્વે ઉપર રાજી છીએ ને અક્ષરધામમાં તેડી જઈશું અને હવે અમે તમારા ગામમાં આ સ્વરૂપે આવશું નહિ પણ દિવ્યસ્વરૂપે તો આવશું; કેમ જે હવે અમે અક્ષરધામમાં જઈને બેસશું.' -એમ કહીને પછી મુનિ કેશવપ્રિયદાસને કહ્યું જે, 'પુરાણી ! અમારી સેવા કરવા વૃષપુર ચાલો.' ત્યારે કેશવપ્રિયદાસે કહ્યું જે, 'બાપા ! ભૂજ જઈને જરૂર આવીશ.' ત્યારે વળી બાપાશ્રીએ કહ્યું જે, 'પુરાણી બચ્ચા ! એકવાર મને પાણી તો પાઓ.'ત્યારે કેશવપ્રિયદાસે દોડીને ટાઢા જળનો લોટો ભરી લાવીને અબખોરાથી બાપાશ્રીને પાણી પાયું. પછી પ્રસાદીનું પાણી દેવરાજભાઈ અને લાલશંકરભાઈને પાયું. ત્યાર પછી બાપાશ્રી હરિભક્ત પાસે પાલખી ઉપડાવીને મંદિર બહાર પોતાની ગાડી રાખી હતી તેમાં બેસીને ચાલ્યા, ત્યારે ઘણાક હરિભક્ત કેડે વળાવવા ચાલ્યા, તેમને પાછા વાળીને જયેષ્ઠ વદ આઠમના સાંજ વખતે વૃષપુર પધાર્યા ને સર્વે સંતમંડળ પરવારીને ભૂજ ગયા.

ઇતિ વિશ્રામ ૯૬

બાપાશ્રીને પ્રગટ થયાના ચાર હેતુ, નવીવાડીએ ભલામણ, મંદવાડનો ઉપસંહાર, અસાડ સુદ બીજને દી અશક્તિ, ત્રીજને દી પુત્રોને છેલ્લી ભલામણને ગ્રહણ કરેલો અંતિમ મંદવાડ

હવે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સંકલ્પથી અનાદિમુક્ત અબજીબાપાશ્રીએ આ લોકમાં આવીને શું કાર્ય કર્યું તો : –

(૧) પ્રથમ પોતે સ્વતંત્ર પણે નિર્વિકલ્પ સમાધિ કરીને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સ્વરૂપમાં નિમગ્ન થઈ રહેતા. ત્યારે તેમના શરીરમાં નાડી–પ્રાણની ગતિ જણાતી નહિ; શરીર કાષ્ઠ જેવું સજજડ જણાતું, તેવી સમાધિમાં કોઈક સમયે ચાર પાંચ દિવસ ને કોઈક સમયે દસ બાર દિવસ રહેતા. કોઈક દિવસ તો એક બે દિવસ સમાધિમાં રહીને જાગતા. અનાદિ મુક્તશ્રીની આવી સમાધિની સ્થિતિ જોઈને જ્ઞાની-ધ્યાની એવા સાધુ-સત્સંગીઓને એમ જણાતું જે; 'આ સત્સંગમાં આવા મોટા પુરુષ છે : જે સમાધિ કરીને સ્વતંત્રપણે અક્ષરધામમાં જઈ શ્રીહરિનાં દર્શન કરીને પાછા આવે છે ને શ્રીજીમહારાજની મરજીને જાણે છે. આવા અનાદિમુક્ત છે તે બીજા મુમુક્ષુ જીવોના મોક્ષ કરે તેમાં શું કહેવાનું છે ! એ તો કરે જ. કારણ કે આ સત્સંગમાં શ્રીજીમહારાજ ને તેમના મુક્ત સદાય પ્રગટ છે ને સત્સંગ દિવ્ય છે.' –આમ સૌ કોઈ જાણી શકતા. આમ બાપાશ્રીએ પોતાના ચારિત્ર્યથી સત્સંગનો મહિમા સમજાવીને અનંત જીવોના આત્યંતિક મોક્ષ કર્યા.

(૨) અને અનાદિ મુક્તશ્રીએ મોટા છ યજ્ઞ[૧] કર્યા, તેમાં હજારો સાધુ-સત્સંગીઓ ને બ્રહ્મનિષ્ઠ મોટા સંત આવતા, તેઓ સકળ અનાદિમુક્તનાં દર્શન-સમાગમનો લાભ લેતા. વળી તે યજ્ઞમાં આવેલા સાધુ-સત્સંગીને જાગ્રતમાં ને કેટલાકને સ્વપ્નમાં શ્રીજીમહારાજ ને તેમની સાથે અનાદિમુક્ત બાપાશ્રીનાં દર્શન થતાં, તેમાં કેટલાકને શ્રીજીમહારાજને વિષે બાપાશ્રી અદૃશ્ય થઈ જતા એવાં દર્શન થતાં ને કેટલાકને ધ્યાનમાં શ્રીજીમહારાજનાં દર્શન થતાં ; આવાં દર્શનથી તેમને છતે દેહે જ મોક્ષ થઈ ગયો તેવો આનંદ આવતો ને બાપાશ્રીએ અમને મૂર્તિમાં રાખ્યા છે એવો દૃઢ નિશ્ચય જીવમાં થઈ જતો ને તે યજ્ઞમાં આવેલા સકળ સાધુ-સત્સંગીને બાપાશ્રી ભોજન વગેરેથી સંભાવના કરતા–કરાવતા ને તે યજ્ઞમાં સર્વે વસ્તુ અખૂટ જ રહેતી ને તે વિના બીજા નાના યજ્ઞ તો ઘણા કર્યા હતા. આવી રીતે બાપાશ્રીએ ઐશ્વર્ય-પ્રતાપ દેખાડીને સત્સંગમાં મહારાજ ને મુક્તનું પ્રગટપણું જણાવ્યું ને સર્વે સત્સંગ દિવ્ય સમજાવ્યો ને ઘણાક સંત-હરિભક્તને એકાંતિક ધર્મને વિષે સ્થિતિ કરાવી.

---

૧. બાપાશ્રીના કાર્યમાં બધો સત્સંગ તેડાવી પારાયણ કરાવ્યું હતું અને તેમની વરશી નિમિત્તે શ્રીનગરમાં મોટો કથાયજ્ઞ કર્યો હતો, તે બન્ને બાપાશ્રી-નિમિત્તના યજ્ઞ હોવાથી ૮ યજ્ઞ પણ કહેવાય છે.

(૩) વળી અનાદિમુક્ત બાપાશ્રીનો સમાગમ કરવા સેંકડો સંત ને હરિભક્ત આવતા, તેમને બાપાશ્રીએ વાતો કરીને શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસના ને એકાંતિક, પરમએકાંતિક ને અનાદિમુક્તની સ્થિતિ સમજાવી અને તેવા અનંત મુક્ત કર્યા. વળી કેટલાકને આત્મા, પરમાત્મા ને અનાદિમુક્તની સ્થિતિનો સાક્ષાત્કાર પણ કરાવ્યો. આવી રીતે બાપાશ્રીએ શ્રીહરિજી મહારાજના આશ્રિતને ૮૩ ત્યાશી વર્ષ, ૭ સાત માસ ને ૨૪ ચોવીસ દિવસ સુધી જ્ઞાનદાન તથા પોતાનાં દર્શન-સેવાસમાગમનું સુખ આપ્યું ને છતે દેહે જ મોક્ષ થઈ ગયો છે –એવી સ્વરૂપનિષ્ઠાની દૃઢતા કરાવી.

(૪) અને વચનામૃતમાં શ્રીજીમહારાજના સ્વરૂપનું અતિ રહસ્ય ને ગુહ્યમાં ગુહ્ય એવું ને વળી પ્રત્યક્ષાર્થ ને પરોક્ષાર્થ તથા સર્વોપરી અને અદ્વિતીય એવું દ્વિઅર્થી જ્ઞાન છે તે સમજવું ઘણું જ દુષ્કર છે. તેમાં શ્રીજીમહારાજનો સર્વોપરી સિદ્ધાંત છે, તે મોક્ષાર્થીને અવશ્ય સમજવો જોઈએ. તે સારુ બાપાશ્રીએ વચનામૃતની 'રહસ્યાર્થ-પ્રદીપિકાટીકા' કરી છે અને બાપાશ્રીએ પોતાની વાતો પણ લખાવી છે : કે જેણે કરીને કેરેથી પણ સર્વેને આત્યંતિક મોક્ષના જ્ઞાનનો માર્ગ ચાલુ જ રહે, એવો જ્ઞાનમાર્ગ સમજાવ્યો.

આવી રીતે ઉપરોક્ત ચાર કાર્યો કરીને અનાદિ મુક્તરાજ બાપાશ્રી વૃષપુરમાં પોતાના ઘરને વિષે બિરાજમાન છે. તે સમે બાપાશ્રીનાં દર્શન કરવા સારુ ફરતા ગામના ભક્તજનો સમૂહે સમૂહ નિત્યે આવતા ને બાપાશ્રી તે સમે શરીરમાં પણ સાજા સારા હતા. હવે અસાડ સુદ એકમને દિવસ બાપાશ્રી પોતાની નવીવાડીએ બેઠા હતા અને બાપાના સેવક કાનજીભાઈ ને મનજીભાઈ તથા પૌત્ર માવજી, જાદવજી ને હરજી આદિ સર્વે પાસે બેઠા હતા, તેમ જ વૃષપુર ગામના પટેલ ઝીણા અને તેમના દિકરા રામજી ને મૂળજી તથા અરજણ ભોજાણી, અણદા કેરાઈ આદિ, તથા નારાયણપુરના હરજી ધનજી, લાલજી ધનજી, શામજી કરમણ આદિ, તથા ભારાસરના પટેલ ગાંગજી, રામજી રૂડા ને રામજી વાલજી તથા માનકૂવાના માવજી ડબાસિયા આદિ સર્વે બાપાશ્રીનાં દર્શન કરીને પાસે બેઠા હતા. તે સમે અનાદિ મુક્તરાજ બાપાશ્રી પોતાને અંતર્ધાન થવું છે, તે નિમિત્ત સર્વે ભક્તને ભલામણ કરવા લાગ્યા જે, 'હવે હું અક્ષરધામમાં જઈને મહારાજની મૂર્તિમાં બેસીશ ને મહારાજની મૂર્તિમાં રહીને સુખ ભોગવીશ. અને તમે સર્વે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહીને ભજન કરજો, તમે સર્વે મારા છો; તમને સર્વેને મૂર્તિમાં રાખ્યા છે ને મારા રૂપ છો; હું તમારા ભેગો રહીશ ને તમારી રક્ષા કરીશ. આગળ દેશકાળ કઠણ આવશે;

કેમ જે શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, સત્સંગમાં રાહુ-કેતુ જેવા જીવ આવ્યા હોય તે સંતના મંડળમાં રહે તથા સત્સંગીના ભેળા રહે ; પણ તેને સંતનો સંગ લાગે નહિ ને પોતાના સ્વભાવને મૂકે નહિ. તેવાના સંગે કરીને દૈવી ને મુમુક્ષુ હોય તે પણ સારા સંત-હરિભક્તનો દ્રોહ કરે અને શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાની વાતો કરવામાં પણ ઉપાધિ કરે ને સત્સંગમાં તથા વ્યવહારમાં પણ ઉપાધિ કરે, માટે હું અંતર્ધાન થયા પછી કેટલીક ઉપાધિ થશે ત્યારે તમારી પરીક્ષા થશે ; અત્યારે તો અમારી છાયામાં કિલ્લોલ કરો છો; –દર્શન સમાગમનું સુખ લો છો ને તે દિવસ પણ જો તમે શૂરવીર થઈને ઉપાધિને ગણશો નહિ ને અમારા કહેવા પ્રમાણે શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજીને કથાવાર્તા કરશો ને આજ્ઞામાં રહેશો તો અમે રક્ષા કરશું; તમે કાંઈ મૂંઝાશો નહિ. જેમ વાયુ-વરસાદનું ગમે તેટલું તોફાન થાય પણ મોટા પર્વતને કાંઈ અડતું નથી; તેમ તમને પણ તે ઉપાધિ કાંઈ અડશે નહિ, એમ હું રક્ષા કરીશ ને અંતે મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ ભોગવાવીશ. હવે તમને મારા દર્શન ઝાઝા દિવસ નહિ થાય; હવે હું ચાર-પાંચ દિવસમાં શ્રીજીમહારાજની સેવામાં ધામમાં જઈને બેસીશ, આ અમારાં વચન સત્ય માનજો. સૂર્ય ફરે, ચંદ્ર ફરે, પણ આ અમારું વચન કોઈ દિવસ નહિ ફરે.' –એમ કહીને બોલ્યા જે, 'સત્પુરુષ-વાક્યં ન ચલંતિ ધર્મ' વળી બોલ્યા જે, 'અમે જે જે લીલા કરી છે તથા આશીર્વાદ આપ્યા છે તે સર્વે સંભારી રાખશો; ભૂલશો માં, જરૂર ભૂલશો માં.' –આવાં બાપાશ્રીનાં વચન જીવમાં ધારીને તે સર્વે ભક્ત પોતપોતાને ગામ ગયા. પછી બાપાશ્રી ગાડીમાં બેસીને પોતાના સેવકોએ સહિત ઘેર આવ્યા ને ત્યાં પોતાના સેવક વાલબા તથા કાનબા આદિ ઘણાં બાઈઓ દર્શનની વાટ જોઈને બેઠાં હતાં, તેમને પણ બાપાશ્રીએ દર્શન દઈને પોતાને અંતર્ધાન થવાની વાત કરી. ત્યાર પછી બાપાશ્રી મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કરી ઓરડામાં ઢોલિયે બિરાજ્યા ને તે ગામના સર્વે ભક્તજનો દર્શન કરીને ગયા. પછી બાપાશ્રીએ એમ ધાર્યું જે, 'હું મંદવાડ ગ્રહણ કરીશ તો સમીપના ભક્ત તુરત ભેગા થઈ જશે ને મને રહેવાની પ્રાર્થના કરશે. પછી દૂર દેશના ભક્તજનો તથા સદ્‌ગુરુ વગેરે સંત આવી પહોંચશે ને તેઓ પણ મને રહેવાની પ્રાર્થના કરશે. તે સર્વેનો અનાદર કરીને અંતર્ધાન થવું તે સારું નહિ માટે કોઈ ન જાણે તેમ કરું : જેથી કોઈ પણ મુને રહેવાની પ્રાર્થના કરી શકે નહિ ને મંદવાડની સેવાનું સુખ તો મેં પ્રથમ સર્વેને બહુ જ આપ્યું છે તે જુઓ : –

સંવત ૧૯૪૮ના વૈશાખ-જ્યેષ્ઠ માસમાં સ્વામી નિર્ગુણદાસજીને આ લોકમાં રાખવા અને અમારે અંતર્ધાન થવું, એવું નિમિત્ત કરીને ૨૭ દિવસનો મંદવાડ ગ્રહણ કર્યો હતો. પછી ૧૯૭૪ના અસાડ-શ્રાવણ માસમાં ધામમાં જવાનું નિમિત્ત કરીને મોટો મંદવાડ ગ્રહણ કર્યો હતો. ત્યાર પછી ૧૯૮૨ના ભાદરવા માસમાં લઘુ-નિમિત્તનો મંદવાડ ગ્રહણ કર્યો હતો, એ ત્રણ મંદવાડમાં સર્વેને

ભેગા કરીને મંદવાડની સેવાનું બહુ સુખ આપ્યું હતું. તે વિના બીજા નાના મંદવાડ : જે એક વખત પેટના દુખાવાથી ટાઢા દેવરાવ્યા હતા. એક સમયે શરીરમાં 'વા' ગ્રહણ કર્યો હતો. એક સમયે પડખામાં શૂળ આવતું હતું. એક વખત ભૂજ-ઠાકોરજીનાં દર્શન કરવા જતાં રસ્તામાં ઘોડીએ તોફાન કર્યું તેથી પડી જવાથી વાગ્યું હતું. વળી એક વખત ઘોડી ઉપરથી ઊતરીને ગાડેથી ઊતરતાં પડી જવાથી વાગ્યું હતું ને એક સમે કાનમાં દુખાવો થયો હતો, એમ ઘણીવાર મંદવાડ ગ્રહણ કરીને સેવાનાં નિઃસીમ સુખ દીધાં છે ; માટે હવે તો તુરત જ આ મનુષ્ય-લીલા સંકેલી લઉ –એમ ધારીને સંવત ૧૯૮૪ના અસાડ સુદ ત્રીજ ને બુધવારના દિવસના બાર વાગ્યા સુધી પોતાની મેળે જ હરતા ફરતા હતા ; પણ શરીરમાં અશક્તિ ને ગરમી જણાવતા હતા ને બાર વાગ્યા પછી તો બોલવું જ બંધ કર્યું ને ચોથ ને ગુરુવારની રાત્રિના એક વાગે અંતર્ધાન લીલા કરી; એમ દોઢ દિવસમાં લીલા સંકેલી લીધી. તેમાં પણ સર્વેને ભેગા કરી લીધા ને બહુ જ પ્રતાપ જણાવ્યો ને અનેક ભક્તને અનેક ઠેકાણે દિવ્યરૂપે દર્શન દીધાં તે હવે કહીએ છીએ :–

અનાદિ મુક્તરાજ બાપાશ્રી અસાડ સુદ બીજ ને મંગળવારની સવારે સ્નાન કરવા ઊઠ્યા ને દાતણ-પાણી કરીને કૂવા ઉપર આવ્યા ત્યારે અતિશય અશક્તિ જણાવી અને ઊલટી થઈ ને લડથડિયાં ખાઈ પડી જવા લાગ્યા, એટલે સેવક જાદવજી ને પ્રેમજી તેમણે બાપાશ્રીને ઝાલી રાખીને સ્નાન કરાવ્યું. ને વસ્ત્ર બદલાવી હાથ ઝાલીને ઓરડામાં તેડી ગયા. પછી ધોતિયું પહેરાવી બીજું વસ્ત્ર ઓઢાડીને પૂજા કરવા બેસાર્યા, ત્યારે બાપાશ્રીએ પૂજા કરી અંગરખું પહેરીને મસ્તકે ફેંટો બાંધ્યો ને મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરીને ઘેર પધાર્યા, ત્યાં કાંજી ને દૂધપાન કર્યું. પછી ગાડીમાં બેસીને નવીવાડીએ પધાર્યા ત્યાં કૂવા ઉપર જાંબુડાના વૃક્ષ નીચે ઢોલિયામાં સૂતા ને શરીરમાં કાંઈક કસર જણાવી. પછી સાંજે ગાડીમાં બેસીને મંદિરમાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ઓરડામાં ઢોલિયે સૂતા, ત્યારે મનજીભાઈએ જમવાનું પૂછ્યું એટલે ના કહી. પછી સાકર નાખી ગરમ કરેલું દૂધ લાવ્યા તે પાન કરીને સૂઈ રહ્યા.

હવે બાપાશ્રી ત્રીજ ને બુધવારને દિવસે બ્રાહ્મમુહૂર્તને વિષે જાગ્રત થયા, ત્યારે સેવક કાનજીભાઈ તથા મનજીભાઈ અને જાદવજી, માવજી ને પ્રેમજી આદિ સર્વે સેવામાં હતા.તે સમે કાનજીભાઈએ બાપાશ્રીને પૂછ્યું જે, 'બાપા ! સ્નાન કરવું છે ?' ત્યારે બાપાશ્રીએ હા કહી, પણ બાપાશ્રીથી ચાલી શકાશે નહિ એવું જણાયું, તેથી બાપાશ્રીને બેઠા કરીને ખુરસી જેવી માંચીમાં બેસાડ્યા ને ઓરડા આગળ માંચી રાખીને ત્યાં જ દાતણ કરાવ્યું. પછી સેવકોએ કહ્યું જે, 'બાપા, સ્નાન કરાવીએ ?' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'અમને કિયા સ્થાનમાં બેસાર્યા છે ?' ત્યારે બાપાના કાનજીભાઈએ કહ્યું જે, 'આપ મંદિરના ચોકમાં છો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ' આ મંદિર છે કે

આ ચોક છે; આ ઓરડો છે કે આ ઘર છે, કે આ ગામ છે તે હું કાંઈ દેખતો નથી ; હું તો એકરસ તેજમાં દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજને દેખું છું ને તે મૂર્તિમાં જ રહ્યો છું; તે વિના બીજું કાંઈ જણાતું નથી.' –એમ કહીને ઘણીવાર ઊંડા ઊતરી ગયા. પછી જાગ્રત થયા ને કહ્યું જે, 'હવે સ્નાન કરાવો.' ત્યારે સેવકોએ તે જ ઠેકાણે માંચીમાં બાપાશ્રીને સ્નાન કરાવ્યું ને કોરાં વસ્ત્રથી શરીર લૂછીને ધોતિયું પહેરાવ્યું ને ઓરડામાં ઢોલિયે બેસાર્યા એટલે સૂઈ ગયા. પછી ચાંદલે સહિત તિલક કરાવ્યું ને પૂજાની મૂર્તિઓનાં દર્શન કરાવ્યાં, પછી બે ઘડી સૂઈ રહ્યા. ત્યાર પછી જાદવજીનો હાથ ઝાલીને ઊઠ્યા ને મંદિરમાં દર્શન કરીને ઘેર પધાર્યા ને સેવકે જમવાનું પૂછ્યું , ત્યારે કહ્યું કે, 'મારે શરીરે ઠીક નથી તેથી જમાશે નહિ.' પછી ગરમ દૂધ લાવ્યા તે લગાર પાન કરીને ઢોલિયામાં સૂતા. પછી પોતાના પુત્ર જે કાનજીભાઈ, મનજીભાઈ આદિ સર્વેને ભલામણ કરતા થકા બોલ્યા જે, 'હવે મારા શરીરનો નિર્ધાર નથી માટે તમે મારો ચીલો રાખજો, એટલે મંદિરમાં કથાવાર્તા કરવાનો ખટકો રાખજો ને મંદિરને તથા સંત-હરિભક્તને સાચવજો ને સેવા કરજો અને અમોએ જેમ વાતો કરીને તથા અનેક પ્રકારે સર્વેને સુખિયા કર્યા છે તેમ તમે પણ સર્વેને સુખિયા રાખજો ને સુખિયા રહેજો; ભગવાન ભજજો ને ભજાવજો. હવે તમને આ મારા દેહનાં દર્શન થાશે નહિ ને મારો દેહ પડશે તેનો અગ્નિસંસ્કાર છત્રીને જમણે પડખે કરજો. હવે હું તમને કહેવા નહિ આવું; હું તો અક્ષરધામમાં મહારાજ પાસે જઈશ.' –એમ બોલ્યા. એવાં બાપાશ્રીનાં વચન સાંભળીને કાનજીભાઈ ને મનજીભાઈ તથા માવજી, જાદવજી ને હરજી તથા ઘરના સર્વે તથા બીજા સર્વે હરિભક્ત--તે અતિશય દિલગીર થયા ને હૃદય ભરાઈ આવ્યાં ને નેત્ર સજળ થઈ ગયાં અને કાંઈ પણ બોલવા સમર્થ રહ્યા નહિ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે ચિંતા ન કરો; હું તમારા ભેગો જ છું ને તમારી રક્ષા કરીશ; તમને મૂર્તિમાં રાખ્યા છે અને તમે મને કેવો જાણો છો ? હું તો જે ક્ષર-અક્ષરથી પર ને સર્વ કારણના કારણ ને સદાય દિવ્ય સાકાર સ્વરૂપ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એમની મૂર્તિમાં રહ્યો છું માટે અવિનાશી છું પણ નાશ થઈ જાઉં એવો નથી; અખંડ-અવિનાશી છું.' ત્યારે સર્વેને ધીરજ આવી.

પછી કહ્યું જે, 'મને અહીં ગરમી થાય છે તેથી મારે વાડીએ જવું છે, માટે ગાડી લાવો.' ત્યારે જાદવજી ગાડી લાવ્યા, તેમાં બેસી સેવકોને સાથે લઈને વાડીએ આવ્યા ને ત્યાં જાંબુડાના વૃક્ષ નીચે ઘડીક સૂતા. પછી શરીરમાં ગરમી જણાયાથી ઊઠ્યા ને કહ્યું જે, 'મને સ્નાન કરાવો.' ત્યારે જાદવજી, ખીમજી તથા પ્રેમજી આદિ સેવકોએ બાપાશ્રીને કૂવાના થાળામાં બેસાર્યા ને કૂવામાંથી જળના લોટા ભરી ભરીને સ્નાન કરાવવા લાગ્યા, એમ ઘણીકવાર સ્નાન કર્યું. પછી સેવકોએ પ્રાર્થના કરી જે, 'આપનું શરીર અશક્ત છે તેથી બહુ સ્નાન કરવું તે સારું નહિ.' ત્યારે બાપાશ્રી વસ્ત્ર

બદલાવી જાંબુડા નીચે ઢોલિયામાં વસ્ત્ર ઓઢી મુખ ઉઘાડું રાખીને સૂતા. તે સમયે નારાયણપુરનાં અમરબા તથા મોંઘીબા આદિ સાંખ્યયોગી બાઈઓ બાપાશ્રીને જમાડવા સારુ પૂડલા, આંબાનો રસ ને શાક-પાક આદિ ભોજનનો થાળ લઈને આવ્યાં ને બાપાશ્રીને જમવાની પ્રાર્થના કરી અને બેઠા કરીને આગળ થાળ ધર્યો. ત્યારે બાપાશ્રીએ તેમાંથી એક ગ્રાસ જમીને કહ્યું જે, 'જમાશે નહિ.' એમ કહીને જમ્યા નહિ. ત્યારે સેવકોએ મુખ-શુદ્ધિ કરાવી ને જળપાન કરાવ્યું એટલે તુરત જ શયન કરીને ઊંડા ઊતરી ગયા તે બોલાવ્યા પણ બોલે નહિ, ત્યાં જ ઘેરથી વાલબા ને કાનબા આદિ બાઈઓ કાંજી આદિ ભોજન લઈને આવ્યાં ને બાપાશ્રીને જમવાની બહુ પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રી જાગ્રત થયા ને સેવકોએ જમવાનું કહ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'હવે અમે જમશું નહિ ને બોલશું પણ નહિ અને અમને બોલાવશો પણ નહિ.' –એમ કહીને ઊંડા ઊતરી ગયા, તે દિવસના બાર વાગ્યાથી બોલવું જ બંધ કર્યું ને ઉપશમ સ્થિતિ ગ્રહણ કરી. તે વાત જાણીને કાનજીભાઈ તથા મનજીભાઈ આદિ સર્વે ત્યાં હતા, તે સર્વે બાપાશ્રીની આવી રીતની ઉપશમ અવસ્થાની લીલા જોઈને ઉદાસી થઈ ગયા. પછી બાપાશ્રીને પાલખી જેવી માંચીમાં બેસારીને ઘેર તેડી લાવ્યા ને ઘરના બારણાની સામે ઢોલિયામાં સુવાડ્યા.

તે સમયે પણ બાપાશ્રીએ બોલવું તથા કોઈના સામું જોવું બંધ રાખ્યું હતું ને ઉપશમ સ્થિતિમાં રહ્યા હતા. ત્યારે બાપાશ્રીના કાનજીભાઈ ને મનજીભાઈ તેમણે જાણ્યું જે, "બાપાશ્રી કહેતા હતા જે, 'યજ્ઞ થઈ રહ્યા પછી અમે ધામમાં જઈને બેસશું.' તે આ બાપાશ્રીની છેલ્લી અંતર્ધાન થવાની લીલા છે." –એમ જાણીને ત્રીજને દિવસ સાંજ વખતે સાઈકલથી માણસ મોકલીને ભૂજમાં સ્વામી ભક્તિપ્રિયદાસજી ને પુ. કેશવપ્રિયદાસજી આદિ સંતને તથા ભોગીલાલભાઈ, મોતીભાઈ ને વિઠ્ઠલજીભાઈ આદિ હરિભક્તને બાપાશ્રીના છેલ્લા મંદવાડના સમાચાર આપ્યા ને રામપુરના દેવરાજભાઈ, નારાયણપુરના હરજી, લાલજી ને રામજી અને દહીંસરાના ખીમજીભાઈ, રતનાભાઈ ને દેવજીભાઈ આદિ સર્વે હરિભક્તને ગામેગામ સમાચાર દીધા. ત્યારે ભૂજના સોની મોતીભાઈ, મગનભાઈ, વિઠ્ઠલજીભાઈ, લાલશંકરભાઈ તથા રામપુરના દેવરાજભાઈ આદિ સર્વે હરિભક્ત તે જ રાત્રીના બાર વાગે વૃષપુર આવી પહોંચ્યા ને બાપાશ્રીને દંડવત્ કરીને દર્શન કરતા હતા ને બાપાશ્રી તો સમાધિની માફક સૂતા હતા. ત્યારે બાપાશ્રીના કાનજીભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરીને કહ્યું જે, 'બાપા ! દેવરાજભાઈ આદિ આપનાં દર્શન કરવા આવ્યા છે.' ત્યારે બાપાશ્રી બેઠા થયા ને નેત્ર ઉઘાડીને સર્વેના સામું જોયું ને બોલ્યા જે, 'ભલે આવ્યા; દર્શન કરો.' –એમ કહીને પાછા સૂઈ ગયા. ઈતિ વિશ્રામ ૯૭

ચોથના દી ઘણા સંત-હરિભક્તનું આગમન ને અંતિમ મંદવાડની ચેષ્ટા, મુનિને દર્શનાદિકનો લાભ, વિરહવર્ણન ને રાત્રીના ૧ વાગે અંતર્ધાનલીલા વગેરે

સંવત ૧૯૮૪ના અસાડ સુદ ચોથ ને ગુરુવારે ભૂજના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી, પુ. કેશવપ્રિયદાસજી, શ્રીરંગદાસજી, જોગેશ્વરદાસજી આદિ સંત તથા ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ હરિભક્ત ભૂજથી પરોઢિયે શગરામ આદિ વાહનમાં બેસીને પાંચ વાગે ચાલ્યા તે સવારે આઠ વાગે વૃષપુર પહોંચ્યા ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને બાપાશ્રીને ઘેર ગયા, ત્યારે બાપાશ્રીના કાનજીભાઈ ને દેવરાજભાઈ આદિ ઘણા હરિભક્ત બાપાશ્રીની સેવામાં હતા તેમણે સંતને બાપાશ્રીનાં દર્શન કરવા ઘરમાં બોલાવ્યા. ત્યારે સર્વે સંત ઘરમાં આવી બાપાશ્રીનાં દર્શન કરીને બાપાશ્રીના ઢોલિયાની પાસે બેઠા ને સંત-હરિભક્ત સર્વે કીર્તન ગાવા લાગ્યા. પછી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ વચનામૃતની કથા કરી ને પુ. કેશવપ્રિયદાસે વાતો કરી. પછી સર્વે સંત-હરિભક્તોએ સ્વામિનારાયણ નામની ધૂન કરી. તે સમયે પુ. કેશવપ્રિયદાસે બાપાશ્રીના મંદવાડની સ્થિતિ જોઈને વિચાર કર્યો કે, "બાપાશ્રી કહેતા હતા જે, 'અમે છેલ્લો યજ્ઞ કરી ધામમાં જઈને બેસશું.' માટે બાપાશ્રી જરૂર અંતર્ધાન લીલા કરશે." તે સમે બાપાશ્રી નેત્રને મીંચી રાખતા ને મંદવાડની ગભરામણ હોય તેમ ઘડીભરમાં પડખું ફેરવતા ને ઢોલિયામાં સૂતા હતા. તે વખતે બાપાશ્રીએ પોતાના હસ્તની ચેષ્ટાથી લઘુ કરવાનું જણાવ્યુ, ત્યારે બાપાશ્રીના મનજીભાઈએ લઘુ કરાવ્યું. પછી બાપાશ્રીએ જમણો હસ્ત મુખે અડાડીને જળપાન કરવાનું સૂચવ્યું, ત્યારે બાપાશ્રીના કાનજીભાઈએ જળપાન કરાવ્યું. એમ બાપાશ્રીના મંદવાડની સ્થિતિ જોઈને પુ. કેશવપ્રિયદાસ તથા ભક્તિપ્રિયદાસ આદિ સર્વે સંત-હરિભક્ત ઉદાસ થઈ ગયા ને દિવસના બાર વાગ્યા સુધી બાપાશ્રી પાસે બેઠા. પછી મંદિરમાં ગયા ને ત્યાંથી સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંત હતા તે ભૂજ ગયા અને કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ આદિ સંત બાપાશ્રીનાં દર્શન-સેવા સારુ ત્યાંના મંદિરમાં જ રહ્યા.

પછી તે દિવસ સાંજે ભૂજથી બીજા સંત બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા, ત્યારે મંદિરમાંથી કેશવપ્રિયદાસ આદિ સંત અને ભૂજના સંત-તેઓ સર્વે ભેગા થઈને બાપાશ્રીનાં દર્શન કરવા તેમને ઘેર ગયા. ત્યારે બાપાશ્રીની સેવામાં દેવરાજભાઈ, કાનજીભાઈ આદિ હતા તેમણે બાપાશ્રીનાં દર્શન કરવા સંતોને ઘરમાં આવવાનું કહ્યું, ત્યારે કેશવપ્રિયદાસ આદિ સંત બાપાશ્રીના ઢોલિયા પાસે આવીને દર્શન કરવા લાગ્યા. તે સમે સાધુ કેશવપ્રિયદાસને બાપાશ્રીના મંદવાડની સ્થિતિ સવારથી બીજી રીતની જણાઈ, ને બાપાશ્રીનો શ્વાસ જોયો ત્યારે સારી સ્થિતિમાં જણાયો

ને બાપાશ્રીની નાડી જોઈ ત્યારે તે પણ સારી ચાલતી દેખાઈ અને તે સમે બાપાશ્રી ઢોલિયામાં અતિ સ્થિર થઈને સૂતા હતા. તેવી બાપાશ્રીના મંદવાડની સ્થિતિ જોઈને કેશવપ્રિયદાસને એમ જણાયું જે, 'બાપાશ્રી ઉપશમમાં ઊંડા ઊતરવા મંડ્યા છે તેથી હમણાં જ આ લીલા સંકેલી લેશે, પણ સદ્‌ગુરુ સ્વામીને ભેગા થવા રહેશે નહિ.' તેથી તેમના અંતરમાં ગભરામણ ઘણી થઈ; કાંઈ બોલાય ચલાય નહિ તેવું થઈ ગયું. પછી સંધ્યા-આરતીનો સમય થયો ત્યારે દેવરાજભાઈ તથા કાનજીભાઈ –તેમણે કેશવપ્રિયદાસ આદિ સંતોને કહ્યું જે, 'બાપાશ્રીની પૂજા-આરતી કરો.'ત્યારે તે સંતોએ ઢોલિયામાં સ્થિર થઈને સૂતેલા બાપાશ્રીને ચંદનનો ચાંદલો કર્યો ને પુષ્પનો હાર પહેરાવ્યો. પછી કેશવપ્રિયદાસે સંત-હરિભક્તે સહિત સંધ્યા-વખતે આરતી ઉતારી ને ધૂન બોલ્યા. વળી તે સમે ઘણા હરિભક્ત આવ્યા હતા ને બાપાશ્રીનાં દર્શન કરતા હતા. પછી દેવરાજભાઈ તથા મોતીભાઈએ સંતને મંદિરમાં જવાનું કહ્યું, ત્યારે સર્વે સંત મંદિરમાં ગયા પણ કેશવપ્રિયદાસ તથા બીજા સંતોનો જીવ, તે તો બાપાશ્રી પાસે હતો ને બાપાશ્રીનાં દર્શન કરવા સારુ તલખતા હતા.

એમ કરતાં રાત્રીના અગિયાર વાગ્યાનો સમય થયો ત્યારે ભૂજથી સાધુ હરિજીવનદાસજી આદિ બાપાશ્રીનાં દર્શન કરવા સારુ આવ્યા. ત્યારે મંદિરમાંથી કેશવપ્રિયદાસ આદિ સંત, ને તે ભૂજના સંત બાપાશ્રીના ઘેર ગયા. ત્યારે દેવરાજભાઈ તથા મોતીભાઈ તેમણે સંતોને બાપાશ્રી પાસે દર્શન કરવાનો માર્ગ કરાવ્યો. પછી કેશવપ્રિયદાસ આદિ સંતોએ બાપાશ્રીનાં દર્શન કર્યાં. ને બાપાશ્રી તેમના આવ્યાથી ઘડી પહેલાં જ તેજબાઈ દૂધ લઈને આવ્યાં હતાં, તેમના પ્રેમથી દૂધપાન કરીને પાછા ઢોલિયામાં સૂતા હતા ને અતિશય તેજસ્વી સ્વરૂપ એવાં બાપાશ્રીનાં દર્શન થતાં હતાં. તે સમે મુનિ કેશવપ્રિયદાસે બાપાશ્રીની નાડી જોઈ ત્યારે મંદ ગતિમાં દેખાઈ, ને બાપાશ્રીના શ્વાસની ગતિ જોઈ ત્યારે કાંઈક વિશેષ ચાલતી જણાઈ, ને બાપાશ્રીનાં સર્વે અંગ બરાબર એક ચિત્તથી જોયા ત્યારે નાસિકાનો અગ્રભાગ કાંઈક એક પડખે નમેલો દેખવામાં આવ્યો, તેમ જ ડાબો કર્ણ નીચલે ભાગેથી વળી ગયેલો જોવામાં આવ્યો. તેથી તે સમે કેશવપ્રિયદાસને એમ જણાયું જે,'બાપાશ્રી અંતર્ધાન લીલા કરવાની તૈયારીમાં છે.'તે સમે દેવરાજભાઈ, મોતીભાઈ આદિ હરિભક્તે કેશવપ્રિયદાસ આદિ સંતોને કહ્યું જે, 'બાપાશ્રીની આરતી કરો.'ત્યારે સંતોએ બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવીને આરતી ઉતારી. તે સમે કેટલાક સંત-હરિભક્તને બાપાશ્રીનાં દિવ્યસ્વરૂપે દર્શન થયાં તેથી અતિશય આનંદ થયો ને બાપાશ્રીના સામું જોઈ રહ્યા ને કેશવપ્રિયદાસ તો પોતાના દેહનું ભાન પણ ભૂલી ગયા. વળી તે સમે મગનભાઈ, જાદવજીભાઈ, પ્રેમજીભાઈ, વિઠ્ઠલજીભાઈ, લાલશંકરભાઈ આદિ કેટલાક હરિભક્ત તો અતિશય સ્નેહમાં રુદન કરતા થકા શ્રીજીમહારાજ ને બાપાશ્રીની પ્રાર્થના કરવા લાગ્યા ને બીજા પણ અતિશય સ્નેહવાળા

દેવરાજભાઈ, માવજીભાઈ, હરજીભાઈ આદિ સર્વે શોકાતુર ને અતિશય ઉદાસી ને ધીરજતાએ રહિત થઈ ગયા, ને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન કરવા લાગ્યા. તે સમે બાપાશ્રીએ દયા કરીને સર્વ ભક્તના હૃદયમાં ધીરજતા પ્રેરી, તેણે કરીને સર્વને ધીરજ આવી ગઈ ને એમ જણાયું જે, 'બાપાશ્રી તો શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રહ્યા છે ને આ તો લીલા જણાવે છે.' -એમ સમજીને બાપાશ્રીની પૂજા કરવા લાગ્યા. તે સમે બાઈઓ મંડળ સર્વે બાપાશ્રીનાં દર્શન કરવા તલપી રહ્યાં હતાં તેથી દેવરાજભાઈ તથા મોતીભાઈએ સંતોને કહ્યું જે,'બાઈઓને દર્શન કરવા આવવું છે, માટે તમે મંદિરમાં જાઓ.'ત્યારે કેશવપ્રિયદાસ આદિ સંત મંદિરમાં ગયા.

હવે બાઈઓ સર્વે આવીને બાપાશ્રીનાં દર્શન-પૂજા કરવા લાગ્યાં. પછી તે બાઈઓ પૂજા કરીને છેટે રહ્યાં થકાં દર્શન કરતાં હતાં. તે સમે બાપાશ્રીના કાનજીભાઈ, મનજીભાઈ, માવજીભાઈ, હરજીભાઈ આદિ ને દેવરાજભાઈ, જાદવજી આશા, હીરજી નાનજી, સોની મોતીભાઈ, મગનભાઈ, વિઠ્ઠલજીભાઈ, લાલશંકરભાઈ, અરજણ ભોજાણી, અણદા કેરાઈ, મૂળજી પર્બત, રામજી પર્બત, રામજી કરસન, વાઘજી ભોજાણી આદિ ઘણા હેતવાળા હરિભક્ત. બાપાશ્રીની સેવામાં ચારે કોર બેઠા હતા અને કેટલાક ઊભા હતા ને કેટલાક તો સ્તુતિ-પ્રાર્થના કરતા હતા. વળી કેટલાક ધૂન કરતા હતા ને સર્વે એક દૃષ્ટિએ બાપાશ્રી સામું જોઈ રહ્યા હતા. તે સમે રાત્રીના સાડાબાર વાગ્યાનો સમય થયો ત્યારે બાપાશ્રીમાંથી એક હારે અતિશય ઝળઝળાટ તેજ દેખાયું ને આકાશમાંથી ચંદન-પુષ્પની વૃષ્ટિઓ થવા માંડી ને અનંત ધામોના અધિપતિના વિમાનથી આકાશ છવાઈ રહ્યું. અને અનંત મુક્તોએ સહિત દિવ્ય મૂર્તિમાન ને દિવ્ય વિમાનમાં વિરાજમાન એવાં શ્રીજીમહારાજનાં દર્શન કેટલાકને થયાં. તે જ સમયે બાપાશ્રી અંતર્ધાન થયા ને બાપાશ્રીના પણ દિવ્યરૂપે દર્શન થયાં ને શ્રીજીમહારાજ તે અનાદિમુક્તને પોતાની સાથે પોતાના વિમાનમાં બેસારીને અક્ષરધામમાં પધાર્યા અને મુક્તરાજશ્રી તે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા ને શ્રીજીમહારાજ અનંતકોટિ મુક્તમંડળની સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયા ને તેજ વગેરે સર્વે અદૃશ્ય થઈ ગયું, ત્યારે રાત્રીના એક વાગ્યાનો સમય થયો હતો.

આવી રીતે બાપાશ્રી સંવત ૧૯૮૪ના અસાડ સુદ ચોથ ને ગુરુવારે રાત્રીના એક વાગ્યાના સુમારે અંતર્ધાન થયા. હવે તે વખતે બાપાશ્રીની પાસે કાનજીભાઈ તથા મનજીભાઈ આદિ ઘણા હરિભક્ત હતા તેમણે બાપાશ્રીને તેડીને બારણા સામેની ભીતે પવિત્ર કરેલી પૃથ્વી ઉપર સ્વસ્તિક આસન વળાવીને બેસાડ્યા ને એક ધોતિયું પહેરાવ્યું છે ને એક વસ્ત્ર ઓઢાડ્યું છે ને એક વસ્ત્ર મસ્તકે બંધાવ્યું છે. વળી ભાલમાં કેસર-ચંદન ચર્ચીને અર્ચા કરી છે ને પુષ્પના હાર પહેરાવ્યા છે; એવાં બાપાશ્રીનાં દર્શન કરીને સર્વેને અતિશય શોક થતો હતો. ઈતિ વિશ્રામ ૯૮

મુનિને દિવ્યદર્શન, ઘણા હરિભક્તનું આગમન ને છત્રીએ અગ્નિ-સંસ્કારવિધિ, સદ્‌ગુરુએ આવીને નિવારણ કરેલો શોક ને બાપાશ્રીના કાર્યમાં મોટી યજ્ઞકથા

હવે સાધુ કેશવપ્રિયદાસ પ્રથમ કહ્યું તેવી રીતે બાપાશ્રી પાસેથી મંદિરમાં આવી ધ્યાનમાં બેસી ગયા ને ઉપશમ સ્થિતિ થઈ ગઈ, તે જ સમયે બાપાશ્રીએ પોતાને ઘેર અંતર્ધાન લીલા કરી. –તેનાં દર્શન સાધુ કેશવપ્રિયદાસને સાક્ષાત્ થયાં ; તે કેવી રીતે, તો પ્રથમ જેવી રીતે બાપાશ્રી ઘેર ઢોલિયામાં સૂતા હતા અને કાનજીભાઈ તથા દેવરાજભાઈ આદિ ઘણા હરિભક્ત બાપાશ્રીની સેવામાં રહ્યા હતા, તેવાં જ સેવકોએ સહિત બાપાશ્રીનાં દર્શન મુનિસ્વામીને ધ્યાનમાં થયાં. પછી તો બાપાશ્રીમાંથી અપરંપાર અલૌકિક તેજનો સમૂહ દેખાયો, તે તેજના સમૂહમાં દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થયાં ને આકાશ પણ તેજોમય ચિદાકાશ જેવું દેખાયું ને બાપાશ્રી શ્રીજીમહારાજમાં લીન થઈ ગયા, અને શ્રીજીમહારાજ સર્વેને દર્શન દઈને પોતાના પ્રકાશરૂપ અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયા ને અનંતકોટિ મુક્તમંડળ સેવામાં હાજર છે ને મૂર્તિ સામું જોઈ રહ્યા છે ને મૂર્તિમાંથી અપાર અનહદ સુખના ફુવારા છૂટે છે. વળી સુખના અનંત બંબ છૂટે છે ને સુખમય મૂર્તિમાં અનંતકોટિ અનાદિમુક્તના સમૂહ રસબસ ભાવે જોડાઈ રહ્યા છે ને શ્રીજીમહારાજ સાથે તાદાત્મ્યભાવે એકતાને પામીને શ્રીજીમહારાજના સમગ્ર સુખનો આનંદ અખંડ અનુભવે છે, તેવાં શ્રીજીમહારાજનાં દર્શન સાધુ કેશવપ્રિયદાસને ઉપશમ સ્થિતિમાં થયાં.

પછી વળી બાપાશ્રીની ઇચ્છાથી બાપાશ્રીના ઘરમાં મોટી સભા દેખાઈ, તેમાં સદ્. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સદ્. સ્વામી વૃંદાવનદાસજી, સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, પુ.સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, આદિ ઘણા સંત સભામાં બેઠા હતા તથા બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ ને મનજીભાઈ તથા માવજી, જાદવજી ને હરજી તથા દેવરાજભાઈ, હરજી ધનજી, લાલજી ધનજી, સોની મોતીભાઈ, તત્ સુત મગનભાઈ તથા ભોગીલાલભાઈ, આશાભાઈ, સોમચંદભાઈ, ભૂરાભાઈ, નાગજીભાઈ, ચતુરભાઈ, લાલુમલભાઈ, શેઠ બળદેવભાઈ, ડૉ.નાગરદાસ તથા ડૉ. મણીલાલ આદિ હેતવાળા સર્વે હરિભક્તોની સભા બેઠી હતી. અને તે સર્વે બાપાશ્રી અંતર્ધાન થયા –એમ જાણી બાપાશ્રીના વિયોગે કરીને અતિશય જ દુઃખશોકમાં દિલગીર થઈ ગયેલા હતા ને બાપાશ્રીએ જે જે સુખ આપેલાં ને લાડ લડાવેલાં હતાં તેને સંભારીને વાતો કરતા હતા જે, 'સર્વોપરી પુરુષોત્તમ શ્રી

સ્વામિનારાયણ ભગવાન આપણા ઇષ્ટદેવ છે તેમણે આપણને પોતાની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવવા ને આજ્ઞા-ઉપાસના સમજાવવા બાપાશ્રીને મોકલ્યા હતા, તેમણે આપણને સુખ આપ્યાં ને લાડ લડાવ્યાં ને અનહદ આનંદ આપીને અત્યારે વિયોગનું દુઃખ આપી ગયા. હે બાપા ! આપને આવું કરવું ન ઘટે. હે કૃપાળુ ! વિયોગનું દુઃખ ટાળીને મૂર્તિમાં રાખ્યા છે એ સ્થિતિનું ભાન કરાવો.' –એમ વાતો કરે છે. તે જ સમયે શ્રીજીમહારાજ અને બાપાશ્રી દિવ્યસ્વરૂપે આવ્યા ને સર્વે સંત-હરિભક્તની સભામાં વિરાજમાન થયા; તે કેવા, તો અતિશય તેજોમય ને દિવ્ય મૂર્તિમાન ને અતિશય કૃપાળા ને અતિશય સુખમય સ્વરૂપ,એવા શ્રીજીમહારાજ અને બાપાશ્રી તેમને જોઈને સર્વે સંત-હરિભક્ત અતિશય આનંદ પામ્યા, અને કોઈથી કાંઈ પણ બોલાય કે ચલાય નહિ, ને સ્થિર થઈને શ્રીજીમહારાજ ને બાપાશ્રી સામું જોઈ રહ્યા. પછી શ્રીજીમહારાજ ને બાપાશ્રીમાંથી અપાર અનહદ તેજના ને સુખના સમૂહ છૂટવા લાગ્યા અને સર્વે સંત ને હરિભક્ત તે પણ દિવ્ય તેજોમય અલૌકિક એવા મુક્તરૂપે દેખાયા. પછી શ્રીજીમહારાજે બાપાશ્રીને તથા તે સર્વે મુક્તને પોતામાં લીન કર્યા અને સાધુ કેશવપ્રિયદાસને પણ પોતામાં લીન કર્યા ને સળંગ મૂર્તિના આનંદનો અનુભવ કરાવ્યો, એવાં દર્શન ઉપશમ સ્થિતિમાં રાત્રીના બાર વાગ્યાથી પાંચ વાગ્યા સુધી સાધુ કેશવપ્રિયદાસને થયાં. પછી જાગ્રત અવસ્થાનો ભાવ આવી ગયો ત્યારે ગામડેથી આવેલા હજારો હરિભક્તો બાપાશ્રીના વિયોગથી બાપાશ્રીની સ્તુતિ-પ્રાર્થના કરતા હતા –તેના શબ્દ સંભળાયા, એટલે બાપાશ્રી અંતર્ધાન થયા છે તેની સ્મૃતિ થઈ, તેથી શોક થવા માંડ્યો ને અતિશય દુઃખ થયું. આવી રીતે બાપાશ્રીએ અંતર્ધાન લીલા કરી તેનો જે અલૌકિક ભાવ તથા બાપાશ્રીએ દિવ્યસ્વરૂપે દર્શન દીધાં અને અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિ ભેગા જઈને રહ્યા, એ આદિ જે બાપાશ્રીએ ઐશ્વર્ય બતાવ્યાં તેમાંથી આ તો કિંચિત્ દિશમાત્ર લખ્યું છે.

હવે બાપાશ્રીએ અંતર્ધાન લીલા કરી ને પોતે ઘેર સમાધિમાં બિરાજી રહ્યા છે, તે વખતે બાપાશ્રીના સેવક કાનજીભાઈ તથા દેવરાજભાઈ ને મોતીભાઈ-તેમણે બાપાશ્રી અંતર્ધાન થયાના સમાચાર રાતોરાત સાઈકલ તથા ઘોડેથી માણસ મોકલીને ભૂજ તથા ગામડામાં સંત-હરિભક્તને દીધા અને લાલશંકરભાઈ તથા વિઠ્ઠલજીભાઈ પણ બાપાશ્રીની પાસે હતા, તે પણ ભૂજ ગયા ને ભોગીલાલભાઈને બાપાશ્રી અંતર્ધાન થયાની વાત કરી. પછી તેમણે અમદાવાદના સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા શેઠ બળદેવભાઈ આદિને તાર કરીને બાપાશ્રી અંતર્ધાન થયાના સમાચાર દીધા.

હવે કચ્છદેશના ગામડાના હરિભક્તો બાપાશ્રીના અંતર્ધાન થયાના સમાચાર સાંભળ્યા, તેથી પોતાનાં સર્વે કામ પડતાં મૂકીને સર્વે હરિભક્ત તુરત ચાલી નીકળ્યા ને રસ્તામાં પડતા

આખડતા દોડતા શ્વાસભર્યા સવારે વૃષપુર આવ્યા. તે સમે બાપાશ્રી અંતર્ધાન થઈ ગયા હતા અને ઘરમાં સામી ભીતે સ્વસ્તિક આસને વિરાજમાન હતા ને શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં ને લલાટમાં કુંકુમને ચાંદલે સહિત અર્ચા શોભી રહી હતી ને કંઠમાં પુષ્પનાં હાર પહેર્યાં હતા, તેવાં બાપાશ્રીનાં દર્શન કરીને સર્વે ભક્ત શોકના સમુદ્રમાં ડૂબી ગયા. પછી ધીરા રહી દંડવત્ કરીને દર્શન કર્યાં ને સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા. પછી ધીરજ લાવી વસ્ત્રથી અને પુષ્પાદિકના હારથી શોભાયમાન-એવું વિમાન તૈયાર કર્યું. પછી બાપાના પુત્રાદિક-તેમણે બાપાશ્રીને તેડીને તે વિમાનમાં બેસાર્યા ને પૂજા-આરતીઓ કરીને તે વિમાનને મંદિરના બારણે રાખ્યું ને સર્વે સંતોએ બાપાશ્રીનાં દર્શન કર્યાં. તે સમે ગામડેથી આશરે દસ બાર હજાર હરિભક્ત આવી ગયા હતા. પછી બાપાશ્રીના કાનજીભાઈ ને મનજીભાઈ આદિ તથા તે સર્વે હરિભક્ત અસાડ સુદ પાંચમ ને શુક્રવારે દિવસના આઠ વાગે બાપાશ્રીનું વિમાન ઉપાડીને ચાલ્યા ને મંડળીઓના ઉત્સવિયા વિરહનાં કીર્તન બોલીને ઉત્સવ કરતા ને ગુલાલ ઉડાડતા થકા વિમાનની આગળ ચાલ્યા. વળી તે સમે કેટલાક હરિભક્ત હાથમાં અગરબત્તીની પ્રકટાવેલ પૂળીઓ ઝાલેલી અને રુદન કરતા ને શોકમાં પરાણે પગ ઉપાડતા એવા થકા બાપાશ્રીના વિમાનની આગળ ચાલ્યા. અને બાઈઓનાં સમૂહ-કીર્તન બોલતાં ને સ્નેહથી પરવશ થઈને રુદન કરતાં થકાં કેડે ચાલ્યાં, તે ગામમાં ઉત્તર-દક્ષિણ મંદિરને પ્રદક્ષિણા કરીને ઉગમણે ઝાંપે થઈ સડકે આવીને નદીમાં આવ્યા. તે સમે લાલશંકરભાઈ, ભોગીલાલભાઈ આદિ હરિભક્ત ભૂજથી સુખડના કાષ્ઠ ને ગુલાલની ગાડી ભરીને આવ્યા. અને સર્વે હરિભક્ત તો ચારે કોરથી સમુદ્ર ઊભરાયો હોય તેમ આવ્યા જ કરતા હતા, ને રસ્તામાં ચાલતા ખાડા કે ટેકરા આવે તોપણ તેને નહિ ગણીને દોડતા આવતા, અને આવેલા સર્વે તે પણ બાપાશ્રીની પાલખી ભેગા ચાલતા હતા. તેઓ પણ ખાડા-ટેકરાને નહિ ગણતા અને પડતા-આખડતા બાપાશ્રીના સામું ને સામું જોઈને ચાલતા હતા, અને બાપાશ્રી પણ તે સમે જેમ પ્રથમ સાજા હતા તેવા જ પાલખીમાં બેઠેલા દેખાતા હતા ને સર્વે હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરવા સારુ અધીરિયા થઈ ગયા હતા. પછી બાર વાગે છત્રીએ આવ્યા ને ત્યાં પાલખી છત્રીના વંડાને બહાર રાખી એટલે સર્વે બાઈઓ દર્શન કરવા આવ્યાં, ને બાપાશ્રીનાં દર્શન કરીને પૂજા-આરતી કરી. પછી સ્નેહથી રુદન કરતાં કરતાં સ્નાન કરવા ગયાં. હવે બાપાશ્રીની પાલખી ઉપાડીને વંડામાં છત્રીના ઓટા ઉપર રાખી, ને સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ આદિ સંત તથા બાપાશ્રીના કાનજીભાઈ ને મનજીભાઈ આદિ તેમણે બાપાશ્રીની પૂજા કરીને આરતી ઉતારી. પછી તેમણે છત્રીના જમણા પડખે સુખડના કાષ્ઠથી ને બીજા કાષ્ઠથી તથા શ્રીફળથી ચિતા રચી. પછી બાપાશ્રીના કાનજીભાઈ ને મનજીભાઈ તથા સાધુ કેશવપ્રિયદાસ

તેમણે બાપાશ્રીના દેહને દિવસના બે વાગે ચિતામાં પધરાવ્યા ને અગ્નિ પ્રકટાવીને માંહી ઘી હોમી અગ્નિસંસ્કાર-વિધિ કર્યો.

આવી રીતે બાપાશ્રીએ ૮૪ વર્ષ સુખ આપી અસાડ સુદ પાંચમ ને શુક્રવારે પોતાનું પ્રત્યક્ષ દર્શન અદેશ્ય કર્યું. હવે તે સમે સર્વે હરિભક્ત બાપાશ્રીના શોકે કરીને રુદન કરવા લાગ્યા ને અતિ શોકમાં ડૂબી ગયા,ત્યારે સાધુ કેશવપ્રિયદાસ આદિ સંત તથા ભોગીલાલભાઈ ને લાલશંકરભાઈ -તેમણે સર્વે હરિભક્તને મંદિરના હૉલમાં બેસાર્યા ને બાપાશ્રીએ જે જે સુખ આપ્યાં હતાં તથા જે જે ઐશ્વર્ય-ચમત્કાર બતાવ્યાં હતાં, તેની વાતો કરીને સર્વેને શાંતિ પમાડવા લાગ્યા. પછી અગ્નિસંસ્કાર-વિધિ થઈ રહ્યો, ત્યારે સર્વે હરિભક્ત વાડીઓમાં સ્નાન કરી ભેગા થઈને કીર્તન ગાતા ને રુદન કરતા થકા બાપાશ્રીને ઘેર આવ્યા. પછી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને શોક-સાગરમાં ડૂબ્યા થકા નિજ નિજ ગામ તથા ઘેર ગયા, ને તે સમે બાપાશ્રીના વિયોગે કરીને સર્વે ભક્તજનોને દુઃખ-શોકના દરિયા ઊલટ્યા. વળી તે સમો એવો થયો હતો જે, 'કોઈને ધીરજ રહે જ નહિ પણ બાપાશ્રીએ અતિ ઐશ્વર્ય-પ્રતાપ જણાવ્યા, તેણે કરીને સર્વેને ધીરજ આવી ગઈ. પછી હરિભક્તના ચોવીસ ગામમાં સર્વે નગરજનોએ પોતપોતાનાં કામ બંધ કર્યા ને અગતા પાળ્યા. હવે અસાડ સુદ ૬ના રોજ બાપાશ્રીને ઘેર વચનામૃતની પાંચ દિવસની કથા બેસારી હતી. તેમાં રાત્રીએ ભાઈઓની સભા થતી ને ભાઈઓ કથા વાંચતા ને દિવસના દસ વાગ્યા સુધી ને ફરીથી સાંજના છ વાગ્યા સુધી બાઈઓની સભા થતી. તેમાં બાઈઓ કથા વાંચતી. વળી એવી રીતે મંદિરમાં પણ 'ભક્તચિંતામણિ'ની કથા બેસાડી હતી.

હવે બાપાશ્રી ધામમાં ગયા પછી ચોથે દિવસે બાપાશ્રીનો ખરખરો કરવા સર્વે મોટા મોટા હરિભક્ત વૃષપુર આવ્યા હતા ને મંદિરના ચોકમાં મોટી સભા ભરી હતી, ને ઉગમણે મુખે આથમણા ભાગમાં ખુરસીમાં શ્રીજીમહારાજની મૂર્તિ તથા બાપાશ્રીની મૂર્તિ પધરાવી હતી અને સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ આદિ સંત કથાવાર્તા કરતા હતા ને સંત-હરિભક્ત બાપાશ્રીના ગુણ, પ્રતાપ, સ્વરૂપ, સ્વભાવ તેને સંભારીને બહુ દિલગીર થતા હતા. પછી સાધુ કેશવપ્રિયદાસે અનાદિમુક્ત બાપાશ્રીનો દિવ્યભાવ તથા મનુષ્યભાવનો મહિમા કહીને સર્વે હરિભક્તને શાંતિ પમાડ્યા ને તે સમે બાપાશ્રીની પ્રતિમા ખુરસીમાં પધરાવી હતી તેનાં દર્શન બાપાશ્રી પ્રત્યક્ષ બેઠા હોય તેવાં જ કેટલાક હરિભક્તને થતાં હતાં. વળી કેટલાકને તો બાપાશ્રીની છબી શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ ગઈ એવાં દર્શન પણ બાપાશ્રીએ દીધાં, તેણે કરીને સર્વેને ઘણી શાંતિ તથા ધીરજ આવી ગઈ. પછી સર્વે હરિભક્ત પરસ્પર મળી અને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી તથા બાપાશ્રીનાં ઘેર દર્શન કરીને પોતપોતાને ગામ ગયા ને દસમે દિવસ સર્વે હરિભક્તોએ મુંડન કરાવીને સ્નાન કર્યાં.

વળી બાપાશ્રી અંતર્ધાન થયા તે સમે સદ્‌ગુરુ સ્વામીશ્રી આદિને તાર કર્યા હતા; તેથી બાપાશ્રીના ધામમાં ગયાના સમાચાર જાણી તે સદ્‌ગુરુઓએ ગુજરાતમાં પણ ગામેગામ ખબર આપી ને સંતમંડળે તથા ગુજરાત આદિ દેશના હરિભક્તે બાપાશ્રીનો અતિશય વિલાપ કરીને સર્વેએ સ્નાન કર્યાં પછી તુરત જ કચ્છ તરફ રવાના થયા. તેમાં સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતમંડળ બાપાશ્રીના ધામમાં ગયા પછી સુદ નોમને દિવસ સાંજના વૃષપુર આવ્યા ને બાપાશ્રીના વિયોગથી શોક યુક્ત હતા ; તોપણ પોતાના હૃદયમાં શ્રીજીમહારાજ ને બાપાશ્રીને દિવ્યસ્વરૂપે દેખતા હતા તેથી બાપાશ્રીના પુત્ર આદિ હરિભક્તને વાતો કરીને શાંતિ પમાડતા હતા. અને બાપાશ્રી ધામમાં પધાર્યા, તે નિમિત્તની 'વચનામૃત'ની ને મંદિરમાં 'ભક્તચિંતામણિ' ની કથા ચાલુ કરી હતી તેની દશમના રોજ સમાપ્તિ કરી.

ત્યાર પછી બાપાશ્રીના કાનજીભાઈ ને મનજીભાઈ –તેમણે મોટેરા હરિભક્તને તથા સ્વામી ઈશ્વરચરણદાસજી ને વૃંદાવનદાસજી તથા ભૂજના સંતોને પૂછીને બાપાશ્રીનું કાર્ય જેવો બાપાશ્રીએ મોટો યજ્ઞ કર્યો હતો તેવું મોટા પ્રમાણમાં આદર્યું ને સાજો સત્સંગ તેડાવ્યો ને તે કાર્યનો સર્વે સામાન ભેગો કરીને ભૂજના સર્વે સંત બોલાવ્યા, અને બાપાશ્રીના અંતર્ધાન થયાના દશમે દિવસે એટલે સુદ ચૌદશ ને રવિવારે 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથાનો પ્રારંભ કર્યો. હવે ગુજરાત આદિ દેશના હરિભક્ત આવવા મંડ્યા ને કચ્છના કણબીના ચોવીસ ગામનાં બાઈઓ તથા ભાઈઓ સર્વે આવ્યાં. ત્યાર પછી બાપાશ્રીના બારમાને દિવસે સરાવવું વગેરે વિધિ કર્યો ને બ્રાહ્મણને દાન દીધાં તથા મંદિરમાં સજજા આપી અને ભૂજમંદિરમાં ઠાકોરજીની સેવામાં પંદરસો કોરી ને ગૌદાન આપ્યાં. હવે બાપાશ્રીના તેરમાને દિવસે કચ્છના ચોવીસ ગામનાં સર્વે બાઈઓ-ભાઈઓ હરિભક્ત આવી ગયાં હતાં અને બાઈઓ બાઈઓના મંદિરમાં ને ભાઈઓ ભાઈઓના મંદિરમાં બાપાશ્રીના શોકમાં ડૂબ્યા થકા સભામાં બેસી કથા સાંભળતાં હતાં અને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી શ્રીજીમહારાજ ને બાપાશ્રીના મહિમાની વાતો કરીને તથા તેમનાં ઐશ્વર્ય, તેજ, પ્રતાપ વગેરેની વાતો કરીને સર્વેને શાંતિ પમાડતા હતા. આવી સદ્‌ગુરુની વાતો સાંભળીને સર્વેને એમ થતું જે, 'બાપાશ્રી તો શ્રીજીમહારાજની મૂર્તિ ભેગા છે માટે સદા પ્રત્યક્ષ છે.' ને બાપાશ્રી પણ કેટલાક ભક્તને પોતાનાં પ્રત્યક્ષ દર્શન આપીને શાંતિ પમાડતા. અને તે બાપાશ્રીના કાર્યમાં કાનજીભાઈ ને મનજીભાઈ –તેમણે બાઈઓ, ભાઈઓ આદિ સર્વે સત્સંગીઓને તેરમાને દિવસે જમાડ્યા અને ચૌદમાને દિવસ એટલે અસાડ વદ ત્રીજ ને ગુરુવારે કથાની સમાપ્તિ કરી અને સર્વે સંતોને ધોતિયાં ઓઢાડ્યાં ને સંતોને તથા સર્વે હરિભક્તોને જમાડ્યા. પછી સર્વે સંત-હરિભક્ત શ્રીજીમહારાજ ને બાપાશ્રીને તથા બાપાશ્રીના છેલ્લા કાર્યને સંભારતા થકા

ને સદ્‌ગુરુ આદિ સંત ત્યાં રહ્યા. ત્યાર પછી કાનજીભાઈ તથા મનજીભાઈએ તે અસાડી અમાસે સાંખ્યયોગી બાઈઓ સર્વેને તથા વૃષપુરના પંદર વર્ષ સુધીનાં સર્વે બાળકોને છત્રીએ જમાડ્યાં ને સદ્‌ગુરુ આદિ સંતમંડળને મંદિરમાં જમાડ્યા. ઈતિ વિશ્રામ ૯૯

બાપાશ્રીએ અંતર્ધાન થયા પછી ભક્તજનને દિવ્યરૂપે દર્શન આપીને નિવારણ કરેલો શોક

(૧) ભૂજના મહેતા ભોગીલાલભાઈ બાપાશ્રીને માંદા જાણી અસાડ સુદ ચોથને દિવસ બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર આવ્યા હતા ને બાપાશ્રીનાં દર્શન કરીને પાછા ભૂજ ગયા. પછી પોતાને એમ સંકલ્પ થયો જે, 'બાપાશ્રીને મંદવાડ વધારે છે માટે અંતર્ધાન થઈ જશે તો મને દર્શન નહિ થાય, માટે હું બાપાશ્રી પાસે રહ્યો હોત તો દર્શનનો લાભ મળત' –એમ વિચાર કરીને ધ્યાનમાં બેઠા, તે ધ્યાન કરતાં કરતાં રાત્રીનો એક વાગ્યો ત્યારે બાપાશ્રી અંતર્ધાન થયા, તે જ સમયે ભોગીલાલભાઈને બાપાશ્રીએ દિવ્યરૂપે દર્શન દીધાં. તે તેજોમય એવા બાપાશ્રીને જોઈને તરત ઊભા થઈને પગમાં પડ્યા ને બાપાશ્રીની સામું જોઈ રહ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'હિંમત રાખજો; –અમે તો જઈએ છીએ ને તમારો વખત આવશે ત્યારે તમને પણ મૂર્તિના સુખમાં લઈ જઈશું.' –એમ કહીને અંતર્ધાન થઈ ગયા. પછી થોડીકવાર થઈ, ત્યારે વૃષપુરથી લાલશંકરભાઈ આવ્યા તેમણે ભોગીલાલભાઈને કહ્યું જે, 'બાપાશ્રી તો અંતર્ધાન લીલા કરી ગયા.' ત્યારે ભોગીલાલભાઈએ કહ્યું જે, 'હમણાં જ મને બાપાશ્રીએ દર્શન દઈને અંતર્ધાન થવાની વાત કરી.'

(૨) અને બાપાશ્રી અંતર્ધાન થયા તે વખતે વિરમગામમાં દેપાળા અમરશીભાઈને બાપાશ્રીનાં દર્શન થયાં; તે અતિશય અલૌકિક દિવ્યમૂર્તિ એવા બાપાશ્રીને જોઈને અમરશીભાઈ તો હાથ જોડીને સ્થિર થઈ ગયા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે મનુષ્યરૂપ અદૃશ્ય કરી દિવ્યરૂપે અક્ષરધામમાં શ્રીજીમહારાજ પાસે જઈએ છીએ; ને તમે આ વાત સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને સવારે કહેજો.' ત્યાં તો સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત તથા બાપાશ્રી બાઈઓના મંદિરમાં અમરશીભાઈને દેખાયા ને ત્યાં ચરણારવિંદની પ્રતિષ્ઠાવિધિ થતી હતી ને બાપાશ્રીએ ચરણારવિંદ ઉપર હાથ ફેરવ્યો. પછી સર્વે સંત-હરિભક્ત બાપાશ્રીનાં દર્શન કરવા લાગ્યા ને તે સમે બાપાશ્રી પણ તેજોમય દેખાયા ને બાપાશ્રી આકાશમાર્ગે પધાર્યા. –એવાં બાપાશ્રીનાં દર્શન અમરશીભાઈને સ્વપ્ન અવસ્થામાં થયાં. તે વાત તેમણે સવારે સ્વામી ઈશ્વરચરણદાસજી અને સ્વામી વૃંદાવનદાસજીને કહી. ત્યાર પછી બાપાશ્રી અંતર્ધાન થયાનો તાર સ્વામી ઉપર આવ્યો, ત્યારે તે વાત સત્ય થઈ.

(૩) ગામ બામણવાના ગોવાભાઈએ બાપાશ્રીના અંતર્ધાન થવાની વાત સાંભળી, ત્યારે તેઓ અતિશય શોકાતુર થઈ ગયા ને પાટડી નાગજીભાઈ પાસે આવીને તે વાત કરી. ત્યારે નાગજીભાઈએ કહ્યું જે, 'બાપાશ્રી તો સદાય છે, છે ને છે જ; આપણને મેલીને કયાં જાય ! બાપાશ્રીએ આપણને મૂર્તિમાં ભેગા રાખ્યા છે ને આ તો એમની લીલા છે, પણ એ તો જેમ છે તેમ જ છે; તેમને જવું-આવવું નથી.'–એમ વાત કરીને શાંતિ પમાડ્યા; તોપણ ગોવાભાઈને બાપાશ્રીના વિયોગનું દુઃખ મટયું નહિ. ત્યારે તે જ રાત્રીએ તેમને બાપાશ્રીએ દિવ્યરૂપે દર્શન દઈને કહ્યું જે, 'આમ શોકાતુર કેમ થઈ ગયા છો; અમે સદાય શ્રીજીમહારાજ ભેગા સત્સંગમાં છીએ.' –એમ કહીને અદૃશ્ય થઈ ગયા.

(૪) નારાયણપુરમાં સાંખ્યયોગી અમરબાઈ બાપાશ્રીના વિયોગથી ઘણાં દિલગીર થયાં હતાં. તે સમે બાપાશ્રી તથા ધનજીભાઈ –તેઓ બન્ને દિવ્યસ્વરૂપે દર્શન આપીને બોલ્યા જે,'શોક શું કરો છો ? લાવો દૂધ પીએ.' પછી દૂધ લાવ્યાં તે પાન કરીને સર્વેને શાંતિ પમાડ્યા પછી અદૃશ્ય થઈ ગયા.

(૫) હવે બાપાશ્રી અંતર્ધાન થયા, તે જ રાત્રીએ મૂળજી પરબતના ઘરનાં તેજબાઈએ ખાવાનું રાંધ્યું નહિ ને ખાધું–પીધું પણ નહિ ને શોકમાં રોતાં રોતાં એમ બોલ્યાં જે, 'મારી ગાયનું દૂધ બાપાશ્રી નિત્યે પીતા; તે હવે કોણ પીશે?' એટલામાં તો બાપાશ્રી એમના ઘરમાં આવીને ખાટલા ઉપર બેઠા ને બોલ્યા જે, 'લાવો; દૂધ-સાકર ઊના કરો. અમે ગઈ કાલે અગિયાર વાગે તમારું દૂધ પીધું હતું ને વળી આજ પણ પીએ.' પછી દૂધ આપ્યું તે બાપાશ્રીએ અતિ હેતે કરીને પીધું ને અદૃશ્ય થઈ ગયા.

(૬) વૃષપુરના કણબી અણદા કેરાઈ બાપાશ્રી અંતર્ધાન થયા, તે વખતે પાસે હતા તે ઘણા ઉદાસ થઈ ગયા ને મનમાં એમ સંકલ્પ કરતા હતા જે, ' અંતસમે બાપાશ્રી બોલ્યા જ નહિ !' એટલામાં તો બાપાશ્રી તેમને દર્શન દઈને બોલ્યા જે, 'ઉદાસી થાઓ માં; લાવો જમીએ.' ત્યારે તેમણે વાલબાને કહ્યું જે,' બાપાશ્રી સારુ જમવાનું લાવો.' પછી થાળ લાવ્યા, તેમાંથી થોડુંક જમ્યા ને કહ્યું જે, 'આ પ્રસાદી જમજો.' એમ સર્વેને દર્શન દઈ 'જય સ્વામિનારાયણ' કહીને અદૃશ્ય થઈ ગયા.

(૭) એક સમયને વિષે વૃષપુરમાં બાપાશ્રીના જાદવજી કાનજી ને પ્રેમજી હીરજી તે બન્ને જણા સંધ્યા-આરતી વખતે ઉદાસ થકા મંદિરમાં બાપાશ્રીના ઓરડામાં આવ્યા, ત્યાં બાપાશ્રીને ઢોલિયામાં પોઢેલા દીઠા. પછી બાપાશ્રી બેઠા થઈને બોલ્યા : 'બચ્ચા જાદવા ! મારે ઘેર

જવું છે; લાકડી લાવ.' પછી જાદવજી લાકડી લેવા ગયા. ત્યારે બાપાશ્રીએ પ્રેમજીને કહ્યું જે, 'મને બેઠો કર.' પછી પ્રેમજીએ બેઠા કર્યા ને જાદવજીએ લાકડી લઈ આવીને બાપાશ્રીને કહ્યું જે 'લો લાકડી.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમારે લાકડીનું કામ પડે નહિ.' –એમ કહીને અદૃશ્ય થઈ ગયા.

(૮) અને બાપાશ્રીના કાર્ય ઉપર મંદિરમાં પારાયણ બેસારી હતી, તે કથાની પાટ ઉપર પુસ્તકના પાટલા આગળ શ્રીજીમહારાજની ને બાપાશ્રીની મૂર્તિઓ પધરાવી હતી ને કથા વંચાતી હતી ને તે સભામાં સોની મગનલાલ બાપાશ્રીના વિરહને લીધે શોકાતુર થઈને બેઠા હતા ને પડખે કણભાના આશાભાઈ પણ બેઠા હતા. તે વખતે આશાભાઈને બાપાશ્રી મૂર્તિરૂપે પ્રગટ હોય તેવા દેખાયા ને કહ્યું જે, 'આ મગન ભૂજથી આવ્યો છે તે ભૂખ્યો હશે; માટે આપણા ઘેર જઈને જમાડી આવો.' ત્યારે આશાભાઈ મગનભાઈને ઘેર લઈ જઈને જમાડી આવ્યા.

(૯) અને અસાડ વદ એકમને રોજ બાપાશ્રીને ઘેર બાપાશ્રીનાં દીકરી વાલબા તથા રામપુરનાં ધનુબાના સેવક કાનબા ને પ્રેમબા તથા નારાયણપુરનાં અમરબા આદિ ઘણાં બાઈઓ શોક કરતાં હતાં. તે વખતે શ્રીજીમહારાજની મૂર્તિ તથા બાપાશ્રીની મૂર્તિ ઘેર પધરાવેલી હતી તે મૂર્તિમાંથી બાપાશ્રી જેવા પોતે હતા તેવા મનુષ્યસ્વરૂપે દર્શન આપીને તે બાઈઓ પ્રત્યે બોલ્યા જે, 'શોક શું કરો છો ? અમે તો સદાય છીએ જ, તમે શોકમાં ને શોકમાં તેર દિવસથી અમને જમાડવા પણ ભૂલી ગયાં છો, માટે થાળ લાવો; જમીએ.' પછી પ્રેમબાઈએ ઊઠીને થાળ તૈયાર કરીને આપ્યો. તે જમીને બોલ્યા જે,' હવે તૃપ્ત થયા ?' પછી વળી બોલ્યા જે, 'અમારી અંતિમ વિધિનું કાર્ય મોટું આદર્યું છે તેની ચિંતા કરો છો, પણ તે કાર્ય તો અમારે નિવેડવું છે; તમે શા માટે ફિકર કરો છો ?' એમ મૂર્તિમાંથી પ્રગટ થઈને શોક નિવૃત્ત કર્યો.

(૧૦) અને ભૂજના સાધુ રામચરણદાસજીને બાપાશ્રીનાં દર્શન થયાં, તે તેજોમય સ્વરૂપ દેખાયા. ત્યારે તેમણે બાપાશ્રીને કહ્યું જે, 'બાપા ! આપ તો મનુષ્યરૂપે દર્શન દેતા હતા પણ આવાં દર્શન તો આજ જ થયાં.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તો સદાય આવા દિવ્ય તેજોમય છીએ.' –એમ કહીને અંતર્ધાન થયા.

(૧૧) એક સમે વૃષપુરમાં રામજી હીરા વાડીએ રાત્રીએ ગાડા ઉપર સૂતા હતા, તેને બાર વાગે બાપાશ્રી હાથમાં લાકડી લઈને ચાલ્યા આવે છે –એવાં દર્શન થયાં; પછી પાસે આવીને બોલ્યા જે, 'બચ્ચા ! સૂતો છે કે ? પછી રામજીભાઈ બેઠા થઈને બાપાશ્રીને પગે લાગ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે,' અમે ધામમાં જઈએ છીએ; તું હિંમત રાખજે.' –એમ કહીને અદૃશ્ય થયા.

(૧૨) એક દિવસ સ્વામી ઈશ્વરચરણદાસજી ને સ્વામી વૃંદાવનદાસજી, એ બેય સદ્‌ગુરુ ઓરડામાં બાપાશ્રીના ઢોલિયા પાસે બેઠા હતા. તે વખતે આશાભાઈ, નાગરદાસભાઈ ને લાલુમલભાઈ તેમણે આવીને બાપાશ્રીના ઢોલિયાનાં તથા સ્વામીનાં દર્શન કર્યાં. તે વખતે બાપાશ્રી વિના ખાલી ઢોલિયો જોઈને ત્રણેયનાં હૃદય ભરાઈ આવ્યાં ને રડવા લાગ્યા, ત્યારે સદ્‌ગુરુ સ્વામી તેમને શાંતિ પમાડવા લાગ્યા; તોપણ રોતા રહે જ નહિ. આવું તેમનું શોકમાં રડવું જોઈને સ્વામી આદિ સંત તથા સર્વે હરિભક્તનાં હૃદય ભરાઈ આવ્યાં ને બાપાશ્રીના વિયોગથી સર્વે અતિ દિલગીર થયા. તે સમે બાપાશ્રીના ઢોલિયામાં એકદમ તેજનો સમૂહ દેખાયો, તેમાં દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ ને બાપાશ્રીનાં દર્શન થયાં. પછી સર્વે તેજ અદૃશ્ય થઈ ગયું ને બાપાશ્રી મહારાજની મૂર્તિમાં અદૃશ્ય થઈ ગયા. પછી મહારાજ પણ અદૃશ્ય થયા, ત્યારે લાલુમલભાઈ આદિ સર્વેને અતિશય આનંદ આનંદ થઈ ગયો ને શોક ટળી ગયો. આવી રીતે બાપાશ્રીએ અંતર્ધાન થયા પછી પણ હેતવાળા કેટલાક સંત-હરિભક્તને પોતાનાં દિવ્યસ્વરૂપે દર્શન આપ્યાં ને પોતાના વિયોગનું દુઃખ ટાળીને પોતાનું પ્રગટપણું જણાવ્યું. ઈતિ વિશ્રામ ૧૦૦

બંને સદ્‌ગુરુએ કહેલ બાપાશ્રીનો મહિમા તથા સંસ્મરણો, બાપાશ્રી અંતર્ધાન થયાના સ્થાને છત્રી ને તે સ્થાનનો મહિમા તથા સદ્‌ગુરુની છેલ્લી ભલામણ ને તેમની વિદાયગીરી

ત્યાર પછી સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી આદિ ઘણાક સંત બાપાશ્રીનું કાર્ય થઈ રહ્યા પછી પણ વૃષપુરમાં રહ્યા હતા અને કથાવાર્તા કરીને હરિભક્તને બાપાશ્રીના વિયોગનું દુઃખ ટાળી અને બાપાશ્રીનું ને શ્રીજીમહારાજનું પ્રગટપણું બતાવી મૂર્તિને સુખે સુખિયા કરતા હતા. તેમાં એક દિવસ સવારમાં સંત-હરિભક્તની મોટી સભા બેઠી હતી, તે સમે સ્વામી ઈશ્વરચરણદાસજી બાપાશ્રીના મહિમાની વાતો કરતા થકા બોલ્યા જે, "સ્વામી નિર્ગુણદાસજી બાપાશ્રીનાં દર્શન કરીને બાપાશ્રીને કહેતા જે, 'તમારું સ્વરૂપ તથા મુખનો ચહેરો શ્રીજીમહારાજના જેવો જ દેખાય છે અને તમારાં દર્શનથી શ્રીજીમહારાજનાં દર્શન કરવા જેવી જ શાંતિ આવે છે. અને તમે તો શ્રીજીમહારાજમાં રહ્યા છો માટે શ્રીજીમહારાજરૂપ દેખાઓ છો અને તમારાં દર્શન શ્રીજીમહારાજની મૂર્તિમાં પણ થાય છે.' –એમ સ્વામી નિર્ગુણદાસજી અનાદિમુક્તની સ્થિતિની ઘણી વાતો કરતા, માટે આપણે પણ બાપાશ્રીનો એવો મહિમા સમજવો; કેમ જે બાપાશ્રી અનાદિમુક્ત છે ને શ્રીજીમહારાજે અનાદિમુક્ત દ્વારે આપણને સુખ દેવા સારુ જ પોતાના સંકલ્પે કરીને બાપાશ્રીને મોકલ્યા છે. તે જુઓને, બાપાશ્રીએ શ્રી સ્વામિનારાયણ

ભગવાનની સર્વોપરી ઉપાસના સમજાવી. અને વળી શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન રહીને સળંગ મૂર્તિના સુખભોક્તા એવા અનાદિમુક્તની સ્થિતિ સમજાવી, તે તો આપણા ઉપર મહદ્ કૃપા કરી છે. તે જો આપણે તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીને જોઈએ, તો તે સ્થિતિની સમજણથી આપણને જે કાંઈ ઓજસ પ્રાપ્ત થયું છે, જેટલી ધારક શક્તિ આવી છે, જેટલી કારક શક્તિ આવી છે, જેટલી પાલન કરવાની શક્તિ મેળવી છે, જેટલી વર્ધક શક્તિ સંપાદન કરી છે, જે કાંઈ નિશ્ચયની દૃઢતા તથા મૂર્તિનો સાક્ષાત્કાર થયો છે, તે તો અતુલ, અમાપ ને અવર્ણનીય છે. તે જુઓને, બાપાશ્રીએ તો એવા અનંત અનાદિમુક્ત કર્યા ને આપણને પણ મૂર્તિમાં રાખવાના કોલ આપ્યા છે. વળી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને મહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિ તે રૂપ પરમએકાંતિક ધર્મ, –તે બાપાશ્રીએ ઘણા સંત-હરિભક્તને વિષે સ્થાપન કર્યો ને સત્સંગમાં સત્સંગ કરાવ્યો અને અનંત ભક્તને છતે દેહે જ મૂર્તિમાં રાખ્યા ને સ્થાવર-જંગમ એવા અનંત જીવોનો ઉદ્ધાર કર્યો. વળી બાપાશ્રીએ શ્રીજીમહારાજનું સદાય પ્રત્યક્ષપણું સમજાવ્યું. તે આવી એકાંતિક ધર્મની પ્રવૃત્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે કરે અથવા પોતાના અનાદિમુક્ત પાસે કરાવે તો જ થાય. એવા શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત આપણને પ્રગટ મળ્યા છે. અને જુઓને, બાપાશ્રી પ્રગટ થયા ત્યારથી કેવાં કેવાં અલૌકિક ચરિત્ર કર્યાં છે ! એમ સદ્. સ્વામી નિર્ગુણદાસજી પણ બાપાશ્રીનો મહિમા સંત-હરિભક્તને કહેતા, ને જેમ છે તેમ તો બાપાશ્રીએ પોતે જ પોતાનો મહિમા સમજાવ્યો છે. અને વળી બાપાશ્રીએ મોટા મોટા યજ્ઞ કરીને સર્વે સંત-હરિભક્તને ઘણાં સુખ આપ્યાં છે તે જુઓ :–

સંવત ૧૯૫૯ની સાલમાં બાપાશ્રીએ મોટો યજ્ઞ કર્યો હતો, તેમાં અમદાવાદ આદિ દેશના મોટા મોટા સદ્ગુરુ આવ્યા હતા ને હરિભક્તો પણ ઘણા આવ્યા હતા. ને સ્વામી અક્ષરજીવનદાસજી પણ હતા. (૨) પછી સં. ૧૯૭૧ માં કાળીતલાવડી પર છત્રી કરાવીને તેમાં ચરણારવિંદ પધરાવવા સારુ મોટો યજ્ઞ કર્યો હતો ને તેમાં તો બેય દેશના ઘણા સંત-હરિભક્ત આવ્યા હતા. (૩) ત્યાર પછી સં. ૧૯૭૪ માં મંદવાડમાંથી સાજા થયા, તે નિમિત્તે છત્રીએ યજ્ઞ કર્યો હતો. (૪) પછી વળી સં. ૧૯૭૮માં છત્રીએ મંદિરની જગ્યાનું ભર્યું તથા હનુમાનજીની પ્રતિષ્ઠાનું નિમિત્ત કરીને મોટો યજ્ઞ કર્યો અને તેમાં ઘણા સંત-હરિભક્ત આવ્યા હતા. પછી હનુમાનજી પધરાવ્યા ને કહ્યું જે, ' આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે ને આ છત્રીનાં દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે.' –એમ આશીર્વાદ આપ્યા હતા. (૫) વળી સં. ૧૯૮૨ માં સર્વેને સમાગમનો લાભ મળે તે સારુ મોટો યજ્ઞ કર્યો હતો. (૬) અને સં. ૧૯૮૪ માં પોતાને અંતર્ધાન થવાનું જણાવીને તે નિમિત્તે છેલ્લો યજ્ઞ કર્યો અને તે સિવાય બીજા નાના યજ્ઞ તો ઘણાય કર્યા છે. આવી રીતે બાપાશ્રીએ આપણને ૮૪ વર્ષ સુધી અનંત, અપાર ને નિઃસીમ સુખ આપ્યાં છે.

વળી હજારો સંત-હરિભક્ત બાપાશ્રીનો સમાગમ કરવા આવતા તેમને બાપાશ્રી વાતો કરીને 'સ્વામિનારાયણ' ભગવાનનો સિદ્ધાંત સમજાવતા ને વચનામૃતના રહસ્ય અર્થ કરીને સમજાવતા ને તેની 'રહસ્યાર્થ-પ્રદીપિકાટીકા' પણ લખાતી ને બાપાશ્રી વાતો કરતા તે પણ લખાતી. તે હવે છપાઈને બહાર પડ્યાં છે તેથી વચનામૃત ને તેની ટીકા તથા બાપાશ્રીની વાતો, -તે મુમુક્ષુને શ્રીજીમહારાજનો સિદ્ધાંત સમજવાનો ને અનાદિમુક્તની સ્થિતિ પામવાનો મોક્ષનો દરવાજો સદાયને માટે થયો છે; કેમ જે તે પ્રમાણે શ્રીજીમહારાજની ઉપાસના સમજશે ને મહારાજની આજ્ઞા પાળશે તેનો અમે મોક્ષ કરશું, -એમ બાપાશ્રીએ કહ્યું હતું. અને 'બાપાશ્રીનું જીવનવૃત્તાંત' પણ લખાયું છે. -એમ સ્વામી ઈશ્વરચરણદાસજીએ ઘણી વાતો કરી.

એક દિવસ સભામાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીએ વાત કરી જે, "બાપાશ્રી આપણને એવો આશીર્વાદ આપે જે, તમને મૂર્તિમાં રાખ્યા ને દેહ-સ્વભાવ માત્ર કાઢી નાખ્યા. ત્યારથી આપણે એમ સમજવું જે, ' મુને અનાદિમુક્ત કરીને બાપાશ્રીએ મૂર્તિમાં રાખ્યો છે; હું અનાદિમુક્ત જ છું; શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ ભોગવું છું; મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ.' એવો દૃઢ નક્કી-નક્કોર નિઃસંશય નિશ્ચય કરવો અને મહારાજની આજ્ઞામાં યથાર્થપણે રહેવું, તો તે અનાદિમુક્ત જ છે ને બાપાશ્રીના આશીર્વાદથી તેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે ને તેમ વર્તાય છે."

વળી સ્વામીએ વાત કરી જે,"સંવત ૧૯૫૧ની સાલમાં બાપાશ્રી કચ્છમાંથી થોડા હરિભક્તને સાથે લઈને મૂળી થઈને ઉપરદળ આવ્યા હતા. ત્યાં રામજીભાઈને રાજી કરીને ધોળકે આવ્યા અને ધોળકામાં હું મહંત હતો ને બાપાશ્રીએ મને વાત કરી જે,'સ્વામી ! શું કરવા આવ્યા છો ? ત્યારે મેં કહ્યું જે, 'કરવાનું મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવું, તેવી અનાદિમુક્તની સ્થિતિ પામવી તે છે પરંતુ તે થતું નથી ને આ દેહે કરીને થાય તેમ જણાતું પણ નથી.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે,'બીજો જન્મ ધરો.' ત્યારે મેં કહ્યું જે,' આ દેહ પડ્યા વિના બીજો દેહ કેમ ધરાય ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મોટાના વચનથી આ દેહનો ભાવ ટળી જાય ને અનાદિમુક્તની સ્થિતિ પમાય તે બીજો જન્મ જાણવો.' ત્યારે મેં કહ્યું જે,' એવી આપ કૃપા કરો ને એવો આશીર્વાદ આપો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે,'આજથી તમારો નવો જન્મ; તમારા દેહ-સ્વભાવ સર્વે ગયા ને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા. હવે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ અખંડ ભોગવો; તમારાં આવરણ માત્ર ગયાં.' -એમ કહીને અતિ હેતે કરીને મળ્યા. તે દિવસથી મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવાય છે ને કાંઈ આવરણ આવતું નથી અને તે દિવસથી જે સમજે તેને તે જ વાતો સમજાવીએ છીએ. વળી કોઈક સમે બાપાશ્રીએ અમને એમ કહ્યું જે,' તમે તો અમારા સંકલ્પ-સ્વરૂપ છો.' તે દિવસથી મૂર્તિ વિના બીજું કાંઈ દેખાતુ જ નથી; અખંડ મૂર્તિના સુખમાં જ રહેવાય છે. આવું અનુભવજ્ઞાન

સાક્ષાત્કાર કરાવ્યું છે. તેમ જ જે મુમુક્ષુ બાપાશ્રીને શરણે આવે છે ને બાપાશ્રીને જીવ સોંપી દે છે, તેને પણ બાપાશ્રી આવી રીતે અનુભવજ્ઞાન આપી બીજા રાગ, ભય આદિ કષાય માત્ર ટાળી નાખીને પોતા જેવા અનાદિમુક્ત કરે છે, માટે બાપાશ્રીને જીવ સોંપી દેવો અને શ્રીજીમહારાજ ને બાપાશ્રીના સિદ્ધાંત પ્રમાણે વર્તવું." –એમ ઘણીક વાતો કરી.

આવી રીતે બન્ને સદ્‌ગુરુ વારાફરતી કથાવાર્તાનું સુખ આપતા હતા. તે સમે બાપાશ્રીના કાનજીભાઈ તથા મનજીભાઈ તેમણે સ્વામીને કહ્યું જે,'સ્વામી ! અમને એમ સંકલ્પ થાય છે જે, 'આપ બાપાશ્રીના અંતર્ધાન થયાના સ્થાને બાપાશ્રીની સ્મૃતિરૂપ છત્રી કરાવો ને દયા કરીને ત્યાં સુધી મહિનો-પંદર દિવસ અહીં રહો.' ત્યારે ભૂજના ભોગીલાલભાઈ તથા લાલશંકરભાઈ –તેમણે પણ સ્વામીને કહ્યું જે, 'તમે ભૂજ પધાર્યા હતા ત્યારે છત્રી કરવાની અમે પણ તમને પ્રાર્થના કરી હતી માટે જરૂર કરાવો, ને છત્રી થઈ રહે ત્યાં સુધી આપ રહેવા દયા કરો.' પછી વળી બાપાશ્રીના કાનજીભાઈએ કહ્યું જે,'સ્વામી ! એ છત્રીનું કામ તો અમારે જ કરવાનું છે ; પણ તમે કરાવો ને જે ખર્ચ થશે તે અમે આપીશું, માટે દયા કરીને ત્યાં સુધી રહો ને તે કામ પૂરું કરીને પછી પધારવાનું કરશો.' ત્યારે સદ્‌ગુરુ સ્વામી બન્નેએ હા કહી ને છત્રી કરાવવાનું નક્કી કર્યું.

પછી સ્વામીએ વૃષપુરના મિસ્ત્રી ગોવિંદ અરજણને તથા વેકરાના મિસ્ત્રી વીરજી મનજી તે બેયને તેડાવીને કહ્યું જે, 'આપણે બાપાશ્રીના અંતર્ધાન થયાના ઠેકાણે છત્રી કરાવવી છે.' ત્યારે તે બહુ રાજી થયા ને તે કામ કરવાની હા કહી. પછી બાપાશ્રીના દીકરા કાનજીભાઈ તથા મનજીભાઈ –તેમણે મિસ્ત્રીના કહેવા પ્રમાણે સારા પથ્થર મંગાવ્યા ને જોઈતી સામગ્રી સર્વે તૈયાર કરાવી. ત્યાર પછી તે મિસ્ત્રીઓએ છત્રીનો નકશો કરીને તે કામ ચાલુ કર્યું અને તે કામ કરવામાં તે મિસ્ત્રીઓની મદદમાં તે ગામના વાઘજી ગોવિંદ, કાનજી હરજી ને કાનજી ભોજા આદિને પણ બોલાવ્યા હતા, તેઓ સર્વે બાપાશ્રીને સંભારી હેતે કરીને કામ કરતા હતા. તેમાં એક સમયે વાઘજી ગોવિંદ છત્રીના પથ્થર ઘડતા હતા, તેમને બાપાશ્રીએ દર્શન દઈને એમ કહ્યું જે,' કામ સારું કરજો; અમે અહીં રહેશું. ' –એમ કહીને અંતર્ધાન થઈ ગયા.

વળી એક સમયે મિસ્ત્રી વીરજીભાઈ છત્રીના થાંભલા ઘડતા હતા તેમને બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, 'થાંભલા સારા ઘડજો; આ અમારું સ્થાનક છે.' –એમ કહી અતિ પ્રસન્નતા જણાવીને અંતર્ધાન થઈ ગયા. તે વાત તેમણે સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતને કહી. આવી રીતે બાપાશ્રી છત્રીના કામમાં પ્રસન્નતા જણાવતા ને તે મિસ્ત્રીઓએ પણ અતિ શોભાયમાન ને સારા રૂપમાં છ થાંભલાની છત્રી એક મહિનામાં તૈયાર કરી.

ત્યાર પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીના દીકરા કાનજીભાઈ તથા મનજીભાઈ –તેમની પાસે છત્રીનું કામ કરનારા મિસ્ત્રી ગોવિંદભાઈ તથા વીરજીભાઈને પાઘડીઓ બંધાવી ને કામ કરનારા સર્વે હરિભક્તને પણ ધોતલીઓ બંધાવી, ને સર્વેને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા ને કહ્યું જે,' આ સ્થાન થયાથી અનેક સંત-હરિભક્તને આત્યંતિક મોક્ષ થવા રૂપ એક નવું સદાવ્રત ચાલતું થયું ને આ સ્થાન બહુ પવિત્ર છે ને બહુ મોટું તીર્થ છે; કેમ જે આ સ્થાનમાં પ્રથમ શ્રીજીમહારાજે બાપાશ્રીની માતુશ્રીને દર્શન દઈને અનાદિમુક્ત દ્વારે પ્રગટ થવાનું કહ્યું હતું ને ત્યાં જ શ્રીજીમહારાજ બેસતા ને બાપાશ્રીએ પણ ત્યાં જ છત્રી કરાવી છે. અને વળી બાપાશ્રીની અંતર્ધાન થયાની લીલાનો વિધિ પણ ત્યાં જ થયો ને ત્યાં જ આ બાપાશ્રીના સંસ્મરણરૂપ છત્રી થઈ અને આ સ્થાનમાં બાપાશ્રીએ ઘણાં યજ્ઞ-પારાયણો કરાવ્યાં છે ને આ સ્થાન બાપાશ્રીને બહુ પ્રિય છે. વળી બાપાશ્રી ઘણીવાર ખેતરમાં જઈ અહીં આવીને આ છત્રીએ સૂતા ને બાપાશ્રી દર એકાદશીએ દર્શન કરવા અહીં આવતા અને બાપાશ્રીએ મને (ઈશ્વરચરણદાસજીને) પણ કહ્યું હતું જે,' આ સ્થાનમાં અમે સદાય રહેશું ને આ અમારું મંદિર જાણજો ને તમે પણ અહીં આવીને દર્શન કરજો. અને આ અમારો સભામંડપ ને આ અમારો ભંડાર જાણજો.' –એમ છત્રીને તથા મહોલને ઉદ્દેશીને કહ્યું હતું. એમ આ સ્થાન બાપાશ્રીનું જ છે ને જે કોઈ અહીં આવી આ સ્થાનનાં દર્શન કરશે તેમને બાપાશ્રીનું સહજસ્મરણ થશે અને બાપાશ્રીના ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ ને બાપાશ્રીનું અપાર માહાત્મ્ય તે આ સ્થાનથી જાણવામાં આવશે; માટે આ સ્થાન અનેક મુમુક્ષુ જીવોના મોક્ષરૂપ કાર્ય સિદ્ધ કરશે, ને કોઈ આ સ્થાનની યાત્રા કરવા આવશે તેનાં પાપનો પ્રલય થશે અને ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે અને આ હનુમાનજી દુઃખ, દારિદ્રય ને ભય આદિ સર્વેને હરનારા છે ને ધર્મ, ધન, સ્ત્રી, પુત્ર, યશ આદિ સુખને આપનારા છે અને આ કાળીતલાવડી બાપાશ્રીએ ઘણીવાર સંત-હરિભક્તે સહિત સ્નાન કરીને અતિ ઉત્તમ તીર્થ કર્યું છે. એમ સદ્‌ગુરુ સ્વામી બેયે સર્વે હરિભક્તને વાત કરી. પછી કહ્યું જે,' તમે સર્વે હેતં પ્રીત રાખીને ભગવાનને ભજજો; હવે અમે અમદાવાદ જવાનું કરશું.' ત્યારે હરિભક્ત ઘણા દિલગીર થયા, તેઓ સર્વેને ધીરજ આપીને સ્વામીશ્રી આદિ સર્વે સંત ભૂજ થઈને ગુજરાત તરફ જવા માટે તૈયાર થયા.

હવે સ્વામીને જવાના સમાચાર આગળથી બીજાં ગામોમાં મળ્યા હતા; તેથી વૃષપુરના તથા ફરતા ગામડાનાં ઘણા હરિભક્ત સ્વામીશ્રી આદિ સંતોને વળાવવા ભૂજ આવ્યા હતા. હવે ભૂજમાં સ્વામી આદિ સંતોએ એક રાત્રી રહી બીજે દિવસ સવારમાં સ્નાન-પૂજા કરીને ઠાકોરજી

જમાડ્યા. પછી ઠાકોરજી તથા સંતનાં દર્શન કરીને સ્ટેશન ઉપર જવા ચાલ્યા, ત્યારે ગામડાંના તથા ભૂજના સર્વે હરિભક્ત સ્વામીશ્રી આદિ સંતોને વળાવવા સ્ટેશને આવ્યા ને ત્યાં મોટી સભા કરી. અને સ્વામીશ્રીએ સર્વે હરિભક્તને ભલામણ કરી જે,' મહારાજની આજ્ઞામાં યથાર્થ રહેજો, કથાવાર્તા કરજો, બાપાશ્રીને વિષે નવું નવું હેત રાખજો ને તેમના ઘરની જોડે ઐક્યતા રાખજો. દેશકાળની ઉપાધિમાં ધીરજ રાખીને ભગવાનને ભજજો; મુઝાશો નહિ; બાપાશ્રી રક્ષા કરશે.' –એમ વાત કરીને સ્વામી આદિ સંતો સર્વે હરિભક્તને મળ્યા. પછી સંતો રેલમાં બેસી ગુજરાતમાં આવ્યા. હવે તે સંતો ગુજરાતમાં પણ કથાવાર્તા કરીને હરિભક્તને રાજી કરતા અને કચ્છના સર્વે હરિભક્ત ભૂજ–સ્ટેશનથી પાછા વળીને મંદિરમાં આવ્યા ને ઠાકોરજી તથા સંતનાં દર્શન કરીને ઠાકોરજી જમાડ્યા. પછી સૌ બાપાશ્રીએ આપેલાં સુખનું સંસ્મરણ કરતા થકા પોતપોતાને ગામ ગયા. ઈતિ વિશ્રામ ૧૦૧

ઈતિ શ્રી સહજાનંદસ્વામી–ચરણકમળસેવક શ્રીપુરનિવાસી
સદ્‌ગુરુ પુરાણી મુનિસંત કેશવપ્રિયદાસેન સંગ્રહિતમ્
અનાદિમુક્ત જીવનવૃત્તાંતમ્ સમાપ્તમ્

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે -

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતા મંદિરો, સત્પુરુષોના સ્મારક કેન્દ્રો, વગેરેના નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસ-કાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વ સમન્વય સધાય એવા સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાન વિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં; અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમા સદાચાર અને નીતિના ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.